
ચોથી શ્રેણી

પુસ્તક–૧૨૧



તા.૨૩મી માર્ચ ૨૦૨૬
ચૈત્ર ૨, ૧૯૪૮ શાકે
થી
તા.૨૫મી માર્ચ, ૨૦૨૬
ચૈત્ર ૪, ૧૯૪૮ શાકે

ગુજરાત વિધાનસભા

ચર્ચાઓ

સત્તાવાર અહેવાલ
પંદરમી ગુજરાત વિધાનસભા
આઠમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

પુસ્તક–૧૨૧	અ નુ ક્ર મ ણિ કા	ચોથી શ્રેણી	
	વિષય	પાન નબર	
	તા.૨૩મી માર્ચ, ૨૦૨૬ ચૈત્ર ૨, ૧૯૪૮ શાકે		
	તારાંકિત પ્રશ્નો	૧	૧૪
	અતારાંકિત પ્રશ્નો	૧૫	૭૦
	માન.અધ્યક્ષશ્રીની જાહેરાત	૭૦	૭૦
	વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત	૭૦	૭૦
	માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)	૭૦	૯૫
	તા.૨૪મી માર્ચ, ૨૦૨૬ ચૈત્ર ૩, ૧૯૪૮ શાકે		
	તારાંકિત પ્રશ્નો	૯૬	૧૧૬
	અતારાંકિત પ્રશ્નો	૧૧૭	૧૮૧
	પોઇન્ટ ઓફ ઓર્ડર (નિયમ–૧૦૮ની નોટિસની ચર્ચા કરવા પરવાનગી આપવા અંગે)	૧૮૨	૧૮૪
	સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો	૧૮૫	૧૮૬
	વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત	૧૮૭	૧૮૭
	વિધેયકો સરકારી	૧૮૭	૨૫૪
	(૧) ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૨૬	૧૮૭	૧૯૨
	(૨) ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક, ૨૦૨૬	૧૯૩	૧૯૩
	(૩) ગુજરાત સમાન નાગરિક સંહિતા, ૨૦૨૬	૧૯૪	૨૩૯
	પોઇન્ટ ઓફ ઓર્ડર (પુરાવા રજૂ કરવા અંગે)	૨૪૦	૨૪૩
	ગુજરાત સમાન નાગરિક સંહિતા, ૨૦૨૬(ક્રમશ)	૨૪૪	૨૫૪
	દાખલ કરવાના બિન સરકારી વિધેયકો	૨૫૫	૨૫૫
	વીજળી (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૬	૨૫૫	૨૫૬
	બિન સરકારી સંકલ્પો	૨૫૬	૨૫૬
	તા.૨૫મી માર્ચ, ૨૦૨૬ ચૈત્ર ૪, ૧૯૪૮ શાકે		
	તારાંકિત પ્રશ્નો	૨૫૭	૨૭૨
	અતારાંકિત પ્રશ્નો	૨૭૩	૩૪૦
	માન. અધ્યક્ષશ્રીનો નિર્ણય (સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાના પોઇન્ટ ઓફ ઓર્ડર સંદર્ભે)	૩૪૧	૩૪૧
	અતારાંકિત પ્રશ્નોની યાદી (પહેલી અને બીજી)	૩૪૨	૪૯૫
	શોકદર્શક ઉલ્લેખ	૪૯૬	૪૯૭
	તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬) (ગેસ, એલ.પી.જી., પેટ્રોલ, ડીઝલની તંગી નિવારવા અંગે)	૪૯૮	૫૦૨
	સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો	૫૦૩	૫૦૪
	વિધેયકો સરકારી	૫૦૪	૫૫૪
	(૧) ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક, ૨૦૨૬	૫૦૪	૫૧૩
	(૨) ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન)(સુધારા) વિધેયક,૨૦૨૬	૫૧૪	૫૨૨
			પાછળ....

પુસ્તક–૧૨૧	અ નુ ક્ર મ ણિ કા	ચોથી શ્રેણી	
	વિષય	પાન નબર	
	(૩) ગુજરાત શૈક્ષણિક સેવા ટ્રિબ્યુનલ (સુધારા) વિધેયક, ૨૦૨૬	૫૨૩	૫૩૦
	(૪)ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદિલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા) વિધેયક, ૨૦૨૬	૫૩૧	૫૫૪
	છેલ્લા દિવસનો પ્રસ્તાવ (" શહેરી વસતિને વધુ સારી જીવનશૈલી પૂરી પાડવા ")	૫૫૫	૫૫૫
	સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭–ક)	૫૫૫	૬૧૫

ચૈત્ર ૨, ૧૯૪૮ શાકે

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

સોમવાર, તા.૨૩મી માર્ચ, ૨૦૨૬

ચૈત્ર ૨, ૧૯૪૮ શાકે

સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

વડોદરા પ્રયોગશાળા દ્વારા ઔષધના નમૂનાઓની ચકાસણી

*** 15/8/2319 શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા** (સયાજીગંજ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	વડોદરા પ્રયોગશાળા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ના વર્ષ દરમિયાન ઔષધના કેટલા નમૂનાઓની ચકાસણી કરવામાં આવેલ છે,	(૧)	વડોદરા પ્રયોગશાળા દ્વારા નાણાકીય વર્ષ૨૦૨૪–૨૫ના વર્ષ દરમિયાન ઔષધના કુલ ૧૨૭૬૯ નમૂનાઓની ચકાસણી કરવામાં આવેલ છે.
(૨)	તે પૈકી કેટલા નમૂનાઓ પ્રમાણસર ધોરણના માલુમ પડ્યા,	(૨)	તે પૈકી ૧૨૫૭૪ નમૂનાઓ પ્રમાણસર ધોરણના માલૂમ પડ્યા
(૩)	કેટલા નમૂનાઓ અપ્રમાણસર ધોરણના માલુમ પડ્યા, અને	(૩)	૧૯૫ નમૂનાઓ અપ્રમાણસર ધોરણના માલૂમ પડ્યા
(૪)	અપ્રમાણસર દવાના કિસ્સામાં શું પગલા લેવામાં આવે છે?	(૪)	પૃથ્થકરણ અહેવાલમાં જણાવેલ કારણ અને પેઢીએ રજુ કરેલ જવાબ તથા તપાસમાં ધ્યાનમાં આવેલ ક્ષતિઓના ગુણદોષને ધ્યાને રાખી ગુજરાત રાજ્યના ઉત્પાદકોની અપ્રમાણસર થયેલ બનાવટોના કિસ્સામા નીચે મુજબના પગલાં લેવામાં આવે છે. ગુજરાત રાજ્યના ઉત્પાદકોની અપ્રમાણસર જાહેર થયેલ બનાવટો માટે પેઢીને કારણદર્શક નોટિસ પાઠવવામાં આવે છે. પેઢીના સમગ્ર પરવાના બે થી ચાર દિવસ માટે સ્થગિત કરવામાં આવે છે. પેઢીના પરવાના અને પેઢીની બનાવટની મંજૂરી રદ કરવામાં આવે છે. પેઢીને સખત ચેતવણી આપવામાં આવે છે. વધુ ગંભીર કિસ્સાઓમાં નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવે છે. જ્યારે અન્ય રાજ્યના ઉત્પાદકોની અપ્રમાણસર થયેલ બનાવટોના કિસ્સોમાં જે તે રાજ્યના ડ્રગ કંટ્રોલરને ઉત્પાદક પેઢી સામે કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી દ્વારા જવાબ આપવામાં આવ્યો છે કે ૧૯૫ જેટલા ઔષધીય નમૂના અપ્રમાણસર માલૂમ પડ્યા છે. મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ પૈકી ગુજરાતના ઉત્પાદકો અને અન્ય રાજ્યોના ઉત્પાદકોના કેટલી જગ્યા પર આ નમૂના ફેઇલ ગયા છે?

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ભારતમાં વડોદરાની લેબ એ સૌથી શ્રેષ્ઠ અને ગુણવત્તાયુક્ત છે. અહીંયા જે નમૂના લેવાયા હોય એમાં ૧૫ કિસ્સાઓમાં ૬૬ નમૂનાઓમાં ગુજરાત રાજ્યના ઉત્પાદકો હોઇ તેમને કારણદર્શક નોટિસ આપી છે. ૬૪ નમૂનાઓ અન્ય રાજ્યના ઉત્પાદકોના હોય અને જે અહીંયા ટેસ્ટ કર્યા હોય તે રાજ્યના ફૂડ અને ડ્રગ્સ વિભાગમાં જાણ કરવામાં આવી છે. ૬૫ નમૂનાઓ રાજ્ય સરકાર જે એજન્સીઓ પાસેથી દવા ખરીદતી હોય એના ટેસ્ટિંગ માટેના સેમ્પલ તરીકે લેવામાં આવ્યા છે.

શ્રી ચૈતન્યભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ઔષધના નમૂનાઓની ચકાસણી માટે કેટલી પ્રયોગશાળાઓ છે? અને આમાં સરકારશ્રી કોઇ નવી પ્રયોગશાળા ઉભેરવા માગે છે કે કેમ?

તા.૨૩મી માર્ચ, ૨૦૨૬

તારાંકિત પ્રશ્નો

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ઔષધના નમૂના ચકાસણી માટે વડોદરા ખાતે એક પ્રયોગશાળા કાર્યરત છે. નમૂનાની ચકાસણી માટે સુરત અને અમદાવાદ ખાતે કુલ બે નવી પ્રયોગશાળા માટે જગ્યા મંજૂર કરીને અમે કામગીરી કરવાના છીએ. રાજકોટ ખાતે ફૂડની પ્રયોગશાળામાં ઔષધના નમૂના ચકાસણી માટેની પ્રયોગશાળા કાર્યરત કરવામાં આવી છે.

શ્રી કિશોર કાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે પ્રયોગશાળામાં જે નમૂના આવે છે તેના ટેસ્ટિંગનો રિપોર્ટ આવતા કેટલો સમય લાગે છે?

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, સેફ્ટી ફૂડ ઓન વ્હીકલમાં દૂધના નમૂના વગેરે લે છે, તે દૂધ ભેળસેળવાળું છે કે નહીં તેનો નમૂનો તુરંત જ પ્રાપ્ત થાય છે અને ખાદ્ય ફૂડના અન્ય નમૂનાઓ હોય છે તેના રિપોર્ટ આપણે ૧૪ દિવસમાં આપી રહ્યા છીએ.

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧/૩/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઔષધના નમૂનાઓમાં અપ્રમાણસર બનાવટ, દરોડા અને તપાસના કિસ્સાઓમાં શું પગલાં લેવામાં આવ્યાં છે?

શ્રી પ્રકુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૦૧/૦૩/૨૦૨૫થી દરોડાના ૧૫ કિસ્સાઓમાં નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ છે. ૬ કિસ્સાઓમાં પેઢીના પરવાના રદ કરવામાં આવ્યા છે. ૧૬ કિસ્સામાં પેઢીની બનાવટની પરવાનગી રદ કરવામાં આવી છે. ૧૦૦ કિસ્સામાં પેઢીની પરવાનગી સ્થગિત કરવામાં આવી છે અને ૩ કિસ્સામાં સખ્ત ચેતવણી આપવામાં આવેલી છે.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે ઔષધિની ભેળસેળમાં જે લોકો પકડાય એને કેટલો દંડ કરવામાં આવે છે અને કયા પ્રકારની સજા કરવામાં આવે છે?

શ્રી પ્રકુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ઔષધિમાં ભેળસેળના કિસ્સામાં નામદાર કોર્ટમાં કેસ ચાલે ત્યારે રૂ. ૫ લાખ સુધી અને તેની ઉપરના દંડ થાય છે અને તેમાં આજીવન કેદ સુધીની પણ સજા હોય છે.

અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકામાં ૧૫માં નાણાપંચ અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ

* **15/8/3276 શ્રી હાર્દિક ભરતભાઇ પટેલ**) વિરમગામ (: **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	વર્ષ ૨૦૨૪-૨૫માં અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકામાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૫માં નાણાપંચ હેઠળ ૭૦%ની ગ્રામ્ય કક્ષાની કુલ કેટલી ગ્રાન્ટની ફાળવણી કરેલ છે, અને	(૧)	વર્ષ ૨૦૨૪-૨૫માં અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકામાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૫માં નાણાપંચ હેઠળ ૭૦%ની ગ્રામ્ય કક્ષાની કુલ રૂ .૬,૮૨,૪૩,૬૩૯ ની ગ્રાન્ટની ફાળવણી કરેલ છે, અને
(૨)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ તેમાંથી કેટલા કામો હાથ ધરાયેલ છે અને તેમાંથી કેટલા પુર્ણ થયેલ છે ?	(૨)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ઉક્ત ગ્રાન્ટમાંથી કુલ ૨૩૭ કામો હાથ ધરાયેલ છે અને તેમાંથી ૨૦૭ કામો પુર્ણ થયેલ છે .

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને પ્રશ્નનો જવાબ મળી ગયેલ છે પણ મારો પેટા પ્રશ્ન એ છે કે તાલુકા કક્ષાએ એ.ટી.વી.ટી અને આયોજનમાં ટાઇડ અંતર્ગત ગ્રાન્ટ ફાળવવામાં આવે છે જેમાં ૬૦:૪૦નો રેશિયો હોય છે. ટાઇડ ગ્રાન્ટમાં ફરજિયાત ગામડામાં ગટર અને પાણીની લાઇનો નાખવાની હોય છે. લગભગ તાલુકા કક્ષાએ દરેક ગામમાં આ કામો પરિપૂર્ણ થયેલ છે. ૪૦ ટકા ગ્રાન્ટમાં ગામે આર.સી.સી., પેવર બ્લોક, સંરક્ષણ દીવાલ વગેરે માટે વાપરવાના હોય છે તો આ ૬૦:૪૦ના રેશિયોમાં બદલાવ કરવાનું આયોજન છે કે કેમ?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૪મા નાણાપંચમાં ૧૦૦ ટકા ગ્રાન્ટમાં માત્ર ગ્રામ પંચાયતોને આપવામાં આવતી ૧૫મા નાણાપંચમાં વ્યવસ્થા બદલીને ૭૦ ટકા ગ્રામ પંચાયત અને ૨૦ ટકા ગ્રાન્ટ તાલુકા પંચાયતને ફાળવવામાં આવે છે અને ૧૦ ટકા ગ્રાન્ટ જિલ્લા પંચાયતને આપવામાં આવે છે. બાકીનું સભ્યશ્રીનું સૂચન છે.

તાપી જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના લાભાર્થી

***2/8/15 34 : 0શ્રી મોહનભાઈ ધનજીભાઈ ઢોડિયા)** મહુવા)એસ.ટી **: ((માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-:

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુટીર જ્યોતિ યોજના હેઠળ તાપી જિલ્લામાં કેટલા અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણ આપવામાં આવ્યા, અને		૨૦૮૭
(૨)	ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો?	(૨)	૩.૭૩.૦૩ લાખ

તારાંકિત પ્રશ્નો

શ્રી મોહનભાઇ ઘ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કુટિરજ્યોતિ યોજના અંતર્ગત અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને નવા વીજ જોડાણ આપવા માટે સરકારે અવારનવાર નીતિ વિષયક વિચારણા કરીને ધારા-ધોરણો સુધારેલા છે. તેમાં કેવા પ્રકારના સુધારા કરેલા છે?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ જ્યારે ગુજરાત વિદ્યુત બોર્ડ અસ્તિત્વ ધરાવતું હતું ત્યારે લો-વોલ્ટેજ લાઇનથી ૩૦ મીટરનું અંતર અને વાર્ષિક આવક રૂપિયા ૧૧ સુધીની હોય તેમને સિંગલ પોઇન્ટ વીજ જોડાણ કુટુંબને વિનામૂલ્યે આપવામાં આવતું હતું. ત્યારબાદ ઓગષ્ટ-૨૦૨૧માં લો-વોલ્ટેજ લાઇનથી ૧૦૦ મીટર સુધીના અંતરવાળાને આ યોજનાનો લાભ આપવામાં આવતો હતો. ત્યારબાદ વખતો વખતની સમીક્ષા કરીને બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ ગરીબ કુટુંબને અને જો બી.પી.એલ. ના હોય પરંતુ ગ્રામીણ વિસ્તારમાં રહેતા હોય એવા કુટુંબને ગ્રામ્ય કક્ષાએ રૂપિયા ૧.૨૦ લાખ અને શહેરી વિસ્તારમાં રૂપિયા ૧.૫૦ લાખની આવક ધરાવતા કુટુંબોને આવરી લેવામાં આવ્યા છે. તેમાં વીજ લાઇનથી ૩૦ મીટર અને ત્યારબાદ ૧૦૦ મીટરની મર્યાદા હતી એ દૂર કરીને દરેક લોકોને લાભ મળી શકે એ પ્રમાણે સરકાર દ્વારા આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, લાઇટનો પ્રશ્ન છે તો ગામડામાં જે ધાર્મિક જગ્યા હોય ત્યાં લાઇટ મળતી નથી એ આપવામાં આવે અને ખેડૂતોના વીજ કનેકશનો બે-બે વર્ષ સુધી મળ્યાં નથી તો એના માટે તાત્કાલિક મળે એવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન કુટિર જ્યોતિ યોજના માટેનો છે. આપની પાસે જવાબ હોય તો આપી શકશો.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : સભ્યશ્રીનું સૂચન છે.

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાં ૧૫માં નાણાપંચ અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ

***15/8/3277 શ્રી જયંતિભાઇ સોમાભાઇ પટેલ**) માણસા (: **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ

	પ્રશ્ન		**જવાબ**
(૧)	વર્ષ ૨૦૨૪-૨૫માં અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાં ૧૫માં નાણાપંચની તાલુકા કક્ષાની કુલ કેટલી ગ્રાન્ટની ફાળવણી કરેલ છે, અને	(૧)	વર્ષ ૨૦૨૪-૨૫માં અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાં ૧૫માં નાણાપંચની તાલુકા કક્ષાની કુલ રૂ . ૨૧૬.૬૩ લાખની ગ્રાન્ટની ફાળવણી કરેલ છે, અને
(૨)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ઉક્ત ગ્રાન્ટમાંથી કેટલા કામો હાથ ધરાયેલ છે અને તેમાંથી કેટલા પુર્ણ થયેલ છે?	(૨)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ઉક્ત ગ્રાન્ટમાંથી કુલ ૧૧૯ કામો હાથ ધરાયેલ છે અને તેમાંથી ૯૦ કામો પુર્ણ થયેલ છે .

શ્રી જયંતિભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન અરવલ્લી જિલ્લાના ૧૨ તાલુકાના ૧૫મા નાણપંચ અંગેનો હતો અને મને જવાબ મળી ગયો છે. મારો પૂરક પ્રશ્ન એ છે કે ૧૫મા નાણાપંચ હેઠળ પંચાયતો દ્વારા હાથ ધરવામાં આવતા વિકાસ કાર્યોના ટ્રેકિંગ ખર્ચની દેખરેખ અને નાણાકીય ઓડિટ સુનિશ્ચિત કરવા માટે સરકાર દ્વારા કયા પ્રકારની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મા નાણાપંચ હેઠળ પંચાયત દ્વારા હાથ ધરવામાં આવતા વિકાસ કાર્યોનું અસરકારક ટ્રેકિંગ, ખર્ચની દેખરેખ અને નાણાકીય ઓડિટ સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકારે સઘન અને ટેકનોલોજી આધારિત વ્યવસ્થા ઊભી કરી છે. દરેક વિકાસનાં કામ માટે કાર્યસ્થળનું અક્ષાંશ અને રેખાંશ દ્વારા ડિજિટલ સ્થાન નિર્ધારણ કરવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. જેથી કરીને કાર્યનું ઓક્કસ લોકેશન સિસ્ટમમાં નોંધાય અને તેનું ઓનલાઇન મોનિટરિંગ શક્ય બને. આ પ્રક્રિયા ત્રણ તબક્કામાં અમલમાં મૂકવામાં આવી છે. કામની શરૂઆત સમયે, કામગીરી દરમિયાન પ્રગતિની અવસ્થામાં અને કામ પૂરું થયા બાદ. આ ત્રિસ્તરીય જી.ઓ.ટેગિંગ વ્યવસ્થા, કાર્યની વાસ્તવિક પ્રગતિની પુષ્ટિ થાય છે. ખર્ચની પારદર્શિતા જળવાઇ રહે અને ઓડિટ પ્રક્રિયા પણ અસરકારક બને એ ઉપરાંત તમામ કામોનું ઓનલાઇન ઓડિટ પણ હાથ ધરવામાં આવે છે. જેના કારણે નાણાકીય શિસ્ત, જવાબદારી અને પારદર્શિતામાં વધારો થાય તેમજ ઓડિટ પ્રક્રિયા વધુ સુવ્યવસ્થિત થાય અને વધુ અસરકારક બની રહે છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ૧૫મા નાણાપંચમાં એક પેવર બ્લોક અને આર.સી.સી.ની ગ્રાન્ટ હોય છે. પરિસ્થિતિ એવી છે કે ૧૫-૧૫ ટકાની આસપાસ ગ્રાન્ટ ફાળવણી થતી હોય છે તો એની અંદર વધારો કરીને આપણે ૬૦ ટકા કરવા માગીએ છીએ કે નહીં? હમણાં વિરમગામના ધારાસભ્યશ્રીએ જે રીતે પ્રશ્ન કર્યો છે અને બીજું, જેમ પોર્ટલ પર એલ.ઇ.ડી.ની કે બીજી કોઇપણ ખરીદી થાય છે, એની અંદર ઓરિજીનલ બજાર કિંમત રૂ.૪૦૦ હોય છે અને જેમ પોર્ટલ પર અની કિંમત રૂ.૧૨૦૦ થી રૂ.૧૫૦૦ થઇ જાય છે તો એમાં કંઇક સુધારો કરવા માગીએ છીએ કે નહીં? અને ત્રીજી વાત એ છે કે આપણે એલ.ઇ.ડી.ની લાઇટની ખરીદી કરતા હોઇએ છીએ તો પંચાયતને કોઇપણ ખરીદી રૂ.૨૫,૦૦૦ સુધી મર્યાદામાં કરવાની હોય છે તો એની મર્યાદા વધારીને રૂ.૫૦,૦૦૦ સુધીની

આપણે કરવા માટે મારી ભલામણ છે અને મારી વિનંતી પણ છે, આ ત્રણેય પ્રશ્નો ખૂબ ગામડાઓના વિકાસ માટેના છે તો એમાં કંઈ થાય એના માટે વિનંતી છે.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, એક તો માનનીય સભ્યશ્રીનું સૂચન છે અને ૧૬મા નાણાપંચમાં આ જોગવાઈ કરવામાં આવેલ છે અને માનનીય સભ્યશ્રીએ જે સૂચન કર્યું છે એ આવકાર્ય છે.

IKDRCમાં ડાયાલિસિસ પ્રોગ્રામમાં સાધનોની ખરીદીમાં કૌભાંડ

* **3673/8/15શ્રી શૈલેષ મનુભાઈ પરમાર**) દાણીલીમડા **:** (**માનનીય આરોગ્ય મંત્રીશ્રી)રાજ્ય કક્ષા(** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ અમદાવાદ સિવિલ મેડિસિટીની ઇન્સ્ટિટ્યુટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર)IKDRC)માં ડાયાલિસિસ પ્રોગ્રામમાં સાધનોની ખરીદીમાં કૌભાંડ અંગે હોસ્પિટલના નિયામક દ્વારા તપાસ કર્યા બાદ સદર કેસની પુન :તપાસ સોંપવામાં આવી છે તે હકીકત સાચી છે કે કેમ,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો પુન :તપાસ કોને અને ક્યારે સોંપવામાં આવેલ છે અને	(૨)	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના તા.૨૫/૦૪/૨૦૨૫ના હુકમથી કમિટીની રચના કરવામાં આવેલ છે .
(૩)	સદર કેસની તટસ્થ તપાસ પૂર્ણ કરી તેનો રીપોર્ટ સરકારને ક્યાં સુધીમાં આપવાનો છે?	(૩)	ઉક્ત તપાસ કમિટી દ્વારા તા.૦૩/૦૯/૨૦૨૫ના રોજ પ્રાથમિક અહેવાલ વિભાગમાં સાદર કરવામાં આવેલ છે. જે અનુસંધાને વિભાગ દ્વારા પ્રાથમિક અહેવાલ પરત્વે વિગતવાર અહેવાલ રજૂ કરવા તપાસ કમિટીને જણાવવામાં આવેલ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કિડની હૉસ્પિટલમાં નવાં સાધનો ખરીદવા માટે જે ગેરરીતિ બહાર આવી હતી એ ગેરરીતિને આધીન ત્યાંના અધિકારી દ્વારા તપાસ પણ કરવામાં આવી હતી અને તપાસમાં ઉણપ દેખાતા સી.એમ. ઓફિસ સુધી ફરિયાદ પણ થઇ હતી. જે માહિતી મારી પાસે છે અને એના આધારે ફરી તપાસ સોંપવામાં આવેલ છે. તો આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે આ ગેરરીતિ બહાર આવ્યા પછી સરકાર દ્વારા તપાસના આદેશ આપ્યા છે કે કેમ? તપાસના આદેશની અંદર શું ગેરરીતિ બહાર આવી છે એ જણાવે?

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આઇ.કે.ડી.આર.સી. એ ગુજરાત અને ભારતનું ગૌરવ સમાન એક સેવાનું કેન્દ્ર કહી શકાય, ગૌરવ લઇ શકે એવું અને ત્યાં સારી સવલત સાથે કિડનીની સેવા પ્રાપ્ત થઇ રહી છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે કે, કેવલ ડાયલિસિસ પ્રોગ્રામ હેઠળ ૨૦૦થી વધુ ડાયલિસિસ સેન્ટર બનાવવા માટે ૬૦૦ જેટલા ડાયલિસિસ મશીન ખરીદવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવેલ, જેની ખરીદી સામે ફરિયાદ ઊઠતાં વિભાગ દ્વારા તપાસ સમિતિ નિમવામાં આવેલ. તા.૨૫/૦૪/૨૦૨૫ના રોજ રચાયેલ તપાસ સમિતિ દ્વારા તા.૩/૦૯/૨૦૨૫ના રોજ પ્રાથમિક અહેવાલ વિભાગને સુપરત કરવામાં આવેલ, જે અન્વયે આક્ષેપિતોને તેમની કામગીરીમાંથી છૂટા કરવામાં આવેલ છે અને વિગતવાર અહેવાલ મંગાવવામાં આવેલ છે. અહેવાલ મળેથી કાર્યવાહી કરવામાં આવશે. છૂટા કરેલા કિરણ પરીખ, ધવલ પરીખ, ધવલ પટેલ અને મેહુલ પરીખ આ લોકોને છૂટા કરી દેવામાં આવ્યા છે. પ્રૂફ સાથેનો અહેવાલ સમિતિએ મંગાવ્યો છે, અહેવાલ આવ્યેથી ચોક્કસ પ્રકારના એકશન લેવાશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં કહ્યું કે અમુક લોકોને છૂટા કરી દીધા છે. જ્યારે તપાસ ચાલી રહી છે. તપાસનો અહેવાલ પૂરતી માહિતી સાથે સરકાર પાસે આવેલો નથી. કારણ કે આ ડાયાલીસીસનાં ૬૦૦ મશીનો ખરીદ્યા હતાં જેમાં વેપારી અને કિડની વિભાગના મોટા અધિકારીઓ છે. માનનીય મંત્રીશ્રી તમે આ જે લોકોનાં નામ તમે આપ્યાં છે એ બહુ નાની કક્ષાના માણસો છે આ મગરમચ્છો નથી, આ નાની નાની માછલીઓ છે. આમાં ડાયાલીસીસના ૬૦૦ મશીનો ખરીદવામાં વેપારી અને હોસ્પિટલના મુખ્ય અધિકારીઓની મેળાપીપણાને લીધે મોટી ગેરીરીતિ બહાર આવી. આ જો સી.એમ.ઓ. સુધી ફરિયાદ ના થઇ હોત તો અને સી.એમ.ઓ.એ જો ફરીથી તપાસના આદેશ આપ્યા ના હોત તો આખી તપાસ સમેટાઇ ગઇ હોત. મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જ્યારે તપાસ પૂરી થઇ જ નથી તો નાના

કર્મચારીઓ/અધિકારીઓને કઇ રીતે તમે સસ્પેન્ડ કરીને છૂટા કરી શકો? આમાં નાના કર્મચારીઓ/અધિકારીઓનો રોલ જ નથી. મોટા અધિકારીઓનો રોલ છે અને જે લોકોએ વેપારી પાસેથી આ સાધન ખરીદ્યા છે તેમનો રોલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, આપ પુનરાવર્તન ના કરો. આપ સીધી જ વાત કરો.

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ તપાસ સમિતિનો રિપોર્ટ આવ્યો અને જે પ્રૂફ મંગાવ્યા છે, પ્રાથમિક બેઇઝ પર જેની સંડોવણી કે નાની એવી ક્ષતિ હતી એમને છૂટા કરવામાં આવ્યા છે કારણ કે તે લોકો તપાસની અંદર વિક્ષેપ ઊભો ના કરી શકે, તપાસની અંદર જે પ્રૂફ જોઇતા હોય તેનો નાશ ના કરી શકે એટલા માટે પ્રાથમિક બેઇઝમાં જેની પાસે મહત્ત્વનો કલેકશનનો વિભાગ હતો તે લોકોને આટલા માટે છૂટા કરી દેવામાં આવ્યા છે.

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર મોદી સાહેબના વખતથી સેક્રેટરીયલ યુનિવર્સિટીની એક નવી પહેલ શરૂ થઇ. Gujarat University of Transplantation and Sciences, અંગ પ્રત્યારોપણ માટે આજના જાગૃતિના સમયમાં એ આખા વર્લ્ડમાં આ એક માત્ર યુનિવર્સિટી છે. આ યુનિવર્સિટીના કારણે આ પ્રકારનો ઘણો બધો માનવબળ ઊભો થઇ રહ્યો છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી પૂછવું છે કે, ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝમાં કયા કયા પ્રકારના કોર્સીસ ચલાવવામાં આવે છે?

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ટેકનોલોજી સાથે આ વિભાગમાં રિસર્ચ કરવા માટેના અનેક કોર્સ ચલાવવામાં આવે છે. જેથી માનવબળ અને એક તજજ્ઞ ડોકટર્સ આપણને પ્રાપ્ત થઇ શકે. Dialisis Technology Certificate, Medical Laboratory Technologyમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા, Nephrology and Urology Specialist માં Master of Science in Nursing , Master of Physiotherapy, MD Anesthesiology, MD-IHBT, MD Radio-Diagnosis, Post Doctoral Certificate Course (PDCC) in regional Anesthesia and Pathology, MCH Urology, DM Nephrology, DM Pediatric Nephrology, Investigational Radiologistમાં Fellowship, Minimal Access Surgery (MAS) માં Fellowship, Infertility and Heartમાં Fellowship, High-risk Pregnancyમાં Fellowship, Creatical Care Fellowiship, Transplant Nurse Practitioner.

આમ, આ તમામ કોર્સીસ ચાલી રહ્યા છે જેથી કરીને આવનારા સમયની અંદર જેટલી ટેકનોલોજી દુનિયામાં શોધાય અને એનું Implement કરવા માટેનું માનવબળ પૂરું પાડવા માટે અહીંયા આટલા કોર્સ ચાલી રહ્યા છે.

શ્રી કૌશિકભાઇ સુ. જૈન : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી જાણવા માગું છું કે, ગુજરાત રાજયમાં IKDRC દ્વારા જે ડાયાલીસીસ સેન્ટર ખોલવામાં આવ્યાં છે તેમાં તા.૩૧-૧૨-૨૦૨૫ સુધીની સ્થિતિએ કુલ કેટલા દર્દીઓને લાભ આપવામાં આવ્યો છે?

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં કહ્યું તેમ IKDRC માં એ-૧ ડાયાલીસીસ પ્રોગ્રામ અંતર્ગત હાલમાં રાજયભરમાં કુલ-૨૪૯ ડાયાલીસીસ સેન્ટરો આવેલાં છે જેમાં ગ્રામ્યથી લઇને નાના ટાઉન પ્લેસ સુધીના તમામ ડાયાલીસીસ પેશન્ટ જે છે તે લાભ લઇ રહ્યા છે અને આજ સુધીમાં ૫ લાખથી વધુ દર્દીઓએ ડાયાલીસીસનો લાભ લીધો છે.

વાવ-થરાદ જિલ્લામાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠા માટે ફીડરોનું વિભાજન

* **15/8/2357 : શ્રી કેશાજી શિવાજી ચૌહાણ**) દિયોદર :(**માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-:

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાવ-થરાદ જિલ્લામાં જુદી જુદી કક્ષાના ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને	(૧)	૫૮
(૨)	તે માટે કેટલો ખર્ચ થયો?	(૨)	૩.૯૫૧.૦૨ લાખ

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા વાવ-થરાદ જિલ્લાની અંદર તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષની અંદર ૫૮ જેટલા ફિડરો ૯૫૧ લાખના ખર્ચે ગ્રાહકોને ગુણવત્તાયુકત વીજળી મળી રહે તેના માટે થઇને રાજય સરકારે વિભાજિત કર્યા છે તે બદલ રાજયના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને ઊર્જા વિભાગને હું અભિનંદન આપું છું અને આપના મારફતે મારે જાણવું છે કે, આ ૫૮ ફિડરોનું વિભાજન કર્યું છે તે કઇ કેટેગરીના છે ?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ ૫૮ ફિડરમાંથી ૫૭ ફિડર એગ્રીકલ્ચરના છે અને એક ફિડર જ્યોતિગ્રામનું છે. ત્યારબાદ આજની તારીખે ૧૩ ફિડરનું વિભાજન કર્યું છે અને તેમાં રૂપિયા ૨ કરોડનો ખર્ચ પણ સરકારે મંજૂર કરેલો છે. જે રીતે આપ પણ તેમના સાક્ષી છો કે, અગાઉ વર્ષો પહેલાં ઉત્તર ગુજરાતની બનાસ અને પાટણ નદીના પટ ઉપર ક્રિકેટના મેદાન હતા પણ એક માત્ર દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના વિઝનના કારણે નર્મદા અને મહી નદીના પાણી દરીયામાં વહી જતાં હતાં તેના બદલે વધારાના પાણીનો

તારાંકિત પ્રશ્નો

વિશાળ જથ્થો બનાસમાં લાવી અને ખેડૂતો માટે જીવનમાં લીલોતરી લાવ્યા છે. દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા આ શકય બન્યું છે. આપણા શાસ્ત્રોમાં લખેલું છે કે ભગીરથ નામના રાજા જેમણે તપ કરીને પોતાના પૂર્વજોની મુકિત માટે ભગીરથી એટલે ગંગા નદીનું અવતરણ કર્યું હતું.

અધ્યક્ષશ્રી : તમે શાસ્ત્રોની વાત કરશો તો પછી સામે માનનીય કેશાજીભાઇ શાસ્ત્રોની વાત લાવશે.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ નર્મદા અને મહીના પાણી લાવીને લાખો લોકોના જીવનમાં પરિવર્તન લાવ્યા છે જેના સાક્ષી સમગ્ર ગૃહના સભ્યો છે. સમગ્ર ખેડૂતોના જીવનમાં લીલીછમ વેલી પણ થઇ છે.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, બૃહદ બનાસકાંઠા જિલ્લાની અંદર બધા ખેડૂતો ફાર્મહાઉસ ઉપર રહે છે અને નાના મોટા ધંધા કરે છે, ખેડૂતો ઉદ્યોગપતિ નથી પણ ઉદ્યોગ સાહસિક બનીને નાના નાના પ્રયત્નો કરીને ગામડું બેઠું કરી રહ્યા છે. તો જે જગ્યા એન.એ. થયેલી નથી હોતી અને નાના ઉદ્યોગો ચાલે છે તો ત્યાં આગળ લાઇટ કનેકશન મળે તો ખેડૂતો નાના ઉદ્યોગો કરી શકે એ માટે કંઇ વ્યવસ્થા કરવા વિનંતી.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું જાણવા માગું છું કે વાવ અને થરાદ જિલ્લામાં જે ૫૮ ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું એનાં કારણો શું?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ફિડર વિભાજનના માત્ર ટેકનિકલ સુધારા અને જે રીતે ફિડર વિભાજન કરવાનાં કારણો બતાવું તો ફિડર એટલે સબ–સ્ટેશનથી નીકળતી વીજ લાઇન અને સબ–સ્ટેશનથી ડિસ્ટ્રિબ્યુશન ને ટ્રાન્સફોર્મર સુધી પાવર સપ્લાય માટે ફિડર વિભાજનના ધારાધોરણ જોઇએ તો ફિડરની લંબાઇ ૨૦ કી.મી.થી વધારે હોય અને વીજવિક્ષેપ ના હોય અને જો ફિડરની નક્કી કરેલી ક્ષમતા અને મર્યાદા કરતા વધારે વીજભાર વધે અને આપણે જોઇએ તો એવી આપણી નજીકની ૧૧ કે.વી. લાઇન ૫૦૦ સ્કવેર મિલિમીટરની હોય, ૧૫૦ એમ્પિયર કરંટની કેપેસિટી હોય છે. જો ૧૦૦ સ્કવેર મિલિમીટરના વાયર હોય તો ૨૫૦ એમ્પિયરની કરંટ કેપેસિટી હોય છે. એવી જ રીતે વોલ્ટેજ ડ્રોપ ૯ ટકાથી વધારે હોય તો વીજ ગ્રાહકોને પૂરતા દબાણથી પુરવઠો ના મળે તો વિભાજન કરવામાં આવતું હોય છે.

અરવલ્લી જિલ્લામાં ઊર્જા વિભાગની ક્ષેત્રીય કચેરીનું મંજુર મહેકમ

* **/8/152796 : શ્રી ઘવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા)** બાયડ**(: માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–:

પ્રશ્ન		જવાબ				
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર ઉર્જા વિભાગની કેટલી ક્ષેત્રીય કચેરી કાર્યરત છે,	(૧) અને (૨)		ક્રમાંક	તાલુકો	કચેરીની સંખ્યા	મંજૂર થયેલ મહેકમ
				૧	મોડાસા	૧૩	૩૧૮
				૨	ભિલોડા	૦૫	૧૮૨
				૩	ધનસુરા	૦૩	૯૧
				૪	બાયડ	૦૫	૧૨૪
				૫	માલપુર	૦૨	૭૫
(૨)	ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કચેરીઓમાં કેટલું મહેકમ મંજુર થયેલ છે,			૬	મેઘરજ	૦૫	૧૪૦
				૭	શામળાજી	૦૪	૮૧
				૮	સાઠમ્બા	૦૩	૬૮
(3)	ઉક્ત સ્થિતિએ તે પૈકી તાલુકાવાર કચેરીઓમાં કેડરવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે,અને	(૩) અને (૪)	ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કચેરીઓમાં કેડરવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓની માહિતી પત્રક–અ મુજબ છે. વહીવટી તંત્રમાં સીધી ભરતી, બઢતી અને વય નિવૃત્તિ એ સતત ચાલતી પ્રક્રિયા છે, સીધી ભરતીના ફાળાની જગ્યા સીધી ભરતીથી અને બઢતીના ફાળાની જગ્યા બઢતીથી નિયત પ્રક્રિયા અનુસરીને ભરવામાં આવે છે. તેમાં ચોક્કસ સમય મર્યાદા નિયત કરી શકાય નહી.				
(૪)	ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કચેરીઓમાં કેડરવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે?						

પત્રક –અ

ક્રમ	તાલુકો	મોડાસા			ભિલોડા			ધનસુરા			બાયડ			માલપુર			મેઘરજ			શામળાજી			સાઠંબા			અરવલ્લી જિલ્લામાં ઉર્જાવિભાગની કચેરીઓમાં કુલ		
	સંવર્ગનું નામ	મંજૂર થયેલ જગ્યા	ભરાયેલ જગ્યા	ખાલી જગ્યા	મંજૂર થયેલ જગ્યા	ભરાયેલ જગ્યા	ખાલી જગ્યા	મંજૂર થયેલ જગ્યા	ભરાયેલ જગ્યા	ખાલી જગ્યા	મંજૂર થયેલ જગ્યા	ભરાયેલ જગ્યા	ખાલી જગ્યા	મંજૂર થયેલ જગ્યા	ભરાયેલ જગ્યા	ખાલી જગ્યા	મંજૂર થયેલ જગ્યા	ભરાયેલ જગ્યા	ખાલી જગ્યા	મંજૂર થયેલ જગ્યા	ભરાયેલ જગ્યા	ખાલી જગ્યા	મંજૂર થયેલ જગ્યા	ભરાયેલ જગ્યા	ખાલી જગ્યા	મંજૂર થયેલ જગ્યા	ભરાયેલ જગ્યા	ખાલી જગ્યા
૧	કાર્યપાલક ઇજનેર	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૩	૩	૦
૨	નાયબ ઇજનેર	૭	૭	૦	૪	૪	૦	૯	૮	૧	૨	૧	૧	૧	૧	૦	૨	૨	૦	૧	૧	૦	૧	૧	૦	૨૭	૨૫	૨
૩	જુનિયર ઇજનેર	૧૮	૧૮	૦	૮	૮	૦	૪	૪	૦	૫	૫	૦	૩	૩	૦	૬	૬	૦	૩	૩	૦	૩	૩	૦	૫૦	૫૦	૦

તારાંકિત પ્રશ્નો

૪	લાઈન ઈન્સ્પેક્ટર	૯	૯	૦	૪	૪	૦	૨	૨	૦	૩	૩	૦	૨	૨	૦	૪	૪	૦	૨	૨	૦	૨	૧	૧	૨૮	૨૭	૧
૫	લાઈનમેન	૧૫	૧૫	૦	૯	૬	૩	૫	૫	૦	૭	૭	૦	૩	૨	૧	૮	૮	૦	૩	૩	૦	૩	૩	૦	૫૩	૪૯	૪
૬	મીટર ટેસ્ટર	૪	૪	૦	૩	૩	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૭	૭	૦
૭	ડ્રાઈવર	૧	૧	૦	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૨	૨	૦
૮	સિનિયર ટેકનિશીયન	૧	૧	૦	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૨	૨	૦
૯	અધિક્ષક હિસાબ	૨	૨	૦	૨	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૪	૩	૧
૧૦	નાયબ અધિક્ષક)હિસાબ(	૫	૫	૦	૩	૩	૦	૨	૧	૧	૧	૧	૦	૦	૦	૦	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૧૨	૧૧	૧
૧૧	નાયબ અધિક્ષક)વહીવટ(	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૩	૩	૦
૧૨	સીનીયર આસીસ્ટન્ટ	૨૦	૨૦	૦	૧૪	૧૨	૨	૬	૫	૧	૬	૬	૦	૩	૨	૧	૫	૫	૦	૨	૨	૦	૩	૩	૦	૫૯	૫૫	૪
૧૩	જુનિયર આસિસ્ટન્ટ	૫૮	૫૬	૨	૪૦	૨૯	૧૧	૧૮	૧૫	૩	૨૬	૨૫	૧	૧૬	૧૩	૩	૨૭	૨૦	૭	૧૭	૧૪	૩	૧૪	૧૩	૧	૨૧૬	૧૮૫	૩૧
૧૪	પટાવાળા	૯	૯	૦	૪	૩	૧	૨	૨	૦	૨	૨	૦	૧	૧	૦	૨	૨	૦	૦	૦	૦	૧	૧	૦	૨૧	૨૦	૧
૧૫	આસી .લાઈનમેન	૨૦	૨૦	૦	૮	૭	૧	૭	૭	૦	૭	૫	૨	૫	૫	૦	૧૦	૧૦	૦	૪	૪	૦	૫	૩	૨	૬૬	૬૧	૫
૧૬	ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ	૧૧૩	૧૧૩	૦	૬૭	૬૭	૦	૨૭	૨૭	૦	૫૧	૫૧	૦	૩૫	૩૩	૨	૬૦	૬૦	૦	૩૬	૩૬	૦	૨૭	૨૭	૦	૪૧૬	૪૧૪	૨
૧૭	પોચમેન	૦	૦	૦	૨	૧	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૦	૬	૧	૫
૧૮	કામદાર	૦	૦	૦	૧	૦	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૦	૧
૧૯	જુનિયર ઈજનેર)સિવિલ(	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૧	૧	૦
૨૦	પ્લાંટ ઓપરેટર	૪	૩	૧	૦	૦	૦	૪	૩	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૮	૬	૨
૨૧	ઇલેક્ટ્રિશિયન	૨	૨	૦	૧	૧	૦	૧	૦	૧	૧	૧	૦	૧	૧	૦	૨	૧	૧	૧	૧	૦	૧	૦	૧	૧૦	૭	૩
૨૨	સ્વિચ બોર્ડ ઓપરેટર	૨૮	૨૮	૦	૮	૮	૦	૦	૦	૦	૧૨	૧૨	૦	૪	૪	૦	૧૨	૧૨	૦	૧૨	૧૨	૦	૮	૭	૧	૮૪	૮૩	૧
	કુલ	૩૧૮	૩૧૫	૩	૧૮૨	૧૬૧	૨૧	૯૧	૮૨	૯	૧૨૪	૧૧૯	૫	૭૫	૬૭	૮	૧૪૦	૧૩૧	૯	૮૧	૭૮	૩	૬૮	૬૨	૬	૧૦૭૯	૧૦૧૫	૬૪

શ્રી ઘવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે, પણ મારો પેટા પ્રશ્ન એ છે કે ખાલી જગ્યાઓ છે તેની ભરતી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે અને મારું બીજું સૂચન છે કે સખવાણીયા સબ–સ્ટેશન મંજૂર થયે ૩ વર્ષ થયાં છે તો તાત્કાલિક ધોરણ ઉપર એની કામગીરી ચાલુ થાય તેવી મારી વિનંતી છે.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે ભરતી બાકી છે તેના માટે સરકાર દ્વારા ભરતી કેલેન્ડરો પણ બહાર પાડવામાં આવતા હોય છે. એમના વિસ્તારની વાત કરીએ તો ૯૪ ટકા જેટલું મહેકમ એમના વિસ્તારની અંદર ભરાયેલું છે અને આગામી દિવસોમાં એમનું જે સૂચન છે તે ધ્યાનમાં લેવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી એ જણાવે કે આ ભરતી કેલેન્ડરની પ્રક્રિયા શું હોય છે અને જે જગ્યાઓ ખાલી છે એ જગ્યાઓ ઉપર વિભાગ દ્વારા માગણાપત્રકો મોકલવામાં આવ્યા છે કે કેમ?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવું કે, માગણાપત્રકો મોકલવામાં આવતા હોય છે અને જે જગ્યાઓ ખાલી હોય છે આપનું જે સૂચન છે એ ધ્યાનમાં રાખવામાં આવશે. સરકાર દ્વારા વખતોવખત કોઇ નિવૃત્ત થતા હોય, કોઇને બઢતી મળતી હોય એ મુજબ વહીવટી પ્રક્રિયાને ધ્યાને રાખી આગામી દિવસોમાં ભરતી કરવામાં આવતી હોય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, દરેક પ્રશ્નના જવાબમાં ભરતી કેલેન્ડર આવે છે, હું પબ્લિક એકાઉન્ટ કમિટિમાં પણ છું ત્યાં પણ અધિકારીશ્રીઓ ભરતી કેલેન્ડરની જ વાત કરે છે,આજે સભાગૃહને પણ ખ્યાલ આવે કે આ ભરતી કેલેન્ડર શું છે એની માહિતી મંત્રીશ્રી આપે? રાજ્યકક્ષાના મંત્રીશ્રી પાસે ન હોય તો કેબિનેટ મંત્રીશ્રી માહિતી આપે?

અધ્યક્ષશ્રી : આમાં ઘણા બધા કેલેન્ડર હોય છે. તમે કેલેન્ડરને પ્રશ્નોત્તરીમાં ક્યાં લાવો છો?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ કેલેન્ડર ખૂબ મહત્ત્વનું છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા વીજ વિભાગમાં જી.યુ.પી.એન.એલ. અને ચાર ડિસ્કોમ ઉપરાંત બીજી અનેકવિધ કંપનીઓ પોતે પોતાની રીતે ટેકનિકલ માણસોની જરૂર હોય, વહીવટી માણસોની જરૂર હોય તો એની ભરતી માટે નિયમિત આ પ્રક્રિયા કરી રહ્યો છે. એમના સમયથી આ ભરતી કેલેન્ડર ચાલતું હતું પણ એમાં ગતિ લાવવાનું કામ

જો કોઇએ કર્યું હોય તો અમે કર્યું છે. અમે કેવળ ભરતી કેલેન્ડર મોકલીએ છીએ એવું નહિ પણ ભરતી કેલેન્ડર મોકલ્યા પછી એનું ફોલોઅપ કરી વધુ ઝડપે ભરતી કરીએ છીએ. અમારા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ પોલીસમાં ખૂબ ઝડપે ભરતી કરી છે. બાકીના વિભાગોમાં પણ ભરતી કેલેન્ડર મોકલ્યા પછી ભરતી માટે આદરણીય મુખ્યમંત્રીશ્રી કક્ષાએ પણ એનું ફોલોઅપ થાય છે અને ઝડપી ભરતી થાય, પરીક્ષાઓ યોજાય એના માટે સરકાર પ્રયત્ન કરી રહી છે.

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકામાં ૧૫માં નાણાપંચ અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ

*** 15/8/3278 ડૉ .મહેન્દ્રભાઇ પાડલિયા**) ધોરાજી (: **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	વર્ષ ૨૦૨૪–૨૫માં રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકામાં ૧૫માં નાણાપંચની ૭૦ %રકમની કુલ કેટલી ગ્રાન્ટની ફાળવણી થયેલ છે, અને	(૧)	વર્ષ ૨૦૨૪–૨૫માં રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકામાં ૧૫માં નાણાપંચની ૭૦ %રકમની કુલ ૩ . ૩.૩૫ કરોડની ગ્રાન્ટની ફાળવણી થયેલ છે .
(૨)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ તેમાંથી કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?	(૨)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ તેમાંથી ૩ .૦.૮૯ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, વર્ષ ૨૦૨૪–૨૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકામાં ૧૫મા નાણાપંચની ૭૦ ટકા રકમમાં કુલ કેટલી રકમની ફાળવણી થઇ તથા તે રકમમાંથી કુલ કેટલો ખર્ચ થયો અને તેમાં કેવા પ્રકારનાં કામો હાથ ધરવામાં આવે છે?

અધ્યક્ષશ્રી : કેટલો ખર્ચ થયો એ તો જવાબમાં આવી ગયું છે. કેવા પ્રકારનાં કામ કરવામાં આવ્યાં એનો જવાબ ટૂંકમાં આપજો.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, ધોરાજી તાલુકામાં ૭૦ ટકા લેખે ગ્રામ્ય વિસ્તાર માટે ફાળવેલ ગ્રાન્ટમાંથી કુલ ૧૪૦ કામોમાંથી ૪૬ ગટર લાઇનનાં કામો, ૭ ચેકડેમ કોઝવેનાં કામ, ૧૪ પાણીની પાઇપલાઇનનાં કામ, ૬૯ રોડ અને રસ્તાનાં કામ અને ૪ અન્ય કામોનો સમાવેશ થાય છે.

રાજકોટ જિલ્લામાં ઝુંપડા વીજળીકરણ યોજના

***/158/3356 :ડૉ .દર્શીતા શાહ)** રાજકોટ પશ્ચિમ **:(માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા ,અને	(૧)	૨૭૭૬
(૨)	તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?	(૨)	૩ .૧૫૩.૩૯ લાખ

ડૉ. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, સૌપ્રથમ તો આપના માધ્યમથી સમગ્ર સભાગૃહ વતી આપણા લોકલાડીલા વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને ફરી એક વાર સૌથી વધુ સમય બંધારણીય વડા તરીકે જે ઐતિહાસિક સિદ્ધિ મળી છે એ બદલ સમગ્ર સભાગૃહ એમને ખૂબ–ખૂબ અભિનંદન આપે છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગરીબમાં ગરીબ માણસને એમના ઝૂંપડામાં વીજળી મળે એ અંતર્ગત રાજકોટ જિલ્લામાં અને રાજકોટ તાલુકામાં કુલ કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા અને કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં તાલુકાવાર વાત કરું તો ધોરાજી તાલુકામાં ૮૨ કનેક્શન આપવામાં આવ્યાં. એના માટે ૩.૪,૫૩,૦૦૦નો ખર્ચ કરવામાં આવ્યો. ગોંડલ તાલુકામાં ૩૯૭ કનેક્શન આપવામાં આવ્યાં. એના માટે ૩.૨૨,૮૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવ્યો. જામકંડોરણામાં તાલુકામાં ૧૦૦ કનેક્શન આપવામાં આવ્યાં. એના માટે ૩.૬,૩૯,૦૦૦નો ખર્ચ કરવામાં આવ્યો. જસદણમાં તાલુકામાં ૫૨૦ કનેક્શન આપવામાં આવ્યાં. એના માટે ૩.૩૪,૪૯,૦૦૦નો ખર્ચ કરવામાં આવ્યો. જેતપુર તાલુકામાં ૨૫૮ કનેક્શન આપવામાં આવ્યાં. એના માટે ૩.૧૨,૨૭,૦૦૦નો ખર્ચ કરવામાં આવ્યો. કોટડા–સાંગાણી તાલુકામાં ૧૦૬ કનેક્શન આપવામાં આવ્યાં. એના માટે ૩.૧૩,૩૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવ્યો. લોધિકા તાલુકામાં ૩૦ કનેક્શન આપવામાં આવ્યાં. એના માટે ૩.૧,૧૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવ્યો. પડધરી તાલુકામાં ૬૯ કનેક્શન આપવામાં આવ્યાં. એના માટે ૩.૩,૭૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવ્યો. રાજકોટ તાલુકામાં ૮૮૦ કનેક્શન આપવામાં આવ્યાં. એના માટે ૩.૩૯,૫૬,૦૦૦નો ખર્ચ કરવામાં આવ્યો. ઉપલેટામાં તાલુકામાં ૨૪૧ કનેક્શન આપવામાં આવ્યાં. એના માટે ૩.૧૧,૯૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવ્યો. વિંછીયા તાલુકામાં ૯૩

કનેક્શન આપવામાં આવ્યાં. એના માટે રૂ.૩,૨૬,૦૦૦નો ખર્ચ કરવામાં આવ્યો. આમ, કુલ ૨૭૭૬ કનેક્શન આપવામાં આવ્યાં અને એના માટે રૂ.૧,૫૩,૦૦,૦૦૦ જેટલો ખર્ચ કરવામાં આવ્યો.

પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકા પંચાયતના નવા મકાન બનાવવાની કાર્યવાહી

***15/8/3321 શ્રી લવીંગજી મુળજીજી સોલંકી**) રાધનપુર(: **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પાટણ જિલ્લાની સાંતલપુર તાલુકા પંચાયત કચેરીના નવા મકાન બાંધકામ માટે વહિવટી મંજુરી મળેલ છે કે કેમ, અને	(૧)	હા, જી .પાટણ જિલ્લાની સાંતલપુર તાલુકા પંચાયત કચેરીના નવા મકાન બાંધકામ માટે પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૧/૦૭/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક : PRHRDD/JRT/e-file/14/2022/2710/Section-J થી વહિવટી મંજુરી મળેલ છે.
(૨)	જો ના, તો ઉકત તાલુકા પંચાયત કચેરીના નવા મકાન બનાવવા માટે શું કાર્યવાહી કરવામા આવેલ છે**?**	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મારા સાંતલપુર તાલુકા પંચાયત કચેરીના નવીન મકાન બનાવવા માટે કેટલું અનુદાન મંજૂર કરવામાં આવેલ છે? તેમજ નવીન કચેરીમાં કઇ કઇ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, પંચાયત વિભાગના તા.૧૧/૦૭/૨૦૨૫ના ઠરાવથી તાલુકા પંચાયત કચેરી, સાંતલપુરના નવીન બાંધકામ માટે રૂ.૫.૬૨ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. સાંતલપુર તાલુકા પંચાયત કચેરીનું નવીન મકાન ૧,૨૨૫ ચો.મી. બિલ્ટઅપ એરિયામાં બનાવવામાં આવેલ છે. આ નવીન મકાનમાં, ઇલેક્ટ્રિફિકેશન, ઇન્ટરનલ સી.સી. રોડ, રેઇન વૉટર હાર્વેસ્ટિંગ, ફાયર ફાઇટિંગ સિસ્ટમ, બોરવેલ, પાર્કિંગ અને ફર્નિચર જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. આ મકાનમાં ૧૧ અધિકારીઓના ઓફિસ રૂમ અને ત્રણ ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટેના ઓફિસ રૂમ, એક રેકર્ડ રૂમ અને એક મિટિંગ રૂમનો સમાવેશ કરવામાં આવેલ છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ સાંતલપુર તાલુકો કહેવાય છે પણ તેનું વડુમથક વારાહીમાં છે. આ તાલુકા પંચાયતનું નવું મકાન વારાહીમાં બનવાનું છે. વારાહી અને સાંતલપુર વચ્ચે એક ટોલનાકું આવેલું છે. વર્ષોથી લોકોનું એવું માનવું છું કે વારાહીની એક પેટા બ્રાન્ચ સાંતલપુરમાં હોવી જોઇએ અથવા સાંતલપુરનો એક અલગ તાલુકો બનવો જોઇએ. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સાંતલપુરને અલગ તાલુકો બનાવવા માટે કોઇ રજૂઆત મળી છે કે કેમ?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં જ્યાં જિલ્લા કે તાલુકાની જરૂર હતી ત્યાં વાયેબિલિટી ચકાસીને જ્યાં જિલ્લા કે તાલુકા બનાવવા યોગ્ય હતા તે બનાવ્યા છે. બનાસકાંઠા વિસ્તાર અને વસતીની દ્રષ્ટિએ ખૂબ મોટો જિલ્લો હતો. તેમાં જરૂરિયાત જણાતાં વાવ–થરાદ જિલ્લો બનાવ્યો છે. ભૌગોલિક અને સામાજિક પરિસ્થિતિના આધારે આપણે તમામ નવા તાલુકાઓ બનાવ્યા છે. માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ પંચાયત કચેરીનું કામ કેટલી સમયમર્યાદામાં પૂર્ણ થશે?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આ કામથી આપ ખુશ તો થઇ ગયા છો ને?

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ ખુશ છું. ખૂબ અભિનંદન આપું છું.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના સૂચનની જાણ તેમને કરવામાં આવશે.

અધ્યક્ષશ્રી : શક્ય તેટલી ઝડપથી આ કામ પૂર્ણ કરવું જોઇએ.

તા.૨૩મી માર્ચ, ૨૦૨૬

તારાંકિત પ્રશ્નો

ભરૂચ જિલ્લામાં આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવા બાબત

*** 3708/8/15 શ્રી ડી.કે.સ્વામી**) જંબુસર : (**માનનીય આરોગ્ય મંત્રીશ્રી)રાજ્યકક્ષા(** જણાવવા કૃપા કરશે કે–.

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં ૦૧)એક (પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવેલ છે .
(૨)	ઉક્ત સ્થિતિએ ક્યા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા, અને	(૨)	ઉક્ત સ્થિતિએ વાગરા તાલુકામાં સાયખા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવેલ છે .
(૩)	મંજૂર થયેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યાન્વિત છે કે કેમ**?**	(૩)	હા,જી

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લાં બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યા? અને હાલ આ કેન્દ્રોની સ્થિતિ શું છે?

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં એક સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યું છે. ભરૂચ જિલ્લાની કુલ વસતી ૧૦,૨૬,૦૬૦ છે. સામૂહિક આરોગ્ય કેન્દ્ર મળવાપાત્ર ૧૦ છે. જેમાં ૯ હયાત છે અને વસતીની દ્રષ્ટિએ સામૂહિક રીતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૪૦ મળવાપાત્ર છે. જેમાં ૪૨ હયાત છે. તેમાં બે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વધ છે પરંતુ ભરૂચ તાલુકા ખાતે એક સામૂહિક આરોગ્ય કેન્દ્ર ઓછું છે. તેનું કારણ એ છે કે, ત્યાં પાલેજમાં મંજૂર કરવામાં આવેલ છે. વધુમાં ભરૂચ ખાતે ગ્રાઉન્ડ ફિલ્ડ મેડિકલ કૉલેજ સંલગ્ન હૉસ્પિટલ શરૂ છે.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સમગ્ર રાજ્યમાં બે વર્ષમાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યાં? અને જિલ્લાવાર એની સંખ્યા કેટલી છે?

શ્રી પ્રકુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપણા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી અને માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇને અભિનંદન પાઠવું છું. આ સભાગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે, એમણે નવા ૪૦ આરોગ્યકેન્દ્રોની મંજૂરી આપેલ છે.

અધ્યક્ષશ્રી : આપ સ્કોપ ઓપન કરી રહ્યા છો. ભરૂચમાંથી આખા ગુજરાતમાં જઈ રહ્યા છો. આપશ્રીના ધ્યાનમાં રહે.

પ્રકુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, દરેક રાજ્યની વસ્તીના આધારે આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર નક્કી કરેલ હોય છે. જેમાં ગુજરાતમાં વસતીના ધોરણે પેટા કેન્દ્રોની જરૂરિયાત ૯૦૬૩ છે. હયાતમાં ૯૨૩૧ એટલે કે, ૧૬૮ વધુ બનાવ્યા છે. એ જ રીતે, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની જરૂરિયાત ૧૪૨૬ની છે એની જગ્યાએ આપણા ત્યાં ૧૫૩૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે. ૧૧૩નો વધારો વસતી પ્રમાણે આપ્યો છે. સામૂહિક આરોગ્ય કેન્દ્રો ૩૨૯ હોવા જોઇએ. જેના સ્થાને ૩૫૩ છે. જેમાં ૨૪નો વધારો છે. આમ, ગુજરાત સંખ્યાના આધારે સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પેટા કેન્દ્રોમાં દેશમાં પ્રથમ હરોળમાં છે. ૪૦ નવા આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા છે અને હવે એનું કન્સ્ટ્રક્શન થશે. આ બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબનો આભાર વ્યક્ત કરું છું. અમરેલીમાં મંજૂર કરેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૧, આણંદમાં ૧, ગાંધીનગરમાં ૪, ગીર–સોમનાથમાં ૧ , કચ્છમાં ૧૦, ખેડામાં ૨, મહેસાણામાં ૨, પંચમહાલમાં ૨, મહીસાગરમાં ૧, દાહોદમાં ૨, ભાવનગરમાં ૧, અરવલ્લીમાં ૧, છોટાઉદેપુરમાં ૧, ભરૂચમાં ૧, નવસારીમાં ૧, સુરતમાં ૧, સાબરકાંઠામાં ૧, વલસાડમાં ૧, મહેસાણામાં ૧, સુરેન્દ્રનગરમાં ૧, પાટણમાં ૧, બનાસકાંઠામાં ૧, દેવભૂમિ–દ્વારકામાં ૧ અને અમદાવાદમાં ૧. આમ, કુલ મળીને ૪૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કર્યા છે અને બજેટમાં લેવાઇ ચૂક્યા છે.

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ખૂબ લાંબા સમયથી વિરમગામ તાલુકાના ચંદ્રનગર ગામને મોડલ વિલેજ તરીકે અમે વિકસાવી રહ્યા છીએ. ૨૮ હજારની વસ્તીની મર્યાદામાં અમે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સૂચવેલ છે. તો માનનીય મંત્રીશ્રી આરોગ્ય કેન્દ્ર બનાવવાની કોઇ પ્રોસેસ કરવા માગે છે કે કેમ? અને અમદાવાદ જિલ્લાનો દેત્રોજ તાલુકો ૬૭ ગામનો તાલુકો છે ત્યાં અમે જિલ્લા સબ–સેન્ટર હૉસ્પિટલની માગણી કરેલ છે અને જગ્યા પણ આરોગ્ય ખાતાના નામે કરી આપી છે તો આ બંને કામ માનનીય મંત્રીશ્રી ઝડપથી કરાવે એવી વિનંતી છે.

પ્રકુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે. અમે ચોકક્સપણે ધ્યાને લઇશું.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ભરૂચ જિલ્લાના પ્રાથમિક, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને જનરલ હૉસ્પિટલમાં કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગથી કેટલા કર્મચારીઓ ફરજ બજાવે છે? અને આ કર્મચારીઓ કઇ એજન્સી દ્વારા પૂરા પાડવામાં આવે છે?

તારાંકિત પ્રશ્નો

પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, દરેક સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પેટા આરોગ્ય કેન્દ્રોની માહિતી સભ્યશ્રીને લેખિતમાં આપી દેવામાં આવશે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મારા મતવિસ્તારમાં લાઠીદડ ખાતે એક સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યું છે એ નવી ડિઝાઇન મુજબ બનાવવામાં આવશે કે જૂની ડિઝાઇન મુજબ બનાવવામાં આવશે?

પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, નવા આયોજનમાં લેવાયેલ છે એટલે શ્રેષ્ઠ, કોમન અને નવી ડિઝાઇનથી બનાવવામાં આવશે.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું પહેલાં અમારા પંચમહાલ જિલ્લા આરોગ્ય કેન્દ્રના સ્ટાફને સારી કામગીરી બદલ ધન્યવાદ આપું છું. મારું એક સૂચન છે કે જે પી.એચ.સી.માં પોસ્ટમોર્ટમ રૂમ તૈયાર છે એ વિભાગમાંથી બનાવ બને પછી લાશને તાલુકા કક્ષાએ લઇ જવી પડે છે, એના બદલે ડૉકટરોને પી.એચ.સી.માં મૂકીને પોસ્ટમોર્ટમ કરવા માગો છો કે કેમ?

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, પી.એમ. કરવાની કામગીરી એક કાનૂની બાબત સાથે સંકળાયેલી બાબત છે છતાં નાના કેન્દ્રોમાં હૃદયરોગનો હુમલો આવ્યો હોય કે અન્ય બાબતોમાં ચોક્કસ પ્રકારે બધી જગ્યાએ પી.એમ. કરવામાં આવે છે પણ ક્રિટિકલ જેવું કે પેનલ પી.એમ. કે ફોરેન્સિક પી.એમ. કરવું હોય તો મોટા કેન્દ્ર ઉપર જ કરવું પડે જ્યાં આપણે એમને ચોક્કસ પ્રકારે ન્યાય આપી શકીએ છતાં સભ્યશ્રીએ જે સૂચન કર્યું છે એને અમે ચોક્કસ પ્રકારે લઇશું.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૬-૨૭ની નવી બાબતમાં અમારા આદિજાતિ વિસ્તારમાં છ જેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રની મંજૂરી આપી એ બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનો ખૂબ-ખૂબ આભાર માનું છું. નવી બાબતમાં જીઓ સ્પેશિયલ એનાલિસિસના આધારે જિલ્લા પંચાયત મારફત મંજૂર કરવામાં આવ્યા છે એમાં મારા વલસાડ જિલ્લામાં હિંમતમાળ એક એવી જગ્યા છે જે મહારાષ્ટ્ર બોર્ડરને અડીને આવેલી છે એ જગ્યાએ જીઓ સ્પેશિયલ એનાલિસિસના આધારે માગણી વગર બે મંજૂર થયા છે એમાં હિંમતમાળ માટે મંજૂર કરવાનું કોઇ આયોજન છે કે કેમ?

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે.

રાજકોટ જિલ્લા પંચાયતનું નવીન મકાન બનાવવાની કાર્યવાહી

*** 15/8/3335 શ્રી રમેશભાઈ વીરજીભાઈ ટીલાળા**) રાજકોટ દક્ષિણ(: **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લા પંચાયતનું નવીન મકાન બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લા પંચાયતનું નવીન મકાન બનાવવામાં (૧)બ્લોક -**A** અને બ્લોક -**C** માં બીજા માળના કોલમ કાસ્ટીંગની કામગીરી પૂર્ણ તથા ત્રીજા માળના સ્લેબ કાસ્ટીંગની કામગીરી પ્રગતિ હેઠળ છે .(૨)બ્લોક -**B** માં બીજા માળના સ્લેબ કાસ્ટીંગની કામગીરી પૂર્ણ થયેલ છે.
(૨)	ઉક્ત જિલ્લા પંચાયતના નવીન મકાન બનાવવાની કામગીરી કેટલા ખર્ચમાં પૂર્ણ કરવામાં આવશે**?**	(૨)	અંદાજે રૂ.૩૬.૫૦ કરોડ.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, આજે પૂર્વ મંત્રી શ્રી મૂળુભાઇ બેરાનો જન્મદિવસ છે એટલે હું એમને ખૂબ-ખૂબ શુભેચ્છા પાઠવું છું. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજકોટ જિલ્લા પંચાયતનું નવીન મકાન બનાવવા માટે કેટલું અનુદાન મંજૂર કરવામાં આવેલ છે તેમજ નવીન કચેરીમાં કઇ કઇ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે?

અધ્યક્ષશ્રી : આજે માનનીય મૂળુભાઇ બેરા, માનનીય રાકેશભાઇ દેસાઇ, માનનીય વિરેન્દ્રસિંહ જાડેજા અને માનનીય કેશુભાઇ પટેલનો જન્મદિવસ છે. હું આ ગૃહ વતી બધાને ખૂબ-ખૂબ શુભકામનાઓ પાઠવું છું.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત વિભાગના તારીખ ૨૫/૧૦/૨૦૨૩ના ઠરાવથી રાજકોટ જિલ્લા પંચાયત કચેરીના નવીન બાંધકામ માટે રૂ. ૩૬.૫૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. નવીન જિલ્લા પંચાયત કચેરીમાં સુવિધાઓ અંગે જણાવું તો કુલ ૮૯૯૪ ચોરસમીટરના કાર્પેટ એરિયામાં ગ્રાઉન્ડ ફ્લોર અને ચાર માળના મકાનમાં વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવનાર છે. જેમાં ફાયર સેફ્ટીના સાધનો, ફાયર ટેન્ક તથા એક વૉટર ટેન્ક તેમજ ગ્રાઉન્ડ ફ્લોર ઉપર કેન્ટીનની વ્યવસ્થા કરવામાં આવનાર છે જેમાં ૯૬ વ્યક્તિની કેપેસિટી હશે અને વી.આઇ.પી. ડાઇનિંગ હૉલ હશે. અવરજવર માટે ૪ લિફ્ટ હશે. ૨ કોન્ફરન્સ હોલ હશે જેમાં એક હૉલની કૅપેસિટી ૩૦૦ વ્યક્તિની અને બીજા હૉલની કૅપેસિટી ૫૦ વ્યક્તિની હશે. ચાર મિટિંગ રૂમ હશે જેની પ્રતિ રૂમ ૨૨ વ્યક્તિની કૅપેસિટી હશે. દરેક બ્રાન્ચમાં સ્ટોરરૂમની

વ્યવસ્થા હશે. કોમ્પેક્ટરની વ્યવસ્થા હશે. બે ઇમરજન્સી એક્ઝિટ હશે. મેડિકલ સ્ટોરની વ્યવસ્થા હશે. રેઇન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ, બોરવેલ, સી.સી.ટી.વી.ની સુવિધા હશે. ભોંયતળિયા ઉપર આરોગ્ય શાખા,આરોગ્ય સ્ટોર, કેન્ટીનની વ્યવસ્થા હશે. પ્રથમ માળ ઉપર પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, ચેરમેનશ્રી, જિલ્લા વિકાસ અધિકારીની વિકાસ શાખા, પંચાયત શાખા, બીજા માળ ઉપર જમીન દબાણ, મહેસૂલ, આઇ.સી.ડી.એસ., આંતરિક, અન્વેષણ હિસાબી અને શિક્ષણ શાખા, ત્રીજા માળ ઉપર આંકડાશાખા , ખેતીવાડી, પશુપાલન, સિંચાઇ શાખા તથા ચોથા માળ ઉપર બાંધકામ શાખા તથા કોમ્પેકટર સ્ટોરેજ મળી ૧૮ શાખાઓ માટેની ચેમ્બરો, વિવિધ ચેરમેનશ્રી, પદાધિકારીશ્રીઓ, પ્રમુખ, ઉપપ્રમુખશ્રી તથા અધિકારીશ્રીઓ માટે ચેમ્બરોની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ ઉપરાંત, નવી કચેરીમાં વીજળી બચત થાય તથા જિલ્લા પંચાયતના ખર્ચનું ભારણ ઘટાડી શકાય તે હેતુથી ૫૦ કિલોવોટ ક્ષમતાની સોલાર રૂફટોપ સિસ્ટમ ઇન્સ્ટોલ કરવા માટે કલાઇમેટ ચેન્જ વિભાગ તરફથી રૂ. ૧૫,૫૧, ૪૫૦/–નું અનુદાન ફાળવવામાં આવેલ છે.

ડૉ. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આપના માધ્યમથી માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું કે રાજકોટમાં ખૂબ અદ્યતન રૂપિયા ૩૬.૫ કરોડના ખર્ચે રાજકોટ જિલ્લા પંચાયતની કચેરી આપવામાં આવી છે. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આનાથી વિશેષ ખર્ચ થાય તો એ માટે શું કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા તથા તાલુકા પંચાયત કચેરીનો બાંધકામનો ખર્ચ યુનિટ કોસ્ટ કરતાં વધારે થતો હોય છે એ કિસ્સામાં નક્કી થયેલ યુનિટ કોસ્ટ ઉપરાંતની રકમ ખર્ચ સંબંધિત જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની કચેરીના સ્વભંડોળમાંથી કરવામાં આવે છે. પરંતુ જે જિલ્લા પંચાયત કે તાલુકા પંચાયત કચેરી દરિયાકિનારાના વિસ્તારમાં આવેલ હોય, રણ વિસ્તાર હોય, ભૂકંપ પ્રભાવિત ક્ષેત્રમાં આવતા હોય તો એવી કચેરીના નવીન મકાનનો ખર્ચ યુનિટ કોસ્ટથી વધુ હોય તો તે ખર્ચ મુજબ સરકારશ્રી દ્વારા ખાસ કિસ્સામાં અનુદાન મંજૂર કરવામાં આવે છે.

રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતોના મકાનો

*** 15/8/3337 શ્રી પરસોત્તમભાઈ ખેંગારભાઈ પરમાર**) દસાડા(**: માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત ઘરો છે, અને	(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ૫૮૩ ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત ઘરો છે.
(૨)	પોતાના ઘરો ન હોય તે ગ્રામ પંચાયત ઘર બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરેલ છે ?	(૨)	પોતાનાં ઘરો ન હોય તેવી ૧૨ ગ્રામ પંચાયતોને નવીન પંચાયત ઘર બનાવવા માટે વહીવટી મંજુરી આપવામાં આવેલ છે અને હાલ કામગીરી પ્રગતિમાં છે.

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ગ્રામ્ય સ્તરે લોકશાહી સ્વરાજ્ય ગામડાના વિકાસ અને સરકારની યોજનાની અમલવારીમાં ગ્રામ પંચાયતની ભૂમિકા મુખ્ય રહે છે. ખાસ કરીને મારા પ્રશ્નનો જવાબ રાજકોટ જિલ્લાનો મને મળી ગયો છે. પરંતુ રાજ્યની તમામ ગ્રામ પંચાયતોને પોતાનું અદ્યતન સુવિધાવાળું પંચાયત ઘર મળી રહે તે માટે રાજ્ય સરકારનું શું આયોજન છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : રાજ્યના મૃદુ અને મક્કમ માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીના નેતૃત્વમાં તથા કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલની ઉપસ્થિતિમાં તા. ૩૧–૧–૨૦૨૬ના રોજ આણંદ જિલ્લાના ભાદરણ ગામમાંથી રાજ્યના ઇતિહાસમાં પ્રથમવાર એકસાથે માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના હસ્તે ૨૬૬૬ ગ્રામ પંચાયતોનું ઇ–ખાતમુહૂર્ત કરાવામાં આવેલ છે. દરેક ગ્રામ પંચાયતને પોતાની કચેરી મળી રહે તે માટેનું આયોજન કરેલ છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યની તમામ ગ્રામ પંચાયતોને પોતાનું મકાન ઉપલબ્ધ કરાવવાના દૃઢ નિર્ધાર સાથે ચાલુ વર્ષે તમામ ગ્રામ પંચાયતોના મકાનો બની રહે તેવા ઉમદા હેતુથી ૧૦૦ ટકા સેચ્યુરેશન લાવવા આયોજન કરેલ છે. પંચાયત વિભાગના તા. ૨૨–૮–૨૦૨૫ના ઠરાવથી ૨૦૫૫ ગ્રામ પંચાયત માટે વર્ષ ૨૦૨૫–૨૬ની ચાલુ બાબતમાં સુધારેલ વહીવટી મંજૂરી આપી રૂપિયા ૫૬૧.૭૫ કરોડનું અનુદાન મંજૂર કરવામાં આવેલ છે. નવીન બનવાપાત્ર ગ્રામ પંચાયત ઘર માટે સરકારશ્રી દ્વારા મંજૂર કરાયેલ ૨૦૫૫ પૈકીની ગ્રામ પંચાયત માટે રૂપિયા ૫૬૧.૯૫ કરોડ પૈકી ઉપલબ્ધ થયેલ કુલ રૂપિયા ૧૫૫.૭૪ કરોડ જિલ્લાની માગણી મુજબ ફાળવવામાં આવેલ છે. આ ઉપરાંત વખતોવખત જિલ્લા કક્ષાએથી માગણી રજૂ થયેથી રાજ્યની તમામ ગ્રામ પંચાયત ઘર બનાવવા જરૂરી અનુદાન ફાળવીને ૧૦૦ ટકા સેચ્યુરેશન લાવવાનું આયોજન કરેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, સ્કોપ આખા રાજ્યનો લઇ લીધો છે. જવાબ આપ્યો છે એટલે ધારાસભ્યશ્રીઓ આખા રાજ્યનું પૂછશે તો આપે જવાબ આપવો પડશે.

તારાંકિત પ્રશ્નો

શ્રી ભગાભાઈ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની જે નવી બિલ્ડિંગો બનાવીએ છીએ એમાં ટેન્ડરમાં ફર્નિચરની જોગવાઇ હોય છે કે કેમ? ઘણા ટેન્ડરમાં ફર્નિચરની જોગવાઇ કરવામાં આવેલ ન હોય અને બિલ્ડિંગ બની ગયું છે અને ત્યાં ફર્નિચર ફાળવવામાં આવ્યું નથી. દા.ત. મારા તાલાલા તાલુકામાં બિલ્ડિંગનું કામ, સ્ટાફ બધો શિફ્ટ થઇ ગયો છે પણ ફર્નિચર ફાળવવામાં આવ્યું નથી, તો વહેલી તકે ફર્નિચર ફાળવવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દરેક વિભાગની અંદર જે બિલ્ડિંગો બની રહ્યા છે એમાં ફર્નિચર સાથે ટેન્ડર બનાવવું એવી જોગવાઇ કરવાની સૂચના આપેલ છે. હવે ટેન્ડર આવે છે એમાં ઇનબિલ્ટ, ફર્નિચર ટેન્ડર તૈયાર થાય એમાં ફર્નિચરની આઇટમ લઇ લેવામાં આવે છે. ભૂતકાળમાં આવું બનતું ધ્યાનમાં આવ્યું હતું એટલે જ માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ પ્રકારની વ્યવસ્થા માટે સૂચન કર્યું છે. જ્યાં કોઇ મકાન થઇ ગયું હોય અને ફર્નિચરની જોગવાઇ કરી નથી તો એવા કિસ્સામાં ફર્નિચર ઝડપથી જે તે બિલ્ડિંગમાં પહોંચી જાય એ માટેની વ્યવસ્થાઓ ચોક્કસ કરવામાં આવશે.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પંચાયત ઘર બહુ જૂના અને જર્જરિત થઇ ગયા હોય એવી સ્થિતિના પંચાયત ઘરને નવેસરથી બનાવવા માટે કોઇ યોજના કરવામાં આવી છે કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના આદરણી મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખયમંત્રીશ્રીએ નિર્ણય લીધો છે કે આખા રાજ્યની અંદર સેચ્યુરેશન તરફ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતો એક પણ જૂની જર્જરિત ચોમાસામાં પાણી કે પોપડાં પડતા હોય અથવા તો મકાન જૂનું થયું હોય એવા તમામ જેટલા મકાનો છે એ મકાનોને કન્ડમ કરીને નવેસરથી આ મકાનો બનાવવા માટેનો નિર્ણય લઇ લીધો છે. બધીજ ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતો ૧૦૦ ટકા સેચ્યુરેશન જવા તરફ છીએ.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રીશ્રી કનુભાઇ ભાલાળાનું ગામ કાલાવડ મારા મતવિસ્તારમાં આવે છે. પાંચ વર્ષથી પંચાયતના મકાનનું બાંધકામ અધૂરું પડ્યું છે, ત્રણ વખત કલેક્ટરશ્રી અને ડી.આર.ડી.ઓ. અને બીજા અધિકારીઓને મળ્યો પણ હજુ સુધી એ કામ ચાલુ થવાનો કોઇ જવાબ મળ્યો નથી. મારા મતવિસ્તારમાં લીમઢા, મોણીયા અને કાલાવડ આ ગામોની ગ્રામ પંચાયતોનું કામ વર્ષોથી થયું નથી તો એ કામ ક્યારે પૂરું કરવામાં આવશે? બીજું, વિસાવદર તાલુકાની તાલુકા પંચાયતનું મકાન મંજૂર તો થયું છે પણ એનું કામ વર્ષોથી ચાલુ થતું નથી. હમણાં જ વિધાનસભાની ચર્ચા દરમ્યાન જાણવા મળ્યું કે, હજું જમીન મેળવવાના તબક્કે છે તો (અંતરાય)

અધ્યક્ષશ્રી : ટૂંકમાં સીધા પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી ગોપાલ ઇટાલિયા : વિસાવદર તાલુકા પંચાયતનું મકાન વહેલી તકે પૂરું થાય એવું સરકારને નિવેદન છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ શ્રી કનુભાઇ ભાલાળાનું ગામ અને બીજી ત્રણ ગ્રામ પંચાયતો ગણાવી અને છેલ્લો તાલુકા પંચાયતનો વિષય કહ્યો. આ તમામની અંદર કામગીરી ક્યા તબક્કે છે, કોઇ ત્યાંનો નાનો મોટો ઇશ્યું છે, કોઇ કોર્ટ મેટર છે, જમીનનો પ્રશ્ન છે. કોઇ કોર્ટ મેટર હોય તો સ્વાભાવિક છે કે આપણે કરી ના શકીએ. પરંતુ કોઇ મકાન કોઇ પણ કારણોસર ક્યાંક અધૂરાં રહ્યાં હોય તો એ પૂરું કરવાની પણ સૂચનાઓ આપેલી છે અને એમાં વિસાવદરની તાલુકા પંચાયતના મકાનની સૈદ્ધાંતિક મંજૂરી વર્ષ ૨૦૨૬-૨૭ માં આપી છે. એટલે એ સૈદ્ધાંતિક મંજૂરી આપ્યા પછી બાકીની કામગીરી જે વહીવટી પ્રોસિજર છે એ થતાં અને વર્ષ ૨૦૨૬-૨૭માં જ મંજૂરી આપી છે, જૂની આપેલી નથી. એ ઝડપથી બની જાય અને કોઇપણ ભેદભાવ વગર બનશે. કોણ છે?, ક્યાં છે? છેવટે તો આ ગુજરાતની જનતા છે અને ગુજરાતની જનતા પોતાની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનો વહીવટ સારી રીતે કરી શકે એના માટે ૩.૨૫ લાખ, ૩. ૩૫ લાખ. ૩.૪૦ લાખની ગ્રામ પંચાયતો, ૩.૫ કરોડના ખર્ચે એ તાલુકા પંચાયત બનાવવાનું અને ૩.૫૨ કરોડના ખર્ચે જે જૂની છે, જૂના એસ.ઓ.આર. પ્રમાણે છે એ પ્રમાણે બનશે. પરંતુ હવે ૩.૫૨ કરોડ જિલ્લા પંચાયત માટે નક્કી કર્યા છે અને ૧૦૦ ટકા સેચ્યુરેશન ઉપર ગ્રામ પંચાયતથી લઇને જિલ્લા પંચાયત સુધી આપણે પહોંચવા માગીએ છીએ. આ ગાંધીનગર જે રીતે વહીવટ કરે છે એ જ રીતે ગામનો વહીવટ થાય એ પ્રમાણેની બધી જ વ્યવસ્થાઓ પંચાયત-કમ-તલાટી ઘર બનાવવાનું આયોજન રાજ્ય સરકારે પૂરું કર્યું છે અને આગામી સમયમાં આપ જોશો તો આ બધી જ જગ્યાએ પોતાના મકાનો હોય, ગ્રામ પંચાયતો પોતાની માલિકીની, તાલુકા પંચાયતો પોતાની માલિકીની અને જિલ્લા પંચાયતો પણ પોતાની માલિકીમાં બેસે એ પ્રકારની વ્યવસ્થા રાજ્ય સરકાર કરી રહી છે.

અધ્યક્ષશ્રી : ગાંધીનગર જેવું નહિ હોય પણ મીની સચિવાલય હશે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મીની સચિવાલય હશે.

અધ્યક્ષશ્રી : હા, બરાબર છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મારા વિસ્તારની એક-બે વિનંતી પણ છે કે તાલુકા પંચાયતના નવીન મકાન બનાવીએ છીએ. મારી વિનંતી છે કે નવો તાલુકો બનતો હોય ત્યારે મામલતદાર કચેરી અને

તાલુકા પંચાયત બંને નજીકમાં બને. મારા બાયડમાં નવું મકાન મંજૂર થાય છે તો મામલતદાર કચેરી ૩ કિલોમીટર દૂર છે અને આ બંને કચેરીઓ વચ્ચે વચ્ચે ખેડૂતો હેરાન ના થાય એવું મારું આપના માધ્યમથી સૂચન છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જમીનની ઉપલબ્ધતા, જમીન ક્યાં આગળ આપણને પ્રાપ્ત થાય છે. શક્ય હોય ત્યાં સુધી આપણો પ્રયત્ન એવો હોય છે કે સરકારી કચેરીઓ એકબીજાની નજીક રહે એવું સરકાર પણ ઇચ્છી રહી છે. પરંતુ જ્યાં જમીનની ઉપલબ્ધતા હોય એ પ્રમાણે નિર્ણય થતો હોય છે.

૨૫	અસ્મિતાબેન સંજયકુમાર વાળા	૨૮–૦૩–૨૦૨૫	સરખડી, તા. કોડીનાર	૦૧–૦૪–૨૦૨૫	તલાટી કમ મંત્રી દ્વારા અધિકારીશ્રીઓનું સુચનાઓનું પાલન કર્યા વિના રાજકીય ઈશારે અરજદારનું પેમેન્ટ નહી કરવા બાબત.	કોડીનાર તાલુકામાં સરખડી ગામની વિકાસના કામનું પેમેન્ટ ન કરવા બાબતે અત્રેને તથા માન.મુખ્યમંત્રીશ્રીના જિલ્લા સ્વાગત કાર્યક્રમ અંતર્ગત ફરીયાદ કરવામાં આવેલ .જે ફરીયાદ મુજબ સરખડી ગ્રામ પંચાયત દ્વારા વિકાસના કામનું તા.૨૪/૦૪/૨૦૨૫ના જિલ્લા સ્વાગત કાર્યવાહી નોંધ મુજબ ચુકવણું કરવામાં આવેલ છે. જે ફરીયાદનો હકારાત્મક નિકાલ થયેલ છે.
૨૬	સરપંચશ્રી, ગોહિલની ખાણ	૩૦–૦૪–૨૦૨૫	ગોહિલની ખાણ, તા. કોડીનાર	૦૬–૦૫–૨૦૨૫	ગોહિલની ખાણ ગામનાં તલાટી મંત્રી છેલ્લા ૩ અઠવાડીયાથી ગો.ખાણ ગ્રામ પંચાયતે નહિ આવવાથી વિદ્યાર્થી તેમજ લોકો હેરાન હોય તે અંગે જવાબદાર તલાટી–મંત્રી સામે કાર્યવાહી હાથ ધરવા બાબત	જિલ્લા પંચાયત કચેરી ગીર સોમનાથના તા.૨૧–૦૬–૨૦૨૫ના પત્રથી તાલુકા વિકાસ અધિકારીશ્રી, કોડીનારને કાર્યવાહી કરવા જણાવેલ છે તથા પંચાયત વિભાગની વિવિધ યોજનાઓની અસરકારક રીતે અમલવારી અને કામગીરી થઇ શકે તે માટે તથા ગ્રામ પંચાયત સ્થળ ખાતે તલાટી કમ મંત્રી બિનઅધિકૃતરીતે ગેરહાજર ન રહે તે માટે જિલ્લા પંચાયત કચેરી ગીર સોમનાથ દ્વારા પરિપત્રકમાંક : નં.જિપં/મકમ–તકમ/ત.ક.મ/. હાજર/વશી.૨૬૪ /૨૦૨૫ થી જિલ્લાના તમામ તલાટી કમ મંત્રીશ્રીઓની રજા જિલ્લા કક્ષાએથી મંજુર કરવા પરીપત્ર કરવામાં આવેલ છે.
૨૭	શ્રીસંજયભાઈ રાયસિંહભાઈ વાળા	૨૭–૦૫–૨૦૨૫	સરખડી, તા. કોડીનાર	૦૨–૦૬–૨૦૨૫	મારા પરિવારના પેઢીનામામાં તલાટી કમ મંત્રી કિરણ મોરી દ્વારા છેલ્લા ૨૫ દિવસથી સહી સિક્કા કરી પેઢીનામું નહિ આપવા સામે કાર્યવાહી કરવા બાબત	સરખડી ગામની પેઢીનામું ન બનાવી આપવા બાબતે ફરીયાદ મળેલ .જે ફરીયાદ મુજબ અત્રેથી તાલુકાવિકાસ અધિકારીશ્રી, કોડીનારને જરૂરી સુચના આપતા તાલુકા વિકાસ અધિકારીશ્રી, કોડીનારના અહેવાલમાં જણાવ્યાનુસાર તલાટી કમ મંત્રીશ્રી, સરખડી દ્વારા પેઢીનામું બનાવી આપેલ છે.
૨૮	રમીલાબેન મહેશભાઈ સોલંકી	૧૮–૦૭–૨૦૨૫	વેલણ–કોટડા–માઢવાડ, તા. કોડીનાર	૩૦–૦૯–૨૦૨૫	તા.૧૮/૦૭/૨૫ના રોજ યોજાયેલ ગ્રામ પંચાયતની સામાન્ય સભામાંત.ક.મ.શ્રી દિનેશ દાહીમાં અને મયુર બારડ રે.વેલણ,તા.કોડીનાર બન્ને દ્વારા અધ્યક્ષ ના હોદ્દા વિરુધ્ધ જઈ ઠરાવ બુકની અંદર તેમના મનસ્વી પ્રમાણે ઠરાવો કરી આપવા બાબત	જિલ્લા પંચાયત કચેરી ગીર સોમનાથના તા.૦૪/૧૦/૨૦૨૫ ના પત્રથી તાલુકા વિકાસ અધિકારીશ્રી–કોડીનારને જરુરી કાર્યવાહી અર્થે અરજી મોકલી આપેલ હતી .જે પરત્વે તાલુકા વિકાસ અધિકારીશ્રી–કોડીનારના તા.૦૮/૧૨/૨૦૨૫ ના પત્રમાં જણાવ્યાનુસાર સરપંચશ્રી દ્વારા કાર્યવાહી નોંધમાં સહી કરવાની ના પાડતા ગ્રામ પંચાયતના સદસ્યશ્રીઓ દ્વારા તલાટી કમ મંત્રીની રુબરૂમાં સહી કરી સામાન્ય સભા પુર્ણ કરેલ છે.

૨૯	સામતભાઇ બીજલભાઇ વાઝા	૧૫–૦૯–૨૦૨૫	જીથલા, તા. કોડીનાર	૦૪–૧૧–૨૦૨૫	તલાટી સામે કાર્યવાહી કરવા બાબત	જિલ્લા પંચાયત કચેરી ગીર સોમનાથના સદરહુ બાબતેતાલુકા વિકાસ અધિકારીશ્રી, કોડીનારને જરૂરી કાર્યવાહી અર્થે અરજી મોકલેલ હતી.જેપરત્વે તાલુકા વિકાસ અધિકારીશ્રી, કોડીનાર દ્વારા તા.૨૫/૧૧/૨૦૨૪થી અહેવાલ રજૂકરેલ છે.જે અહેવાલની વિગતે અરજદારશ્રી મીટીંગમાં હાજર હોવા અંગેના ગ્રામ પંચાયતકચેરીના હાજરી પત્રકની નકલો રજૂ કરેલ છે તેવું તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા જણાવેલ છે.
૩૦	રમીલાબેન મહેશભાઈ સોલંકી	૧૭–૦૯–૨૦૨૫	વેલણ–કોટડા–માઢવાડ, તા. કોડીનાર	૧૧–૧૧–૨૦૨૫	ગામતળ નીમ કરવા તથા પાત્રતા ધરાવતા લાભાર્થીઓને મફત પ્લોટ ફાળવવાઅંગેની કાર્યવાહી ઝુંબેશરૂપે હાથ ધરવાની કાર્યવાહી નહી કરનાર વેલણ–માઢવાડ–કોટડા જુથ ગ્રામ પંચાયતના તલાટી ક્રમ મંત્રીશ્રી મયુર બારડ સામે ઘોરણસરની કાર્યવાહી કરાવવા બાબત.	કોડીનાર તાલુકાના વેલણ–કોટડા–માઢવાડ ગ્રુપના તલાટી કમ મંત્રી દ્વારા પાત્રતા ધરાવતા લાભાર્થીઓને મફત પ્લોટ ફાળવવા અંગેની કાર્યવાહી ન કરવા બાબતની અરજી સી.એમ.ઓ.દ્વારા તા.૦૩/૧૧/૨૦૨૫ થી ફરિયાદ મળેલ જે પરત્વે તાલુકા વિકાસ અધિકારીશ્રી–કોડીનાર દ્વારા પત્ર નં.તાપં/મકમ/તકમ/વેલણ / વશી.૭૩૯/૨૦૨૫, તા.૧૧/૧૧/૨૦૨૫ થી અહેવાલ રજુ કરેલ છે .જેમાં વેલણ માઢવાડ કોટડા ગ્રામજનો દ્વારામફત પ્લોટ મેળવવા અંગેની કોઇ અરજી ગ્રામ પંચાયતમાં થયેલ નથી અને કોઇ પણ અરજી ગ્રામ પંચાયત કચેરી દ્વારા પેન્ડીંગ રાખવામાં આવેલ નથી તેવુ તાલુકા વિકાસ અધિકારી, કોડીનાર દ્વારા જણાવેલ છે.
૩૧	રમીલાબેન મહેશભાઈ સોલંકી	૦૨–૧૦–૨૦૨૫	વેલણ–કોટડા–માઢવાડ, તા. કોડીનાર	૨૬–૧૦–૨૦૨૫	વેલણ માઢવાડ કોટડા જુથ ગ્રામ પંચાયતના તલાટી –મંત્રી મયુર બારડ તેમની ફરજમાં ગંભીર ભુલ કરી ગ્રામસભા પૂર્ણ કર્યા વિના અધ્યક્ષ ની સહી કરેલ ન હોય તેમ છતાં ગ્રામસભા પૂર્ણ કરી જતા રહેલ હોય તેની સામે કાર્યવાહી કરવા અને તાત્કાલિક ગ્રામ સભા આપવા બાબત.	માન.મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક અધિકારીશ્રી દ્વારા તા.૧૦/૧૦/૨૦૨૫ થી મળેલ ફરિયાદ અરજી પરત્વે તાલુકા વિકાસ અધિકારીશ્રી–કોડીનાર દ્વારા તા.૧૩/૧૦/૨૦૨૫ થી તપાસ અહેવાલ અત્રેને રજુકરેલ છે જે મુજબ સરપંચશ્રી દ્વારા ગ્રામસભાના હાજરી પત્રક તથા પ્રોસીડીંગમાં સહી કરવાની ના પાડતા ગામના સદસ્યશ્રીઓની હાજરીમાં પ્રોસેડીંગ બુકમાં સરપંચશ્રીએ સહી કરવાની મનાઇ કરેલ છે તેવો શેરો મારી તલાટી કમ મંત્રી અને જિલ્લા કક્ષાના લાઇઝન અધિકારીશ્રીએ ગ્રામસભા પુર્ણ કરેલ છે તેવુ તાલુકા વિકાસ અધિકારી, કોડીનાર દ્વારા તેઓના ઉક્ત પત્રથી જણાવેલ છે.

૩૨	રમીલાબેન મહેશભાઈ સોલંકી	૦૩–૧૦–૨૦૨૫	વેલણ–કોટડા–માઢવાડ, તા. કોડીનાર	૦૪–૧૦–૨૦૨૫	વેલણ ગ્રામ પંચાયતની તા.૦૩/૧૦ /૨૦૨૫ ના રોજ બોલાવેલ સામાન્ય સભામાંતલાટી કમ મંત્રી)ઈ.ચા (.કિરણબેન મોરી દ્વારા અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલ ઠરાવ નહી કરવા અને તેમની મનસ્વી રીતે અધ્યક્ષ વિરૂધ્ધના તેમની ફરજમાં ચુક કરી બેઠક સરપંચ)અધ્યક્ષ (ની સહી વિના બોલાવેલ મિટીંગ રદ કરી અને તલાટી મંત્રી કિરણબેન મોરી સામે કાર્યવાહી કરવા બાબત.	જિલ્લા પંચાયત કચેરી ગીર સોમનાથના તા.૦૪/૧૦/૨૦૨૫ ના પત્રથી તાલુકા વિકાસ અધિકારીશ્રી–કોડીનારને નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવા સુચના આપવામાં આવેલ .જે અન્વયે તાલુકા વિકાસ અધિકારીશ્રી, કોડીનારના તા.૧૩/૧૦/૨૦૨૫ થી રજુ થયેલ અહેવાલ મુજબ સદરહુ બાબતે તલાટી કમ મંત્રીશ્રી દ્વારા નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.
૩૩	રમીલાબેન મહેશભાઈ સોલંકી	૦૪–૧૧–૨૦૨૫	વેલણ–કોટડા–માઢવાડ, તા. કોડીનાર	૦૯–૧૧–૨૦૨૫	કોડીનાર તાલુકાની વેલણ જુથ ગ્રામ પંચાયતમાં તલાટી મંત્રી મથુર બારડ દ્વારા સરકાર શ્રીના પરિપત્રો અને હુકમો વિરુધ જય પંચાયતના નાણાકિય ખાતામાં સાહિના વલણ બદલાવેલ ન હોય જેનાથી ગામના વિકાસના કામોમાં અવરોધ ઊભો કરી તેનીફરજમાં ચૂક કરી સતત અટકાવ કરનાર જવાબદાર તલાટી સામે કાર્યવાહી કરવા બાબત.	સદરહુ બાબતે અત્રે દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ નાં ધારાધોરણ મુજબ કાર્યવાહી હાથ ધરવા તાલુકા વિકાસ અધિકારીશ્રી–કોડીનારને જરૂરી સુચનાઓ આપવામાં આવેલ છે . વધુમાં અત્રેનાં પરિપત્ર નં.જિપં/પંચા / પરિપત્ર/૬૧૧/૨૦૨૫, તા.૨૫/૦૯/૨૦૨૫ થી સરપંચ અને ગ્રામ પંચાયત મંત્રીની સંયુક્ત સહીથી નાણાકીય વ્યવહારો કરવા અંગે પરીપત્રકરવામાં આવેલ છે.
૩૪	દક્ષાબેન હરેશભાઈ ચાવડા	૨૫–૧૧–૨૦૨૫	વેલણ–કોટડા–માઢવાડ, તા. કોડીનાર	૨૫–૧૧–૨૦૨૫	કોડીનાર તાલુકાનાં કોટડા ગામે ધોબી ઘાટનું કામ ૧૧ માસથી પુર્ણ થયેલ હોવા છતાં તલાટી કમ મંત્રી દ્વારા થયેલ કામનું બિલનું ચુકવણું નહી કરવા બાબત.	સદરહુ બાબતે જિલ્લા પંચાયત કચેરી ગીર સોમનાથ દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ નાં ધારાધોરણ મુજબ કાર્યવાહી હાથ ધરવા તાલુકા વિકાસ અધિકારીશ્રી–કોડીનારને જરૂરી સુચનાઓ આપવામાં આવેલ છે . વધુમાં જિલ્લા પંચાયત કચેરી ગીર સોમનાથના પરિપત્ર નં.જિપં/પંચા /પરિપત્ર/૬૧૧/ ૨૦૨૫, તા.૨૫/૦૯/૨૦૨૫ થી સરપંચ અને ગ્રામ પંચાયત મંત્રીની સંયુક્ત સહીથી નાણાકીય વ્યવહારો કરવા અંગે પરીપત્ર કરવામાં આવેલ છે.

૩૫	રમીલાબેન મહેશભાઈ સોલંકી	૦૮–૧૨–૨૦૨૫	વેલણ–કોટડા–માઢવાડ, તા. કોડીનાર	૨૭–૦૧–૨૦૨૬	વેલણ, માઢવાડ,કોટડા જુથ ગ્રામ પંચાયત નું સને ૨૦૨૬–૨૦૨૭ નું અંદાજપત્ર અવલોકનમાં મોકલવા માટે તાત્કાલીક પંચાયતની સામાન્ય ખાસ સભા બોલાવવા બાબત.	સદરહુ ફરિયાદ પરત્વે તાલુકા વિકાસ અધિકારીશ્રી–કોડીનાર દ્વારા તા.૧૭/૧૨/૨૦૨૫ નાપત્રમાં જણાવ્યા અનુસાર તલાટી કમ મંત્રી–વેલણ કોટડા માઢવાડને નિયમોનુસાર કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે .જે અન્વયે બજેટ અંગે સામાન્ય સભા બોલાવવામાં આવેલ છે જેમા સર્વાનુમતે વેલણ–કોટડા–માઢવડ જુથ ગ્રામ પંચાયતનું વર્ષ:૨૦૨૬–૨૭ નુંઅંદાજપત્ર મંજુર કરવામાં આવેલ હોવાનું તાલુકા વિકાસ અધિકારી–કોડીનાર દ્વારાજણાવેલ છે
૩૬	અસ્મિતાબેન સંજયકુમાર વાળા	૦૯–૧૨–૨૦૨૫	સરખડી, તા. કોડીનાર	૩૦–૦૧–૨૦૨૬	સરખડી ગામે તલાટી ક્રમ મંત્રીના ત્રાસથી થયેલ કામોમાં આજદીન સુધી ચુકવણા ન કરવા અંગે	જિલ્લાપંચાયત કચેરી ગીર સોમનાથના સદરહુ બાબતે તાલુકા વિકાસ અધિકારીશ્રી, કોડીનારને જરૂરી કાર્યવાહી અર્થે અરજી મોકલેલ છે.તેમજ જિલ્લા પંચાયત કચેરી ગીર સોમનાથ દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ નાં ધારાધોરણ મુજબ કાર્યવાહી હાથ ધરવા તાલુકા વિકાસ અધિકારીશ્રી–કોડીનારને જરૂરી સુચનાઓ આપવામાં આવેલ છે.વધુમાં જિલ્લા પંચાયત કચેરી ગીર સોમનાથના પરિપત્રનં.જિપં/પંચા/પરિપત્ર/૬ ૧૧ /૨૦૨૫, તા.૨૫/૦૯/૨૦૨૫ થી સરપંચ અને ગ્રામ પંચાયત મંત્રીની સંયુક્ત સહીથી નાણાકીય વ્યવહારો કરવા અંગે પરીપત્ર કરવમાં આવેલ છે.
૩૭	શ્રીભીખાભાઈ કાળાભાઈ ગોહિલ	૦૩–૦૪–૨૦૨૪	વેલણ–કોટડા–માઢવાડ, તા. કોડીનાર	૦૭–૦૬–૨૦૨૪	ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વેલણ–કોટડા–માઢવાડ જૂથ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીશ્રી દિનેશ દાહીમા દ્વારા કરવામાં આવેલ લાખો રૂપિયાનો ભષ્ટ્રાચાર કરી સરકારી નાણાનો દુર ઉપયોગ કરી પોતાના ગજવામાં શેરવી ગયેલ હોય જે અંગે આપની કક્ષાએથી સ્પેશીયલ વીજીલન્સ સ્કવોર્ડની નિમણૂંક કરી તેમાં સંડોવાયેલ તમામ સામે કાનુની રાહે તપાસ હાથ ધરવા વારંવાર રજુઆત કરેલ હોવા છતાં આજ દિન સુધી કોઈપણ જાતની કાર્યવાહી થયેલ ન હોય જેમાં સંડોવાયેલ અને દિનેશ દાહીમાને મદદગારી કરનાર અધિકારીઓ સામે	જિલ્લા પંચાયત કચેરી ગીર સોમનાથ દ્વાર તા.૨૬/૦૬/૨૦૨૪ થી તપાસ ટીમની રચના કરી તપાસ હાથ ધરવામાં આવેલ .જે તપાસ ટીમ દ્વારા સદરહુ પ્રકરણમાં ગેરરીતી થઈ હોય તે સાબિત થતુન હોવા અંગે તપાસ ટીમ દ્વારા અભિપ્રાય સહ અહેવાલ રજુ થયેલ .જે ધ્યાને લઈજિલ્લા પંચાયત કચેરી ગીર સોમનાથના પત્રનં.જિપં/મકમ–૬/વેલણ–કોટડા–માઢવાડ/વશી.૧૫૨/૨૦૨૫, તા.૧૦/૧૨/૨૦૨૫ થી અધિક વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરને અહેવાલ મોકલી આપેલ છે .સદર બાબત તકેદારી આયોગ સંદર્ભની હોઈ અત્રેની કચેરીના નાયબ વિકાસ કમિશનરશ્રી)પંચાયત શાખા(ના પત્રનં.DCO/1186/12/2025, Date:05-01-2026ના પત્રથી સદર પ્રકરણ દફતરે કરવાનાજિ.વિ.અ.શ્રી ગીર સોમનાથના અભિપ્રાય સહ તમામ સાધનિક કાગળો સહનો અહેવાલ

					કાર્યવાહી કરવા બાબત.	નાયબ સચિવશ્રી પંચાયત વિભાગને મોકલી આપેલ છે.
૩૮	મનિષાબેનલખમણભાઈ આગિયા	૦૩–૦૪–૨૦૨૪	વેલણ–કોટડા–માઢવાડ, તા. કોડીનાર	૦૯–૦૪–૨૦૨૪	કોડીનાર તાલુકાના વેલણ–માઢવાડ જુથ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીશ્રી દિનેશ દાહીમા દ્વારા કરવામાં આવેલ ભષ્ટ્રાચારની તપાસમાં જિલ્લાકક્ષાની વિજીલન્સ ટીમની નિમણૂંક કરી ઉચ્ચ જવાબદાર અધિકારીશ્રી દ્વારા તપાસ હાથ ધરવા બાબત.	જિલ્લા પંચાયત કચેરી ગીર સોમનાથના તા.૨૬/૦૬/૨૦૨૪ થી તપાસ ટીમની રચના કરી તપાસ હાથ ધરવામાં આવેલ .જે તપાસ ટીમ દ્વારા સદરહુ પ્રકરણમાં ગેરરીતી થઈ હોય તે સાબિત થતુન હોવા અંગે તપાસ ટીમ દ્વારા અભિપ્રાય સહ અહેવાલ રજુ થયેલ .જે ધ્યાને લઈ જિલ્લા પંચાયત કચેરી ગીર સોમનાથના પત્રનં.જિપં/મકમ–૬/વેલણ–કોટડા–માઢવાડ/વશી.૧૫૨/૨૦૨૫, તા.૧૦/૧૨/૨૦૨૫ થી અધિક વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરને અહેવાલ મોકલી આપેલ છે .સદર બાબત તકેદારી આયોગ સંદર્ભની હોઈ અત્રેની કચેરીના નાયબ વિકાસ કમિશનરશ્રી)પંચાયત શાખા(ના પત્ર પત્રનં.DCO/1186/12/2025, Date:05-01-2026ના પત્રથી સદર પ્રકરણ દફતરે કરવાના જિ.વિ.અ.શ્રી ગીર સોમનાથના અભિપ્રાય સહ તમામ સાધનિક કાગળોસહનો અહેવાલ નાયબ સચિવશ્રી પંચાયત વિભાગને મોકલી આપેલ છે.
૩૯	શ્રીભીખાભાઈ કાળાભાઈ ગોહિલ	૩૦–૦૯–૨૦૨૪	વેલણ–કોટડા–માઢવાડ, તા. કોડીનાર	૦૧–૧૦–૨૦૨૪	વેલણ–કોટડા–મઢવાડ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી શ્રી દિનેશ દાહિમા દ્વારા લાખો રૂપીયાની ગેરરીતી અને ભ્રષ્ટાચાર બાબત	જિલ્લા પંચાયત કચેરી ગીર સોમનાથના તા.૨૬/૦૬/૨૦૨૪ થી તપાસ ટીમની રચના કરી તપાસ હાથ ધરવામાં આવેલ .જે તપાસ ટીમ દ્વારા સદરહુ પ્રકરણમાં ગેરરીતી થઈ હોય તે સાબિત થતુન હોવા અંગેનો અભિપ્રાય સહ અહેવાલ રજુ થયેલ .જે ધ્યાને લઈ જિલ્લા પંચાયત કચેરીગીર સોમનાથના પત્ર નં.જિપં/મકમ–૬/વેલણ–કોટડા–માઢવાડ/વશી.૧૫૨/૨૦૨૫, તા.૧૦/૧૨/૨૦૨૫થી અધિક વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરને અહેવાલ મોકલી આપેલ છે.સદર બાબત તકેદારી આયોગ સંદર્ભની હોઈ અત્રેની કચેરીના નાયબ વિકાસ કમિશનરશ્રી)પંચાયત શાખા(ના પત્રનં.DCO/1186/12/2025, Date:05-01-2026ના પત્રથી સદર પ્રકરણ દફતરે કરવાના જિ.વિ.અ.શ્રી ગીર સોમનાથના અભિપ્રાય સહ તમામ સાધનિક કાગળોસહનો અહેવાલ નાયબ સચિવશ્રી પંચાયત વિભાગને મોકલી આપેલ છે.

૪૦	શ્રીભીખાભાઈ કાળાભાઈ ગોહિલ	૩૦–૦૯–૨૦૨૫	વેલણ–કોટડા–માઢવાડ, તા. કોડીનાર	૦૧–૧૦–૨૦૨૫	ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વેલણ–કોટડા–માઢવાડ જુથગ્રામ–પંચાયતના ત.ક.મંત્રી દિનેશ દાહિમા સામે કાર્યવાહી કરવા બાબત.	જિલ્લા પંચાયત કચેરી ગીર સોમનાથના તા.૨૬/૦૬/૨૦૨૫ થી તપાસ ટીમની રચના કરી તપાસ હાથ ધરવામાં આવેલ .જે તપાસ ટીમ દ્વારા સદરહુ પ્રકરણમાં ગેરરીતી થઈ હોય તે સાબિત થતુન હોવા અંગેનો અભિપ્રાય સહ અહેવાલ રજુ થયેલ .જે ધ્યાને લઈઅત્રેના પત્રનં.જિપં/મકમ–૬/વેલણ–કોટડા–માઢવાડ/વશી.૧૫૨/૨૦૨૫, તા.૧૦/૧૨/૨૦૨૫ થી અધિક વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરને અહેવાલ મોકલી આપેલ છે .સદર બાબત તકેદારી આયોગ સંદર્ભની હોઈ અત્રેની કચેરીના નાયબ વિકાસ કમિશનરશ્રી)પંચાયત શાખા(ના પત્રનં.DCO/1186/12/2025, Date:05-01-2026ના પત્રથી સદર પ્રકરણ દફતરે કરવાનાજિ.વિ.અ.શ્રી ગીર સોમનાથના અભિપ્રાય સહ તમામ સાધનિક કાગળોસહનો અહેવાલ નાયબ સચિવશ્રી પંચાયત વિભાગને મોકલી આપેલ છે.
૪૧	શ્રીભીખાભાઈ કાળાભાઈ ગોહિલ	૩૦–૦૯–૨૦૨૫	વેલણ–કોટડા–માઢવાડ, તા. કોડીનાર	૦૫–૧૦–૨૦૨૫	ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વેલણ–કોટડા–માઢવાડ પંચાયતના જુથ ગ્રામત.ક.મંત્રીશ્રી દિનેશ દાહિમા દ્વારા કરવામાં આવેલ લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર બાબત.	જિલ્લા પંચાયત કચેરી ગીર સોમનાથના તા.૨૬/૦૬/૨૦૨૫ થી તપાસ ટીમની રચના કરી તપાસ હાથ ધરવામાં આવેલ .જે તપાસ ટીમ દ્વારા સદરહુ પ્રકરણમાં ગેરરીતી થઈ હોય તે સાબિત થતુન હોવા અંગેનો અભિપ્રાય સહ અહેવાલ રજુ થયેલ . જે ધ્યાને લઈ અત્રેના પત્રનં.જિપં/મકમ–૬/વેલણ–કોટડા–માઢવાડ/વશી.૧૫૨/૨૦૨૫, તા.૧૦/૧૨/૨૦૨૫ થી અધિક વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરને અહેવાલ મોકલી આપેલ છે .સદર બાબત તકેદારી આયોગ સંદર્ભની હોઈ અત્રેની કચેરીના નાયબ વિકાસ કમિશનરશ્રી)પંચાયત શાખા(ના પત્રનં.DCO/1186/12/2025, Date:05-01-2026ના પત્રથી સદર પ્રકરણ દફતરે કરવાના જિ.વિ.અ.શ્રી ગીર સોમનાથના અભિપ્રાય સહ તમામ સાધનિક કાગળોસહનો અહેવાલ નાયબ સચિવશ્રી પંચાયત વિભાગને મોકલી આપેલ છે.

૪૨	શ્રીભીખાભાઈ કાળાભાઈ ગોહિલ	૦૮–૦૧–૨૦૨૫	વેલણ–કોટડા–માઢવાડ, તા. કોડીના ર	૧૬–૦૧–૨૦૨૫	વેલણ કોટડા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી દ્વારા લાખો રૂપિયાના કૌભાડ બાબત.	જિલ્લા પંચાયત કચેરી ગીર સોમનાથના તા.૨૬/૦૬/૨૦૨૪ થી તપાસ ટીમની રચના કરી તપાસ હાથ ધરવામાં આવેલ . જે તપાસ ટીમ દ્વારા સદરહુ પ્રકરણમાં ગેરરીતી થઈ હોય તે સાબિત થતુ ન હોવા અંગેનો અભિપ્રાય સહ અહેવાલ રજુ થયેલ .જે અહેવાલ જિલ્લા પંચાયત કચેરી ગીર સોમનાથના પત્ર નં.જિપં/મકમ–૬/વેલણ–કોટડા–માઢવાડ/વશી.૧૫૨ /૨૦૨૫, તા.૧૦/૧૨/૨૦૨૫ થીઅધિક વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરને મોકલી આપેલ છે.સદર બાબત તકેદારી આયોગ સંદર્ભની હોઈ અત્રેની કચેરીના નાયબ વિકાસ કમિશનરશ્રી)પંચાયત શાખા(ના પત્રનં.DCO/1186/12/2025, Date:05-01-2026ના પત્રથી સદર પ્રકરણ દફતરે કરવાના જિ.વિ.અ.શ્રી ગીર સોમનાથના અભિપ્રાય સહ તમામ સાધનિક કાગળોસહનો અહેવાલ નાયબસ ચિવશ્રી પંચાયત વિભાગને મોકલી આપેલ છે.
૪૩	રમીલાબેન મહેશભાઈ સોલંકી	૧૨–૦૮–૨૦૨૫	વેલણ–કોટડા–માઢવાડ, તા. કોડીનાર	૧૪–૦૮–૨૦૨૫	કોડીનાર તાલુકાનાં વેલણ –માઢવડ –કોટડા જૂથ ગ્રામ પંચાય નાં તલાટી દિનેશ દાહિમા દ્વારા લાખો રૂપીયાનો ભ્રષ્ટાચાર કરી લાંબા સમયથી એક જ જગ્યા ઉપરફરજ બજાવતા તલાટીને તાત્કાલીક જિલ્લા ફેર બદબી કરી ભ્રષ્ટાચારની તપાસ કરાવવા બાબત.	જિલ્લા પંચાયત કચેરી ગીર સોમનાથના તા.૨૬/૦૬/૨૦૨૪ થી તપાસ ટીમની રચના કરી તપાસ હાથ ધરવામાં આવેલ .જે તપાસ ટીમ દ્વારા સદરહુ પ્રકરણમાં ગેરરીતી થઈ હોય તે સાબિત થતુ ન હોવા અંગેનો અભિપ્રાયસહ અહેવાલ રજુ થયેલ .જે અહેવાલ જિલ્લા પંચાયત કચેરી ગીર સોમનાથના પત્રનં.જિપં/મકમ–૬/વેલણ–કોટડા–માઢવાડ/ વશી.૧૫૨/૨૦૨૫, તા.૧૦/૧૨/૨૦૨૫ થી અધિક વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરને મોકલી આપેલ છે .સદર બાબત તકેદારી આયોગ સંદર્ભની હોઈઅત્રેની કચેરીના નાયબ વિકાસ કમિશનરશ્રી)પંચાયત શાખા(ના

						પત્રનં.DCO/1186/12/2025, Date:05-01-2026ના પત્રથી સદર પ્રકરણ દફતરે કરવાનાજિ.વિ.અ.શ્રી ગીર સોમનાથના અભિપ્રાય સહ તમામ સાધનિક કાગળોસહનો અહેવાલ નાયબ સચિવશ્રી પંચાયત વિભાગને મોકલી આપેલ છે .વધુમાં જિલ્લા પંચાયત કચેરી ગીર સોમનાથના કા.આ.નં.જિપં/મકમ/તકમ/બદલી/ફા.નં.૬૬૪/વશી.૩૨૬/૨૦૨૫, તા.૧૪/૦૮/૨૦૨૫ થી સબંધિત તલાટી કમ મંત્રીની બદલી કરવામાં આવેલ છે તથા તા.૧૪/૦૮/ ૨૦૨૫થી વિગતવાર અહેવાલ માન.વિકાસ કમિશનરશ્રીની કચેરીને મોકલી આપેલ છે.જે પરત્વે અત્રેની કચેરીના તા.૦૨-૦૯-૨૦૨૫ના પત્રથી સદર અહેવાલ પંચાયત વિભાગને મોકલી આપેલ છે.
૪૪	બાબુભાઇ પુનાભાઇ મોરાસીયા	૧૯-૦૮-૨૦૨૫	વેલણ-કોટડા-માઢવાડ, તા. કોડીનાર	૨૫-૦૮-૨૦૨૫	કોડીનાર તાલુકાના વેલણ-માઢવાડ-કોટડા જુથ ગ્રામ પંચાયતના તલાટી દિનેશ દાહીમાની ટુંકા દિવસોમાં બદલી થયેલ, પરંતુ આ ભ્રષ્ટાચારી તલાટીને રાજકીય, લોકો દ્વારા તેમના ફાયદા માટે ફરી વખત તેજ તલાટીને લાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે.તેને અટકાવવા અને તેમના સમયકાળ દરમ્યાન કરેલ ભ્રષ્ટાચારની તપાસ હાથ ધરવા બાબત.	સદરહુ તલાટી કમ મંત્રીની ફરીથી વેલણ ગ્રામ પંચાયત ખાતે બદલી કરવામાં આવેલનથી.વધુમાં અત્રેની કચેરીના તા.૨૬/૦૬/૨૦૨૪ થી તપાસ ટીમની રચના કરી તપાસ હાથ ધરવામાં આવેલ .જે તપાસ ટીમ દ્વારા સદરહુ પ્રકરણમાં ગેરરીતી થઈ હોય તે સાબિત થતુન હોવા અંગેનો અભિપ્રાય સહ અહેવાલ રજુ થયેલ .જે અહેવાલ અત્રેના પત્રનં.જિપં/મકમ-૬/વેલણ-કોટડા-માઢવાડ/ વશી.૧૫૨/૨૦૨૫, તા.૧૦/૧૨/ ૨૦૨૫ થી અધિક વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગરને મોકલી આપેલ છે . સદર બાબત તકેદારી આયોગ સંદર્ભની હોઈ અત્રેની કચેરીના નાયબ વિકાસ કમિશનરશ્રી)પંચાયત શાખા(ના પત્ર નં.DCO/1186/12/2025, Date:05-01-2026ના પત્રથી સદર પ્રકરણ દફતરે કરવાના જિ.વિ.અ.શ્રી ગીર સોમનાથના અભિપ્રાય સહ તમામ સાધનિક કાગળોસહનો અહેવાલ નાયબ સચિવશ્રી પંચાયત વિભાગને મોકલી આપેલ છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, આજે આપશ્રી અને સમસ્ત સભાગૃહ અને મંત્રીમંડળના સભ્યોને શુભેચ્છાઓ. આજે ૧૭ જેટલા પ્રશ્નોની ચર્ચાઓ થઈ એ બહુ સારી બાબત કહેવાય. આપશ્રીને શુભેચ્છાઓ.

અધ્યક્ષશ્રી : જી, ધન્યવાદ. હું જાહેરાત કરું છું, માનનીય મંત્રીશ્રીઓ અને માનનીય સભ્યશ્રીઓ પોતાના સ્થાન ઉપર બેસે.

માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત

ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભા અંગે

અધ્યક્ષશ્રી : ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભાની બેઠક આજ રોજ સભાગૃહની બેઠક પૂરી થયા બાદ શાસક પક્ષના ખંડમાં ચોથા માળે વિધાનસભા ભવન ખાતે રાખવામાં આવેલ છે જેમાં ઉપસ્થિત રહેવા માનનીય મંત્રીશ્રીઓ સહિત સર્વ સભ્યશ્રીઓને નિમંત્રણ આપું છું.

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના તેરમા અહેવાલની રજૂઆત

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : **(સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો તેરમો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનાં પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : **(સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના તેરમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

નાણાં વિભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

નાણાં વિભાગ

માગણી ક્રમાંક- ૧૫

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૩.૪૧,૨૯,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૧૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક - ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.

અધ્યક્ષશ્રી : આ વખતે મેં જોયું છે કે, કાપ દરખાસ્ત રજૂ કર્યા પછી વિપક્ષના ઘણા બધા સભ્યો હાજર હોતા નથી. આજે છેલ્લો દિવસ છે એટલે મારે આ બાબતની પણ ટકોર કરવી પડે કે આગામી સમયમાં માનનીય સભ્યશ્રીઓ કાપ દરખાસ્ત રજૂ કરે છે તો જે દિવસે કાપ દરખાસ્ત ગૃહમાં જયારે રજૂ કરતા હોય ત્યારે એમણે સભાગૃહમાં હાજર રહેવું પડતું હોય છે. એટલે આવી પરંપરા ન થાય, નહીંતર મને લાગે છે કે પછી આગળ વિધાનસભા સમક્ષ કાપ દરખાસ્તો રજૂ કરતાં હોય એ બાબતે પણ પુનઃવિચારણા કોઇ રીતે કરવી જોઇએ, કેમ કે કાપ દરખાસ્ત મૂકયા પછી માનનીય સભ્યશ્રી હાજર ના રહે એ ઠીક નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓ જે કાપ દરખાસ્ત મૂકે એમણે કાપ દરખાસ્ત મૂવ તો કરવી જ જોઇએ પણ જયારે મંત્રીશ્રીનો જવાબ હોય ત્યારે પણ હાજર રહેવું જોઇએ, આ બાબતે પણ આપ ટકોર કરો.

અધ્યક્ષશ્રી : જી, બિલકુલ સાચી વાત છે. જયારે કાપ દરખાસ્ત ઉપર કે કોઇ આપણે ચર્ચામાં ભાગ લઇએ છીએ તો મંત્રીશ્રી જયારે તેમનો જવાબ આપતા હોય તે વખતે તેમનો જવાબ સાંભળવા પણ આપણે ઉપસ્થિત રહેવું એ વધારે યોગ્ય રહેશે.

માગણી ક્રમાંક- ૧૬

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચ (નાણા વિભાગ)ને લગતી સેવા અંગેની નાણાં વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૩.૪,૫૪,૪૩,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

માગણી ક્રમાંક - ૧૬ રજૂ કરવામાં આવી.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક– ૧૭

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તિજોરી અને હિસાબ વહીવટને લગતી સેવા અંગેની નાણાં વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨,૬૪,૩૬,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૧૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક– ૧૮

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પેન્શન અને અન્ય નિવૃતિ લાભને લગતી સેવા અંગેની નાણાં વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૭૧,૯૬,૯૫,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૧૮ રજૂ કરવામાં આવી.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

માગણી ક્રમાંક– ૧૦૧

શ્રી કનુભાઇ મો. દેસાઇ (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી આવાસનને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૨,૦૦,૮૪,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૧૦૧ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૧૦૧ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક –૧૦૨

શ્રી કનુભાઇ મો. દેસાઇ (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૦૦,૨૨,૨૯,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧,૬૨,૨૪,૭૫,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૧૦૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૧૦૨ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૫ રજૂ કરું છું.

તા.૨૩મી માર્ચ, ૨૦૨૬

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરવામાં આવી.

સોમવાર, તા.૨૩/૦૩/૨૦૨૬)બારમો અને છેલ્લો દિવસ(ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી.

અ.નં.	મુખ્ય સદર અને સંદર્ભ	કાપ દરખાસ્ત રૂ.	વિષય	પ્રભારી સભ્યશ્રી
૧	૨	૩	૪	૫
	નાણાવિભાગ **માગણી નં.૧૫**			
*૧	૨૦૫૨–સચિવાલય...સેવાઓ ૦૯૦ –સચિવાલય ૩ .૪૧,૨૯,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૬ પાના નં .૬૮ અને ૬૯	૧૦૦	રાજ્ય સરકારનીવાસ્તવિક નાણાકીય સ્થિતિ દર્શાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઇ ખરાડી)જીગ્નેશ મેવાણી(
*૨	––"––	૧૦૦	સરકારના વિભાગો દ્વારા વાર્ષિકનાણાકીય બજેટનો મોટો ખર્ચ નાણાકીય વર્ષના છેલ્લા મહિને કરવામાં આવતો હોવા છતાં તે પ્રેક્ટિસ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ .કિરીટકુમાર પટેલ
૩	––"––	૧૦૦	નાણાના ખર્ચ અંગેના ઉપયોગિતા પ્રમાણપત્રો નાણા વિભાગમાં જમા ન કરાવનાર વિભાગો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઇ ચુડાસમા
*૪	––"––	૧૦૦	કેન્દ્ર સરકારના બજેટમાં રાજ્યનો નાણાકીય હિસ્સો વધારવા માગણી કર્યા બાદ કેન્દ્ર સરકાર દ્વારા કેટલી રકમ ફળવાઇ તેની સ્પષ્ટતા કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
*૫	––"––	૧૦૦	GST કાયદાના અમલીકરણ બાદ રાજ્યની આવકમાં વધારો થયેલ હોવા છતાં રાજ્ય પર નાણાનું ભારણ વધુ છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ .તુષાર ચૌધરી
૬	––"––	૧૦૦	વિભાગો દ્વારા આકસ્મિક બિલોથી કરાયેલા ખર્ચનાવિગતવાર હિસાબ ત્રણ મહિનામાં ન આપનાર જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
૭	––"––	૧૦૦	કેન્દ્ર સરકાર તરફથી રાજ્યને મળતા નાણાકીય હિસ્સામાં દર	શ્રી ગુલાબસિંહ ચૌહાણ

			વર્ષે ઘટાડો થતો હોવા છતાં તે અંગે અસરકારક રજૂઆતો કરવામાં તંત્રની નિષ્ફળતા.	
૮	--"--	૧૦૦	નાણા વિભાગ દ્વારા વિભાગોને માગણી મુજબ બજેટ ફળવાયા છતાં તેનો પૂરેપૂરો ઉપયોગ ન કરનાર જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઇ ચુડાસમા
*૯	૨૦૫૨-સચિવાલય...સેવાઓ ૦૯૦ -સચિવાલય ૩ .૪૧,૨૯,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૬ પાના નં .૬૮ અને ૬૯	૧૦૦	રાજ્યમાં સતત વધતા જતા બિન ઉત્પાદક ખર્ચને અંકુશમાં રાખવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
માગણી નં.૧૬				
૧૦	૨૦૪૩-રાજ્ય...ખર્ચ ૦૦૧-નિર્દેશ અને વહીવટ ૩.૩૯,૨૮,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૬ પાના નં .૧૨	૧૦૦	રાજ્યમાં ગરબા આયોજકો દ્વારા થતી વેરાની ચોરીઅટકાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઇમરાન ખેડાવાલા
*૧૧	--"--	૧૦૦	વ્યાપારીઓ દ્વારા થતી GSTની ગેરરીતિઓ પકડવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
૧૨	૨૦૪૩-રાજ્ય...ખર્ચ ૧૦૧-વસુલાત ખર્ચ ૩.૪,૧૩,૫૧,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૬ પાના નં .૧૩ અને ૧૪	૧૦૦	ઘર વપરાશ વિજ ગ્રાહકોને વિજ શુલ્કમાં ૨૦૦ યુનિટ સુધી માફી આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઇમરાન ખેડાવાલા)ગુલાબસિંહ ચૌહાણ(
૧૩	--"--	૧૦૦	રાજ્યમાં ખાનગી ઉદ્યોગકારો પાસેથી બાકી વિજ શુલ્કના નાણા વસૂલવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી દિનેશભાઇ ઠાકોર
માગણી નં.૧૭				
*૧૪	૨૦૫૪-તિજોરી...વહીવટ ૦૯૭-તિજોરી કર્મચારી વર્ગ ૩.૧,૫૦,૪૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૬ પાના નં .૭૪ અને ૭૫	૧૦૦	અમદાવાદ શહેરની પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરીમાં પેન્શનરોને પડતી હાલાકી નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જીજ્ઞેશ મેવાણી
૧૫	--"--	૧૦૦	ગાંધીનગરની પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરીમાં પડતર પેન્શન કેસોનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
માગણી નં.૧૮				
*૧૬	૨૦૭૧-પેન્શન...લાભો ૦૧-મુલકી ૧૦૧-વયનિવૃત્તિ...ભથ્થાં ૩.૯૨,૩૭,૦૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૬	૧૦૦	પેન્શનપાત્ર સરકારી કર્મચારીઓને વયનિવૃત્તી બાદ પેન્શન અને સેવાકીય લાભો સમયસર પૂરા પાડવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઇ ખરાડી

	પાના નં .૮૧			
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ				
માગણી નં.૧૦૧				
*૧૭	૨૨૧૬–આવાસન ૦૨–શહેરી ગૃહનિર્માણ ૧૦૩ –ગૃહનિર્માણ બોર્ડને સહાય ૩.૬૪,૮૨,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૬ પાના નં .૨૨ અને ૨૩	૧૦૦	ગુજરાત હાઉસીંગ બોર્ડની જૂની વસાહતોનો પુનઃ વિકાસ કરવા માટે નકારાત્મક પ્રિમીયમમાં થયેલ ગેરરીતિઓની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઇ ખરાડી
*૧૮	––"––	૧૦૦	બિલ્ડિંગ ડેવલોપર્સ પોતાના લાભ માટે સભાસદોને બેલેન્સશીટ આપતા નથી તે રોકવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જીગ્નેશ મેવાણી
*૧૯	––"––	૧૦૦	ગુજરાત હાઉસીંગ બોર્ડમાં ટ્રાન્સફર ડેવલપમેન્ટ રાઇટ્સમાં ચાલતી ગેરરીતિઓની તપાસ કરાવી જવાબદારો સામે પગલાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
૨૦	૨૨૧૬–આવાસન ૦૨–શહેરી ગૃહનિર્માણ ૧૯૩–શહેરી...સહાય ૩.૨,૧૪,૧૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૬ પાના નં .૨૨ થી ૩૭	૧૦૦	પ્રધાનમંત્રી આવાસ યોજનામાં આવાસ ફાળવણીમાં થતી ગેરરીતિની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઈ ઠાકોર
૨૧	––"––	૧૦૦	પ્રધાનમંત્રી આવાસ યોજના)શહેરી (૨.૦ હેઠળ શહેરી ગરીબોને આવાસ સુવિધા પુરી પાડવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચૈતરભાઇ વસાવા
૨૨	૨૨૧૬–આવાસન ૮૦–સામાન્ય ૦૦૧–નિર્દેશ અને વહીવટ ૩.૧,૦૩,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૬ પાના નં .૩૭ અને ૩૮	૧૦૦	ગરીબોને ફાળવેલ આવાસોના ધારકો આવા આવાસોને ભાડે આપે તો, તેને ખાલી કરાવી સરકાર હસ્તક લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
૨૩	––"––	૧૦૦	અમદાવાદ અને રાજકોટ શહેરમાં ગુજરાત માલિકી ફ્લેટ અધિનિયમ મુજબની જરૂરી સંમતિ મેળવ્યા સિવાય થતા રિડેવલપમેન્ટને રોકવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
માગણી નં.૧૦૨				
૨૪	૨૨૧૭–શહેરી વિકાસ ૦૩–નાનાં...વિકાસ ૦૦૧–નિદેશ અને વહીવટ ૩.૧,૧૯,૮૧,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૬ પાના નં .૪૦ થી ૪૪	૧૦૦	સુરત અને જૂનાગઢ શહેરમાં ડ્રાફ્ટ ટાઉન પ્લાનિંગ યોજનાને સમયમર્યાદામાં ફાઇનલ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા

૨૫	--"--	૧૦૦	વિસાવદર નગરપાલિકા વિસ્તારોમાં રોડ રસ્તાની સુવિધા પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
૨૬	૨૨૧૭–શહેરી વિકાસ ૦૩–નાના...વિકાસ ૧૯૧–મહાનગર...સહાય રૂ.૧૬,૧૦,૪૯,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૬ પાના નં .૪૦ થી ૫૩	૧૦૦	અમદાવાદ શહેરમાં વર્ષો જૂની પાણીની લાઇનોતથા ગટર લાઇનો બદલવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઇમરાન ખેડાવાલા
૨૭	--"--	૧૦૦	મહાનગરપાલિકાઓને અપાતી વિકાસ સહાય અંતર્ગત થતાં વિકાસના કામોમાં થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
*૨૮	--"--	૧૦૦	મહાનગરપાલિકાઓ દ્વારા બનાવાતા અન્ડરપાસમાં વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા .	ડૉ .કિરીટકુમાર પટેલ
*૨૯	૨૨૧૭–શહેરી વિકાસ ૦૩–નાના...વિકાસ ૧૯૨–નગરપાલિકાઓ...સહાય રૂ.૨૩,૮૨,૭૮,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૬ પાના નં .૪૦ થી ૫૮	૧૦૦	નગરપાલિકાઓની નાણાંકીય સ્થિતિને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
*૩૦	--"--	૧૦૦	જામનગર જિલ્લાની નગરપાલિકાઓને ફળવાતી ગ્રાન્ટનો વિવેકસભર ઉપયોગ થાય તેવા પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી હેમંતભાઇ આહીર
*૩૧	૨૨૧૭–શહેરી વિકાસ ૦૩–નાના...વિકાસ ૧૯૨–નગરપાલિકાઓ...સહાય રૂ.૨૩,૮૨,૭૮,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૬ પાના નં .૪૦ થી ૫૮	૧૦૦	નગરપાલિકાઓ અંતર્ગતના વિકાસના કામો પૂર્ણ થયા પછી એજન્સીઓને નાણાની ચૂકવણી સમયસર કરવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ .તુષાર ચૌધરી
૩૨	--"--	૧૦૦	નગરપાલિકાઓમાં વિકાસના કામો સમયસર પૂર્ણ કરવામાં નિષ્ફળતા.	શ્રી વિમલભાઇ ચુડાસમા
*૩૩	--"--	૧૦૦	નગરપાલિકાઓની આર્થિક સ્થિતિ સુધારવા ઓક્ટ્રોયની અવેજમાં વધુ રકમ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
૩૪	--"--	૧૦૦	બોટાદ નગરપાલિકાના વિસ્તારોમાં પીવાનું શુધ્ધ પાણી પૂરૂ પાડવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઉમેશભાઇ મકવાણા
૩૫	--"--	૧૦૦	બોટાદ નગરપાલિકાને	શ્રી ઉમેશભાઇ

			મહાનગરપાલિકાનો દરજ્જો આપવામાં સરકારની ઉદાસીનતા.	મકવાણા
૩૬	૨૨૧૭–શહેરી વિકાસ ૮૦–સામાન્ય ૧૯૧–મહાનગર પાલિકાને સહાય ૩.૪૦,૪૨,૭૬,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૬ પાના નં .૬૦ થી ૬૪	૧૦૦	અમદાવાદ અને રાજકોટ શહેરમાં સ્ટ્રીટ વેન્ડર્સ અધિનિયમ હેઠળ ફેરીયાઓને જગ્યા ફાળવવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
૩૭	૪૨૧૭–શહેરી...જોગવાઇ ૦૩–નાના...વિકાસ ૦૫૧–બાંધકામ ૩.૧,૨૯,૭૬,૩૧,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૬ પાના નં .૭૯ થી ૮૭	૧૦૦	વિસાવદર નગરપાલિકામાં ફાયર સ્ટેશન બિલ્ડીંગનું બાંધકામ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા

* આ કાપ દરખાસ્તો સભાગૃહ સમક્ષ રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : અંદાજપત્રમાં સમાવિષ્ટ અનુદાનો માટેની માગણીઓ પરની ચર્ચા અને મતદાન માટે આજે છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બેઠકનો સમય બપોરના ૧૨–૦૦થી સાંજના ૫–૦૦ વાગ્યા સુધીનો ઠરાવવામાં આવ્યો છે. વિધાનસભાના નિયમોના નિયમ–૨૨૮ના પેટા નિયમ–૨ મુજબ સભાગૃહની બેઠક મુલતવી રાખવાના ૧ કલાક પહેલાં અનુદાનો માટેની માગણીઓ પર સઘળી ચર્ચા પૂરી કરવાની થાય. આ જોગવાઇ અનુસાર આજે સાંજના ૪:૦૦ વાગે અનુદાનો માટેની માગણીઓ પરની સઘળી ચર્ચાનો અંત આવશે અને જે માગણીઓ પર ચર્ચા ચાલતી હશે તે અને તે સિવાયની બાકીની બીજી તમામ માગણીઓ એકીસાથે સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે. હવે, માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નાણાં અને શહેરી વિકાસ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૬–૨૭નું બજેટ ૩.૪ લાખ ૮ હજાર છે તેની સામે દેવું ૩.૪ લાખ ૩૦ હજાર છે. જી.ડી.પી.ના ફાળા પેટે ગુજરાતનો ફાળો ૮.૨ ટકા સરકારે નક્કી કર્યો છે. ગુજરાતની માથાદીઠ આવક ૩.૩ લાખ ૧ હજાર નક્કી કરવામાં આવી છે. રાજ્યના નાણામંત્રીશ્રીએ રજૂ કરેલ બજેટમાં જે રકમ ફાળવવામાં આવે છે તે રકમના બે ભાગ હોય છે. સિક્કાની એક બાજુ વિકાસલક્ષી ખર્ચ હોય છે. જે વિકાસલક્ષી ખર્ચ પાછળ ૩.૨ લાખ ૬૨ હજાર ૪૭૭.૪૧ કરોડ રાજ્ય સરકાર વાપરવા જઇ રહી છે. આમ, ૬ કરોડ ૫૦ લાખ ગુજરાતીઓ પાછળ વિકાસલક્ષી ખર્ચ પેટે ૩.૪૦,૩૮૧ રાજ્ય સરકાર વાપરવા જઇ રહી છે. સિક્કાની બીજી બાજુ બિનવિકાસલક્ષી ખર્ચ હોય છે. આ વર્ષના બજેટમાં બિનવિકાસલક્ષી ખર્ચમાં ૩.૧ લાખ ૩૯ હજાર ૯૯૮.૯૩ કરોડનો વધારો થયો છે. વર્ષ ૨૦૨૫–૨૬ની સરખામણીએ વર્ષ ૨૦૨૬–૨૭માં થનાર વિકાસલક્ષી ખર્ચમાં ૩.૨૬,૧૪૪ કરોડનો વધારો થયો છે. જ્યારે વર્ષ ૨૦૨૫–૨૬ની સરખામણીએ વર્ષ ૨૦૨૬–૨૭માં બિનવિકાસલક્ષી ખર્ચમાં ૩.૨૫,૧૮૫.૮૪ કરોડનો વધારો થયો છે. આમ, આવનારા એક– બે વર્ષમાં વિકાસલક્ષી ખર્ચ અને બિનવિકાસલક્ષી ખર્ચનો આંકડો સરખો થઇ જશે તેવું ચોક્કસપણે દેખાઇ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૪–૨૫નું ૩.૩ લાખ ૯૯ હજાર ૬૬૩ કરોડનું જે દેવું વધાર્યું તેની એવરેજ જોઇએ તો રાજ્ય સરકારે રોજેરોજ ૩.૧૦૯૪.૮૮ કરોડનું દેવું વધાર્યું છે. જે દેવું વધ્યું તેની પાછળ વર્ષ ૨૦૨૪–૨૫ના વ્યાજ પેટે ૩.૨૮,૦૨૪.૭૩ની રકમ ચૂકવવામાં આવી એટલે રોજનું ૩.૭૧.૮ કરોડ વ્યાજ રાજ્ય સરકારે ચૂકવ્યું. તેની સામે મુદ્દલ પેટે ૩.૨૯,૦૮૬ કરોડ ચૂકવ્યા એટલે રોજના ૩.૬૯,૦૬૮ કરોડ મુદ્દલ પેટે ચૂકવ્યા. આમ, એક ગુજરાતી પાછળ વિકાસલક્ષી ખર્ચ પેટે ૩.૪૦,૩૮૧નો ખર્ચ થાય છે. જ્યારે એક ગુજરાતીના માથે ૩.૬૧,૪૮૨ દેવું થઇ રહ્યું છે.

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રના નાણાપંચ મુજબ જી.એસ.ડી.પી.ના આધારે સેક્ટરવાઇઝ એવરેજ નક્કી કરવામાં આવી છે. તેમાં શિક્ષણ ક્ષેત્રે ૧૪.૫ ટકા નક્કી કરવામાં આવ્યા છે તેની સામે ગુજરાત સરકારનો ૧૪.૮ ટકા રકમનો હિસ્સો રહ્યો છે. સામાજિક કલ્યાણમાં ૮ ટકા છે, ગુજરાત ફક્ત ૪ ટકા વાપરે છે. કૃષિ ક્ષેત્રે ૫.૭ ટકા છે, ગુજરાત ફક્ત ૪.૩ ટકા વાપરે છે. નેશનલ હેલ્થ પૉલિસી મુજબ આરોગ્ય ક્ષેત્રે એવરેજ ૮ ટકા રકમ વાપરવાની હોય છે, ગુજરાત ફક્ત ૭ ટકા વાપરે છે. ગ્રામ્ય

વિકાસ ક્ષેત્રે ૪.૯ ટકા છે, ગુજરાત સરકાર ફક્ત ૨.૬ ટકા વાપરે છે. પાણી પુરવઠા ક્ષેત્રે ૨.૮ ટકા છે, ગુજરાત ૨.૨ ટકા વાપરે છે. પોલીસ સેક્ટરમાં એવરેજ ૪ ટકા છે, ગુજરાત ૩.૧ ટકા વાપરે છે. હાઉસિંગ સેક્ટરમાં ૧.૭ ટકા છે, ગુજરાત ૧.૬ ટકા વાપરે છે. એસ.સી./એસ.ટી./ઓ.બી.સી./માઇનોરિટી સેકટરમાં ૩.૨ ટકા છે, ગુજરાત ફક્ત ૨.૬ ટકા વાપરે છે. ઊર્જા, રોડ અને શહેરી વિકાસમાં એવરેજ કરતાં વધારે રકમ ગુજરાત સરકારના બજેટમાં ફાળવવામાં આવે છે અને ટેક્સ રેવન્યુ જી.એસ.ટી. એવરેજ ૬.૮ છે અને ગુજરાતની એવરેજ ૫.૩ ટકા છે. રાજ્યના અલગ-અલગ વિભાગોમાં અને અલગ-અલગ ૧૨ રાજ્યોમાં જે વુમન સ્કીમ ટ્રાન્સફર ચાલે છે એ ગુજરાતમાં ચાલતી નથી. રાજ્ય સરકાર ભરતી કેલેન્ડરના આધારે એમ કહે છે કે અમે ભરતી કરીએ છીએ. રાજ્ય સરકારના આંકડા જોઈએ તો સરકારી ખાતાઓમાં વર્ષ ૨૦૨૪-૨૫ અને વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રમાણમાં જોઈએ તો ફક્ત ૧૪૦૧૩ કર્મચારીઓનો વધારો થયો છે. એની સામે જે સંસ્થાકીય કર્મચારીઓ છે એમાં ૧૨૪૯૨નો સંખ્યામાં ઘટાડો થયો છે. આમ, રાજ્ય સરકાર ભરતીની વાત કરે છે પણ બિલકુલ ઓછા પ્રમાણમાં ભરતી કરવામાં આવેલ છે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ માગણી નં.૧૫, ૧૬, ૧૭, ૧૮,૧૦૧ અને ૧૦૨ લઇને આવ્યા છે. એ પૈકી ૧૫,૧૬,૧૭ અને ૧૮ પર હું મારું મંતવ્ય વ્યક્ત કરું છું અને સમર્થન આપું છું.

ॐ उपैतु मां देवसखः कीर्तिश्च मनिना सह।
प्रादुर्भूतोऽस्मि राष्ट्रेऽस्मिन् कीर्तिमृद्धिं ददातु मे॥

આ શ્રી સુક્તનો ઉલ્લેખ છે કે જે રાષ્ટ્રમાં ઉત્પન્ન થતી લક્ષ્મી એ સુરાષ્ટ્રની લક્ષ્મી કીર્તિ સાથે વૃદ્ધિ અને સમૃદ્ધિ આપે એવી લક્ષ્મીનું પાંચમી વખત માનનીય કનુભાઇ દેસાઇ નાણામંત્રી તરીકે બજેટ લઇને આવ્યા છે. એટલે હું એમને શુભેચ્છા આપું છું. અહીંથી ચિંતાઓ વ્યક્ત થઇ કે દેવું વધી ગયું છે. પરંતુ, હું અહીંથી કહેવા માગીશ કે વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૫૨૭૫૧ કરોડ, વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૬૪૧૩૩ કરોડ અને વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૭૩૨૮૧ કરોડ જેટલો ૧૪ ટકાના વધારા સાથેની વૃદ્ધિ અને ગુજરાતની ૮.૬ ટકા સમૃદ્ધિના સંદર્ભમાં વધારો થતો હોય એવું આ રાજ્ય છે. એટલે નાણાંની ક્યાંય કોઇ ખેંચ કે મુશ્કેલી નથી અને ભારતના વિકાસ માટે ગુજરાતનો વિકાસ, ગુજરાતના વિકાસથી ભારતનો વિકાસ એ સંદર્ભે જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં માનનીય નાણામંત્રીશ્રીએ નાણાનું આયોજન કરેલ છે. ગુજરાત રાજ્ય આર્થિક રીતે વિકાસનું ગ્રોથ એન્જિન બની રાજ્યની આવકમાં જી.એસ.ટી.ની આવકમાં ખૂબ મોટો ફાળો આપી રહ્યું છે. ૩જી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ યોજાયેલી ૫૬મી જી.એસ.ટી. કાઉન્સિલમાં માળખાગત સુધારા-વધારા કરવા, વેરાના ઘટાડા કરવા અને તે વખતે દેશના યશસ્વી પ્રધાનમંત્રી સર્વાધિક લોકપ્રિય નેતા આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિકસિત ભારત-૨૦૪૭નું જે સ્વપ્ન આપ્યું એ સ્વપ્નને સાકાર કરવા માટે ગુજરાત રાજ્યના મૃદુ અને મકક્મ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે પણ વિકસિત ગુજરાત-૨૦૪૭ના વિઝનને સાકાર કરવામાં મદદરૂપ થાય એવા નિર્ણયો લેવા માટે જી.એસ.ટી. કરવેરાઓમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની કાઉન્સિલ દ્વારા જે નિર્ણયો લેવામાં આવ્યા એ નિર્ણયોની અમલવારી કરી લોકોની સુખાકારીમાં વધારો થાય, જનસામાન્ય વ્યક્તિને ફાયદો થાય,પરંપરામાં કૌટિલ્યનું જે અર્થશાસ્ત્ર કહેવાતું કે ફૂલમાં મધ હોય, પરાગ હોય એ ફૂલને પણ કોઇ અસર ના થાય અને જે પ્રકારે મધમાંથી મધ લઇ અને મધ પાછું સમાજને આપે, એ દૃષ્ટિથી ગુજરાતની સરકારે કેન્દ્રની સરકારના નેતૃત્વમાં, માનનીય મોદી સાહેબના નેતૃત્વમાં જે કંઇપણ સુધારા-વધારા કર્યા એમાં જન સામાન્યને અસર કરે એવી આરોગ્ય સંબંધિત વસ્તુઓ, એજ્યુકેશન સંબંધિત વસ્તુઓ, કૃષિ સંબંધિત વસ્તુઓ, પરંપરાગત ઊર્જાથી રીન્યુએબલ એનર્જીના સંદર્ભમાં, પરિવહન ક્ષેત્રના સંદર્ભમાં વેરાના દરનો ઘટાડો કરી ખેડૂત અને જન સામાન્યને ખૂબ ફાયદો થાય એના માટે નિર્ણયો માનનીય કનુભાઇએ લીધા છે. આ જનસામાન્યની વાત છે. અહીંથી ઘણાં લોકો ઘણી ટીકા કરતા હોય છે. સમૃદ્ધિના સર્જકોની ટીકા કરતા હોય છે. સમૃદ્ધિના સર્જકો અહીંયા અપેક્ષિત છે. સમૃદ્ધિના સર્જકોને પણ સહયોગ કરવો પડે અને જનસામાન્યને પણ સહયોગ કરવો પડે એ દૃષ્ટિથી માનનીય કનુભાઇએ નિર્ણયો લીધા છે. એમાં સામાન્ય ખાખરા બનાવનાર, અનેક જગ્યાએ ઘરેઘરે ખાખરા બનતા હોય છે, કયાંક પનીર, કયાંક અથાણાં, હાઇ ટેમ્પરેચર મિલ્ક આવી તમામ ઘરઘરાઉ ઉત્પાદિત વસ્તુઓ ઉપર પાંચ ટકાનો જી.એસ.ટી હતો, આ પાંચ ટકા જી.એસ.ટી. દરને શૂન્ય કરી, ઘરઘરાઉ કામ કરનાર બહેનોને તેઓ ખૂબ ઉપયોગી થયા છે. નાનાં-નાનાં બાળકોને ક્યાંક ઉપયોગી થાય એવી પેસ્ટ્રી, કેક, મિલ્ક કેક, સિરિયલ ફ્લેગ્સ જેવી વસ્તુઓ તેમજ કેટલીક પૌષ્ટિક વસ્તુઓ ઉપર ૧૮ ટકા જી.એસ.ટી.માંથી ઘટાડીને ૪ ટકા કરવામાં આવ્યો. દૂધની આઇટમોમાં ઘી, દૂધ, ડાયાબેટિક ફૂડ, સોયામિલ્ક, જામ, પાસ્તા, નમકીન વિગેરે વસ્તુઓ ઉપર ૧૨ ટકા જી.એસ.ટી. હતો એના ઉપર ૫ ટકા જી.એસ.ટી. કરવામાં આવ્યો. રોજબરોજની વસ્તુઓ જેવી કે ટૂથપેસ્ટ, સેવિંગ ક્રીમ, સાબુ, હેર ઓઇલ, શેમ્પુ આવી તમામ વસ્તુઓ ઉપર ૧૮ ટકા જી.એસ.ટી હતો તે ઘટાડી ૫ ટકા જેટલો નીચો જી.એસ.ટી. કરવામાં આવ્યો છે. જેથી કરીને સામાન્ય લોકોમાં એ કિંમતો ઘટવાના કારણે જી.એસ.ટી.ના ઉત્સવો લાગેલા હતા અને જી.એસ.ટી.ના ઉત્સવને લોકોએ વધાવ્યો હતો. દેશના પ્રધાનમંત્રીશ્રીએ જનસામાન્ય વર્ગ, મધ્યમ વર્ગ તમામને આવરી લઇ, જી.એસ.ટી.ના નિર્ણયો લીધા હતા એમાં ઘટાડો થયો છે અને આવકમાં વધારો થયો છે. કેટલીક જીવલેણ બીમારીઓમાં અનેકજાતની દવાઓની ઉપયોગીતાની જરૂરિયાત હતી. એ દવાઓ બહારથી મંગાવવી પડતી હતી એના ઉપર મોટો ટેક્સ લાગતો હતો. કેટલાક ઉપયોગીતાનાં સાધનો તથા મેડિકલ ઈન્સ્ટ્રુમેન્ટ ઉપર ખૂબ ટેક્સ લાગતો હતો. એના ટેક્સ ૧૨ ટકાથી ઘટાડી ૫ ટકા જેટલો

ટેક્સ કરવામાં આવ્યો છે. દરેક વ્યક્તિને પોતાનો વીમો લેવાની સુરક્ષિતતા હતી. દરેક વ્યક્તિ પોતાનો વીમો લઇ શકે એના માટે એ મેડિકલ કલેઇમ અને જીવનવીમો લેતો હતો. એમાં જી.એસ.ટી. ટેક્સ હતો એને ઘટાડીને સંપૂર્ણપણે મુક્ત કરવામાં આવ્યો છે, જેથી કોઇપણ વ્યક્તિ પોતાના જીવનને સુરક્ષિત કરી શકે. જે તે વખતે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સમગ્ર ભારતમાં વન નેશન, વન ટેક્સની ફોર્મ્યુલા લાવ્યા અને એમાં ગવર્નિંગ કાઉન્સિલનું આયોજન કરી, સમગ્ર ભારતમાં ટેક્સ લગાવ્યો. એમાં તમામ રાજ્યો, તમામ રાજ્યોના નાણામંત્રીશ્રીઓ, તમામ રાજ્યના નાણા સચિવો આ બધા બેસીને સહિયારો નિર્ણય લેતા હોય છે તેમ છતાં કેટલાક વિરોધી માનસિકતાવાળા અને અરાજકતા ફેલાવનાર માનસિકતાવાળા વિરોધ કરતા હોય છે પરંતુ પરિણામ એટલું સુંદર આવે છે કે પ્રજા સતત આશીર્વાદ આપતી હોય છે. એ જ પ્રમાણે જગતના તાત ખેડૂતને પણ ફર્ટિલાઇઝર બનાવટો બનાવવામાં નાઇટ્રિક એસિડ, સલ્ફ્યુરિક એસિડ, એમોનિયા એસિડ પરનો વેરો ૧૮ ટકાથી ઘટાડી ૫ ટકા કરવામાં આવ્યો. ખેતીવાડીમાં જરૂરી એવા સાધનો જેવા કે ટ્રેકટર, પાર્ટસ, પિયતના સાધન આ તમામ વસ્તુઓની અંદર ૧૨ ટકાનો વેરો હતો એ ઘટાડીને ૫ ટકા કરવામાં આવ્યો છે. જે તે વખતે માનનીય મોદી સાહેબ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે આખા વિશ્વમાં પહેલીવાર ક્લાઇમેટ ચેન્જનું મંત્રાલય બનાવ્યું. એ સંદર્ભમાં રિન્યુએબલ એનર્જીમાં પણ આજે ભારત આગળ વધી રહ્યું છે. 'વન નેશન, વન ગ્રીડ' ના સંદર્ભમાં આગળ વધી રહ્યું છે. રિન્યુએબલ એનર્જીમાં પણ ઉદ્યોગ જગતના લોકો પણ એમાં આવે, સમૃદ્ધિના સર્જકો પણ એમાં આવે, દરિયાના મોજામાંથી વીજળી ઉત્પન્ન કરવી, બાયોગેસ, વિન્ડમીલ, સોલાર, સોલાર વોટર હીટર એવા એનર્જી ઉપયોગમાં આવતા સાધનો માટે થઇને એમાં ઉપયોગી વસ્તુઓમાં વેરો ૧૨ ટકા હતો એ ઘટાડીને ૫ ટકા કરવામાં આવ્યો. પરિવહન ક્ષેત્રે પણ બસ, ટ્રક કે રિક્ષા હોય એમાં પણ ૧૨ ટકા કરવામાં આવ્યું છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું સમર્થન કરું છું.

શ્રી અરવિંદ શાં રાણા : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાણામંત્રીશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની માગણી નં. ૧૦૧ અને ૧૦૨ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ૫૦ ટકા કરતાં વધારે વસતી શહેરોમાં રહે છે. ગુજરાત રાજ્યમાં અગાઉ ૮ મહાનગરો હતા, રાજ્ય સરકાર દ્વારા બીજા ૯ મહાનગરોને મંજૂરી આપી છે ત્યારે કુલ ૧૭ મહાનગરપાલિકાઓ અને ૧૫૨ નગરપાલિકાઓ રાજ્યમાં અસ્તિત્વમાં છે. અગાઉ મહાનગરપાલિકા કે નગરપાલિકા માટે આવકના મુખ્ય સ્ત્રોતોમાં જકાત એટલે કે ઓક્ટ્રોયની આવક હતી અને એ આવક પર એ તમામ મહાનગરપાલિકાઓ કે નગરપાલિકાઓ નિર્ભર હતી. હું સને ૨૦૦૦માં સુરત મહાનગરપાલિકામાં સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન તરીકેની જવાબદારી વહન કરતો હતો ત્યારે તે વખતે સુરત મહાનગરપાલિકામાં લગભગ ૩૦ થી ૪૦ ટકા અધિકારીઓ અને કર્મચારીઓ જુદા જુદા જકાત નાકા ઉપર જુદી જુદી ટ્રાન્સપોર્ટ કંપનીઓ ઉપર અને અલગ અલગ જગ્યાઓએ જકાત કેમ વધારે આવે એના માટે પ્રયત્નશીલ હતા. સાથે સાથે જકાત ચોરીનો પણ એટલો જ ઉપદ્રવ હતો ત્યારે આ જકાત ચોરી અટકાવવા એની સ્કવોર્ડ, એ સ્કવોર્ડ ઉપર પણ અધિકારીઓની સ્કવોર્ડ અને આમ કરીને ટાર્ગેટ પૂરો કરવાનો અને અલગ અલગ નાકાઓ ઉપર અલગ અલગ સ્ટાફ મૂકવાનો અને એમ કરીને ચાંપતા બંદોબસ્તથી આ જકાતની આવક વસૂલ થતી હતી. તે વખતે પરિસ્થિતિ એવી હતી કે મહાનગરપાલિકામાં આવશ્યક સેવાઓ જેવી કે લાઇટ, પાણી, ગટર, રસ્તાઓ એની કામગીરી કરવામાં પણ મહાનગરપાલિકાઓ હાંફી જતી હતી અને જુદી જુદી સંસ્થાઓ પાસેથી લોન લેવી પડતી હતી. એ વખતે પદાધિકારીઓ હોય, અધિકારીઓ હોય, શહેરના વેપારીઓ હોય, વ્યવસાય કરનારાઓ હોય એ તમામ લોકો વર્ષોથી આ પરંપરા નિભાવતા હતા અને એ પરિસ્થિતિમાં તે વખતે મહાનગરપાલિકા કે નગરપાલિકા ચાલતી હતી. એમાં દેશના વડાપ્રધાન અને તે વખતના આપણા મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ એ વખતે ખરેખર શહેરો અને નગરો માટે તારણહાર બન્યા. વર્ષ ૨૦૦૭માં એક ઝાટકે આ તમામ જકાત નાકાઓ બંધ કરાવીને રાજ્યની મહાનગરપાલિકા કે નગરપાલિકાઓને ટેક્સના રૂપમાં, જકાતના રૂપમાં ગ્રાન્ટ આપવાનું શરૂ થયું તેને લીધે મહાનગરપાલિકા કે નગરપાલિકાઓના વેપારીઓ અને વ્યવસાયિકોને પણ રાહત મળી. હવે મહાનગરપાલિકા કે નગરપાલિકાઓને જકાતની ગ્રાન્ટની સાથે સાથે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગ્રાન્ટ, શહેરી સડક યોજના અંતર્ગત ગ્રાન્ટ, મૂળભૂત માળખાકીય સુવિધાઓની ગ્રાન્ટ, આઇકોનીક રોડ એટલે કે ગૌરવ પથ યોજનાની ગ્રાન્ટ, શહેરોની વાયુ પ્રદૂષણની પ્રતિકૂળ અસરોને ઘટાડવા સ્ટેટ કિલન એર પ્રોગ્રામની ગ્રાન્ટ, મુખ્યમંત્રી ગ્રીન રિંગ રોડ યોજનાની ગ્રાન્ટ, પાણી પુરવઠા ભૂગર્ભ ગટર યોજનાની ગ્રાન્ટ, ઇ-નગર યોજનાની ગ્રાન્ટ, નિર્મળ શહેર-સ્વચ્છ ભારત મિશન યોજનાની ગ્રાન્ટ, મુખ્યમંત્રી આવાસ યોજનાની ગ્રાન્ટ, પ્રધાનમંત્રી આવાસ યોજનાની ગ્રાન્ટ અને આમ કરીને રાજ્ય અને કેન્દ્ર સરકારની જુદી જુદી યોજનાઓમાંથી મળતી ગ્રાન્ટના આધારે મહાનગરપાલિકા અને નગરપાલિકાઓ આજે જ્યારે સમૃદ્ધ થઇ છે ત્યારે એ પોતાનો વહીવટ કરવા માટે સક્ષમ બની છે અને શહેરના વિકાસ માટે જે અલગ અલગ જોગવાઇઓ કરવાની હોય. દા.ત. માળખાકીય વિકાસના કામો, રસ્તા, ટ્રાફિક સર્કલ, પાણી પુરવઠા, ભૂગર્ભ ગટર વ્યવસ્થાપન, સ્ટ્રોમ ડ્રેનેજનાં કામો, જળસંચયનાં કામો, તળાવ બ્યુટીફિકેશનનાં કામો, સ્લમ વિસ્તારમાં પાયાની સુવિધાનાં કામો, ઇ-ગવર્નન્સ, શોપિંગ-કોમ્પ્લેક્ષ, જાહેર ઉદ્યાનોનું નિર્માણ અને તેની જાળવણી, સામજિક વનીકરણ, સ્મશાનગૃહોના બાંધકામ, અગ્નિશમન ઉપકરણો તથા ફાયર સ્ટેશન, શાળાના મકાનો, અર્બન હેલ્થ સેન્ટર, હૉસ્પિટલ, આંગણવાડી, લાઇબ્રેરી, સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, લિક્વિડેશન મેનેજમેન્ટ, વેન્ડર માર્કેટ, હોકર્સ ઝોન પાર્કિંગ, આધુનિક સુવિધા ધરાવતા જાહેર પે એન્ડ યુઝ શૌચાલયો, શહેરી બસ સેવા અને

ટ્રાફિક વ્યવસ્થા, રેલવે ઓવરબ્રિજ, રેલવે અન્ડરબ્રિજ, રિંગરોડ, રેડિયલ રોડ, ફ્લાય ઓવરબ્રિજ, અન્ડરપાસ વગેરેનાં કામો આ રાજયમાં અમલમાં આવી રહ્યાં છે. આ જ રીતે શહેરોમાં પ્લાન મંજૂરી માટે પણ જે વ્યવસ્થા હતી તેના લીધે લોકોને ખૂબ તકલીફ પડતી હતી. એમાં રાજ્ય સરકારે ટેકનોલોજીનો ઉપયોગ કરીને આ તમામ પ્લાન એક જ જગ્યાએથી મંજૂર થાય તેના માટે વ્યવસ્થા કરી છે. ઓટોમેટિક બિલ્ડિંગ પરમિશન સિસ્ટમના લીધે તમામ મહાનગરપાલિકા કે તમામ સત્તામંડળો નગરપાલિકા હોય કે મહાનગરપાલિકા હોય તે ડાયરેક્ટ એના દ્વારા પ્લાન મંજૂર થઇ શકે છે. આમ, કરીને ભ્રષ્ટાચાર મુક્ત વહીવટ કરવાનો નિર્ધાર રાજ્ય સરકારશ્રીએ કર્યો છે ત્યારે મારે આ સભાગૃહનું ધ્યાન દોરવું છે કે, રાજ્ય સરકાર દ્વારા શહેરોમાં બાંધકામ નિયમો મુજબ થાય અને રાજ્યમાં જી.ડી.સી.આર. જ્યારે અમલમાં છે ત્યારે રાજ્યમાં મહાનગરપાલિકાઓમાં પણ ગેરકાયદેસર બાંધકામ થાય છે એને રોકવા માટે અગાઉ હાઇકોર્ટ અને અલગ અલગ કોર્ટોમાં કેસો થયા હતા. કેસો થયા બાદ રાજ્ય સરકારશ્રીએ તા.૧૭/૧૦/૨૦૨૨થી રાજ્યમાં ઇમ્પેક્ટ ફીનો કાયદો અમલમાં મૂક્યો છે. આ કાયદો અમલમાં આવ્યો છે ત્યારે રાજ્ય સરકારે નક્કી કર્યું હતું કે હવે આ રાજ્યની અંદર કોઇપણ મહાનગરપાલિકા કે નગરપાલિકા કે સત્તામંડળમાં હવે પછી કોઇ ગેરકાયદેસર બાંધકામ નહીં થાય, ગેરકાયદેસર પ્રવૃત્તિ નહીં થાય. (અંતરાય) તા.૨/૧૧/૨૦૨૨ ના રોજ પરિપત્ર બહાર પાડ્યો હતો. આ માગણીને હું ટેકો આપું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલા.

શ્રી મહેશ કસવાલા(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય નાણામંત્રીશ્રી જે વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેમને હું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ એ માત્ર વહીવટી વિભાગ નથી પરંતુ રાજયના વિકાસનો આધારસ્તંભ છે. રાજયની તિજોરીનું સંચાલન કરતો અને સમગ્ર વિકાસ યાત્રાને દિશા આપતો આ વિભાગ છે. એટલા માટે જ કહેવાયું છે કે "રેલાય છે જયાં લક્ષ્મીની હેલી, અને સરસ્વતીનો છે સાથ, વિકાસના આ યજ્ઞમાં ગુજરાત દે છે સૌને સાથ."

માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગ એ સમગ્ર સરકારના વહીવટી તંત્રનો શ્વાસ છે. શરીરમાં જેમ રકત વહે છે તે રકત શરીરના દરેક અંગને જેમ જીવિત રાખે છે તેમ આપણી જે યોજનાઓ ગરીબ સુધી પહોંચે છે, અંત્યોદય સુધી જે યોજનાઓ પહોંચે છે તેને જીવંત રાખવાનું કામ આ વિભાગ કરે છે. દરેક વિભાગની આર્થિક જરૂરિયાતોને પૂરી પાડે છે, વિકાસ યોજનાઓને ગતિ આપે છે અને સમગ્ર વહીવટી તંત્રને નાણાકીય શિસ્તમાં રાખે છે. એક સમય એવો હતો કે ગુજરાતની તિજોરીઓ ખાલીખમ હતી. મેં એ સમયને પણ જોયો છે અને એ સમયનો હું સાક્ષી છું કે, રાજયની અંદર આર્થિક અનિશ્ચિતતા રાજયના અધિકારીઓ પગાર માટે એ વલખાં મારતાં મેં જોયા છે. સરકારી તિજોરીઓ ખાલીખમ હતી. તહેવારો હોય, દિવાળીનો અવસર હોય રાજયના કોન્ટ્રાકટરોને તે સરકારી અધિકારીઓની ફરતે પ્રદક્ષિણા કરતા આપણે જોયા છે. અંબાજીના ટ્રસ્ટમાંથી આ રાજયનું વહીવટી તંત્ર પૈસા લઇને ચાલતું હતું તે દિવસો હજુ ભૂલાયા નથી ત્યારે મારે કહેવું પડે કે, આજે નાણાકીય શિસ્તતાને કારણે રાજયની અંદર ભારતીય જનતા પાર્ટીની મારી મુખ્યમંત્રીની આગેવાનીની સરકાર અને નાણામંત્રીશ્રીના પારદર્શક વહીવટને કારણે આજે ગુજરાતની તિજોરી ભરચક છે આવા દિવસો એ નામશેષ થઇ ગયા છે, આવા દિવસોનો દુષ્કાળ પડયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતની સમૃદ્ધ તિજોરી ધરાવતું રાજય છે અને દેશની અંદર નાણાકીય શિસ્તની અંદર આ આપણું રાજય એ અગ્રીમ હરોળની અંદર આવે છે. આ પરિવર્તન તે કોઇ સામાન્ય બાબત નથી. આ સશકત નેતૃત્વ અને સક્ષમ નાણા વિભાગનું પરિણામ છે. ન હતું જે નસીબમાં તે અમે મેળવ્યું છે, ગુજરાતને લોહી અને પરસેવે અમે સિંચ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ પ્રસંગે ભારતના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને અભિનંદન આપું છું. એ જોયું હતું આપણે કે અન્ય દેશના ઉદ્યોગપતિઓ એના પ્રતિનિધિ મંડળો જયારે ભારતની અંદર આવતા હતા ભારતની અંદર જે પ્રકારે યુવા શકિત છે તે યુવા શકિતના જોમ અને જુસ્સાને આધારે તેમની પણ ઇચ્છા હતી કે આ દેશની અંદર કયાંક મેન્યુફેકચરિંગ સેકટરમાં આપણે પણ આપણો હાથ અજમાવીએ પરંતુ અહીંથી એ પ્રતિનિધિ મંડળો જતાં રહેતાં. એ પોતાના દેશમાં જઇ અને મારા દેશના કર માળખાંની મજાક ઉડાવતાં હતા કે જે દેશની અંદર અલગ અલગ રાજયની અંદર અલગ અલગ કર માળખું. ગલીએ ગલીએ જુદા જુદા ટેકસના સ્લેબ, ઇન્સ્પેકટર રાજય અને પરિણામ એ હતું કે બહારના કોઇ ઉદ્યોગપતિ આ દેશની અંદર આવવા માટે તૈયાર ન હતા આ પીડા તે વખતના ગુજરાતના મુખ્યમંત્રી અને ભારતના તત્કાલીન પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી જાણતા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, આજે શહીદ દિવસ છે એ ત્રણ શહીદોના, એ શહીદીની એ લોહી ટપકતી એ ઝોળીઓ ઉપર ભારતની આઝાદી રાત્રે ૧૨–૦૦ વાગ્યે મળી મારે અભિનંદન આપવા પડે દેશના પ્રધાન મંત્રીને કે તેણે આ દેશના કર માળખાંની અંદર ૩૦ જૂન, ૨૦૧૭ના દિવસે રાત્રે ૧૨–૦૦ વાગ્યે આ કરમાળખાં છે તેની અંદર મોટો સુધારો કરી અને દુનિયાને વન નેશન, વન ટેકસનો સંદેશો આપ્યો. આ વેપારીઓની આઝાદી માટેનો સ્વર્ણિમ દિવસ હતો. જુલાઇ–૨૦૧૭થી જી.એસ.ટી.લાગુ કરીને વન નેશન, વન ટેકસનો ઐતિહાસિક નિર્ણય લીધો. પરિણામ એ આવ્યુ કે રાજય વચ્ચેની કર એની જે સ્પર્ધા હતી તેનો અંત આવ્યો. કેટલાય એવા ફોર્મ્સ હતા વેપારીને કે એક રાજયમાંથી બીજા રાજયમાં માલ મોકલવો હોય તો તેને કેટલાય ફોર્મ છે તે ફોર્મ ભરવાની અંદરથી, તેની અગવડતામાંથી એમને માર્ગ મળ્યો અને વેપાર સરળ બન્યો. ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ માટેના નવા દ્વાર ખુલ્યાં. સામાન્ય જનજીવન સરળ બન્યું અને કર વ્યવસ્થામાં પારદર્શિતા આવી.સામાન્ય જનજીવન

સરળ બન્યું અને કરવ્યવસ્થામાં પારદર્શિતા આવી. જી.એસ.ટી. અમલીકરણમાં ગુજરાતે ખૂબ સફળતા મેળવી અને દેશની અંદર અવ્વલ નંબરનું રાજય બન્યું. મને યાદ છે કે, જે વખતે કરદાતાઓની સંખ્યા હતી એના કરતાં ૧૭૦ ટકાનો વધારો આ ૮ વર્ષની અંદર થયો. કરદાતા ૫.૮ લાખ હતા એ વધીને આજે ૧૩.૮૨ લાખ થયા. હું એમ માનું છું કે સરકારમાં પ્રજાના વિશ્વાસની આ મહેર છે. આ બતાવે છે કે લોકોનો ભરોસો આ કર પ્રણાલી ઉપર વધ્યો છે. નીતિ સાફ છે એટલે પ્રગતિની વ્યાખ્યા અહીં ગજબ છે. અહીં શાસન નહીં સેવાનો જ મજહબ છે. જે પ્રકારે ડિજિટલ ગુજરાત એ સરળ વહીવટીતંત્રનું પ્લેટફોર્મ બન્યું છે. આજે ગુજરાતનું ડિજિટલ ગવર્નન્સ એ ભારતનું મોડલ બન્યું છે. ઓનલાઇન જી.એસ.ટી. રજિસ્ટ્રેશન, હું એમ માનું છું કે રજિસ્ટ્રેશન કરાવવા માગતા ઉદ્યોગપતિઓ માટે અને વેપારીઓ માટે ખૂબ સરળ માધ્યમ બન્યું છે. બાયોમેટ્રિક્સ વેરિફિકેશન, કોઇપણ પ્રકારના ફ્રોડ રોકવા માટે આ આપણું જે બાયોમેટ્રિક્સ વેરિફિકેશનની પદ્ધતિએ આજે ભારતની અંદર વખણાય છે. જી.એસ.ટી. સુવિધા કેન્દ્ર, માનનીય કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારમનજીએ ૬ આવા જી.એસ.ટી. કેન્દ્રોની સ્થાપના કરી દેશને સમર્પિત કર્યા છે અને ત્યારે એમાં ગુજરાત પાછળ રહી ન જાય એની શરૂઆત આપણે જામનગરની અંદરથી કરી છે. જામનગરમાં અઠવાડિયામાં બે દિવસ આ પ્રકારના જી.એસ.ટી. સેવા કેન્દ્રની શરૂઆત કરી છે અને મારે માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇને અભિનંદન આપવા પડે કે એમણે હવે પછી આ બજેટની અંદર ભુજ, સુરેન્દ્રનગર, પાટણ, આણંદ, સુરત, ભરૂચમાં આવા પ્રકારના જી.એસ.ટી. મદદ કેન્દ્રો ખોલવા માટેની એમણે ઘોષણા પણ કરી છે. અરજીના નિકાલની વ્યવસ્થાનો સમય પણ ઘટયો છે અને એનાથી વેપારીઓને ખૂબ મોટી રાહત મળી છે. આજે વેપારીઓને કચેરીના ધક્કા ખાવા નથી પડતા. હાથમાં રહેલા મોબાઇલમાં જાણે આખી સરકાર આવી ગઇ એવો આનંદ વેપારીઓને થાય છે. જી.એસ.ટી.ની આવકની હમણાં માનનીય સભ્યશ્રી ચિંતા કરતા હતા, ચિંતા કરવી જોઇએ પણ ગૃહમાં એની ચર્ચામાં બેસવું પડે. જી.એસ.ટી.ની આવકમાં ૧૩ ટકાની વૃદ્ધિ, આજે ભારતની અંદર ગુજરાત એ નાણાકીય વ્યવસ્થાપનની અંદર સક્ષમ બન્યું છે એનું કારણ કરદાતાઓનો વિશ્વાસ છે ગુજરાતની સરકારમાં. આપણું અર્થતંત્ર મજબૂત છે, કરપ્રણાલી અસરકારક છે અને વહીવટ પારદર્શક છે. નાના વેપારીઓનો સુવર્ણ યુગ આવ્યો છે. ૩. ૫ કરોડ સુધી ટર્નઓવર ધરાવતાં જે વેપારીઓ છે એને ત્રિમાસિક રિટર્નની વ્યવસ્થા, ૩. ૧.૫ કરોડ સુધી ટર્નઓવર ધરાવતા લોકોને કોમ્પોઝિશન સ્કીમની અંદર એમનું સ્થાન અને જે મહિનામાં વેપારીને પોતાના ટેકસની જવાબદારી ન હોય એવા વેપારીઓને એસ.એમ.એસ.થી રિટર્ન ફાઇલ કરવા માટેની સુવિધાએ હું માનું છું કે આ રાજયના વ્યવસ્થાપન તંત્રની પારદર્શિતાનો ખૂબ મોટો નમૂનો છે. ચાર લાખથી વધુ વેપારીઓએ એનો લાભ લઇ રહ્યા છે. ૮૯ હજાર વેપારીઓ કોમ્પોઝિશન સ્કીમમાં છે. આ સહજ કર વ્યવસ્થાનું ઉત્તમ ઉદાહરણ છે. ઇન્ટરનેટ બેન્કિંગ હોય કે ઓનલાઇન પદ્ધિત પેમેન્ટ માટેની હોય, આર.ટી.જી.એસ., એન.ઇ.એફ.ટી., યુ.પી.આઇ., ક્રેડિટ અને ડેબિટ કાર્ડથી પેમેન્ટ, વહીવટી પારદર્શિતા માટેના ઉદ્દીપક સાબિત થયા છે. વેચાણ અને ઓટો પોપ્યુલેટેડ ખરીદીના ડેટા પરથી ઓટોમેટિક ડ્રાફટથી રિટર્નની સુવિધા એ ગુજરાતની અંદર ઉપલબ્ધ થશે. હું એમ માનું છું કે વેપારીઓ માટે ખુબ સરળ પ્લેટફોર્મ પ્રાપ્ત થયું છે. ૩. ૨ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા વેપારીઓને વર્ષ ૨૦૨૪-૨૫માં વાર્ષિક રિટર્નમાંથી મુકિત આપવામાં આવી છે. ચાલુ નાણાકીય વર્ષની અંદર નિયત સમયમાં પત્રક ભરવામાં ગુજરાત આ દેશની અંદર એક નંબર ઉપર છે. ૯૯.૩ ટકા લોકો પોતાનું સમયસર પત્રક ભરે છે. જયારે રાષ્ટ્રીય કક્ષાએ એમનો આંક ૯૪.૩ ટકાનો છે. માત્ર તિજોરી ભરવી એ આ રાજય સરકારનું લક્ષ્યાંક નથી પરંતુ ભરેલી તિજોરી છે એ ગરીબો માટે ખોલવી એ રાજય સરકારનો અભિગમ છે. માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ જે માગણીઓ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

શ્રી ઇમરાન ખેડાવાલા(જમાલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ અને નાણાં વિભાગની માગણી ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને જયારે ઇમ્પેકટ ફીની વાત થઇ છે, ઇમ્પેકટ ફીનો કાયદો આપણે સન ૨૦૧૭થી લાવ્યા છીએ, ત્યારે ખાસ કરીને અમદાવાદ શહેરની વાત કરું તો અમદાવાદ શહેરની અંદર ઇમ્પેકટ ફીનો કાયદો લાવ્યા છીએ પણ શહેરી કોટ વિસ્તારની અંદર એનો અમલ નથી થઇ શકતો. એનું કારણ એ છે કે વિસ્તારની અંદર જે હેરીટેજ મોન્યુમેન્ટસ આવેલા છે એના કારણે એક પણ પ્લાન મંજૂર થતા નથી અને એના કારણે લોકો તકલીફમાં મૂકાય છે અને એ પોતાની મિલકત છે એ હેરીટેજના કારણે, આજુબાજુ હેરીટેજ હોવાને કારણે તેઓ બાંધી શકતા નથી કે પ્લાન મંજૂર કરાવી શકતા નથી તેવી મારી રજૂઆત છે. એના માટે પણ સરકાર કાંઇ વિચારે અને એમાં સુધારો કરે.

બીજી એક વાત છે કે ગુજરાતમાં લઘુમતી સમાજની વસતી ૧૦ ટકા છે. લઘુમતી સમાજના ગરીબ લોકોને EWSના મકાનો ફાળવવામાં આવે તેવી પણ મારી રજૂઆત છે. કોટ વિસ્તારમાં જે જી.ડી.સી.આર. છે એ સુધારવામાં આવે. એક તરફ આપણે અમદાવાદ કે અન્ય શહેરમાં ૭૦ માળની બિલ્ડિંગ બની શકે તેના માટેની મંજૂરી આપતા હોઇએ છીએ ત્યારે મધ્ય ઝોન અને કોટ વિસ્તારમાં પાંચ માળની બિલ્ડિંગ બનાવવાની કાયદેસરની મંજૂરી મળે એવી મારી રજૂઆત છે. જેથી કરીને લોકો પોતાનું મકાન બનાવી શકે.

आशियाना की बात करते हो, दिल जलाने की बात करते हो,
सारी दुनिया के रंजो-ग़म देकर, मुस्कुराने की बात करते हो।

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

એક તરફ ડિમોલિશન ચાલે છે, દાદાનું બુલડોઝર ચાલે છે, લોકોના મકાનો તૂટે છે, ગરીબ લોકો હેરાન થઈ રહ્યા છે. અમદાવાદ શહેરમાં ૧૬ ધારાસભ્યો છે. અમે અવારનવાર કલેક્ટર ઓફિસમાં રજૂઆત કરીએ છીએ કે અમારી જે ઝોનલ ઓફિસ છે એ ભાડાના મકાનમાં બેસે છે તો દરેક વિસ્તારમાં ઝોનલ ઓફિસ હોવી જોઈએ. ગુજરાતના તમામ વિસ્તારોમાં સ્ટ્રીટ વેન્ડર પૉલિસીનો અમલ થવો જોઈએ. નાણામંત્રીશ્રીએ અગાઉ પણ કહ્યું હતું કે તેઓ સ્ટ્રીટ વેન્ડર પૉલિસીનો અમલ કરશે પરંતુ ગુજરાતમાં કોઈ પણ શહેરમાં સ્ટ્રીટ વેન્ડર પૉલિસીનો અમલ થતો નથી. ગરીબ માણસો કે જે પાથરણાવાળા છે તેમની લારીઓ દબાણવાળા શાકભાજી કે ફ્રૂટ્સ સાથે ભરીને લઈ જાય છે એવા લોકોની પણ આપણે ચિંતા કરવાની જરૂર છે. શહેરોમાં ટ્રાફિકની સમસ્યા ખૂબ છે. અમદાવાદ શહેરમાં કોમનવેલ્થ ગેમ રમાવાની છે ત્યારે શહેરમાં ટ્રાફિકની સમસ્યા વધશે. એના માટે પણ આયોજન કરવામાં આવે તેવી મારી વિનંતી છે.

ડૉ. દર્શિતાબેન પા. શાહ(રાજકોટ –પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ અંતર્ગત માગણી નં–૧૦૧ અને ૧૦૨ લઈને આવ્યા છે એ અંતર્ગત રમત ગમત અને સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર કક્ષાએ હું મારા વિચારો રજૂ કરું છું.

''વિકાસની આંધી આવી, ભાજપે નવી દિશા દેખાડી,
ગામે–ગામે રસ્તા બનાવ્યા. શહેરોને પણ ચમકાવ્યા.
જ્યાં હતા મેદાન ખાલી ત્યાં આજે સ્ટેડિયમ બનાવ્યા.
જય જય ગરવી ગુજરાત. જય જય ગરવી ગુજરાત.''

આ ઝળહળતું ગુજરાત છે. હું આજે માત્ર રમત–ગમત માટેની વાત કરવા નથી આવી પરંતુ હું એ કહેવા આવી છું કે આ ઝળહળતા ગુજરાતમાં માત્ર ઇંટ અને પથ્થરની વાત નથી પરંતુ ૭ કરોડ ગુજરાતીઓનાં સપનાનું આ સિંહાસન છે. કહેવાય છે કે,

मंज़िल उन्हीं को मिलती है, जिन के सपनों में जान होती है,
पंखों से कुछ नहीं होता, हौंसलों से उडान होती है।

આવા હોંસલા રાખનારા, અડગ નેતૃત્વ, દીર્ઘદૃષ્ટિ અને વિકાસ માટે અડગ સંકલ્પ દેનારા આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબનો હંમેશા એ જ ઉદ્દેશ રહ્યો છે કે ''ખેલે ગુજરાત, ખીલે ગુજરાત''. એ માધ્યમથી મજબૂત યુવાન અને મજબૂત રાષ્ટ્રની વડાપ્રધાનશ્રીની આ ભાવના છે. અહીંયા વિપક્ષના સભ્યો બેઠાં છે ત્યારે એમને કહેવા માગીશ કે 'ખુદ જ હારી ગયા છો મેદાનમાં આવીને, હવે સવાલ પૂછો છો મોઢું છૂપાવીને. ગુજરાતની જનતા બધું જાણે છે સાહેબ, ગુજરાતની જનતા બધું જાણે છે, તમે શાસન કર્યું માત્ર વાતો કરીને, માત્ર વાતો કરીને.'' વર્ષ ૧૯૯૫ પહેલાંના કૉંગ્રેસના શાસનકાળમાં સમગ્ર ગુજરાતનું બજેટ માત્ર રૂ.૧૦ હજાર કરોડ હતું. આજે માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇના માર્ગદર્શન હેઠળ શહેરી વિકાસ વિભાગનું બજેટ તેનાથી ત્રણ ગણું વધારે છે. આજે હું આ સભાગૃહ સમક્ષ હું એક સત્ય ઘટના કહેવા માગું છું. આ ગુજરાતના એક યુવાનની વેદના અને વ્યથાની વાત કરીશ. વર્ષ ૧૯૯૦ના કાળમાં કૉંગ્રેસના શાસનમાં જે યુવાન કાળનો ભોગ બન્યો હતો તેની સત્ય હકીકત આજે હું સમગ્ર સભાગૃહ સમક્ષ કહેવા માગું છું. રાજકોટનો એક યુવાન લોન્ગ જમ્પમાં રાષ્ટ્રીય કક્ષાએ પહોંચ્યો. તેને રમવા માટે દિલ્હી જવાનું હતું. પરંતુ વર્ષ ૧૯૯૦ના દાયકામાં તે યુવાન પાસે રમત ગમતના સ્પાઇક્સવાળા શુઝ ખરીદવા માટે પૈસા ન હતા. તે સમયે તે યુવાન રોજ એક કચેરીથી બીજી કચેરી એમ દરેક જગ્યાએ મદદ માટે ફરતો રહ્યો પરંતુ તેને માત્રને માત્ર તારીખ જ મળી પણ પૈસા ન મળ્યા. અંતે કંટાળીને તે યુવાન રેલવેના સામાન્ય ડબ્બામાં શૌચાલયની બાજુમાં બેસીને દિલ્હી રમવા પહોંચ્યો. અહીંયા આપણને એ વાતનું દુ:ખ થાય કે, તે યુવાન ફાટેલાં બૂટના કારણે લોહીલુહાણ પગ સાથે રમ્યો તો ખરો પરંતુ મેડલ ન મેળવી શક્યો. કદાચ આ યુવાનને સુવિધા મળી હોત તો આજે રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય કક્ષાએ તેણે ભારતનું નામ રોશન કર્યું હોત. આ યુવાનની રમતગમતની કારકિર્દી રોળાઇ ગઇ. આ યુવાન આજે રાજકોટની એક નાનકડી ગલીમાં એક કરિયાણાની દુકાન ચલાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે આ સમય બદલાયો છે. ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું છે. આ ડબલ એન્જિન સરકારમાં કોઇપણ ખેલાડી લાચાર નથી પણ લડાયક છે. આજે ખેલાડીઓ ટ્રેનના ડબ્બામાં શૌચાલયની બાજુમાં નહીં પરંતુ એ.સી. કોચમાં રિઝર્વેશન ક્વોટા સાથે ગર્વ અને ગૌરવભેર સ્પર્ધામાં ભાગ લેવા જઇ શકે છે. શક્તિદૂત સહાય યોજનાના માધ્યમથી આવા યુવાનોને વિશ્વ સ્તરે કોચિંગ મેળવવું હોય તો તેના માટે પણ સરકાર દ્વારા લાખો રૂપિયાની સહાય કરવામાં આવે છે. આપણે સૌ ભૂતકાળના સાક્ષી છીએ. ભૂતકાળમાં વર્ષ ૧૯૯૫ પહેલાંના સમયમાં રમતગમતના નામે માત્ર શાળામાં એક ધૂળિયું મેદાન હોય, તેમાં ખાડાખબડા હોય, રમતગમતની કોઇ સગવડ ન હોય, પી.ટી.નો ક્લાસ એટલે રમતગમત, છોકરાઓને ઊભા રાખે બે–ચાર વાર હાથ પગ ઊંચા કરાવે એટલે રમતગમત થઇ ગઇ. તેનાથી વિશેષ સુવિધા આપી હોય તો ત્યાં તે ધૂળિયા મેદાનમાં થોડીવાર કબડ્ડી કે ખો–ખો રમાડી દેવામાં આવે. રહેવા માટે કોઇ સુવિધા નહીં, રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાનું કોચિંગ નહીં. વર્ષ ૧૯૯૫ પહેલાંની સરકારમાં કોઇ સુવિધા ન હતી પરંતુ ત્યારબાદ વર્ષ ૨૦૦૧થી ગુજરાતમાં રમતગમતને લઇને વિકાસની નવી વિચારધારા આવી. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૧૦માં ખેલ મહાકુંભની શરૂઆત કરી ત્યારે ૧૬ લાખ ખેલાડીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આપણને ગૌરવ થાય કે હાલ સમગ્ર

ગુજરાતના ૭૨ લાખથી પણ વધારે ખેલાડીઓ ખેલ મહાકુંભના માધ્યમથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રદર્શન કરી રહ્યા છે. વર્ષ ૧૯૯૫ પહેલાં રમતગમતનું બજેટ માંડ રૂ.૨-૪ કરોડ હશે પણ આજે આપણા નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈના માધ્યમથી રમતગમત અને સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું બજેટ રૂ.૧,૩૩૧ કરોડ ફાળવવામાં આવ્યું છે. અહીંયા હું કહેવા માગીશ કે, ''જેના સપનાંઓને તમે ફાઇલોમાં દાટ્યાં, તેને અમે સ્ટેડિયમમાં વાવ્યાં. તમે માત્ર હારની વાર્તા કહી, અમે વિજયના વાવટા લહેરાવ્યા. '' માનનીય અધ્યક્ષશ્રી, આજે રાજકોટનો યુવાન જ્યારે નેશનલ લેવલના સિન્થેટિક કોર્ટ ઉપર દોડી રહ્યો છે ત્યારે એના ચહેરા ઉપર કોઈ વેદના નથી પરંતુ, નવા ભારતનો આત્મવિશ્વાસ છે. આજે વિશ્વનું સૌથી મોટામાં મોટું નરેન્દ્ર મોદી સ્ટેડિયમ જેની અંદર આપણને સૌને ગૌરવ થાય કે હમણાં જ....

ઉપાધ્યક્ષશ્રી : શ્રી ઈમરાનભાઈ, આપ શાંતિ જાળવો.

ડૉ. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, નરેન્દ્રભાઈ મોદી સ્ટેડિયમ કે જેમાં હમણાં જ ટી-૨૦ વર્લ્ડકપ જીતીને આપણા ખેલાડીઓએ સમગ્ર વિશ્વમાં આપણો ડંકો વગાડ્યો છે. આપણે આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ કે એમના પ્રયત્નોથી ગુજરાત કોમનવેલ્થ ગેમ્સમાં ભાગ લેશે અને સભાગૃહને આ માગણી સ્વીકારવા વિનંતી કરું છું.

શ્રી ધવલસિંહ ન. ઝાલા(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, આજની માગણીઓ છે તેમાં મારું સમર્થન આપું છું અને મારી બે-ત્રણ માગણીઓ છે તે આપના ધ્યાન ઉપર મૂકવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, બાયડ નગરપાલિકા વિસ્તારનો વિકાસ થવો જોઈએ અને આ નગરપાલિકાને મોટી કરવાનું આયોજન કરવાની મારી માગણી છે. નગરપાલિકામાં ફેઝ-૧ ગટરલાઇનની એસ.ટી.પી. બનેલ ન હોવાના કારણે આ પ્રોજેકટમાં બધી જ લાઇનો ચોકઅપ છે. હું વર્ષ ૨૦૧૭માં ધારાસભ્ય બન્યો ત્યારથી આ વાતની મેં અવારનવાર રજૂઆતો કરી છે. આ લાઇનોના કારણે સ્થાનિક લોકો ખૂબ હેરાન થાય છે. તો નવી મંજૂર કરવામાં આવે એવી મારી લાગણી છે. તેવી જ રીતે મોડાસા નગરપાલિકામાં નવા વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે એ માટે હું આભાર માનું છું. એમાં ડી.પી.આર. મંજૂર કરવા માટે ભૂગર્ભ ગટરલાઇનના ૧૫૦ કરોડ રૂપિયા વરસાદી પાણી, પીવાના પાણીની મારી માગણીઓ છે એને સંતોષવામાં આવે. બાયડ નગરપાલિકામાં વરસાદના કારણે સોસાયટીઓ ડૂબી જાય છે. વારાણસી નદીને જો ઊંડી કરવામાં આવે તો લોકોની હેરાનગતિ દૂર થઈ જાય એમ છે. આ મારી ત્રણેય માગણીઓ પર વિચાર કરવામાં આવે.

શ્રી અમૂલ ભટ્ટ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સદસ્યશ્રીએ શહીદ દિનની વાત કરી છે પરંતુ જે વિચારધારા પર આ ભારતીય જનતા પાર્ટીની સરકાર રાજ્યમાં અને દેશમાં શાસન કરી રહી છે એ શહીદોને શ્રદ્ધાંજલિ આપીને હું મારી વાતની શરૂઆત કરીશ.

मैं जली हुई राख नहीं, अमरदीप हूं,
जो मिट गया वतन पे, वो मैं शहीद हूं।

એવા શહીદ રાજ્યગુરુ, સુખદેવ અને ભગતસિંહને હું શ્રદ્ધાંજલિ આપું છું. એક અર્થવ્યસ્થા વિશે વાત કરવા માગું છું. ''યથામૃદુ સમાદતે રક્ષણ પુષ્પાણી શત્પદઃ તથા નૃપો ઘનમ્ ગૃહમ રક્ષેત પ્રજા સદા''. એનો અર્થ છે કે જે રીતે મધમાખી ફૂલને નુકસાન પહોંચાડ્યા વગર મધ એકત્રિત કરે છે એ જ રીતે અમારી સરકાર અમારા મુખ્યમંત્રી, અમારા નાણામંત્રી પ્રજાને હાનિ પહોંચાડયા વગર, કર વસૂલ્યા વગર એમને સુખી કરે છે આ ભારતીય જનતા પાર્ટીનું શાસન છે. ક્યાંક ઇંગ્લિશમાં પણ મેં કોટ વાંચ્યો છે, "Taxation should be gentle, sustainable and non-exploitive." અને આ વાતને જો સાર્થક કરતું હોય તો એ આ ગુજરાત રાજ્યનું આ બજેટ છે. ચાણક્યએ પણ હજારો વર્ષો પહેલાં આપણી અર્થનીતિમાં કહ્યું હતું કે, જે રાજયમાં અર્થવ્યવસ્થા મજબૂત નથી ત્યાં ન્યાય ટકતો નથી કે વિકાસ ટકતો નથી. પરંતુ આ ભારતીય જનતા પાર્ટીની અર્થવ્યવસ્થા મજબૂત છે એટલે અહીંયા ઈમરાનભાઈ ન્યાય અને વિકાસ પણ છે. શિસ્તબદ્ધ નાણાકીય વ્યવસ્થાપન, આધુનિક ટેકનોલોજી, ડિજિટલ ક્રાંતિનો સમન્વય એટલે અમારા ભામાશા આદરણીય કનુભાઈ દેસાઈનું આ બજેટ છે. હું આ બજેટમાં અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા માગું છું કે સરકારે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે પ્રજાના ટેક્સનો એક એક રૂપિયાનો સદ્ઉપયોગ માત્ર અને માત્ર પારદર્શક વહીવટ માટે થશે, નહીં કે એક રૂપિયામાંથી ૮૫ પૈસા કોઈને પહોંચાડવા માટે થશે. આ અમારો સ્પષ્ટ સંદેશ છે. મેં જે વાત કરી છે એના હવે કેટલાક દાખલા આપીશ. સૌ પ્રથમ હું અમારા તિજોરી વિભાગ માટેની વાત કરવા માગું છું. જેનું ડિજિટલાઇઝેશન થયું છે. આ રાજ્યની તિજોરીની કામગીરી ૫૩૦૫ ઉપાડ અધિકારીઓ દ્વારા થઈ રહી છે તેની સંકલિત નાણાકીય વ્યવસ્થા પદ્ધતિ એટલે આઈ.એફ.એમ.એસ. હેઠળ ૩૪ જિલ્લા તિજોરી કચેરીઓ, ૧૧૧ પેટા તિજોરી કચેરીઓ, ૧ વિભાગીય તિજોરી કચેરી, ૨ પગાર અને હિસાબી કચેરીઓ, ૧ ઈ-પી.ઓ. કચેરી તેમજ ૫ પેન્શન ચૂકવતા નાણાકીય ડેટાબેઝના આધારે આ આખી સિસ્ટમ અમે કોમ્પ્યુટરાઇઝ કરી છે. આઈ.એફ.એમ.એસ.નો અર્થ અમારી સરકાર માટે, અમારા નેતૃત્વ માટે આઈ-એટલે ઈમાનદાર વહીવટ, એફ-એટલે ફાસ્ટ ટ્રેક વિભાગ, એમ-એટલે મક્કમ નેતૃત્વ અને એસ-એટલે સુરક્ષિત તિજોરી છે. જે ગુજરાતના વિકાસમાં મોટો ભાગ લઈ રહી છે. આ ઈમાનદાર વહીવટનું પરિણામ જુઓ તો અમે ફક્ત વાત કરી નથી પણ રાજ્યના વહેંચણી અધિકારીઓને ડિજિટલ સિગ્નેચર અને યુ.એસ.બી.ના ટોકન ઈસ્યુ કર્યા છે. આની મારફતે ઈ-પેમેન્ટથી બિલના ચૂકવણા સુરક્ષિત રીતે સીધા

લાભાર્થીના ખાતામાં જમા કરવામાં આવે છે. ભારતીય રીઝર્વ બેંકના ઇ–પોર્ટલ, ઇ–કુબેર સાથે આઇ.એફ.એમ.એસ.નું સીધું સંકલન કરી, ઇ–કુબેર મારફતે વધુ સારું સંચાલન કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, શાસ્ત્રોમાં ક્યાંક એમ પણ કહ્યું છે કે કમાયેલું ધન મહેનતે સાચવવું અને પછી બુદ્ધિપૂર્વક યોગ્ય જગ્યાએ ખર્ચવું એ બુદ્ધિમાનોનું લક્ષણ છે અને એટલે જ આ સરકારનો વહીવટ સંપૂર્ણ રીતે પારદર્શીત છે. હું એવું માનું છું કે યોગ્ય ખર્ચથી ધન વધે છે પરંતુ અયોગ્ય ખર્ચ કરનાર અંતે નાશ પામે છે. જેમ મારી બહેને વાત કરી એમ આપણે સમજી શકીએ છીએ કે અયોગ્ય ખર્ચ કરનારનું શું થાય છે. ભા.જ.પ.ની સરકાર પ્રજાના કરના નાણાંનું યોગ્ય વ્યવસ્થાપન કરે છે એટલે જ આજે દેશના આર્થિક સંપન્ન રાજ્યોમાં ગુજરાતની અવ્વલ નંબરે ગણતરી થાય છે, એ આનું આદર્શ ઉદાહરણ છે. હું એક આખી ઇ–પેમેન્ટ સિસ્ટમની સમજૂતી આપવા માગું છું. ઇ–પી.ઓ કચેરી એટલે ડિજિટલ પદ્ધતિથી ચાલતી પે એન્ડ એકાઉન્ટ કચેરી છે. જે સરકારના નાણાકીય વ્યવહારો જેવા કે, ખર્ચ, પગાર બિલ વિગેરે ઓનલાઇન સિસ્ટમ દ્વારા સંચાલિત કરે છે. આના પાંચ સ્ટેપ છે. સરકારી કર્મચારીના પગારનું પ્રોસેસિંગ, બિલોની ચકાસણી અને તેનું પાસિંગ, ટ્રેજરી સાથે તેનું સંકલન કરીને ચૂકવણી એટલે કે પેમેન્ટ રિલિઝ, ખર્ચ અને હિસાબના રેકર્ડનું મેઇન્ટેનન્સ તથા ઓડિટ અને ફાઇનાન્સિયલ કન્ટ્રોલ. આ પાંચ સ્ટેપથી સિસ્ટેમેટિક રીતે આ આખી કચેરી કામ કરે છે. પહેલાં આ બધું કામકાજ મેન્યુઅલી રીતે થતું હતું એટલે કે કાગળ ઉપર થતું હતું. હવે ઇ.પી.ઓ. દ્વારા ઓનલાઇન અને ઝડપથી થઇ રહ્યું છે. કાર્યમાં સો ટકા કોંક્રિટ ટ્રાન્સપરન્સી આવી છે. ભૂલ અને વિલંબ થવાની શક્યતાઓ ખૂબ ઓછી થઇ ગઇ છે અને રીયલ ટાઇમ ટ્રેકિંગ થઇ રહ્યું છે. વાત ઘણી કરી શકાય એમ છે, પરંતુ એક વાત આપની સમક્ષ મૂકવા માગું છું. આ સરકાર વૃદ્ધો અને પેન્શનરો માટે સંવેદનશીલ છે એટલે અત્યાર સુધીમાં અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ અને સુરત જિલ્લાઓમાં જુદીજુદી પેન્શનની કચેરીઓ ખોલવામાં આવી છે. પેન્શનરોની ઘરે બેઠાં બેઠાં હયાતીની ખરાઇ થઇ શકે તે માટે જીવન પ્રમાણ પોર્ટલની સુવિધા ઉપલબ્ધ થઇ છે. ભારતીય પોસ્ટ દ્વારા હયાતીની ખરાઇની સુવિધાઓ ટપાલો દ્વારા, ગ્રામીણ ડાક દ્વારા ઉપલબ્ધ કરવામાં આવે છે. આ અંતર્ગત ૬૨,૨૫૨ પેન્શનરોનું જો ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ કોઇએ કર્યું હોય તો ભારતીય જનતા પાર્ટીની આ સરકાર, માનનીય ભુપેન્દ્રભાઇની આ સરકારે કર્યું છે. વિદ્યાર્થીઓ અને કિસાનોને પણ સીધા ડિજિટલ પેમેન્ટ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી ૪૫ લાખથી વધારે વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ, ગણવેશની સહાય સીધી ચૂકવવાનું કામ અમારી સરકાર આઇ.એમ.એફ.એસ. દ્વારા કરી રહી છે. છેલ્લે વાત કરું તો વીમા નિયામક કચેરી દ્વારા સામૂહિક જૂથ વીમા હેઠળ ૪.૨ કરોડથી વધારે લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે. ખેડૂત, ખેડૂતની પત્ની, તેના ખાતેદાર તમામ સંતાનો, પશુ પાલકો, પશુ પાલકના પતિ/પત્ની, તેમના સંતાનો, ગુજરાતના પ્રાથમિકથી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ, આઇ.ટી.આઇ., પોલીસ, જેલ કર્મચારીઓ, વિધવા, વિકલાંગ એમ ગણ્યા ગણાય નહીં એટલા લોકોને ફાયદો આપી રહી હોય તો ઇ–પેમેન્ટ પ્રોજેક્ટથી ગુજરાત સરકાર આપી રહી છે. છેલ્લે કહેવા માગું છું કે જ્યાં અર્થવ્યવસ્થા મજબૂત છે, શાસન મજબૂત છે ત્યારે આ સભાગૃહના માધ્યમથી માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. જય જય ગરવી ગુજરાત.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ(ઘાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાંમત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું અને સાથો સાથ મારો વિસ્તાર ઘાનેરા એવો વિસ્તાર છે કે વર્ષ ૨૦૧૭–૧૮માં ખૂબ પૂર આવ્યું ત્યારે સમગ્ર શહેર પૂરમય થઇ ગયું હતું અને ખૂબ જ નુકસાન થયું હતું. નદીના પટ ઉંડા થાય અને બન્ને સાઇડમાં પ્રોટેકશન વોલ બને એ જરૂરિયાત છે. એની સાથોસાથ શહેરની આજુબાજુના જે તળાવો છે એ ઊંડા થાય અને એની કનેક્ટિવિટી થઇ એનું પાણી રેલ નદીમાં જાય. ડ્રેનેજનો માસ્ટર પ્લાન અત્યારે નવો બની રહ્યો છે એમાં ઝડપી કામ થાય, વોટર બોડી કનેક્ટિવિટી અને મારા વિસ્તારમાં ઘાનેરા શહેરમાં રમત–ગમત માટેનું મેદાન નથી તો એ મેદાન બને. એક ટાઉનહોલ બને અને અમારી નગરપાલિકા છે એમાં એનું મકાન બનાવવા માટેની જગ્યા નથી એ જગ્યા મળે એવી મારી માનનીય મંત્રીશ્રીને માગણી છે.

શ્રી કેયુર ના. રોકડિયા(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શહેરી વિકાસ, ગૃહ નિર્માણની માગણીઓ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપી મારી વાત રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અરવિંદભાઇ રાણાએ એવું કહ્યું કે ૪૮ ટકાથી વધુ વસ્તી શહેરોમાં વસી રહી છે. દિવસે દિવસે મહાનગરપાલિકાનો વ્યાપ વધી રહ્યો છે. નવી મહાનગરપાલિકાઓ અને નવી નગરપાલિકાઓ બની રહી છે. જેટલી મોટી જનસંખ્યા આ શહેરીકરણનો લાભ મેળવે છે એટલી જ એમની અપેક્ષાઓ વધતી હોય છે અને એમના મનમાં પણ એમને જે શહેરમાં ફેસિલિટી મળતી હોય છે એટલે કે વેસ્ટ મેનેજમેન્ટ, ટ્રાફિક, પાર્કિંગ, સ્લમ ક્લિયરન્સ, રીવર પોલ્યુશન રીમુવલ, એર પોલ્યુશનનું મોનિટરિંગ નિરાકરણ આ બધી ફેસિલિટી નગરપાલિકાઓમાં મળે એવી લોકો અપેક્ષા સેવી રહ્યા છે. આજ દિશામાં સરકાર આજે કામ કરી રહી છે. શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગનના બજેટમાં માનનીય શ્રી કનુભાઇ દ્વારા ખૂબ ઉદારતાપૂર્વક આ વર્ષે રૂપિયા ૩૩,૫૦૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે અને એમાં પણ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ જે વિવિધ શહેરોની માળખાકીય સુવિધા છે એના માટે રૂપિયા ૧૬,૧૧૬ કરોડની જોગવાઇ માનનીય નાણામંત્રીશ્રીએ કરી છે. શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને નાણાકીય સહાય માટે રૂપિયા ૩૩૫૪

કરોડની જોગવાઇ કરી છે એના માટે નાણામંત્રીશ્રી અભિનંદન પાઠવું છું અને ધન્યવાદ પણ કરું છું. ખરા અર્થમાં આ આંકડા બતાવે છે કે આ સરકાર આ વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવા જઇ રહીછે. આપણે હવે માત્ર રસ્તાઓની વાત નથી કરતાં, રસ્તા પહોળા હોવા જોઇએ, વોલ ટુ વોલ હોવા જોઇએ, સ્વચ્છ હોવા જોઇએ. દરેક સોસાયટીમાં આર.સી.સી. રોડ ૮૦ : ૨૦માં સરકાર બનાવી રહી છે. એનાથી એક પગલું આગળ વધીને અમદાવાદમાં એસ.જી. હાઇવે ગ્રીન હાઇવે તરીકે વિકસે, બન્ને બાજુ લીનિયરપાર્ક જેવું ડેવલપમેન્ટ થાય એના માટે રૂપિયા ૧૦૦ કરોડની જોગવાઇ કરી છે. વર્ષો પહેલાં આપણે ટેન્કર રાજ વિષે ચર્ચા સાંભળતા હતા. ટ્રેનોથી પાણી પહોંચતું હતું પણ એની જગ્યાએ દરેક ઘરે આ રાજ્યના લોકોને ચોખ્ખું પીવાનું પાણી મળે એના માટે જરૂરિયાત મુજબના નવા સ્ત્રોત ઊભા થાય, જરૂર પડે તો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ પણ નગરપાલિકાઓ સુધી પહોંચાડવાના લક્ષ સાથે સરકાર કામ કરી રહી હોય અને સ્કાડા સિસ્ટમ દ્વારા પણ દરેક ઘરે યોગ્ય માત્રામાં પાણી ઉપલબધ થાય અને એનું મોનિટરિંગ થાય એ દિશાની અંદર સરકાર કામ કરી રહી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી આ વિષયમાં કેટલા સંવેદનશીલ છે એનો કદાચ સૌથી સારો અનુભવ મને પણ થયો છે. મારા મતવિસ્તાર સયાજીગંજ વિધાનસભામાં પાંચથી છ હજાર જેટલા હાઉસિંગ બોર્ડના મકાનો આવે છે. આ મકાનોમાં વીસેક હજાર જેટલા નાગરિકો રહે છે. આ વિસ્તારમાં બધી જ જગ્યા હાઉસિંગ બોર્ડની હતી. મારા પૂર્વ ધારાસભ્યશ્રી જીતુભાઇ સુખડિયા અને મારા કોર્પોરેટરોએ આની અનેકવાર કોર્પોરેશનમાં રજૂઆત કરી ચૂક્યા હતા. પરંતુ કોર્પોરેશનની જગ્યા ન હતી અને જગ્યા મેળવવી હોય તો હાઉસિંગ બોર્ડને કોર્પોરેશને રૂપિયા ચૂકવવા પડે. સરકાર એક ખાતામાંથી બીજા ખાતામાં પણ રૂપિયા ભરાવતી હોય છે. આ જગ્યા પર ટાંકી બનતી ના હતી. જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે હું આ વિષય લઇને ગયો ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એકપણ સેકન્ડનો વિચાર કર્યા વગર આ જગ્યા પર બે લાખ ફૂટ જેટલી જગ્યા વિનામૂલ્યે કોર્પોરેશનને ફાળવી આપી અને ભવિષ્યમાં ત્યાં ટાંકી બનવા જઇ રહી છે, એનું ખાતમુહૂર્ત પણ માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે થઇ ગયું છે માટે વિશેષરૂપે માનનીય મુખ્યમંત્રીશ્રીનો આજના દિવસે આભાર વ્યક્ત કરું છું. આપણે માત્ર હવે ગટર વ્યવસ્થાની વાત કરતા નથી. ગામડાઓ પણ જે શહેરમાં આવે છે. નગરપાલિકાઓમાં પણ ગટરલાઇન સુનિશ્ચત કરીએ છીએ. જરૂર પડે ત્યાં એ.પી.એસ. પણ બનાવીએ છીએ અને સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવીને આપણે પાણીને ટ્રીટ કરીને નદી અને તળાવમાં છોડીએ છીએ. હવે ટર્શરી ટ્રીટેડ પાણી કંપનીઓને વેચીને આપણી નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ એની આવક મેળવી રહી છે આ દિશામાં સરકાર કામ કરી રહી છે. મેં કહ્યું એમ ટ્રાફિક અને પાર્કિંગ હવે વૈશ્વિક સમસ્યા છે અને એના નિરાકરણ માટે પબ્લિક ટ્રાન્સપોર્ટેશન ઉત્તમ ઉપાય છે. શહેરી વિસ્તારમાં સિટી બસ વર્ષોથી ચાલે છે, પછી એક યુગ આવ્યો કે આપણે હવે બી.આર.ટી.એસ. તરફ પણ આગળ વધ્યા છીએ. હવે પી.એમ.ઇ–બસ દ્વારા ૮ શહેરોને ઇલેક્ટ્રિક બસો આપવા જઇ રહ્યા છીએ. જે પોલ્યુશનમાં પણ ઘટાડો કરશે અને એ.સી. બસ હોવાના કારણે લોકોને પણ એનો ફાયદો થવાનો છે. હાલમાં જ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા ભાવનગરમાં ચાર્જિંગ સ્ટેશન અને ડેપોની કામગીરી પૂર્ણે થઇ ત્યારે ૫૦ જેટલી બસોનું લોકાર્પણ માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવ્યું. અન્ય શહેરોને પણ આવી બસો મળવાની છે. સરકાર ઉદાર હાથે જે વાયાબિલિટી ગેપ ફંડિંગ કહેવાય. જયાં બસો રન કરવાની છે એના માટે રૂ.૧૭૪ કરોડની જોગવાઇ પણ આ બજેટમાં કરવામાં આવી છે. દિવસે ને દિવસે પબ્લિક ટ્રાન્સપોર્ટેશનનો વ્યાપ વધે એ દિશામાં સરકાર કામ કરે જ છે. પરંતુ એનાથી પણ એક સ્ટેપ આગળ વિચારીને જેમ અમદાવાદ અને ગાંધીનગરમાં આજે મેટ્રોનો બહોળો ઉપયોગ થઇ રહ્યો છે તેમ અન્ય શહેરોમાં પણ મેટ્રોનો લાભ મળે. સુરતમાં મેટ્રોનું કામ ચાલુ કરવામાં આવ્યું છે. વડોદરા અને રાજકોટમાં મેટ્રોનો સરવે પણ પૂરો કરવામાં આવ્યો છે. આ દિશામાં સરકાર ખૂબ સારું કામ કરી રહી છે. ઘન કચરાના એટલે કે સોલીડ વેસ્ટના મેનેજમેન્ટ માટે વૈજ્ઞાનિક ઢબે આનું પ્રોસેસિંગ થાય આ દિશામાં સરકારે ૧૬૧ પ્રોજેક્ટની ગુજરાતભરમાં મંજૂરી આપી છે, એમાંથી પર પ્રોજેક્ટનું કામ પૂર્ણ થયું છે, બાકીના ૧૦૯ પ્રોજેક્ટ વિવિધ તબક્કે કામગીરી હેઠળ છે. આશરે ૫૩ લાખ મેટ્રિક ટન લેગાસી વેસ્ટ પૈકી ૩૩ લાખ મેટ્રિક ટન લીગસી વેસ્ટ આમાં પ્રોસેસ થયો છે. બાકીના આ પ્રોસેસની સાથે કયાંક બાયોગેસ ઉત્પન્ન કરીએ છીએ અને ક્યાંક વીજળી પણ ઉત્પન્ન કરીએ છીએ. સરકાર આ દિશામાં અભિનંદનીય કામ કરી રહી છે. અમદાવાદની વાત કરું તો હું નાનો હતો ત્યારે અમે અમદાવાદમાં આવીએ. અમદાવાદમાં એક પીરાણા ડમ્પિંગ સાઇટ છે. કદાચ વર્ષ ૧૯૮૦, એટલે મારા જન્મ પહેલાથી ત્યાં કચરાનું ડમ્પિંગ થતું હતું અને ઢગલા થયા હતા. મારા એક ફોઇ મણીનગર રહે અને એક ફોઇ નારણપુરા રહે. અમે આ રસ્તો પકડીએ અને હું બહુ નાનો હોવાથી આ રસ્તો સાચો છે કે નહીં એ હું યાદ કેવી રીતે રાખું? તો ભાઇ, કચરાનો ઢગલો આવ્યો. એટલે ખબર પડે કે આપણે આજ રસ્તે જઇ રહ્યા છીએ અને ખરેખર એ રસ્તો સાચો ન હતો. એ હવે આપણને ફિલ થાય છે. હવેની સરકારે લીગસી વેસ્ટને બાયોમાઇનિંગ પદ્ધતિથી પ્રોસેસ કર્યો અને હવે ત્યાં ૧૦,૦૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કર્યું એટલે હવે ખબર પડી કે આ રસ્તો આ સાચો છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાંની સરકારો તો નદીની પણ ચિંતા નહોતી કરતી અને ભૂગર્ભ જળની પણ ચિંતા નહોતી કરતી, પરંતુ હાલમાં જ સાબરમતી રિવરફ્રન્ટ બનાવીને અમદાવાદને વૈશ્વિક ફલક પર મૂકવાનું કામ માનનીય તત્કાલીન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને માનનીય ભુપેન્દ્રભાઇની સરકાર જે રીતે કરી રહી છે તેના લીધે આજે અમદાવાદ તે વૈશ્વિક ફલક ઉપર પહોંચ્યું છે. એટલુ જ નહીં વિશ્વામિત્રીની અંદર પણ જે રીતે ગણતરીના મહિનાઓની

અંદર જે રીતે ઊંડી કરી અને પહોળી કરી આ ઐતિહાસિક કામ વડોદરા મહાનગર માટે કરવામાં આવ્યુ છે ત્યારે માનનીય મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીનો આ તબક્કે હું આભાર વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક સોસાયટીમાં આપણે ૮૦:૨૦ના રોડ બનાવ્યા. ભૂગર્ભજળ અંદર ઉતરતું બંધ થયુ તો એક ઐતિહાસિક નિર્ણય કરીને માનનીય મુખ્યમંત્રીએ દરેક ધારાસભ્યને ૫૦,૫૦ લાખ રૂપિયા આ ભૂગર્ભજળના રેઇન વોટર રીચાર્જ માટેના ફાળવ્યા અને મારી વિધાનસભાની અંદર ૨૧૮ સોસાયટીમાં ૨૦ ટકા, ૮૦:૨૦નો પણ તેમાં અમલ કરાવ્યો તો ૨૦ ટકા લેખે ૭૫ લાખનું બજેટ ફાળવીને ૩ કરોડ સરકારના ઉપયોગ કરીને ખૂબ મોટું ઐતિહાસિક કામ કર્યું છે માટે આ તબક્કે માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લો વિષય એર કવોલિટી ઈન્ડેક્ષની પણ ઘણા લોકોએ વાત કરી. આ દિલ્હીએ લોકોને દેખાડયું કે એર કવોલિટી કેટલી ખરાબ હોઇ શકે અને તેમા માટે ખરેખર ચિંતા છે કે, એર કવોલિટી ઈન્ડેક્ષમાં મારા એક વડીલ દિલ્હીમાં રહે તે તો એવું કહે કે મારા છોકરાને રમવા માટે મોકલું તો હું એર કવોલિટી ઈન્ડેક્ષ ઓનલાઇન જોઇને પછી બહાર મોકલું છું જયારે ગુજરાત સરકારે દરેક શહેરોની અંદર અર્બન ફોરેસ્ટ ઊભા કર્યા, નાનાં નાનાં ફેફસાં ઊભાં કર્યાં અને સરકારે જે કામ કર્યું છે તેના માટે સરકારને અભિનંદન આપું છું.

શ્રી પ્રવીણભાઇ મ. ઘોઘારી(કરંજ) : માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ વિધાનસભા સત્રના આ ચર્ચાકાળ દરમિયાન મને બોલવાનો અવસર આપવા બદલ આપનો ખૂબ ખૂબ આભાર.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું આ પંકિત સાથે મારી વાત શરૂ કરવા માગીશ કે, ''ગઇકાલના પડકારોને આજે અમે અવસરમાં બદલ્યાં છે, વિકાસની નવી ક્ષિતિજો સર કરવા અમે ગતિના નવા આયામો લખ્યાં છે''. આ માત્ર શબ્દો નથી પણ આ ડબલ એન્જિનની સરકારની કામ કરવાની પદ્ધતિ છે. હું આજે જયારે માનનીય મંત્રીશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. ખાસ કરીને શહેરી નિર્માણ અને ગૃહ નિર્માણ ઉપર વાત કરું તો ગુજરાત સરકાર દ્વારા આવાસન અને ખાસ કરીને પડકારરૂપ એવા શહેરી વિસ્તારોમાં લોકોની પાયાની સુવિધાઓ માટે આવાસો પૂરાં પાડવામાં કરેલાં કામોની વિગતો ગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રાજયના વધતાં જતાં શહેરીકરણના કારણે શહેરી સુવિધાની માગમાં અથવા તો જરૂરિયાતમાં ઘણો જ વધારો થયેલો છે. ગુજરાતમાં શહેરી વિસ્તાર અને રાજયોની સરખામણીમાં ઘણો વધારો છે એની સાથે આવાસો સહિત અન્ય માળખાકીય સગવડો અને સમસ્યાઓ વધુ જટિલ છે તેથી જ રાજય સરકાર આ પ્રશ્નના નિરાકરણને સુવ્યવસ્થિત વિકાસનો અવસર માનીને ગુજરાતના શહેરીજનોને ઝૂંપડપટ્ટી મુકત કરવા તેમજ શહેરી ગરીબ અને મધ્યમ વર્ગના લાભાર્થીઓને પોષાય તેવી કિંમતના આવાસો મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ છે. આ હેતુથી વર્ષ-૨૦૧૩માં મુખ્યમંત્રી ગૃહ યોજના અમલીકૃત કરવામાં આવેલ. ત્યારબાદ કેન્દ્ર સરકાર દ્વારા આવાસોના વધુ સારા લાભો તથા લાભાર્થીઓને આવાસો માટેના વિકલ્પો પ્રાપ્ત થાય તેને ધ્યાનમાં રાખી સૌને આવાસ મળી રહે તેવા હેતુ સાથે જૂન-૨૦૧૫થી પ્રધાનમંત્રી આવાસ યોજના અમલીકરણ બનાવવામાં આવેલ છે. જેથી રાજય સરકાર દ્વારા પણ રાજયના મુખ્યમંત્રી ગૃહ યોજનાને પ્રધાનમંત્રી આવાસ યોજના સાથે સંકલિત કરી યોજનાના ચાર ઘટકનું અમલીકરણ સુદૃઢ થાય તે નિર્ધારિત કરવામાં આવ્યુ છે. પ્રધાનમંત્રી આવાસ યોજનાના વિવિધ ઘટકોના અમલીકરણ થકી કેન્દ્ર સરકારશ્રીની સહાય સાથે લોકોને આવાસ પૂરા પાડવાની આ યોજના ગુજરાત સરકારશ્રી દ્વારા આયોજનબદ્ધ રીતે ઝડપથી અમલીકૃત બનાવવામાં આવી રહેલ છે. આપણા પ્રજાવત્સલ માનનીય વડાપ્રધાનશ્રીનું સ્વપ્ન છે કે દેશના તમામ લોકો પાસે પોતાનું ઘરનું ઘર હોય, ઘરમાં નળ હોય, નળમાં પાણી હોય, વીજળી હોય, શૌચાલયની સુવિધા પણ હોય, આ સ્વપ્નને સાકાર કરવા માટે ગુજરાત સરકાર દ્વારા કટીબદ્ધ રીતે બીડું ઝડપી આવાસન ક્ષેત્રે કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગુજરાત રાજયમાં વર્ષ ૨૦૧૬માં એકત્રિત કરેલ આવાસની અંદાજીત માંગ મુજબ ૭.૬૪ લાખ આવાસોના લક્ષ્યાંક સામે આજ દિન સુધી ૯.૫૭ લાખ જેટલા આવાસો મંજૂર કરી લેવામાં આવેલ છે. આ મંજૂર થયેલ આવાસો પૈકી ૯.૧૯ લાખ જેટલા આવાસોની કામગીરી પૂર્ણ થઇ છે અને બાકી રહેલા આવાસોની કામગીરી વિવિધ તબક્કે પ્રગતિ હેઠળ છે. મને જણાવતાં આનંદ થાય છે કે પ્રધાનમંત્રી આવાસ યોજનાની અમલવારીમાં ગુજરાત રાજય દેશના અન્ય રાજયોની સરખામણીમાં અગ્રસ્થાને છે. ગુજરાત રાજય માટે ગૌરવની વાત એ છે કે ઋણ આધારિત વ્યાજ સહાય યોજના ઘટક હેઠળ છ લાખ કરતાં પણ વધારે લાભાર્થીઓને પ્રથમ આવાસ પર લીધેલ લોન પર વ્યાજ સહાયનો લાભ અપાવી ગુજરાત રાજય વર્ષ ૨૦૧૭ના વર્ષમાં પ્રથમ સ્થાને રહેલ છે. વર્ષ ૨૦૨૦માં કેન્દ્ર સરકારશ્રીના દ્વારા આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેક્સીસ યોજના અંતર્ગત શહેરી ગરીબો માટે કામોદારોને સસ્તા ભાડાના આવાસો પૂરા પાડવાની જાહેરાત કરવામાં આવેલ. એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ કોમ્પ્લેકસ નીતિ જાહેર થયાથી ત્રણ માસમાં જ સુરત શહેરના સુડા વિસ્તારના નિર્માણ પામેલ ૩૯૩ આવાસોને મોડેલ-૧ અંતર્ગત ભાડાના મકાનમાં રૂપાંતરિત કરી પ્રોજેકટની મંજૂરી મેળવનાર ગુજરાત પ્રથમ રાજય બન્યું છે જેમાં રૂ. ૧૮ કરોડ જેટલી ડિપોઝિટ પ્રિમિયમની રકમ સુડાને મળવાપાત્ર થનાર છે. જરૂરિયાતમંદ કુટુંબોને સુવિધાસભર આવાસો વ્યાજબી કિંમતે ઝડપથી ઉપલબ્ધ થાય તે માટે વર્ષ ૨૦૧૯માં કેન્દ્ર સરકારશ્રી દ્વારા આવાસન ક્ષેત્રે બાંધકામ સમય ઘટાડવા તથા ગુણવત્તા વધારવા અને બાંધકામ કિંમત ઘટાડવા નવીનતમ ટેકનોલોજીનો ઉપયોગ આવાસન ક્ષેત્રે ચાલુ કરવા ગ્લોબલ

હાઉસિંગ ટેકનોલોજી ચેલેન્જની શરૂઆત કરવામાં આવી જે અંતર્ગત લાઇટ હાઉસ પ્રોજેકટ અમલીકરણ કરવા કેન્દ્ર સરકારશ્રી દ્વારા ભારતભરમાંથી પસંદ કરવામાં આવેલ ૬ રાજ્યો પૈકી ગુજરાત રાજ્યની રાજકોટ શહેરની ૧૧૪૪ જેટલા આવાસો બનાવવા માટેની પ્રપોઝલને સ્થાન મળેલ છે. આ પ્રોજેકટ ટનલ ફોર્મવર્ક દ્વારા મોનોલિથિક કોંક્રિટ કન્સ્ટ્રકશન ટેકનોલોજીના ઉપયોગથી બનાવવામાં આવેલ છે જેનું લોકાર્પણ માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા તા.૧૯-૧૦-૨૦૨૨ના રોજ કરવામાં આવ્યું અને રાજ્યમાં નવીન ટેકનોલોજીનો ઉપયોગ વધે તે માટે ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું. પ્રધાનમંત્રી આવાસ યોજના ૨.૦ની વાત કરું તો કેન્દ્ર સરકારશ્રી દ્વારા દરેક ઘરવિહોણાઓને માળખાકીય સુવિધાઓ સાથે પોતાની માલિકીનું પાકું આવાસ મળી રહે તે હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા આગામી ૫ વર્ષ માટે સપ્ટેમ્બર-૨૦૨૪માં પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી ૨.૦ હાઉસિંગ ફોર ઓલ મિશનની જાહેરાત કરવામાં આવેલ. જેને ગુજરાત રાજ્યમાં માર્ચ-૨૦૨૫માં અમલી બનાવવાનો નિર્ણય કરવામાં આવેલ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી ૨.૦ અંતર્ગત અગાઉની પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત બાકી રહેલ ઘરવિહોણાઓને ચાર ઘટકોના વિકલ્પ ઉપલબ્ધ કરવામાં આવી રહેલ છે જેમ કે બેનિફિશિયર લેન્ડ અન્ડર કન્સ્ટ્રકશન ઘટક, એફોર્ડેબલ હાઉસિંગ ઇન પાર્ટનરશીપ ઘટક, ઇન્ટરેસ્ટ સબસિડી સ્કીમ, એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ. જેમાં બેનિફિશિયર લેન્ડ કન્સ્ટ્રકશન ઘટક યોજનાની વાત કરું તો કેન્દ્ર સરકારની પી.એમ.એ.વાય. ૨.૦ અંતર્ગત બેનિફિશિયર લેડ કન્સ્ટ્રકશન ઘટક હેઠળ રૂ. ૩ લાખ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક ધરાવતાં આર્થિક રીતે નબળા વર્ગના પાત્રતા ધરાવતા લાભાર્થીઓને પોતાની માલિકીની ખુલ્લી જમીન ઉપર કાચા અથવા જર્જરીત આવાસને ઉતારી ૩૦થી ૪૫ ચો.મી. કાર્પેટ વિસ્તાર સુધીની મર્યાદામાં ઓછામાં ઓછા બે રૂમ, રસોડું અને શૌચાલય/ બાથરૂમ ધરાવતા પાકા આવાસનું બાંધકામ કરી શકે છે જે અંતર્ગત આવાસદીઠ કેન્દ્ર સરકાર દ્વારા ૧.૫૦ તેમજ રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨.૫ લાખ એમ કુલ ચાર લાખ રુ.ની સહાય હમા સિસ્ટમથી ફાળવવામાં આવે છે. એફોર્ડેબલ હાઉસિંગ ઇન પાર્ટનરશીપની વાત કરું તો આ ઘટકનો વ્યાપ વધ્યો હતો. એમાં પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) ૨.૦ અંતર્ગત એફોર્ડેબલ હાઉસિંગ ઇન પાર્ટનરશીપ ઘટક હેઠળ સરકારી અને ખાનગી જમીન ઉપર આવાસોનું બાંધકામ કરી રૂ.૩ લાખ સુધીની વાર્ષિક આવક અને પાત્રતા ધરાવતા લાભાર્થીઓ માટે પારદર્શક ડ્રો માધ્યમથી EWS-1માં ૩૫થી ૪૦ ચો.મી. અને EWS-2માં ૪૧થી ૪૫ ચો.મી. એમ બે પ્રકારના આવાસો ફાળવવામાં આવનાર છે. આ ઘટક હેઠળ રૂ.૧.૫૦ લાખ તેમજ રાજ્ય સરકારના રૂ.૨ લાખ મળીને કુલ ૩.૫૦ લાખની સહાય લાભાર્થીઓને મળે છે. ઇન્ટર સબસિડી સ્કિમ એ કેન્દ્રીય ક્ષેત્ર ઘટક હેઠળ તા.૧/૯/૨૦૨૪ બાદ આર્થિક રીતે નબળા વર્ગ, ઓછી આવક ધરાવતાં જૂથો અને મધ્યમ આવક ધરાવતા વર્ગને કેટેગરી પ્રમાણે વાર્ષિક આવક ધરાવતાં પરિવારોને ૧૨૦ ચો.મી. સુધીનો કાર્પેટ વિસ્તાર ધરાવતા મહત્તમ રૂ.૩૫ લાખ સુધીની કિંમતના પ્રથમ આવાસની ખરીદી પર રૂ.૨૫ લાખ સુધીની લીધેલી લોન પૈકી પ્રથમ રૂ.૮ લાખ સુધીની લોન પર ૪ ટકા વ્યાજ સહાય આપવામાં આવશે. એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગના કેન્દ્રીય ક્ષેત્ર ઘટક હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ યોજના હેઠળ સ્થળાંતરિતો, નિરાધાર, ઘરવિહોણા, ઔધોગિક કામદારો, વર્કિંગ વુમન, બાંધકામ શ્રમિકો, શહેરી ગરીબો, વેપાર સંગઠનમાં કામ કરતાં શૈક્ષણિક, આરોગ્ય સંસ્થા અને હોસ્પિટાલિટી ક્ષેત્ર સાથે સંકળાયેલા વ્યક્તિઓ, કરાર આધારિત કર્મચારીઓ અને આ કેટેગરીમાં આવતા અન્ય તમામ લોકોને સસ્તા ભાડાના આવાસ પૂરા પાડવાની જોગવાઇ કરવામાં આવી છે. આ અંતર્ગત આ યોજનામાં કુલ રૂ.૧૦,૭૬૨ કરોડની રકમના ૧,૦૩,૩૨૯ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રાજ્યના તમામ શહેરી વિસ્તારના વધુમાં વધુ લાભાર્થીઓને પાકું આવાસ ઉપલબ્ધ થાય તે રીતે આગામી પાંચ વર્ષ માટે આ યોજના અંતર્ગત અમલીકરણ કરવામાં આવ્યું છે.

ઉપાધ્યક્ષશ્રી : સભ્યશ્રી ઉમેશભાઇ મકવાણા.

ઉપાધ્યક્ષશ્રીની જાહેરાત
લોકતાંત્રિક રાજકારણમાં નવો ઇતિહાસ રચવા બાબત

ઉપાધ્યક્ષશ્રી : આજે તા. ૨૩ માર્ચ, બલિદાન દિવસ છે. હિન્દુસ્તાનની આઝાદી માટે પોતાનું સર્વોચ્ચ અર્પણ કરનારા વીર ભગતસિંહ, રાજગુરુ સુખદેવને હું ગૃહ વતી શ્રદ્ધાંજલિ પાઠવું છું. આજે માનનીયશ્રી મોદી સાહેબે ભારતના લોકતાંત્રિક રાજકારણમાં નવો ઇતિહાસ રચ્યો છે. સિક્કિમના પૂર્વ મુખ્યમંત્રીશ્રી પવનકુમાર ચામલીંગનો ૮૯૩૦ દિવસનો રેકર્ડ બ્રેક કરીને માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દેશના સૌથી લાંબા સમય સુધી સરકાર ચલાવનારા નેતા બન્યા છે. તેમણે ૭મી ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી પદથી લઇને યશસ્વી વડાપ્રધાન પદ સુધીની તેઓશ્રીની સફર, સતત જીત, મજબૂત નેતૃત્વ, સતત વિકાસની હરણફાળ અને રાજકીય સ્થિરતાનું ઉદાહરણ બનીને ઇતિહાસ રચ્યો છે. માનનીયશ્રી મોદી સાહેબ અત્યાર સુધીમાં ૮૯૩૧ દિવસથી સરકારના વડા તરીકે કાર્યરત છે તે બદલ હું સમગ્ર ગૃહ વતી અભિનંદન પાઠવું છું.

આજે બજેટની માગણી પર છેલ્લો દિવસ છે ત્યારે હું તમામ સભ્યો, ખાસ કરીને કાપ દરખાસ્તમાં ભાગ લેનારા તમામ સભ્યો હાજર રહે તેવી વિનંતી કરું છું.

(વિરામ ૨:૨૮થી ૩:૦૦)

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આ સન્માનનીય વિધાનસભા ગૃહમાં નાણા વિભાગની વર્ષ ૨૦૨૬-૨૭ માટેની માગણી ક્રમાંક-૧૫, ૧૬, ૧૭ અને ૧૮ રજૂ કરવા ઉપસ્થિત થયો છું તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની માગણી ક્રમાંક-૧૦૧ અને ૧૦૨ રજૂ કરું છું. આ માગણીઓ સંદર્ભે માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાનાં સૂચનો અને મંતવ્યો રજૂ કર્યાં છે. સભ્યશ્રીઓએ રજૂ કરેલ તમામ સૂચનો અને અવલોકનો અત્યંત મૂલ્યવાન છે પરંતુ આ માગણીઓ રાજ્યના સર્વાંગી વિકાસ, નાણાકીય શિસ્ત અને પારદર્શક વહીવટ માટે અત્યંત જરૂરી છે. જેથી બધી માગણીઓ સર્વાનુમતે પસાર થાય તેવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પનોતા પુત્ર માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજી દ્વારા દર્શાવેલા વિકાસ પથ ઉપર રાજ્ય દૃઢતાપૂર્વક આગળ વધી રહ્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નિર્ણાયક નેતૃત્વ અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીની ઊર્જા હેઠળ અમારી સરકાર વિકાસયાત્રાને વધુ વેગ આપવા પ્રયત્નશીલ અને સંકલ્પબદ્ધ છે. અમારી સરકાર દ્વારા તા.૧૮/૦૨/૨૦૨૬ના રોજ આ ગૃહમાં રાજ્યનું વર્ષ ૨૦૨૬-૨૭નું ઇતિહાસનું સૌથી મોટું બજેટ રજૂ કરવામાં આવેલ. જેના ઉપર ૪ દિવસ સામાન્ય ચર્ચા અને ૧૨ દિવસ માગણીઓ ઉપર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. રાજ્યના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને અંદાજપત્ર તૈયાર કરવામાં આવ્યું છે. અગાઉના વર્ષ ૨૦૨૫-૨૬ની જોગવાઇઓ સામે આગામી વર્ષે કેટલાક વિભાગોની બજેટ જોગવાઇઓમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. જેમ કે, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગમાં ૮૩.૪૯ ટકા, સામાન્ય વહીવટ વિભાગમાં ૪૫.૫૩ ટકા, માર્ગ અને મકાન વિભાગમાં ૨૦.૨૬ ટકા, ઉદ્યોગ અને ખાણ વિભાગની જોગવાઇઓમાં ૧૯.૧૦ ટકા, વન અને પર્યાવરણ વિભાગમાં ૧૩.૩૭ ટકા અને શહેરી વિકાસની જોગવાઇઓમાં ૧૦.૪૮ ટકાનો વધારો કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારો નાણાં વિભાગ નિયત માપદંડો અને સુશાસનની પરંપરાઓ મુજબ નાણાકીય વ્યવસ્થાપન કરી નાણાકીય શિસ્તનું કડક રીતે પાલન કરી રહ્યો છે. રાજવિત્તીય સ્થિરતા અને રાજવિત્તીય સંચાલનમાં સમજદારી સુનિશ્ચિત કરવા, રાજ્ય સરકારને જવાબદાર બનાવવા ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ, ૨૦૨૫ ઘડવામાં આવેલો છે. આપણી ગુજરાત સરકાર આ માપદંડો મુજબ મહેસૂલી ખાધને નાબૂદ કરવા કે મહેસૂલી પુરાંત હાંસલ કરવાના લક્ષ્યાંક સાથે કામ કરે છે. જેની સામે રાજ્યએ વર્ષ ૨૦૨૪-૨૫ના મહેસૂલી ખાધના શૂન્યના લક્ષ્યાંક સામે રૂ.૧૮,૯૪૩ કરોડની મહેસૂલી પુરાંત સિદ્ધ કરી છે અને વર્ષ ૨૦૨૫-૨૬ના સુધારેલા અંદાજ મુજબ રૂ.૨૩,૭૨૫ કરોડની મહેસૂલી પુરાંત હાંસલ કરી છે અને વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજમાં રૂ.૨૫,૫૮૭ કરોડની મહેસૂલી પુરાંત અંદાજેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય શૈલેષભાઇની ચિંતા વિશે જણાવું કે, રાજવિત્તીય ખાધ (ફિસ્કલ ડેફિસિટ) રાજ્યના એકંદર ઘરગથ્થું ઉત્પાદન (જી.એસ.ડી.પી.)ના ૩ ટકાની મર્યાદામાં રાખવાની થાય છે. જેની સામે રાજ્યની રાજવિત્તીય ખાધ વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજ અનુસાર જી.એસ.ડી.પી.ના ૧.૯૭ ટકા અને વર્ષ ૨૦૨૫-૨૬ના સુધારેલ અંદાજ મુજબ ફક્ત ૧.૯૫ ટકા જ રહેશે. રાજ્યનું કુલ દેવું રાજ્યના એકંદર જી.એસ.ડી.પી.ના ૨૭.૧૦ ટકાની મર્યાદામાં રાખવાનું રહે છે. જેની સામે રાજ્યનું કુલ દેવું વર્ષ ૨૦૨૪-૨૫માં જી.એસ.ડી.પી.ના ૧૩.૮૭ ટકા જેટલું હતું અને વર્ષ ૨૦૨૫-૨૬ના સુધારેલ અંદાજ મુજબ ૧૪.૪૨ ટકા અને વર્ષ ૨૦૨૬-૨૭ના જી.એસ.ડી.પી.ના ૧૪.૬૫ ટકા અંદાજેલ છે. રાજ્યની બાકી બાંયધરી એટલે કે સરકાર તરફથી જે ગૅરંટી આપવામાં આવે છે તે બાંયધરી અધિનિયમ, ૧૯૬૩ અંતર્ગત નક્કી કરવામાં આવેલ રૂ.૨૦ હજાર કરોડની મર્યાદાની સામે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ અંતિત રૂ.૧,૪૨૧ કરોડ રહેવા પામેલ છે એટલે ગૅરંટી પણ એકદમ મર્યાદામાં છે. રાજ્ય સરકાર ઝડપી આર્થિક વિકાસ હાંસલ કરવા માટે મૂડી ખર્ચમાં સતત વધારો કરીને સંપત્તિ નિર્માણને પ્રોત્સાહન આપી રહી છે. વર્ષ ૨૦૨૬-૨૭ના કુલ ૪ લાખ ૮ હજાર ૫૩ કરોડના અંદાજપત્રમાં ૧ લાખ ૫૭ હજાર ૩૫૮ કરોડની ફાળવણી મૂડી ખર્ચ માટે કરવામાં આવી છે. આમ, રાજ્ય સરકાર દ્વારા રાજ્યના કુલ ખર્ચ પૈકી ૩૯ ટકા રકમ મૂડી ખર્ચ માટે ફાળવણી કરાયેલ છે. જે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના મૂડી ખર્ચ ૨૫.૧ ટકાની સરખામણીમાં નોંધપાત્ર વધારો દર્શાવે છે. આ રકમ વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજો કરતાં પણ ૧૮ ટકા વધારે છે. જે રાજ્ય સરકાર દ્વારા સંપત્તિસર્જન માટે નિરંતર પ્રગતિ દર્શાવે છે. રાજ્ય સરકાર દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં મૂડીખર્ચમાં સરેરાશ ૨૮ ટકાનો વધારો કરવામાં આવેલ છે. રાજ્યનું દેવું રાજ્યના વિકાસ કાર્યો અને મૂડી ખર્ચ માટેનું એક અગત્યનું સંશાધન છે. રાજ્યનું દેવું રાજવિત્તીય અધિનિયમમાં નિયત કરેલ મર્યાદામાં રહેવા પામેલ છે. રાજ્યને નિશ્ચિત રાજવિત્તીય લક્ષ્યાંકોની સિદ્ધિ પ્રાપ્ત થઇ છે. રાજ્યના અસરકારક નાણાકીય સંચાલનના પરિણામે આ પ્રમાણ સતત ઘટતું રહ્યું છે. રાજ્યે દેવાની ચૂકવણીમાં ક્યારેય ચૂક કરેલ નથી. રાજ્ય સરકારના અસરકારક નાણાકીય સંચાલન અને કુશળ નાણાકીય વ્યવસ્થાપનના લીધે છેલ્લા ૨૨ નાણાકીય વર્ષથી (વર્ષ ૨૦૦૪-૨૦૦૫થી વર્ષ ૨૦૨૫-૨૦૨૬ આજદિન સુધી) ઓવરડ્રાફ્ટ લીધેલ નથી. બીજા બધા રાજ્યો ઓવરડ્રાફ્ટ માટે કેન્દ્ર સરકારને ઘણી આજીજી કરે છે અને છેલ્લાં ૨૧ નાણાકીય વર્ષથી (વર્ષ ૨૦૦૫-૨૦૦૬થી આજદિન સુધી) સાધનોપાય પેશગી લીધેલ નથી. એટલે કે જેની લિમિટ ૨૭.૧૦ ટકાથી વધી જાય તે લોકોને ઓવરડ્રાફ્ટ પર આ પેશગી આપવામાં આવે છે.

તા.૨૩મી માર્ચ, ૨૦૨૬

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

ગુજરાત સરકારે આવાં કોઈ સાધનોનો ઉપયોગ કરેલ નથી. માનનીય વડાપ્રધાનશ્રી મોદીજીના નાણાકીય સમાવેશનના વિઝનને સાકાર કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ દિશામાં સતત પ્રયાસો થકી હાલની સ્થિતિએ રાજ્યમાં પ્રધાનમંત્રી જનધન યોજના હેઠળ ૧ કરોડ ૯૭ લાખ ૭૦ હજાર ૩૮૫ બેંક એકાઉન્ટ ખોલવામાં આવેલ છે તેમજ પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના હેઠળ ૧ કરોડ ૬ લાખ ૬૪ હજાર ૮૧૨ અને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના હેઠળ ૨ કરોડ ૨૮ લાખ ૮૨ હજાર ૧૫૬ લાભાર્થીઓની નોંધણી કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા ૧૫ વિભાગોની ૩૬૭ યોજનાઓ હેઠળના નાણાકીય સહાય ડી.બી.ટી.મારફત આપીને ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર રાજ્ય બન્યું છે. વર્ષ ૨૦૨૫-૨૬માં ૬ કરોડ ૬૩ લાખ લાભાર્થીઓને રૂ.૨૧૩૮૭ કરોડ ડી.બી.ટી. માધ્યમથી ચૂકવવામાં આવેલ છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઇ મોદીજીના વિકસિત ભારત-૨૦૪૭ના સંકલ્પને પરિપૂર્ણ કરવા ગુજરાત સરકારે 'વિકસિત ગુજરાત-૨૦૪૭'ના સર્વાંગી અને દીર્ઘદૃષ્ટિપૂર્ણ રોડમેપ તૈયાર કર્યો છે. આ રોડમેપ રાષ્ટ્રીય પ્રાથમિકતા સાથે સુસંગત રીતે રાજ્યના સર્વાંગી વિકાસ સંતુલિત અને ટકાઉ વિકાસને આગળ ધપાવવાનું કામ કરશે. આ વિકાસને વધુ મજબૂત બનાવતા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના ''લિવિંગ વેલ, અર્નીંગ વેલ''ના સિદ્ધાંત હેઠળ ગુજરાતના દરેક નાગરિક સારી રીતે જીવે અને સારી રીતે કમાય તે દિશામાં આગળ વધી રહ્યું છે. આ વિઝન અંતર્ગત નીચેના મુદ્દાઓ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક વિકાસ અને માનવબળ સશક્તિકરણ, સમાન અને સમાવેશી વિકાસ, ઉચ્ચ અને સ્થાયી આર્થિક વૃદ્ધિદર, રોજગારી અને ઉદ્યોગને પ્રોત્સાહન, મજબૂત અને આધુનિક ભૌતિક માળખાકીય સુવિધાઓ વગેરે. રાજ્ય સરકાર દ્વારા ઉક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા આયોજનબદ્ધ પ્રોજેક્ટસ અને પ્રજા કલ્યાણકારી યોજનાઓ મૂકવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ પાંચ વર્ષના સમયગાળા માટે સ્પેશિયલ ઇકોનોમિક રિજિયન એસ.ઇ.આર. અને અન્ય લાંબાગાળાના પ્રોજેક્ટ માટે રૂ.૫૦૦૧ કરોડની પ્રારંભિક જોગવાઇ સાથે રૂ.૫૦ હજાર કરોડનો વિકસિત ગુજરાત ફંડ સ્થાપિત કરવામાં આવેલ છે. આ પ્રતિબદ્ધતાને આગળ વધારતા રાજ્યનો સંતુલિત અને વર્લ્ડ ક્લાસ વિકાસ સુનિશ્ચિત કરવા તથા રાજ્ય સરકારની વિકાસની પહેલને વેગ આપવા માટે વર્તમાન બજેટમાં રૂ. ૧૦ હજાર કરોડની ફાળવણીનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીની દીર્ઘદૃષ્ટિનો પુરાવો એટલે કે ગિફ્ટ સિટીના કારણે ગુજરાતમાં મોટાપાયે સીધું વિદેશી રોકાણ આવ્યું છે. હજારો નવી નોકરીઓનું સર્જન થયું છે તેમજ આ પ્રોજેક્ટથી ગુજરાત વિશ્વના નકશા ઉપર એક આંતરરાષ્ટ્રીય ફાઇનાન્સ હબ તરીકે ઉભરી આવ્યું છે. જે દુબઇ અને સિંગાપુર જેવાં શહેરો સાથે સ્પર્ધા કરી રહ્યું છે. ગિફ્ટ સિટી ખાતે આઇ.એફ.એસ.સી.એ. એટલે ઇન્ટરનેશનલ ફાઇનાન્સિયલ સર્વિસ સેન્ટર ઓથોરિટી દ્વારા ૧૧૦૦થી વધુ એકમોની નોંધણી થયેલ છે, જેમાં ૩૮ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બેંકો, ૬૭ વીમા કંપનીઓ, ૬૦ ફિનટેક તેમજ અન્ય વિવિધ પ્રકારના નાણાકીય વ્યવસ્થાપન એકમો સાથે ગિફ્ટ સિટી વિશ્વમાં ઓફશોર નાણાકીય પ્રવૃત્તિઓના મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં સાત વર્ષમાં બેન્કિંગ મિલકતોના કુલ કદમાં સાત ગણો વધારો થયો છે. હવે માસિક એક્સચેન્જ ટર્નઓવર ૧૦૦ અબજ યુ.એસ. ડોલરને વટાવી ગયું છે. જે તેની વિશ્વમાં વધતી જતી પ્રતિષ્ઠા દર્શાવે છે. ગિફ્ટ સિટીમાં આવતી તમામ કંપનીઓને ૧૫ વર્ષના બ્લોકમાં સળંગ ૧૦ વર્ષ માટે ૧૦૦ ટકા ટેક્સ માફી મળતી હતી પરંતુ તાજેતરમાં કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭માં ગિફ્ટ સિટી ખાતે રોકાણ કરતી તમામ કંપનીઓને લાંબાગાળાની સ્થિરતા આપવા માટે આ મર્યાદા વધારીને ૨૫ વર્ષના બ્લોકમાં સળંગ વીસ વર્ષ સુધી સંપૂર્ણ ઇન્કમટેક્સ માફી આપવાની જાહેરાત કરેલ છે. ગુજરાત રાજ્ય ઇન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન એટલે કે ગ્રીટ દ્વારા રાજ્યના વિકાસને સુનિશ્ચિત કરવા દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તાર અને કચ્છ એમ ૬ રિજિયોનલ ઇકોનોમિક માસ્ટર પ્લાન તૈયાર કરેલ છે તે અન્વયે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે પ્રદેશલક્ષી વિકાસ અને સંતુલિત આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૨૦૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે જેનાથી ગુજરાતની વિકાસની ગતિને વેગ મળશે. કેન્દ્રીય નાણાપંચ દ્વારા મુખ્યત્વે કેન્દ્રના વેરાની આવકમાં રાજ્યને ફાળવવાના હિસ્સા માટે અને રાજ્યને અપાતી ગ્રાન્ટો માટે ભલામણ કરવામાં આવી છે. ૧૫મા નાણાપંચની મુદ્દત માર્ચ -૨૦૨૬માં પૂરી થનાર છે અને એપ્રિલ-૨૦૨૬થી ૧૬મા નાણાપંચોની ભલામણોનો અમલ શરૂ થઇ રહ્યો છે. ૧૫મા નાણાપંચની સાપેક્ષમાં ૧૬મા નાણાપંચ અંતર્ગત કેન્દ્રીય વેરામાં ગુજરાતનો હિસ્સો ૩.૪૭૮ ટકાથી વધીને ૩.૭૫૫ ટકા નિર્ધારિત થયો છે. જે પ્રમાણે ગુજરાતને વર્ષ ૨૦૨૬-૨૭માં રૂ.૫૭,૩૧૧ કરોડ મળવાનો અંદાજ છે. નાણાપંચ અંતર્ગત શહેરી અને ગ્રામ્ય સ્વરાજ્યની સંસ્થાઓ તથા અન્ય વિભાગોને ફાળવાતી ગ્રાન્ટમાં વધારો થયો છે. વર્ષ ૨૦૨૫-૨૬ માટે નિર્ધારિત ગ્રાન્ટ રૂ. ૬૨૬૮ કરોડની સરખામણીએ આગામી વર્ષ ૨૦૨૬-૨૭માં માટે આશરે ૧૧.૬૬ ટકાના વધારા સાથે રૂ. ૬૯૬૯ કરોડની ગ્રાન્ટ મળવાનો અંદાજ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માગણી ક્રમાંક-૧૬, કર વસૂલાતની વાત કરીએ તો મને જણાવતાં આનંદ થાય છે કે આપણા યશસ્વી વડાપ્રધાન માનનીય મોદીજીએ ૭૯મા સ્વાતંત્ર્ય દિને લાલ કિલ્લા ઉપરથી ખેડૂતો, સામાન્ય જનતા, નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને નોંધપાત્ર લાભ કરનારી, જી.એસ.ટી. ૨.૦ સુધારાની જાહેરાત કરેલ. જે અન્વયે ૫૬મી જી.એસ.ટી. કાઉન્સિલ દ્વારા ચીજવસ્તુઓ અને સેવાઓ ઉપર જી.એસ.ટી. હેઠળ વેરાના દરમાં નોંધપાત્ર ઘટાડો તેમજ જી.એસ.ટી. સરળીકરણની જાહેરાત કરી, તબક્કાવાર અમલ કરેલ છે. નવરાત્રિના પ્રથમ દિવસથી જી.એસ.ટી. વેરાના દરમાં થયેલા

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

ઘટાડાના અમલીકરણના પગલે રાજ્યની જનતાને એક વર્ષમાં અંદાજે રૂ. ૧૧ હજાર કરોડના જી.એસ.ટી. વેરાની બચત થકી સીધો લાભ થનાર છે. વ્યક્તિગત મેડિકલેઇમ અને વ્યક્તિગત જીવન વીમાના પ્રિમિયમને જી.એસ.ટી. હેઠળ સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે. જેથી રાજ્યમાં વીમા કવચમાં વધારો થયેલ છે. કેન્સર જેવી જીવલેણ બીમારીની સારવાર માટે વપરાતી ૩૩ જેટલી દવાઓને વેરામાફી આપવામાં આવી છે તેમજ અન્ય તમામ દવાઓ ઉપર વેરાનો દર ૧૨ ટકાથી ઘટાડીને ૫ ટકા કરવામાં આવ્યો છે. ખેતી માટે જરૂરી એવા ટ્રેકટર, ફર્ટિલાઇઝર, પિયત સાધનો તેમજ અન્ય મશીનરી પર વેરાના દર ૧૮ ટકાથી ઘટાડીને ૫ ટકા રાખવામાં આવ્યા છે. રીન્યુએબલ એનર્જીને પ્રોત્સાહન આપવા માટે સોલાર પેનલ, સોલાર કુકર, રિન્યુએબલ એનર્જી ડિવાઇસમાં વેરાના દર ૧૨ ટકાથી ઘટાડીને ૫ ટકા કરવામાં આવ્યા છે. ટેક્સટાઇલ સપ્લાય ચેઇનમાં આવતી ચીજવસ્તુઓ પર વેરાના દર ૧૨ ટકાથી ઘટાડી ૫ ટકા કરવામાં આવ્યો છે. આનાથી ટેક્સ કન્વર્ઝનમાં ઘટાડો થશે, ટેક્સફ્લોમાં વધારો થશે અને દેશના ટેક્સટાઇલ સેકટરની સાથોસાથ ગ્રાહકોને પણ સીધો ફાયદો થશે. માનનીય મોદી સાહેબના વિઝનને પગલે જી.એસ.ટી.ના નિયમોમાં પણ ઘણું સરળીકરણ કરવામાં આવ્યું છે. રજિસ્ટ્રેશન પ્રક્રિયાને સરળ બનાવવા તા. ૧-૧૧-૨૦૨૫થી વૈકલ્પિક સરળ જી.એસ.ટી. રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું છે. જે થકી માસિક રૂપિયા ૨.૫ લાખની વેરાશાખ પાસઓન કરતાં રાજ્યના લઘુ, નાના અને મધ્યમ ઉદ્યોગકારોને ફક્ત ૩ દિવસમાં જી.એસ.ટી. રજિસ્ટ્રેશન મળી શકે તે માટે જોગવાઇ કરવામાં આવી છે. આના લીધે લગભગ ૬૩ હજાર જેટલા વેપારીઓને તુરત નોંધણી નંબર મળ્યો છે. જી.એસ.ટી. ના અસરકારક અમલીકરણના લીધે ગુજરાતનો ટેક્સબેઝ વધ્યો છે. જૂન-૨૦૧૭માં જી.એસ.ટી.ની અમલવારી થઇ તે સમયે રાજ્યમાં કરદાતાઓની સંખ્યા ૫ લાખ ૮ હજાર ૮૬૩ હતી જે આજે વધીને ૧૩ લાખ ૮૨ હજાર ૩૪૨ થઇ છે. આમ, કરદાતાઓની સંખ્યામાં ૧૭૨ ટકાથી વધુનો વધારો થયેલ છે. જામનગર ખાતે તા. ૨૬-૧-૨૦૨૬થી અઠવાડિયામાં બે દિવસ રજિસ્ટ્રેશનના બાયોમેટ્રિક ડોક્યુમેન્ટેશન વેરિફિકેશનની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. આ પ્રકારની સુવિધા રાજ્યના અન્ય ૬ સ્થળોએ પાટણ, મોરબી, ભુજ, સુરેન્દ્રનગર, આણંદ અને ભરુચ ખાતે કરવામાં આવશે. કરદાતાની વર્કિંગ કેપિટલ બ્લોક ન થાય અને કરદાતાને ઝડપી રીફંડ મળે તે હેતુસર જોખમના મૂલ્યાંકનના આધારે કરદાતા દ્વારા દાવો કરાયેલા રીફંડના ૯૦ ટકા ટેક્સને દિન-૭માં પ્રોવિઝનલ રીફંડ તરીકે ચૂકવવાની જોગવાઇ કરવામાં આવી છે. જી.એસ.ટી.ના દરમાં ઘટાડો થવા છતાં જી.એસ.ટી. સરળીકરણ, રાજ્ય વિભાગની કામગીરીના પરિણામે ટેક્સબેઝ તથા ટેક્સ કોમ્પ્લાયન્સમાં થયેલ વધારાના પરિણામે રાજ્યની ચાલુ વર્ષે જી.એસ.ટી.ની આવકમાં ૧૩ ટકાનો વધારો થયેલ છે. રાષ્ટ્રીય કક્ષાએ આવકનો ગ્રોથ અંદાજે ૮ ટકા રહેલ છે. એપ્રિલ-૨૦૨૫ થી ફેબ્રુઆરી-૨૦૨૬ સુધી જી.એસ.ટી., વેટ, ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી, પ્રોફેશનલ ટેક્સ સાથે મળીને કુલ ૧ કરોડ ૧ લાખ ૧૫ હજાર ૪૨૧ કલેકશન થયેલ છે. નિયત સમયમર્યાદામાં જી.એસ.ટી. પત્રક ભરવામાં રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત સતત છેલ્લાં ૫ વર્ષથી પ્રથમ ક્રમે રહ્યું છે જે ગુજરાતના કરદાતાઓની શિસ્તબદ્ધતા અને રાજ્ય વેરા વિભાગના સહિયારા પ્રયાસોના લીધે શક્ય બનેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માગણી નં. ૧૭ તિજોરી હિસાબ વહીવટની વાત કરીએ તો રાજ્ય સરકારના નાણાકીય હિસાબોની કામગીરી માટે હાલમાં આઇ.એફ.એમ.એસ. (I.F.M.S.) સોફ્ટવેર કાર્યરત છે. આ વર્ષે રાજ્યનું બજેટ તૈયાર કરવાની પ્રક્રિયાને વધુ સુગમ અને ડિજિટલ બનાવવાના હેતુસર નવું બજેટ પોર્ટલ વિકસાવવામાં આવેલ છે. આ પોર્ટલ મારફત વિવિધ વિભાગો દ્વારા બજેટ એસ્ટિમેટસ, રિવાઇઝ એસ્ટિમેટસ ઉપરાંત ચાલુ તથા નવી બાબતોની તૈયારી, સંકલન અને વિશ્લેષણને વધુ અસરકારક અને સરળતાથી કરી શકાયું છે. આ રીતે નવું બજેટ પોર્ટલ તથા આઇ.એફ.એમ.એસ. ૩.૦ પ્રોજેક્ટ રાજ્યના નાણાકીય વ્યવસ્થાપન પદ્ધતિને આધુનિક અને વધુ અસરકારક બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. રાજ્ય સરકારના આ પોર્ટલ ઉપરથી તમામ પ્રકારના માધ્યમોને ચૂકવણુ કરવાની સુવિધા ઉપલબ્ધ રહેશે. વીમા નિયામક કચેરી દ્વારા ગુજરાતની સામૂહિક જૂથ અકસ્માત યોજના અંતર્ગત રાજ્યના ૪ કરોડ ૧૨ લાખ લોકોને સમાવવામાં આવ્યા છે. ગત વર્ષે આ યોજના હેઠળ ૨૭૯૧ લાભાર્થીઓને રૂ.૫૦.૯ કરોડનું ચૂકવણું કરવામાં આવેલ છે. જ્યારે ફેબ્રુઆરી ૨૦૨૬ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષ દરમ્યાન ૧૭,૪૪૫ લાભાર્થી પરિવારોને રૂ.૩૧૦ કરોડ ૮૩ લાખનું ચૂકવણું કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ ખાતેદાર ખેડૂતના પતિ-પત્ની તથા તેમના સંતાન અસંગઠિત શ્રમિકો, ગુજરાતના પ્રાથમિક અને માધ્યમિક શાળા તેમજ કોલેજ અને આઇ.ટી.આઇ.ના વિદ્યાર્થીઓ, પોલીસ કર્મચારીઓ, જેલ કર્મચારીઓ, સફાઇ કામદાર, નિરાધાર વિધવા અને દિવ્યાંગજનનો સમાવેશ થાય છે તેવા ૧૪ પ્રકારના લાભાર્થીઓનો આમાં સમાવેશ થયેલ છે, જેમાં તા.૧/૪/૨૦૨૫થી ખેડૂત ખાતેદાર, તેના પતિ-પત્ની, તેના તમામ સંતાન અસંગઠિત શ્રમિકોની યોજનામાં સહાયની રકમ રૂ.૨ લાખથી વધારીને રૂ.૪ લાખ કરવામાં આવેલ છે. જે પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની યોજનામાં સહાયની રકમમાં વધારો કરીને રૂ.૫૦ હજારના સ્થાને રૂ.૨ લાખ કરવામાં આવેલ છે. નિરીક્ષક સ્થાનિક ભંડોળ કચેરી દ્વારા ગુજરાત સ્થાનિક ભંડોળ ઓડિટ અધિનિયમ ૧૯૬૩ અને ગુજરાત સ્થાનિક ભંડોળ નિયમો ૧૯૭૪ની જોગવાઇ મુજબ રાજ્યની પંચાયતી રાજની સંસ્થાઓ, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ અને યુનિવર્સિટીઓનું ઓડિટ કરવામાં આવે છે. નાણાં પંચના અહેવાલની ભલામણો મુજબ પર્ફોમન્સ ગ્રાન્ટ કે ટાઇડ-અનટાઇડ ગ્રાન્ટ મેળવવા માટે વર્ષ ૨૦૨૪-૨૫ ની કુલ ૧૪૬૮૭ ગ્રામ પંચાયતો પૈકી ૧૪૫૮૪ ગ્રામપંચાયતોનું ઓડિટ ઓનલાઇન ઓડિટ એપ્લિકેશન મારફત પૂર્ણ થયેલ છે તેમજ ૧૫મા નાણાપંચ અંતર્ગત ૩૩ જિલ્લા પંચાયતોનું અને ૨૪૮ તાલુકા પંચાયતનું ઓડિટ પૂર્ણ થયેલ છે.

તા.૨૩મી માર્ચ, ૨૦૨૬

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, માગણી ક્રમાંક–૧૮ પેન્શન અને નિવૃત્તિ લાભ માટેની વાત કરીએ તો હાલમાં રાજ્યમાં પેન્શનરોની કુલ સંખ્યા ૫,૨૪,૨૦૫ છે. નિયામક પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી દ્વારા રાજ્ય સરકારના કર્મચારીઓ, પંચાયત કર્મચારીઓ તથા પ્રાથમિક શિક્ષકો અને ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓ તથા કોલેજોના નિવૃત્ત થતા કર્મચારીઓનું પેન્શન અધિકૃત્ત કરવાની કામગીરી કરવામાં આવે છે. રાજ્યના અંદાજિત પાંચ લાખથી વધુ પેન્શનરોને દર માસે પેન્શનનું ચૂકવણું તિજોરી કચેરી દ્વારા ઇ–પેમેન્ટ થકી સીધેસીધું પેન્શનરના ખાતામાં જમા કરવામાં આવે છે જેમાં એક પણ દિવસનો વિલંબ થતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું શહેરી વિકાસ અને શહેરી ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની માગણી ક્રમાંક– ૧૦૧ અને ૧૦૨ ની ચર્ચા કરું છું. ગુજરાત આજે ભારતનું શહેરી વિકાસનું ગ્રોથ એન્જિન બની ચૂક્યું છે. રાજ્યની લગભગ ૪૮ ટકા વસ્તી શહેરી વિસ્તારોમાં વસે છે. આ વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને પીપલ ફર્સ્ટ સિટી અને લીવિંગ વેલ અને અર્નિંગ વેલના અભિગમ સાથે શહેરી વિકાસ અને શહેરી ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની માગણી ક્રમાંક– ૧૦૧ અને ૧૦૨ રજૂ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૫ને આપણે શહેરી વિકાસ વર્ષ તરીકે ઊજવ્યું. આપણા માનનીય વડાપ્રધાનશ્રી મોદીજીએ તેમના ગુજરાતના મુખ્યમંત્રી કાળ દરમ્યાન વર્ષ ૨૦૦૫ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઊજવીને શહેરોના નગરોના વિકાસને યોગ્ય દિશા અને ગતિ આપવાનું ભગીરથ કાર્ય કર્યું હતું. છેલ્લા બે દાયકામાં શહેરી વિકાસ માટેના બજેટમાં લગભગ ૫૦ ગણો વધારો થયો છે. વર્ષ ૨૦૦૫–૦૬ માં રૂ.૬૬૦ કરોડથી શરૂ થયેલી વિકાસ યાત્રા વર્ષ ૨૦૨૫–૨૬માં રૂ.૩૩,૫૦૦ કરોડથી વધુ સુધી પહોંચી છે. આજે ૨૦ વર્ષ બાદ શહેરી વિકાસની આ ગતિને બમણી કરવાના ધ્યેયથી અમે શહેરી વિકાસ વર્ષમાં શહેરોના સંકલિત, સંતુલિત અને સર્વાંગી વિકાસ સાધવા માટે શહેરોના સામાજિક અને ભૌતિક માળખાના વિકાસ માટે પ્રયાસો હાથ ધર્યા છે. આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬–૨૭ માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે રૂ.૩૩,૫૦૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે, જે માત્ર થનાર ખર્ચ નથી. પરંતુ ગુજરાતના શહેરી ભવિષ્યમાં કરવામાં આવેલ રોકાણ છે. ગુજરાત આજે વિકાસ અને ઇન્ફ્રાસ્ટ્રકચરના એવા તબક્કે પહોંચી ચૂક્યું છે કે શહેરી વિકાસ માત્ર શહેરો વિસ્તરી રહ્યાં નથી. પરંતુ વ્યવસ્થિત માનવ કેન્દ્રિત અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બની રહ્યાં છે. રસ્તા, મેટ્રોરેલ, એરપોર્ટ, ડિજિટલ સિસ્ટમ, આવાસ અને જાહેર સુવિધાઓ આ બધુ અલગ અલગ નહીં પરંતુ એક સર્વાંગી શહેરી વિકાસના ભાગરૂપે આગળ વધી રહ્યું છે. સ્માર્ટ પાર્કિંગ, ઇન્ટીગ્રેટેડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ, મેટ્રો વિસ્તરણ અને લાસ્ટ માઇલ કનેક્ટિવિટી દ્વારા ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ લાવવામાં આવી રહ્યો છે જેથી શહેરોમાં ગતિ, સુરક્ષા અને સુવિધા ત્રણેય એક સાથે સુનિશ્ચિત થઇ શકે. આ વિકાસ માત્ર આજની જરૂરિયાતો પૂરતો નથી પરંતુ આવનારા દાયકાઓ માટે ભવિષ્યલક્ષી શહેરોને તૈયાર કરવા માટેનો આધારસ્તંભ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિકાસની સાથે સાથે ગુજરાત હવે વૈશ્વિક રમત ગમતના મંચ ઉપર પણ પોતાનું સ્થાન દૃઢપણે સ્થાપિત કરવા તૈયાર થઇ રહ્યું છે. આપણે વર્ષ–૨૦૨૩ના વન ડે ક્રિકેટ વર્લ્ડ કપનું આયોજન સફળતાપૂર્વક કર્યું અને હાલમાં જ T-20 વર્લ્ડ કપની ફાઇનલનું સફળતાપૂર્વક આયોજન કરી ચૂક્યા છીએ. આગામી સમયમાં કોમનવેલ્થ ગેમ, વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેમ્સ અને ભવિષ્યમાં ઓલિમ્પિક જેવી આંતરરાષ્ટ્રીય ગેમ માટે રાજ્ય ખાસ કરીને અમદાવાદ સંપૂર્ણ રીતે તૈયાર થઇ રહ્યું છે. શહેરી સ્તરે રમત ગમત ઇન્ફ્રાસ્ટ્રકચર, વાયર ફ્રીસિટી, મેટ્રો અને એરપોર્ટ કનેક્ટિવિટી, સલામત માર્ગો સુવિધાઓ અને સ્માર્ટ ટ્રાફિક મેનેજમેન્ટ આ બધુ એક સંકલિત આયોજન હેઠળ અમલમાં મૂકવામાં આવી રહ્યું છે. અમદાવાદ હવે માત્ર મોટું શહેર જ નહીં પરંતુ ઓલિમ્પિક રેડીસિટી તરફ વિકસી રહ્યું છે. આ સમગ્ર અભિગમ વિકસિત ગુજરાત–૨૦૪૭ માટેનો સ્પષ્ટ રોડમેપ છે જે વિકસિત ભારત–૨૦૪૭ના રાષ્ટ્રીય સંકલ્પ સાથે સંપૂર્ણ રીતે જોડાયેલો છે અને વિકસિત ભારત–૨૦૪૭ માટે પર્યાવરણની રીતે અનુકૂળ આર્થિક વિકાસના કેન્દ્રો એવા રહેવાલાયક શહેરોનો નિર્માણ કરવાનો ઉદેશ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ્સ અને વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેમ્સની યજમાની કરવા જઇ રહ્યું છે તેમજ ઓલિમ્પિક માટેની પણ મજબૂત દાવેદારી નોંધાવી રહ્યું છે ત્યારે વિશ્વ સ્તરની ઇવેન્ટના આયોજન માટે અમદાવાદને તૈયાર કરવા માટે ઓલિમ્પિક રેડીસિટી બનાવવા માટે બજેટમાં રૂપિયા ૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આ માટે એસવીવી કોમ્પ્લેક્ષ મોટેરા, સરદાર પટેલ સ્ટેડિયમ, નવરંગપુરા અને વીર સાવરકર કોમ્પ્લેક્ષ, હીરાવાડીના મુખ્ય ત્રણ એન્કર સ્થળોની આસપાસ કોરીડોર અને જંકશન અપગ્રેડ, યુનિવર્સલ યુથ ક્ષમતાવાળા એકસેસ નેટવર્ક વગેરેનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઓલિમ્પિક અને કોમનવેલ્થ જેવી રમતોના આયોજનની તૈયારી સાથે રાજ્યના યુવાનોમાં સ્પોર્ટસ કલ્ચરનો વિકાસ થાય, રમત ગમત અને ફિટનેસ વેલનેસ અંગેની રૂચિનો વિકાસ થાય તે પણ જરૂરી છે. જેના માટે દરેક મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વ્યવસાયિક રમત ગમત ઇન્ફ્રાસ્ટ્રકચર વિકસાવવા તેમજ શહેરોમાં ફલાયઓવરની નીચે પણ સ્પોર્ટસ ઇન્ફ્રાસ્ટ્રકચર વિકસાવવાનું આયોજન અમારી સરકારે કર્યું છે જે માટે વર્ષ–૨૦૨૬–૨૭માં રૂપિયા ૧૫૦ કરોડની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. અત્યાર સુધી અમદાવાદ, ગાંધીનગર મેટ્રો પરિવહન સેવા હેઠળ કુલ ૬૮ કિલોમીટરની કામગીરી પૂર્ણ થઇ છે. દૈનિક અંદાજિત ૧ લાખ ૬૦ હજાર મુસાફરો સફર કરે છે. જે પૈકી મોટેરાથી મહાત્મા મંદિર સુધી કુલ ૨૮.૨૫ કિલોમીટરના રૂટને તાજેતરમાં જ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીની ઉપસ્થિતિમાં જાહેર જનતા માટે ખુલ્લો મૂકાયો છે.

અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે અવર-જવર કરતા કર્મચારીઓને સુલભ પરિવહન સુવિધા પૂરી પાડે છે. ઉપરાંત સુરત મેટ્રો પ્રોજેકટ ફેઝ-૧માં પણ સુંદર પ્રગતિ થઇ રહી છે અને આ ૭૩ ટકા જેટલી પ્રગતિ પૂર્ણ થયેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વૈશ્વિક સ્તરની ઈવેન્ટના આયોજન માટે અમદાવાદને તૈયાર કરવા, મેટ્રો વિસ્તરણમાં નવીન અમદાવાદ ફેઝ-૩માં કુલ-૫૮ કિલોમીટરની લંબાઇ સાથે મેટ્રોના વિસ્તરણનું આયોજન છે. મેટ્રોનું વિસ્તરણ થલતેજથી ગોઘાવી ગિફટ સિટી એક્સ્ટેન્શન અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી સરદાર વલ્લભભાઇ પટેલ એરપોર્ટ સુધી કરવામાં આવશે. આમ, મેગા સિરીઝમાં મેટ્રો અને જાહેર પરિવહનના નવા માનક ઊભા કરી શહેરોને વૈશ્વિક સ્તરે પ્રતિસ્પર્ધી બનાવી રહી છે. મેટ્રો માટે ચાલુ બાબત અને નવી બાબત મળીને કુલ ૨૨૧૭.૧૦ કરોડની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. માગણી ક્રમાંક-૧૦૧ની વાત કરું તો,

માનનીય અધ્યક્ષશ્રી, માગણી ક્રમાંક- ૧૦૧ની વાત કરું તો આ વર્ષે અમે બજેટમાં નવી યોજના રજૂ કરી છે. નમો એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ યોજના, ગુજરાતના શહેરોમાં વસતા ગરીબો, સ્થળાંતરિત(Migrants) અને અન્ય સંવેદનશીલ જૂથો માટે સસ્તા, પરવડે તેવા ભાડાના મકાનોની સુલભતા સુનિશ્ચિત કરવા માટે ગુજરાત સરકાર દ્વારા નમો એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ યોજના લાવવામાં આવી છે. જેના માટે શરૂઆતમાં વર્ષ૨૦૨૬-૨૭ માટે ૩.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે .આ યોજના મ.ન.પા., ન.પા., સત્તામંડળો અને GHB ની ખુલ્લી જમીનો પર પ્રોજેક્ટ માટે ULBs અને GHBને કેપિટલ આસિસ્ટન્ટ આપવામાં આવશે અને PPP માટે વાયેબિલિટી ગેપ ફન્ડિંગ (VGF) મોડલમાં કામગીરી હાથ ધરવામાં આવશે. પ્રથમ તબક્કે અમદાવાદ અને સુરત ખાતે પાઇલોટ પ્રોજેકટ હાથ ધરવામાં આવશે .

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ની વાત કરું તો દરેક ઘર વિહોણાઓને માળખાગત સુવિધાઓ સાથે પોતાની માલિકીનું પાકું આવાસ મળી રહે તે હેતુથી જૂન-૨૦૧૫માં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત કુલ ૯.૫૭ લાખ આવાસો મંજૂર કરવામાં આવેલ છે, જે પૈકી ૯.૧૯ લાખ જેટલા આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. બાકીના આવાસો વિવિધ તબક્કે પ્રગતિ હેઠળ છે જે તબક્કાવાર પૂર્ણ કરવાનું આયોજન છે. આની અમલવારીમાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ નંબરે છે. પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી)ની ભવ્ય સફળતા બાદ કેન્દ્ર સરકારશ્રી દ્વારા આગામી પાંચ વર્ષ માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) 2.0 નું અમલીકરણ વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન શરૂ કરવામા આવેલ છે. PMAY 2.0અંતર્ગત ૩.૧૪,૩૧૭ કરોડના કુલ ૧,૦૩,૩૨૯ આવાસો મંજૂર કરાવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માગણી ક્રમાંક-૧૦૨ની વાત કરું તો શહેરી વિકાસ વર્ષ અન્વયે કુલ ૩.૫૫,૦૭૩ કરોડનાં ૧૩,૩૧૪ કામો મંજૂર કર્યા છે. જે પૈકી નવરચિત નવ મહાનગરપાલિકાઓ(આણંદ, નડીયાદ, મોરબી, સુરેન્દ્રનગર, ગાંધીધામ, પોરબંદર,વાપી, નવસારી, મહેસાણા) માં ૩.૪,૯૫૫ કરોડથી વધુના ૨૩૦૦ જેટલા કામો મંજૂર કર્યા છે. નવરચિત મહાનગરપાલિકાઓ જ્યારે નગરપાલિકા હતી ત્યારે આંતરમાળખાકીય કામો માટે નગરપાલિકા દીઠ સરેરાશ ૩..૨૫ કરોડ જેવી ગ્રાંટ મળતી હતી . જ્યારે હવે સરેરાશ રુ.૨૧૫ કરોડ જેટલી ગ્રાંટ એટલે ૮.૫ ગણો વધારો થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ-૨૦૦૯માં તત્કાલીન માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા રાજયના શહેરોના સર્વાંગી વિકાસ માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હેઠળ" સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના" અમલમાં મુકવામાં આવેલ. આ યોજના અંતર્ગત મુખ્યત્વે ભૌતિક તથા સામાજિક આંતર માળખાકીય સુવિધાઓ, અર્બન મોબિલિટી (શહેરી પરિવહન) તેમજ શહેરની આગવી ઓળખ ઊભી થાય તેવા કામો હાથ ધરવામાં આવે છે. આ યોજના નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં પણ ચાલુ રાખવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૫-૨૬માં આ યોજના માટે ૩.૧૪,૪૨૧.૯૪ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે. જે અંતર્ગત આશરે કુલ ૩.૧૪,૧૮૦ કરોડની રકમના આશરે ૪૨૩૯ પ્રોજેક્ટસ હાથ ધરવામાં આવેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૬-૨૭ માટે ૩.૧૬,૧૧૬/- કરોડની જોગવાઇ માટે માગણી કરેલ છે. જે ૧૧.૭૫ % જેટલો વધારો દર્શાવે છે .

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, "ફાટક મુક્ત ગુજરાત" કાર્યક્રમ હેઠળ શહેરોમાં રેલ્વે ઓવરબ્રિજ /રેલ્વેઅંડરબ્રિજ (RoB/RuB) ના રુ. ૩૧૮૦.૩૧ કરોડના કુલ ૯૬ કામો મંજૂર કરવામાં આવ્યાં છે. આવતા વર્ષ માટે આ હેતુથી ₹ ૩૫૦ કરોડની જોગવાઇ સૂચેવેલ છે.

માનનીયઅધ્યક્ષશ્રી, કેન્દ્ર પુરસ્કૃત યોજના "સ્માર્ટ સિટી મિશન" અંતર્ગત મહત્ત્વના Integrated Command and Control Center (ICCC), Housing, Integrated Traffic Management System (ITMS) Smart

Water and Sanitation (SCADA) વગેરે ક્ષેત્રોમાં ગુજરાતના ૬ શહેરોમાં કુલ રૂ.૧૧,૫૦૭ કરોડના ૩૫૯ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર પુરસ્કૃત યોજના" અમૃત ૨.૦ મિશન" અંતર્ગત શહેરોમાં પાણી પુરવઠા, ભૂગર્ભગટર, ઉદ્યાનો અને બગીચા અને તળાવોના નવીનીકરણનાં કામો માટે રૂ.૧૬૩૧૬ કરોડની રકમનાં ૯૨૭ કામો મંજૂર કરવામાં આવેલ છે, જે પૈકી રૂ.૧૩૮૨ કરોડની રકમનાં ૨૪૯ કામો પૂર્ણ થયેલ છે તથા રૂ.૧૩,૪૭૨ કરોડની રકમનાં ૬૦૨ કામો પ્રગતિ હેઠળ છે. દેશભરમાં અમૃત ૨.૦ની કામગીરીમાં ગુજરાત સમગ્ર દેશમાં ત્રીજા ક્રમે છે. શહેરોમાં માળખાગત સંપત્તિઓ નિર્મિત કરવામાં આવતી હોય છે પરંતુ નગરપાલિકા, મહાનગરપાલિકાઓ પાસે પોતાનું ભંડોળ ઊભું કરવું સ્ત્રોત મર્યાદિત હોવાના લીધે તેમની જાળવણી અને સંચાલન યોગ્ય રીતે થઈ શકતા નથી. આથી, ગુજરાત સરકાર દ્વારા રાજ્યની શહેરી માળખાગત સંપત્તિઓની જાળવણી અને સુવ્યવસ્થિત સંચાલન (O&M) થાય તે માટે ગુજરાતના ઈતિહાસમાં સૌપ્રથમ વખત આપણે પ્રયત્ન કર્યો છે અને જેમાં શરૂઆતના તબક્કામાં પાણી પુરવઠા અને ભૂગર્ભ ગટરના O&M માટે" જીવનધારા "યોજના લાવવામાં આવી છે. આ યોજના હેઠળ રાજ્ય સરકાર નવનિર્મિત ૯ મહાનગરપાલિકાઓને ૩ વર્ષ માટે અને નગરપાલિકાઓને ૫ વર્ષ માટે performance based ૩૦થી ૫૦ ટકા સુધીની આર્થિક મદદ પૂરી પાડવામાં આવશે. આ યોજના હેઠળ રૂ.૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ગુજરાત સરકાર રાજ્યના તમામ શહેરી ઘરોમાં દૈનિક રોજિંદુ પીવા અને વપરાશલાયક પાણી પહોંચાડવા અને માથાદીઠ પાણી પુરવઠામાં વધારો કરવા સતત પ્રયત્નશીલ છે. આ માટે મિશન ડેઈલી વૉટર સપ્લાય અંતર્ગત રૂ.૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. અંદાજે ૬૨ નગરપાલિકાઓ કે જ્યાં એકાંતરે દિવસે પાણી આવે છે ત્યાં દૈનિક પાણી પૂરું પાડવામાં આવશે તથા દૈનિક વપરાશના માથાદીઠ પાણી પુરવઠામાં વધારો કરવા માટે પણ આયોજન છે. આમ પાણી સુરક્ષા તરફનું આ એક ઐતિહાસિક પગલું છે.

શહેરોના હૃદય સમાન, વિકાસની શક્યતા અને આર્થિક ક્ષમતા ધરાવતા તથા ઐતિહાસિક વારસાગત મૂલ્ય ધરાવતા વિસ્તારો (Core city) માં માળખાકીય સુવિધાઓમાં સુધારણા અને જાહેર સ્થળોના વિકાસ માટે "મુખ્યમંત્રી નગર નવજીવન યોજના" લાવવામાં આવેલ છે. જેના માટે આવતા વર્ષ માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. યોજનામાં શહેરોના માર્કેટ, કોમર્શિયલ અન્ય આર્થિક પૉટેન્શિયલ ધરાવતાં વિસ્તારોમાં બ્રાઉન ફિલ્ડ પુનર્વિકાસ દ્વારા તેની આર્થિક ક્ષમતાઓ અનલોક કરવામાં આવશે. આવા પસંદગી પામેલ વિસ્તારોમાં જૂની હયાત ડ્રેનેજ, પાણી પુરવઠાની લાઇનો, રોડ વગેરે ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સુધારણા અને મજબૂતીકરણ સાથે આ વિસ્તારોને ટકાઉ અને હરિયાળા બનાવવામાં આવશે. ભારતીય શહેરોને ઉત્પાદક, ટકાઉ અને આબોહવા-સ્થિતિ સ્થાપક આર્થિક વિકાસ કેન્દ્રોમાં પરિવર્તિત કરવા તથા શહેરોના સર્જનાત્મક પુનર્વિકાસ સહિત પાણી, સ્વચ્છતા વગેરે ક્ષેત્રોમાં ભવિષ્યલક્ષી પ્રોજેક્ટ્સ બનાવવા માટે ભારત સરકાર દ્વારા અર્બન ચેલેન્જ ફંડ લાવવામાં આવેલ છે. જેના માટે ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. Innovative Projects જેવા કે Ring road, Traffic infra, કન્વેન્શન સેન્ટર, ટ્રાન્સપોર્ટેશન, સ્પોર્ટ્સ ફેસિલિટી, યુઝ્ડ વોટર પ્રોજેક્ટ કે જે આર્થિક રીતે વ્યવહારુ હોય તેવા પ્રોજેક્ટ કેન્દ્ર સરકારના સહયોગથી હાથ ધરવામાં આવશે. જેના થકી શહેરોને ગ્રોથ હબ તરીકે વિકસાવવામાં આવશે.

ગુજરાતના મુખ્ય શહેરોમાં આંતરરાષ્ટ્રીય સ્તરના મિટિંગ્સ, ઇન્સેંટિવ્સ, કોન્ફરન્સ અને એક્ઝિબિશન માટે MICE કેન્દ્રો સ્થાપિત કરવા માટે વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં રૂ.૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જેનાથી રાજ્યમાં બિઝનેસ ટુરિઝમમાં વધારો થશે અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસમાં વધારો થશે અને ગુજરાત વૈશ્વિક કાર્યક્રમો માટે અગ્રણી કેન્દ્ર તરીકે સ્થાપિત થશે તેમજ વ્યાપાર, પ્રવાસન, પ્રાદેશિક અર્થતંત્રને વેગ પ્રાપ્ત થશે .જેમાં Business સાથે સાથે Cultural and Concert Economy માં પણ ઉપયોગ કરવામાં આવશે. આ શહેરોના Bustling City Activity Centres તરીકે ઓળખ અપાવશે.

જાહેર શિક્ષણનો વિસ્તાર કરવાના હેતુથી સહ-શિક્ષણ અને સહકારી સ્થળો (કો-વર્કિંગ સ્પેસ) તરીકે સેવા આપવાના હેતુથી "નમો સેન્ટ્રલ ડિજિટલ લાઇબ્રેરી અને કો-વર્કિંગ સ્પેસ" કે જેમાં રૂ.૩૦૦ કરોડના ખર્ચે પાટનગર ગાંધીનગર ખાતે વિશ્વસ્તરીય કક્ષાની મોડર્ન ડિજિટલ ફેસિલિટી એન્ડ કો-વર્કિંગની સુવિધા સાથેની સ્ટેટ ઓફ ધ આર્ટ સ્ટેટ લાયબ્રેરીનું નિર્માણ કરવામાં આવશે. આ બધા માટે વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે તેમજ અન્ય તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં રૂ.૫૦ કરોડના ખર્ચે અત્યાધુનિક ડિજિટલ પુસ્તકાલયો વિકસાવવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, કેચ ધ રેઇન- શહેરી વરસાદ સંચિત અભિયાનમાં શહેરોમાં એક લાખથી વધુ રૂફટોપ અને અન્ય રેઇન વૉટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચર્સ ઊભાં કરવામાં આવશે. જેમાં સરકાર અને લોક ભાગીદારીથી રેઇન વૉટર હાર્વેસ્ટિંગ અને અન્ય જળસંચય માળખાઓનું નિર્માણ કરી લોકલાઇઝ્ડ ફ્લડનું નિરાકરણ કરવામાં આવશે અને વરસાદી પાણીનો સંગ્રહ કરવામાં આવશે. જે માટે રૂ.૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અમારી સરકાર સ્વચ્છ શહેરોના નિર્માણ અને શહેરીજનો વધુને વધુ સ્વચ્છતાના આગ્રહી બને તે માટે સતત પ્રયત્નશીલ છે. આપણને સૌ માટે ગૌરવની બાબત એ છે કે, સ્વચ્છ સર્વેક્ષણ

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

૨૦૨૪–૨૫માં ગુજરાત રાજ્યએ સમગ્ર ભારતમાં ત્રીજો ક્રમાંક હાંસલ કર્યો છે. જ્યારે ૧૦ લાખથી વધારે વસતિ ધરાવતાં સ્વચ્છ શહેરોની કેટેગરીમાં અમદાવાદ મહાનગરપાલિકાને પ્રથમ ક્રમાંક મળેલ છે. 'સુપર સ્વચ્છ લીગ' શહેરો અંતર્ગત ૧૦ લાખથી વધારે વસતિ ધરાવતા શહેરોની કેટેગરીમાં સુરત મહાનગરપાલિકાને તેમજ ૩ થી ૧૦ લાખ વચ્ચે વસતિ ધરાવતા શહેરોની કેટેગરીમાં ગાંધીનગર મહાનગરપાલિકાને પણ આ એવોર્ડ મળેલ છે. આગામી સ્વચ્છ સર્વેક્ષણમાં ગુજરાત રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના પ્રદર્શનમાં સુધારો થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા 'સ્વચ્છ શહેર–સુંદર શહેર' ની પરિકલ્પનાને પરિપૂર્ણ કરવા 'સ્વચ્છ અને સુંદર શહેર યોજના' અંતર્ગત શહેરમાં સ્વચ્છતા અને સુંદરતાની કામગીરી માટે રૂ.૧૭૦ કરોડની સહાય મંજૂર કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૬–૨૭ના બજેટમાં 'નિર્મળ ગુજરાત ૨.૦' હેઠળ રૂ.૨૬૧.૯૦ લાખ અને 'સ્વચ્છ ભારત મિશન' માટે રૂ.૩૦૯ કરોડ ૫૭ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ગાંધીનગર જેવાં મોટાં શહેરો પર વધતી વસતિ, ટ્રાફિક વગેરેનું ભારણ ઘટાડવાના હેતુથી તથા સુવ્યવસ્થિત રહેઠાણ અને આધુનિક સુવિધાઓ સાથે સમતોલ શહેરી વિકાસને પ્રોત્સાહન આપવા તેની નજીકના કલોલ, સાણંદ, સાવલી, બારડોલી, હિરાસર એમ કુલ પાંચ સેટેલાઇટ ટાઉન વિકસાવવામાં આવશે. જેના માટે વર્ષ ૨૦૨૬–૨૭ના બજેટમાં રૂ.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વના સૌ પ્રથમ બંદરીય શહેર એવાં સિંધુ સભ્યતાના લોથલને વૈશ્વિક વારસાના સ્થળ તરીકે તેમજ સ્ટેચ્યૂ ઓફ યુનિટી માફક આંતરરાષ્ટ્રીય પ્રવાસન નકશામાં સમાવવા માટે સમગ્ર વિસ્તારના આર્થિક વિકાસને વેગ આપવા માટે પર્યટન સબંધિત પ્રકલ્પો વિકસાવવામાં આવશે. નેશનલ મેરિટાઇમ મ્યુઝિયમ આસપાસના વિસ્તારમાં પણ વિકાસ કાર્યો તેમજ તેના પ્રાચીન વારસાગત મૂલ્યોને ધ્યાનમાં રાખી એમ્યુઝમેન્ટ પાર્ક, હેરિટેજ પાર્ક, ઇકો–ટુરિઝમ અને વિવિધ થીમ પાર્કનું નિર્માણ કરવાનું આયોજન છે. માઁ અંબાજી જ્યાં બિરાજમાન છે તે શક્તિપીઠ તથા તીર્થ સ્થાન અંબાજીને પવિત્ર પરંપરાઓ સાથેની યાત્રાધામ નગરી તરીકે વિકસાવવાનું આયોજન અમારી સરકારે કર્યું છે. યાત્રીઓ અને રહેવાસીઓની સુવિધાઓ વધારવામાં આવશે. અંબાજી ખાતે ઇનર અને આઉટર રિંગરોડ તેમજ પદયાત્રી કોરિડોરને વિકસાવવામાં આવશે. આ ઉપરાંત ડી.પી., ટી.પી., ઇન્ફ્રાસ્ટ્રક્ચર માસ્ટર પ્લાન અને પૂર નિવારણ માટે સરવે કરવામાં આવશે. જેનાથી માળખાગત સુવિધાઓમાં સુધારા સાથે સુવ્યવસ્થિત અને ટકાઉ વિકાસ સાધી શકાશે. જે માટે રૂ.૯૭.૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વદેશી વસ્તુઓના વેચાણ માટે સ્વદેશી ઉત્પાદક/વિક્રેતા અને સ્વદેશી વસ્તુ ખરીદવા ઇચ્છુક ગ્રાહકો માટે એક વિશ્વાસપાત્ર પ્લેટફૉર્મ ઊભું થાય તે માટે શહેરોમાં 'નમો સ્વદેશી અર્બન મૉલ્સ' નું નિર્માણ અમારી સરકારના કાર્યક્રમમાં છે. જેના માટે રૂ.૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ ઉપરાંત શહેરોમાં સ્વદેશી વસ્તુઓના વેચાણ માટે સ્વદેશી મેળાઓના આયોજન પણ કરવામાં આવશે. જે માટે વર્ષ ૨૦૨૬–૨૭માં રૂ.૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. શહેરી વિસ્તારમાં શેરી ફેરિયાઓની આજીવિકાનું રક્ષણ થાય અને ફેરીની પ્રવૃત્તિઓના નિયમન માટે શેરી ફેરિયાઓનો સરવે કરી સિટી સ્ટ્રીટ વેન્ડિંગ પ્લાન બનાવવા અને શહેરોમાં કુલ ૪૩ સ્થળોએ આધુનિક સ્ટ્રીટ વેન્ડિંગ માર્કેટ બનાવવાં 'સી.એમ. મૉર્ડન સ્ટ્રીટ વેન્ડિંગ માર્કેટ યોજના' માટે રૂ.૮૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. જેમાં પાયાની સુવિધાઓ સાથે ફેરિયા માટે બજાર ઊભું કરવામાં આવશે. રાજ્યમાં અગ્નિ નિવારણ સેવાઓને વધુ સુદૃઢ અને આધુનિક બનાવવા જિલ્લા મુખ્ય મથકની ૩૪ નગરપાલિકાઓમાં અદ્યતન ફાયર સ્ટેશનોનું નિર્માણ પ્રગતિ હેઠળ છે ફાયર સેવાઓને વધુ સુદૃઢ બનાવવા રાજ્યની અગ્નિ નિવારણ સેવાઓ માટે 'વન સ્ટેટ, વન કેડર' નીતિ અમલમાં છે. નાણાકીય વર્ષ ૨૦૨૬–૨૭માં રૂ.૪૮ કરોડની જોગવાઇ સાથે ૨૪ સબ મોડલ ફાયર સ્ટેશનો બનાવવાનું આયોજન છે. આ ઉપરાંત ડાયલ ૧૧૨ અંતર્ગત રાજ્યભરની તમામ નગરપાલિકાઓના અગ્નિશમન વાહનોને જી.પી.એસ.ટ્રેકિંગ સુવિધાથી સજ્જ કરવામાં આવશે. જેથી ઝડપી અને અસરકારક પ્રતિસાદ મેળવી શકાય. નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની માગણી પર થયેલ સમગ્ર ચર્ચા દરમિયાન પક્ષ અને વિપક્ષના તમામ માનનીય સભ્યશ્રીઓ ખૂબ ગહનતા અને જવાબદારીપૂર્વક પોતાના મંતવ્યો રજૂ કર્યા છે. લોકશાહી પ્રણાલીમાં આવા રચનાત્મક વિચાર–વિમર્શને હું લોકશાહીનું સાચું પ્રતિબિંધ માનું છું. આ ચર્ચા માત્ર વિમર્શ પૂરતી નથી પરંતુ રાજ્યના વિકાસ માટે માર્ગદર્શક સાબિત થશે એવી મને સંપૂર્ણ ખાતરી છે. આ સન્માનનીય ગૃહમાં રજૂ થયેલ નાણાં વિભાગ તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણની કુલ ૬ માગણીઓ રાજ્યના વિકાસને ગતિ આપવા અને જનહિતના કાર્યોને

મજબૂત બનાવવા માટે આવશ્યક છે. હું આ ગૃહને વિનંતી કરું છું કે રજૂ થયેલ માગણીઓને મંજૂર રાખે અને રાજયની વિકાસયાત્રામાં સહકાર આપે. આમ, ચર્ચા માટે હાથ ધરાયેલ નાણાં વિભાગની માગણી ક્રમાંક–૧૫, ૧૬,૧૭ અને ૧૮ તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની માગણી ક્રમાંક–૧૦૧ અને ૧૦૨ સર્વાનુમતે પસાર કરવા અને તમામ કાપ દરખાસ્તો પાછી ખેંચવા સભાગૃહને વિનંતી કરું છું. ખાસ કરીને શ્રી શૈલેષભાઇએ સવારે જે નાણાકીય પરિસ્થિતિની વાત કરી એ માટે વાત કરું તો, રાજ્યે સફળતાપૂર્વક પોતાની રાજકોષીય ખાધને નિયત મર્યાદામાં રાખી છે. વર્ષ ૨૦૦૫માં રાજવિત્તીય અધિનિયમ છે એના દરેક પેરામિટરનું ગુજરાત રાજ્યએ પાલન કર્યું છે. એક પણ વખત રાજ્યએ ઓવરડ્રાફ્ટ કે પેશગી લીધેલ નથી. અમે નાણામંત્રીઓની મિટિંગમાં જઇએ ત્યારે બધા રાજ્યો ઓવરડ્રાફ્ટની ૨૭.૧૦ ટકાની લિમિટ વધારવાની વાત કરે છે. એટલે આપણા ગુજરાતની નાણાકીય સ્થિતિમાં એક પણ દિવસ સેલરી કે પેન્શન માટે લોકોને રાહ જોવી પડી નથી. પહેલાં આપણે ધર્મસ્થાનોમાંથી પૈસા લાવવા પડતા હતા. આભાર.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી ક્રમાંક–૧૦૨ ઉપરની મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ અને ૩૫ પાછી ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી ક્રમાંક–૧૦૨ ઉપરની મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ અને ૩૫ પાછી ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : **માગણી ક્રમાંક–૧૦૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ અને ૩૫ પાછી ખેંચવામાં આવે છે.**

કાપ દરખાસ્ત ક્રમાંક – ૩, ૬, ૭, ૮,૧૦, ૧૨, ૧૩, ૧૫, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૩૨, ૩૬ અને ૩૭ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક–૧૫,૧૬,૧૭,૧૮,૧૦૧ અને ૧૦૨ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

ગિલોટીન કરેલી માગણીઓ

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૨૬–૨૭ના નાણાકીય વર્ષના માગણીઓના પત્રકમાં કુલ ૧૦૮ માગણીઓનો સમાવેશ થયેલો છે. એમાંથી ૫૩ માગણીઓ આ ગૃહમાં ચર્ચા દ્વારા પસાર કરવામાં આવેલી છે. બાકી રહેતી ૫૫ માગણીઓ પૈકી ૨ માગણીઓ બિન મતપાત્ર હોવાથી એ સિવાયની બાકી રહેતી કુલ ૫૩ માગણીઓ, માગણી ક્રમાંક–૧, ૭, ૮, ૧૧, ૧૪, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૧, ૩૨, ૩૪, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ હું મતદાન માટે રજૂ કરું છું.

માગણી ક્રમાંક– ૧, ૭, ૮, ૧૧, ૧૪, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૧, ૩૨, ૩૪, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

અધ્યક્ષશ્રી : હું રાજ્ય વિધાનમંડળને લગતી માગણી ક્રમાંક–૩૬ અને ૩૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક– ૩૬ અને ૩૭ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

અધ્યક્ષશ્રીની જાહેરાત

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

અધ્યક્ષશ્રી : મેં પહેલાં વાત કરી હતી કે પાર્લામેન્ટરી એસોસીએશનની બેઠક, સભાગૃહની બેઠકની કાર્યવાહી પૂર્ણ થાય એટલે તાત્કાલિક રાખવામાં આવેલી છે તો માનનીય મંત્રીશ્રીઓ અને માનનીય ધારાસભ્યશ્રીઓને ઉપસ્થિતિ રહેવા પુનઃ જણાવું છું.

સભાગૃહનું કામકાજ બપોરના ૩.૫૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા.૨૪ માર્ચ ૨૦૨૬ ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

તા.૨૪મી માર્ચ, ૨૦૨૬

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

મંગળવાર, તા. ૨૪મી માર્ચ, ૨૦૨૬

ચૈત્ર ૩, ૧૯૪૮ શાકે

સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

નવસારી અને સુરત જિલ્લામાં ગૌચર જમીનની ફાળવણી બાબત

3781/8/15* શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટે) વાંસદા **: (માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ (**જણાવવા કૃપા કરશે કે –.

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને સુરત જિલ્લામાં તાલુકાવાર ગૌચરની કેટલી જમીન કયા હેતુસર ફાળવવામાં આવી,	(૧) અને (૨)	પત્રક ૧ તથા પત્રક ૨ સામેલ રાખેલ છે .વિશાળ જાહેર હિતને ધ્યાને રાખી ગૌચર નીતિ મુજબ જાહેર હિતના કામોમાં ગૌચરની જમીન ફાળવવી અનિવાર્ય હોય, ગૌચરની જમીનની ફાળવણી કરવામાં આવે છે .તેમજ ગૌચરની જમીનની સામે તેટલી જ સરકારી પડતર જમીન ગૌચર તરીકે નીમ કરવામાં આવેલ છે. જેથી ગૌચરમાં ઘટ થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૨)	કયા કિસ્સામાં ગામમાં પ્રસ્થાવિત ધોરણ કરતા ઓછું ગૌચર હોવા છતા ગૌચર જમીનની ફાળવણી કરવામાં આવી અને તેના કારણો શા છે,		
(૩)	લઘુત્તમ ગૌચરથી ઓછું હોવા છતાં ગૌચરની ફાળવણી કરનાર જવાબદારો સામે ઉક્ત સ્થિતિએ શા પગલાં લેવામાં આવ્યા, અને	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪)	ગૌચરની ફાળવણી બાદ લઘુત્તમ ગૌચર જાળવવા માટે જે–તે ગામને કેટલી વૈકલ્પિક જમીનની ફાળવણી કરવામાં આવી?	(૪)	ફાળવેલ ગૌચરની જમીનની સામે તે ગામની જમીન અથવા નજીકના ગામની સરકારી પડતરમાંથી તેટલી જ જમીન વૈકલ્પિક ગૌચર તરીકે નીમ કરવામાં આવે છે. જેથી ગૌચરમાં ઘટાડો થતો નથી.

પત્રક - ૧

તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરત જિલ્લામાં તાલુકાવાર ગૌચરની કેટલી જમીન કયા હેતુસર ફાળવવામાં આવી,

ક્રમ	**વર્ષ**	**તાલુકો**	**ફાળવેલ જમીનનુ ક્ષેત્રફળ)ચો.મી(.**	**ફાળવણીનો હેતુ**	**બદલાના ધોરણે ગૌચર નીમ જમીનનુ ક્ષેત્રફળ (ચો.મી(.**
૧	૨૦૨૪	અડાજણ	૭૦૦૦	પ્રાદેશિક ન્યાય સહાયક પ્રયોગશાળા	૭૦૦૦
૨	૨૦૨૫		૩૯૮૯	સબ રજીસ્ટ્રાર ઓફિસ	૩૯૮૯
૩	૨૦૨૪	ઓલપાડ	૨૦૦	બી.એસ.એન.એલ .ટાવર	૨૦૦
૪			૪૯૦૦	જેટકો સબસ્ટેશન	૪૯૦૦
૫	૨૦૨૫		૪૪૯૦૦	જેટકો સબસ્ટેશન	૪૪૯૦૦
૬			૧૦૦૦	બી.એસ.એન.એલ .ટાવર	૧૦૦૦

૭			૩૬૧૧	પોલીસ ચોકી તથા ક્વાર્ટર્સ	૩૬૧૧
૮	૨૦૨૪	પલસાણા	૪૯૦૦	જેટકો સબસ્ટેશન	૪૯૦૦
૯	૨૦૨૫		૪૯૦૦	જેટકો સબસ્ટેશન	૪૯૦૦
૧૦	૨૦૨૪	કામરેજ	૮૦૦૦	પોલીસ કમીશનર કચેરી	૮૦૦૦
૧૧	૨૦૨૫		૫૦૦	આરોગ્ય	૫૦૦
૧૨			૫૪૭૨	શૈક્ષણિક	૫૪૭૨
૧૩	૨૦૨૪	બારડોલી	૨૦૦	બી.એસ.એન.એલ .ટાવર	૨૦૦
૧૪	૨૦૨૫		૨૦૦	બી.એસ.એન.એલ .ટાવર	૨૦૦
૧૫			૨૯૦૦	આરોગ્ય	૨૯૦૦
૧૬			૫૫૨૫	ફાયર સ્ટેશન	૫૫૨૫
૧૭	૨૦૨૪	મહુવા	૯૦૦૦	જેટકો સબસ્ટેશન	૯૦૦૦
૧૮			૪૦૦	આરોગ્ય	૪૦૦
૧૯			૪૦૦	બી.એસ.એન.એલ .ટાવર	૪૦૦
૨૦	૨૦૨૫		૩૨૪૪	જેટકો સબસ્ટેશન	૩૨૪૪
૨૧			૧૦૦૦	આરોગ્ય	૧૦૦૦
૨૨	૨૦૨૪	માંગરોળ	૨૯૦૦	આરોગ્ય	૨૯૦૦
૨૩			૨૧૮૦૮૪	જેટકો સબસ્ટેશન	૨૧૮૦૮૪
૨૪			૫૬૧૭	ગામતળ	૫૬૧૭
૨૫	૨૦૨૫		૪૯૦૦	જેટકો સબસ્ટેશન	૪૯૦૦
૨૬	૨૦૨૪	માંડવી	૨૨૮૬૫	જી.એમ.ડી.સી).ઔધોગિક (	૨૨૮૬૫
૨૭			૨૫૦૦	ડી.જી.વી.સી.એલ .સબ ડિવીઝનલ કચેરી	૨૫૦૦
૨૮	૨૦૨૫		૫૦૦	આરોગ્ય	૫૦૦
૨૯			૬૪૦૮	શૈક્ષણિક	૬૪૦૮
૩૦	૨૦૨૫	ચોર્યાસી	૨૦૦	બી.એસ.એન.એલ .ટાવર	૨૦૦
૩૧	૨૦૨૫	મજુરા	૪૯૦૦	જેટકો સબસ્ટેશન	૪૯૦૦
૩૨	૨૦૨૫	અબ્રામા	૪૦૦	બી.એસ.એન.એલ .ટાવર	૪૦૦

૩૩			૨૬૭૧	મામલતદાર કચેરી	૨૬૭૧
૩૪			૯૦૦૦	શૈક્ષણિક	૯૦૦૦
૩૫	૨૦૨૫	ઉમરપાડા	૪૯૦૦	જેટકો સબસ્ટેશન	૪૯૦૦
૩૬			૫૦૦	આરોગ્ય	૫૦૦
૩૭			૬૦૦૦	ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના ગોડાઉન	૬૦૦૦
૩૮			૫૦૦૦	મામલતદાર કચેરી ઉમરપાડા	૫૦૦૦
કુલ ફાળવેલ જમીનનુ ક્ષેત્રફળ)ચો.મી(.			**૪૦૯૫૮૬**	**કુલ બદલાના ધોરણે ગૌચર નીમ જમીનનુ ક્ષેત્રફળ)ચો.મી(.**	**૪૦૯૫૮૬**

પત્રક- ૨

તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી જિલ્લામાં તાલુકાવાર ગૌચરની કેટલી જમીન કયા હેતુસર ફાળવવામાં આવી,

તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી જિલ્લામાં તાલુકાવાર ગૌચરની કેટલી જમીન કયા હેતુસર ફાળવવામાં આવી,					
ક્રમ	**વર્ષ**	**તાલુકો**	**ફાળવેલ જમીનનુ ક્ષેત્રફળ)ચો.મી(.**	**ફાળવણીનો હેતુ**	**બદલાના ધોરણે ગૌચર નીમ જમીનનુ ક્ષેત્રફળ)ચો.મી(.**
૧	૨૦૨૪	વાંસદા	૧૦૦૦	પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી	૧૦૦૦
૨	૨૦૨૫		૨૦૦	બી.એસ.એન.એલ . ટાવર	૨૦૦
			૧૪૪૦૦	જેટકો સબસ્ટેશન	૧૪૪૦૦
૩	૨૦૨૫	જલાલપોર	૪૯૦૦	જેટકો સબસ્ટેશન	૪૯૦૦
કુલ ફાળવેલ જમીનનુ ક્ષેત્રફળ)ચો.મી(.			**૨૦૫૦૦**	**કુલ બદલાના ધોરણે ગૌચર નીમ જમીનનુ ક્ષેત્રફળ)ચો.મી(.**	**૨૦૫૦૦**

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા જિલ્લામાં ગૌચરની જમીનમાં કયા કયા પ્રકારના દબાણો થયા છે એના વિશેની માહિતી તેમજ કોઇ ઉદ્યોગ હેતુ માટે અથવા કોઇ કંપનીને જો ગૌચરની જમીન આપી હોય તો એની માહિતી આપવા વિનંતી છે.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૧–૧૦–૨૦૨૪ થી તા. ૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ નવસારી જિલ્લામાં ગૌચરની જમીનના દબાણો જોઇએ તો નવસારી તાલુકાના ઉગત ગામમાં ૧ દબાણ છે. નવસારીના મૂલધારમાં ૧ અને જલાલપુરમાં ૧ દબાણ છે. આમ તો જવાબ મોટો છે.

અધ્યક્ષશ્રી : વાત માત્ર એટલી છે. તમે ડીટેઇલ જવાબ આપ્યો છે. કેટલી જમીન લીધી અને કેટલી સરકારી જમીન ગૌચરમાં આપી એ વિગતો આપી દીધી છે. હવે એમનું કહેવું છે કે સરકારે ઇન્ડસ્ટ્રીઝ કે કોઇ કંપનીને ગૌચરની જમીન આપી છે કે કેમ?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, ઔધોગિક એકમને કોઇ જમીન આપી નથી.

તારાંકિત પ્રશ્નો

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, ગૌચરની જમીનનો પ્રશ્ન છે ત્યારે ગૌચર સુધારણા ફંડ શું છે અને કયા કિસ્સામાં ગૌચર સુધારણા ફંડ વસૂલ કરવામાં આવતું નથી?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, આવશ્યક સંજોગોમાં વિશાળ જનસમુદાયના હિતને ધ્યાને લેતાં ગૌચર જમીન ફાળવવાની માગણી થાય ત્યારે ગૌચરમાં ઘટ ન પડે તે સારુ એટલી જ જમીન ગૌચર નીમ કરવામાં આવે છે. આવી ગૌચર નીમ થતી જમીન વિકાસ માટે સંબંધિત અરજદાર એકમ, સંસ્થા પાસેથી લેવામાં આવતી રકમને ગૌચર સુધારણા ફંડમાં ફેરવવામાં આવે છે. સામાન્ય સંજોગોમાં પ્રવર્તમાન જંત્રીની કુલ કિંમતના ૩૦ ટકા તથા ઔદ્યોગિક હેતુ પાઇપલાઇન વપરાશી હક્ક માટે પ્રવર્તમાન જંત્રીની કુલ કિંમતના ૪૦ ટકા રકમ ગૌચર સુધારણા ફંડ તરીકે વસૂલ કરવામાં આવે છે. પરંતુ રાજ્ય સરકારની કચેરીઓના મકાનો, પુલ, રસ્તો, ગામતળ, સ્મશાન, સ્મશાન ગૃહ, તળાવ વગેરે જેવાં જાહેર હિતનાં કામો માટે ગૌચર જમીનનો ઉપયોગ કરવાનો થાય ત્યારે જમીનની કિંમત તેમજ ગૌચર સુધારણા ફંડની રકમ વસૂલ કરવાની રહેતી નથી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જવાબમાં એવું આપ્યું છે કે શૈક્ષણિક હેતુ, મામલતદાર કચેરી, જેટકો સબ–સ્ટેશન, બી.એસ.એન.એલ. ટાવર, શૈક્ષણિક હેતુ અને આરોગ્ય વિષયક હેતુ માટે. તો આરોગ્યમાં કયા હેતુ માટે આપવામાં આવે છે? ડૉકટરોના ક્વાર્ટર્સ માટે છે, સી.એચ.સી., પી.એચ.સી.ના મકાનો બનાવવા માટે છે? અને શૈક્ષણિકમાં કયા હેતુ માટે છે?

અધ્યક્ષશ્રી : લેખિત જવાબ આપ્યો છે એમાં ટોટલ કહ્યું છે. કેટલા ક્વાર્ટર્સ બનાવવા, કેટલી હોસ્પિટલ બનાવવી, કેટલા પી.એમ. રૂમ બનાવવા એવું ડીટેઇલ ન હોય.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એવું નથી પૂછતો. રહેણાંક હેતુ માટે આપ્યું છે કે આરોગ્ય હેતુ માટે? અને શૈક્ષણિક હેતુ કયો છે?

અધ્યક્ષશ્રી : વિગતો હોય તો આપો. નહીં તો રેકર્ડ ઉપર પણ મૂકી શકશો.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ ઉપર મૂકીશ.

અરવલ્લી જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા બાબત

2827/8/15*શ્રી લક્ષ્મણજી પુંજાજી ઠાકોર) કલોલ(: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૨
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,અને	(૨)	૧
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	૧ કિસ્સામાં ૨૫૦૦ ચો.મી .જમીનની ફાળવણી કરવામાં આવી.

શ્રી લક્ષ્મણજી પું. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અરવલ્લી જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાનાં કામ માટે કયા તાલુકામાં કેટલી અરજીઓ મળી? એ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાનાં કામ માટે સરકારી જમીન ફાળવવાની બે અરજીઓ પૈકી ભિલોડા તાલુકાની બે અરજીઓ મંજૂર થયેલ છે.

જામનગર જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા બાબત

2527/8/15* શ્રી મેઘજીભાઇ અમરાભાઇ ચાવડા) કાલાવડ: (**માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ(**જણાવવા કૃપા કરશે કે –:

	પ્રશ્ન		**જવાબ**

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૧૭
(૨	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ,અને	(૨)	૭
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી ?	(૩)	મંજૂર કરેલ ૦૭ દરખાસ્તોમાં ૧૧૨૦૦-૦૦ ચો.મી જમીન ફાળવવામાં આવી.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી વિશેષ એ જાણવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જામનગર જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાનાં કામ માટે મંજૂર થયેલ અરજીઓ પૈકી તાલુકા દીઠ કેટલી સરકારી જમીનની ફાળવણી કરવામાં આવેલ છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જામનગર જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાનાં કામ માટે લાલપુર તાલુકામાં સણાસોરી ગામે એક અરજી મળેલ છે જેમાં ૧૬૦૦ ચો.મી. જમીન ફાળવેલ છે તથા જામજોધપુર તાલુકામાં ૬ ગામમાં જેમાં ધ્રાફા, ચૂર, ધૂનડા, તરસાઇ, લુવાસર અને પાટણમાં કુલ મળીને ૯૬૦૦ ચો.મી. જમીન ફાળવેલ છે. આમ, બંને તાલુકામાં થઇને ૭ અરજીઓમાં ૧૧,૨૦૦ ચો.મી. જમીન ફાળવેલ છે.

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મળેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી છે? અને તે ક્યા કારણોસર નામંજૂર કરવામાં આવી છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, લાલપુર તાલુકાની ૩ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. અરજદાર સંસ્થાઓ દ્વારા અરજી દફતરે કરવા માગણી કરેલ હોવાના કારણસર, માગણી કરેલ જમીન ગૌચર સદરની હોઇ અને માગણીવાળા ગામમાં સરકારી પડતર જમીન ઉપલબ્ધ હોવાથી માગણીવાળી જમીન રાજ્ય ધોરીમાર્ગને લગતી હોઇ ફાળવી શકાય તેમ ન હોવાથી નામંજૂર કરેલ છે. જ્યારે જામજોધપુર તાલુકાની ૩ અરજીઓ નામંજૂર કરેલ છે તેમાં ૨ અરજીના કિસ્સામાં અરજદાર સંસ્થાઓ દ્વારા અરજી દફતરે કરવા માગણી કરેલ હોવાથી તથા માપણી ફીની ટેકનિકલ ક્ષતિના કારણે ૧ અરજી રિજેક્ટ થયેલ છે.

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, છેલ્લાં બે વર્ષમાં જામનગર જિલ્લામાં જે અરજીઓ મળેલ હતી તે પૈકી કેટલી અરજીઓ પેન્ડિંગ છે? અને તેની અદ્યતન સ્થિતિ શું છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં બે વર્ષમાં કુલ ૪ અરજીઓ અલગ અલગ કક્ષાએ કાર્યવાહી અર્થે પડતર હતી. પધુ પડતર અરજીઓ પૈકી મોજે ચિત્રોડા સંઘ તાલુકો જામજોધપુર તા.૩૧/૧/૨૦૨૬ના રોજ હુકમ કરેલ છે અને મોજે સડોદર તાલુકો જામજોધપુર તા.૨૯/૧/૨૦૨૬ના રોજ હુકમ કરેલ છે. આમ, હાલ બે અરજીઓ પડતર છે.

અરવલ્લી જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના

***15/8/2841 શ્રી બલરાજસિંહ કલ્યાણસિંહ ચૌહાણ**) દહેગામ: (**માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી)રાજ્યકક્ષા (**જણાવવા કૃપા કરશે કે-.

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કેટલી અરજીઓ મળી,	(૧)	કુલ -૨૪૨૮
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજી પડતર છે, અને	(૨)	મંજૂર: ૨૩૫૪, પડતર: ૬૯
(૩)	ઉક્ત સ્થિતિએ અરજીઓ પડતર રહેવાના કારણો શું છે?	(૩)	ઉક્ત સ્થિતિએ ૫૦-અરજીઓ લાભાર્થીના ડોક્યુમેન્ટ અધુરા હોવાથી અને ૧૯-અરજીઓ લાભાર્થીના આધારકાર્ડ અપડેટ ના હોવાથી કુલ-૬૯ અરજીઓ પડતર રહેલ હતી .

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા એક વર્ષમાં અરવલ્લી જિલ્લામાં ગંગા સ્વરૂપા યોજનામાં કેટલી અરજીઓ મળી? અને કેટલી અરજીઓ નામંજૂર થઇ? તેમજ અરજી પડતર રહેવાનાં શું કારણો છે?

તારાંકિત પ્રશ્નો

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, અરવલ્લી જિલ્લામાં વર્ષ ૨૦૨૫ દરમ્યાન તાલુકાવાર ૨૪૨૮ અરજીઓ મળી હતી. તે પૈકી ૨૩૫૪ અરજીઓ મંજૂર કરવામાં આવી અને ૫ અરજી નામંજૂર કરવામાં આવી. ૬૯ અરજી પડતર હતી. તાલુકાવાર માહિતીમાં બાયડમાં ૫૫૬ અરજી મળેલ હતી તેમાં ૫૫૨ અરજી મંજૂર થઇ છે. ભિલોડા તાલુકામાં ૪૭૨ અરજી મળેલ હતી તેમાંથી ૪૩૫ અરજી મંજૂર થયેલી છે. ધનસુરા ખાતે ૨૫૮ અરજી મળેલ હતી એની સામે ૩૫૨ અરજી મંજૂર થયેલી છે. માલપુર ખાતે ૨૧૭ અરજી મળેલ હતી તેની સામે ૨૧૫ અરજી મંજૂર થયેલી છે. મેઘરજ ખાતે ૨૯૭ અરજી મળેલ હતી તેની સામે ૨૯૩ અરજી મંજૂર કરેલ છે. મોડાસા ખાતે ૫૦૨ અરજી મળેલ હતી અને તેની સામે ૪૯૪ અરજી મંજૂર કરેલ છે. શામળાજી ખાતે ૨૬ અરજી મળેલ હતી તેની સામે ૧૩ અરજી મંજૂર કરેલ છે. આમ, ૨૪૨૮ અરજીની સામે ૨૩૫૪ અરજી મંજૂર કરેલ છે અને ૬૯ અરજી પડતર હતી તે હતી, પરંતુ અત્યારની સ્થિતિએ કોઇ અરજી પડતર રહેલી નથી. બધી જ અરજીઓ મંજૂર કરેલ છે અને જે ૫ અરજી બાકી છે તે નામંજૂર થવાના કારણો એ છે કે તેમાં કયાંક અને કયાંક આવકની મર્યાદા વધારે બતાવેલ છે અથવા તો કયાંક ડુપ્લિકેશન થાય છે.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં આ ગંગા સ્વરૂપા બહેનો એટલે કે વિધવા બહેનને ૧૨૫૦ રૂપિયાની સહાય આપીએ છીએ એટલે એમાં તો હું કશું માનતો નથી કે ૧૨૦૦ રૂપિયામાં કશું થઇ શકે તો એમાં રકમ વધારવા માગીએ છીએ કે નહીં ? મારો બીજો પ્રશ્ન છે કે, આપણે જવાબમાં લખ્યું છે કે, લાભાર્થીઓના ડોકયુમેન્ટ તેમાં અરજીઓમાં આધારકાર્ડ અપડેટ ન હોવાથી તો આધારકાર્ડ કેટલા સમયે અપડેટ કરાવવું પડતું હોય છે કાં તો એ આધારકાર્ડ વારંવાર અપડેટ ના કરાવવું પડે તેના માટેની કોઇ યોજના છે? કારણ કે આ બહેનો વિધવા હોય છે, કદાચ આપણે એવું વિચારીએ કે ૧૮થી ૨૦ વર્ષની તેમના દીકરાની ઉંમર થઇ જાય તો આપણે તેમાં સહાય ઓછી આપવા માગીએ કાં તો કોઇ જુવાન વિધવા બને છે અને તેના દીકરાઓ નાના છે તો તેના માટે કોઇ અલગથી સહાય આપણે આપવા માગીએ છીએ કે કેમ? અને મારો ત્રીજો પ્રશ્ન એવો છે કે, આ ગંગા સ્વરૂપા બહેનને છેલ્લે ઘણી વખત એવું થાય છે કે, ત્રણ મહિને કે ચાર મહિને હપ્તા એકીસાથે પડતા હોય છે તો આવું થવાનું કારણ શું?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના છે તે સહાય યોજના છે અને આ સહાયથી આખું તેનું ઘર નથી ચાલતું પણ સરકાર તેનું પરિવાર બનીને તેની સાથે ઊભી છે એટલે તેને સહાયના રૂપમાં આ ૧૨૫૦ રૂપિયા આપવામાં આવે છે. સાથે સાથે ભાઇએ જે વાત કરી આધારને લિંક કરવાની તો જે નવી અરજીઓ આવે છે અને કયાંક અને કયાંક આધાર લિન્ક જો બેન્કના એકાઉન્ટ સાથે કે પોસ્ટ ઓફિસ સાથે ના થયું હોય તો વહેલી તકે અમારા વિભાગ દ્વારા પણ મદદ કરવામાં આવે છે અને વહેલી તકે એ એકાઉન્ટ લિંક પણ કરી દેવામાં આવે છે અને તેની આખી સમગ્ર પ્રક્રિયા ૬૦ દિવસની હોય છે અને ૬૦ દિવસમાં પૂર્ણ પણ કરવામાં આવે છે. જે ભાઇનો ત્રીજો પ્રશ્ન છે તે સૂચન છે. કેમ કે ગુજરાત સરકારે સન ૨૦૧૯માં નિર્ણય લીધો અને તેમાં ઉંમરનો કોઇ બાધ નથી એટલે આપણી પાસે જેટલા લાભાર્થીઓ છે તે ૧૭ લાખ ૨૧ હજાર જેટલા છે એટલે આપણે આમ જોવા જઇએ તો બીજાં રાજયોની કમ્પેરીઝનમાં જયાં ઉંમરની મર્યાદા રાખવામાં આવી છે, પણ ગુજરાતમાં ઉંમરનો બાધ ન હોવાથી આપણી પાસે બહુ જ મોટા પ્રમાણમાં આનો લાભ લાભાર્થીઓને આપીએ છીએ.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અરજી મંજૂર કરવા માટે લાભાર્થીઓ પાસેથી કયા કયા ડોકયુમેન્ટ માંગવામાં આવે છે?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, લાભાર્થી પાસેથી જે ડોકયુમેન્ટસ માંગવામાં આવે છે તેમાં એક તો અરજદારની ઉંમરનો પુરાવો હોવો ખૂબ જરૂરી છે, કુટુંબનું આવકનું પ્રમાણપત્ર અને કુટુંબ બી.પી.એલ. યાદીમાં હોવું પણ ખૂબ જરૂરી છે સાથેસાથે પતિના અવસાનનો દાખલો પણ તેમાં હોવો જોઇએ અને અરજદારના આધાર કાર્ડની નકલ અને બેન્ક કે પોસ્ટ ઓફિસની પાસબુકની નકલ હોવી જરૂરી છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જે ગંગા સ્વરૂપા યોજના છે તેમાં જે ૧૨૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે તેમાં મોંઘવારી પ્રમાણે થોડોક વધારો કરવા માગો છો કે કેમ ? અને સાથોસાથ છૂટાછેડા લીધેલી જે મહિલાઓ છે તેને આ ગંગા સ્વરૂપા યોજનાની અંદર લાભ આપવા માગો છો કે કેમ?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, આગળ પણ સભ્યશ્રીએ જે સવાલ પૂછયો છે તે જ સવાલનું પુનરાવર્તન છે અને માનનીય સભ્યશ્રીનો બીજો જે પ્રશ્ન છે તે તેમનું સૂચન છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, વિધવા બહેનોમાં એવું હોય છે કે, નાની ઉંમરે કોઇ બહેન વિધવા થાય તો સમાજ તેના પુનઃલગ્ન કરે છે એટલે સ્વભાવિકપણે એવું જોવામાં આવ્યું છે કે વિધવા સહાય યોજનાનો લાભ લેતી બહેનોની ઉંમર લગભગ ૫૫થી ઉપરની હોય છે. તો આપણે એવુ કરી શકીએ કે જે સિનિયર સિટિઝન લેવલે પહોંચેલી બહેનો છે તેને કંઇક વધારે સહાય મળે જેથી કરીને તેનું જીવન થોડુંક વધુ સારી રીતે ચાલે અને જે ઓછી ઉંમરે વિધવા બનેલી બહેનો છે તેને હજુ પુનઃલગ્ન જીવન સ્ટાર્ટ કરવાની સંભાવના વધેલી છે તો મારી સરકારને વિનંતી છે કે, એક તો આ સહાયની રકમ વધારે અને ઉંમર વાઇઝ તેનો આખો સ્લેબ તૈયાર કરવામાં આવે.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે.

તારાંકિત પ્રશ્નો

જુનાગઢ જિલ્લાના ચોરવાડ અને કુકસવાડા ગામમાં ગેરકાયદેસર ખનન

***15/8/3811 શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા) સોમનાથ (: માનનીય મુખ્યમંત્રીશ્રી)ખાણ અને ખનિજ(** જણાવવા કૃપા કરશે કે–.

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના માળીયા હાટીના તાલુકાના ચોરવાડ અને કુકસવાડા ગામમાં ગેરકાયદેસર ખનન ચાલી રહ્યુ છે તે હકીકત સાચી છે કે કેમ,	(૧)	હા, જી.
(૨)	જો હા તો, ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તે અંગે કેટલી વાર તપાસ કરવામાં આવી,	(૨)	પ્રસ્તુત બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં એસ.સી.એ .નં.૧૦૯૨૫/ ૨૦૨૫ થી કોર્ટ કેસ દાખલ થયેલ છે . જેની આગામી સુનાવણીની મુદ્દત તા.૦૮/૦૫/૨૦૨૬ ના રોજ નિર્ધારીત થયેલ છે .
(૩)	ઉક્ત તપાસ દરમ્યાન કયા પ્રકારની ગેરરીતિઓ સામે આવી,	(૩)	
(૪)	ઉક્ત સ્થિતિએ ગેરકાયદેસર ખનન અંગે કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો, અને	(૪) અને	
)૫(	ઉક્ત દંડની રકમ સમયસર ન ભરનાર સામે શું કાર્યવાહી કરવામાં આવી?	)૫(	

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લાના તાલુકો માળીયા હાટીના, ગામ ચોરવાડ અને કુકસવાડામાં બે સરવે નંબર અને ચોરવાડના બે સરવે નંબરમાં ખનીજ ચોરી ચાલી રહી છે એ હકીકત સાચી કે નહીં એ સરકારશ્રીને પૂછવામાં આવ્યું ત્યારે સરકારશ્રી દ્વારા સ્વીકારવામાં આવ્યું છે કે હકીકત સાચી છે તો આપના માધ્યમથી હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે હાલમાં પણ આખું વર્ષ ખનીજ ચોરી ચાલી રહેલ છે તો આને અટકાવવા માટે સરકારશ્રી દ્વારા કોઇ કમિટી બનાવવવા માગો છો કે કોઇ નક્કર આયોજન કરવા માગો છો કે કેમ? અને મારો બીજો પ્રશ્ન એ છે કે ખનીજ માફિયા દ્વારા જે કુકસવાડા ગામની બે સરવે નંબર અને ચોરવાડના જે સરવે નંબરમાં ખનીજ ચોરી થઇ છે તેમને દંડ આપવામાં આવ્યો છે તો એ દંડ વસૂલ કરવામાં આવ્યો છે કે કેમ? અને જો દંડ ભરવામાં ન આવ્યો હોય તો એની ઉપર કોઇ એફ.આઇ.આર. કરવા માગો છો કે કેમ?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે બે તાલુકાની વાત કરી છે એમાં પ્રક્રિયામાં અમારા વિભાગે જેમણે પણ આ ચોરી કરી છે એમની સામે પગલા લેવા માટે જે પ્રક્રિયા છે, કલેકટરશ્રીને દંડ વસૂલવા માટેના અધિકારો આપેલા છે એટલે એમને જાણ કરી છે અને શ્રી ભીમજીભાઇ નારણભાઇ કછોડા, ડાહ્યાભાઇ ભીમજીભાઇ ચુડાસમા અને નાજાભાઇ ઉકાભાઇ ડોકલ, એ ત્રણેય જે ખનીજ ચોરીમાં ઝડપાયેલા છે એમની સામે દંડ માટેની કાર્યવાહી કલેકટરશ્રીએ તા.૩–૨–૨૦૨૬ અને તા.૧૭–૨–૨૦૨૬ના રોજ સુનાવણી માટે હાજર રહેવા માટે નોટીસ પાઠવી છે. જે સુનાવણીમાં ડાહ્યાભાઇ ભીખાભાઇ ચુડાસમા રૂબરૂ હાજર રહેલ, તેઓ દ્વારા જમીન વેચાણ કરી સાટાખત કરેલ હોવાનું જણાવેલ, લેખિત આધાર પુરાવાઓ રજૂ કરેલ નહીં એટલે તા.૧૭–૩–૨૦૨૬ના રોજ સુનાવણીમાં એ અરજદાર હાજર રહેલ જેમની સામે ફરિયાદ છે અને એમના દ્વારા જમીન વેચાણનું સાટાખત કર્યું હોય તો વધુ મુદત, જે પ્રક્રિયા છે એ પ્રક્રિયાના ભાગરૂપે અમારો વિભાગે એમને દંડ થાય એના માટે લખીને આપ્યું છે અને કલેકટરશ્રીએ તા.૭–૪–૨૦૨૬ના રોજ વધુ મુદત આપી છે એટલે માનનીય સભ્યશ્રી કહે છે કે દંડ આપેલો છે અને નથી ભરતા તો એફ.આઇ.આર. કરી છે કે કેમ? એટલે આમાં એફ.આઇ.આર. કરવાનો પ્રશ્ન ઉપસ્થિત નથી. કલેકટરશ્રી જે નક્કી કરશે એ મુજબ દંડ અમારો વિભાગ એની પાસેથી લેશે અને આ પ્રકારની પ્રવૃત્તિઓ રોકવા માટે ખાણ ખનીજ, ગેરકાયદેસર ખનન, વહન અને સંગ્રહ નિયમન માટે માઇન્સ એન્ડ મીનરલ્સ ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન એમેન્ડમેન્ટ એકટ–૧૯૫૭ની જોગવાઇ તથા ગુજરાત ખનિજ ગેરકાયદેસર ખનન વહન અને સંગ્રહના નિયમો–૨૦૧૭ના શીડ્યુલ–૧ માં ગુજરાત સરકારમાં ફરજ બજાવી રહેલ મહેસૂલી અધિકારીઓ જેવા કે જિલ્લા કલેકટરશ્રી, ડેપ્યુટી કલેકટરશ્રી, મામલતદારશ્રીઓને તેમની ફરજના વિસ્તારોમાં ગેરકાયદેસર ખનીજ ચોરી પ્રવૃત્તિઓ અટકાવવા માટેની સત્તા આપેલ છે અને એનાં જે વાહન પકડે છે એમને પણ ૩૦ દિવસની મર્યાદામાં છોડતાં પણ નથી, કેટલાક ઇનોવેટીવ પગલાં એ અમારા વિભાગ દ્વારા લીધેલાં છે અને એના આધારે આ ખનીજ ચોરી રોકવા માટેના પ્રયાસો અમારો વિભાગ કરે છે. એમણે બીજુ કહ્યું કે સરકારે સ્વીકારેલ છે તો સ્વીકારેલ એટલા પૂરતું છે કે જે ત્રણ તાલુકાની અંદર માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એ પ્રશ્નમાં ૩ લોકો સામેલ છે જેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની પ્રક્રિયા અમારા વિભાગ દ્વારા શરૂ છે એના જવાબ આપેલ છે છતાં પણ માનનીય સભ્યશ્રીના ધ્યાનમાં કંઇ પણ હશે તો અમારો વિભાગ સખતમાં સખત પગલાં લેવા માટે તૈયાર છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ એટલો જ છે કે જે દંડ થયેલો છે, એ એક વખત થયો, બે વખત થયો, ત્રણ વખત થયો પણ હજી સુધી જેટલા દંડ થયા એ ખનીજ માફિયા દ્વારા દંડ ભરવામાં નથી આવ્યો તો આ દંડ

ભરતા નથી તો એના ઉપર એફ.આઈ.આર. કરવા માગો છો કે કેમ? અને જે સરવે નંબર માટે તા. ૮-૫-૨૦૨૫ના રોજ પત્ર લખેલ છે અને આપના માધ્યમથી હું તમામ સરવે નંબર આપવા જણાવું છું.

શ્રી જિતેન્દ્રભાઈ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારા જવાબમાં જણાવ્યું છે કે દંડ માટેની પ્રક્રિયા કલેકટરશ્રી સમક્ષ શરૂ છે અને તા. ૭-૪-૨૦૨૬ની મુદત આપવામાં આવેલ છે, અગાઉ હાજર નથી રહ્યા એટલે એમને દંડ આપ્યો હોય અને અમે નથી લીધો એવું નથી, દંડ એમને થાય એના માટે અમારા વિભાગના પણ પ્રયાસો છે અને એના માટે કલેકટરશ્રી જે કંઈ સૂચવે એ દંડ ભૂતકાળના દંડ ઓછો લેવાતો હતો, રાજયની સરકારે કડક થઈને એના દંડની રકમ વધે અને આપણી આવક વધે એ માટે પ્રાવધાન કર્યું છે. ખનન અટકે એના માટે પણ પ્રયાસો કર્યા છે. આખી પ્રક્રિયા છે એવી છે કે કેટલીક પ્રક્રિયામાં કલેક્ટર સમક્ષ આ સુનાવણી ચાલી રહી છે. એટલે અમે એની પાસેથી ચોક્કસ દંડની વસૂલાત કરીશું. (સભ્યશ્રી વિમલભાઇ ચુડાસમા ફરી પ્રશ્ન પૂછવા ઊભા થાય છે.)

અધ્યક્ષશ્રી : આપનો જવાબ આવી ગયો છે. એમણે કહ્યું કે અમે એના ઉપર ગંભીરતાથી પગલાં લઇ રહ્યા છીએ. મારે અધિકારીશ્રીઓને કહેવું છે કે તમે જે જવાબ આપો છો તે Present Perfect continuous tenseમાં આપ્યો છે, સાદા વર્તમાનકાળમાં નથી આપ્યો. તમે જ્યારે જવાબ વિધાનસભાને મોકલો ત્યારે તમારે ધ્યાન રાખવું જોઇએ.

પોરબંદર જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ

***15/8/2805 શ્રી જનકભાઇ તળાવિયા** (લાઠી(**: માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ(** જણાવવા કૃપા કરશે કે-.

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોરબંદર જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે, અને	(૧)	૧૯૩
(૨)	ઉક્ત સ્થિતિએ પોરબંદર જિલ્લામાં તાલુકાવાર જમીનની બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?	(૨)	

ક્રમ	**તાલુકાનું નામ**	**મંજૂર કરેલ અરજીઓની સંખ્યા**
૧	પોરબંદર)ગ્રામ્ય(	૫૫
૨	પોરબંદર)શહેર(	૧૭
૩	રાણાવાવ	૨૪
૪	કુતિયાણા	૧૩

શ્રી જનકભાઇ તળાવિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અમરેલી અને પોરબંદર જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ક્યા હેતુ માટે, કેટલા હિસ્સામાં, કેટલી જમીન બિનખેતી કરવામાં આવી છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, બિનખેતી રહેણાંક અને વાણિજ્ય, ઔધોગિક અને બહુહેતુક હેતુ માટે કરવામાં આવે છે. પોરબંદર જિલ્લામાં રહેણાંક હેતુ માટે કુલ ૨૦ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે. જેનું ક્ષેત્રફળ ૨,૦૭,૩૦૭ ચો.મી. છે. વાણિજ્ય હેતુ માટે ૧ અરજી મંજૂર કરવામાં આવેલ છે. જેનું ક્ષેત્રફળ ૧૬ ચો.મી. છે. ઔધોગિક હેતુ માટે ૧૨ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે. જેનું ક્ષેત્રફળ ૮૬,૧૫૫ ચો.મી. છે. બહુહેતુક હેતુ માટે ૭૬ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે. જેનું ક્ષેત્રફળ ૬,૧૫,૫૪૦ ચો.મી. છે.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, બિનખેતી પરવાનગી માટે માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે બિનખેતી પરવાનગીની અરજી માટે પ્રોસેસ ફી કયા દરથી લેવામાં આવે છે અને આવી અરજી જો દફતરે થઈ હોય તો તેમને પુનર્જિવિત કરીએ ત્યારે ક્યા દરે આ ફી વસૂલવામાં આવે છે.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, બિનખેતી પરવાનગી માગણીવાળી જમીનમાં ક્ષેત્રફળ આધારિત રૂ.૫૦ પૈસા પ્રતિ ચો.મી.ના દરે પ્રોસેસ ફી વસૂલવામાં આવે છે. એક વાર દફતરે કરેલ બિન ખેતી પરવાનગીની અરજી પુન: કરવામાં આવે ત્યારે મહેસૂલ વિભાગના તા.૨૬/૯/૨૦૨૨ના પરિપત્રની જોગવાઇ અનુસાર ક્ષેત્રફળ આધારિત રૂ.૧૦ પૈસા પ્રતિ ચો.મી.ના દરે પ્રોસેસ ફી વસૂલવામાં આવે છે. અરજદાર પક્ષે કોઇ ક્ષતિ ન હોય પરંતુ ટેકનિકલ કારણોસર અરજી દફતરે થયેલ હોય તો તે અરજી પુન: રજૂ કરવામાં આવે છે ત્યારે કોઇ પ્રોસેસ ફી વસૂલ કરવાની રહેતી નથી.

અમદાવાદ જિલ્લામાં મહિલાઓને મિલકત ખરીદી દસ્તાવેજ માટે નોંધણી ફી માફી

***15/3814/8 પાયલ મનોજકુમાર કુકરાની**)નરોડા(: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**

તારાંકિત પ્રશ્નો

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા વેચાણ દસ્તાવેજની નોંધણી થયેલ છે,	(૧)	કુલ ૨,૯૩,૬૩૧
(૨)	તે પૈકી મહિલા સશક્તિકરણ અન્વયે મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના કેટલા વેચાણ દસ્તાવેજોની નોંધણી થયેલ છે, અને	(૨)	કુલ ૭૪,૬૧૪
(૩)	મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના વેચાણ દસ્તાવેજોમાં કેટલી નોંધણી ફી માફી મળેલ છે?	(૩)	૩.૨,૧૩,૨૫,૫૧,૩૬૦ –/

ડૉ. પાયલ મ. કુકરાની : માનનીય અધ્યક્ષશ્રી, મારા ત્રણ પ્રશ્નોનો સંતોષકારક જવાબ મને મળી ગયેલ છે. આભાર.

વડોદરા જિલ્લાના આંગણવાડી કેન્દ્રોને વીજ કનેક્શન

***15/8 /3793 શ્રી અક્ષયકુમાર ઈશ્વરભાઈ પટેલ**) કરજણ **: (માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી)રાજ્યકક્ષા(** જણાવવા કૃપા કરશે કે–.

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા .૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા આંગણવાડી કેન્દ્રો છે,	(૧)	પત્રક –૧ મુજબ
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા આંગણવાડી કેન્દ્રોમાં વીજ કનેક્શન ઉપલબ્ધ છે, અને	(૨)	પત્રક –૨ મુજબ
(૩)	બાકી રહેતી આંગણવાડી કેન્દ્રોને કેટલા સમયમાં વીજ કનેક્શન આપવામાં આવશે?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

પત્રક–૧

ક્રમ	તાલુકાનું નામ	કાર્યરત આંગણવાડી કેન્દ્રોની સંખ્યા
૧	ડભોઇ	૧૯૯
૨	ડેસર	૯૭
૩	કરજણ	૧૫૫
૪	પાદરા	૨૬૧
૫	સાવલી	૧૭૫
૬	શિનોર	૮૭
૭	વડોદરા	૨૬૦
૮	વાઘોડિયા	૧૭૫
કુલ		૧૪૦૯

પત્રક–૨

ક્રમ	તાલુકાનું નામ	વીજ કનેકશન ધરાવતા આંગણવાડી કેન્દ્રોની સંખ્યા
૧	ડભોઇ	૧૯૯
૨	ડેસર	૯૭
૩	કરજણ	૧૫૫
૪	પાદરા	૨૬૧
૫	સાવલી	૧૭૫
૬	શિનોર	૮૭
૭	વડોદરા	૨૬૦
૮	વાઘોડિયા	૧૭૫
કુલ		૧૪૦૯

તારાંકિત પ્રશ્નો

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વડોદરા જિલ્લાના આંગણવાડી કેન્દ્રોમાં કેટલા વીજ જોડાણ આપવામાં આવ્યા છે? અને સરકારશ્રી દ્વારા એમાં શું જોગવાઇ કરવામાં આવી છે? તેમજ છેલ્લાં બે વર્ષમાં કેટલા આંગણવાડી કેન્દ્રોમાં વીજ કનેક્શન આપવામાં આવેલ છે?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો જે પ્રશ્ન છે તે પ્રમાણે બધા જ તાલુકામાં ૧૦૦ ટકા વીજ જોડાણ આપવામાં આવ્યું છે અને દરેક નવા વીજ કનેક્શન માટે રૂ.૫,૦૦૦ની જોગવાઇ કરવામાં આવી છે. નવું આંગણવાડીનું મકાન હોય ત્યારે લાઇટ ફિટિંગ માટેની સુવિધા પણ આપવામાં આવે છે. ગયા બે વર્ષમાં ૩૨ આંગણવાડી કેન્દ્ર માટે રૂ.૬,૫૭,૦૦૦ ફાળવવામાં આવ્યા છે.

શ્રી યોગેશભાઇ ના. પટેલ(માંજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડી કેન્દ્રોમાં વિદ્યુત પ્રવાહ માટે ધારાસભ્ય ફંડમાંથી સોલાર મૂકાવવા માગો છો કે કેમ?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે પણ પ્રાયોગિક ધોરણે લગભગ ૧૩ હજાર આંગણવાડી કેન્દ્રોમાં સોલારની સુવિધા માટેની વિચારણા ચાલુ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીઓ માત્ર સૂચન છે એવું વારંવાર ન બોલે. કારણ કે સૂચન સારું હોય તો સૂચન સારું છે એવું પણ કહેવું પડશે. ઘણાં એવાં સારાં સૂચનો હોય છે કે સ્વીકારવા જેવાં લાગતાં હોય તો એવું પણ કહી શકાય.

સુરેન્દ્રનગર જિલ્લામાં ગેરકાયદેસર કાર્બોસેલના ખાણ/કુવા

*** 15/8/3775 શ્રી શૈલેષ મનુભાઈ પરમાર**) દાણીલીમડા(: **માનનીય મુખ્યમંત્રીશ્રી)ખાણ અને ખનિજ(** જણાવવા કૃપા કરશે કે– .

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર જિલ્લામાંથી તાલુકાવાર કેટલી ગેરકાયદેસર કાર્બોસેલની ખાણ/કુવા પકડવામાં આવ્યા,	(૧)	વર્ષ / તાલુકા / ખાણ/કુવાની સંખ્યા ૨૦૨૪ / થાનગઢ / ૩૨ ૨૦૨૪ / મુળી / ૧૭ ૨૦૨૪ / સાયલા / ૧૨ ૨૦૨૫ / થાનગઢ / ૧૯૭ ૨૦૨૫ / મુળી / ૧૬૧ ૨૦૨૫ / સાયલા / ૧૧૩
(૨)	ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કાર્બોસેલની કેટલી કિમતનો કેટલો જથ્થો ગેરકાયદેસર ખનન કરવામાં આવેલ હોવાનું સામે આવ્યું,	(૨)	વર્ષ / જથ્થો)મેટ્રિક ટન(/ કિમત)રૂા.લાખ(૨૦૨૪ / ૨૨૨૪.૦૯ / ૩૬.૫૬૯ ૨૦૨૫ / ૧૭૫૨૫.૦૧ / ૨૯૨.૧૫૮
(૩)	ઉકત સ્થિતિએ ગેરકાયદેસર ખાણ/કુવા ચલાવતા કેટલા ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને	(૩)	વર્ષ / કરેલ કાર્યવાહી ૨૦૨૪ / ૨ ઇસમો પાસેથી રૂા ૧૦.૮૩–/લાખની વસુલાત કરેલ છે ૩૦ ઇસમો સામે રૂા ૪૦.૮૮ –/લાખની ૬ પોલીસ ફરીયાદો કરેલ છે. ૬૨ ઇસમો સામે રૂા ૩૨૧.૨૨–/લાખની ખનીજચોરીની ૧૧ કોર્ટ ફરીયાદ કરેલ છે. ૨૦૨૫ / ૩૧ ઇસમો પાસેથી રૂા.૪૮.૭૨ –/લાખની વસુલાત કરેલ છે . ૧૨ ઇસમો સામે રૂા .૨૮.૮૯ –/લાખની ૪ પોલીસ ફરીયાદો કરેલ છે . ૨૦ ઇસમો સામે રૂા .૧૧૬.૯૪ લાખની ખનીજચોરીની ૫ કોર્ટ ફરીયાદ કરેલ છે . ૬૫ ઇસમો સામે રૂા.૯૪.૯૭ –/લાખની વસુલાત કરવા વસુલાત હુકમ કરેલ છે, ૧૦ ઇસમો સામે રૂા.૫૦.૮૮ લાખ વસુલવા કુલ –૪ RRC ઇસ્યુ કરેલ અને

			૭૭ ઈસમોને રૂા.૨૬૭.૧૫ –/લાખની વસુલાત કરવા અંગેની નોટીસ આપેલ છે.
(૪)	આવી ગેરકાયદેસર ખનનની પ્રવૃત્તિ કાયમી ધોરણે રોકવા માટે શી કાર્યવાહી કરવામાં આવી ?	(૪)	• સુરેન્દ્રનગર જીલ્લાના થાનગઢ, મુળી, સાયલા અને ચોટીલા તાલુકામાં ભુસ્તરશાસ્ત્રીશ્રી સુરેન્દ્રનગર અને ફ્લાઇંગ સ્કવોર્ડ –ગાંધીનગરની ટીમ સાથે મળીને વખતોવખત મુળી, સાયલા અને થાનગઢ તાલુકાઓમાં થતી કાર્બોસેલ ખનિજની ચોરી અન્વયે કામગીરી હાથ ધરેલ .જેમાં વિવિધ મશીનરી સીઝ કરી જુદા–જુદા પ્રાઇવેટ સર્વે નંબરોમાં સર્વેયરો દ્વારા ગામોના રેવન્યુ તલાટી અને સર્કલ ઓફીસરોને સાથે રાખી ઉંડા ઉતારેલ કુવાઓની માપણી અંગેની કામગીરી કરવામાં આવેલ .જે માપણી આધારે થાનગઢ, મુળી અને સાયલા તાલુકાના પ્રાઇવેટ માલિકીના સર્વે નંબરોવાળા જમીન માલિકોને નિયમોનુસાર કારણદર્શક નોટીસો પાઠવવામાં આવેલ છે જે પૈકી મુળી તાલુકાના અલગ–અલગ ગામોમાં ખાનગી સર્વે નં માં કુવાની માપણી કરી જમીન માલિકોને નોટીસ પાઠવેલ. • ભુસ્તરશાસ્ત્રીશ્રી, સુરેન્દ્રનગર અને રેવન્યુ ટીમ થાનગઢ અને મુળી સાથે મળીને સંયુક્ત તપાસટીમ બનાવી સતત આકસ્મિક ચેકિંગ કરી ગેરકાયદેસર કાર્બોસેલ ખનિજના ખનનને નિયંત્રણમાં લાવવા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. • જીલ્લાના થાનગઢ, મુળી અને સાયલા તાલુકામાં ગેરધોરણ કાર્બોસેલ ખનિજના ખનન બાબતે સંવેદનશીલ ગામોમાં ૨૪ ૭ QRT (Quick Response Team) ટીમ બનાવી સતત ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવે છે . • સુરેન્દ્રનગર જીલ્લાના થાનગઢ, સાયલા અને મુળી તાલુકાઓના અલગ–અલગ ગામોમાં સરકારી, ગૌચર અને ખાનગી માલિકીની જમીનોમાં કાર્બોસેલ ખનીજનું ગેરકાયદેસર ખોદકામ થયેલ કુવાઓમાં બુરાણ કરવા વિશિષ્ટ ગ્રાન્ટ મેળવી ટેન્ડર બહાર પાડી એજન્સી નિયુક્ત કરી જે.સી.બી/.ડમ્પરો/ટ્રેક્ટરો/લોડરોની મદદથી કાર્બોસેલ ખનિજના કુવાઓમાં માટી બુરાણની કામગીરી પુર્ણ કરેલ છે . • કાર્બોસેલ ખનીજનું ગેરકાયદેસર ખાણકામ અટકાવવા અને લોકોમાં જાગૃતી લાવવા મુળી, સાયલા અને થાનગઢ તાલુકાના અલગ અલગ કુલ ૨૪)ચોવીસ (ગામોમાં સંયુક્ત ટીમો બનાવી ગ્રામસભાનું આયોજન કરવામાં આવેલ તેમજ સુરેન્દ્રનગર જીલ્લા વહિવટીતંત્ર દ્વારા કાર્બોસેલ ખનિજનું ખાણકામ ભયજનક તેમજ ગેરકાયદેસર હોવા બાબતે જનજાગૃતિ લાવવા માટે તે અંગેના પેમ્ફલેટ છપાવી ગ્રામસભા દરમ્યાન વિતરણ કરવામાં આવેલ. • ભુસ્તરશાસ્ત્રીશ્રી સુરેન્દ્રનગરની તપાસટીમ દ્વારા મુળી

			તાલુકાના અલગ–અલગ ગામોમાં કાર્બોસેલ ખનીજના ગેરકાયદેસર ખાણકામ સબબ આકસ્મિક તપાસ કરી મુળી પોલીસ સ્ટેશન ખાતે પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે .તેમજ સુરેન્દ્રનગરના મહે.એડી સેશન્સ & સ્પેશ્યલ જજ સાહેબની કોર્ટમાં નિયમોનુસારની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સુરેન્દ્રનગર જિલ્લામાં કાર્બોસેલની ખાણ/કૂવાનું બહુ મોટું ખનીજ કૌભાંડ ચાલે છે અને ત્યાંના સ્થાનિક લોકોની પણ ખૂબ ફરિયાદો છે. છેલ્લાં બે વર્ષમાં લગભગ ૫૩૪ ખાણ/કૂવાઓ ગેરકાયદેસર પકડવામાં આવ્યા છે. આ વિસ્તારમાં ખાણ/કૂવાનું મોટામાં મોટું ખનીજનું કામ થઇ રહ્યું છે ત્યાં સરકાર દ્વારા અમુક ભાગમાં એક્શન લેવામાં આવ્યા અને અમુક ભાગમાં એક્શન લેવામાં આવ્યા નથી તેનાં કારણો શાં છે? ત્યાં મોટા પ્રમાણમાં જે ઇસમો ખુલ્લેઆમ ખનીજ પ્રક્રિયા કરી રહ્યા છે તેવાં ઇસમો કોણ છે અને તેની સામે સરકારે શું પગલાં લીધાં છે?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારના કૂવાઓ ખાસ કરીને થાનગઢ અને મૂળી તાલુકામાં આવેલાં છે. રાજ્ય સરકારશ્રીના ધ્યાનમાં આવી કોઇ બાબત આવે તો પગલાં લેવામાં આવે છે. માનનીય સભ્યશ્રીના દ્વારા આવી કોઇ બાબત અમારા ધ્યાને મૂકવામાં આવશે તો અમે ચોક્કસ પગલાં લઇશું. અમારો વિભાગ છે તેમાં કલેક્ટરશ્રી દ્વારા QRTનું ગઠન કરવામાં આવેલ છે. 24 X 7 તપાસની કામગીરી કરવામાં આવે છે. અનેક કૂવાઓનું પૂરાણ કરવામાં આવ્યું છે. ૩.૧૬૨.૮૭ લાખની ગ્રાન્ટ તેના માટે વાપરવામાં આવી છે. તેના માટે ભૂસ્તરીય વિજ્ઞાન અને ખનીજ જિલ્લા કચેરી દ્વારા વધારાનો સ્ટાફ પણ ફાળવવામાં આવેલ છે. લોક જાગૃતિ માટે ગ્રામસભાનું આયોજન પણ અમે કરી રહ્યા છીએ. પ્રાંત અધિકારી, મામલતદાર અને પોલીસની સંયુક્ત ટીમ આ ગેરકાયદેસર ખનન બાબતે અવારનવાર તપાસ કરતી રહે છે. તા.૦૩/૦૧/૨૦૨૬થી અલગ પરિપત્ર કરીને ગંભીર પ્રકારના ખનીજના ગુનાઓમાં ૩૦ દિવસ સુધી વાહન નહીં છોડવાની એસ.ઓ.પી. બનાવેલ છે. ગેરકાયદેસર ખનનમાં લગત કામના સરપંચશ્રીની સંડોવણી જણાઇ આવે તો તેઓની વિરુદ્ધ પણ પંચાયત અધિનિયમ હેઠળ પગલાં લેવામાં આવે છે. લોકજાગૃતિ માટે પેમ્ફલેટ બનાવીને આ પ્રકારની કાર્યવાહી છેલ્લાં બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૫૯૪ કેસ કરીને ૩.૨૭૧૬.૪૬ લાખની વસૂલાત કરવામાં આવેલ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ૧૫૦૦ જેટલા કેસની સંખ્યા જણાવી પણ છેલ્લાં બે વર્ષમાં ૨૩૨ કિસ્સાઓ સામે આવેલા છે. જેમાં વર્ષ ૨૦૨૪માં ફક્ત ૬ અને વર્ષ ૨૦૨૫માં માત્ર ૪ પોલીસ ફરિયાદ થયેલી છે. વર્ષ ૨૦૨૪માં ૧૧ અને વર્ષ ૨૦૨૫માં ૫ ફરિયાદ કોર્ટ દ્વારા થયેલ છે. આ ફરિયાદ પોલીસ દ્વારા કેમ કરવામાં આવેલ નથી? ત્યાંના ડેપ્યુટી કલેક્ટરશ્રી દ્વારા જે ઇસમો દ્વારા આ ખાણ ખનીજનું ગેરકાયદેસર કામ કરવામાં આવે છે તેને તડીપાર કરવા માટેનો એક હુકમ કરવામાં આવે છે. શું સરકાર તે ઇસમો સામે તડીપાર કરવાની કોઇ કાર્યવાહી કરવા માગે છે કે કેમ? પોલીસ કેસ કેમ ઓછા થયા છે અને કોર્ટમાં કેમ જવું પડ્યું તેનાં કારણો જણાવે?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, બધાને કોર્ટમાં જવાનો અધિકાર છે. કોર્ટ જે કંઇ આદેશ કરે તેનું સરકાર પાલન કરે છે. તેનો અર્થ એવો પણ નથી કે અમે પોલીસ ફરિયાદ કરતા નથી. જ્યાં જે પ્રકારની જરૂર જણાય તે પ્રકારની તમામ કાર્યવાહી અમારો વિભાગ કરી રહ્યો છે. માનનીય સભ્યશ્રીએ જે ખનીજ કૂવાઓ માટે વાત કરી છે તેમાં અમારો વિભાગ સખતાઇથી કામ લઇ રહ્યો છે. ૭૦૦ જેટલા કૂવા પણ પૂરવામાં આવ્યા છે અને ત્યાંના ડેપ્યુટી કલેક્ટરને પણ વાત કરી છે. ત્યાંના જે ડેપ્યુટી કલેક્ટર છે એ સરકારની સૂચનાથી જ આ પ્રકારની ખનની કાર્યવાહી આ કૂવાઓમાં થતી હોય તો કડક કાર્યવાહી કરવા માટે થઇને આદેશો માનનીય મુખ્યમંત્રીશ્રીએ આપ્યા છે અને એના આધાર પર આખા તાલુકામાં ડેપ્યુટી કલેક્ટરને સરકારે સ્પેશિયલ સૂચના આપવાથી આ પ્રકારની પ્રવૃત્તિ કરવાવાળા ફફડી રહ્યા છે. આ રાજય સરકારની ઇચ્છાશક્તિથી થયેલ છે. કલેક્ટરશ્રી દ્વારા તડીપારથી માંડીને જે કાંઇ સૂચનો કરવામાં આવશે એમાં અમારા વિભાગ દ્વારા કલેક્ટરશ્રીને કહીને સખતાઇથી પગલાં લઇશું અને એ ડેપ્યુટી કલેક્ટરની નિમણૂક જ માનનીય મુખ્યમંત્રીશ્રીએ એ પ્રકારે કરી છે. આજે પણ બધા જાણે છે કે આખા જિલ્લામાં આ પ્રકારની પ્રવૃત્તિઓમાં ડેપ્યુટી કલેકટર સખ્તાઇથી પગલાં લઇ રહ્યાં છે અને એમને છૂટો દોર આપ્યો છે. સભ્યશ્રી કોઇ બાબત ધ્યાનમાં મૂકશે તો એમાં પણ કાર્યવાહી કરવાની સરકારની તૈયારી છે.

મોરબી જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત

***15/8/2811 શ્રી ગૌતમભાઇ ગોપાભાઇ ચૌહાણ**) તળાજા:(**માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ(** જણાવવા કૃપા કરશે કે–:

	પ્રશ્ન		**જવાબ**

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મોરબી જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર,પેટા આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૧૨)બાર(
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી,અને	(૨)	૦૫)પાંચ(
(૩)	મંજુર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	કુલ કિસ્સા: ૦૫ / કુલ ક્ષેત્રફળ: ૨૭૦૦ ચો.મી.

શ્રી ગૌતમભાઇ ગો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે પણ હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ભાવનગર અને મોરબી જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન ફાળવવા માટે કુલ કેટલી અરજી આવી છે? અને કેટલી જમીન ફાળવવામાં આવી છે? બંને જિલ્લાની તાલુકાવાર માહિતી આપશો.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન સ્કોપ બહારનો છે.

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મોરબી જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં પેટા આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે કેટલી જમીન ફાળવવામાં આવી છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં બે વર્ષમાં મોરબી જિલ્લામાં પેટા આરોગ્ય કેન્દ્ર હેતુ માટે કુલ ૨૦૦૦ ચો.મી. જમીન ફાળવણી કરવામાં આવેલ છે. જે અંતર્ગત મોરબી ગ્રામ્યમાં ૧૦૦૦ ચો.મી. જમીન, ટંકારા ખાતે ૫૦૦ ચો.મી. જમીન અને માળિયા મિયાણા ખાતે ૫૦૦ ચો.મી. જમીન ફાળવેલ છે તથા મોરબી શહેર ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે ખાતે ૭૦૦ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે.

મોરબી જિલ્લામાં જાહેર હેતુ માટે જમીન ફાળવણી

***15/8/2801 શ્રી શિવાભાઇ જેરામભાઇ ગોહિલ**) મહુવા:(**માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ(** જણાવવા કૃપા કરશે કે–:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મોરબી જિલ્લામાં ગુજરાત જમીન મહેસૂલ નિયમો ૧૯૭૨ના વહીવટી હુકમ–૩ હેઠળ સરકારના વિભાગોને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧)	૬૬)છાસઠ(
(૨)	તે પૈકી કેટલી દરખાસ્તો મંજુર કરવામાં આવી,અને	(૨)	૩૬)છત્રીસ(
(૩)	મંજુર કરેલ દરખાસ્તો પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીન ફાળવવામાં આવેલ છે?	(૩)	કુલ કિસ્સા: ૩૬ / કુલ ક્ષેત્રફળ: ૧૮૨૦૭૬ ચો.મી.

શ્રી શિવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મોરબી જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૫ સુધીમાં છેલ્લાં બે વર્ષમાં ગુજરાત જમીન મહેસૂલ નિયમો–૧૯૭૨ના વહીવટી હુકમ–૩ હેઠળ જાહેર હેતુ માટે કયા કયા વિભાગોને કેટલી જમીન ફાળવવામાં આવી?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, મોરબી જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગુજરાત જમીન મહેસૂલ નિયમો–૧૯૭૨ના વહીવટી હુકમ–૩ હેઠળ જાહેર હેતુ માટે સરકારના વિભાગોને કુલ ક્ષેત્રફળ ૧ લાખ ૮૨ હજાર ૭૬ ચો.મી. સરકારી જમીન ફાળવવામાં આવી છે. ગૃહ વિભાગમાં ૪ અરજી મંજૂર કરેલ છે જેનું ક્ષેત્રફળ ૮૦૨૭૦ ચો.મી. છે. માર્ગ અને મકાન વિભાગની ૧ અરજી મંજૂર કરેલ છે. જેનું ક્ષેત્રફળ ૫૦૦૦ ચો.મી છે. આરોગ્ય વિભાગની ૬ અરજીઓમાં મંજૂર કરેલ છે. જેનું ક્ષેત્રફળ ૨૯૫૦ ચો.મી. છે. મહિલા અને બાળ વિકાસ વિભાગની ૧ અરજી મંજૂર કરેલ છે. જેને ૫૬ ચો.મી. છે. શિક્ષણ વિભાગની ૧૬ અરજીઓ મંજૂર કરેલ છે. જેનું ક્ષેત્રફળ ૬૭૭૦૦ ચો.મી. છે. નર્મદા જળસંપત્તિ અને કલ્પસર વિભાગની ૧ અરજી મંજૂર કરેલ છે. જેનું ક્ષેત્રફળ ૧૦૦૦૦ હજાર ચો.મી. છે. અન્ન અને નાગરિક પુરવઠા

વિભાગની ૧ અરજી મંજૂર કરેલ છે. જેનું ક્ષેત્રફળ ૧૦૦૦૦ ચો.મી. છે. કૃષિ અને સહકાર વિભાગ ૫ અરજીઓ મંજૂર કરેલ છે. જેનું ૨૬૦૦ ચો.મી. છે. રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની ૧ અરજી મંજૂર કરેલ છે જેનું ક્ષેત્રફળ ૩૫૦૦ ચો.મી. છે. આમ, મોરબી જિલ્લામાં ૯ સરકારી વિભાગોની ૩૬ અરજીઓ મંજૂર કરેલ છે, જેમાં કુલ ૧,૮૨,૦૭૬ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે.

અરવલ્લી જિલ્લામાં રાજ્ય હસ્તકના માર્ગોના રીપેર કામ માટે થયેલ ખર્ચ

2787/8/15 ***શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા**) બાયડ : (**માનનીય મુખ્યમંત્રીશ્રી)માર્ગ અને મકાન (**જણાવવા કૃપા કરશે કે –:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન અરવલ્લી જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ રાજ્ય હસ્તકના માર્ગો રીપેર કામ માટે કૂલ કેટલી ગ્રાન્ટ સરકાર તરફથી ફાળવવામાં આવી છે, અને	(૧)	૩.૨૦.૮૯ કરોડ
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ઉક્ત માર્ગોના રીપેર કામ માટે તાલુકાવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવી છે?	(૨)	

ક્રમ	તાલુકા	ખર્ચ)રૂ.કરોડમાં(
૧	મોડાસા	૬.૧૭
૨	ધનસુરા	૦.૮૫
૩	બાયડ	૧.૧૦
૪	મેઘરજ	૦.૯૮
૫	માલપુર	૪.૮૦
૬	ભિલોડા	૪.૦૦

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, અરવલ્લી જિલ્લા હસ્તકના માર્ગોના રિપેર કામ માટેનો ખર્ચ ખૂબ મોટા પ્રમાણમાં થતો હોય છે અને દરેક જિલ્લામાં આ રીતે થાય છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, સી.આર. અને એસ.આર.નાં જે કામો થાય છે એમાં ઘણી વખત નાનીમોટી ક્ષતિઓ રહી જતી હોય છે, પેપર ઉપર પેચવર્ક થાય અને સ્થળ ઉપર ના થયું હોય એવી ઘણી ઘટનાઓ બને છે. આપણે પ્લાન અને નોન–પ્લાન રસ્તાઓ પાંચ વર્ષની ગેરંટીવાળા બનાવવામાં માગીએ છીએ કે નહીં? ધારો કે, આ રૂ. ૨૦ કરોડનો ખર્ચ થયો છે તો એટલા પૈસામાં બીજા ચાર રસ્તા બની જાય એવી પરિસ્થિતિ થાય. મારો બીજો પ્રશ્ન છે કે છેલ્લાં બે વર્ષમાં કયા કયા રસ્તાઓ રિપેર કરવામાં આવ્યા છે, તેની સબ–ડિવિઝનવાર માહિતી મારે જોઇએ છે. માનનીય મંત્રીશ્રી પાસે હોય તો આપે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એમાં પ્લાન અને નોન–પ્લાન રસ્તાના મેઇન્ટેનન્સની બાબત છે. મેઇન્ટેનન્સની બાબતમાં રાજ્ય સરકાર દ્વારા ભૂતકાળમાં જે ટેન્ડર થયા છે, એ બાબતે મેં આ વખતના બજેટ પ્રવચનમાં કહ્યું હતું. આ વખતે ઓ.પી.આર.સી. એટલે આપણે હવે કોન્ટ્રાક્ટરને જવાબદારી આપવાના છીએ એમાં ભૂતકાળમાં ચાર વર્ષની આપતા હતા. એ જે રોડ બનાવે એનું ફાઇનલ બિલ થાય એટલે કે વર્ક કમ્પલિશન થાય ત્યાંથી લઇ ચાર વર્ષ સુધી મેઇન્ટેઇન કરવાની એની જવાબદારી હતી પરંતુ હવે નવા બજેટમાં આપણે બધા રસ્તાઓ માટે ૮ વર્ષની જોગવાઇ કરી રહ્યા છીએ.

અધ્યક્ષશ્રી : આમાં બધા માનનીય ધારાસભ્યશ્રીઓ ખૂબ ખુશ છે. આ સારું કામ છે.

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા વેચાણ દસ્તાવેજની નોંધણી થયેલ છે,	(૧)	કુલ ૫૮,૯૦૮)અઠ્ઠાવન હજાર નવસો આઠ(
(૨)	તે પૈકી મહીલા સશક્તિકરણ અન્વયે મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના કેટલા વેચાણ દસ્તાવેજોની નોંધણી થયેલ છે, અને	(૨)	કુલ ૧૭,૩૬૫)સત્તર હજાર ત્રણસો પાંસઠ(
(૩)	મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના વેચાણ દસ્તાવેજોમાં કેટલી નોંધણી ફી માફી મળેલ છે?	(૩)	કુલ ૩.૧૪,૩૫,૬૭,૫૦૩) -/અંકે રૂપિયા ચૌદ કરોડ પાંત્રીસ લાખ સડસઠ હજાર પાંચસો ત્રણ પૂરા(

અતારાંકિત પ્રશ્નો

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત

15/82813/ શ્રી મહેશ કસવાલા) સાવરકુંડલા(: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૧૧
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૫
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	૫ કિસ્સામાં ૨૨૫૩ ચો.મી .જમીનની ફાળવણી કરવામાં આવી.

ગાંધીનગર અને વડોદરા જિલ્લામાં ડિસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન ફંડ દ્વારા થયેલ કામોમાં ગેરરીતી

15/8/3770 ડૉ .કીરીટકુમાર ચીમનલાલ પટેલ)પાટણ(: **માનનીય મુખ્યમંત્રીશ્રી)ખાણ અને ખનિજ(** જણાવવા કૃપા કરશે કે–.

	પ્રશ્ન		જવાબ
(૧)	ડીસ્ટ્રીકટ મીનરલ ફાઉન્ડેશન)DMF (અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વાર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને વડોદરા જિલ્લામાં થયેલ કામોમાં ગેરરીતિ થઈ હોવા અંગેની જિલ્લાવાર કેટલી ફરિયાદો મળી, અને	(૧)	<table><tr><td>જિલ્લો</td><td>મળેલ ફરિયાદ</td></tr><tr><td>ગાંધીનગર</td><td>શૂન્ય</td></tr></table>
(૨)	ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અંગે જવાબદારો સામે શું કાર્યવાહી કરી ?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી .

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઈન્દ્રેશ્વર મંદિર પાસે પુર નિયંત્રણ દિવાલ બનાવવા બાબત

15/8/3413 શ્રી દિવ્યેશભાઈ રણછોડભાઈ અકબરી (જામનગર (દક્ષિણ)): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે. -

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ભાણવડ તાલુકામાં વર્તુ નદી ઉપર ઈન્દ્રેશ્વર મંદિર પાસે પુર સંરક્ષણ દિવાલ બનાવવાનું આયોજન છે કે કેમ,	(૧)	હા, જી
(૨)	જો હા તો, ઉક્ત કામગીરી ક્યા તબક્કે છે, અને	(૨)	પ્રગતિ હેઠળ
(૩)	ઉક્ત કામગીરી પાછળ કેટલી રકમનો ખર્ચ થનાર છે?	(૩)	રૂ. ૧૦.૬૫ કરોડ

ખેડા જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા બાબત

2525/8/15 શ્રી રાજેશકુમાર મગનભાઈ ઝાલા) કપડવંજ **: (માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ(** જણાવવા કૃપા કરશે કે–:

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખેડા જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૬)છ(
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૪)ચાર(
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	૪)ચાર (કિસ્સામાં કુલ ૧૧,૬૧૧.૫ ચો.મી .જમીનની ફાળવણી કરવામાં આવેલ છે .

તાપી જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત

2535/8/15 શ્રી મોહનભાઈ ધનજીભાઈ ઢોડિયા)મહુવા)એસ.ટી: ((. **માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ (**જણાવવા કૃપા કરશે કે –:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૫૩ અરજીઓ
(૨)	તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૨૮
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	૧૭૦૮૦ ચો.મી .

પાણીની ગુણવત્તા ચકાસણી અર્થે રાજ્યકક્ષાની પ્રયોગશાળા

15/8/3428 શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ (ગાંધીનગર (ઉત્તર)): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)

જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પાણીની ગુણવત્તા ચકાસણી અર્થે રાજ્ય કક્ષાએ કોઇ પ્રયોગશાળા કાર્યરત છે કે કેમ, અને	(૧)	હા, જી .
(૨)	જો હા તો, ઉકત સ્થિતિએ રાજ્ય કક્ષાની લેબોરેટરીમાં કેટલા પેરામીટરનું ટેસ્ટીંગ કરવામાં આવે છે?	(૨)	કુલ ૩૧ પેરામીટર

સાબરકાંઠા જિલ્લામાં ખનિજ નમૂનાઓનું પૃથ્થકરણ

15/8/2451 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા**)હિંમતનગર(: **માનનીય મુખ્યમંત્રીશ્રી)ખાણ અને ખનિજ(** જણાવવા કૃપા કરશે કે–.

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગુજરાત સરકારના ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશ્નર કચેરી હસ્તકની પેટ્રોગ્રાફી અને મિનરલ કેમિસ્ટ્રી પ્રયોગશાળા ખાતે છેલ્લાં બે નાણાકીય વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાંથી કુલ કેટલા ખનિજ નમૂનાઓ પૃથ્થક્કરણ અર્થે મોકલવામાં આવેલ છે, અને	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગુજરાત સરકારના ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશ્નર કચેરી હસ્તકની પેટ્રોગ્રાફી અને મિનરલ કેમિસ્ટ્રી પ્રયોગશાળા ખાતે સાબરકાંઠા જિલ્લામાંથી નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૪ દરમિયાન ૧૬–નંગ ખનિજ નમૂના તથા નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન ૦૮–નંગ ખનિજ નમૂનાઓ પૃથ્થક્કરણ અર્થે મોકલવામાં આવેલ છે.
(૨)	તે અન્વયે કુલ કેટલી આવક થયેલ છે ?	(૨)	તે અન્વયે નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૪ દરમિયાન ૩.૨૮,૨૬૦)–/અંકે અઠ્ઠાવીસ હજાર બસો સાઠ રુપિયા (તેમજ ના ાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન ૩.૧૧,૩૦૪) –/અંકે અગિયાર હજાર ત્રણ સો ચાર રુપિયા(ની આવક થયેલ છે.

અતારાંકિત પ્રશ્નો

ડાંગ જિલ્લામાં સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવણી

15/82799/ શ્રી અરવિંદ શાંતિલાલ રાણા)સુરત)પુર્વ((: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં રાજ્ય સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧)	૫
(૨)	તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને	(૨)	૧
(૩)	મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવવામાં આવેલ છે?	(૩)	૧ કિસ્સામાં ૨૭૯૩ ચો.મી . જમીનની ફાળવવામાં આવેલ છે.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ગીફ્ટ ડીડથી ખેડૂત ખાતેદાર બનવા બાબત

15/8/3772 **ડૉ .તુષાર અમરસિંહ ચૌધરી**)ખેડબ્રહ્મા(:**માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ (**જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ગીફ્ટ ડીડથી ખેડૂત બન્યા હોય તેવા કેટલા ખેડૂત નોંધાયેલ છે,	(૧)	સમયગાળો / સાબરકાંઠા / અરવલ્લી તા.૦૧/૦૨/૨૦૨૪ થી તા.૩૧/૦૧/૨૦૨૫ / ૦૦ / ૦૦ તા.૦૧/૦૨/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬ / ૦૦ / ૦૦ કુલ / ૦૦ / ૦૦
(૨)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા નોંધાયેલ ખેડૂતો સામે ખોટી રીતે ખેડૂત બન્યા હોય તેવી કુલ કેટલી ફરિયાદો મળી છે, અને	(૨)	સમયગાળો / સાબરકાંઠા / અરવલ્લી તા.૦૧/૦૨/૨૦૨૪ થી તા.૩૧/૦૧/૨૦૨૫ / ૦૦ / ૦૦ તા.૦૧/૦૨/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૬ / ૦૦ / ૦૦ કુલ / ૦૦ / ૦૦
(૩)	મળેલ ફરિયાદો અન્વયે શું કાર્યવાહી કરવામાં આવી ?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી .

ગીર સોમનાથ જિલ્લામાં ત્રિવેણી સરોવરની સાફ સફાઈ અને ડ્રેજીંગની કામગીરી

15/8/2445 શ્રી ભગાભાઈ ધાનાભાઈ બારડ (તાલાલા): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે. -

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગીર સોમનાથ જીલ્લામાં ત્રિવેણી સરોવરની સાફ સફાઈ અને ડ્રેજીંગના કામને મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ,	(૧)	હા, જી
(૨)	જો હા, તો આ કામ માટે કેટલી રકમની વહીવટી મંજૂરી મળેલ છે,	(૨)	અંદાજીત રકમ રૂ. ૨૦.૪૧ કરોડ
(૩)	ઉક્ત કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને	(૩)	પ્રગતિ હેઠળ છે.
(૪)	આ કામગીરીથી શો ફાયદો થનાર છે?	(૪)	આ કામગીરીથી પ્રસિદ્ધ ત્રિવેણી સરોવરમાં ભરાયેલ સીલ્ટ દુર થવાથી હિરણ, કપિલા અને સરસ્વતી નદીનું ૫.૨૫ MCFT મીઠુ પાણી વધુ સંગ્રહ થઈ શકશે જેથી ભુગર્ભ જળ રીચાર્જ

			થશે, નદીના પાણીનો વધારો થઈ શકશે અને દરિયાનું ખારૂ પાણી આગળ આવતા અટકશે.

ગીર સોમનાથ જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા બાબત

15/8/2823 શ્રી કાળુભાઈ (ઉના) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ**) જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૧
(૨)	તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૧
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	૧ કિસ્સામાં ૩૦૦૦ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે.

અરવલ્લી જિલ્લામાં મોટા કંથારીયા નાની સિંચાઇ યોજનાની મરામત

15/8/3407 શ્રી સરદારભાઇ શામળભાઇ ચૌધરી)ખેરાલુ **:(માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી) રાજ્યકક્ષા (**જણાવવા કૃપા કરશે કે–.

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં આવેલ મોટા કંથારીયા નાની સિંચાઇ યોજનામાં મરામતની કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ,	(૧)	હા.
(૨)	જો હા તો, ઉકત સ્થિતિએ કામગીરી કયા તબક્કે છે,અને	(૨)	હાલ પ્રગતિ હેઠળ છે.
(૩)	ઉકત કામગીરી અન્વયે કેટલો ખર્ચ થયેલ છે ?	(૩)	૩.૧૪૬.૬૬ લાખ

છોટાઉદેપુર અને ખેડા જિલ્લામાં ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન ફંડ દ્વારા થયેલ કામોમાં ગેરરીતી

15/8/3779 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ)લુણાવાડા(**: માનનીય મુખ્યમંત્રીશ્રી)ખાણ અને ખનિજ(**
જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	ડીસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન)DMF) અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોટાઉદેપુર અને ખેડા જિલ્લામાં થયેલ કામોમાં ગેરરીતિ થઈ હોવા અંગેની જિલ્લાવાર કેટલી ફરિયાદો મળી, અને	(૧)	જિલ્લો: મળેલ ફરિયાદો છોટાઉદેપુર: શૂન્ય ખેડા
(૨)	ઉકત સ્થિતિએ મળેલ ફરિયાદો અંગે જવાબદારો સામે શું કાર્યવાહી કરી?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી .

બોટાદ જિલ્લામાં સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવણી

15/8/2832 શ્રી કિરીટસિંહ સરદારસંગ ડાભી)ધોળકા**(:માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ (**જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં રાજ્ય સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે સરકારી જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧)	૯

(૨)	તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને	(૨)	૫
(૩)	મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીન ફાળવવામાં આવેલ છે?	(૩)	મંજુર કરેલ ૦૫ કિસ્સાઓમાં કુલ ૬,૨૩,૧૦૦ ચો.મી .જમીન ફાળવવામાં કરવામાં આવેલ છે.

ડાંગ જિલ્લાના ડોન પ્રવાસન સ્થળને જોડતા રસ્તાની કામગીરી

15/8/2845 શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી) વ્યારા **: (માનનીય મુખ્યમંત્રીશ્રી) માર્ગ અને મકાન(** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન			**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ ડાંગ જીલ્લાનાઆહવા તાલુકાના ડોન પ્રવાસનસ્થળને જોડતા રસ્તા બાબતે સરકારે કોઈ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને	(૨)	૩. ૭૭૧.૦૦ લાખ
(૩)	ઉકત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે?	(૩)	કામગીરી પ્રગતિ હેઠળ છે.

મહેસાણા અને કચ્છ જિલ્લામાં ડિસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન ફંડ દ્વારા થયેલ કામોમાં ગેરરીતી

15/8/3764 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર)કાંકરેજ(: **માનનીય મુખ્યમંત્રીશ્રી)ખાણ અને ખનિજ(** જણાવવા કૃપા કરશે કે–.

	પ્રશ્ન		**જવાબ**
(૧)	ડીસ્ટ્રીકટ મીનરલ ફાઉન્ડેશન)DMF (અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા અને કચ્છ જિલ્લામાં થયેલ કામોમાં ગેરરીતિ થઈ હોવા અંગેની જિલ્લાવાર કેટલી ફરિયાદો મળી, અને	(૧)	જિલ્લો / મળેલ ફરિયાદ મહેસાણા / શૂન્ય કચ્છ
(૨)	ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અંગે જવાબદારો સામે શું કાર્યવાહી કરી ?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી .

પાટણ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત

15/8/2538 શ્રી લવીંગજી મુળજીજી સોલંકી)રાધનપુર **:(માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ (**જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૪૮
(૨)	તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૨૬
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	મંજુર કરેલ ૨૬ કિસ્સામાં કુલ ૪૪૦૪૧.૦૦ ચો.મી .જમીનની ફાળવણી કરવામાં આવી.

મોરબી જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત

15/8/2836 શ્રી પરસોત્તમભાઇ ખેંગારભાઇ પરમાર)દસાડા:(**માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ(** જણાવવા કૃપા કરશે કે–:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મોરબી જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર,પેટા આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૧૨)બાર(

(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી,અને	(૨)	૦૫)પાંચ(
(૩)	મંજુર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	કુલ કિસ્સા: ૦૫ ; કુલ ક્ષેત્રફળ: ૨૭૦૦ ચો.મી.

તાપી અને જામનગર જિલ્લામાં ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન ફંડ દ્વારા થયેલ કામોમાં ગેરરીતી

15/8/3783 શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ) વાંસદા (**: માનનીય મુખ્યમંત્રીશ્રી)ખાણ અને ખનિજ(** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	ડીસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન)DMF) અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને જામનગર જિલ્લામાં થયેલ કામોમાં ગેરરીતિ થઈ હોવા અંગેની જિલ્લાવાર કેટલી ફરિયાદો મળી, અને	(૧)	જિલ્લો: તાપી, જામનગર ; મળેલ ફરિયાદો: શૂન્ય
(૨)	ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અંગે જવાબદારો સામે શું કાર્યવાહી કરી?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી .

દાહોદ જિલ્લામાં ૭૩–એએ હેઠળ જમીન સંપાદન કરવા બાબત

15/8/2861 શ્રી મહેશભાઇ ભુરીયા)ઝાલોદ :(**માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ(** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧ની સ્થિતિ૨૦૨૫/૧૨/એ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં ૭૩એએ હેઠળ કેટલી – જમીન સંપાદન કરવામાં આવી, અને	(૧)	જમીન મહેસૂલ સંહિતાની કલમ૧૮૭૯––૭૩ એએ હેઠળ જમીન સંપાદનની કાર્યવાહી કરવામાં આવતી ન હોવાથી કોઇ જમીન સંપાદન કરવામાં આવેલ નથી .
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત જમીન સંપાદન કરવાના કારણો શાં છે?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી .

ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં ખનિજ ચોરીના કેસોમાં દંડની રકમ વસુલવા બાબત

15/8/3813 શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા) સોમનાથ(**: માનનીય મુખ્યમંત્રીશ્રી)ખાણ અને ખનિજ(** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગીર–સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં ખનીજચોરીના કરવામાં આવેલ કેસો પૈકી કેટલી દંડની રકમ વસુલ કરવાની બાકી છે,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં ખનીજચોરીના કરવામાં આવેલ કેસો પૈકી વસુલ કરવાની બાકી દંડની રકમની વિગત: જિલ્લાનું નામ / કરેલ કેસો / વસુલ કરવાની બાકી રકમ)રૂ .લાખમાં(ગીર–સોમનાથ / ૩૩૭ / ૧૬૩૦૯.૮૭ જુનાગઢ / ૭૫ / ૧૩૩૦૫.૯૩
(૨)	ઉકત બાકી રકમ પૈકી કેટલી રકમ બે વર્ષ કે તેથી વધુ સમયથી વસુલ કરવાની બાકી છે, અને	(૨)	ઉક્ત બાકી રકમ પૈકી બે વર્ષ કે તેથી વધુ સમયથી વસુલ કરવાની બાકી રકમની વિગત: જિલ્લાનું નામ / કરેલ કેસો / બે વર્ષ કે તેથી વધુ

					સમયથી વસુલ કરવાની બાકી રકમ)રૂ .લાખમાં(
			ગીર–સોમનાથ	૩૩૫	૧૬૨૫૯.૫૩
			જુનાગઢ	૬૩	૧૦૭૭૪.૩૪
(૩)	ખનીજચોરીના ઈસમો સમયસર રકમ ન ચૂકવતા હોય તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી?	(૩)	ઉક્ત સ્થિતિએ ખનીજચોરીના ઈસમો સમયસર રકમ ન ચુકવતા હોય તેવા કિસ્સામાં છેલ્લા બે વર્ષમાં; ૧૦૧ કેસોમાં ૧૧૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. ૩૩ કેસોમાં ૩૬ ઈસમો સામે વસુલાત હુકમ કરવામાં આવેલ છે.જે પૈકી ૦૨ કેસોમાં ૦૨ ઈસમો દ્વારા વસુલાત હુકમ સામે નામ .ગુજરાત હાઈકોર્ટમાં દાદ માંગેલ છે .જે ન્યાયિક પ્રક્રિયા હેઠળ કાર્યવાહીમાં છે. ૧૮૧ કેસોમાં ૩૬૬ ઈસમો સામે પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. ૫૦ કેસોમાં ૮૦ ઈસમો સામે નામ .કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. ૦૫ કેસોમાં ૦૫ ઈસમો દ્વારા અપીલ દાખલ કરવામાં આવેલ છે. ૦૨ કેસોમાં ૦૨ ઈસમો સામે RRC(રેવન્યુ રિકવરી સર્ટીફિકેટ(ઈશ્યુ કરવામાં આવેલ છે.		

અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ગૌચર જમીનની ફાળવણી બાબત

3776/8/15 શ્રી શૈલેષ મનુભાઈ પરમાર)દાણીલીમડા :(**માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ(** જણાવવા કૃપા કરશે કે–:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર ગૌચરની કેટલી જમીન કયા હેતુસર ફાળવવામાં આવી,	(૧) અને (૨)	પત્રક સામેલ રાખેલ છે . વિશાળ જાહેર હિતને ધ્યાને રાખી જાહેર હિતના કામોમાં ગૌચરની જમીન ફાળવવી અનિવાર્ય હોય, ગૌચરની જમીનની ફાળવણી કરવામાં આવે છે .તેમજ ગૌચરની જમીનની સામે તેટલી જ સરકારી પડતર જમીન ગૌચર તરીકે નીમ કરવામાં આવેલ છે .જેથી ગૌચરમાં ઘટ થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૨)	કયા કિસ્સામાં ગામમાં પ્રસ્થાવિત ઘોરણ કરતા ઓછું ગૌચર હોવા છતા ગૌચર જમીનની ફાળવણી કરવામાં આવી અને તેના કારણો શા છે,		
(૩)	લઘુત્તમ ગૌચરથી ઓછું હોવા છતાં ગૌચરની ફાળવણી કરનાર જવાબદારો સામે ઉક્ત સ્થિતિએ શા પગલાં લેવામાં આવ્યા, અને	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪)	ગૌચરની ફાળવણી બાદ લઘુત્તમ ગૌચર જાળવવા માટે જે–તે ગામને કેટલી વૈકલ્પિક જમીનની ફાળવણી કરવામાં આવી?	(૪)	ફાળવેલ ગૌચરની જમીનની સામે તે ગામની જમીન અથવા નજીકના ગામની સરકારી પડતરમાંથી તેટલી જ જમીન વૈકલ્પિક ગૌચર તરીકે નીમ કરવામાં આવે છે. જેથી ગૌચરમાં ઘટાડો થતો નથી.

પત્રક

તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ગૌચરની કેટલી જમીન કયા હેતુસર ફાળવવામાં આવી,

તા.૨૪મી માર્ચ, ૨૦૨૬

અતારાંકિત પ્રશ્નો

ક્રમ	વર્ષ	તાલુકો	ફાળવેલ જમીનનુ ક્ષેત્રફળ)ચો.મી(.	ફાળવણીનો હેતુ	બદલાના ઘોરણે ગૌચર નીમ જમીનનુ ક્ષેત્રફળ)ચો.મી(.
૧	૨૦૨૪	ઘાટલોડીયા	૧૭૩૦.૦૦	ફેમીલી કોર્ટ બનાવવા	૧૭૩૦.૦૦
૨	૨૦૨૪	દસક્રોઈ	૪૦૪૭.૦૦	ગામતળ નીમ	૪૦૪૭.૦૦
૩	૨૦૨૫		૪૦૫૫૨૦.૦૦	હોસ્પીટલ બનાવવા	૪૦૫૫૨૦.૦૦
૪			૪૯૦૦.૦૦	સબ સ્ટેશન	૪૯૦૦.૦૦
૫	૨૦૨૫	દેત્રોજ–રામપુરા	૨૦૦૦૦.૦૦	હોસ્પીટલ બનાવવા	૨૦૦૦૦.૦૦
૬			૬૦૦૦.૦૦	સર્કિટ હાઉસ બનાવવા	૬૦૦૦.૦૦
૭	૨૦૨૫	ધંધુકા	૨૪૦૦૦	સ્ટાફ કવાર્ટર્સ બનાવવા	૨૪૦૦૦
૮	૨૦૨૪	ધોલેરા	૧૦૪૪૭૩.૦૦	રાજ્ય ધોરી માર્ગ	૧૦૪૪૭૩.૦૦
૯	૨૦૨૫		૧૬૧૮૭૫.૦૦	ભીમનાથ ધોલેરા રેલ પ્રોજેકટ	૧૬૧૮૭૫.૦૦
૧૦	૨૦૨૪	બાવળા	૧૫૫૮૪.૦૦	પોલીસ આવાસ બનાવવા	૧૫૫૮૪.૦૦
૧૧			૫૦૦૦.૦૦	સ્મશાન	૫૦૦૦.૦૦
૧૨	૨૦૨૫		૪૯૦૦.૦૦	સબ સ્ટેશન	૪૯૦૦.૦૦
૧૩	૨૦૨૫	વિરમગામ	૯૯૯૯.૦૦	નર્સરી બનાવવાના હેતુ માટે	૯૯૯૯.૦૦
૧૪			૫૫.૭૪	આંગણવાળી બનાવવા	૫૫.૭૪
૧૫			૯૦૦૦.૦૦	બસ સ્ટેન્ડ બનાવવા	૯૦૦૦.૦૦
૧૬			૯૫૪૭.૦૦	સરકારી માધ્યમિક શાળા બનાવવા	૯૫૪૭.૦૦
૧૭	૨૦૨૪	સાણંદ	૪૯૦૦.૦૦	સબ સ્ટેશન	૪૯૦૦.૦૦
૧૮	૨૦૨૫		૫૦૦૦.૦૦	પાણીના હેડ વર્ક બનાવવા	૫૦૦૦.૦૦
૧૯			૧૫૦૦.૦૦	સ્ટાફ કવાર્ટર્સ બનાવવા	૧૫૦૦.૦૦
૨૦			૬૬૮૧.૦૦	સરકારી માધ્યમિક શાળા બનાવવા	૬૬૮૧.૦૦
૨૧			૯૬૫૫૮૩.૦૦	જી.આઈ.ડી.સી બનાવવા	૯૯૭૬૮૦.૦૦
કુલ ફાળવેલ જમીનનુ ક્ષેત્રફળ)ચો.મી(.			૧૬૭૬૨૬૮.૭૪	કુલ બદલાના ઘોરણે ગૌચર નીમ જમીનનુ ક્ષેત્રફળ (ચો.મી(.	૧૭૦૮૩૬૫.૭૪

તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર ગૌચરની કેટલી જમીન કયા હેતુસર ફાળવવામાં આવી,

ક્રમ	વર્ષ	તાલુકો	ફાળવેલ જમીનનુ ક્ષેત્રફળ)ચો.મી(.	ફાળવણીનો હેતુ	બદલાના ઘોરણે ગૌચર નીમ જમીનનુ ક્ષેત્રફળ (ચો.મી(.
૧	૨૦૨૪	ચોટીલા	૨૫૭૮.૦૦	સરકારી પ્રાથમિક શાળા	૨૫૭૮.૦૦

૨	૨૦૨૪	વઢવાણ	૪૮૮૩૧.૦૦	પ્રવાસન સ્થળ	૪૮૮૩૧.૦૦
કુલ ફાળવેલ જમીનનુ ક્ષેત્રફળ)ચો.મી(.			૫૧૪૦૯.૦૦	કુલ બદલાના ઘોરણે ગૌચર નીમ જમીનનુ ક્ષેત્રફળ)ચો.મી(.	૫૧૪૦૯.૦૦

પોરબંદર જિલ્લામાં વ્હાલી દીકરી યોજના

15/8/3806 શ્રી ભગવાનજીભાઇ લાખાભાઇ કરગટીયા)માંગરોળ: (**માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી)રાજ્યકક્ષા (**જણાવવા કૃપા કરશે કે–.

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્હાલી દીકરી યોજનામાં પોરબંદર જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,	(૧)	ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા ૧ | પોરબંદર | ૮૨૪ ૨ | રાણાવાવ | ૧૭૬ ૩ | કુતિયાણા | ૧૨૭ કુલ | ૧૧૨૭
(૨)	ઉક્ત સ્થિતિએ વ્હાલી દીકરી યોજનામાં પોરબંદર જિલ્લામાં કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને	(૨)	મંજૂર | નામંજૂર ૧૧૨૫ | ૦૨
(૩)	ઉક્ત સ્થિતિએ અરજીઓ નામંજૂર થવાના શું કારણો છે?	(૩)	યોજનાની પાત્રતા માટે જરૂરી દસ્તાવેજી પુરાવાના અભાવે અરજીઓ નામંજુર કરેલ છે .

આણંદ અને દાહોદ જિલ્લામાં ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન ફંડ દ્વારા થયેલ કામોમાં ગેરરીતી

15/8/3768 શ્રી દિનેશભાઈ આતાજી ઠાકો)ચાણસ્મા(**: માનનીય મુખ્યમંત્રીશ્રી)ખાણ અને ખનિજ(** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	ડીસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન)DMF) અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને દાહોદ જિલ્લામાં થયેલ કામોમાં ગેરરીતિ થઈ હોવા અંગેની જિલ્લાવાર કેટલી ફરિયાદો મળી, અને	(૧)	જિલ્લો | મળેલ ફરિયાદો આણંદ | શૂન્ય દાહોદ
(૨)	ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અંગે જવાબદારો સામે શું કાર્યવાહી કરી?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી .

ભાવનગર અને અમરેલી જિલ્લામાં ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન ફંડ દ્વારા થયેલ કામોમાં ગેરરીતી

15/8/3759 શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી)દાંતા(: **માનનીય મુખ્યમંત્રીશ્રી)ખાણ અને ખનિજ(** જણાવવા કૃપા કરશે કે–.

	પ્રશ્ન		**જવાબ**
(૧)	ડીસ્ટ્રીક્ટ મીનરલ ફાઉન્ડેશન)DMF (અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વાર્ષમાં વર્ષવાર ભાવનગર અને અમરેલી જિલ્લામાં થયેલ કામોમાં ગેરરીતિ થઈ હોવા અંગેની જિલ્લાવાર કેટલી ફરિયાદો મળી, અને	(૧)	જિલ્લો | મળેલ ફરિયાદ ભાવનગર | શૂન્ય
(૨)	ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અંગે જવાબદારો સામે	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી .

	શું કાર્યવાહી કરી ?		

જુનાગઢ અને ભાવનગર જીલ્લામાં ખેતરે જવાના રસ્તામાં થયેલી અડચણ દૂર કરવા માટે ઉપસ્થિત થયેલ દાવાઓ

15/8/3728 શ્રી ગોપાલભાઇ ગોરધનભાઇ ઇટાલીયા)વિસાવદર : (**માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ(** જણાવવા કૃપા કરશે કે–.

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ અને ભાવનગર જીલ્લાના તાલુકાઓમાં ખેતરે જવાના રસ્તામાં થયેલી અડચણ દૂર કરવા અંગે મામલતદાર કોર્ટ અધિનિયમ અંતર્ગત વર્ષવાર તાલુકાવાર કેટલા દાવા ઉપસ્થિત થયા,	(૧)	**જીલ્લો :જુનાગઢ** ક્રમ | તાલુકાનુ નામ | વર્ષ–૨૦૨૪ | વર્ષ –૨૦૨૫ (૧) | (૨) | (૩) | (૪) ૧ | જુનાગઢ શહેર | ૦ | ૦ ૨ | જુનાગઢ ગ્રામ્ય | ૧ | ૭ ૩ | કેશોદ | ૩ | ૧ ૪ | માંગરોળ | ૫ | ૨ ૫ | વિસાવદર | ૮ | ૧૬ ૬ | ભેંસાણ | ૮ | ૧૩ ૭ | મેંદરડા | ૧૧ | ૦૭ ૮ | માળીયાહાટીના | ૩ | ૩ ૯ | વંથલી | ૮ | ૬ ૧૦ | માણાવદર | ૮ | ૪ કુલ | | ૫૫ | ૫૯ **જિલ્લો :ભાવનગર** ક્રમ | તાલુકાનુ નામ | વર્ષ–૨૦૨૪ | વર્ષ –૨૦૨૫ (૧) | (૨) | (૩) | (૪) ૧ | ભાવનગર સીટી | ૦ | ૧ ૨ | ભાવનગર ગ્રામ્ય | ૬ | ૬ ૩ | ઘોઘા | ૩ | ૪ ૪ | તળાજા | ૮ | ૧૨ ૫ | ઉમરાળા | ૭ | ૯ ૬ | સિહોર | ૫ | ૮ ૭ | વલ્લભીપુર | ૫ | ૫ ૮ | ગારીયાધાર | ૧૦ | ૧૯ ૯ | મહુવા | ૨૦ | ૨૯ ૧૦ | જેસર | ૧ | ૩ ૧૧ | પાલીતાણા | ૬ | ૪ કુલ | | ૭૧ | ૧૦૦
(૨)	ઉક્ત સ્થિતિએ કેટલા દાવાઓ મંજુર કરવામાં આવ્યા અને કેટલા દાવાઓ કેટલા સમયથી પડતર છે, અને	(૨)	**જીલ્લો :જુનાગઢ** વર્ષ–૨૦૨૪ | વર્ષ–૨૦૨૫

			ઉક્ત ૫૫ દાવાઓ પૈકી **૩૫ દાવાઓ મંજૂર** કરવામાં આવ્યા, ઉક્ત વિગતે કોઇ દાવાઓ પડતર નથી . | ઉક્ત ૫૯ દાવાઓ પંકી **૨૭ દાવાઓ મંજુર** કરવામાં આવ્યા, **૧૫)પંદર (દાવાઓ પડતર** છે .જેમાં ૧ દાવો ૧ વર્ષથી, ૬)છ (દાવાઓ ૧ થી ૩ માસથી, ૮)આઠ (દાવા ૨ થી ૫ માસથી પડતર છે . **જીલ્લો :ભાવનગર** વર્ષ–૨૦૨૪ | વર્ષ–૨૦૨૫ ઉક્ત ૭૧ દાવાઓ પૈકી **૪૫ દાવાઓ મંજૂર** કરવામાં આવ્યા, ઉક્ત દાવાઓ પૈકી કોઇ દાવાઓ પડતર નથી . | ઉક્ત ૧૦૦ દાવાઓ પૈકી **૫૩ દાવાઓ મંજુર** કરવામાં આવ્યા, ૨૧)એકવીશ (દાવાઓ છ માસથી નીચેના સમયથી પડતર છે .
(૩)	મંજુર થયેલા દાવો પૈકી કેટલા કિસ્સામાં અડચણ દુર કરવામાં આવી અને કેટલી અડચણ દૂર કરવાની બાકી છે .	(૩)	**જિલ્લો :જુનાગઢ** વર્ષ–૨૦૨૪ | વર્ષ–૨૦૨૫ વર્ષ–૨૦૨૪ માં **મંજુર થયેલ ૩૫ દાવાઓ પૈકી ૩૩ દાવાઓમાં અડચણ દૂર કરવામાં આવી**, અને **૨)બે (દાવાઓ અડચણ દૂર કરવાની બાકી** છે . | વર્ષ–૨૦૨૫ માં **મંજુર થયેલ ૨૭ દાવાઓ પૈકી ૨૨ દાવાઓ માં અડચણ દૂર કરવામાં આવી**, અને **૫)પાંચ (દાવાઓમાં અડચણ દૂર કરવાની બાકી** છે . **જિલ્લો :ભાવનગર** વર્ષ–૨૦૨૪ | વર્ષ–૨૦૨૫ વર્ષ–૨૦૨૪ માં મંજૂર થયેલ **૪૫ દાવાઓ પૈકી ૪૧ દાવાઓમાં અડચણ દૂર કરવામાં આવી** અને **૨)બે (દાવાઓ સંબંધિત પ્રાંત કચેરી ખાતે અપીલમાં** ચાલુ છે . અને ૨)બે (દાવાઓ સીવીલ કોર્ટ ખાતે અપીલમાં ચાલુ છે . | વર્ષ–૨૦૨૫ મંજૂર થયેલ **૫૩ દાવાઓ પૈકી ૪૮ દાવાઓમાં અડચણ દૂર કરવામાં આવી** અને, **૩)ત્રણ (દાવાઓ સબંધિત પ્રાંત કચેરી ખાતે** અપીલમાં ચાલુ છે .જ્યારે **૧)એક (દાવામાં અપીલ અરજી મંજૂર કરી રીમાન્ડ કે**સ દાખલ કરેલ છે, અને **૧)એક(કેસમાં અડચણ દૂર કરવાનો હુકમ થયેલ છે** .અને તે ૭ દિવસમાં દૂર કરવા જણાવેલ છે.

અતારાંકિત પ્રશ્નો

બોટાદ જિલ્લામાં મહિલાઓને મિલકત ખરીદી દસ્તાવેજ માટે નોંધણી ફી માફી

15/3821/8 શ્રી ભીખાભાઈ રવજીભાઈ બારૈયા) પાલીતાણા(: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં કુલ કેટલા વેચાણ દસ્તાવેજની નોંધણી થયેલ છે,	(૧)	કુલ ૧૭,૦૬૧)સત્તર હજાર એકસઠ(
(૨)	તે પૈકી મહીલા સશક્તિકરણ અન્વયે મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના કેટલા વેચાણ દસ્તાવેજોની નોંધણી થયેલ છે, અને	(૨)	કુલ ૭,૦૩૫)સાત હજાર પાંત્રીસ(
(૩)	મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના વેચાણ દસ્તાવેજોમાં કેટલી નોંધણી ફી માફી મળેલ છે?	(૩)	કુલ ૩.૩,૯૨,૪૫,૯૨૫) –/અંકે રૂપિયા ત્રણ કરોડ બાણું લાખ પિસ્તાલીસ હજાર નવસો પચ્ચીસ પૂરા(

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મોટા ડેમો, નાના ડેમો અને ચેકડેમો મંજુર કરવા બાબ

15/8/3788 શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર): **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે. -

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલા મોટા ડેમો, નાના ડેમો અને ચેકડેમો મંજુર કરવામાં આવ્યા છે,</td><td>(૧)</td><td>તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર મંજુર કરવામાં આવેલ મોટા ડેમો, નાના ડેમો અને ચેકડેમોની વિગત નીચે મુજબ છે:
<table>
<tr><th colspan="5">જિલ્લો : જામનગર</th></tr>
<tr><th>ક્રમ</th><th>તાલુકો</th><th>મોટા ડેમો</th><th>નાના ડેમો</th><th>ચેકડેમો</th></tr>
<tr><td>૧</td><td>કાલાવડ</td><td>૦</td><td>૦</td><td>૩</td></tr>
<tr><td>૨</td><td>જામજોધપુર</td><td>૦</td><td>૦</td><td>૪</td></tr>
<tr><td>૩</td><td>લાલપુર</td><td>૦</td><td>૦</td><td>૧</td></tr>
<tr><td>૪</td><td>જામનગર</td><td>૦</td><td>૦</td><td>૨</td></tr>
<tr><td>૫</td><td>જોડિયા</td><td>૦</td><td>૦</td><td>૧</td></tr>
<tr><td colspan="2">કુલ</td><td>૦</td><td>૦</td><td>૧૧</td></tr>
</table>
<table>
<tr><th colspan="5">જિલ્લો : દેવભૂમિ દ્વારકા</th></tr>
<tr><th>ક્રમ</th><th>તાલુકો</th><th>મોટા ડેમો</th><th>નાના ડેમો</th><th>ચેકડેમો</th></tr>
<tr><td>૧</td><td>ખંભાળીયા</td><td>૦</td><td>૦</td><td>૩</td></tr>
<tr><td>૨</td><td>કલ્યાણપુર</td><td>૦</td><td>૦</td><td>૨</td></tr>
<tr><td colspan="2">કુલ</td><td>૦</td><td>૦</td><td>૫</td></tr>
</table></td></tr>
<tr><td>(૨)</td><td>ઉક્ત સ્થિતિએ ઉક્ત કામો હાલ કયા તબક્કે છે,</td><td>(૨)</td><td>ઉક્ત સ્થિતિએ,
• દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૫(પાંચ) કામો હાલ પ્રગતિ હેઠળ છે.
• જામનગર જિલ્લાના,
o ૨ કામો પ્રગતિ હેઠળ છે.
o ૧ કામ તાંત્રિક મંજુરી તબક્કે,
o ૧ કામ ડી.ટી.પી. મંજુરી તબક્કે,
o ૨ કામ ટેન્ડર મંજુરી તબક્કે,
o ૧ કામ આલેખન તબક્કે છે.
o ૧ ચેકડેમ સ્થળસ્થિતિ મુજબ હાલ બનાવી શકાય તેમ</td></tr>
</table>

			નથી. ○ ૩ ચેકડેમ તાંત્રિક રીતે શક્ય નથી.
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત કામો માટે કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે, અને	(૩)	ઉક્ત સ્થિતિએ, ● દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઉક્ત કામો માટે રૂ. ૧૬.૪૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. ● જામનગર જિલ્લાના ઉક્ત કામો માટે રૂ. ૧૩.૩૬ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.
(૪)	ક્યાં સુધીમાં ઉક્ત કામો પૂર્ણ કરવામાં આવશે?	(૪)	● દેવભૂમિ દ્વારકા જિલ્લાના કામો જુન-૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. ● જામનગર જિલ્લામાં પ્રગતિ હેઠળના ૨(બે) ચેકડેમના કામો મે-૨૦૨૬ સુધીમાં, તથા ૫(પાંચ) ચેકડેમના કામો જુન-૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

પોરબંદર જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ

15/8/3845 શ્રી જયસુખભાઇ વલ્લભભાઇ કાકડીયા (ધારી(**: માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ(** જણાવવા કૃપા કરશે કે-.

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોરબંદર જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે, અને	(૧)	૧૯૩
(૨)	ઉક્ત સ્થિતિએ પોરબંદર જિલ્લામાં તાલુકાવાર જમીનની બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?	(૨)	**ક્રમ** | **તાલુકાનું નામ** | **મંજૂર કરેલ અરજીઓની સંખ્યા** ૧ | પોરબંદર)ગ્રામ્ય(| ૫૫ ૨ | પોરબંદર)શહેર(| ૧૭ ૩ | રાણાવાવ | ૨૪ ૪ | કુતિયાણા | ૧૩

વલસાડ જિલ્લામાં મહિલાઓને મિલકત ખરીદી દસ્તાવેજ માટે નોંધણી ફી માફી

15/3842/8 શ્રી ભરતભાઈ કીકુભાઈ પટેલ) વલસાડ(: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કુલ કેટલા વેચાણ દસ્તાવેજની નોંધણી થયેલ છે,	(૧)	કુલ ૩૯,૮૦૨)ઓગણચાલીસ હજાર આઠસો બે(
(૨)	તે પૈકી મહિલા સશક્તિકરણ અન્વયે મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના કેટલા વેચાણ દસ્તાવેજોની નોંધણી થયેલ છે, અને	(૨)	કુલ ૧૩,૦૯૪)તેર હજાર ચોરાણું(
(૩)	મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના વેચાણ દસ્તાવેજોમાં કેટલી નોંધણી ફી માફી મળેલ છે?	(૩)	રૂ.૨૦,૨૬,૪૮,૦૨૫) -/અંકે રૂપિયા વીસ કરોડ છવ્વીસ લાખ અડતાલીસ હજાર પચ્ચીસ પૂરા(

અતારાંકિત પ્રશ્નો

મહીસાગર જિલ્લામાં મહિલાઓને મિલકત ખરીદી દસ્તાવેજ માટે નોંધણી ફી માફી

15/3831/8 શ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ) બાલાસિનોર(: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં કુલ કેટલા વેચાણ દસ્તાવેજની નોંધણી થયેલ છે,	(૧)	કુલ ૬,૧૦૨)છ હજાર એકસો બે(
(૨)	તે પૈકી મહીલા સશક્તિકરણ અન્વયે મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના કેટલા વેચાણ દસ્તાવેજોની નોંધણી થયેલ છે, અને	(૨)	કુલ ૧,૬૯૭)એક હજાર છસો સત્તાણું(
(૩)	મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના વેચાણ દસ્તાવેજોમાં કેટલી નોંધણી ફી માફી મળેલ છે?	(૩)	૩.૧,૩૭,૭૫,૨૨૧) –/અંકે રૂપિયા એક કરોડ સાડત્રીસ લાખ પંચોતેર હજાર બસો એકવીસ પૂરા(

પંચમહાલ જિલ્લામાં મહિલાઓને મિલકત ખરીદી દસ્તાવેજ માટે નોંધણી ફી માફી

15/3835/8 શ્રી સી.કે.રાઉલજી)ગોધરા(: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કુલ કેટલા વેચાણ દસ્તાવેજની નોંધણી થયેલ છે,	(૧)	કુલ ૨૦,૮૩૩) વીસ હજાર આઠસો તેત્રીસ(
(૨)	તે પૈકી મહિલા સશક્તિકરણ અન્વયે મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના કેટલા વેચાણ દસ્તાવેજોની નોંધણી થયેલ છે, અને	(૨)	કુલ ૫,૬૬૬)પાંચ હજાર છસો છાસઠ(
(૩)	મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના વેચાણ દસ્તાવેજોમાં કેટલી નોંધણી ફી માફી મળેલ છે?	(૩)	૩.૩,૫૬,૨૪,૫૫૫) –/અંકે રૂપિયા ત્રણ કરોડ છપ્પન લાખ ચોવીસ હજાર પાંચસો પંચાવન પૂરા(

ડાંગ જિલ્લામાં પાઇપલાઇનની મરામત માટે પ્રોત્સાહન/પુરસ્કાર યોજના

15/8/3427 શ્રી રાકેશ ગુણવંતભાઈ દેસાઈ)નવસારી:(**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી)રાજ્યકક્ષા (**જણાવવા કૃપા કરશે કે – :

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ આદિજાતિ વિસ્તારની પાઇપલાઇનની મરામત નિભાવણી અસરકારક થાય તે માટેની પ્રોત્સાહન/પુરસ્કાર યોજનાનો લાભ ડાંગ જીલ્લાને મળેલ છે કે કેમ, અને	(૧)	હા, જી
(૨)	જો હા તો, કેટલી પંચાયત અને કેટલી રકમ માટે આ યોજના હેઠળ લાભ મળેલ છે ?	(૨)	જે અંતર્ગત ૧૬ પંચાયતોને ૩.૩૨,૦૦,૦૦૦ –/ રકમનો લાભ આ યોજના હેઠળ મળેલ છે.

નવસારી જિલ્લામાં મહિલાઓને મિલકત ખરીદી દસ્તાવેજ માટે નોંધણી ફી માફી

15/3834/8 શ્રી અરવિંદ છોટુભાઈ પટેલ) ધરમપુર(: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં કુલ કેટલા વેચાણ દસ્તાવેજની નોંધણી થયેલ છે,	(૧)	કુલ ૨૯,૨૮૧)ઓગણત્રીસ હજાર બસો એક્યાસી(
(૨)	તે પૈકી મહીલા સશક્તિકરણ અન્વયે મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના કેટલા વેચાણ દસ્તાવેજોની નોંધણી થયેલ છે, અને	(૨)	કુલ ૭,૭૨૧) સાત હજાર સાતસો એકવીસ(
(૩)	મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના વેચાણ દસ્તાવેજોમાં કેટલી નોંધણી ફી માફી મળેલ છે?	(૩)	૩.૯,૧૧,૭૦,૨૯૨) –/અંકે રૂપિયા નવ કરોડ અગિયાર લાખ સિતેર હજાર બસો બાણું પૂરા(

રાજકોટ જિલ્લામાં મોવીયા સુધારણા જુથ પુરવઠા યોજના

15/8/3430 શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જીલ્લામાં મોવીયા સુધારણા જુથ પુરવઠા યોજનાના કામો કયા તબક્કે છે, અને	(૧)	મોવીયા જુથ પાણી પુરવઠા યોજનાના કામો પૂર્ણ થયેલ છે અને હાલમાં યોજનાની મરામત અને નિભાવણી પ્રગતિમાં છે .
(૨)	ઉકત સ્થિતિએ આ યોજના થકી કેટલા ગામો અને વસ્તીને લાભ મળનાર છે?	(૨)	૩૯ ગામો તથા ૧.૨૫ લાખથી વધુ વસ્તીને લાભ આપવામાં આવે છે .

મહેસાણા જિલ્લામાં મહિલાઓને મિલકત ખરીદી દસ્તાવેજ માટે નોંધણી ફી માફી

15/3830/8 ડૉ .સી.જે.ચાવડા) વિજાપુર(**: માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કુલ કેટલા વેચાણ દસ્તાવેજની નોંધણી થયેલ છે,	(૧)	કુલ ૭૧,૮૫૬)એકોતેર હજાર આઠસો છપ્પન (
(૨)	તે પૈકી મહીલા સશક્તિકરણ અન્વયે મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના કેટલા વેચાણ દસ્તાવેજોની નોંધણી થયેલ છે, અને	(૨)	કુલ ૨૦,૬૯૧)વીસ હજાર છસો એકાણું(
(૩)	મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના વેચાણ દસ્તાવેજોમાં કેટલી નોંધણી ફી માફી મળેલ છે?	(૩)	૩.૨૫,૧૮,૨૦,૬૩૪) –/અંકે રૂપિયા પચ્ચીસ કરોડ અઢાર લાખ વીસ હજાર છસો ચોત્રીસ પૂરા(

છોટાઉદેપુર જિલ્લામાં ડોલોમાઈન્સનું ખનન બંધ કરવા બાબત

15/8/3848 શ્રી ચૈતરભાઈ દામજીભાઈ વસાવા) દેડિયાપાડા (**: માનનીય મુખ્યમંત્રીશ્રી)ખાણ અને ખનિજ(**
જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ છોટાઉદેપુર તાલુકામાં ડોલોમાઈન્સનું ખનન બંધ કરવામાં આવેલ છે એ હકીકત સાચી છે, કે કેમ,	(૧)	હા, જી.

(૨)	જો હા ,તો ઉક્ત સ્થિતિએ તે બંધ કરાવવાના શા કારણો છે ,અને	(૨)	પર્યાવરણીય મંજુરી) એન્વાર્મેન્ટ ક્લીયરન્સ(ના હોવાના કારણે ખનન બંધ કરવામાં આવેલ છે.
(૩)	ઉક્ત સ્થિતિએ ખનન ચાલુ કરાવવા છેલ્લા બે વર્ષમાં કોઈ કાર્યવાહી હાથ ધરેલ છે કે કેમ?	(૩)	પર્યાવરણીય મંજૂરી)એન્વાર્મેન્ટ ક્લીયરન્સ (મેળવવા માટે લીઝધારકોએ રજૂ કરેલ જરૂરી દસ્તાવેજો જેવા કે માઈનીંગ પ્લાન, નકશાઓ, પ્રોજેક્ટ ડીટેલ્સ રીપોર્ટ વગેરે મંજૂર કરવા સબબની કાર્યવાહી હાથ ધરાયેલ છે.

અમરેલી જિલ્લામાં મહિલાઓને મિલકત ખરીદી દસ્તાવેજ માટે નોંધણી ફી માફી

15/381/85 શ્રી મહેશ કસવાલા)સાવરકુંડલા(: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કુલ કેટલા વેચાણ દસ્તાવેજની નોંધણી થયેલ છે,	(૧)	કુલ ૨૪,૯૦૮)ચોવીસ હજાર નવસો આઠ(
(૨)	તે પૈકી મહીલા સશક્તિકરણ અન્વયે મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના કેટલા વેચાણ દસ્તાવેજોની નોંધણી થયેલ છે, અને	(૨)	કુલ ૭,૩૮૯)સાત હજાર ત્રણસો નેવ્યાસી(
(૩)	મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના વેચાણ દસ્તાવેજોમાં કેટલી નોંધણી ફી માફી મળેલ છે?	(૩)	૩.૭,૬૯,૮૧,૩૨૨) –/અંકે રૂપિયા સાત કરોડ ઓગણાસિત્તેર લાખ એક્યાસી હજાર ત્રણસો બાવીસ પૂરા(

રાજકોટ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ડિસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન ફંડ દ્વારા થયેલ કામોમાં ગેરરીતી

15/8/3771 ડૉ .કીરીટકુમાર ચીમનલાલ પટેલ)પાટણ(**: માનનીય મુખ્યમંત્રીશ્રી)ખાણ અને ખનિજ(** જણાવવા કૃપા કરશે કે–.

	પ્રશ્ન		**જવાબ**
(૧)	ડીસ્ટ્રીકટ મીનરલ ફાઉન્ડેશન)DMF (અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં થયેલ કામોમાં ગેરરીતિ થઈ હોવા અંગેની જિલ્લાવાર કેટલી ફરિયાદો મળી, અને	(૧)	જિલ્લો / મળેલ ફરિયાદ રાજકોટ / શૂન્ય દેવભૂમિ દ્વારકા
(૨)	ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અંગે જવાબદારો સામે શું કાર્યવાહી કરી ?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી .

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મહિલાઓને મિલકત ખરીદી દસ્તાવેજ માટે નોંધણી ફી માફી

15/3823/8 શ્રી દિવ્યેશભાઈ રણછોડભાઈ અકબરી) જામનગર)દક્ષિણ((: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ કેટલા વેચાણ દસ્તાવેજની નોંધણી થયેલ છે,	(૧)	કુલ ૧૯,૬૫૧)ઓગણીસ હજાર છસો એકાવન(
(૨)	તે પૈકી મહિલા સશક્તિકરણ અન્વયે મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના કેટલા વેચાણ દસ્તાવેજોની નોંધણી થયેલ છે, અને	(૨)	કુલ ૫,૩૮૬)પાંચ હજાર ત્રણસો છ્યાસી(

(૩)	મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના વેચાણ દસ્તાવેજોમાં કેટલી નોંધણી ફી માફી મળેલ છે?	(૩)	કુલ રૂ.૨,૫૯,૮૪,૬૬૪) –/અંકે રૂપિયા બે કરોડ ઓગણાસાઈઠ લાખ ચોર્યાસી હજાર છસો ચોસઠ પૂરા(

કપડવંજ અને કઠલાલ તાલુકાના ગામો માટે સુધારણા પાણી પુરવઠા યોજના

15/8/3431 શ્રી રાજેશકુમાર મગનભાઇ ઝાલા)કપડવંજ **:(માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા (**જણાવવા કૃપા કરશે કે – :

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કપડવંજ તથા કઠલાલ તાલુકાના પૂર્વ વિસ્તારના પાણીની સમસ્યાવાળા ગામો માટે સુધારણા પાણી પુરવઠા યોજના અમલીકરણ કરવામાં આવેલ છે કે કેમ, અને	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉકત યોજનામાં કેટલા અને કયા કયા તાલુકા અને ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે?	(૨)	નીચેની વિગતે, **અનું** | **તાલુકો** | **સમાવિષ્ટ ગામો** ૧ | કપડવંજ | ૭૦ ૨ | કઠલાલ | ૦૪ **કુલ** | **૭૪**

તાપી જિલ્લામાં ઘુસરગામ ખાતે વીયર બનાવવા બાબત

3401/8/15શ્રી મોહનભાઈ ઘનજીભાઈ ઢોડિયા) મહુવા)એસ.ટી:((. **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી)રાજ્યકક્ષા(** જણાવવા કૃપા કરશે કે. –

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ તાપી જીલ્લામાં ઘુસરગામ ખાતે વિયરના બાંધકામનું કોઈ આયોજન કરેલ છે કે કેમ,	(૧)	હા
(૨)	જો હા, તો આ કામગીરી હાલમાં ક્યા તબક્કે છે, અને	(૨)	પ્રગતિ હેઠળ.
(૩)	આ વિયરની અંદાજિત રકમ કેટલી છે?	(૩)	રૂ.૭૩૭.૧૧ લાખ

ગાંધીનગર જિલ્લામાં મહિલાઓને મિલકત ખરીદી દસ્તાવેજ માટે નોંધણી ફી માફી

15/3824/8 શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ)ગાંધીનગર)ઉત્તર((**: માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલા વેચાણ દસ્તાવેજની નોંધણી થયેલ છે,	(૧)	કુલ ૭૯,૦૯૬) ઓગણએસી હજાર છસ્નું(
(૨)	તે પૈકી મહીલા સશક્તિકરણ અન્વયે મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના કેટલા વેચાણ દસ્તાવેજોની નોંધણી થયેલ છે, અને	(૨)	કુલ ૨૦,૦૮૯) વીસ હજાર નેવ્યાસી(
(૩)	મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના વેચાણ દસ્તાવેજોમાં કેટલી નોંધણી ફી માફી મળેલ છે?	(૩)	કુલ રૂ.૫૬,૮૮,૧૫,૯૫૦) –/અંકે રૂપિયા છપ્પન કરોડ અઠ્યાસી લાખ પંદર હજાર નવસો પચાસ પૂરા(

અતારાંકિત પ્રશ્નો

સાબરકાંઠા જિલ્લામાં મહિલાઓને મિલકત ખરીદી દસ્તાવેજ માટે નોંધણી ફી માફી

15/3838/8 શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા)હિંમતનગર(: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા વેચાણ દસ્તાવેજની નોંધણી થયેલ છે,	(૧)	કુલ ૩૦,૫૫૩)ત્રીસ હજાર પાંચસો ત્રેપન(
(૨)	તે પૈકી મહિલા સશક્તિકરણ અન્વયે મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના કેટલા વેચાણ દસ્તાવેજોની નોંધણી થયેલ છે, અને	(૨)	કુલ ૧૦,૧૧૮)દસ હજાર એકસો અઢાર(
(૩)	મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના વેચાણ દસ્તાવેજોમાં કેટલી નોંધણી ફી માફી મળેલ છે?	(૩)	૩.૭,૮૬,૪૨,૦૦૦) –/અંકે રૂપિયા સાત કરોડ છ્યાસી લાખ બેતાલીસ હજાર પૂરા(

રાજ્યમાં એન્વાયરમેન્ટલ કોમ્પેન્સેશન ફંડમાં જમા થયેલ રકમ

15/8/3773 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી)ખેડબ્રહ્મા(: **માનનીય મુખ્યમંત્રીશ્રી)ખાણ અને ખનિજ(** જણાવવા કૃપા કરશે કે–.

	પ્રશ્ન		જવાબ
(૧)	તા .૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ગેરકાયદેસર ખનનના દંડરૂપે મળેલ રકમમાંથી એન્વાયરમેન્ટલ કોમ્પેન્સેશન ફંડમાં કેટલી રકમ જમા થઈ,	(૧)	તા .૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ગેરકાયદેસર ખનનના દંડરૂપે મળેલ રકમમાંથી એન્વાયરમેન્ટલ કોમ્પેન્સેશન ફંડમાં જમા થયેલ રકમ નીચે મુજબ છે. વર્ષ | વસુલાત કરેલ એન્વાયરમેન્ટલ કોમ્પેન્સેશન ફંડની રકમ)રૂ .લાખમાં(૨૦૨૪ | રૂ .૧૭૯૪.૯૮ લાખ ૨૦૨૫ | રૂ .૨૦૩૮.૦૯ લાખ
(૨)	ઉક્ત સ્થિતિએ તે પૈકી કયા હેતુસર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને	(૨)	ઉક્ત સ્થિતીએ કુલ રૂ .૧૭૮.૨૦ લાખનો ખર્ચ ઉક્ત સમયગાળામાં થયેલ છે જે પૈકી આરોગ્ય ક્ષેત્રમાં રૂ . ૧૭૨.૩૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો, પાણીની સુવિધા માટે રૂ .૫.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો અને બેંક ચાર્જ માટે રૂ .૦.૮૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.
(૩)	કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?	(૩)	ઉક્ત જમા થયેલી રકમ માંથી રૂ. ૩૬૫૪.૮૭ લાખ ની રકમ વણવપરાયેલ રહી છે કારણ કે વિવિધ જીલ્લાઓની સમિતિઓ દ્વાર વિવિધ કામો આયોજન હેઠળ હોવાથી આયોજન થયેથી ખર્ચ કરવામાં આવશે.

ગીર સોમનાથ જિલ્લામાં ગામતળ નીમ કરવા માટેની અરજીઓ

15/8/2517 શ્રી ભગાભાઈ ઘાનાભાઈ બારડ (તાલાલા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં ગામતળ નીમ	(૧)	૪

	કરવા માટે કેટલી અરજીઓ મળેલ છે, અને		
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરવામાં આવી?		

ક્રમ	તાલુકાનું નામ	મંજૂર કરેલ અરજીઓની સંખ્યા
૧	વેરાવળ (શહેર)	૦
૨	વેરાવળ (ગ્રામ્ય)	૦
૩	તાલાલા	૦
૪	સુત્રાપાડા	૦
૫	કોડીનાર	૦
૬	ઉના	૧
૭	ગીર ગઢડા	૦

ગીર સોમનાથ જિલ્લામાં મહિલાઓને મિલકત ખરીદી દસ્તાવેજ માટે નોંધણી ફી માફી 15/382/85 શ્રી કાળુભાઇ ચનાભાઇ રાઠો) ઉના(: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં કુલ કેટલા વેચાણ દસ્તાવેજની નોંધણી થયેલ છે,	(૧)	કુલ ૨૩,૩૧૮) ત્રેવીસ હજાર ત્રણસો અઢાર(
(૨)	તે પૈકી મહીલા સશક્તિકરણ અન્વયે મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના કેટલા વેચાણ દસ્તાવેજોની નોંધણી થયેલ છે, અને	(૨)	કુલ ૮,૧૭૭) આઠ હજાર એકસો સિત્યોત્તેર(
(૩)	મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના વેચાણ દસ્તાવેજોમાં કેટલી નોંધણી ફી માફી મળેલ છે?	(૩)	કુલ ૩ .૫,૫૪,૯૦,૩૩૪) –/અંકે ૩પિયા પાંચ કરોડ ચોપન લાખ નેવું હજાર ત્રણસો ચોત્રીસ પૂરા(

પાટણ જિલ્લાના આંગણવાડી કેન્દ્રોને વીજ કનેકશન

15/8/3802 શ્રી સરદારભાઇ શામળભાઇ ચૌધરી) ખેરાલુ :(**માનનીય મહિલા અને બાળ કલ્યાણ**

મંત્રીશ્રી (રાજ્યકક્ષા(જણાવવા કૃપા કરશે કે–.

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા .૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા આંગણવાડી કેન્દ્રો છે,	(૧)	પત્રક –૧ મુજબ
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા આંગણવાડી કેન્દ્રોમાં વીજ કનેક્શન ઉપલબ્ધ છે, અને	(૨)	પત્રક –૨ મુજબ
(૩)	બાકી રહેતી આંગણવાડી કેન્દ્રોને કેટલા સમયમાં વીજ કનેક્શન આપવામાં આવશે?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

તા.૨૪મી માર્ચ, ૨૦૨૬

અતારાંકિત પ્રશ્નો

પત્રક–૧

ક્રમ	**તાલુકાનું નામ**	**કાર્યરત આંગણવાડી કેન્દ્રોની સંખ્યા**
૧	પાટણ	૨૨૫
૨	સરસ્વતી	૧૯૨
૩	સાંતલપુર	૧૫૬
૪	રાધનપુર	૧૩૯
૫	સમી	૧૩૦
૬	શંખેશ્વર	૮૬
૭	ચાણસ્મા	૧૮૦
૮	હારીજ	૧૧૯
૯	સિદ્ધપુર	૨૦૦
	કુલ	**૧૪૨૭**

પત્રક–૨

ક્રમ	**તાલુકાનું નામ**	**વીજ કનેકશન ધરાવતા આંગણવાડી કેન્દ્રોની સંખ્યા**
૧	પાટણ	૨૨૫
૨	સરસ્વતી	૧૯૨
૩	સાંતલપુર	૧૫૬
૪	રાધનપુર	૧૩૯
૫	સમી	૧૩૦
૬	શંખેશ્વર	૮૬
૭	ચાણસ્મા	૧૮૦
૮	હારીજ	૧૧૯
૯	સિદ્ધપુર	૨૦૦
	કુલ	**૧૪૨૭**

ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન ફંડ દ્વારા થયેલ કામોમાં ગેરરીતી

15/8/3780 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ) લુણાવાડા (: **માનનીય મુખ્યમંત્રીશ્રી)ખાણ અને ખનિજ(** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**

(૧)	ડીસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન)DMF) અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં થયેલ કામોમાં ગેરરીતિ થઈ હોવા અંગેની જિલ્લાવાર કેટલી ફરિયાદો મળી, અને	(૧)	<table><tr><th>જિલ્લો</th><th>વર્ષ</th><th>ફરિયાદની સંખ્યા</th></tr><tr><td rowspan="2">ગીરસોમનાથ</td><td>૨૦૨૪</td><td>શૂન્ય</td></tr><tr><td>૨૦૨૫</td><td>૦૬)છ(</td></tr><tr><td rowspan="2">જૂનાગઢ</td><td>૨૦૨૪</td><td rowspan="2">શૂન્ય</td></tr><tr><td>૨૦૨૫</td></tr></table>
(૨)	ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અંગે જવાબદારો સામે શું કાર્યવાહી કરી?	(૨)	• **ગીરસોમનાથ જિલ્લો:** ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અન્વયે હાથ ધરેલ તપાસના તારણો મુજબ, નિયમાનુસારની નિષ્પક્ષ કાર્યવાહી થયેલ હોઇ, કોઈની જવાબદારી નક્કી થતી ન હોઈ, કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. • **જૂનાગઢ જિલ્લો:** પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તાપી જિલ્લામાં મહિલાઓને મિલકત ખરીદી દસ્તાવેજ માટે નોંધણી ફી માફી

15/3840/8 શ્રી મોહનભાઈ ઢેડાભાઇ કોંકણી) વ્યારા(: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં કુલ કેટલા વેચાણ દસ્તાવેજની નોંધણી થયેલ છે,	(૧)	કુલ ૪,૬૯૭)ચાર હજાર છસો સતાણું(
(૨)	તે પૈકી મહિલા સશક્તિકરણ અન્વયે મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના કેટલા વેચાણ દસ્તાવેજોની નોંધણી થયેલ છે, અને	(૨)	કુલ ૧,૧૯૫)એક હજાર એકસો પંચાણું(
(૩)	મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના વેચાણ દસ્તાવેજોમાં કેટલી નોંધણી ફી માફી મળેલ છે?	(૩)	૩.૮૬,૯૮,૫૪૭) –/અંકે રૂપિયા છ્યાસી લાખ અઠ્ઠાણું હજાર પાંચસો સુડતાલીસ પૂરા(

સુરેન્દ્રનગર અને સુરત જિલ્લામાં ડિસ્ટ્રીકટ મિનરલ ફાઉન્ડેશન ફંડ દ્વારા થયેલ કામોમાં ગેરરીતી

15/8/3765 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર**)કાંકરેજ(: **માનનીય મુખ્યમંત્રીશ્રી)ખાણ અને ખનિજ(** જણાવવા કૃપા કરશે કે–.

	પ્રશ્ન		**જવાબ**
(૧)	ડીસ્ટ્રીકટ મીનરલ ફાઉન્ડેશન)DMF (અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને સુરત જિલ્લામાં થયેલ કામોમાં ગેરરીતિ થઈ હોવા અંગેની જિલ્લાવાર કેટલી ફરિયાદો મળી, અને	(૧)	<table><tr><th>જિલ્લો</th><th>મળેલ ફરિયાદ</th></tr><tr><td>સુરેન્દ્રનગર</td><td rowspan="2">શૂન્ય</td></tr><tr><td>સુરત</td></tr></table>
(૨)	ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અંગે જવાબદારો સામે શું કાર્યવાહી કરી ?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી .

પાટણ જિલ્લાના એન.એચ.૬ જુના પોરાણા રોડને રીસરફેસીંગ કરવા બાબત

15/8/2543 શ્રી લવિંગજી મુળજીજી સોલંકી) રાધનપુર **: (માનનીય મુખ્યમંત્રીશ્રી)માર્ગ અને મકાન(** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન			**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાના એનટુ જુના પોરાણા .એચ. ર્યવાહીરોડને રીસરફેસીંગ કરવા માટે સરકારે કોઈ કા હાથ ધરેલ છે કે કેમ,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો કેટલી લંબાઈ માટે રીસરફેસીંગ કરવામાં આવનાર છે, અને	(૨)	૩ કિ.૨૦૦ મી.
(૩)	તે પેટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે?	(૩)	૩.૧૪૦.૦૦ લાખ

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આજે આપના માર્ગદર્શનમાં આ ગૃહમાં ગુજરાતના ૨૩ જેટલા અતિ મહત્ત્વના પ્રશ્નોની ચર્ચા થઇ છે એ માટે આપને ખૂબ–ખૂબ અભિનંદન આપીએ છીએ.

પોઇન્ટ ઓફ ઓર્ડર

નિયમ–૧૦૮ની નોટિસની ચર્ચા કરવા પરવાનગી આપવા અંગે

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહ શરૂ થતાં પહેલાં નિયમ–૧૦૮ હેઠળ સભા મોકૂફીના પ્રસ્તાવ અંગેની વિધિવત નોટિસ મેં આપના કાર્યાલયમાં, માનનીય સંસદીય મંત્રીશ્રીના કાર્યાલયમાં અને સચિવશ્રીના કાર્યાલયમાં આપી છે. જે રીતે ગુજરાતમાં આજે એલ.પી.જી. ગેસ, પેટ્રોલ અને ડીઝલની તંગી ઊભી થઈ એના કારણે.... (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, માનનીય અમિતભાઇ, આપે નિયમ–૧૦૮ની નોટિસ આપી છે પરંતુ તે પહેલાં મેં એ જ મુદ્દા પર નિયમ–૧૧૬ની નોટિસ દાખલ કરી દીધી છે. નિયમ–૧૧૬ની નોટિસની ચર્ચા આ વિધાનસભા ગૃહમાં થવાની છે. એની મેં મંજૂરી આપી છે. તો મને લાગે છે કે હાલ પૂરતો આ વિષય રહેતો નથી. એ જ વિષયની નોટિસ અને પ્રશ્ન દાખલ થઇ ગયો છે. એટલા માટે હું તમને કહું છું કે, એની ચર્ચા થવાની જ છે..

શ્રી અમિત ચાવડા : આજના ઓર્ડર ઓફ ધી ડેમાં તો નિયમ–૧૧૬ની નોટિસનો કયાંય ઉલ્લેખ નથી.

અધ્યક્ષશ્રી : એ આજે ને આજે થાય એવું ન હોય. એ એક દિવસ પછી થઇ શકે.

શ્રી અમિત ચાવડા : આજે તાકીદની અગત્યની બાબત પર ચર્ચા કરવા માટે જ કરી છે.

અધ્યક્ષશ્રી : મેં તાકીદની જાહેર અગત્યની બાબત પર નિયમ–૧૧૬માં જ નોટિસ દાખલ કરી છે.

શ્રી અમિત ચાવડા : આજે ચર્ચા કરવી જરૂરી છે. ગઇ કાલે સરકાર તરફથી પણ વારંવાર જાહેરાત કરવામાં આવી પણ.....

અધ્યક્ષશ્રી : એક મિનિટ, આપ બેસો. આપ ભાષણ નહિ કરી શકો. હું મંત્રીશ્રીને કહું છું. (સભ્યશ્રી અમિતભાઇ ચાવડા વચ્ચે બોલે છે.) મેં હજી એને દાખલ કરી નથી. તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે? તમે કયા નિયમ પ્રમાણે વાત કરવા માગો છો? આપણે વિધાનસભામાં નિયમ પ્રમાણે ચર્ચા કરીએ છીએ. તમે મને નિયમ સંબોધીને કહેશો તો હું તમને મંજૂરી આપીશ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ –૧૦૮ હેઠળ અમે જે નોટિસ આપી છે એ નિયમ મુજબ ગૃહ શરૂ થતાં પહેલાં આપના કાર્યાલયમાં, માનનીય વૈધાનિક મંત્રીશ્રીના કાર્યાલયમાં અને સચિવશ્રીના કાર્યાલયમાં એના નિયત ફોર્મેટમાં અમે નોટિસ મોકલી છે. આજે આખા ગુજરાતમાં પેટ્રોલ પંપ પર લાઇનો લાગી છે.

અધ્યક્ષશ્રી : અત્યારે હાલ તમે એની ચર્ચા નહિ કરી શકો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, લોકો હેરાન પરેશાન થતા હોય.

અધ્યક્ષશ્રી : આપ બેસો. એક મિનિટ આપ બેસો. (અંતરાય) જેની મંજૂરી મેં આપી નથી એની ચર્ચા તમે કઇ રીતે કરી શકો? માનનીય અમિતભાઇ, એક મિનિટ આપ બેસો. હું સૂચના આપું છું. વિધાનસભાના નિયમોમાં એમને અધિકાર છે કે એ ચર્ચા માટે માગણી કરી શકે પણ જે વિષયની તમે આજે ચર્ચા કરવા માગો છો એ જ વિષયમાં મેં નિયમ–૧૧૬ અંતર્ગત ચર્ચા કરવા માટે નોટિસ માનનીય સભ્યશ્રીની દાખલ કરી છે. એની ચર્ચા આજે કઇ રીતે કરી શકાય? એ તાકીદ અગત્યની બાબત છે

તો એની ચર્ચા આવતીકાલે થશે. એની ચર્ચા આજે જ કરીએ એવો વિષય રહેતો નથી. તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે તો મને કહો કે ક્યા નિયમ હેઠળ પોઇન્ટ ઓફ ઓર્ડર છે તો હું એની ચર્ચા કરવા આપું.

શ્રી અમિત ચાવડા : હું નિયમ–૧૦૮ મુજબ એટલા માટે જ કહું છું કે આ તાકીદની અગત્યની બાબત છે. આપે કહ્યું એની ચર્ચા આવતીકાલે થશે.

અધ્યક્ષશ્રી : આપ બેસો. (અંતરાય) હું માનનીય મંત્રીશ્રીને કહું છું કે એમનું કોઇ સજેશન હોય તો આપે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, પેટ્રોલ પંપ પર જાવ તો ખબર પડે એ વાત સાચી છે. પેટ્રોલ પંપ પર કોઇની અફવાના કારણે આખા રાજ્યના લાખો લોકો....

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ વિગતવાર જવાબ તાકીદની બાબત વખતે આપી શકશો. (સતત અંતરાય)

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ખોટી માહિતી આખા રાજ્યમાં પહોંચાડવા માટેનું ષડયંત્ર કરવામાં આવી રહ્યું છે. એના માટે સાચી માહિતી સાંભળવી જરૂરી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ નિવેદન કરવા માગો છો? તો હું એમને ચર્ચા માટેની મંજૂરી આપું.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે જ સરકાર તરફથી બધી જ કક્ષાએથી ક્લેરિફિકેશન આપવામાં આવ્યું છે. આજે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાહેરસભાના મંચ પરથી ક્લેરિફિકેશન આપ્યું છે. બીજો વિષય.....

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, અત્યારે વિધાનસભાના મુદ્દા પૂરતી જ ચર્ચા છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સાચી વાત એ છે કે, (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ.. એક મિનિટ...

શ્રી હર્ષ ર. સંઘવી : તમે બોલી લીધું ને? હવે સાંભળો. (અંતરાય) એવું ન હોય. બેસી જાઓ. (અંતરાય) તમે બોલી લીધું ને, હવે સાંભળો. જ્યારે સાંભળવાની તાકાત ન હોય તો બોલો છો કેમ? પહેલાં સાંભળી લો. (અંતરાય) સાંભળવું પડે. આ પેટ્રોલ–ડીઝલનું દુ:ખ નથી.

અધ્યક્ષશ્રી : આપ બધા બેસો. (સતત અંતરાય)

શ્રી હર્ષ ર. સંઘવી : આ પેટ્રોલ–ડીઝલનું દુ:ખ નથી. આ યુ.સી.સી.નું દુ:ખ છે. (અંતરાય) આ દુ:ખ યુ.સી.સી.નું છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક વાર આપ બધા બેસો. હું વાત કરું છું. (અંતરાય) તમે બધા મારી વાત સાંભળો. માનનીય અમિતભાઇ, એક મિનિટ, આપ બેસો. માનનીય સભ્યશ્રી, આપ પણ બેસો. આપ પણ બેસો. માનનીય શૈલેષભાઇ, બેસો. હું માનનીય સભ્યશ્રીઓને (અંતરાય) એક મિનિટ, એક મિનિટ. (અંતરાય) એક મિનિટ (અંતરાય) કોઇ માનનીય સભ્યશ્રી બેઠાં બેઠાં વાત નહીં કરે. પ્લીઝ. હું બધાને વિધાનસભામાં સંવાદ કરવા માટેનો પૂરતો મોકો આપું છું, પરંતુ વિધાનસભાના નિયમો પ્રમાણે આપણે ચર્ચા કરી શકીએ. નિયમો પ્રમાણે તમે માગણી કરશો તો તેના માટે અનેક વખત મેં ઉદારતાપૂર્વક તક આપી પણ છે. આ વિષયમાં પણ મેં કહ્યું છે કે, નિયમ–૧૧૬ની નોટિસ મેં દાખલ કરી છે તો હું આવતીકાલે તેના ઉપર ચર્ચા કરવા દઇશ. આજે એક અગત્યનું યુ.સી.સી.નું બિલ છે. તેમાં તમે ઘણા બધા માનનીય સભ્યશ્રીઓ ચર્ચા કરી શકશો. મને લાગે છે તેના માટે શાંતિથી ... હું સામેથી કહું છું કે, મેં નિયમ–૧૧૬ની નોટિસ દાખલ કરી છે એટલે આવતીકાલે તેના ઉપર ચર્ચાની મંજૂરી આપીશ. હાલ આ વિષયની ચર્ચા ન કરીએ. હું આ બાબતમાં એકપણ તરફથી પોઇન્ટ ઓફ ઓર્ડર દાખલ કરતો નથી અથવા તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર હોય તો વિધાનસભાના નિયમો પ્રમાણે મુદ્દો આપો એટલે હું તમને ક્લેરીફિકેશન આપું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર નથી.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર નથી તો પછી આજે દાખલ કર્યું નથી તેની ચર્ચા કેમ કરીએ. માનનીય અમિતભાઇ, આપ બહુ સિનિયર સભ્ય છો. આપે ઘણાં વર્ષો સુધી વિધાનસભામાં કામ કર્યું છે. આપને ખ્યાલ છે કે, જ્યારે મેં નિયમ–૧૧૬ની નોટિસ દાખલ કરી દીધી હોય, આવતીકાલે તેના ઉપર ચર્ચા થવાની હોય અને આપ જે કહો છો તેની માનનીય મંત્રીશ્રીએ મંજૂરી પણ આપી નથી તેના માટે તમે ચર્ચા માટે આગ્રહ કરો તે શું નિયમો પ્રમાણે છે? આપે વાત કરી દીધી. હું તેની ડીબેટ ન કરાવી શકું, તેની ચર્ચા ન કરી શકાય.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું ડીબેટ કરતો નથી.

અધ્યક્ષશ્રી : દાખલ કરું પછી તેની ચર્ચા કરી શકો. તે મુદ્દા ઉપર તમે ચર્ચા નહીં કરી શકો. (અંતરાય) એક મિનિટ, એક મિનિટ તમે શું કહેવા માગો છો? તમારો કોઇ ત્રીજો મુદ્દો છે? માનનીય મંત્રીશ્રી ઊભા થયા છે તેમને એક સેકન્ડ માટે શું કહેવું છે? (અંતરાય)

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ આપવો હોય તો માનનીય સંસદીય મંત્રીશ્રી હાજર છે.

અધ્યક્ષશ્રી : જવાબ આપવાનો વિષય થતો નથી. મત રજૂ કરવાની વાત છે. મેં આપને ચાર વાર .....

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, યુ.સી.સી.ની ચર્ચા કરવી નથી, ભાગી જવું છે એટલા માટે આ કરે છે. તમારે નીકળી જવું હોય તો નીકળી જાઓ. તમારે યુ.સી.સી.ની ચર્ચા કરવી નથી એટલા માટે તમે કરો છો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, હાલ યુ.સી.સીનો વિષય નથી. યુ.સી.સી. માટેની ચર્ચા નથી. યુ.સી.સી.માં નીકળવું હોય તો અત્યારે વિષય નથી. હાલ આ યુ.સી.સી.નો વિષય નથી. (અંતરાય) યુ.સી.સી. પણ નથી અને યુ.જી.સી. પણ નથી. અત્યારે એક પણ ચર્ચા નથી. (અંતરાય) આપ બેસો. આપ બેસો. આપ બંને બેસો. આપ બેસો. હું માનનીય અમિતભાઇને એક મિનિટ આપું છું. તમારે શું વિષય મૂકવો છે? એમને ચર્ચા કરવા દો. શું ચર્ચા કરવી છે? તમે તે વિષયની ચર્ચા નહીં કરી શકો, મેં તેની મંજૂરી આપી નથી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતમાં જે પરિસ્થિતિ છે..... (અંતરાય)

અધ્યક્ષશ્રી : હું ફરી કહું છું કે, હાલ તમે તે વિષયના પરિપ્રેક્ષમાં ચર્ચા નહીં કરી શકો. ટેક્નિકલ વિષય ઉપર જે કહેવું હોય તે વાત કરો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મેં ૧૦૮ હેઠળ નોટિસ આપી છે.

અધ્યક્ષશ્રી : હા, આપે નોટિસ આપી છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જેમ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, અમે સરકારે જાહેરાત કરી તેમ છતાં આજે સવારે સ્ટીલ ટુડે આજે પણ આખા ગુજરાતમાં લાઇનો લાગી છે એટલા માટે મેં નોટિસ આપની કચેરીમાં આપી. સંસદીય મંત્રીશ્રીને આપી. હજુ સુધી મને કોઇ જગ્યાએથી ના પાડવામાં આવી નથી. અહીંયા આપના સ્થાનેથી આપે કહ્યું કે આવતીકાલે નિયમ–૧૧૬ની નોટીસ દાખલ કરી છે તેની ચર્ચા થવાની છે.

અધ્યક્ષશ્રી : મેં નિર્ણય કરી દીધો છે. અહીં આવ્યો ત્યારે જ નિર્ણય કરીને આવ્યો અને થોડીવારમાં એકાદ કલાકમાં તમને જવાબ પણ મળી જશે. ઓલરેડી એની નામંજૂરીનો નિર્ણય લીધો છે. મારા કાર્યક્ષેત્રમાં તમે શું કામ..... માનનીય મંત્રીશ્રી હું જ્યારે કહું છું કે મેં ઓલરેડી નિર્ણય કરી દીધો છે પછી એની ચર્ચા શું કામ કરો છો?

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા અધિકાર મુજબ નિયમ–૧૦૮ મુજબ નોટિસ આપી છે. માનનીય સંસદીય મંત્રીશ્રી કહે કે મને મળી છે, અમે નામંજૂર કરીએ છીએ. અમે ચર્ચા કરવા માગતા નથી. સરકારે જાહેરાત કરી તો પણ કોઇ માનતું નથી. આખા ગુજરાતમાં લાઇનો લાગી છે. પેટ્રોલપંપવાળા એમ કહે છે કે.....

અધ્યક્ષશ્રી : હું હજુ આપને કહું છું. માનનીય અમિતભાઇ, તમે આની ચર્ચા ન કરી શકો.(અંતરાય) આવું આપ ના કરી શકો. પ્લીઝ. પ્લીઝ. પ્લીઝ. વિધાનસભા નિયમ પ્રમાણે ચાલે, તમે આ રીતે વાત નહીં કરી શકો. પ્લીઝ...પ્લીઝ...પ્લીઝ... હું આપને બેસવા માટે કહું છું. (અંતરાય) મેં ઓલરેડી નિર્ણય કરી દીધો છે.

પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન છે. કારણ કે આ જાણી જોઇને ષડયંત્રરૂપી રાજ્યના લોકોને ખોટો મેસેજ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. (અંતરાય) અમે તમને સાંભળ્યા છે. હવે સાચી વાત તો સાંભળી લો.

(આ તબકકે કોંગ્રેસ પક્ષના હાજર તમામ સભ્યશ્રીઓ પોતાના સ્થાન પર ઊભા થઇ જતાં)

માનનીય અધ્યક્ષશ્રી, જાણીજોઇને અફવાઓના માધ્યમથી રાજ્યના લોકોને ખોટા રવાડે ચડાવવામાં આવ્યા તો પણ ગમે તેટલા લાખો લોકો આવ્યા છતાં પણ પેટ્રોલ–ડીઝલ બધા લોકોને મળી રહ્યું એ રાજ્ય સરકારની વ્યવસ્થા છે. એક પણ વ્યક્તિ પેટ્રોલ–ડીઝલ વગર પાછા ગયા નથી. આપણી જવાબદારી છે કે રાજ્યના નાગરિકોને સાચી માહિતી આપવી. આપણી જવાબદારી રાજ્યના નાગરિકોને ખોટા રવાડે ચડાવવાની નથી.

(આ તબક્કે માનનીય અધ્યક્ષશ્રી પોતાના સ્થાન પર ઊભા થતાં)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ બેસો. તમામ માનનીય સભ્યશ્રીઓને હું ઊભો થઇને વિનંતી કરું છું. સીટ ડાઉન પ્લીઝ...પ્લીઝ... ટેઇક યોર સીટ.(અંતરાય) ભાઇ બેસો. સ્પીકર અહીંયા ઊભા છે. સ્પીકર ઊભા થઇને એમ કહે છે કે તમે બેસો. તમને આની ગંભીરતા આપણી પરંપરા મુજબ ખબર હશે. એક વખત સ્પીકર ઊભા થઇને કહે તમે બેસો આ બાબત ઠીક ન કહેવાય. પ્લીઝ...આપ બેસો. હું જેને મંજૂરી આપું છું તે વાત કરી શકશે. માનનીય શૈલેષભાઇ તમારે કોઇ મુદ્દા પર ચર્ચા કરવી હોય તો કરી શકો છો. આજે મેં જે સૂચના દાખલ કરી નથી એ વિષય પર આપ ચર્ચા ના કરી શકો. ટેકનિકલ મુદ્દો હોય તો આપ વાત કરો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપે જે રીતે ટેકનિકલ મુદ્દાની વાત કરી તો એના આધીન જ આપની સાથે ચર્ચા કરું છું. ખાસ કરીને અમિતભાઇએ જે નિયમ–૧૦૮ જે તાકીદની જાહેર અગત્યની બાબત છે. એના અનુસંધાને એમણે નોટિસ આપશ્રીને આપી, સચિવશ્રીને પણ આપી અને માનનીય મંત્રીશ્રીને પણ આપી છે. એ પોઇન્ટ ઓફ ઓર્ડર એમણે ઉપાડ્યો છે. આપે જે રીતે રૂલિંગ પણ આપ્યું કે મેં નિયમ–૧૧૬ની નોટિસ ઓલરેડી દાખલ કરી દીધી છે. એની ચર્ચા આવતીકાલે થવાની છે. પણ ઓલરેડી અમે નિયમ–૧૦૮ની નોટિસ આપેલ હતી. સવાલ એટલો જ છે કે માનનીય સંસદીય

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

બાબતોના મંત્રીશ્રીએ ઊભા થઈને એટલું જ કહ્યું હોય, જે આપે કહ્યું કે અમે નિયમ–૧૦૮ની નોટિસ પર આજે ચર્ચા કરવા તૈયાર નથી. આવતીકાલે નિયમ–૧૧૬ની નોટિસ દાખલ કરી છે જેમાં અમને સરકારશ્રી એનો જવાબ આપશે તો આ પ્રશ્ન ઉપસ્થિત થયો ન હોત.

અધ્યક્ષશ્રી : બિલકુલ સાચી વાત છે. હવે આ વિષયની ચર્ચા નથી. બીજો મુદ્દો હોય તો કહો. (અંતરાય) એક મિનિટ. બીજા કોઇ મુદ્દા પર એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર હોય તો ચર્ચા કરો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભાગૃહના ધ્યાન ઉપર બે મુદ્દા લાવવા છે. આજે સવારે જ્યારે અમે સભાગૃહમાં આવવા માટે નીકળ્યા તો મેઇન ગેટ ઉપર રોકીને, ઊભા રાખીને યુનિફોર્મવાળા પોલીસે ગાડીઓની ડીકી, કાચ, દરવાજા, થેલા બધું ચેક કર્યું. આ સભ્યશ્રીઓના વિશેષાધિકારનો ભંગ છે. સભાગૃહમાં આવવા નીકળેલા સભ્યશ્રીઓનું આવી રીતે ચેકિંગ કરવું એ બિલકુલ વાજબી નથી. આ સભાગૃહે સભ્યશ્રીઓને વિશેષાધિકાર આપ્યો છે એટલે આ બાબતે આપનું માગદર્શન માગું છું. બીજો મુદ્દો, આપે હમણાં સભાગૃહને અવગત કર્યું કે આપણે નિયમ–૧૧૬ મુજબની કોઇ નોટિસ દાખલ કરી છે જેની ચર્ચા આવતીકાલે થવાની છે. જે નોટિસ પેટ્રોલ–ડીઝલની અછત અંગેના કોઇ વિષય ઉપર છે એવું આપે અમને જણાવ્યું. નિયમ–૧૧૬ એવું કહે છે કે બે દિવસની સૂચના...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, તમારો મુદ્દો શું છે? તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે?

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ જ મુદ્દો છે નિયમ–૧૧૬ની નોટિસ. આપે જે અમને જણાવ્યું...

અધ્યક્ષશ્રી : એટલે મેં જે નિર્ણય આપ્યો છે, એ તમને માન્ય નથી એવું છે?

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ઉપર વાત કરું છું.

અધ્યક્ષશ્રી : મેં નિર્ણય આપ્યો એના ઉપર ચર્ચા થઇ શકતી નથી. (અંતરાય) એક મિનિટ, પ્લીઝ, પ્લીઝ.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના વિરુદ્ધમાં નહીં, સભ્યશ્રીએ જે નોટિસ આપી છે એ નોટિસ સમયમર્યાદામાં નથી એમ હું કહેવા માગું છું. સભ્યશ્રીએ બે દિવસની મર્યાદામાં નોટિસ આપવી જોઇએ. સભ્યશ્રીઓના વિશેષાધિકારનો ભંગ કર્યો છે એ બાબતે હું સભાગૃહનું ધ્યાન દોરું છું.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આજે સવારે જ્યારે હું પણ વિધાનસભાગૃહમાં આવતો હતો ત્યારે મારી ગાડી ઉપર વિધાનસભા દ્વારા આપવામાં આવેલ પાસ લગાવેલો હતો તેમ છતાં પોલીસ દ્વારા મારી ગાડી રોકવામાં આવી.

અધ્યક્ષશ્રી : સિનિયર સભ્યશ્રી છે, તેઓ બોલી રહ્યા છે, એટલે આપણે સાંભળવા જોઇએ. પ્લીઝ. આપણે બેઠાં બેઠાં વાત નહીં કરીએ. પ્લીઝ.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ગાડીના ચારે–ચાર કાચ ખોલાવ્યા. પાછળ ડી.કી. ખોલાવી અને ચેક કરી. તમામ ધારાસભ્યશ્રીઓ માટે આ નિયમ હોય તો મને કોઇ વાંધો નથી પણ માત્ર મારી ગાડી રોકવામાં આવી. અન્ય સરકારી ગાડીઓ ફટાફટ પસાર થતી હતી. મારી આગળ ચાર ગાડી પસાર થઇ. માત્રને માત્ર મારી ગાડી રોકીને આ પ્રકારનું કૃત્ય કર્યું છે. અમે પૂછ્યું કે તમે કાયદા અનુસાર આવું કરી રહ્યા છો તો કહ્યું કે અમને ઉપરથી સૂચના છે. આમાં અમે તમારું માર્ગદર્શન માગીએ છીએ.

અધ્યક્ષશ્રી : હું ચેક કરી લઉં છું. માનનીય તુષારભાઇ, હું નિર્ણય આપું છું. આ મુદ્દા ઉપર અહીંયા ૪૦ માનનીય સભ્યશ્રીઓએ હાથ ઊંચા કર્યા છે અને તેઓ એમ કહેવા માગે છે કે અમારું પણ ચેક થયું છે. હું આ બાબતે રૂલિંગ આપું છું કે હું પોતે આનો રિપોર્ટ ત્યાંથી માગીશ કે શું કારણ હતું? કયા કારણસર એમને ચેક કરવામાં આવ્યા છે. વિશેષ કોઇ કારણ હોય તો એની જાણકારી હું વિધાનસભાગૃહને આપીશ.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૨૪–૨૫નો ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસ લિમિટેડ વાર્ષિક અહેવાલ

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો,ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૪–૨૫નો ગુજરાત સ્ટેટ ઇન્વેસ્ટમેન્ટસ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ ઇન્વેસ્ટમેન્ટસ લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો,ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૪–૨૫નો ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી કનુભાઇ મો. દેસાઇ (શહેરી વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૪-૨૫નો ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ વાર્ષિક અહેવાલ

શ્રી ઋષિકેશ ગ. પટેલ (ઊર્જા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨નો ગુજરાત મેડિકલ સર્વિસિસ કોર્પોરેશન લિમિટેડના વાર્ષિક અહેવાલો

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા (રાજ્ય કક્ષાના આરોગ્ય મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડના સન ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલાં વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

(i) સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ

(ii) સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ

વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ

ડૉ. મનીષા રા. વકીલ (રાજ્ય કક્ષાના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૪-૨૫નો ગુજ-ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ

ડૉ. જયરામભાઇ ચે. ગામીત (રાજ્ય કક્ષાના પ્રવાસન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજ-ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૪-૨૫નો ધોલેરા ઇન્ડસ્ટ્રીયલ સિટી ડેવલપમેન્ટ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

ડૉ. જયરામભાઇ ચે. ગામીત (રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ધોલેરા ઇન્ડસ્ટ્રીયલ સિટી ડેવલપમેન્ટ લિમિટેડનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૪-૨૫નો ગાંધીનગર રેલવે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

ડૉ. જયરામભાઇ ચે. ગામીત (રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગાંધીનગર રેલ્વે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૩-૨૪નો ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

ડૉ. જયરામભાઇ ચે. ગામીત (રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૨૩-૨૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના અંદાજપત્રો

ડૉ. જયરામભાઈ ચે. ગામીત (રાજ્ય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૨૪-૨૫ના સુધારેલ અંદાજપત્ર અને સન ૨૦૨૫-૨૬ના અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અંદાજપત્રો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૪-૨૫નો ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીનો વાર્ષિક અહેવાલ

શ્રી કનુભાઇ મો. દેસાઇ (શહેરી વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો તથા ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

(i) સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ

(ii) સન ૨૦૨૪-૨૫ના વાર્ષિક હિસાબો તથા ઓડિટ અહેવાલ

વાર્ષિક અહેવાલ, વાર્ષિક હિસાબો તથા ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૩-૨૪નો ગુજરાત જાહેર સેવા આયોગનો વાર્ષિક અહેવાલ

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (રાજ્યકક્ષાના સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૨૩-૨૪નો વાર્ષિક અહેવાલ, આયોગની સલાહના અસ્વીકારના કિસ્સા માટેની સ્પષ્ટીકરણાત્મક યાદી તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલાં વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, સ્પષ્ટીકરણાત્મક યાદી તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબતના અધિનિયમ હેઠળનું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનું જાહેરનામું

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબતના અધિનિયમ હેઠળ ગુજરાત રાજ્યની અંદર કાર્યરત માહિતી કેન્દ્રોના સંચાલન, વ્યવસ્થા, જાળવણી અને સહાયને લગતું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનું તા.૧૭-૨-૨૦૨૬નું જાહેરનામા ક્રમાંક-જીએચએસટી/૦૧/૨૦૨૬/ ડીએસટી/એમએસએમ/ ઇફાઇલ/ ૨૪/ ૨૦૨૫/૧૪૭૮/આઇટી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત

શ્રી અભેસિંહ મો. તડવી : (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

જાહેર સાહસો માટેની સમિતિના સાતમા અહેવાલની રજૂઆત

શ્રી ગણપતસિંહ વે. વસાવા : (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહ સમક્ષ જાહેર સાહસો માટેની સમિતિ વતી સમિતિએ સાતમો અહેવાલ રજૂ કર્યો છે, એમાં સમિતિએ જે કામગીરી કરી છે એ ટૂંકમાં કહું તો વર્ષ ૨૦૧૬-૧૭ કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના ઓડિટના ૮ જેટલા સાહસોમાં લગભગ ૭૧ જેટલા ઓડિટ પારાઓ હતા. આ સમિતિએ ૨૬ જેટલી બેઠકો કરીને ૭ જેટલા જાહેર સાહસોમાં ખૂબ ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને પેરાઓ સબંધિત સમિતિએ ભલામણો, અવલોકનો અને જે તે સમિતિના અહેવાલનો સમાવેશ આમાં કરવામાં આવેલ છે ત્યારે હું આ ૧૫મી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિનો ૭મો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

વિધેયકો (સરકારી)

સને ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૯

ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૨૬

સન ૨૦૨૭ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક-૧૯ સન ૨૦૨૬નું ગુજરાત વિનિયોગ વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

* વિધેયક તા૨૩મી માર્ચ, ૨૦૨૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી કનુભાઈ મો. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક–૧૯– સન ૨૦૨૬નું ગુજરાત વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : આજે વિનિયોગ વિધેયક ચર્ચા માટે હાથ ધરાવાનું છે. ઉક્ત વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ૧૧ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપેલા છે. વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૩) અન્વયે આ વિધેયક ઉપરની ચર્ચા સભાગૃહની આ બેઠક મુલત્વી રાખવાના ૧ કલાક પહેલા પૂરી કરવાની રહે છે. આજે વિનિયોગ વિધેયક ઉપરાંત અન્ય સરકારી વિધેયકો પણ હાથ ધરાવાના હોવાથી વિનિયોગ વિધેયક ઉપરની ચર્ચામાં ભાગ લેવા માટે મુદ્દા આપનાર દરેક સભ્યશ્રીને ૨ મિનિટનો સમય ફાળવું છું. તદ્નુસાર આ મુદ્દા ઉપરની ચર્ચા સમાપ્ત થયા બાદ વિનિયોગ વિધેયક સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે.

શ્રી ઇમરાન ખેડાવાલા(જમાલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો એ છે કે,–

''રાજ્યની સરકારી હોસ્પિટલોમાં સીટી સ્કેન, એમ.આર.આઇ. અને સોનોગ્રાફી મશીનોની ઘટ નિવારવામાં તથા બંધ મશીનોને કાર્યરત કરવામાં તંત્રની નિષ્ફળતા.'' માનનીય અધ્યક્ષશ્રી, વિનિયોગ વિધેયકમાં સરકારશ્રીનું ધ્યાન દોરું છું કે સરકારી હોસ્પિટલોમાં જે પ્રમાણે સીટી સ્કેન, એમ.આર.આઇ. અને સોનોગ્રાફી માટે લોકોને ખૂબજ તકલીફ પડે છે. વેઇટિંગના લીધે અમુક દર્દીઓ સરકારી હોસ્પિટલમાં જાય છે ત્યારે તેમને બહાર પ્રાઇવેટમાં આ ટેસ્ટ કરાવવા પડે છે. કેમ કે સરકારી હોસ્પિટલોની અંદર દર્દીઓની સંખ્યા ખૂબ વધુ હોવાના કારણે અમદાવાદ અને બીજી જગ્યાએ પણ આ ફરિયાદ અમારી સમક્ષ આવે છે. ખાસ કરીને દર્દીઓને અત્યારે આયુષ્યમાન કાર્ડની યોજનામાં આપણી સરકારી હોસ્પિટલો છે એમાં એનું વેઇટિંગ હોય છે એ ક્લિઅર થઇને ના આવવાના કારણે અને એપ્રુવલ ના થવાના કારણે દર્દીઓને બે–ત્રણ દિવસ હોસ્પિટલમાં રહેવું પડે છે. એવી ફરિયાદ પણ અમને ઘણી વખત મળતી હોય છે. તો સરકાર આ બાબત ખાસ ધ્યાનમાં લે. અને બીજું રાજ્ય સરકારની હોસ્પિટલોમાં જે પ્રમાણે અત્યારે એશિયાની સૌથી મોટી હૉસ્પિટલ સિવિલ હોસ્પિટલમાં લીકર પરમિટ અંગે જે બારોબાર પૈસા કર્મચારીઓએ ચાંઉ કરી લીધા તેની ઉપર પણ સરકાર એકશન લે જે પણ કર્મચારીઓ છે તેને સસ્પેન્ડ કર્યા છે તેના ઉપર પોલીસ કેસ પણ થાય એવી મારી રજૂઆત છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદની વી.એસ.હોસ્પિટલ છે તે ઘણાં વર્ષોથી બંધ છે તેને ચાલુ કરવામાં આવે જેથી કરીને જે ગરીબ દર્દીઓ છે તેના ડૉકટરોને પણ આશીર્વાદ મળતા હોય છે તે હૉસ્પિટલ ઘણા સમયથી બંધ છે એસ.વી.પી.હૉસ્પિટલ ચાલુ કરી છે પરંતુ ત્યાં જેટલા પ્રમાણમાં દર્દીઓ જવા જોઇએ તે ત્યાં જતાં નથી. વી.એસ.હૉસ્પિટલ હતી ત્યારે ત્યાં આજુબાજુના અને અમદાવાદ શહેરના અને જિલ્લાના પણ લોકો આવતા હતા. એટલે મારી રજૂઆત છે કે જે રીતે વી.એસ.હૉસ્પિટલ ધમધમતી હતી તે રીતે ફરી ચાલુ કરવામાં આવે.

શ્રી અમૃતજી મો. ઠાકોર(કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, વિનિયોગ વિધેયક ઉપર મારાં સૂચનો રજૂ કરું છું. મારો મતવિસ્તાર કાંકરેજ તાલુકો અને બાજુમાં ડિસા તાલુકો આવેલો છે ત્યાં મુડેઠા ગામ છે ત્યાં પાવરગ્રીડ નામની કંપની છે. તે કંપનીએ ખેડૂતોના ખેતરમાં ૬૬૫ કે.વી.ની વીજ લાઇન પસાર થાય છે વીજ લાઇનના પોલ પણ નંખાઇ ગયા છે અને વીજ લાઇન ચાલુ થયાને છ–છ મહિના થઇ ગયા હોવા છતાં પાવરગ્રીડ કંપનીએ આજદિન સુધી ખેડૂતોને તેનું જે વળતર મળવું જોઇએ તે વળતર ચૂકવ્યું નથી. એવી જ રીતે જેટકો કંપની પણ ખેતરોની અંદર હેવી વીજ લાઇન નાંખતી હોય ત્યારે કંઇ સરવે કર્યા વગર ખેડૂતોના ખેતરમાં આડેધડ વચ્ચોવચ્ચ વીજ લાઇન નાંખવામાં આવે છે વારંવાર ખેડૂતોએ આ બાબતે વીજ કંપનીમાં રજૂઆતો પણ કરી છે અને કયાંક અને કયાંક એવા સમયની અંદર વીજ કંપનીના કર્મચારીઓ અને ખેડૂતો વચ્ચે ઘર્ષણ જેવા મુદ્દાઓ પણ ઊભા થયેલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વીજ લાઇન જે નાંખવામાં આવે છે તે પ્રાઇવેટ કંપનીઓ નાંખે છે. જેવી રીતે મોબાઇલ ટાવરો ઊભા થાય છે તો એ મોબાઇલ ટાવરવાળા જે તે માલિકને માસિક ભાડું ચૂકવે છે તો આ જે વીજ ટાવરો ખેડૂતોના ખેતરમાંથી પસાર થાય છે તો એ ખેડૂતને પણ માસિક વીજ ભાડું ચૂકવવું જોઇએ એવી મારી માગણી છે. સાથે સાથે તે ખેડૂતના ખેતરમાંથી જે વીજ લાઇન નીકળતી હોય તો તેને વીજ લાઇન પણ મફત આપવી જોઇએ અને વીજ લાઇન નાંખવા માટેના જે વીજ પોલ ઊભા કરવામાં આવે છે તે કંપનીને કઇ રીતે નફો થાય એનું કોઇ સરવે કર્યા વગર જ આડેધડ વીજ ટાવરો ઊભા કરી દેવામાં આવે છે અને તેના કારણે ચોમાસાની સિઝનમાં કયાંક અને કયાંક અકસ્માતના, શોર્ટ સર્કિટના બનાવો બને છે અને તેના ભોગ નિર્દોષ પશુપાલકો બને છે અને નિર્દોષ ખેડૂતો તેના ભોગ બને છે તો મારા આ સૂચનો માનનીય સરકારશ્રી ધ્યાનમાં લે એવી મારી વિનંતી છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, વિનિયોગ વિધેયક ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તાર બોટાદ શહેરની મધ્યની અંદર એક કૃષ્ણસાગર તળાવ આવેલું છે. જે મહારાજા કૃષ્ણકુમારજીએ તેના સમયમાં આ બનાવેલું છે. અમારા બોટાદ શહેરની વસતી અંદાજે ૪થી ૫ લાખની ઉપરની છે અને અમારી પાસે એક પણ ફરવાલાયક સ્થળ નથી તો આ કૃષ્ણસાગર તળાવ છે તે સૌની યોજના અંતર્ગત અત્યારે પણ

પાણીથી આખે આખું ભરાયેલું છે. છેલ્લાં ત્રણ વર્ષથી આ આખે આખું તળાવ ભરાયેલું જ રહે છે તો આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, આ જે તળાવ છે તેનું ડેવલપિંગ કરવામાં આવે, એમાં ફૂડ ઝોન, ગેમ ઝોનની એક્ટિવિટી ઊભી કરવામાં આવે. એડવેન્ચર પાર્ક બનાવવામાં આવે આવી અલગ એક્ટિવિટી બનાવી અને આખું એક ફરવાલાયક સ્થળ બનાવવામાં આવે તેવી મારી મંત્રીશ્રીને વિનંતી છે. સાથોસાથ મારા મતવિસ્તારમાં એક ગોમા ડેમ આવેલો છે જે ખૂબ મોટો ડેમ છે તો આ પણ એક ફરવાલાયક સ્થળ બનાવવામાં આવે અને ત્યાં પણ અલગ અલગ એક્ટિવિટી જેમ કે, ફૂડ ઝોન છે, ગેમ ઝોન છે, એડવેન્ચર પાર્ક છે આવી એક્ટિવિટીઓ બનાવે તો અમારા મતવિસ્તારમાં એક ફરવાલાયક સ્થળ બની શકે તે માટે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું અને સાથો સાથ આ અમારું જે તળાવ છે તે કાચા પાળાનું છે અમારો જિલ્લો રેડ ઝોનમાં આવી ગયેલો છે અને વરસાદનું પ્રમાણ પણ ૧૭ ઇંચથી વધારે થવા માંડયું છે, વાવાઝોડું પણ પ્રમાણમાં વધારે આવે છે તો આ કાચા પાળાના લીધે ઘણી વખત અમને જોખમ રહે છે કે તે કયારેક ક્રેક મારી જાય છે આ વખતે જ એવું બન્યું હતું કે તળાવ ભરાઇ ગયું અને કાચો પાળો હતો તે ક્રેક થઇ ગયો જો આ તૂટી જશે તો ઓછામાં ઓછાં ૨૫થી ૩૦ હજાર લોકો આમાં અસરગ્રસ્ત થશે તો આ જે પાળો છે તે આર.સી.સી.નો બનાવીને તળાવ ડેવલપ કરવામાં આવે તેવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી ગોપાલ ઇટાલિયા(વિસાવદર) : વિનિયોગ વિધેયક ઉપર મારો મુદ્દો રજૂ કરતાં જણાવું કે રાજયની કાયદો અને વ્યવસ્થા, સુરક્ષા અને સલામતિની વ્યવસ્થા સંભાળતા આપણા હોમગાર્ડ અને જી.આર.ડી.ના જવાનો પોલીસની સાથે ખભેખભો મિલાવીને કામ કરે છે. જેટલું કામ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ, એ.એસ.આઇ., પી.એસ.આઇ. કરે છે એટલું જ કામ હોમગાર્ડ અને જી.આર.ડી.ના જવાનો કરે છે, પણ બહુ દુ:ખનો વિષય એ છે કે હોમગાર્ડના જવાનોને માત્ર રૂ. ૩૫૦થી ૪૦૦ રોજ મળે છે, અને જી.આર.ડી.ના જવાનોને તો માત્ર ૨૦૦ રૂપિયા રોજ મળે છે, અને એ પણ ૩૦ દિવસ માટે નહીં, સરકાર જેટલા દિવસ માટે એમને કામે બોલાવે એટલાજ દિવસના પૈસા મળે, એટલે કે કોઇ જી.આર.ડી. જવાનને સરકાર ૧૫ દિવસ માટે કામે બોલાવે તો ૧૫ દિવસ x ૨૦૦ લેખે એને પગાર મળે છે. જી.આર.ડી. અને હોમગાર્ડ બંનેમાં આ પરિસ્થિતિ છે એટલે ૩૦ દિવસનો તો પગાર મળતો જ નથી. તેઓની પાસેથી કામ પૂરું લેવામાં આવે છે, અમદાવાદ અને સુરત જેવાં મોટાં શહેરોમાં તો હોમગાર્ડના જવાનો લગભગ ૨૪ કલાક, ૩૦-૩૦ દિવસ મોટાં શહેરોમાં કામ કરે છે. નાના જિલ્લાઓમાં ગ્રામીણ વિસ્તારોમાં જી.આર.ડી. જવાનો કામ કરે છે. હવે આ ૨૦૦ રૂપિયા પગાર રોજનો મળે તો મને એવું લાગે છે કે આજના સમય પ્રમાણે વ્યાજબી નથી, સરકારને વિનંતી છે કે જી.આર.ડી. જવાનોને હોમગાર્ડના જવાનોનો પગાર વધારો કરવામાં આવે, કેમ કે તેઓ જીવના જોખમે ડ્યૂટી નિભાવે છે. અમદાવાદના અને રાજકોટ, સુરત, વડોદરાના તમામ રોડ-રસ્તા ઉપર ટ્રાફિક સંચાલનનું કામ પોલિસની સાથે હોમગાર્ડના જવાનો કરે છે, આખો દિવસ એના શરીરમાં ધુમાડો જાય, હોર્નના કર્કશ અવાજો કાનમાં જાય અને છેલ્લે ૨૦૦ રૂપિયા મળે એ વ્યાજબી વાત નથી અને બીજું કે હોમગાર્ડના કમાન્ડન્ટની નિમણૂક તમામ જિલ્લાઓમાં ખૂબ રાજકીય હસ્તક્ષેપથી થાય છે, લગભગ રાજકીય ભલામણોવાળા રાજકીય પાર્ટી સાથે જોડાયેલા માણસોને હોમગાર્ડના કમાન્ડન્ટ બનાવવામાં આવે છે અને પછી એ કમાન્ડન્ટ હોમગાર્ડના જવાનોનું પણ શોષણ કરે છે કે તારે હાજરી પુરાવવી હોય તો આટલા પૈસા આપવા પડશે, રજા મૂકવી હોય તો આટલા પૈસા દેવા પડશે તો જ રજા મંજૂર થશે. કમાન્ડન્ટના માધ્યમથી હોમગાર્ડ જી.આર.ડી.ના જવાનોનું શોષણ થાય છે એને અટકાવવામાં આવે એવી સરકારશ્રીને મારી વિનંતી છે અને ત્રીજી વાત કે આ હોમગાર્ડ જવાનોને કાયમી કરી દેવા જોઇએ કેમ કે એની નોકરી તો હવે એ કરે જ છે, સુરક્ષા, સલામતીનું કામ તો વર્ષોથી સંભાળે છે તો શા માટે એમને ૨૦૦ રૂપિયાના ઉચ્ચક પગાર ઉપર રોજમદાર તરીકે રાખવા જોઇએ? યુનિફોર્મ આપ્યો છે તો યુનિફોર્મની પણ ઇજ્જત થાય, યુનિફોર્મ પહેરનાર પોતાને સ્વાભિમાન ફીલ થાય, એટલા માટે આ હોમગાર્ડ અને જી.આર.ડી.ના જવાનોને સરકારે કાયમી કરી દેવા જોઇએ એવી મારી નમ્ર વિનંતી છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ(વાંસદા) : માનનીય અધ્યક્ષશ્રી, વિનિયોગ વિધેયક ઉપર રાજયના ગ્રામીણ વિસ્તારની શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે પરિવહનની સુવિધા પૂરી પાડવામાં મારા મુદ્દા રજૂ કરું છું. રાજયના દરેક તાલુકામાં જે ગ્રામ્ય વિસ્તાર છે એમાં પ્રાથમિક શાળા અને વર્ગશાળા આવેલી છે , એક ગામમાં એક પ્રાથમિક શાળા ઉપર બીજી એક વર્ગશાળા હોય એના બે થી વધારે કિલોમીટરના ત્રિજયામાં દૂરથી જે બાળકો આવતા હોય છે એને ડ્રોપઆઉટ રેશિયો ન વધે એના માટે એ પરિવહનની સુવિધા કરવામાં આવેલી, અમારા વિસ્તારમાંએ પરિવહનની સુવિધા માટે એક ઇકો વાન આપવામાં આવેલી, ૨-૩ વર્ષ સુધી ઇકોવાન પરિવહનમાં ચાલી, પરંતુ પછી જયારે એમાં બિલ મૂકવાના થયા, એના પૈસા આપવાની વાત જે ઇકોવાનના માલિકે કરી ત્યારે એમની પાસે ટેકસી પાસિંગ માટેની વાત કરી, ટેકસી પાસિંગની ગાડી મોટે ભાગે આ વિસ્તારના ગ્રામ્ય વિસ્તારના લોકો અથવા એ માલિક પાસે હોતી નથી અને કદાચ જો ટેકસી પાસિંગ કરાવવા જાય તો એને પરવડે એવું નથી અને એ ગાડીને ફીકસ કરી દેવામાં આવે કે તારે માત્ર સવારે બાળકોને મૂકવા આવવાનું, સાંજે લઇ જવાનું એ સિવાય તારાથી કશે ફરી શકાય નહીં અને ઓછા પૈસાના કારણે ઓછું વળતર આપવાના કારણે એ ટેકસી પાસિંગ કરાવી શકતો નથી અને બાળકોને પરિવહન કરીને લઇ જતો નથી ત્યારે બાળકોએ ટેમ્પામાં બેસીને જવું પડતું હોય, રિક્ષામાં બેસીને જવું પડતું હોય અથવા ચાલીને જવું પડતું હોય એના કારણે એના વાલી અને એનો પરિવાર જે ખેતી કરતો હોય, મજૂરી કરતો હોય કે કોઇપણ જગ્યાએ કામ કરતો હોય તો એ અટકી જાય છે અને એ આપણો જે ઉદ્દેશ છે જે પરિવહનનો કે બાળક સારી રીતે

શિક્ષણ મેળવી શકે, ચાલીને જઇ ન શકે અને એને એવું શિક્ષણ મળે કે જતી વખતે પણ ચાલતું જવું ન પડે, ચોમાસાના દિવસમાં કોતર હોય, નદી હોય તો એ વિસ્તારમાંથી એકલાએ ન આવવું પડે, પરંતુ માત્ર અને માત્ર ટેકસી પાસિંગ ના કારણે અત્યારે પરિવહન અટકયું છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી(દાતા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિનિયોગ વિધેયક પર ચર્ચા કરવા ઊભો થયો છું ત્યારે આખા ગુજરાતમાંથી લોકો માઁ અંબાજીના દર્શન કરવા જતા હોય ત્યારે ત્યાંના વિશ્રામગૃહનું ખાનગીકરણ કર્યું છે એના કારણે ધારાસભ્યશ્રીઓ અને અધિકારીઓને ત્યાં જઇને લાઇનમાં ઊભું રહેવું પડે છે. જ્યાં સુધી એજન્સી સૂચના ન આપે ત્યાં સુધી એ કર્મચારીઓ રૂમ પણ ખોલી ન શકે એવી પરિસ્થિતિ ઊભી થઇ છે. અંબાજી વિશ્રામગૃહમાં જે કોઇ કર્મચારીઓ જાય છે એ સામે જોઇને ઊભા રહે છે કે ક્યારે અમને રજા આપે અને ક્યારે અમે દરવાજો ખોલી શકીએ એવી પરિસ્થિતિ ઊભી થઇ છે. ત્યારે હું સરકારને વિનંતી કરું છું કે અંબાજી અને સોમનાથના સર્કિટ હાઉસ સરકાર હસ્તક રાખે અને અધિકારીઓ/પદાધિકારીઓ ત્યાં જાય ત્યારે એમની વ્યવસ્થા કરવી જોઇએ. બીજું કે આ વિશ્રામગૃહના કર્મચારીઓ કરાર આધારિત છે એમને ઓછો પગાર આપીને લાચારીમાં નોકરી કરાવતાં હોય એવી એજન્સીઓને ન આપે પરંતુ સરકાર હસ્તક રાખે એવી મારી વિનંતી છે.

પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે હોમગાર્ડ સર્વિસ છે એ વોલિયેન્ટર સર્વિસ છે. એમની આખા દેશમાં કોઇ જગ્યાએ કાયમી નોકરી હોતી નથી. જ્યારે રાજ્ય સરકારને જરૂર હોય ત્યારે વોલિયેન્ટર સર્વિસ લેતી હોય છે. એ દેશવ્યાપી ખૂબ સારી સર્વિસ છે.

અધ્યક્ષશ્રી : એ જ્યારે આવશે ત્યારે માનનીય મંત્રીશ્રી જવાબ આપી શકશે.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર(ચાણસ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, હું વિનિયોગ વિધેયક પર મારા વિચારો રજૂ કરું છું. મારા વિસ્તારમાં શંખેશ્વર તાલુકાના રૂપેણ નદી કાંઠે આવેલા ૧૬ જેટલા ગામોમાં ખેડૂતોને નર્મદા કેનાલમાંથી એસ્કેપ મારફતે રૂપેણ નદીમાં પાણી છોડી સિંચાઇ માટે પાણી આપવામાં આવતું હતું, પણ છેલ્લા દોઢ વર્ષથી આ પાણી બંધ કરવામાં આવેલ છે. આ ગામો નર્મદાના કમાન્ડ એરિયામાં આવતા નથી અને હાલ તેમની પાસે ફક્ત રૂપેણ નદીના પાણીનો વિકલ્પ છે. આથી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, અગાઉ જેમ સિંચાઇ માટે પાણી આપવામાં આવતું હતું તે રીતે દરેક સિઝનમાં પાણી છોડવામાં આવે. આ અંગે સી.એમ. ઓફિસમાંથી પણ નર્મદા વિભાગને વારંવાર પાણી છોડવા જણાવ્યું હોવા છતાં નર્મદાના અધિકારીઓ પાણી છોડતા નથી. મારી આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કે આગામી સમયમાં પાણી છોડવામાં આવે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા(ડેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, વિનિયોગ વિધેયકની ચર્ચામાં મારા વિચારો અને સૂચનો રજૂ કરું છું. છેલ્લા ઘણા સમયથી અનુસૂચિત જનજાતિના જાતિ પ્રમાણપત્ર ખોટા લોકો લઇને શિક્ષણમાં, નોકરીઓમાં અને રાજકારણમાં લાભ લઇ રહ્યા છે ત્યારે કાર્યસમિતિના અહેવાલ મુજબ ગીર, બરડા અને આલેચના નેસમાં રહેતાં ૨૧,૯૧૩ રબારી, ભરવાડ, ચારણ જાતિની વ્યક્તિઓને વિશ્લેષણ સમિતિ દ્વારા માન્ય કરવામાં આવ્યાં છે. તેથી તેઓ લાભ લેવાપાત્ર છે. એ સિવાય બાકીના ૫૬,૦૦૦ જેટલા બોગસ એસ.ટી. જાતિ પ્રમાણપત્ર રબારી, ભરવાડ, ચારણ અને અન્ય બોગસ એસ.ટી.ને આપવામાં આવ્યા છે ત્યારે તે તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે અને તેમના પર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે એવી મારી વિનંતી છે. ગીર, બરડા અને આલેચના નેસમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ સિવાયના રબારી, ભરવાડ અને ચારણને અનુસૂચિત જનજાતિની યાદીમાંથી દૂર કરવા માટે ગુજરાત સરકાર તરફથી કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલવામાં આવી છે. આ દરખાસ્ત વહેલી તકે મંજૂર કરાવવામાં આવે અને બાકી રહેલી કાર્યવાહી વહેલી તકે પૂર્ણ કરવા કેન્દ્ર સરકારને તાકીદ કરવામાં આવે એવી મારી વિનંતી છે. જી.એ.ડી. વિભાગ દ્વારા વર્ગ–૩ની ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા થતી ભરતીઓમાં ૪૦ ટકા કટ ઓફ માર્ક અંગેનો પરિપત્ર બહાર પાડ્યો છે. જેના કારણે રોસ્ટર પ્રમાણે અનુસૂચિત જનજાતિને મળેલી બેઠકો ભરાતી નથી. હું આપના માધ્યમથી સરકારશ્રીને તે પરિપત્ર રદ કરીને અગાઉ જે ૩૫ માર્કનો કટ ઓફ હતો તે રાબેતા મુજબ ચાલુ રાખવામાં આવે તેવી વિનંતી કરું છું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં તા.૧૮/૦૨/૨૦૨૬ના રોજ વર્ષ ૨૦૨૬–૨૭નું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું. ત્યારબાદ અંદાજપત્ર પર ચાર દિવસ સામાન્ય ચર્ચા કરવામાં આવી. જેમાં આ સભાગૃહના માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો/મંતવ્યો રજૂ કર્યા હતાં તે સર્વેનો આભાર માનું છું. સબંધિત વિભાગના મંત્રીશ્રીઓ દ્વારા રજૂ કરેલ માગણી ઉપર વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ. આ સમય દરમિયાન વિપક્ષ દ્વારા કાપ દરખાસ્તો રજૂ કરવામાં આવી પરંતુ રજૂ થયેલ તમામ કાપ દરખાસ્ત નામંજૂર કરવામાં આવેલ. આમ, ચર્ચાના અંતે ગૃહમાં રજૂ થયેલ વિભાગવાર માગણીઓ પસાર કરવામાં આવેલ હતી. પરંતુ આજે જ્યારે વિનિયોગ વિધેયકમાં સભ્યશ્રીઓ દ્વારા જે પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા તેમાં ખાસ કરીને શ્રી ઇમરાનભાઇનો આભાર માનીશ કે તેમણે સરકારની તબીબી સેવાઓની પ્રશંસા કરી છે. ભલે, મોડું થાય છે પણ પહેલાં આયુષ્માન કાર્ડ કે માઁ કાર્ડ ક્યાં હતાં? ગુજરાતમાં આપણે આ જે સેવાઓ આપીએ છીએ ત્યારે મારે એટલું જ કહેવાનું છે કે, રાજ્યની સરકારી મેડિકલ કૉલેજ સંલગ્ન હૉસ્પિટલો, જી.એમ.ઇ.આર.એસ. મેડિકલ કોલેજ

સંલગ્ન હૉસ્પિટલો ખાતે નેશનલ મેડિકલ કમિશનના ધારાધોરણ તેમજ દર્દીઓની તબીબી સારવાર માટેની જરૂરિયાત મુજબ હૉસ્પિટલ ખાતે સીટી સ્કેન અને એમ.આઈ.આર. મશીનો મૂકવામાં આવેલ છે. માનનીય સભ્યશ્રીએ જણાવ્યું કે મશીનો ઉપલબ્ધ નથી ત્યારે ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડના ધારાધોરણ મુજબ તમામ હૉસ્પિટલ ખાતે સોનોગ્રાફી મશીનો કાર્યરત છે. જ્યાં મશીનો જૂનાં થયાં છે ત્યાં જી.એમ.એસ.સી.એલ. દ્વારા નવાં મશીનોની ખરીદીની પ્રક્રિયા પૂર્ણ કરી મશીનો બદલી આપવામાં આવે છે. બંધ મશીનો માટે રાજ્યનાં તમામ પાર્ટ એન્ડ મશીનોની વાર્ષિક જાળવણી એન્યુઅલ મેઇન્ટેનન્સ કોન્ટ્રાક્ટ/કોમ્પ્રિહેન્સિવ મેઇન્ટેનન્સ કોન્ટ્રાક્ટ હેઠળ છે. જો મશીન બંધ થાય તો ૪૮ કલાકમાં એન્જિનિયર દ્વારા તેની મુલાકાત લેવાની અને સમયમર્યાદામાં રિપેર કરવાની જોગવાઇ છે. બંધ મશીનોની ટૅકનિકલ ખામી દૂર કરી ત્વરિત ચાલુ કરવામાં આવે છે અને જનતાના નિદાનમાં કોઇ મુશ્કેલી પડે તો રોગી કલ્યાણ સમિતિ દ્વારા તેના બિલ મંજૂર કરવામાં આવે છે અને દર્દીને કોઇ રકમ ભરવાની થતી નથી. આમ, રાજ્યની સરકારી હૉસ્પિટલમાં સીટી સ્કેન, એમ.આર.આઇ., સોનોગ્રાફી મશીનોની ઘટ નિવારવા તથા બંધ મશીનોને કાર્યરત કરવામાં તંત્રની કોઇ નિષ્ફળતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અમૃતજી ઠાકોરે જેટકો દ્વારા ખેતરમાં નાખવામાં આવતી વીજ ટ્રાન્સમિશન કંપનીની વાત કરી. ખેતરોમાં થાંભલા ઊભા કરવા દરમિયાન થતાં નુકસાન, જમીનનાં મૂલ્યનાં ઘટાડા અને જમીનમાં નુકસાન થયેલાં પાકનું પંચક્યાસ કરી મહેસૂલ વિભાગના પ્રતિનિધિ દ્વારા પ્રમાણિત કરીને વળતર ચૂકવવામાં આવે છે. આ અન્વયે ટ્રાન્સમિશન ટાવરના સ્થાપનને ટાવર આધારિત વિસ્તારના પ્રવર્તમાન જંત્રી દરોના ૨૦૦ ટકા લેખે જમીન માલિકની જમીન ઉપરથી પસાર થતાં ભારે વીજ દબાણવાળી વીજ રેસાઓની પહોળાઇ તથા લંબાઇને અનુલક્ષીને જમીનમાં મૂલ્યમાં થતા ઘટાડાના નુકસાન પેટે ઓનલાઇન જંત્રીના ૨૦૦ ટકા મુજબ ગણી જમીનની વિસ્તારના ૨૫ ટકા લેખે વળતર ચૂકવવામાં આવે છે. તદઉપરાંત ટ્રાન્સમિશન ટાવર અને માળખાનાં સ્થાપનના કારણે ટાવરના ચાર પાયાની વચ્ચે તેમજ ટ્રાન્સમિશન ટાવરના રાઇટ ઓફ વે એટલે કે લાઇન પસાર થાય તે જમીનના નુકસાન પેટે ઓછા વળતર અંગે રજૂઆત કે વાંધા હોય તો કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા મૂલ્યાંકન સમિતિ દ્વારા જાહેર હિતમાં આખરી નિર્ણય કરીને કિંમત નક્કી કરીને જિલ્લા કક્ષાએથી તેનું વળતર ચૂકવવા જોગવાઇ કરવામાં આવેલ છે. આમ, જેટકો દ્વારા નાંખવામાં આવેલ વીજ ટ્રાન્સમિશન લાઇન માટે ઇન્ડિયન ટેલિગ્રાફ એક્ટ–૧૮૮૫ની જોગવાઇ તેમજ ઇલેકટ્રિસિટી એક્ટ–૨૦૦૩ની કલમ–૬૮ અને ૧૬૪ મુજબ નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવતી હોઇ ખેડૂતોને યોગ્ય વળતર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા નથી. વર્ષ ૨૦૨૧થી આ વળતરમાં બે વખત વધારો કરવામાં આવ્યો છે.

માનનીય ધારાસભ્યશ્રી ઉમેશભાઇએ બોટાદમાં કૃષ્ણસાગર તળાવનો પર્યટન સ્થળ તરીકે વિકાસ કરવાની વાત કરી છે. એમને જણાવવા માગું છું કે બોટાદ શહેરમાં આવેલ કૃષ્ણસાગર તળાવના બ્યુટીફિકેશન માટે બોટાદ નગરપાલિકા દ્વારા સરકારશ્રીની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આગવી ઓળખ ઘટક તરીકે મળવાપાત્ર ગ્રાન્ટ રૂ.૧૦ કરોડમાંથી સદરહું તળાવનું બ્યુટીફિકેશન કરવાની કામગીરી હાથ ધરવા બોટાદ નગરપાલિકાએ સામાન્ય સભામાં નિર્ણય કરેલ છે. તદઅનુસાર કૃષ્ણસાગર તળાવના બ્યુટિફિકેશનની કામગીરી કરવા માટે કન્સલ્ટન્ટ રોકવામાં આવેલ છે અને સદરહું કામગીરી અંતર્ગત કૃષ્ણસાગર તળાવ ખાતે તળાવનું મજબૂતીકરણ, વોક–વે, ગાર્ડન તથા એમ્પીથિએટરની કામગીરી માટે ડી.પી.આર. તૈયાર કરવાની કામગીરી ચાલુ છે. શ્રી ગોપાલભાઇએ સુંદર વાત રજૂ કરી. આમ તો માનનીય અર્જુનભાઇએ જવાબ આપી દીધો છે. પરંતુ....

અધ્યક્ષશ્રી : જે માણસ અંદરથી સુંદર હોય એને આખી દુનિયા સુંદર જ લાગે. અધરમ્ મધુરમ્ નયનમ્ મધુરમ્ , મધુરાધિપતે અખિલમ્ મધુરમ્ . આપને બધુ મધુર જ લાગે છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતમાં હું ધ્યાન દોરવા માગું છું કે પોલીસની મદદમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે દેશમાં કુદરતી અને માનવસર્જિત આપત્તિઓ આવે ત્યારે આંતરિક સુરક્ષાની જાળવણી માટે ગૃહ રક્ષકદળની સ્થાપના કરવામાં આવેલ છે. આ દળમાં સમાજના વિવિધ વર્ગોમાંથી નાગરિકો સ્વૈચ્છિક રીતે જોડાય છે અને પોતાના વ્યવસાય અને નોકરી બાદના સમયમાં સેવા આપે છે. આ હોમગાર્ડ અને ગૃહ રક્ષકદળના જવાન માનદસેવા આપતા દળ છે. જે રાજ્ય પોલીસના પૂરક દળ તરીકે કામગીરી બજાવે છે બંને દળોમાં સેવા સ્વૈચ્છિક તથા માનદ સ્વરૂપની હોવાથી તે કાયમી નોકરી નથી. સભ્યો પોતાના રોજગાર ઉપરાંત સ્વૈચ્છિક રીતે સેવા આપે છે. અન્ય રાજ્યોની તુલનામાં ગુજરાત રાજ્યમાં હોમગાર્ડસ અને ગ્રામરક્ષક દળના સભ્યોનું સંખ્યાબળ નોંધપાત્ર છે. હાલમાં બંને દળના સભ્યોને દૈનિક માનદ ભથ્થાં ચૂકવવામાં આવે છે. આ બંને દળમાં સમાજના વિવિધ વર્ગો જેવા કે, મહિલાઓ, વ્યવસાયિકો, વિદ્યાર્થીઓ વગેરેમાંથી પસંદગી કરવામાં આવે છે. જ્યારે પોલીસ કોન્સ્ટેબલની ભરતી સ્પર્ધાત્મક પરીક્ષા, શારીરિક કસોટી વગેરેથી કરવામાં આવે છે. આમ, હોમગાર્ડસ અને ગ્રામરક્ષકદળના દરેક વર્ગનું પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું છે અને સમાજસેવા તરીકે રાષ્ટ્રસેવામાં સ્વેચ્છાએ આ લોકો જોડાય છે. કાયદો–વ્યવસ્થા જાળવણીમાં સેવાના ઇરાદાથી જોડાવું એ આ દળનો મુખ્ય હેતુ છે. આમ, આ બંને દળો કાયદો–વ્યવસ્થા જાળવવા પોલીસને મદદરૂપ થાય છે. જેઓને માનદ વેતન આપવામાં આવે છે. દળના સભ્યોને બાકીના સમયે જે–તે નોકરી–ધંધો કરવાની છૂટ છે. આ મૂળ હેતુ વધારાની રોજગારીનો હોઇ હોમગાર્ડસ અને જી.આર.ડી. જવાનોની કાયમી નિમણૂક કરી રેગ્યુલર પગાર આપવા તથા ભથ્થાં આપવામાં સરકારની નિષ્ફળતા નથી.

માનનીય અનંતભાઇએ ગયા વર્ષે પણ આ જ પ્રશ્ન રજૂ કર્યો હતો. એમના જવાબમાં જણાવું છું કે આર.ટી.ઇ.એક્ટ મુજબ જ્યાં ઘરથી પ્રાથમિક શાળાનું અંતર એક કિલોમીટરથી વધુ હોય અને ઉચ્ચતર પ્રાથમિક શાળાનું અંતર ત્રણ કિલોમીટરથી વધુ હોય તેવા સરકારી શાળાના બાળકોને ટ્રાન્સપોર્ટેશન સુવિધાનો લાભ મળવાપાત્ર છે. શિક્ષણ એ રાજ્યની પ્રાથમિકતા છે. મફત પરિવહન સુવિધાના મોનિટરિંગ માટે વ્હીકલ ટ્રેકિંગ સિસ્ટમ અમલમાં મૂકવામાં આવેલ છે. રાજ્યમાં વર્ષ ૨૦૨૫-૨૬માં ૨૮૩૯ શાળાઓના ૫૯૨૦ વાહનોનું રીયલ ટાઇમ મોનિટરિંગ થયેલ છે. ધોરણ ૧થી ૧૨ના પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના વિદ્યાર્થીઓ માટે જી.એસ.આર.ટી.સી. એસ.ટી. બસમાં બસ પાસ ફીમાં કન્સેશન આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૬-૨૭ માટે આ યોજના હેઠળ રૂ.૨૨૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. આ માટે જી.એસ.આર.ટી.સી. દ્વારા અંતરિયાળ વિસ્તારમાં નવા બસ રૂટો શરૂ કરવામાં આવ્યા છે. એપ્રિલ-૨૦૨૫ થી ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન નિગમની વિવિધ ૫૧૬ નવીન વિદ્યાર્થી રૂટ ટ્રીપો શરૂ કરવામાં આવેલી છે પરંતુ તમારો જેન્યુઇન પ્રશ્ન છે આપણે ચોક્કસ રીતે એને સોલ્વ કરીશું. મેં કલેકટરશ્રી સાથે એ બાબતમાં વાત કરી છે. વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોવાથી આ તકલીફ થાય છે.

માનનીય કાંતિભાઇએ યાત્રાધામો ખાતે આવેલ માર્ગ મકાન હસ્તકની કચેરીઓ એટલે કે આપણા સર્કિટ હાઉસ અને ગેસ્ટ હાઉસ માટેની વાત કરી છે. હું સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવા માગું છું કે ગુજરાત રાજ્યના વિવિધ યાત્રાધામો ખાતે આવેલ અતિથિગૃહનું સંચાલન આપણા માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરવામાં આવે છે અને એ માટેના ધારાધોરણો નક્કી છે. સદર અતિથિગૃહો ખાતે પધારનાર અતિથિઓને ઉત્તમ સગવડ તથા સુવિધાઓ પૂરી પાડી શકાય તે બાબતે વિભાગ હંમેશા કાર્યરત છે અને જરૂરી પરિવર્તનો કરતા રહે છે. વિભાગ હસ્તકના અતિથિગૃહોનું સુવ્યવસ્થિત સંચાલન થાય તથા ઉક્ત ધારાધોરણો અનુસારની સુવિધાઓ અતિથિઓને મળે એ માટે વિભાગ દ્વારા સમયાંતરે જરૂરી સુધારાવધારા સાથે કામગીરી હાથ ધરવામાં આવે છે. આવી સુવિધાનું સંચાલન કરી શકે તે માટે ક્વોલિફાઇડ સ્ટાફ તેમજ મેનેજરની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે.

માનનીય સભ્યશ્રી દિનેશભાઇએ પોતાના વિસ્તારની રૂપેણ નદી માટેની વાત કરી છે. આ બાબતે હું સભાગૃહના માધ્યમથી જણાવવા માગું છું કે રૂપેણ નદી ઉપર નર્મદા યોજનાનું મુખ્ય નહેર ઉપરથી એસ્કેપ એટલે કે વધારાનું પાણી છોડવા માટેની વ્યવસ્થા છે. જે એસ્કેપનો ઉપયોગ માત્ર નર્મદા ડેમના વધારાના વરસાદી પાણીના નિકાલ તેમજ કેનાલમાં ભંગાણ સર્જાય એ સંજોગોમાં કેનાલમાં થતું વધારાનું ધોવાણ કે નુકસાન અટકાવવા પાણી સલામત રીતે કેનાલથી નદીમાં વહાવવા માટે એસ્કેપની જોગવાઇ કરવામાં આવી છે. આ એસ્કેપનો ઉપયોગ સિંચાઇ સારું રૂપેણ નદીમાં પાણી પૂરું પાડવા માટે કરવામાં આવતો નથી. નર્મદા યોજના અંતર્ગત તમારા વિસ્તારમાં ૧૪ ગામોમાં ૭૧૧૪ હેકટર વિસ્તાર સિંચાઇ માટે સમાવિષ્ટ થયેલો છે એટલે એ પાણી પૂરું પાડવામાં આવે છે.

માનનીય સભ્યશ્રી ચૈતરભાઇએ એકદમ સંવેદનશીલ વાત કરી છે. એ બાબતમાં મારે એટલું જણાવવાનું છે કે, સરકાર પણ એ માટે પૂરેપૂરી સંવેદનશીલ છે. આ બજેટમાં મેં તમારી સમિતિને વધુ મજબૂત કરવા માટેના પગલાં લેવાની વાત કરી છે. આ બાબતમાં જણાવવાનું કે ગુજરાત રાજ્યની સ્થાપના પહેલાં ભારત સરકાર દ્વારા તારીખ ૦૬/૦૯/૧૯૫૦ અને તારીખ ૨૯/૧૦/૧૯૫૬માં અનુસૂચિત જાતિની યાદી બહાર પાડવામાં આવેલી છે. ગુજરાત રાજ્યની સ્થાપના પછી શિડ્યુલ-૨ ભાગ-૬માં ગુજરાત રાજ્ય હેઠળ સમાવિષ્ટ અનુસૂચિત જનજાતિઓની યાદી બહાર પાડવામાં આવેલી છે. ભારત સરકારશ્રીના તારીખ ૨૯/૧૦/૧૯૫૬ના ઓર્ડર શિડ્યુલ મુજબ ગીર, બરડા અને આલેચના જંગલ વિસ્તારના નેસોના રબારી, ભરવાડ અને ચારણ જાતિને સમાવિષ્ટ કરવામાં આવેલી છે. આ જાતિઓને વિસ્તાર આધારિત અનુસૂચિત જનજાતિનો દરજ્જો પ્રાપ્ત થયેલ છે. આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૦૪/૦૪/૨૦૧૮ અને તારીખ ૦૬/૧૧/૨૦૨૦ના ઠરાવોથી અનુસૂચિત જનજાતિના શંકાસ્પદ જાતિ પ્રમાણપત્રોની ચકાસણી માટે વડોદરા, સુરત, ગાંધીનગર-૧, ગાંધીનગર-૨ એમ કુલ ૪ વિભાગીય વિશ્લેષણ સમિતિઓની રચના કરવામાં આવેલી છે. સમિતિના હસ્તક ચાર વિજિલન્સ સેલની રચના કરવામાં આવેલી છે. સમિતિને વધુ મજબૂત કરવા અને વધુ માનવબળને સમાવિષ્ટ કરવા માટે આ બજેટમાં જોગવાઇ કરવામાં આવેલી છે. ગુજરાત અનુસૂચિત આદિજાતિ પ્રમાણપત્ર કાઢી આપવા અને ખરાઇ કરવાનું નિયમન કરવા બાબતો ૨૦૨૦ના નિયમ- ૧૦(૩)માં દસ્તાવેજો અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રની ખરાઇ વખતે ધ્યાનમાં લેવામાં આવે છે. એમાં જાતિના કે રહેઠાણના જે દસ્તાવેજો હોય એ ધ્યાનમાં લેવામાં આવે છે. ગીર, બરડા અને આલેચના રબારી, ભરવાડ અને ચારણ માટે ઉમેદવારના પૂર્વજો જંગલ વિસ્તારના નેસમાં રહેઠાણ, વસવાટ કરતા હોય એવા પુરાવા તરીકે ઉમેદવાર દ્વારા રજૂ થતાં રાષ્ટ્રીય રજિસ્ટ્રર-૧૯૫૧, મતદાર યાદી, વસ્તી ગણતરી, ગીરના કાયમી મતદારોની યાદી, ગીર વિસ્થાપિત સમયે સરકારશ્રી તરફથી મળેલ જમીનના પુરાવા તથા આ સિવાય પણ અરજદારના દાવાના સમર્થનમાં રહેઠાણ અને જાતિ પ્રસ્થાપિત કરતાં હોય તે પુરાવા જેવા કે જૂનું રેવન્યુ કાર્ડ વગેરે પણ ધ્યાનમાં લેવામાં આવે છે. ગીર, બરડા અને આલેચના વિસ્તારમાં રબારી, ભરવાડ અને ચારણને અનુસૂચિત જનજાતિની યાદીમાંથી દૂર કરી બક્ષીપંચમાં સમાવિષ્ટ કરવાની બાબત કેન્દ્ર સરકાર હસ્તક છે. એ સતત ચાલતી પ્રક્રિયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા દ્વારા નાણા વિભાગ તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની માગણીઓ રજૂ કરવામાં આવી હતી એ આ ગૃહ દ્વારા તમામ માગણીઓ મંજૂર કરવામાં આવેલ છે તે માટે સર્વે માનનીય સભ્યશ્રીનો આભાર

ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક, ૨૦૨૬

વ્યક્ત કરું છું. આ દરમિયાન જે માગણીઓની ચર્ચા ગૃહમાં થઇ શકી નથી એ તમામ માગણીઓ ગિલોટીનથી પસાર કરવામાં આવેલ છે. હવે આ ગૃહમાં મંજૂર થયેલ વિભાગવાર માગણીઓને કાયદાનું સ્વરૂપ આપવા વિધેયક તરીકે પસાર કરવું જરૂરી છે. આથી હું સભાગૃહ સમક્ષ વર્ષ ૨૦૨૬નું ગુજરાત વિનિયોગ વિધેયક રજૂ કરું છું. આ વિનિયોગ વિધેયક પસાર થયા પછી જ નિયત યોજનાઓ માટે વર્ષ ૨૦૨૬-૨૭માં ખર્ચ કરી શકાશે. એટલે નાણા વિભાગ દ્વારા ગ્રાન્ટની ફાળવણી કરી શકાશે. આમ, સભાગૃહના સર્વે સભ્યો વિનિયોગ વિધેયકને સર્વાનુમતે પસાર કરે એવી વિનંતી કરું છું. આભાર.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૨૬ના ગુજરાત વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ-૨ અને ૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૨૬ના ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : **સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક-૧૯-સન ૨૦૨૬ના ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.**

સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૬

ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ)વિધેયક, ૨૦૨૬

સન ૨૦૧૨ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે, સન ૨૦૧૫ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે, સન ૨૦૧૬ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે અને સન ૨૦૧૯ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણાં મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૨૬ ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૨૬ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૨૬ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

કલમ રથી ૬, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી કનુભાઇ મો. દેસાઇ: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૨૬ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૬ ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ: માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભાના ધારાસભ્યોમાં પછી ભારતીય જનતા પાર્ટીના હોય કે વિપક્ષના હોય પી.એ.સી. કમિટી જેની આગેવાની શ્રી જીતુભાઇ વાઘાણીની સાથેસાથે માનનીય શૈલષભાઇ પરમાર અને ઘણા સભ્યશ્રીઓ સાથે હતા અને અમેણે જે વર્ષો જૂના હિસાબો માટે આ રીતે સર્વાનુમતે ખર્ચ પસાર કર્યો છે એ માટે સર્વેને અભિનંદન અને આભાર.

અધ્યક્ષશ્રી : આ પરંપરા ખૂબ સારી છે. ખાસ કરીને પબ્લિક એકાઉન્ટ કમિટી ડીટેઇલમાં ચર્ચા કરતી હોય છે ત્યારે તેના ઉપર ચર્ચા અહીંયા કરવામાં આવતી નથી. એમાં તમામ પક્ષના સભ્યશ્રીઓ હોય છે અને આ પરંપરા ગુજરાતને વધુ સશક્ત બનાવશે.

---

* વિધેયક તા.૧૭મી માર્ચ, ૨૦૨૬ના ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ થયું છે.

વિરામનો સમય નક્કી કરવા અંગે

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજની કામકાજની યાદીમાં આવેલ વિધેયક ક્રમાંક–૩ હાલમાં આપણે રિસેસ પાડીએ અને રિસેસ બાદ વિધેયક લેવામાં આવે તેવો પ્રસ્તાવ રજૂ કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય દંડકશ્રી રિસેસ પાડવાનો પ્રસ્તાવ લાવ્યાં છે તેને હું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : આપને અનુકૂળ લાગે તો રિસેસનો સમય અત્યારે કરી દઈએ. રિસેસ પછી બાકીના બિલ લઈએ. વિરામનો સમય થયો છે ગૃહ ફરીથી ૩–૦૦ વાગ્યે ફરી મળશે.

(વિરામ બપોરના ૨–૦૯ થી ૩–૦૦)

સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧૭

ગુજરાત સમાન નાગરિક સંહિતા, ૨૦૨૬

લગ્ન અને છૂટાછેડા, વારસાહક, લિવ–ઇન રિલેશનશિપ અને તેને સંબંધિત બાબતોને લગતા કાયદાનું સંચાલન અને નિયમન કરવા માટેનું વિધેયક

શ્રી **શ્રી ભૂપેન્દ્રભાઇ ૨. પટેલ** (મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન–૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧૭ સન–૨૦૨૬ના ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું .

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે .

શ્રી ભૂપેન્દ્રભાઇ ૨. પટેલ (મુખ્યમંત્રીશ્રી) :માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન–૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧૭ સન–૨૦૨૬ના ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે .

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રભાઇ ૨. પટેલ (મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના ઇતિહાસમાં આજની આ ક્ષણ આપણા સૌ માટે ખૂબ જ ઐતિહાસિક છે. આપણા આ જ ગૃહના તત્કાલીન માનનીય ગૃહના નેતા અને આજના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સરકારના વડા તરીકેના સળંગ ૮૯૩૨ દિવસનો ઐતિહાસિક માઇલસ્ટોન પાર કરી દીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના આ પનોતા પુત્રની આ યશસ્વી સિદ્ધિ માટે દેશ અને દુનિયામાં વસતા પ્રત્યેક ભારતીય અને ગુજરાતી માટે ગૌરવની ક્ષણ છે. ગૌરવની સાથે ગુજરાત માટે ડબલ ગૌરવની ક્ષણ છે કે આપણા ગુજરાતના નેતા છે, આટલી લાંબી કારકિર્દી જે કહેવાય કે પબ્લિકનો વિશ્વાસ અને પબ્લિકના વિશ્વાસની સાથે સમર્પણતાથી આ હોદ્દા ઉપર આટલા લાંબા સમય સુધી એક પણ રજા પાળ્યા વગર રહેવું, કારણ કે આપણે બધા રાજકારણમાં છીએ અને રાજકારણમાં હોવા છતાં આપણને કયાંક અને કયાંક કોઇક અને કોઇક જગ્યાએ આળસ આવી જાય તો, બીમાર પડી ગયા તો પણ કયાંક અને કયાંક રજા આપણે ભોગવી હશે પણ માનનીય વડાપ્રધાનશ્રીએ પ્રજાજનો માટે, એક સમર્પણભાવ, સંકલ્પ સાથે કે પ્રજાજનોનું હિત એક ક્ષણ પણ ચૂકાય નહીં એવા ભાવ સાથે આ ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. આ ગૃહમાં ગુજરાતની જનતા વતી આપની સમક્ષ હું એમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, લોહ પુરુષ સરદાર સાહેબે એક અને અખંડ ભારત માટે રજવાડાઓનું વિલિનીકરણ કર્યું અને છતાંય લાંબા સમય સુધી આ જ દેશમાં એક દેશમાં બે વિધાન, બે નિશાન અને બે પ્રધાનની નીતિ રહી. માનનીય વડાપ્રધાનશ્રીના આવ્યા પછી મક્કમતાપૂર્વક એક નિર્ણય લેવામાં આવ્યો અને ૩૭૦ની કલમ દૂર કરી અને કાશ્મીરને ફરીથી પાછું ભારતનું એક અંગ બનાવવામાં આવ્યું. એવી જ રીતે ઉત્તર પૂર્વના અષ્ટલક્ષ્મી રાજયો એટલે કે આસામ, અરૂણાચલપ્રદેશ,ઉત્તરપ્રદેશ, મણીપુર , મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ અને ત્રિપુરાને પણ આ દેશનું જાણે હિસ્સો ના હોય એ રીતે ઘણા લાંબા સમય સુધી અવગણના કરવામાં આવી પણ માનનીય વડાપ્રધાનશ્રીના આવ્યા પછી આ રાજયોને પણ વિકસિત ભારત માટે વિકસિત રાજય બનાવવા માટે ઇન્ફ્રાસ્ટ્રકચર, હેલ્થ, એજયુકેશન જેવી પાયાની સુવિધાઓ આપવામાં આવી અને હવે ''એક ભારત શ્રેષ્ઠ ભારત '' ના સંકલ્પ સાથે વડાપ્રધાનશ્રી આગળ વધી રહ્યા છે. હવે વિકસિત ભારત–૨૦૪૭ સુધીના અમૃતકાળમાં દેશને સમાનતાનું અમૃત એટલે કે યુ.સી.સી. આપવા માટે વડાપ્રધાનશ્રીએ નિર્ધાર કર્યો છે. માનનીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબે વડાપ્રધાન તરીકે તેમના સેવા દાયિત્વમાં રિફોર્મ, પર્ફોર્મ અને ટ્રાન્સફોર્મના મંત્ર સાથે

* વિધેયક ૧૭મી માર્ચ,૨૦૨૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે .

આઝાદી પછી અનેક ક્ષેત્રોમાં વધુ અને ઐતિહાસિક રિફોર્મ્સ કર્યા છે. જેવા કે ''એક દેશ એક કર'' એટલે કે જી.એસ.ટી., ભવ્ય રામમંદિરનું નિર્માણ, ત્રિપલ તલાકનો કાયદો, નાગરિક શકિત અધિનિયમ અને દેશમાં ભારતીય ન્યાય સંહિતા લાગુ કરવી આવા ક્રાંતિકારી સુધારાઓ તેમના નેતૃત્વમાં થયા છે. ગુજરાત તો વડાપ્રધાનશ્રીના દરેક વિચારો અને આહવાનને ઝીલવામાં અગ્રેસર રહેલું રાજય છે. એ જ પરંપરાને આગળ ધપાવતા આજે વિધાનસભા ગૃહમાં ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયક રજૂ થઇ રહ્યું છે. આ માત્ર એક કાયદાકીય પ્રક્રિયા નથી, પરંતુ સમાનતા, ન્યાય, અને એકતાના રાષ્ટ્રીય સંકલ્પને વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં વધુ મજબૂત બનાવવાનો આપણો મક્કમ નિર્ધાર છે. આપણી પ્રાચીન સંસ્કૃતિ એટલે કે સનાતન ધર્મમાં સમતાનો ભાવ હંમેશા કેન્દ્ર સ્થાન પર રહ્યો છે. વસુધૈવ કુટુંબકમનો મંત્ર સમગ્ર વિશ્વને એક પરિવાર તરીકે જોવાની પ્રેરણા આપે છે. જો વિશ્વ આખું એક કુટુંબ તરીકે, એક નાગરિકને એક કુટુંબ ભાવના જો શીખવતું હોય તો આપણી સંસ્કૃતિ અને એ સંસ્કૃતિના હિસાબે આપણી સંસ્કૃતિ સદભાવ, સમભાવ, સાથે સમાનતાની છે અને પ્રકૃતિના પાંચ તત્વો એટલે કે જલ, વાયુ, અગ્નિ, પૃથ્વી અને આકાશ પર સૌનો અધિકાર છે અને તેનો ઉપયોગ પણ સૌ સમાન રીતે કરી શકે એવી અનાદીકાળથી વિકસેલી આપણી સંસ્કૃતિ છે. જે રીતે સૂર્યપ્રકાશ હોય કે ચંદ્રમાની શીતળતા હોય એ પણ કોઇ વર્ગ, કોઇ જાતિ, જ્ઞાતિ કે સંપ્રદાય પૂરતી સિમિત નથી. સૌ માટે સમાન છે, સનાતન સંસ્કૃતિએ આપણને એકતાના પાઠ શીખવ્યા છે. ઋગ્વેદમાં પણ એક સાથે ચાલવાની, બોલવાની અને વિચારોમાં એકતાની વાત કહેવાઇ છે. એક અને અખંડ રાષ્ટ્ર માટે સંયુકત કાનૂની માળખું પણ જરૂરી છે અને એ જ આપણું વૈદિક જ્ઞાન છે. આપણી પ્રાચીન ઋચાઓમાં પણ આ વાત કહેવાઇ છે કે સત્ય એક જ છે, ભલે તે અલગ અલગ રીતે કહેવાયું હોય અને જો સત્ય એક છે તો ભલે ધર્મ અનેક હોય, ન્યાય એક જ હોવો જોઇએ. દેશની સ્વતંત્રતા પછી ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરજીએ ઘડેલું બંધારણ એ જ વાતને સમર્થન આપે છે. કલમ –૧૪ અન્વયે દેશના દરેક નાગરિક માટે કાયદા સમક્ષ સમાનતા સુનિશ્ચિત કરવામાં આવી છે અને એ જ બંધારણની કલમ–૪૪ રાજયને સમાન નાગરિક સંહિતા તરફ આગળ વધવાની દિશા આપે છે. ડો. બાબાસાહેબ આંબેડકરજીએ બંધારણમાં આપેલા એ સિદ્ધાંતોનો અમલ કરવાની રાજકીય ઇચ્છાશકિતના અભાવે કમનસીબે આઝાદીનાં આટલાં વર્ષો સુધી દેશમાં કે રાજયમાં સમાન નાગરિક સંહિતા લાગુ થઇ શકે તેવો વિચાર જ કોઇને ના આવ્યો. આઝાદીના સાત દાયકા પછી આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં દેશના રાજ્યોમાં સમાન નાગરિક સંહિતાનો અમલ રાષ્ટ્રને એક તાંતણે બાંધવાનો માર્ગ છે. હવે યુ.સી.સી.નો અમલ નાગરિકો વચ્ચે એમના ધર્મ કે જાતિ આધારિત વિભાજન કે ભેદભાવની કોઇ પણ નીતિ કે વિવાદનો અસ્વીકાર કરશે. આ યુનિફોર્મ સિવિલ કોડ એ ધર્મ કે વ્યકિત વિશેષને ધ્યાનમાં લીધા વગર સૌને લાગુ પડશે. યુ.સી.સી.ની અન્ય બાબતોમાં પણ સમાનતાનો અને સમુચિત ન્યાયનો સિદ્ધાંત અપનાવવામાં આવ્યો છે. એ અર્થમાં આ સમાન નાગરિકતા બિલ–૨૦૨૬ ગુજરાતના નાગરિકોની સમાન ન્યાય માટેની અપેક્ષાઓ, આકાંક્ષાઓ અને ઇચ્છાઓનું પ્રતિબિંબ પાડતું બિલ છે. આ બિલમાં લગ્ન, છૂટાછેડા અને વારસાગત મિલકત જેવા મુદ્દાઓ પર તમામ ધર્મો અને સમુદાય માટે કોઇને પણ ક્યાંય અન્યાય ન થાય એ ધ્યાનમાં રાખીને એક સમાન કાયદાકીય માળખું સૂચવવામાં આવ્યું છે. ગુજરાતની ભૌગોલિક અને સાંસ્કૃતિક વિવિધતાઓને ધ્યાનમાં રાખીને તમામ પાસાઓ પર સઘન ચર્ચા વિચારણા કર્યા પછી તૈયાર કરવામાં આવ્યું છે, એટલે જ આ બિલ ગુજરાતના તમામ નાગરિકો માટે એકસરખું કલ્યાણકારી છે. એમાં ભેદભાવને કોઇ અવકાશ જ નથી. ખાસ કરીને મહિલાઓના સન્માન, સમાન અધિકારો અને સુરક્ષાને આ બિલમાં પ્રાથમિકતા આપવામાં આવી છે જે દર્શાવે છે કે આ સરકાર મહિલાઓના હક્ક/અધિકારોની સુરક્ષા માટે કેટલી ચિંતિત છે. વિકાસની આપણી દોડમાં મહિલાઓ પણ એકસરખી ભાગીદાર બને, એમને જાતિ ભેદના કારણે કોઇ અન્યાય ન થાય તે માટે રાજ્ય સરકાર સતત સતર્ક અને સજાગ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમાન નાગરિક સંહિતા બિલ–૨૦૨૬ની કેટલીક મહત્ત્વની જોગવાઇઓ અંગે હું ગૃહનું ધ્યાન દોરવા માગું છું. લગ્નનું ફરજિયાત રજિસ્ટ્રેશન, લીવ ઇન સંબંધોનું રજિસ્ટ્રેશન, છૂટાછેડા માટેના સમાન નિયમો, દીકરી કે દીકરાને સમાન વારસાગત હક્ક અને આ જોગવાઇના પાલન માટે દંડની જોગવાઇ સાથેનો કડક અમલ વગેરે આ બિલની મહત્ત્વની જોગવાઇઓ છે. દરેક ધર્મ અને પરંપરા મુજબ થયેલ લગ્નની નોંધણી ફરજિયાત કરાવવાની રહેશે અને નોંધણી ન કરવા માટે દંડની જોગવાઇ રહેશે. આમ, કરવાથી સામાજિક માળખાની સમરસતા જાળવી રાખવામાં દરેક સમાજની અને વાલીઓની જે ચિંતા છે તે ચિંતા દૂર થાય તેવા સામાજિક સમરસતાના અભિગમથી અમે આ યુ.સી.સી. બિલ લાવ્યા છીએ. આર્ટિકલ–૪૪ મુજબ રાજ્યએ તમામ નાગરિકો માટે એક સરખો નાગરિક કાયદો યુ.સી.સી. લાવવાનો પ્રયત્ન કરવાની જે જોગવાઇઓ છે એના અનુસંધાને આ બિલ આપણે લાવ્યા છીએ. સાથે–સાથે સમવર્તી યાદી પ્રવેશ –૫ મુજબ લગ્ન, છૂટાછેડા અને વારસો વગેરે મુદ્દાઓ પર કાયદા બનાવવાની સત્તા કેન્દ્ર અને રાજ્ય બંને પાસે છે. તેને સુસંગત આ યુ.સી.સી. બિલ આપણે ગુજરાત વિધાનસભામાં લાવી રહ્યા છીએ. આ કાયદો સુપ્રીમકોર્ટના ચુકાદાઓમાં, જાહેર પરામર્શ અને ભાગીદારી, અભ્યાસ અને તુલનાત્મક વિશ્લેષણ દ્વારા અને વ્યકિતગત કાયદાઓનું એકીકરણ, સાથે–સાથે ધાર્મિક વિધિઓમાં કોઇ હસ્તક્ષેપ કરવામાં પણ નથી આવ્યો. ફરજિયાત લગ્ન નોંધણી કરવામાં, જો ૬૦ દિવસમાં ફરજિયાત લગ્ન નોંધણી ન કરાવે તો રૂ.૧૦,૦૦૦ સુધીનો દંડ છે. બળજબરીપૂર્વક, ધાકધમકી અને છેતરપિંડીથી લગ્ન કરવામાં આવ્યા હશે તો ૭ વર્ષ સુધીની સજા અને એકથી વધુ લગ્ન કરવાના કિસ્સામાં પણ ૭ વર્ષથી વધુની સજા છે. સમાનતા અને નિયંત્રણ માટે કોર્ટ દ્વારા છૂટાછેડા બાદ

નોંધણી ફરજિયાત છે. કોર્ટ બહારના છૂટાછેડા અમાન્ય રહેશે અને કોર્ટ બહારના છૂટાછેડા કરવાના કિસ્સામાં ત્રણ વર્ષ સુધીની સજા થઇ શકે છે. લીવ ઇન રિલેશનશિપનું નિયમન અને સજામાં પણ લીવ ઇન સંબંધ માટે નોંધણી ફરજિયાત છે. નોંધણી ન કરવાથી ત્રણ મહિના સુધીની કેદ અથવા રૂ.૧૦ હજારનો દંડ તેમજ સગીરા સાથે કે લીવ ઇન સબંધોમાં પોક્સો એક્ટ મુજબ સજાની જોગવાઇ છે. (સૂત્રોચ્ચાર) વચ્ચે બોલે છે એટલે મને ડિસ્ટર્બન્સ થતું નથી પણ એ બહાને મારે થોડોક...

અધ્યક્ષશ્રી : મને એવું લાગે છે કે ઇનડાયરેક્ટલી સમર્થન કરે છે. માનનીય ઇમરાનભાઇનો પ્રશ્ન નથી. તેમની સામે કોઇ નહીં બોલે. એવું નહીં કરી શકો. એમની સામે વાત નહીં કરી શકાય.

શ્રી ભૂપેન્દ્રભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમુક કાયદાઓ એવા છે કે, જેમાં અમુક વ્યક્તિઓને ખરેખર સમર્થન આપવું હોય તો આ બહાને અપાઇ જાય.

માનનીય અધ્યક્ષશ્રી, બદલાતા સમયમાં કોઇ દીકરીઓને શ્રદ્ધા વાલકર જેવી ભયાનક ઘટનાઓથી બચાવવી અમારી ફરજનો ભાગ છે. કલમ-૩૮૪ હેઠળ લીવ ઇન રિલેશનશિપ એ કોઇની આઝાદી છીનવવા માટે નથી પણ દીકરીઓની કાનૂની સુરક્ષા માટે છે. ઓળખ છૂપાવીને લગ્ન કરવા કે છેતરપિંડી કરનારાઓ માટે હવે ગુજરાતમાં કોઇ સ્થાન નથી.

અધ્યક્ષશ્રી : આજે બધાને પૂરતો સમય આપવાનો છે. બધા પૂરતી ચર્ચા કરી શકે તે રીતની વ્યવસ્થા આ વખતે રાખવામાં આવી છે. તમને પણ.

શ્રી ભૂપેન્દ્રભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર કોઇપણ સંજોગોમાં મહિલાઓ અને બાળકોના રક્ષણ માટે પ્રતિબદ્ધ છે. આ બિલની મહત્ત્વની એક જોગવાઇ એ છે કે, છૂટાછેડા માટેના સમાન નિયમો. હવે તમામ ધર્મ/સમુદાય માટે આ નિયમો સમાન રહેશે એટલે નિભાવ, કસ્ટડી અને છૂટાછેડાની પ્રક્રિયા એક જ લીગલ ફ્રેમવર્ક હેઠળ આવરી લેવામાં આવી છે. એક જ બંધારણ હેઠળ અલગ-અલગ ધર્મ કે સમુદાય માટે એક જ પ્રકારના કિસ્સામાં અલગ-અલગ નિયમ હોઇ જ ન શકે. જેમ બંધારણ દરેક નાગરિક માટે ધર્મ કે સમુદાયના ભેદભાવ વિના એકસરખી રીતે લાગુ પડે છે તેમ આ નિયમો પણ બધા માટે એકસરખી રીતે લાગુ પડવાથી સમાજ એક સમાન ભૂમિકામાં આવશે. સમાજ સમરસ અને એકરસ બની શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલને લઇને સમાજમાં કેટલીક ગેરસમજ પ્રવર્તી રહી છે. જે અંગે હું આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું. લઘુમતી સમાજમાં કઝિન સિસ્ટર સાથે લગ્ન એક માન્ય પરંપરા છે અને આ બિલમાં સ્પષ્ટ છે કે જે કોઇ સમુદાયની પરંપરા આવા લગ્નને મંજૂરી આપતી હોય તો તે લગ્ન કાયદેસર માનવામાં આવશે. લઘુમતી સમાજમાં જે કઝિન મેરેજની પરંપરા છે અને જ્યાં સુધી સમાજની પરંપરા સ્વીકાર્ય હોય તે સમાન નાગરિક સંહિતા હેઠળ પણ ચાલુ રહી શકશે. કાયદો તેને રોકતો નથી. આપણી સંસ્કૃતિમાં સ્ત્રીને શક્તિસ્વરૂપા તરીકે પૂજનીય ગણવામાં આવે છે. આ યુ.સી.સી.માં સર્વેની સમાનતાનો જે મૂળ વિચાર છે એમાં માતાઓ, બહેનો અને નારીશક્તિના સન્માન અને ગૌરવ સાથે તેને પણ સમાન અધિકાર અને હક્ક આપવાની વાત છે. મોં આદ્યશક્તિની આરાધનાના આ ચૈત્રી નવરાત્રિના છઠ્ઠા નોરતે યુ.સી.સી. વિધેયક વિધાન ગૃહમાં રજૂ થયું છે એ વાત જ નારી સન્માન અને શક્તિસ્વરૂપા તરીકેનું પૂજનીય સ્થાન આપણી પ્રતિબદ્ધતાનું જ્વલંત ઉદાહરણ છે. તાજેતરમાં જ ૧૦મી માર્ચ, ૨૦૨૬ના રોજ પૌલોમી પાવીની શુકલા કેસમાં સુપ્રીમકોર્ટના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ સૂર્યકાન્તજીએ બહુ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે સ્ત્રીઓ સાથે થતા અન્યાયનો એકમાત્ર જવાબ એ યુનિફોર્મ સિવિલ કોડ છે. આપણો દેશ નારીને પૂજનીય માને છે પણ વ્યવહારમાં પર્સનલ લૉ ના નામે મુસ્લિમ દીકરીઓને મિલકતના વારસામાં ભાઇ કરતાં અડધો હિસ્સો અપાય છે. આ ક્યાંનો ન્યાય? આ બિલના પાર્ટ-૨, ચેપ્ટર-૧ દ્વારા આપણે સુનિશ્ચિત કર્યું છે કે, ગુજરાતની પ્રત્યેક દીકરીને તેના પિતાની મિલકતમાં પુત્ર જેટલો જ સો ટકા સમાન હક્ક મળશે. તેવી જ રીતે નિકાહ હલાલ જેવી અમાનવીય પ્રથાઓ જે સ્ત્રીના આત્મસન્માનને ઠેસ પહોંચાડે છે તેનો આ કાયદા દ્વારા કાયમી અંત આવે એવું ગુજરાત આપણે બનાવવું છે. આ ગુજરાત યુ.સી.સી.બિલ ૨૦૨૬ દરેક નાગરિકને ધર્મ, જાતિ કે લિંગના ભેદ વગર સમાન અધિકાર મળે. ખાસ કરીને મહિલાઓના હક્કની સુરક્ષા થાય અને સન્માન મળે તે માટેનું એક નક્કર કદમ છે. યશસ્વી અને સૌથી લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં દેશ વિકસિત ભારત-૨૦૪૭ના મહાસંકલ્પ તરફ આગળ વધી રહ્યો છે. વિકસિત ભારતનો અર્થ માત્ર આર્થિક પ્રગતિ કે વિકાસ નહીં પરંતુ, સામાજિક સમાનતા, સ્ત્રી સશક્તિકરણ અને તેના હક્કોનું રક્ષણ તથા કુદરતી સંશાધનોના સમતોલ અને ન્યાયસંગત ઉપયોગનો પણ છે. વડાપ્રધાનશ્રીએ આપેલા 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' ના ધ્યેય મંત્રને સાર્થક કરતું આ વિધેયક સભાગૃહ સમક્ષ રજૂ થયું છે. કોઇની નાગરિકતા છીનવી લેવાનો કે કોઇની સ્વતંત્રતા પર તરાપ મારવાનો સહેજ પણ ઉદ્દેશ આ ગુજરાત સમાન નાગરિક સંહિતા-૨૦૨૬ વિધેયકમાં નથી. હું આ તકે વિપક્ષના એ મિત્રોને પણ કહેવા માગું છું કે જેઓ આદિવાસી સમાજમાં ભય ફેલાવવાની કોશિશ કરે છે પણ અમારી સરકાર આદિવાસી સંસ્કૃતિની સૌથી મોટી રક્ષક છે. આ બિલમાં કલમ-૩૬૬ ચેપ્ટર-૨૫ હેઠળ આવતી તમામ અનુસૂચિત જનજાતિ એટલે કે એસ.ટી.ને સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે. તેઓની પરંપરાઓ, તેમના રીત-રિવાજો અને રૂઢિગત કાયદાઓ અકબંધ રહેશે. આ યુ.સી.સી. કાયદો માત્ર ભેદભાવ દૂર કરવા માટે છે, સંસ્કૃતિઓ ભૂંસવા માટે નહીં. રાજ્યમાં આ સમાન નાગરિક સંહિતા અંગે નિવૃત્ત જસ્ટિસ રંજનાબેન દેસાઇના અધ્યક્ષસ્થાને નીમવામાં આવેલ ઉચ્ચ કક્ષાની સમિતિએ સમગ્ર રાજ્યમાં અનેક નાગરિકો,

સંગઠનો, રાજકીય આગેવાનો, સામાજિક આગેવાનો અને બધાની સાથે ઝીણવટભર્યું અધ્યયન કર્યું છે અને ત્યારપછી રાજ્ય સરકારે આ વિધેયક ગૃહમાં રજૂ કર્યું છે. લોકતંત્રની પરામર્શક પ્રક્રિયાને મહત્ત્વ આપીને લોકોએ કરેલાં સૂચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે એ સંતોષ અને ગૌરવની બાબત છે. સમિતિ દ્વારા વિવિધ કાયદાઓ, નામદાર સુપ્રીમકોર્ટ અને નામદાર હાઇકોર્ટના ચુકાદાઓ, ઉત્તરાખંડ રાજ્યના યુનિફોર્મ સિવિલ કોડ તથા વિશ્વના અન્ય દેશોના આ પ્રકારના મોડલ કાયદાઓનો પણ અભ્યાસ કરવામાં આવ્યો છે અને આ બધાના નિષ્કર્ષરૂપે તૈયાર થયેલું ગુજરાત યુ.સી.સી. બિલ–૨૦૨૬ આ સભાગૃહમાં અમે લાવ્યા છીએ. આપણે પક્ષીય રાજનીતિથી ઉપર ઉઠીને આવનારી પેઢીના ભવિષ્યનો વિચાર કરવાનો છે. આ બિલ પસાર કરીને આપણે એક એવા ગુજરાતનો પાયો નાંખી રહ્યા છીએ જ્યાં કાયદો સૌ માટે એક હશે. ન્યાય સૌ માટે સમાન હશે. બહેનો, માતાઓ અને દીકરીઓનું સન્માન અને ગૌરવ અકબંધ હશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇના માર્ગદર્શનમાં સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ મંત્રથી ગુજરાત દેશને હંમેશા દિશા આપતું રહ્યું છે. આજે આ વિધાનસભા ગૃહમાં ગુજરાત સમાન નાગરિક સંહિતા ૨૦૨૬ વિધેયકથી દેશ માટે ફરી એકવાર ગુજરાત પથદર્શક બન્યું છે. આપણે સમાનતા, ન્યાય અને સંવેદનશીલ વિકાસના માર્ગે સૌ સાથે મળીને આગળ વધીએ અને સર્વસમાવેશી, સામાજિક સુધારાની દૃષ્ટિ ધરાવતું અને રાષ્ટ્રીય એકતાને સંગીન કરતું આ વિધેયક સર્વસંમતિથી મંજૂર કરીએ એ જ અભ્યર્થના સાથે વિરમું છું. ભારત માતા કી જય, વંદે માતરમ્ , જય જય ગરવી ગુજરાત.

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહમાં સને ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧૭ ગુજરાત સમાન નાગરિક સંહિતા ૨૦૨૬ ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતના બંધારણના આર્ટિકલ–૧૪ મુજબ આ દેશના તમામ નાગરિકોને કાયદા સમક્ષ સમાનતા આપી છે અને તમામને કાયદાનું સમાન રક્ષણ પણ આપ્યું છે. અહીંયા માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે વાત કરી, વિચાર વ્યક્ત કર્યા અને બિલ રજૂ કર્યું એમાં ઉદ્દેશો અને ભાવના બતાવી છે. હું ચોક્કસ કહું કે જ્યારે જ્યારે ચૂંટણીઓ આવે ત્યારે સરકારને યુ.સી.સી. યાદ આવે છે. જેમ કે, વર્ષ ૨૦૨૨માં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની હતી ત્યારે ઓકટોબર–૨૦૨૨માં રાજ્ય સરકારે જાહેરાત કરી કે, અમે યુ.સી.સી.નો કાયદો લાવીશું. ત્યારપછી સરકારને એના માટે કોઇ ચિંતા ના થઇ કે એની કમિટી બનાવીએ, એના માટે કોઇ કાર્યવાહી કરીએ. ઓકટોબર–૨૦૨૨ની જાહેરાત પછી ફેબ્રુઆરી–૨૦૨૫માં એના માટે કમિટી બનાવવાની જાહેરાત કરી. અહીંયા બિલના ઉદ્દેશોમાં કહ્યું છે એ મુજબ ગુજરાત સરકારે ગુજરાતમાં સમાન નાગરિક સંહિતાનો અમલ કરવાની જરૂરિયાતનું મૂલ્યાંકન કરવા અને ત્યારબાદ મૂલ્યાંકન કરાયેલ જરૂરિયાતના આધારે આવા કાયદાની રૂપરેખા સૂચવવા માટે નામદાર નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રીમતી રંજનાબેન દેસાઇના અધ્યક્ષપણા હેઠળ એક સમિતિની રચના કરવાની વાત કરીને, એની ફેબ્રુઆરી–૨૦૨૫માં જાહેરાત કરવામાં આવી. આ કમિટીમાં જે સભ્યો મૂકવાના હોય અને આટલો મોટો વિષય હોય તો એમાં વિવિધ જાતિના સભ્યો હોવા જોઇએ, વિવિધ ધર્મનું પ્રતિનિધિત્વ કરતા સભ્યો હોવા જોઇએ અને સાથેસાથે સામાજિક અને ધાર્મિક રીતે કામ કરવામાં જેમનું મોટું યોગદાન હોય એવા લોકોને પણ આ સમિતિમાં સભ્ય બનાવ્યા હોત તો હું માનું છું કે સમાજના બધા જ વર્ગની, બધા જ ધર્મની અને બધી જ જ્ઞાતિઓની ભાવનાઓનો એમાં સારી રીતે સમાવેશ થઇ શક્યો હોત. જ્યારે સમિતિ બનાવી ત્યારે જાહેરાત કરવામાં આવી હતી કે ૬ઃ દિવસમાં રિપોર્ટ આપવામાં આવશે પણ એક વર્ષ સુધી રિપોર્ટ રજૂ ના થયો. આ સમિતિ સમક્ષ લગભગ ૧ લાખ જેટલા વાંધા–સૂચનો આખા ગુજરાતમાંથી વિવિધ સમાજ, વર્ગ અને વિસ્તારના લોકોએ રજૂ કર્યા. ત્યારપછી ૧૭મી માર્ચે માનનીય મુખ્યમંત્રીશ્રીને રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો. જાહેરાત વર્ષ ૨૦૨૨માં કરી કે અમે બિલ લાવીએ છીએ. ફેબ્રુઆરી ૨૦૨૫માં કમિટી બનાવી અને એના એક વર્ષ પછી રિપોર્ટ રજૂ થયો. એવી તો કઇ ઉતાવળ આવી કે ૧૭મી માર્ચે રિપોર્ટ રજૂ થયો અને ૨૪ તારીખે બિલ લાવવામાં આવ્યું છે? સામે ચૂંટણીઓ છે, પેટ્રોલ, ડીઝલની લાંબી લાંબી લાઇનો થાય છે. ગેસની બોટલો મળતી નથી. મોંઘવારી આસમાને છે. ગુજરાતના તમામ વર્ગો, વિસ્તારના લોકો હેરાન પરેશાન અને ત્રસ્ત છે ત્યારે કદાચ આવનારી ચૂંટણીઓમાં સરકારને લાગ્યું.... (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીયશ્રી અમિતભાઇ આપ બેસો. આપ સર્વે માનનીય સભ્યશ્રીઓ જાણો છો કે બિલના અનુસંધાને બિલ ઉપર જ ચર્ચા કરવાની થશે. બિલના અનુસંધાને બોલશો તો જેટલું બોલવું હોય એટલી સ્વતંત્રતા છે. બિલને છોડીને બીજા વિષયો ઉપર ચર્ચા ન કરીએ તો આ બિલની બરાબર ભૂમિકા મૂકાય અને એના ઉપર વિશ્લેષણ પણ થાય. ફરી આપને સૂચના ન આપવી પડે એટલે સભ્યશ્રીઓને કહું છું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્દેશો અને કારણોમાં જે વર્ણન છે એટલે જ કહું છું કે આટલી ઉતાવળ કેમ? ચોક્કસ કમિટી રચી છે એને એક લાખ કરતાં વધારે લોકોએ વાંધા સૂચનો આપ્યાં છે એનો રિપોર્ટ મુખ્યમંત્રીશ્રીને સબમિટ થયો. રિપોર્ટ વિધાનસભામાં સત્રમાં રજૂ કરવામાં આવ્યો. પબ્લિક ડોમેઇનમાં મૂકવામાં આવ્યો હોત, ૧૮૨ ધારાસભ્યોને અભ્યાસ અર્થે આપવામાં આવ્યો હોત, ગુજરાત અને દેશ દુનિયાના બીજા લોકોએ રિપોર્ટ જોયો હોત તો ચોક્કસ કહી શકાય કે બિલ લાવતાં પહેલાં અનેક લોકોનાં સારાં સૂચનો પણ મળ્યાં હોત. ધારાસભ્યો એના માટે વિસ્તૃત ચર્ચા કરી શક્યા હોત અને બિલ લાવીએ છીએ, કાયદો બનાવીએ છીએ, આ ગૃહમાં આપણી જવાબદારી છે કે કાયદામાં એકપણ ત્રુટિ રહેવી જોઇએ નહીં.

કાયદાની દૂરોગામી અસરો છે એનાથી કોઈની લાગણી દુભાય, દુઃખ થાય, નુકસાન ન થાય એની ચિંતા કરવાની જવાબદારી જ્યારે ગૃહની હોય ત્યારે એ ચિંતા કરીને રાજ્ય સરકારે જ્યારે કમિટી બનાવી હોય અને સુપ્રીમકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિની અધ્યક્ષતામાં કમિટી બની હોય, અભ્યાસ થયો હોય, મહેનત થઈ હોય અને એ રિપોર્ટ જ છૂપાવવામાં આવે, એ રિપોર્ટ જ કોઈને અભ્યાસ માટે ઉપલબ્ધ ન હોય. અમે બે દિવસથી પ્રયત્ન કરીએ છીએ કે બિલ લાવ્યા પણ જે બિલનો આધાર છે એ રિપોર્ટ મળે તો એમાંથી અભ્યાસ કરીએ કે કયા સમુદાયોએ શું રજૂઆતો કરી છે? કયા લોકોએ શું સૂચનો આપ્યાં? કયા વાંધાઓ આવ્યા છે? એ રિપોર્ટ આપવામાં આવતો નથી એના કારણે ચોક્કસ શંકા થાય કે ચૂંટણીઓ આવે છે, વિધાનસભાનું સત્ર પૂરું થાય છે એટલે ઉતાવળે આપણે બિલ લાવી અને ચૂંટણીઓમાં એનો ક્યાંક લાભ લેવા માટે બિલ આવતું હોય એવું લાગે છે. આપણા દેશની પાર્લામેન્ટને ઘણા બધા અધિકારો છે અને ખાસ કરીને દેશની સંસદ ચોક્કસપણે આખા દેશમાં સમાન કાયદો લાગુ થાય એના માટે ચિંતા કરતી હોય છે. લગ્ન હોય, છૂટાછેડા હોય, વારસાઈની મિલકત અને વારસા બાબતનું કે અન્ય સિવિલ બાબતોમાં આખા દેશમાં સમાનતા આવે એવો કાયદો બનાવવાની જવાબદારી દેશની પાર્લામેન્ટની પણ છે. પરંતુ કેટલાક રાજકીય કારણો છે કે દેશની પાર્લામેન્ટ કાયદો નથી લાવતી પણ પહેલા એક રાજ્ય લાવ્યું છે અને આપણે બીજું રાજ્ય લાવીએ છીએ અને એના ઉપર વાહવાહી મેળવવાની વાત કરીએ છીએ. આમાં એક વાત થઈ, સમાનતાની વાત કરીએ છીએ. સમાન સિવિલ કોડનો કાયદો લાવીએ છીએ અને પાછા એમ પણ કહીએ છીએ કે અમે ચોક્કસ જાતિને, ચોક્કસ સમૂહને આમાંથી બાકાત રાખીએ છીએ. તો કેવી રીતે યુનિફોર્મ સિવિલ કોડ થયો? જો તમે સમાનતાની વાત કરતા હોવ તો આ દેશમાં બધા જ નાગરિકો સમાન છે. આ દેશમાં બધા લોકોને સમાન કાયદાથી રક્ષણ મળ્યું હોય અને જેમાં આદિવાસી સમાજની પરંપરાગત રૂઢિઓ છે, રિવાજો છે, એની પૂજાથી લઈ લગ્નથી લઈને સામાજિક વહેવારો છે. ગુજરાતમાં દલિત સમાજના કેટલાય સમુદાયો છે, કેટલાય સમૂહો છે કે એની પરંપરાગત રૂઢિ, રિવાજો અને કાયદાઓ છે. એ જ રીતે ઓ.બી.સી. સમાજની અનેક વ્યવસ્થાઓ છે. આજે પણ રબારી સમાજમાં કોઈપણ સામાજિક ઝઘડો હોય તો ઘરમેળે સમાધાન કરવાનું હોય તો ચાર વડીલો બેસીને સમાધાન કરી શકે છે. અનેક સમાજો જેવા કે દેવીપૂજક સમાજ, દલિત સમાજ એવા ઘણા સમાજોમાં એવી રૂઢિ, પરંપરાઓ અને વ્યવસ્થાઓ છે, જે કદાચ કાયદા બનાવ્યા પછી પણ અમલ ના કરાવી શકો એવી વ્યવસ્થાઓ ત્યાં વર્ષોથી હોવાના કારણે ત્યાં સમાધાન પણ થાય છે અને વર્ષોથી સારી રીતે એમના પરિવારોનું ગુજરાન પણ ચાલે છે. અહીંયાં ચોક્કસ કહી શકીએ કે, આપણે જાતિ, ધર્મના ભેદભાવને પ્રોત્સાહન આપતા હોય, આ ભેદભાવના આધારે કાયદો લાવતા હોય એવું આ બિલની પ્રાથમિકતાઓ ઉપરથી જોઈ શકાય છે. એકબાજુ આપણે સમાનતાની વાત કરીએ અને એકબાજુ આવી ભેદભાવની ભાવના રાખીએ. અહીંયા પણ જે ભાવ રજૂ થાય છે. હું માનું છું કે આ ગૃહ કોઈ એક પક્ષ કે વિપક્ષ, કોઈ એક સમાજ કે વર્ગનું નથી પણ આ ગૃહ ચિંતા કરે છે ગુજરાતના સાડા છ કરોડ લોકોની અને એક એક વ્યક્તિની. આજની ચિંતા કરતું નથી પણ એના ભવિષ્યની ચિંતા કરે છે, આવનારી પેઢીઓ સુધી ચિંતા કરે છે કે જે કાયદો આજે બને છે એની અસર આવનારી પેઢીઓ સુધી પણ કોઈને નુકસાનકારક ના થાય. અમે પણ મહિલાઓનું સન્માન કરીએ છીએ. મહિલાઓને સુરક્ષા અને સમાનતા મળવી જોઈએ એની આપણા કાયદાઓમાં જોગવાઈઓ પણ છે. પણ જ્યારે ચોક્કસ લઘુમતિ સમાજને ટાર્ગેટ કરતા હોય એવી વાત થાય. ચોક્કસ વર્ગ વિસ્તારના લોકોને ટાર્ગેટ કરતા હોય એવી વાત થાય અને બીજા લોકોને આપણે જાણે રાહત આપીએ છીએ એમ કરીને પાછો રાજકીય લાભ લેવાનો પણ પ્રયત્ન થાય છે. આ *(**xxx**) હોઈ ના શકે. સરકારની નીતિ એક જ હોવી જોઈએ. સરકારની ભાવના પણ સમાન હોવી જોઈએ અને એટલા જ માટે આ બિલમાં બંધારણે જે સમાનતાનો અધિકાર આપ્યો છે. આર્ટિકલ ૧૪ મુજબ એનું ઉલંઘન થતું હોય એવું પણ લાગી રહ્યું છે.

અધ્યક્ષશ્રી : *(**xxx**) શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા પણ આ ગૃહમાં ચર્ચા થઈ છે કે સરકાર આવા ગંભીર વિષયો પર જ્યારે અમને વધારે માહિતીની, અભ્યાસની અને લોકોના અભિપ્રાયની જરૂરિયાત છે. ક્યાંય પણ કાચું ના કપાય એની ચિંતા સરકાર કરતી હોય છે અને એટલા જ માટે કમિટીઓ બનાવતી હોય છે. મને યાદ છે કે ઓ.બી.સી. રિઝર્વેશનની જ્યારે વાત આવી ત્યારે સુપ્રીમકોર્ટની ગાઇડલાઇન મુજબ ગુજરાત સરકારે પણ ઝવેરી કમિશન બનાવ્યું. લાંબા સમય સુધી આખા ગુજરાતનો અભ્યાસ થયો પણ એ ઝવેરી કમિશનનો રિપોર્ટ પણ આજદિન સુધી ક્યાંય ઉપલબ્ધ નથી. એવું તો આ સમિતિઓના રિપોર્ટમાં શું હોય છે કે જેના આધારે તમે કાયદો લાવો છો? સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ઓ.બી.સી. રિઝર્વેશન માટે કાયદો લાવ્યાં એનો બેઇઝ હતો ઝવેરી કમિશન. આજદિન સુધી ઝવેરી કમિશનનો રિપોર્ટ કોઈ પબ્લિક ડોમેઇન પર કે અહીંયા વિધાનસભામાં ઉપલબ્ધ કરાવવામાં આવેલ નથી તો એનો સ્પષ્ટ મતલબ છે કે તમે લોકોએ બનાવેલી કમિટી જે ગુજરાતની જનતાના પરસેવાનાં નાણાનો એની પાછળ ખર્ચ થાય છે, એની પાછળ સરકારનું મોટું તંત્ર લાગે છે. એમાં લાખો લોકો રજૂઆત કે સૂચનો કરે અને પ્રૂફ આપે છે અને એના આધારે અભ્યાસ પછી એ વિદ્વાન લોકો દ્વારા જે રિપોર્ટ બને અને એ રિપોર્ટના આધારે જ્યારે એ બિલ લવાતું હોય તો એ ઓ.બી.સી. બાબતમાં પણ ઝવેરી કમિશનનો રિપોર્ટ જાહેર કરવામાં આવતો નથી. એ જ રીતે આ યુ.સી.સી.નો રિપોર્ટ પણ જાહેર કરવામાં આવતો નથી. એટલે હું સ્પષ્ટપણે માનું છું કે કમિટીએ

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ભલામણો ક્યાંક જુદી કરી હશે. કમિટીનો કોઈ રાજકીય હેતુ કે રાજકીય એજન્ડા નહીં હોય. કમિટીને કોઈને ભેદભાવ કે અન્યાય નહીં કરવો હોય પણ ચોક્કસ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર જે ''સબકા સાથ, સબકા વિકાસ''ની વાત તો કરે છે. જ્યારે અહીંયા બિલ કે કાયદો લાવવાની વાત આવે ત્યારે અહીંયા આગળ બહુમતીના જોરે પોતાના રાજકીય એજન્ડા મુજબ કોઇકને ફાયદો કરાવવાનો કે કોઇકને નુકસાન કરાવવાનો કે કોઇકનો હક્ક છીનવવાની વાત કરવામાં આવે છે. ઝવેરી કમિશનનો રિપોર્ટ જો જાહેર કરવામાં આવ્યો હોત તો આજે કેટલીય સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ૨૭ ટકાને બદલે ૪૦ ટકા અનામત પણ ઓ.બી.સી. સમાજને મળી શક્યું હોત પણ રિપોર્ટ જાહેર ના કર્યો. બહુમતીના જોરે બિલ લાવ્યા. કાયદો બનાવ્યો અને એના કારણે અનેક વિસ્તારોમાં ઓ.બી.સી. સમાજને મોટું રાજકીય નુકસાન થયું. એ જ રીતે યુ.સી.સી.ના રિપોર્ટમાં એવું તો શું છૂપાવવા જેવું છે? અને તમે શું કામ ડરો છો? આટલી વિદ્વાન લોકોની કમિટી બની છે. તમારો જો હેતુ સારો હોય, તમારી નિયત સારી હોય તો રિપોર્ટ પબ્લીશ કરો. આ વિધાનસભાગૃહમાં રજૂ થાય. બધા જ એનો અભ્યાસ કરે. એમાં જે લાખો લોકોએ અભિપ્રાય અને પુરાવા આપ્યા છે એના આધારે બિલ લાવો, એના આધારે ચર્ચા થાય અને એના આધારે ભેગા થઈને કાયદો બનાવીએ. પણ એમ કરવામાં હું માનું છું કે કદાચ તેમના રાજકીય એજન્ડાઓ, હિતો નહીં જળવાતા હોય અને એટલા માટે રિપોર્ટ છૂપાવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ અહીંયા ચિંતા કરી કે ૩૭૦ની જેમ નોર્થ ઈસ્ટના સ્ટેટનાં બધાં નામ ગણાવ્યાં નાગાલેન્ડ, મિઝોરમ, ત્રિપુરા પણ માનનીય મુખ્યમંત્રીશ્રી મણિપુરનું નામ ભૂલી ગયા. મણિપુર આ દેશમાં નથી? કેમ ભૂલી ગયા કે ત્યાં આપણી બહેન–દીકરીઓને નગ્ન કરીને રસ્તાઓ ઉપર દોડાવવામાં આવે, તેના ઉપર અત્યાચાર થયા, તેના ઉપર બળાત્કાર થયા, તેની હત્યા થઇ અને દેશના વડાપ્રધાને શરમ સાથે કહેવું પડે કે એક શબ્દ પણ આજદિન સુધી ના બોલ્યા અને એ દેશનો ભાગ ના હોય એવી આપણી માનસિકતા તો ત્યાંથી સમાનતાની વાત કરી? આપણે આખા દેશની સમાનતાની વાત કરીએ પણ નોર્થ ઈસ્ટના પાંચ સ્ટેટનાં નામ બોલો અને મણિપુરનું નામ જાણીબૂઝીને ભૂલવામાં આવે તેનો સ્પષ્ટ મતલબ છે કે આપણી નીતિ અને નિયતમાં ખોટ છે. એ જ રીતે આપણે અહીંયા બિલ લાવીએ છીએ ત્યારે જો આપણે સમાનતાનો ભાવ હોત, આપણી નીતિ–નિયત જો સ્પષ્ટ હોત તો હું માનું છું કે અહીંયા આગળ જે સૂત્રો બોલાવવામાં આવે છે તે સૂત્રો બોલાતા ના હોત. (અંતરાય) મારે બધા મિત્રોને કહેવું પડે જો આદિવાસી સમાજના મત લેવા માટે અહીંયા બિલમાં અમે તેનો સમાવેશ નથી કર્યો તેવો ઉલ્લેખ કરો છો તો રામમંદિરનું આપણું જે ઉદઘાટન થયું ત્યારે રાષ્ટ્રપતિ આપણા દેશના છે તેમને ના બોલાવ્યા એનો પણ ઉલ્લેખ કરવો જોઈએ તો હું માનું છું કે આપણે સમાનતાને માનીએ છીએ એવું થાય. માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત..

અધ્યક્ષશ્રી : આમાં રામમંદિર કયાં આવે ?

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જયશ્રી રામ,

અધ્યક્ષશ્રી : જયશ્રી રામ તો બોલે પણ રામ મંદિરની ઘટના અહીંયા ના હોય. તમે અત્યારે બિલ ઉપર જેટલું વધારે બોલશો એટલું વધારે સારું છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ભગવાન રામ તો આપણા બધાના, સૌના આરાધ્ય દેવ છે એટલે ભગવાનને જો યાદ કરીએ તો ભગવાનનું જે સ્થાનક છે તેને પણ ચોક્કસ યાદ કરીએ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ ગુજરાત અને સમગ્ર ભારત માટે આ એક નમૂનારૂપ સાબિત થવાનું છે. ઘણીબધી તેની અંદર વિસ્તૃત છણાવટ અને કાયદાકીય કલમો દ્વારા તેની વાત થઇ છે. એની વાત કરવાની જગ્યાએ પોતાનો પોલિટિકલ એજન્ડા સેટ કરવા માટે ગૃહને માધ્યમ બનાવવાનું છે એ યોગ્ય નથી હું આપની પાસે માર્ગદર્શન માગું છું કે, આ બિલ ઉપર આટલી કલમો, આટલા વિષયો અને વિષયો ઉપર એમને કંઇ કહેવું હોય તો કહે તો એ યોગ્ય ગણાય, પરંતુ આ વિધાનસભાગૃહ એ પોલિટિકલ એજન્ડા સેટ કરવા માટેનું કોઇ આ પ્લેટફોર્મ નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની વારંવાર ફરિયાદ એવી છે કે, આ બિલમાં આદિવાસી સમાજને કેમ બાકાત રાખી દીધો. જો ખરેખર એવું જ હોત તો એમણે એમેન્ડમેન્ટ લઇ આવવું જોઇતું હતું કે તમે આની અંદર આદિવાસી સમાજની સાંસ્કૃતિક ઓળખ ભલે ભૂલાઇ જાય પણ તેને દાખલ કરો તેને બદલે વારંવાર એ જ મુદ્દા ઉપર લઇ આવે છે તેને ખરેખર એમનો જે એજન્ડા છે તે પ્રમાણે કોને ઇન્કલૂડ કર્યા છે તે સ્પષ્ટ રીતે કહેવું જોઇએ તેના બદલે તેની સામે આદિવાસી સમાજને દરેક વખતે આગળ ધરે છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ પેટ્રોલ અને ડીઝલ માટે નહીં પરંતુ પર્સનલ લો ના ત્રાસથી પેટ્રોલ ડીઝલથી સળગેલી બાળાઓ, બહેનો અને માતાઓને બચાવવા માટેનું બિલ છે. એટલે આ બિલને ખરેખર ડીટેઇલ વાંચવુ એ ખૂબ આવશ્યક છે. આ બિલ એ પેટ્રોલ, ડીઝલ માટે નથી પણ પેટ્રોલ, ડીઝલથી સળગેલી અનેક દીકરીઓ, અનેક માતાઓનું જીવન બચાવવા માટેનું છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજકીય હેતુ, રાજકીય એજન્ડા આ બધા શબ્દો અસંસદીય છે એટલે એ પણ દૂર કરવા જોઇએ. અને બીજું મને ખૂબ એ ગમ્યું કે માનનીય અમીતભાઇએ વાત કરી કે, જયશ્રી રામ બધાએ બોલવું જોઇએ. એના એક સભ્ય આ વિધાનસભામાં જયશ્રી રામ નહીં બોલવા માટે થઇ અને આખા ગુજરાતમાં જયશ્રી રામ

બોલાવો તો પણ નથી બોલતા તો પહેલાં તેની પાસે બોલાવો. સાહેબ મારે નામ નથી આપવું, જયશ્રી રામ તમારા સભ્યશ્રી પાસે બોલાવો, જયશ્રી રામનો તમે વિરોધ કરી રહ્યા છો.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, બેઠાં બેઠાં માનનીય મંત્રીશ્રીઓ કોમેન્ટ ના કરો અને માનનીય ઈમરાનભાઇને આજે કોઇએ હેરાન નહીં કરવાના. એમને રક્ષણ આપવાની મારી કાયમી જવાબદારી છે એટલે એમના માટે કોઇ પણ કોમેન્ટ નહીં કરી શકે અને શ્રી ઇમરાનભાઇ, તમને કંઇ પણ એવું લાગે તો મને ડાયરેકટ ફરિયાદ કરવાની. મારી માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે આ રાજયનું અતિ અગત્યનું બિલ છે, ગુજરાતની ઘણી બધી સમસ્યાઓનો ઉકેલ થઇ શકે તેવું બિલ છે. નાની દીકરીઓને ફોસલાવીને લગ્ન કરે, આવી સમસ્યાની સામે અને બાકીની સમસ્યા સામે ખૂબ સારો સુધારો છે અને ગુજરાતને એક રાખવા માટેનો આ સુધારો છે તો બીજા ઓબ્ઝર્વેશન કર્યા કરતાં બિલ ઉપર વધારે ચર્ચા કરીશું તો એ વધારે હિતકારી રહેશે. માનનીય અમિતભાઇ, આપ બિલ ઉપર જ વધારે ફોકસ કરો, બાકી આજુબાજુ તમે જેટલું લઇ જશો એટલું વધારે ખેંચાઇ જશો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, *(**xxx**) મને એમ કે (અંતરાય)

અધ્યક્ષશ્રી : પછી મારે એમ ના કહેવું પડે કે તમે પાછા ખેંચી લો એટલે અત્યારે હું આ શબ્દો રેકોર્ડ ઉપરથી દુર કરાવું છું. (અંતરાય) (**xxx**)આ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરું છું. (અંતરાય) મારી સામે નજર રાખીને બોલો ત્યાં ધ્યાન રાખશો તો પ્રશ્ન થશે..

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રી જેવા કોઇ સારા માણસ કહે તો હું હમણાં જ જયશ્રી રામ બોલાવડાવું પણ શ્રી જીતુભાઇ કહે એટલે મારાથી ના બોલાવાય. (અંતરાય) તમે જે ચિંતા કરી કે ગુજરાતમાં નાની ઉંમરની આપણી બહેન–દીકરીઓને કોઇ ફોસલાવી જાય, લલચાવી જાય, છેતરી જાય અને એના કારણે જે પ્રશ્નો ઊભા થાય છે. હમણાં જ આપણે જોયું કે ગુજરાતમાં ચારે બાજુ દિવસે દિવસે એવા બનાવો બનતા જાય છે કે એક–બે લોકો ભૂલ કરે અને આખા સમાજો સામે આવી જાય, વર્ગ વિગ્રહ થઇ જાય એવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે. કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ ના જળવાય, આજે એક એક પરિવારને પણ ચિંતા છે કે એની દીકરી કે એનો દીકરો કોઇ ખોટી વાતોમાં આવીને ખોટું પગલું ના ભરે, આપણે એના માટેની ચિંતા કરીને અહીં લગ્ન નોંધણી માટેના કાયદાની પણ વાત કરી છે પણ સાથે સાથે આપણે મૈત્રી કરારને પણ આ બિલમાં લાવી અને એને પ્રોત્સાહન આપતા હોય એવું મને લાગે છે. હા, ઓક્કસ બધાને સ્વતંત્રતા છે પણ એક બાજુ આપણે એમ કહીએ કે આવા બનાવો ના બને એટલા માટે અમે હવે લગ્નની નોંધણી કરાવીશું, એનો કડક કાયદો કરીશું અને બીજી બાજુ આપણે જ જોગવાઇઓ કરીએ અને એના કારણે જે પરિસ્થિતિ ઉદભવે છે. કોઇ એક ધર્મનો વ્યકિત બીજા ધર્મમાં જ લગ્ન કરે કે મૈત્રી કરાર કરે તો એનાથી પ્રશ્નો થાય છે એવું નથી થતું. એક જ ધર્મના લોકો પણ અલગ અલગ જાતિમાં જે રીતે લગ્નો થાય છે, જે રીતે અત્યારે વ્યવસ્થા ઊભી થઇ છે અને એના જે પ્રશ્નો હું માનું છું કે ખૂબ ગંભીર છે, આવનારા દિવસોમાં આ પ્રશ્નોને કારણે આખી વ્યવસ્થાઓ ખોરવાઇ જશે અને એ વ્યવસ્થાઓ ના ખોરવાય, હમણાં ઉત્તર ગુજરાતનો બનાવ બન્યો, સરકાર તો કંઇ ના કરી શકી પણ સામાજિક રીતે આગેવાનો ભેગા થયા, સમજાવટથી એનું સોલ્યુશન થયું એટલે દરેક વસ્તુ કાયદાથી જ સોલ્યુશન થઇ જાય છે એવું માનવાની જરૂર નથી. કાયદા તો ગમે તે લાવો જો પણ સામાજિક રીતે એની વ્યવસ્થાઓ જો ખોરવાઇ જશે એની જે પરંપરા છે એ ખોરવાઇ જશે, એની રૂઢિઓ અને એના રિવાજો છે એના ઉપર તમે વાર કરશો તો હું માનું છું કે આખી સામાજિક વ્યવસ્થાઓ પણ ખોરવાશે. આમાં રાજકીય ટિપ્પણી કરવાને બદલે એટલી જ લાગણી છે કે આ યુ.સી.સી. માટે જે કમિટી બની એણે ખૂબ લોકો પાસે વાંધા સૂચનો મંગાવી અભ્યાસ કરીને રિપોર્ટ સબમિટ કર્યો તો આટલી ઉતાવળ કરવાને બદલે મારી માનનીય મુખ્યમંત્રીશ્રીએ જયારે બિલ રજૂ કર્યું છે ત્યારે એમને જ વિનંતી છે કે આવતી કાલે પણ સત્ર છે, આ રિપોર્ટને આ વિધાનસભા ગૃહમાં મૂકવામાં આવે. બધા જ સભ્યોને પબ્લિક ડોમેઇન પર ઉપલબ્ધ થાય, જેથી કરીને હજી સારી રીતે એની પર ચર્ચા થઇ શકે, વધારે અભ્યાસ થઇ શકે, એ રિપોર્ટમાં કોઇ સારી વાત હોય, એ રિપોર્ટમાં કોઇ ત્રુટિ હોય, એ રિપોર્ટના આધારે આપણે બિલ બનાવીએ છીએ તો એમાં કોઇ ત્રુટિ રહી ગઇ હોય તો એનો સુધારો પણ થઇ શકે, સારું મજબૂત બિલ બની શકે. આ બીલમાં ક્યાંય કોઇ જાતિનો ઉલ્લેખ જ નથી એટલે કોના માટે કરીએ છીએ કે કોના વિરોધમાં કરીએ છીએ એ તો આપણી માનસિકતામાં છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય હર્ષભાઇ, માનનીય જીતુભાઇ, બેઠાં બેઠાં કોમેન્ટ ન કરો. હમણાં શાંતિથી બેસજો. માનનીય અમિતભાઇ, આપ મારી સામે જોઇને વાત કરો.

શ્રી અમિત ચાવડા : મને તો એમ હતું કે માનનીય હર્ષભાઇ રજૂ કરવાના છે એટલે એ મુજબનું ભાષણ જુદું હતું પણ આ તો મુખ્યમંત્રીશ્રીએ રજૂ કર્યું. હું ખૂબ પોઝિટિવ રીતે કહેવા માગું છું.

અધ્યક્ષશ્રી : બિલ કોને રજૂ કરવું એ ટ્રેઝરી બેંચ નક્કી કરે છે. એના માટેની ચર્ચા આપણે નથી કરવાની હોતી. એ એમનો અધિકાર છે. આપ બિલ ઉપર બોલો. તમે એકની એક વાત રિપીટ કરી રહ્યા છો. ''રિપોર્ટ રજૂ નથી કર્યો.'' એમ લગભગ પાંચ વખત બોલ્યા. એકની એક વાત વારંવાર રિપીટ થશે તો મારે કહેવું પડશે કે હવે બેસી જાવ. આપ બિલ માટેના વિધાનસભાના નિયમો જાણો છો.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી અમિત ચાવડા : આ બિલ રજૂ થયું એના ઉદ્દેશો અને કારણોમાં પહેલાં જ ફકરામાં આ કમિટી બનાવી એનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કમિટી એટલા માટે જ બનાવી છે કે એ અભ્યાસ કરીને રિપોર્ટ આપે અને એના પરથી કાયદો બનાવે. એ રિપોર્ટ ઉપલબ્ધ કરાવવામાં આવે એનો અભ્યાસ થાય, એની ચર્ચા થાય.

અધ્યક્ષશ્રી : એ વાત તમે એક વખત કે બે વખત બોલો. તમે છ વખત બોલ્યા. આપ બિલના નિયમો જાણતા હશો એટલા માટે હું કહું છું.

શ્રી અમિત ચાવડા : માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે બિલ રજૂ કર્યું છે એમને હું વિનંતી કરું છું કે બિલ પ્રવર સમિતિને સોંપવામાં આવે. પ્રવર સમિતિ બનાવો. એમાં બધા જ સભ્યોનો સમાવેશ કરો. એનો અભ્યાસ થાય, ચર્ચા થાય, એમાં જે કાંઇ છે એનું તારણ નીકળે પછી ફરી બિલ લઇ આવો. શું કરવા ઉતાવળ છે? આવતા સત્રમાં લાવો આપણે વધારે ચર્ચા કરીશું. વધારે સારી રીતે પાસ કરીશું. વધારે સુધારા કરી શકીશુ, વધારે મજબૂત બિલ બનાવી શકીશું પણ અહીંયા રાજકીય એજન્ડા સાથે ઉતાવળે બિલ લાવ્યા છે એટલા માટે અમે સંમત થઇ શકતા નથી. રિપોર્ટ રજૂ કરવામાં આવે, બિલ પ્રવર સમિતિને સોંપવામાં આવે અને આવતા સત્રમાં બિલ લઇ આવે આપણે એમાં વિસ્તૃત ચર્ચા કરીશું. આભાર.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પોલિટિકલ પાર્ટીના અધ્યક્ષ પણ છે અને ખૂબ સિનિયર આગેવાન છે. લોકશાહીના પવિત્ર સભાગૃહમાં આપણે બેઠા છીએ. *(xxx)આ પ્રકારની વાત ભવિષ્યમાં કોઇ વિધાનસભાની કાર્યવાહી વાંચે તો એ વાજબી નથી. લોકશાહીમાં કાયદા અંધાધૂંધી અને અરાજકતા ફેલાવવાની વાતો બહાર કરી શકે. કાયદાઓ ન હોય તો દેશમાં અરાજકતા અને અંધાધૂંધી ફેલાય. આ પ્રકારની વાત રેકર્ડ પર ન રહે એ જરૂરી છે. તેઓ સિનિયર સભ્ય છે. કાયદાથી જ બધું ચાલતું હોય છે અને કાયદા જરૂરી હોય છે. આ રેકર્ડ પરથી દૂર થવું જોઇએ કારણ કે, ભારતમાં લોકશાહી અંધાધૂંધી ફેલાવવા માટે નથી.

અધ્યક્ષશ્રી : શું દૂર કરવું પડે એ મને જરા બતાવો.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, એમણે એમની વાતમાં એમ કહ્યું કે *(xxx) એ એમની પાર્ટીનો રાજકીય એજન્ડ હોઇ શકે પણ સન્માનનીય ગૃહમાં ન હોઇ શકે. આ રેકર્ડ પર રહે તો ભવિષ્યની પેઢી શું વિચારે?

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મેં તો એ જ ચિંતા કરી કે *(xxx) એનો અમલ કરાવવાની વાત છે. દારૂબંધીનો કાયદો છે જ.(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, આપ બેસો.

શ્રી અમિત ચાવડા : મારો કહેવાનો મતલબ એવો છે કે કાયદો બનાવો પણ એવો બનાવો કે એમાં છટકબારી ન હોય.

અધ્યક્ષશ્રી : આપ બેસો કાયદા અથવા કાયદાના શાસનને અનુરૂપ ન હોય અથવા કાયદાના શાસનની ટીકા થતી હોય એવો કોઇ શબ્દ હોય તો રેકર્ડ પરથી દૂર કરીએ.

શ્રી રમણલાલ ઇ. વોરા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે તા.૨૭મી માર્ચના દિવસે અરવલ્લીની ગિરિ કંદરાઓમાં બે પહાડની વચ્ચે ઊગેલો આજનો સૂર્ય અને સૂર્યનું પહેલું સોનેરી કિરણ ઇડરિયા ગઢ ઉપર પડે અને સમગ્ર ઇડરગઢના નાગરિકો આજે ઉત્સાહમાં આવે અને શ્રી ભૂપેન્દ્રભાઇના નામે બોલે કે, ''અમે ઇડરિયો ગઢ જીત્યા રે, આનંદ ભયો.'' આજે ભારતના બંધારણના ઘડવૈયા, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરને શત્ શત્ વંદન કરું છું. એમણે આ દેશને આપેલા અમૂલ્ય બંધારણની અનુચ્છેદ કલમ–૭૭માં સમાનતા, સમાન કાયદો, નાગરિકોને સન્માનની જોગવાઇ કરવામાં આવી છે. ધર્મ, જાતિ, લિંગ, જન્મ સ્થાન–આ બધાંનો ભેદભાવ કર્યા સિવાયની વાત આ બિલમાં કરી છે પરંતુ આપણી નબળાઇ એ રહી છે કે, આઝાદીનાં ૭૫મા વર્ષ પછી પણ ડૉ. બાબાસાહેબ આંબેડકરે સેવેલું સ્વપ્ન અગાઉની સરકારોના કારણે આજદિન સુધી સાર્થક થઇ શક્યું નથી. આ કારણસર આજે ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયક, ૨૦૨૬ લઇને માનનીય મુખ્યમંત્રીશ્રી આવ્યા છે ત્યારે એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ માત્ર એક રાજકીય કાયદો નથી, આ ભારતીય લોકશાહીનું એક મહત્ત્વપૂર્ણ અંગ છે. આ ઘારો છેલ્લા ત્રણ દાયકાથી રાજકારણના વિવાદનો મુદ્દો રહ્યો છે. વર્ષ ૧૯૫૨માં ભારતીય જનતા પાર્ટીની સ્થાપના થઇ ત્યારથી એ પાર્ટીએ ડંકાની ચોટ ઉપર સમાન સિવિલ ઘારાની તેના ચૂંટણી ઢંઢેરામાં અને અનેકવિધ કાર્યક્રમોમાં વાત કરી છે. સામે પક્ષે કૉંગ્રેસ અત્યાર સુધી માનતી આવી છે કે કોઇ પણ કોમ માંગણી ન કરે ત્યાં સુધી તેમાં આગળ વધવું નહીં. એટલા માટે કે જ્યારે મુસ્લિમ પર્સનલ લૉ પણ આનો વિરોધ કરે છે, મુસ્લિમ સમાજના રૂઢિચુસ્ત લોકો આમાં દખલગીરી માને છે અને તે ઉપરાંત બંને પક્ષમાં પગ રાખવાવાળા લોકોએ માત્ર ચૂંટણી આધારિત, મત બેંક આધારિત અત્યાર સુધી આ કાયદાને સમર્થન આપ્યું છે. દેશના અગ્રણી કાનૂનવિદ, ન્યાયમૂર્તિઓ, ચિંતકો જૂના પૂરાણા થઇ ગયેલા કાનૂનોમાં ઘરમૂળથી ફેરફાર અને સમાન નાગરિક ઘારો લાવવાની હિમાયત કરતા આવ્યા છે. આ વિધાનસભાગૃહ આજે જે ચર્ચા કરે છે તે વિશે અગાઉ અનેક લોકોને પૂછ્યા પછી વર્ષો સુધી તેમણે આપેલી લાગણી અને માગણીને ધ્યાનમાં રાખીને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી આ બિલ લઇને આવ્યા છે.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, બંધારણની કલમ–૧૪ અને ૧૫ એ ભારતમાં સમાનતા અને સમાન કાયદાને ચરિતાર્થ કરે છે. જાતિ, ધર્મ, લિંગ, જન્મસ્થળ તેની સમાનતા કાયદાનું રક્ષણ અને કલમ–૧૩માં સ્પષ્ટપણે આ બધું જણાવેલું હોવા છતાં ભારતીય રાજકરનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોને કલમ–૪૪માં ભારતમાં સમગ્ર વિસ્તારમાં રહેતા બધા નાગરિકો માટે સમાન સિવિલ કોડ કરવાનું નક્કી કરવામાં આવેલું છે પરંતુ અનેક અદાલતોએ પણ આ વાત કરી છે. બંધારણની કલમ–૩૭ અનુસાર દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે. બંધારણની કલમ–૫૨ જેને રાજ્ય કહેવાય. એના સંઘપ્રદેશ હોય કે સ્થાનિક સ્વરાજ્યની જે પણ સરકારો છે એ બધાને આ લાગુ પડનારો વિષય છે. બંધારણની અનુસૂચિ–૮માં લગ્ન, છૂટાછેડા, બાળકોને દત્તક લેવા, મિલકતના ભાગલા અને વારસાઇ હક્કો આ કાયદા ઘડવાની સત્તા સંસદ અને રાજ્યોની ધારાસભાઓ બંનેને છે. હમણાં અમિતભાઇ કહેતા હતા કે, આ તો પાર્લામેન્ટનો કાયદો છે. વિધાનસભામાં શા માટે લાવ્યા? બંધારણની પરિશિષ્ટ–'અ' માં એના માટેની સ્પષ્ટ જોગવાઇ છે. દિલ્હીની પાર્લામેન્ટ પણ કાયદો કરી શકે અને રાજ્યની ધારાસભાઓ આ બંનેને સમાન હક્ક પરિશિષ્ટ–૮માં આપવામાં આવેલ છે. આમાં મોટાભાગે સ્થિતિ એવી થઇ છે કે, એવું કહેવામાં આવ્યું છે કે સ્ત્રીઓને આપણે માન–સન્માન, નારી ગૌરવની વાતો કરીએ છીએ પણ વાસ્તવિકતામાં ક્યાંક ને ક્યાંક એને અન્યાય થાય છે. અન્યાય કેવી રીતે થાય છે? મારી જ્ઞાનવૃદ્ધિ માટે મારા પરમ મિત્ર શ્રી ઇમરાનભાઇને પણ કાલે પૂછ્યું, તલાક, તલાક, તલાક. ત્રણ વખત તલાક કીધું એટલે છૂટા. મિત્રો, આપણે બધા ધારાસભ્યો આપણા પોતાના ઘરમાં રહીએ છીએ, આપણા ઘરમાં પણ વાસણ ખખડે છે, આપણા ઘરમાં પણ ઝઘડા થાય છે, બાળકોને એના કારણે બે ઘબ્બા પડે. આ બધું આપણા ઘરમાં થતું હોય છે. ગુસ્સો થતો હોય છે પણ એ ક્યાં સુધી? બે કલાક, ચાર કલાક, એકાદ દિવસ અબોલા થાય. વળી, પાછા ભેગા થાય. ત્રણ વખત તલાક, તલાક, તલાક કર્યા પછી બંનેને અહેસાસ થાય કે અમારે ભેગાં થવું છે તો ન થઇ શકે. બરાબર બોલું છું ને ઇમરાનભાઇ?

અધ્યક્ષશ્રી : આપ ઇમરાનભાઇનો પુરાવા તરીકે ઉપયોગ ન કરો. મને વાત કરો.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પરમ મિત્ર છે. અમે જમાલપુર વિધાનસભામાં એક સાથે છીએ.

અધ્યક્ષશ્રી : આપને બંનેને પ્રેમ છે. હું જાણું છું પરંતુ,

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે સ્ત્રીઓને જે અન્યાય થાય છે. ધારોકે બંનેને એમ લાગ્યું કે ગુસ્સો હતો તો હવે થઇ ગયું તો એમાં હલાલાની કલમ છે. પણ કલમમાં એવું છે કે, તલાક, તલાક, તલાક કરીને જેમ છૂટાછેડા આપવામાં આવ્યા છે એને ફરીથી કોઇકની સાથે લગ્ન કરવા પડે અને લગ્ન કર્યા પછી ફરીથી એ બંને જણા ભેગા થાય. સામાન્ય રીતે બધું જોડીને ગોઠવીને જરા તમે એક દિવસ માટે નિકાહ કરી લો અને પછી કાલથી ફરી પાછાં છૂટાછેડા. આવું થઇ શકે પણ બધાની વૃત્તિ સરખી ન હોય ને? દીકરી હોય, રૂડી હોય, રૂપાળી હોય, ગુણિયલ હોય અને પેલાની દાનત બગડે અને હલાલામાં બીજા દિવસે તલાક, તલાક કરીને છૂટાછેડા ન આપે તો? પેલા બે પતિ–પત્નીએ ભેગા થવું છે. સ્ત્રીઓને આપણે માત્ર નારી ગૌરવ, નારી ગૌરવ કરીએ છીએ એવું નથી. આના કારણે મહિલાઓને જે તકલીફ પડે છે, અન્યાય થાય છે અને આ ચાતનાઓમાંથી દૂર કરવા માટેનું કામ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ કરી રહ્યા છે. ગુજરાતની અનેક મહિલાઓના આજે એમને આશીર્વાદ મળવાના છે. ભારતના બંધારણના ઘડવૈયાઓએ મુસ્લિમ સહિત અનેક લોકોએ આધુનિકતાની વાત કરી છે. વર્ષ ૧૯૩૯માં સૈયદ અબ્દુલ લતીફે ભારત માટે બંધારણ લખ્યું ત્યારે આ સમસ્યાની અગાઉ કલ્પના કરી હતી. આ કલમનો સમાવેશ કરાયો હતો કે મુસ્લિમો અને અન્ય લોકોના હિતનું સંરક્ષણ થવું જોઇએ. મુસ્લિમોના અંગત કાયદો અને અંગત ન્યાયાધીશો દ્વારા થવો જોઇએ આ વર્ષ ૧૯૩૯ની વાત છે અને પછી આપણે જાણીએ છીએ કે ૫૫૨ જેટલા રજવાડાંઓનું વિલિનીકરણ લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલે કર્યું, હૈદરાબાદ નિઝામે આ વાત નહીં સ્વીકારી. એના ઉપર બળજબરી કરવામાં આવી. હમણાં વાત કરતા હતા કે ફલાણું સ્ટેટ રહી ગયું. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર વર્ષ ૧૯૫૨થી સમાન સિવિલ કોડની વાત કરે છે. ૩૭૦ની કલમ હટાવવાની વાત કરે છે. આજની વાત નથી. આ કોઇ રાજકીય ભાષણ નથી. એના અનુસંધાનમાં મુંબઇ, મદ્રાસ અને પંજાબની હાઇકોર્ટોએ વર્ષ ૧૯૫૨, વર્ષ ૧૯૮૬ અને આ ચૂંટણી દરમિયાન આ વિરોધાભાસને સમજવાનો પ્રયાસ કર્યો અને આ કેસમાં કલમ–૩૭૨ હેઠળ અલગ તારણ આવ્યું. આજે પણ આ કાયદા અસ્તિત્વ ધરાવે છે. મુસ્લિમના અંગત કાયદા મૂળ કુરાનમાં રહેલા છે અને તેથી ધારાસભામાં લાવવામાં આવ્યા છે. એંગ્લો મોહમ્મદન કાયદો માત્ર કુરાન આધારિત નહીં પણ શરિયત આધારિત હોવો જોઇએ એવો વિચાર પણ વ્યક્ત થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે શાહબાનો કેસની વાત કરવી છે. ૭૩ વર્ષની મુસ્લિમ મહિલા જેના પતિ એક એડવોકેટ છે અને આ ૭૩ વર્ષની મહિલાને તલાક, તલાક, તલાક કહીને છૂટાછેડા આપવામાં આવે છે ત્યારે એ દિલ્હીની સુપ્રીમકોર્ટમાં જાય છે અને દિલ્હીની સુપ્રીમકોર્ટ સ્વીકારે છે કે આ મહિલાને ભરણપોષણ આપવું પડે. દિલ્હીની સુપ્રીમકોર્ટના ચુકાદા પછી ભારતના બંધારણની વાતો કરવાવાળા લોકોએ, ન્યાયાલયની વાતો કરવાવાળા લોકોએ સુપ્રીમકોર્ટના આ ચુકાદાના વિરુદ્ધમાં દિલ્હીની પાર્લામેન્ટમાં કાયદો કર્યો અને જે મુસ્લિમ મહિલા શાહબાનોને ભરણપોષણ આપવાનું હતું એ કાયદો દિલ્હીની પાર્લામેન્ટમાં કોંગ્રેસના શાસનમાં રદબાતલ થયો.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં મુસ્લિમોની વસતિ ૧૨ ટકા છે. વર્ષ ૧૯૭૩માં ૬.૧૦ કરોડ હતી. હાલમાં ૧૩.૫૦ ટકા હોવાનો અંદાજ છે. આ લઘુમતી જેવા મુસ્લિમોની રાજકારણમાં આટલી મોટી સંખ્યા હોવાના કારણે એ કોઇકને

કોઇક રાજકીય પક્ષો સાથે જોડાયેલા છે એના કારણે ભારતમાં, કેન્દ્રમાં પહેલેથી કૉંગ્રેસ પ્રભુત્વ ધરાવે છે. દેશની પ્રજાએ એમને શાસન ઉપર બેસાડ્યા છે. એ રાજકીય પક્ષોએ મુસ્લિમ તૃષ્ટીકરણની નીતિ અપનાવી છે. આ મુસ્લિમ તૃષ્ટીકરણની નીતિના કારણે કયારેય કોઇ કામ એ કરી શક્યા નથી. કૉંગ્રેસનું તો એક ચરિત્ર રહ્યું છે. ચરિત્ર એટલા માટે રહ્યું છે કે, જ્યારે પણ કઇ કરવું હોય ત્યારે કંઇકને કંઇક કામ કરતાં હોય છે. મેં કહ્યું એ પ્રમાણે વર્ષ ૧૯૮૬માં શાહબાનો કેસમાં સુપ્રીમકોર્ટે આપેલા જજમેન્ટને દિલ્હીની પાર્લામેન્ટમાં રોકવાનું કામ કર્યું. એ સિવાય સ્વ. રાજીવજી, ડૉ. મનમોહનસિંહજી દેશના વડાપ્રધાન હતા ત્યારે એમણે એવું કહેલું કે આ દેશની સંપત્તિ ઉપર સૌથી પહેલો અધિકાર મુસ્લિમોનો છે. જો ૧૨ ટકા મુસ્લિમોનો અધિકાર હોય અને સત્તાસ્થાન ઉપર બેઠેલા લોકો ૮૮ ટકા લોકોની અવગણના કરતા હોય અને એ જ વાત જ્યારે અહીંયા રિપીટેશન થતી હોય તો આ સરકાર એમાં ચલાવી લેવા માગતી નથી. ધર્મમાં લગ્ન વિચ્છેદની વાતો કરવામાં આવે છે. લગ્ન વિચ્છેદ અને છૂટાછેડા અનુસાર લગ્ન વિચ્છેદ અને પુરુષનો અધિકાર ચડિયાતો છે. ત્રણ વખત તલાક, તલાક, તલાક બોલીને મુસ્લિમ ધર્મમાં પત્નીને છૂટાછેડા આપી શકે છે. ખ્રિસ્તી ધર્મ આને એક પવિત્ર બંધન માને છે. એમાં લગ્ન વિચ્છેદ કયારેય માન્ય ગણાતો નથી. એ જ પ્રમાણે ખ્રિસ્તી ધર્મમાં છૂટાછેડાના કોઇ અવકાશ નથી સિવાય કે પત્ની પોતાના પતિને વ્યભિચારી ગણાવે અથવા પતિ પોતાની પત્નીને વ્યભિચારી ગણાવે અથવા એના ઉપર ક્રુર વર્તન કરે તો એ છૂટાછેડા સંભવ છે.

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

એટલા માટે બીજી સ્ત્રી સાથે લગ્ન કરવા માટે પુરુષ અને સ્ત્રી ધર્માંતરણ કરે છે એવા પણ કિસ્સા બનેલ છે. આના કારણે ધર્માંતરણને વેગ મળે છે. લવ જેહાદના કિસ્સાઓ દેશમાં વધતા જાય છે. મુસ્લિમોમાં શીયા, સુન્ની મુસ્લિમ, વોરા, ખોજા અને રૂઢિચૂસ્ત અહેમદિયા વર્ગનો સમાવેશ થાય છે. સુન્નીઓમાં અલગ અલગ ૪ સંપ્રદાયો છે. આ ઉપરાંત કચ્છી મેમણો પણ છે. હિન્દુઓના વ્યક્તિગત કાયદાઓ જાળવી રાખવામાં આ લોકો મદદગાર છે. ભારતમાં ન્યાયતંત્રના ચુકાદાને રદ કરવા અને શરિયત કાયદાને પુનઃસ્થાપિત કરવામાં પ્રિવી કાઉન્સિલના નિર્ણયને રદ કરવા માટે વર્ષ ૧૯૧૩માં આ ધારો બનાવવામાં આવ્યો છે. વર્ષ ૧૯૨૫થી શરૂ કરીને અત્યાર સુધીમાં જેટલા પણ કિસ્સા થયા છે એ તમામ કિસ્સાઓમાં માત્ર તૃષ્ટીકરણની બૂ આવે છે. મેં અગાઉ કહ્યું તેમ સ્વ.રાજીવ ગાંધીએ વર્ષ ૧૯૮૬માં આ અંગેનો કાયદો શાહબાનો કેસની વાત આપણે કરીએ છીએ. એક વાત એવી પણ કહેવામાં આવે છે કે હિન્દુ સંગઠનો, આર.એસ.એસ., ભારતીય જનતા પાર્ટી, શિવસેના આ બધા જ લોકોએ સમાન સિવિલ સંહિતાને એની અસર માટે ગણે છે. વર્ષ ૧૯૯૯માં ધર્મ સંબંધી રાજકીય ઘોષણા કરવામાં આવી. સુસંસ્કૃત માનવ અને નાગરિક વ્યવસ્થાને પ્રતિબદ્ધ છે તે જાતિ, ધર્મ, વંશ, લીંગનો ભેદભાવ ન કરે, સર્વ પંથ સમધરા અને ભારતીય પરંપરાની સાથે આ બધા લોકોને સંભાળવામાં અસરકારક પગલાં લે એ કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરે છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર ક્યારેય એવું નથી કહેતી કે મુસ્લિમોને અન્યાય કરીશું, લઘુમતી કોમોને અન્યાય કરીશું. આ ભારતીય જનતા પાર્ટીની સંસ્કૃતિમાં નથી. એની શાસન પ્રણાલીમાં નથી. હમણાં શ્રી અમિતભાઇ કહેતા હતા એમાં આદિવાસીઓની વાત કરી. આ દેશની ધરોહર આ દેશની સંસ્કૃતિને આજે પણ એ વિસ્તારમાં જાગૃત રાખવાનું કામ કરતો જો હોય તો આ મારો આદિવાસી સમાજ છે. એમાંથી કૉંગ્રેસને લાગતું હોય કે આ તમે ખોટું કર્યું છે, અહીંયા બેઠેલા કૉંગ્રેસના નેતાઓ છડેચોક ભાષણ કરીને કહે કે આદિવાસીઓને જે હક્ક અને અધિકારો આ બિલમાં આપ્યા છે એ સાથે અમે સંમત નથી. આટલું ઠંકાની ચોટ ઉપર કહે. માત્ર ૧૫ ટકા મતો લેવા માટે એમને તો ક્યારેય માણસ ગણ્યા નથી. મતો લેવાનું કારણ ગણ્યા છે. તમે માત્ર મત આપો અને અમારી વાહવાહી કરો. આ કામ કર્યું છે ત્યારે માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારને હું વ્યક્તિગત રૂપે અને ગૃહ વતી અભિનંદન આપું છું કે, આ દેશની સંસ્કૃતિને, આ દેશની પરંપરાઓને જાળવી રાખવાવાળા લોકો એને મળ્યું, ન મળ્યું, કંઇક આપ્યું કે ન આપ્યું તો પણ આ સનાતન ધર્મની સંસ્કૃતિને ચાલુ રાખવાનું કામ જે આદિવાસી સમાજે કર્યું છે એને સંરક્ષણ આપવાનું કામ માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે કર્યું છે. એક પરવીન નામની મુસ્લિમ મહિલા હતી. એના છૂટાછેડાના અધિકારો માટે વર્ષ ૧૯૮૬માં મુંબઇ હાઇકોર્ટમાં અરજી કરી. આનો ચુકાદો વર્ષ ૨૦૦૦માં ન્યાયમૂર્તિ શ્રી બાસુદેવ પાણીગ્રહીએ આપ્યો અને કહ્યું કે છૂટાછેડા લીધેલી મહિલાને એની ભાવિ વિચારણા કર્યા પછી ભરણ–પોષણનો હક્ક છે. વર્ષ ૨૦૦૦ની સાલમાં આ કલકત્તા હાઇકોર્ટે આપેલો ચુકાદો છે. એ જ કામ શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ કરે તો એમાં ખોટું શું છે? આ રાજકીય મુદ્દો નથી. મેં પહેલાં કહ્યું એમ સ્ત્રીઓના સન્માનને જાળવવાનો આ વિષય છે. એટલા માટે છૂટાછેડા લીધેલ મહિલાઓને પણ ભરણ–પોષણનો હક્ક છે. ધારા ૧૯૮૬ની કલમ–૩ના ઘોષણાપત્રમાં સમયગાળા પૂરતો નહીં એને વાજબી સમય પૂરતું ગુજરાન ચાલતું રહે, એને નિરાધાર ન બનવું પડે, એ રોડ ઉપર ન આવી જાય એ સુનિશ્ચિત કરવા માટે એને ભરણ–પોષણ આપવું જોઇએ. આ હાઇકોર્ટની શરત છે અને એટલા માટે બહુપત્નીત્વનો અંત આણો એવી વાત છે. મારે ત્યાં તો સારા એવા મુસ્લિમ બિરાદરો છે. ઘણાની આર્થિક સ્થિતિ નબળી છે. એક જ છાપરામાં એકજ કુટુંબમાં રહે. બહુપત્નીત્વ હોય ત્યારે એમની શું દશા થતી હશે? મને આજે પણ એને જોઇને, સાંભળીને થાય છે કે એ બાળકો વધ્યાં જાય છે એટલે આ બહેનો અને મહિલાઓની ચિંતા આ ગૃહે કરવી પડે અને એટલા માટે ડૉ.બાબાસાહેબ આંબેડકરે કલમ–૪૪માં જે નિર્ણયો કર્યા છે. એ પહેલા ૩૭૦ની કલમની મેં વાત કરી. ભારતીય જનતા પાર્ટીએ વર્ષ ૧૯૫૨માં કહે છે અને એ વખતે જ્યારે

ડૉ.બાબાસાહેબ આંબેડકરે બંધારણની અંદર આ કલમને ઉમેરવાની ના કહી હતી. બંધારણની અંદર કલમ ૩૭૦ તો ના ઉમેરાય. પરંતુ કૉંગ્રેસની સરકારે વર્ષ ૧૯૫૦માં આની ટેમ્પરરી જોગવાઇ કરી. આઝાદીનાં આટલાં વર્ષો સુધી આ ટેમ્પરરી જોગવાઇ કૉંગ્રેસ કાઢી શકી નથી અને એ લોકો પાછા અમારી વાત કરે છે કે –

हम आह भी भरते हैं, हो जाते हैं बदनाम,
वो कत्ल भी करते हैं तो चर्चा नहीं होता।

સાહેબ, વર્ષ ૧૯૫૦ની વાત જ્યાં સુધી ભારતનું બંધારણ દેશના નેતા નરેન્દ્રભાઇ મોદી ના આવે ત્યાં સુધી ૩૭૦ની કલમ ના હટે. અને દેશની સ્થિતિ શું? રશિયા અને યુક્રેનની લડાઇ ચાલે અને ભારતનો તિરંગો એક વિદ્યાર્થી લઇને નીકળે એને સડસડાટ જવા દે. આજે રશિયા અને ઇરાનનું યદ્ધ ચાલે અને ભારતના જહાજો સડસડાટ આવે અને અહીંયા પેટ્રોલની તંગી, પેટ્રોલની તંગી. તમારા ઘેર પેટ્રોલની તંગી છે? તંગી છે ક્યાં? આ ડંકો માત્ર ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી કરી શકે અને એટલા માટે ડંકાની ચોટ ઉપર, મેં પહેલા પણ કહ્યું, આપણે મંદિરમાં જઇએ એટલે ઘંટ વગાડીએ. ડંકો પડે પણ આપણી જોડે છોકરું હોય તો એને પણ થાય કે લાવ હું પણ ડંકો વગાડું પણ એ ઊભું થાય એટલે ટીન ટીન થાય. એમાં ડંકો ના પડે. એમાં ડંકો પાડવો હોય તો દેશનો વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી જોઇએ અને નરેન્દ્રભાઇ મોદી એટલે,

वो जब मचलते हैं तो भूचाल मचल जाता है,
वो जब उबलते हैं तो सागर खनक जाता है,
नरेन्द्रभाई को बदलने की कोशिश क्या करेगा ज़माना
नरेन्द्रभाई जब बदलते हैं तो इतिहास बदल जाता है।

આ દેશના વડપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી એ આપેલું આ કામ અને એ જ વાતને ગુજરાતના પનોતા પુત્ર અને આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ જ્યારે આ બિલ લઇને આવ્યા છે ત્યારે સમગ્ર ગુજરાતની જનતા વતી હું એમને અભિનંદન આપું છું. અમારા સાથી મિત્રોને પણ કહુ છું કે આવું પહેલી વખત જ્યારે સદકાર્ય થઇ રહ્યું છે ત્યારે આપ યજ્ઞમાં આહુતિ આપો અને આ બિલને સર્વાનુમતે મંજૂર કરો એવી પ્રાર્થના અને વિનંતી સાથે ખૂબ ખૂબ આભાર. ધન્યવાદ.

ઉપાધ્યક્ષશ્રી: માનનીય રમણભાઇ, તમને અભિનંદન આપું છું કે, આપે હાઇકોર્ટ બને બીજા સુપ્રીમકોર્ટના ઉદાહરણ સાથે વસિયત ઉપર જે પ્રકાશ પાડ્યો છે એના માટે આપને અભિનંદન આપું છું. માનનીય શૈલેષભાઇ પરમાર.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના મુખ્યમંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાનું આ ગૃહ આજે અને કાલે છેલ્લો દિવસ છે. રાજ્યપાલશ્રીનું અભિભાષણ થયું એના પર ચર્ચા થઇ. બજેટ રજૂ થયું. બજેટ પર ચર્ચા થઇ. માગણીઓ ઉપર ચર્ચા થઇ. આજે છેલ્લા બે દિવસ છે અને બિલ લઇને સરકારશ્રી આવી છે. સરકાર જયારે કોઇ બિલ રજૂ કરે તો એવુ કહેવાય કે પ્રજાહિત માટે જ કરતા હોય, પણ મેં જોયું કે આટલા દિવસથી બજેટ ઉપરની જે માગણીઓની ચર્ચા થતી હતી અને માગણીઓની ચર્ચાની અંદર જે સંખ્યાબળ અહીંયા હાજર હોવું જોઇએ એ સંખ્યાબળ એ વખતે હાજર રહેતું ન હતું. આજે એના કરતા બમણું સંખ્યાબળ અહીંયા હાજર છે એટલે સવાલ એ થાય કે, દરેક વિભાગોની માગણીઓ ઉપર પ્રજા માટેના જ પ્રશ્નો હોય છે અને પ્રજા માટેની જ વ્યવસ્થા હોય છે. તેમાં આટલા દિવસમાં જે ઓછી ગેરહાજરી હતી તેનો અર્થ શું સમજવો અને આજે જે હાજરી છે તેનો અર્થ શું સમજવો એ હું આપને સમજાવવા માગું છું.

ઉપાધ્યક્ષશ્રી: કોઇને સમજાવવાની જરૂર નથી.

શ્રી શૈલેષ મ. પરમાર:માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણી આવી એવું લાગે છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે રીતે બિલ રજૂ કર્યું અને બિલ રજૂ કર્યા પછી માનનીય અમીતભાઇ અને માનનીય અમારા રમણભાઇએ ખૂબ લાંબી ચર્ચા કરી. બિલ રજૂ કરતા પહેલાં આ વિધાનસભાગૃહની અંદર ધારાસભ્ય તરીકે આપણે જયારે ધારાસભ્ય બનીને આવીએ છીએ ત્યારે એક શપથ પત્ર આપવામાં આવે છે અને શપથ પત્રના આધારે આ વિધાનસભાગૃહમાં શપથ લેવામાં આવે છે. તેમાં શપથ એ રીતના છે કે, " હું સભ્યશ્રી નિયુકત થવાથી ઇશ્વરના કે ભગવાનના નામે સોગંદ લઉં છું કે, કાયદાથી સ્થાપિત ભારતના બંધારણ પ્રત્યે હું સાચી શ્રદ્ધા અને નિષ્ઠા ધરાવીશ. હું ભારતના સાર્વભૌમત્વનું અને અખંડિતતાનું સમર્થન કરીશ તથા જે કર્તવ્ય હું સ્વીકારી રહ્યો છું તેમને નિષ્ઠાપૂર્વક બજાવીશ." આ ૧૮૨એ ૧૮૨ ધારાસભ્યોને આ વિધાનસભાગૃહની અંદર ધારાસભ્ય બનતાં પહેલાં શપથ લેવડાવવામાં આવે છે. તેમાં લખ્યું છે કે, હું સંવિધાનનું, બંધારણનું પાલન કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર જે બિલ લઇને આવી છે, સ્વભાવિક છે કે, કોઇ પણ સરકાર કોઇ પણ બિલ લઇને આવે એવું કહેવામાં આવે કે પ્રજાહિતનું બિલ હોય, પ્રજાહિતના બિલ હોઇ શકે છે તે પ્રજાહિત માટે કાયદો બની શકે છે, પણ ચોક્કસ એ પણ છે કે રાજયનું ગૃહ એવો કોઇ કાયદો ના લાવી શકે કે જે કાયદાનો સાચો અમલ કરાવતાં સાથે સાથે પડોશી રાજયોને પણ તેની અસર ના થવી જોઇએ. આ સભાગૃહની એટલી જ જવાબદારી છે. કાયદો અહીંયા બની ગયો એ રાજય પૂરતો એ કાયદો સો ટકા સરકાર લાવે અને સરકાર એ કાયદાનું પાલન પણ કરે અને તેની જવાબદારી પણ છે. સરકાર એવો કાયદો પણ નથી લાવી શકતી કે તમે ગુજરાત વિધાનસભામાં જે કાયદો આજે લઇને આવ્યા છો એ કાયદાની અસર આજુબાજુના રાજયોની અંદર શું થવાની છે? તમે જે નિયમો, કલમો જે લાવેલા છો એ કલમોને આધીન તેની તમે આડ અસરો તમે જોઇ છે? તેની શું અસરો થવાની છે તમે જોઇ છે ? અને દરેક કાયદા એ વિધાનસભાએ ઘડવા એ જરૂરી નથી અમુક કાયદા જે દેશના હિતના કાયદા હોય, ભારતના નાગરિકોને ટચ કરતા કાયદા હોય, ધાર્મિક કાયદા હોય, તે કાયદા ઘડવાનો અધિકાર ફકત અને ફકત દેશની લોકસભા અને રાજયસભાને છે અને એટલે જ ૩૭૦મી કલમ આવી કેન્દ્ર સરકારનો કાયદો હતો અને કેન્દ્ર સરકારે તેને પસાર કર્યો. ત્રિપલ તલાકની વાત આવી કેમ ત્રિપલ તલાકનો કાયદો ગુજરાત ના લાવ્યું, રાજસ્થાન ના લાવ્યું કે કોઇ અન્ય રાજય ના લાવ્યું? કારણ કે સમગ્ર દેશના નાગરિકોને લગતો એ કાયદો હતો. ત્રિપલ તલાકનો કાયદો એ લોકસભામાં આવ્યો અને એને મંજૂર કરવામાં આવ્યો. અત્યારે યુ.સી.સી.નો કાયદો ગુજરાત સરકાર જે લઇને આવી છે માનનીય ગૃહમંત્રીશ્રી કે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી જયારે એનો જવાબ આપે ત્યારે મને જણાવે કે યુ.સી.સી.નો કાયદો એ ફકત ગુજરાતી માટે છે કે ગુજરાતના નાગરિક તરીકે આ કાયદો લાગુ પડશે એવો આખા બિલમાં કોઇ જગ્યાએ ઉલ્લેખ છે ખરો? કારણ કે તમે એક સમુદાયની વાત કરી, માનો કે મુસ્લિમ સમુદાયની એની અંદર વાત છે, ચાલો તમે બિલ લાવ્યા છો તો તમારા યુ.સી.સી. કાયદાની અંદર ફકત આ કાયદો ગુજરાતના નાગરિકને જ લાગુ થશે એવો કોઇ જગ્યાએ ઉલ્લેખ છે ખરો? જે રાજસ્થાનમાં રહેતો નાગરિક છે, યુ.પી. બિહાર, અન્ય રાજયોમાં રહેતા નાગરિકો છે એ અહીંયા (અંતરાય) તમને તમારા દંડક ચાન્સ આપે ત્યારે બોલજો, કાયદો સમજવાની પણ જરૂર છે. ખાલી હા, હા કરવાની જરૂર નથી. બીજા રાજયમાંથી માનો કે દીકરા–દીકરીની જે વાત આવે છે, માનનીય મંત્રીશ્રી મને જણાવે કે ગુજરાત સરકાર યુ.સી.સી. નો જે કાયદો લઇને આવી છે એ કાયદો ગુજરાતના નાગરીકને લાગું પડશે કે આજુબાજુના પ્રદેશોમાંથી આવતા લોકોને પણ લાગું પડશે કારણ કે સ્વાભાવિક છે કે કાયદાની કલમોમાં અલગ અલગ વસ્તુઓ લખેલી જ છે, ખાસ કરીને લીવ ઇન રિલેશનશિપ એ કોઇની પણ સાથે હોઇ શકે છે, એવું જરૂરી નથી કે ગુજરાતી જ હોય, આજુબાજુના કોઇપણ રાજયનો વ્યકિત, છોકરો કે છોકરી હોઇ શકે છે એનો કોઇ ઉલ્લેખ નથી. ડો. બાબાસાહેબ આંબેડકરની આપણે જો વાત કરતા હોઇએ તો (અંતરાય)શ્રી કુશવાહાભાઇ, તમને જો ચાન્સ મળે તો તમે બોલજો, તમને કદાચ લીગલી એક્સપર્ટ તમારી પાર્ટી ગણતા હોય તો તમે બોલજો. મને કોઇ વાંધો નથી. (અંતરાય) દંડકશ્રી, એમને ચાન્સ આપજો. બાપુનગરમાં ત્રણ વર્ષથી પાણી ભરાય છે એ કાઢી ના શકયા પણ અત્યારે બોલવાનો મોકો આપજો, થાકી ગયા બિચારા.. (અંતરાય) ભારતના બંધારણમાં ડો. બાબાસાહેબ આંબેડકરે કલમ–૪૪માં ઉલ્લેખ કરેલો છે. એનું અવલોકન એવું કર્યું છે કે એવું ચોક્કસપણે સંભવ છે કે ભવિષ્યમાં સંસદ એવી કોઇ જોગવાઇ કરી શકે કે જેમાં આ સંહિતાનો પ્રારંભ માત્ર જેઓ તેને વળગી રહેવા માટે તૈયાર હોવાની ઘોષણા કરીએ એ લોકો ઉપર લાગુ કરવામાં આવે. જેથી આરંભિક તબક્કામાં આ સંહિતાનો અમલ સ્પષ્ટપણે સ્વૈચ્છિક હોઇ શકે. ડો. બાબાસાહેબ આંબેડકર એ સ્પષ્ટ ધારણા ધરાવતાં જણાવ્યું હતું કે રાજયની અંદર કાયદો લાદવાની સત્તા છે પરંતુ તમણે એ પણ ઉચ્ચારણ કર્યું હતું કે કોઇપણ સરકાર સત્તાનો દુરુપયોગ કરી શકશે નહીં, બહુ લાંબી વાત નથી કરવી પણ એટલું ચોક્કસ કહીશ કે જે રીતે ભારતે નાગરિકોના બંધારણ ભાગ–૩ મૂળભૂત સિદ્ધાંતો પૈકી આર્ટીકલ–૨૫નું વાણી સ્વાતંત્ર્ય બાબતનો એની અધિકાર છે અને એ અધિકાર દેશના બંધારણની કલમની અંદર લખેલો છે, એટલે આ યુ.સી.સી.ના કાયદા હેઠળ ગુજરાત ભારતના બંધારણની કલમ–૨૫નો પણ એની અંદર દુરુપયોગ કરી રહી છે. ભારતના સંવિધાન ભાગ–૨૧માં લખેલું છે કે, પરંપરાગત રીતે દરેક ધર્મના દરેક લોકોને પોતાનો અધિકાર છે અને ભારતીય સંવિધાન ભાગ–૩ના મૂળભૂત અધિકાર પૈકી આર્ટિકલ–૧૪ અને ૨૫નો પણ ભંગ કરેલ છે. ભારતના અધિકારોને સુરક્ષિત કરવા અને એનું પાલન અટકાવવા તદુપરાંત ગેરબંધારણીય મૂળભૂત અધિકારોનો ભંગ કરવામાં આવેલ છે. સરકાર યુ.સી.સી.નો આ જે કાયદો લઇને આવેલી છે, ખાસ કરીને મહિલાઓની ચિંતાને આધીન માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમની વાતમાં ચર્ચા કરી, માનનીય રમણભાઇએ પણ એમની વાતમાં ચર્ચા કરી. મેં જે રીતે વાત કરી કે ત્રિપલ તલાકનો કાયદો કેન્દ્ર સરકારમાં મંજૂર કરી દીધો છે અને ત્રિપલ તલાકના કાયદામાં અનેક જોગવાઇઓ એવી કરવામાં આવી છે કે જે જોગવાઇઓને આધીન મહિલાઓને પોતાનો અધિકાર જે નહોતો મળતો એ મળતો થઇ જશે. આમાં ખાસ કરીને મહિલાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મારે આપના માધ્યમથી કહેવું છે કે રાજય સરકાર જે રીતે મહિલાઓની ચિંતા કરી રહી છે તો આ રાજય સરકારની ફેમિલી કોર્ટોમાં આજની તારીખમાં ૬૨,૧૪૭ કેસો પેન્ડિંગ છે અને દેશમાં આપણે ચોથા નંબર પર છીએ. મહિલાઓની ચિંતાને આધીન કહેવાય છે કે બળાત્કાર ના થવા જોઇએ. મહિલાઓના હિતની વાત યુ.સી.સી.ના માધ્યમથી સરકાર કરી રહી છે ત્યારે ૨૦૨૧થી ૨૦૨૫ના પાંચ વર્ષના સમયગાળા દરમિયાન ગુજરાતમાં પોક્સોના ૩૧૬૧૭ કેસ પેન્ડિંગ છે. વર્ષ ૨૦૨૫માં પોક્સોના ૫૧૩૫ કેસો પેન્ડિંગ છે. આપણે એક બાજુ મહિલાઓની વાત કરીએ છીએ, એક બાજુ છૂટાછેડાની ચિંતા કરીએ છીએ, એક બાજુ એક કરતાં વધારે પરણે નહિ એની ચિંતા કરીએ છીએ પણ જેની પર વીતી છે,

જેના કેસ પેન્ડિંગ છે, જેની પર બળાત્કાર થઇ ગયો છે એની સરકાર ચિંતા કરતી નથી. ફાસ્ટ ટ્રેક કોર્ટની વાત કરીએ તો સૌથી વધુ પેન્ડિંગ કેસોમાં ગુજરાતનો ૧૧મો ક્રમ છે. સરકાર આ યુ.સી.સી.નો કાયદો લઇને આવી છે એમાં હું એવું ચોક્કસ કહીશ કે વર્ષ ૨૦૨૭માં વિધાનસભાની ચૂંટણી છે. સ્વાભાવિક છે કે સરકાર પાસે પૂરતા પ્રમાણમાં સંખ્યાબળ છે. આજે બિલ પણ પાસ થઇ જશે પણ હું ચોક્કસ માનું છું કે વર્ષ ૨૦૨૭માં આ જ કાયદામાં આપ એક સુધારો લઇને આવશો. એમાં એક-બે સુધારા ઉમેરશો કારણ કે, વર્ષ ૨૦૨૭માં ચૂંટણી છે. આજે તમે આ બિલ લાવ્યા છો અને આવતીકાલે અશાંત ધારો છે. એમાં પણ સુધારો લઇને આવ્યા છો એટલે બે દિવસ સરકારે એક વર્ષમાં કરેલા કામોનું જે ભાથું છે કે જે પત્રકાર મિત્રો દ્વારા, ધારાસભ્ય મિત્રો દ્વારા પ્રેસ આઉટ થઇને ગુજરાતની પ્રજાને ખબર પડી છે એ વૉશઆઉટ કરવા માટે તમારી પાસે પૂરતો સમય છે માટે તમે યુ.સી.સી.નું આ બિલ લાવ્યા છો અને આવતીકાલે અશાંતધારાનું બિલપણ સુધારાના ભાગરૂપે લાવી રહ્યા છો. તમારો ૧૦૦ ટકા અધિકાર છે. માત્ર તમારો નહિ પણ આપણા સૌનો અધિકાર છે. તમારે બિલ લાવવું હતું તો આ રાજ્યમાં ૫૩ ટકા લોકોને પીવાનું પાણી નથી મળતું. હું એવું ચોક્કસ માનું છું કે જે કાયદા કેન્દ્ર સરકારને લગતા હોય, જે બિલ કેન્દ્ર સરકારે લાવવું જોઇએ અને એ લાવ્યા પછી રાજ્ય સરકાર લાવે તો સમજી શકાય એમ છે પણ રાજ્ય સરકાર આ બિલ લઇને આવી છે ત્યારે ખૂબ ઉતાવળે લાવી છે. તમારા બંને દિવસ ચૂંટણીલક્ષી રહેવાના છે. સ્વાભાવિક છે કે તમારાં કરેલાં કામોથી ગુજરાત ખૂબ પરિચિત થઇ ગયું છે. તમારી વાહ-વાહ પણ ખૂબ થઇ રહી છે. લોકો તમારી વાહ-વાહ કરવા લાઇનોમાં પણ ઊભા રહી ગયા છે. એમાં કોઇ ના ન કહી શકાય. નેગેટીવ વાત નથી.

ઉપાધ્યક્ષશ્રી : આપ બિલ પર આવો. લાઇન શબ્દ અત્યારે બિલ સાથે સુસંગત જ નથી. માનનીય શૈલેષભાઇ આપની જાણ માટે એક વાત કહી દઉં કે ભારતના બંધારણમાં કોમન સિવિલ કોડ જે તે રાજ્ય લાવી શકે એવી સ્પષ્ટ જોગવાઇ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું બિલ પૂરું વાંચીને આવ્યો છું, પાંચ વકીલો સાથે ચર્ચા કરીને આવ્યો છું. ચાર દિવસની રજાનો સંપૂર્ણ ઉપયોગ કર્યો છે એટલે તેમાં હું પણ કંઇ કાચો નથી પણ ક્લિયરલી હું જે કહું છું કે, લીવ ઇન રિલેશનશિપની વ્યાખ્યા સમજાવે. કોને રોકી શકશે? તમે કહો છો કે એ રાજ્યને લાવવાનો અધિકાર છે એ વિશે મને ખ્યાલ છે. કેવી રીતે રોકી શકશે. રજિસ્ટ્રેશન કરીને જતો રહેશે તો કોણ શોધવા જશે? (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : બેઠાં બેઠાં કોઇ કોમેન્ટ નહીં.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આ બિલ બહુ ઉતાવળથી લાવ્યા છે, ચૂંટણીલક્ષી બિલ છે, આ બિલને પ્રવર સમિતિને સોંપવામાં આવે તેવી માંગણી કરું છું.

સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડક) : માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપરની ચર્ચા અને મતદાન બાદ બિન સરકારી કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમે સંમત છીએ.

ઉપાધ્યક્ષશ્રી : સૌ સંમત છે (થોડીવાર બાદ) બિલ ઉપરની ચર્ચા અને મતદાન બાદ બિન સરકારી કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી હર્ષ સંઘવી (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે એક ઐતિહાસિક બિલ જ્યારે આ વિધાનસભાગૃહમાં દાખલ કર્યું છે ત્યારે મારા અનેક સાથી સભ્યોએ આ બિલમાં પોતપોતાના મંતવ્ય રજૂ કર્યા છે. માનનીય શૈલેષભાઇ ઊભા થયા ત્યારે મને એવું લાગ્યું કે, આજે પિન્ક કલરનું જેકેટ પહેરીને આવ્યા છે તો બધાં બહેનોનાં સપોર્ટમાં આ બિલને ટેકો આપશે. રાજ્યભરમાં પવિત્ર ચૈત્રી નવરાત્રિનો મહોત્સવ ચાલી રહ્યો છે. આ એ પર્વ છે જ્યાં આપણે નારી શક્તિની ઉપાસના કરીએ છીએ અને આ કેટલો અદભૂત સંજોગ છે કે, નવદુર્ગાની આરાધનાના આ જ પવિત્ર દિવસોમાં ગુજરાત સરકાર ગુજરાતની લાખો માતાઓ/બહેનો અને દીકરીઓને સશક્ત કરવાનું બિલ લઇને આ ગૃહમાં આવી છે. આ બિલ રાજ્યની મહિલા શક્તિના સન્માનનો એક ઐતિહાસિક નિર્ધાર છે. આજે આ પવિત્ર ગૃહમાં એક એવો ઐતિહાસિક પ્રસ્તાવ માનનીય મુખ્યમંત્રીશ્રીએ રજૂ કર્યો છે જેની પ્રતીક્ષા આ રાજ્યની જનતા દાયકાઓથી કરી રહી હતી. ભારતનું બંધારણ ઘડનારા આપણા મહાન શિલ્પીઓએ સમાનતા અને ન્યાયનો પાયો નાખ્યો હતો. બંધારણસભાના એ મહાનુભાવોના સંકલ્પને ચરિતાર્થ કરનારું આ બિલ આજે સૌની સમક્ષ મૂકવામાં આવ્યું છે. જેનું નામ છે 'ધી યુનિફોર્મ સિવિલ કોડ ગુજરાત-૨૦૨૬.' આજે ગુજરાત વિધાનસભાના ગૌરવશાળી ઇતિહાસમાં એક સુવર્ણ અધ્યાય લખાવા જઇ રહ્યો છે. જેની નોંધ આવનારી સદીઓ લેશે. મને પૂર્ણ વિશ્વાસ છે કે, આવનારી પેઢીઓ આ બિલના પ્રસ્તાવને એક ઐતિહાસિક અને યુગાંતકારી કદમ તરીકે હંમેશા યાદ રાખશે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું આ ઐતિહાસિક સમાન નાગરિક ધારા (યુ.સી.સી.) બિલની જોગવાઇઓ વિશે મારી વાત આ ગૃહ સમક્ષ મૂકવા જઇ રહ્યો છું. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં અને આ રાજ્યના કાયદામંત્રી

તરીકે હું 'ધ યુનિફોર્મ સિવિલ કોડ બિલ ગુજરાત' ને મારું સમર્થન આપવા ઊભો થયો છું. આપણું ગુજરાત હંમેશથી દેશને નવી દિશા ચીંધનારું અને રાષ્ટ્ર નિર્માણમાં અગ્રેસર રહેનારું રાજ્ય છે. સરદાર સાહેબે ભૌગોલિક ભારતને એક કર્યું. એ જ ભારતને આર્થિક, વહીવટી અને સામાજિક સ્તરે એક તાંતણે બાંધવાનું ઐતિહાસિક ભગીરથ કાર્ય દેશના લોકપ્રિય પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી કરી રહ્યા છે. છેલ્લાં એક દાયકામાં આ દેશે રાષ્ટ્રીય એકીકરણમાં જે મહાન ઉપક્રમો જોયા છે તે અદભૂત છે, ઐતિહાસિક છે. આદરણીય મોદી સાહેબના નેતૃત્વમાં આ દેશે કેવું ઐતિહાસિક એકીકરણ જોયું છે તેના પર નજર કરીએ. અર્થતંત્ર મજબૂત બનાવવા, 'વન નેશન, વન ટેક્સ', ગરીબનું હિત સાચવવા 'વન નેશન, વન રાશનકાર્ડ', વિદ્યાર્થીઓને નેશનલ આઇ.ડી. આપવા માટે 'વન સ્ટુડન્ટ, વન આઇ.ડી.', શિક્ષણને આધુનિક બનાવવા 'વન નેશન, વન એજ્યુકેશન પોલિસી', ટોલ ટેક્સને મોડર્ન બનાવવા 'વન નેશન, વન ફાસ્ટ્રેક', ખેતી બજારને જોડવા 'વન નેશન, વન માર્કેટ ઈનામ' લાવ્યું. ખેડૂતનું સન્માન જાળવવા 'વન નેશન, વન ફર્ટિલાઇઝર', એનર્જી નેટવર્ક મજબૂત કરવા માટે 'વન નેશન, વન ગ્રીડ', જનતાને આરોગ્ય કવચ આપવા માટે 'વન નેશન, વન હેલ્થ કાર્ડ', કટોકટીમાં ડાયલ કરવા માટે 'વન નેશન, વન નંબર ૧૧૨.' અમે સૌ ખૂબ સ્પષ્ટ વિચારો સાથે કામ કરવાવાળા લોકો છીએ. અમારી માનસિકતા, અમારા વિચારો અને અમે કહેલી વાતને પૂર્ણ કરવા માટે અમે ક્યારેય અમારા વચનોથી દૂર ભાગ્યા નથી. આઝાદી મળી ગઇ, આઝાદી પહેલાંથી આ દેશના લાખો-કરોડો સનાતની પરિવારો, યુવાનોએ બાધા લીધી હતી કે ક્યારે રામમંદિર બનશે? અને કયારે રામલલ્લાના દર્શન કરવા માટે હું મારા માતા-પિતા, દાદા-દાદી જોડે જઇને દર્શન કરીશ? આદરણીય મોદીજીએ કહ્યું હતું કે, '**मंदिर वहीं बनाएंगे।**' રામ મંદિર પણ બન્યું, ત્રિપલ તલાકના કાળા કાયદાને પણ હટાવવામાં આવ્યો, કલમ-૩૭૦ હટાવવામાં આવી, સિટિઝન એમેન્ડમેન્ટ એક્ટ લાવવામાં આવ્યો. આવા અનેક નિર્ણયો વર્ષોથી અમારી વિચારધારા, અમારા વિષયો અને અમારા ચૂંટણી ઢંઢેરામાં આપ્યા હતા એ બધા જ વિષયોને પૂર્ણ કરવા અને વાયદાનું પાલન કરવું એ સરકારનું નામ છે મોદી સરકાર અને આ ડબલ એન્જિનની સરકારે એ જ વિચારોને આગળ વધારતા રાષ્ટ્રીય એકીકરણના આ મહાન યજ્ઞમાં એક ઐતિહાસિક આહુતિ બાકી છે. સૌને સમાન ન્યાય આપવા, 'વન નેશન, વન સિવિલ લો' એટલે કે આખા દેશ માટે એક સમાન નાગરિક કાયદો આજે ગુજરાત આ યુનિફોર્મ સિવિલ કોડનું બિલ લાવીને એક દેશ સમાન કાયદાના વિઝનને સાકાર કરવા જઇ રહ્યું છે. આદરણીય મુખ્યમંત્રીશ્રીને મારી પેઢી અને અહીં બેઠેલાં સૌ ધારાસભ્યોને મારા પછીની પેઢીના સૌ યુવાનો અને યુવતીઓ વતી હું એમનો આભાર માનું છું કે તમે અમને સૌને એક નવા કાયદાનું દર્શન કરાવશો. જેની અંદર તમામ લોકોને એકસમાન હક્ક હોય જે દેશનું અર્થતંત્ર એક હોય, જેની વ્યવસ્થાઓ એક હોય તો પછી દેશની દીકરીઓને નાગરિકતાનો સિવિલ રાઇટ્સ કેમ અલગ-અલગ હોય? આ બિલ એ કોઇ ધર્મ, કોઇ આસ્થા કે કોઇની પૂજા પદ્ધતિના વિરોધમાં નથી. આ બિલ કોઇના રીત-રિવાજો છીનવી લેવા માટે નથી પરંતુ, આ બિલ આ રાજ્યની લાખો એવી દીકરીઓ અને માતાઓના આસું લૂછવા માટે છે. જેઓ વર્ષોથી કાયદાની અસમાનતાના કારણે અન્યાય સહન કરી રહ્યા છે. જ્યારે આપણા દેશમાં સજા આપવા માટેનો ક્રિમિનલ કાયદો એકસમાન છે, કોઇ ચોરી કરે, ખૂન કરે, ટ્રાફિકનો નિયમ તોડે તો તે હિન્દુ હોય કે મુસ્લિમ તમામ લોકોને એકસરખો દંડ અને એકસરખી સજા મળે છેતો પછી જ્યારે વાત દીકરીના લગ્નની આવે, તેના છૂટાછેડાની આવે, તેના ભરણપોષણની આવે કે પિતાની મિલકતમાં તેના સમાન હિસ્સાની આવે ત્યારે તેનો ધર્મ કેમ પૂછાય છે? ધર્મના નામથી અનેક સમાજની દીકરીઓ જોડે અન્યાય કેમ થાય છે? માટે આ બિલ એ નારી સશક્તિકરણ, સામાજિક સમરસતા અને કાયદા સમક્ષ સૌની સમાનતાનું સૌથી મોટું અને નિર્ણાયક પગલું છે. યુનિફોર્મ સિવિલ કોડનો વિચાર કરીએ તો યુનિફોર્મ સિવિલ કોડ એ કોઇ આજકાલનો વિચાર નથી તે છેક કોલોનિયલ કાળથી ચાલ્યો આવે છે. બ્રિટિશ શાસન દરમિયાન અંગ્રેજોએ આખા દેશ માટે ફોજદારી કાયદા તો સમાન બનાવ્યા પરંતુ લગ્ન, વારસો અને છૂટાછેડા જેવા અંગત કાયદાઓને વિવિધ ધાર્મિક સમુદાયો માટે અલગ-અલગ જ રહેવા દીધા. વર્ષ ૧૮૪૦ના લેક્સ લોકી રિપોર્ટમાં દીવાની સિવિલ કાયદાઓમાં સમાનતા લાવવાની ભલામણ કરવામાં આવી હતી પરંતુ અંગ્રેજોએ પણ ભાગલા પાડો અને રાજ કરો, એ નીતિ અપનાવીને પર્સનલ લોને તેમનાથી બાકાત રાખ્યા. ભારત તો આઝાદ થઇ ગયું. બંધારણ સભામાં આ મુદ્દાઓ ફરીથી ખૂબ જ ઉગ્રતાથી ઉઠ્યા. જ્યારે આ દેશનું બંધારણ ઘડાઇ રહ્યું હતું ત્યારે મહિનાઓ સુધી ગહન મંથન ચાલ્યુ હતું. બંધારણના શિલ્પી ડૉ. બાબાસાહેબ આંબેડકર, શ્રી કનૈયાલાલ મુનશી અને શ્રી અલાદી કૃષ્ણસ્વામી ઐયર જેવા મહાન વિચારકોનો એક સ્પષ્ટ મત હતો કે જ્યાં સુધી આ દેશમાં ધર્મના નામે અલગ-અલગ અંગત કાયદાઓ અસ્તિત્વમાં રહેશે ત્યાં સુધી સાચા અર્થમાં સમાનતા અને રાષ્ટ્રીય એકતા ક્યારેય પ્રસ્થાપિત નહીં થઇ શકે. ડૉ. બાબાસાહેબ આંબેડકરના સંવિધાનમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ડાયરેક્ટિવ પ્રિન્સિપલ ઓફ સ્ટેટ પૉલિસીના ભાગ-૪માં આર્ટિકલ-૪૪ ઉમેરીને ભવિષ્યની સરકારોને દિશાસૂચન કર્યું હતું કે ભારતના સમગ્ર પ્રદેશોમાં નાગરિકો માટે સમાન નાગરિક સંહિતા સુનિશ્ચિત કરવાનો રાજ્યો પ્રયાસ કરશે. દુઃખની વાત એ છે કે આઝાદી પછી દાયકાઓ સુધી સત્તા ઉપર રહેલા લોકોએ વોટબેંકના સ્વાર્થમાં, અપિઝમેન્ટની રાજનીતિમાં અને ઓર્થોડોક્સ મેન્ટાલિટીના દબાણમાં આવીને સંવિધાનના પાવન આદેશને અભરાઇએ ચડાવી દીધો હતો. બંધારણની વાત તો દરરોજ કરવામાં આવે છે પણ બંધારણમાં જે કઇ વસ્તુઓ લખી છે, બંધારણ આપણને સૌને જે કહીને ગયું છે અને બંધારણ જે દુનિયાનું સૌથી સર્વશ્રેષ્ઠ બંધારણ છે એ બંધારણના નામે રાજનીતિ કરનાર લોકો જો ખરેખર બંધારણને વાંચશે તો યુ.સી.સી. માટે કોઇ એક પણ પ્રશ્ન નહીં કરે. બંધારણની વાતો કરનારાઓ દ્વારા બંધારણના ઘડવૈયાઓના સપનાની વર્ષો સુધી લીટરલી હત્યા કરવામાં આવી છે પરંતુ વડાપ્રધાનશ્રી

નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જ્યારે સબ કા સાથ, સબ કા વિકાસ, સબ કા વિશ્વાસ અને સબ કા પ્રયાસનો મંત્ર આ દેશનો રાષ્ટ્રધર્મ બન્યો છે ત્યારે આ નીતિઓ અપનાવી ગુજરાત સરકારે હવે ઐતિહાસિક બીડું ઝડપ્યું છે. બંધારણના પાયાના સિદ્ધાંતો આ બિલને સંપૂર્ણ સમર્થન આપે છે. આર્ટિકલ–૧૪ કાયદા સમક્ષ સમાનતા, આર્ટિકલ–૧૫ ભેદભાવ ઉપર પ્રતિબંધ, આર્ટિકલ–૨૧ ગરિમા અને કૌટુંબિક કાયદાના અધિકારો, આર્ટિકલ–૫ ધાર્મિક સ્વાતંત્ર્ય જે જાહેર વ્યવસ્થા, નૈતિકતા અને સ્વાસ્થ્યને આધીન છે. આપણું બંધારણ રાષ્ટ્રીય એકીકરણ અને સમાન ન્યાયી માટે સ્પષ્ટ સંદેશ આપે છે. વર્ષ ૧૯૭૩ના કેશવાનંદ ભારતી વિરુદ્ધ સ્ટેટ ઓફ કેરલ કેસની આપણને યાદ અપાવે છે કે સાચી બંધારણીય વફાદારી અસમાનતાને જાળવી રાખવામાં નથી પરંતુ ન્યાયને આગળ વધારવામાં છે. આ બિલ શા માટે જરૂરી છે? બિલના ૪ મુખ્ય પીલરો છે. પહેલું જેન્ડર જસ્ટિસ, બીજું રાષ્ટ્રીય એકીકરણ, ત્રીજું કાનૂની સરળીકરણ અને ચોથું બંધારણીય નૈતિકતા. જે લોકોને એવી શંકા છે કે આનાથી તેમની ધાર્મિક સ્વતંત્રતા જોખમમાં છે તેમને મારે સ્પષ્ટ કહેવું છે કે, આ કોડ એ માત્ર દિવાની એટલે સિવિલ બાબતોને નિયમન કરે છે. ધાર્મિક પ્રથાઓનું નહીં. બંધારણના આર્ટિકલ–૨૫નું સંપૂર્ણ રક્ષણ આ બિલથી અકબંધ રહે છે. વિશ્વના અનેક વિકસિત અને પ્રગતિશીલ દેશોએ દાયકાઓ અને સદીઓ પહેલાં એક દેશ એક કાયદાનો મંત્ર સ્વીકારી લીધો છે. આધુનિક સિવિલ કોડનો પાયો નાખનાર ફ્રાન્સ છે અને ત્યાં વર્ષ ૧૮૦૪થી ફ્રેન્ચ સિવિલ કોડ અમલી છે. જે ધર્મના ભેદભાવ વગર તમામ નાગરિકોને સમાન અધિકાર આપે છે. જર્મનીમાં વર્ષ ૧૯૦૦થી આ પ્રકારનો કાયદો લાગુ પડેલ છે. મુસ્લિમ બહુમતી ધરાવતા તુર્કીમાં તુર્કી સિવિલ કોડ અપનાવાયો છે. નેપાલ હોય કે મુસ્લિમ બહુમતી ધરાવતું અઝરબૈજાન હોય ત્યાં પણ ફેમિલી કોડ અપનાવાયો છે. આ પ્રકારે મોટાભાગના મુસ્લિમ બહુમતી ધરાવતા દેશોમાં પણ આ પ્રકારનો મુસ્લિમ પર્સનલ લો કોઇપણ પ્રકારે ત્યાં લાગુ પડતો નથી. તે પ્રકારના નિયમો દેશમાં એકસરખા નિયમો લગ્ન માટે અને દિવાની કાનૂન માટે લાવવામાં આવ્યા છે. ગોવા આપણા દેશનું એક માત્ર એવું રાજ્ય છે કે જ્યાં યુનિફોર્મ સિવિલ કોડ આઝાદી પહેલાં આવી ગયું હતું. આજ સુધી ગોવામાં યુનિફોર્મ સિવિલ કોડ લાવ્યા પછી તેને લઇને કોઇ સમાજ સાથે અન્યાય થયો હોય એવો એકપણ દાખલો સામે આવ્યો નથી. ગોવા બાદ આઝાદ ભારતના ઇતિહાસમાં સૌપ્રથમવાર ઉત્તરાખંડ સરકારે આ ઐતિહાસિક પગલું ભરીને પોતાના રાજ્યમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરીને એક નવી કેડી કંડારી છે. હવે ઉત્તરાખંડ બાદ આપણું ગુજરાત આ દિશામાં મક્કમ ડગલાં માંડીને દેશના અન્ય રાજ્યો માટે કાયદાકીય સમાનતાનું એક ઉત્તમ અને મજબૂત ઉદાહરણ પૂરું પાડવા જઇ રહ્યું છે. મને આજે મારા સાથી ધારાસભ્યની જે ચિંતા છે એ ચિંતામાં કોઇએ પણ પર્ટીક્યુલર કઇ કલમમાં ખરેખર શું બદલાવ કરવો જોઇએ, કોઇમાં કડકાઇ લાવવી જોઇએ, કોઇમાં નબળું કરવું જોઇએ એ બાબતની ચર્ચા ક્યાંય ન આવી. હું કૉંગ્રેસ પક્ષના (અંતરાય) તમે ચાર દિવસ મહેનત કરી. એમાં ૪ વકીલ, માનનીય શૈલેષભાઇ પોતે વકીલ..(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આ પ્રશ્ન જ બંધારણનો છે એટલે વકીલની જરૂર પડે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એમના પક્ષના પ્રમુખ જ્યારે ઊભા થયા, એમણે કહ્યું કે કમિટીનો રિપોર્ટ મળ્યો હોત તો અમે અભ્યાસ કરતાં. તમે બિલનો સ્ટડી કરી લીધો હોત તો એક–બે કલમો ઉપર બોલ્યા હોત. હું આ સભાગૃહ સમક્ષ યુનિફોર્મ સિવિલ કોડનું બિલ આજે માનનીય મુખ્યમંત્રીશ્રીએ વિધાનસભામાં રજૂ કર્યું છે તે પહેલાં એની શું એક્સરસાઇઝ થઇ છે, કઇ રીતે આ રિપોર્ટ આવ્યો અને એ પછી બિલ કઇ રીતે બન્યું, ગુજરાતની ટીમે કેટલાય કલાકો સુધી રાત–દિવસ કામ કર્યું છે તે આ વિધાનસભા ગૃહ સમક્ષ મૂકવા માગું છું. સુપ્રીમકોર્ટના એક્સ જસ્ટીસ શ્રીમતી દેસાઇની સમિતિએ લોકશાહી ઢબે રાજકીય પક્ષોના અભિપ્રાયો પણ સાંભળ્યા છે. એ વાત અલગ હતી કે આ પક્ષો જ્યારે અભિપ્રાય આપવા ગયા ત્યારે યુ.સી.સી.ની કઇ કલમમાં શું હોવું જોઇએ? માનનીય શૈલેષભાઇ બે મિનિટ...

ઉપાધ્યક્ષશ્રી : બેઠાં બેઠાં કોમેન્ટ નહીં કરો.

શ્રી હર્ષ ર. સંઘવી : મેં આજે દિલથી એવું વિચારેલું કે પિન્ક કોટી પહેરીને જ્યારે તમે આવ્યાં છો ત્યારે બધી બહેનોના રક્ષણ માટે તમે આ બિલના સહયોગમાં ઊભા થવાના હશો.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇએ આ વખતે બહુ કર્યું નથી.

શ્રી હર્ષ ર. સંઘવી : ના, ના, સાહેબ, એનું કારણ છે કે આ વખતે ૪ દિવસ બિલ વાંચેલું. આમાં કંઇ થાય એવું જ નથી. (અંતરાય) માનનીય શૈલેષભાઇ, અમે તો એવું કહીએ છીએ કે રાજ્યના હિતમાં, રાજ્યની દીકરી, બહેનો અને માતાના હિતમાં બિલ લાવ્યા હોય ને અને એ બિલમાં તમારા જેવા લોકો એવા સહયોગી રહે કે આવતી ટર્મમાં પણ અમે તમને મીસ ના કરીએ. અમને તો તમે જોઇએ. તમે રહો એટલું સારું. કૉંગ્રેસ પક્ષ જ્યારે આ બેઠકોમાં ગયું, દરેક શહેર અને જિલ્લામાં કમિટી ગઇ છે અને કમિટીએ સાંભળ્યું છે પણ દુ:ખની વાત એ છે કે કૉંગ્રેસ એક જ લાઇન રટીને ગઇ હતી કે હાલ યુ.સી.સી.ની જરૂર નથી. રિપોર્ટની તમામ જગ્યાઓ ઉપર એક માત્ર કૉંગ્રેસની કોમન લાઇન નીકળી હોય તો એ હતી કે યુ.સી.સી.ની જરૂર નથી. યુ.સી.સી.ની જરૂર છે કે નહીં એ રાજ્યના નાગિરકોએ નક્કી કર્યું છે. મને કૉંગ્રેસના જવાબથી જરાય આશ્ચર્ય નથી. કારણ કે ૭૦ વર્ષ પહેલાં જ્યોરે આ દેશના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરે મહિલાઓને સમાન અધિકાર આપવા માટે કાયદો લઇને આવ્યા હતા ત્યારે પણ કોંગ્રેસની સરકારમાં તત્કાલીન વડાપ્રધાન આદરણીયશ્રી જવાહરલાલ નહેરુએ આ જ બહાનું કાઢ્યું હતું કે, અત્યારે આ કાયદો પસાર કરવાનો સમય પાક્યો નથી. ૭૦ વર્ષ પહેલા નહેરુજીએ આ કહેલું. ૭૦ વર્ષ પછી માનનીય શૈલેષભાઇ અને એમના નેતાઓ જ્યારે રાજ્યના અલગ અલગ શહેરોમાં, જિલ્લાઓમાં કમિટીને મળવા ગયા ત્યારે

એમણે માત્ર ને માત્ર યુ.સી.સી.થી વિરોધ હતો. કૉંગ્રેસ અને નહેરુજીની મહિલાઓ પ્રત્યેની માનસિકતાથી કંટાળીને ડૉ. બાબાસાહેબ આંબેડકરે દુ:ખી હૃદયે દેશના કાયદામંત્રીના પદ પરથી રાજીનામું ફેંકી દેવું પડ્યું હતું. ગુજરાતની જનતાએ કૉંગ્રેસના કહેવાતા યોગ્ય સમયના મંતવ્યની રાહ જોવાની નથી. સમાનતાનો એ સમય હવે આવી ચૂક્યો છે. આ વિષયની સંવેદનશીલતા સમજીને સમિતિએ અભૂતપૂર્વ લોકસંપર્ક કર્યો છે. પોસ્ટ હોય, ઈ-મેઇલ હોય, વેબ પોર્ટલ હોય એવા તમામ માધ્યમોથી સૂચનો મંગાવવામાં આવ્યા છે. ગ્રાઉન્ડ લેવલ પર જઈને સંસ્થાઓ અને હિતધારકોને રૂબરૂ સાંભળ્યા છે. મને આ ગૃહને જણાવતાં ગર્વ થાય છે કે સમિતિને લગભગ ૨૦ લાખ સૂચનો મળ્યાં છે. દેશના ઈતિહાસમાં કદાચ જ કોઈ કાયદા માટે આટલી મોટી જનભાગીદારીઓ મળી હશે. ૪૯ ટકા એટલે કે ૯.૭૨ લાખ લોકોએ ઈ-મેઇલ મારફતે સૂચનો આપ્યા. ૫.૫ ટકા એટલે કે ૧.૯ લાખ લોકોએ વેબ પોર્ટલનાં માધ્યમથી સૂચનો આપ્યાં છે. અંદાજે ૨૦ લાખ સૂચનોમાં બહુમતી કોના તરફ મળી? યુ.સી.સી. તાત્કાલિક લાગુ કરવા માટે બહુમતી મળી. આ ડેટા કહી રહ્યો છે કે ગુજરાતીઓ હવે ભેદભાવ સહન કરવા માટે તૈયાર નથી. કાયદામાં લગ્નની સમાન જોગવાઈઓ સામેલ કરવા માટે ૮૧ ટકા લોકોએ સમર્થન આપ્યું છે. છૂટાછેડા માટે કાયદો હોવા માટે ૭૯ ટકા લોકોએ મહોર મારી છે .૮૩ ટકા લોકો માને છે કે પારિવારીક કાયદામાં મહિલાઓ સાથે થતો ભેદભાવ તાત્કાલિક દૂર કરવો જોઈએ .લગ્ન રદ થવા કે છૂટાછેડાની નોંધણી ફરજિયાત બનાવવા માટે ૮૬ ટકા લોકોએ સમર્થન આપ્યું છે .તમામ સમુદાયોમાં છૂટાછેડા માટે સમાન આધાર હોવા જોઈએ તેના પક્ષની અંદર ૮૪ ટકા લોકો છે. મહિલા વિરોધી અને ભેદભાવપૂર્ણ છૂટાછેડાના કાયદાઓને નાબૂદ કરવા માટે ૮૧ ટકા લોકો હા કહે છે .છૂટાછેડા અને ભરણ પોષણનો એક સમાન કાયદો બને તેના સમર્થનમાં ૮૫ ટકા લોકો છે અને સૌથી મોટી વાત તમામ સમુદાયોમાં સ્ત્રી અને પુરુષ માટે એકસમાન મિલકત સંપત્તિ અધિકાર હોવા જોઈએ તેના માટે પણ દેશના ૮૬ ટકા લોકોએ પોતાનો મજબૂત ટેકો આપ્યો છે .

માનનીય અધ્યક્ષશ્રી, આ તમામ લોકોના જે વિચારો છે તેમના હૃદયની જે વાતો છે, જે તેમનાં સૂચનો છે તે તમામ વિષયોને આ બિલની અંદર સમાવેશ કરવામાં ગુજરાત સરકારે રાત-દિવસ એક કરીને એક ઐતિહાસિક બિલ આજે અહીંયા મુખ્યમંત્રીશ્રીએ રજૂ કર્યું છે. મારે તો આજે અમીતભાઇ ચાવડાએ કૉંગ્રેસ પક્ષના પ્રમુખ તરીકે કૉંગ્રેસની માનસિકતા અહીંયા મૂકી છે કે પોતાના વિચાર હતા એ જાણવા માગું છું. અમારા બેઉ આદિવાસી ધારાસભ્ય ડૉ.તુષારભાઇ પણ અહીંયા છે. અમીતભાઇને વારંવાર ટ્રેઝરી બેન્ચમાંથી પૂછવામાં આવ્યું કે તમે કિલયર કરો કે આ યુ.સી.સી. બિલમાં ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે આદિવાસીઓનો સમાવેશ નથી કર્યો તેમની સંસ્કૃતિ, તેમના બધાજ રીતિ-રિવાજ જાળવી રાખ્યા છે. શ્રી અમીતભાઇની જે વાત હતી તે વાત દર્શાવી રહી હતી કે એમનું અને કૉંગ્રેસ પક્ષનું એવુ માનવું છે કે, આદિવાસી સમાજને પણ યુનિફોર્મ સિવિલ કોડમાં સમાવેશ કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સ્પષ્ટ કરવું પડશે કે એમનો શું વિચાર છે? એમની શું વિચારધારા છે અને શું કૉંગ્રેસ પક્ષ આદિવાસી સમાજના જે રીતિ-રિવાજ છે તે બદલવા માગે છે? શું તેમના રિવાજો છે તે તમામ રિવાજો તમે બદલવા માગો છો? મને દુ:ખ થયું કે બે આદિવાસી ધારાસભ્ય ત્યાં બેઠા હતા. આદિવાસીઓના મસીહા બનીને અલગ અલગ વિષયોની અંદર અનેકવાર બોલતા હોય છે. આજે માઇક પર અહીંયા આવતાં પહેલાં અનેક વખત બોલ્યાં કે યુ.સી.સી.માં આજે આદિવાસીઓ નથી પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર આ આદિવાસીઓને આજે નહીં તો કાલે લઈ આવશે તેમના પોતાના પક્ષના નેતા જયારે બોલતા હતા ત્યારે એક પણ ના ચહેરા ઉપર ગમ નહોતો તે દર્શાવે છે કે કૉંગ્રેસની વિચારધારામાં આ આદિવાસી સમાજના રીતિ-રિવાજ બધુ જ બદલી લેવા માટેનો પ્રયાસ છે. માનનીય શૈલેષભાઇ આજે કિલયર કરે કે એમની પાર્ટીનો સ્ટેન્ડ શું છે? હવે તો નેતાશ્રી પણ આવી ગયા. ડૉ.તુષારભાઇ તેમની વાતની અંદર મને વિશ્વાસ છે કે કિલયર કરશે કે અમીતભાઇના પોતાના વિચાર હતા કે કૉંગ્રેસ પાર્ટીના વિચાર હતા જેથી અમને પણ સમજણ પડે કે તમે શું કરવા માગી રહ્યાં છો? હું આ ગૃહની અંદર કહેવા માગું છું કે, જયાં સુધી ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાત રાજયમાં, દેશમાં છે, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર તે આદિવાસી સમાજના રીતિ-રિવાજ આ બધું આજીવન જાળવી રાખવાના સંકલ્પ જોડે કામ કરી રહી છે. અમે તમારી આ બેવડી નીતિમાં ફસાવવાળા લોકો નથી. આજે આમ આદમી પાર્ટીના શ્રી ચૈતરભાઇ તમે બોલવાના છો. *(**xxx**) અંદરોઅંદર કરો છો એટલે તમને પણ ખબર પડે અને અમને પણ ખબર પડે કે તમે કયા વિચારોમાં છો? પાછા ધ્યાન રાખજો. એડવોકેટ સાહેબ તમે પણ જાજો.

ઉપાધ્યક્ષશ્રી : બેઠાં બેઠાં કોમેન્ટ નહીં કરો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય ગોપાલભાઇ આમાં એવું છે કે, આ શ્રી ચૈતરભાઇ અને શ્રી અમીતભાઇ અંદરોઅંદર (**xxx**) કરીને અમુકવાર હાથ મિલાવી લે છે. આજે પણ ખબર પડે કે ચૈતરભાઇ હાથ મિલાવે છે કે શું કરે છે. શ્રી ચૈતરભાઇ, આમાં તો બધું * (**xxx**) થઇ ગયું એટલે આમાં તો વાંધો નહીં આવે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતના મારા આદિવાસી ભાઇ-બહેનોને સંપૂર્ણ વિશ્વાસ અપાવવા માગું છું કે, આ સરકાર આદિવાસી સંસ્કૃતિની સૌથી મોટી રક્ષક છે. જસ્ટીસ શ્રીમતી રંજના પ્રકાશ દેસાઇ કમિટીના વિસ્તૃત રિપોર્ટ અને ભલામણોને અક્ષરશઃ ધ્યાનમાં રાખીને આ પ્રસ્તાવિત

* આ શબ્દો અસંસદીય હોઇ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

યુનિફોર્મ સિવિલ કોડ બિલમાંથી ભારતના બંધારણના આર્ટિકલ –૩૬૬ (૨૫) હેઠળ આવતી તમામ અનુસૂચિત જનજાતિ, આદિવાસી સમુદાયને સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવી છે. માનનીય અમિતભાઇએ અનેક અનેક સમાજની સરખામણી કરી.

ઉપાધ્યક્ષશ્રી : બાજુમાં કાંતિભાઇ ખુશ છે.

શ્રી હર્ષ સંઘવી : હું તો કહું છું કે જો આજે લાઇવ ચાલતું હોત ને તો કૉંગ્રેસની હાલત શું થાત? માનનીય કાંતિભાઇ તમે તમારા વિસ્તારમાં ના જઇ શકતા. આ તમારા નેતાના વિચારો સાંભળ્યા હોત ને તો તમારા આદિવાસી સમાજને ખબર પડી જાત કે બગલ મેં રામ અને પેલું કોનામાં છે.

ઉપાધ્યક્ષશ્રી : ટૂંકમાં શ્રી કાંતિભાઇ ખુશ છે. આપ આગળ વધો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી કાંતિભાઇ તો ખુશ હોય ને, હું તો કહું છું કે એટલો વીડિયો કાઢીને પોતાના ફેસબુક ઉપર મૂકે તો હું માની જાઉં. આજનું તો પાકું જાહેર કરવું જોઇએ. લોકોને પણ ખબર પડે કે વાત આદિવાસીઓની અને વિધાનસભાગૃહમાં આદિવાસીઓના રીતિ–રિવાજ બચાવવા માટે ભારતીય જનતા પાર્ટીએ કામ કર્યું હોય તો એ રીતિ રિવાજ તમે પૂરા કરવાના પ્રયાસ કરો છો એ લોકોને પણ ખબર પડશે. આ યુ.સી.સી. કાયદો આદિવાસી સમાજના કોઇપણ તેમના રીતિ–રિવાજ, લગ્ન, છૂટાછેડા કે વારસાની પ્રથાઓમાં લેશમાત્ર પણ દખલગીરી નહી કરે. આદિવાસી સમાજની પરંપરાઓ અને તેમના હિતોનું રક્ષણ કરવું એ આ સરકારની બંધારણીય અને નૈતિક ફરજ છે અને આ બિલમાં તેનું સો ટકા રક્ષણ સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજી વારંવાર ભાર મૂકીને કહે છે કે, કોઇપણ દેશ બેવડી કાયદાકીય વ્યવસ્થાઓથી ચાલી શકે નહીં. કાયદા સમક્ષ સમનાતા એ જ આપણા બંધારણનો સાચો આત્મા છે અને આપણા કેન્દ્રીય મંત્રીશ્રી અમીતભાઇ શાહ પણ બિલકુલ સાચું જ કહે છે કે યુનિફોર્મ સિવિલ કોડ કોઇ ધર્મનો વિરોધી નથી તે તમામ નાગરિકો માટે સમાનતા અને ન્યાયની તરફેણમાં છે. આજે ગુજરાત સરકાર એ જ શબ્દોને સાકાર કરી રહી છે કે,

जो तुफानों में पलते जा रहे हैं, वहीं दुनिया बदलते जा रहे हैं,
मुश्किलें बहूत थी रास्ते में, मगर हम इतिहास लिखते जा रहे हैं।

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું આ સભાગૃહ સમક્ષ ૬–૭ મુખ્ય કલમો જે માનનીય શૈલેષભાઇએ ચાર દિવસમાં વાંચી છે એ જ કલમો એમણે મને સમજાવી છે, એ હું આ સભાગૃહમાં મૂકવા માગું છું. (અંતરાય) હું સભાગૃહમાં આ બિલના અંતર્ગત કલમ–૪/૧ એક પત્ની એક પતિવ્રતના કડક પાલન માટે છે એ હું સમજાવવા માગું છું. આજે મારે ગુજરાત હાઇકોર્ટમાં નોંધાયેલા જાફર અબ્બાસ રસુલ મોહમ્મદ મર્ચન્ટ કેસની હકીકત જણાવવી છે. આ બિલ કેમ? આ બિલની અંદર કલમો કઇ કઇ, શેના માટે છે? તો આ છ એ છ કલમના ભૂતકાળના અનેક અનુભવો અને અનુભવ મારા મનના નથી, સુપ્રીમકોર્ટ અને હાઇકોર્ટના અનેક ઓર્ડરો અને ઓર્ડરો દરમિયાન જે ચીફ જસ્ટીસ કે હાઇકોર્ટના જસ્ટીસોએ જે ઓર્ડર આપ્યા છે અને એની અંદર જે મહત્ત્વના મુદ્દાઓ ટાંકયા છે એ આ સભાગૃહની સામે મૂકવા માગું છું. જાફર અબ્બાસ રસુલ મોહમ્મદ મર્ચન્ટ કેસની હકીકત કહું તો આ કહાની ભાવનગરની એક મુસ્લિમ દીકરી સાજેદા બાનુની છે. ભાવનગરની આ દીકરીના નિકાહ થાય છે. તે સાસરે જાય છે અને એક દીકરાની માતા બને છે. એ માસૂમ દીકરી પોતાનો સંસાર બચાવવા રાત–દિવસ મહેનત કરે છે પણ થોડા સમયમાં જ પતિ અને સાસરીયાઓનું સાચું અને અસલી રૂપ બહાર આવે છે. દહેજ માટે આ દીકરીને બેરહેમીથી માર મારવામાં આવે છે. એના મા–બાપ વિશે અનાપ–શનાપ ગાળો અપાય છે. અત્યાચારની હદ તો ત્યારે વટાવી દેવાય છે કે જ્યારે એ જ પતિ પોતાની પહેલી પત્ની અને માસૂમ બાળક હયાત હોવા છતાં કોઇ જ શરમ અને સંકોચ રાખ્યા વગર બીજી સ્ત્રી સાથે બીજા નિકાહ કરીને એ જ ઘરમાં, એ જ રૂમમાં બીજી પત્નીને લઇને આવી જાય છે. પહેલી પત્ની અને બાળકોને બીજા જ દિવસે રસ્તા પર રઝળતાં છોડી દેવામાં આવે છે. દીકરી ન્યાયની આશાએ ભાવનગરના એક પોલીસ સ્ટેશનના પગથિયાં ચડે છે.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

તે પોતાના પતિ સામે દહેજ, શારીરિક હિંસા બહુપત્નીત્વ હેઠળ એફ.આઇ.આર. નોંધાવે છે. ત્યાં સુધી તો બરાબર છે પણ આ કેસની સૌથી મોટાં કરુણ દ્રશ્યો કોર્ટમાં સામે આવે છે. આ ઘમંડી પતિને કાયદાનો કોઇ જ પ્રકારનો ડર ન હતો. તે ગુજરાત હાઇકોર્ટમાં જાય છે અને અત્યંત અહંકાર સાથે જજ સાહેબ સામે એવી દલીલ કરે છે કે ''હું મુસ્લિમ છું. મારો પર્સનલ લૉ મને ચાર પત્નીઓ રાખવાની છૂટ આપે છે. મેં બીજા લગ્ન કર્યા છે એમાં કોઇ ગુનો નથી કર્યો. આઇ.પી.સી. ની કલમ–૪૯૪ બહુ પત્નીત્વનો ગુનો મારા પર લાગુ ના પડે.'' તમે કલ્પના કરો કે આ રાજ્યની એક દીકરી જેને એક નાનો દીકરો હોય તેની પરિસ્થિતિ શું થઇ હશે? એના પરિવારની માનસિક સ્થિતિ શું હશે? જે પુરૂષે એની જિંદગી બરબાદ કરી નાંખી તે પુરુષ કાયદાની આંખમાં આંખ નાંખીને કહે છે કે ''ધર્મ મને સ્ત્રીઓનું જીવન બરબાદ કરવાની છૂટ આપે છે.'' શરમ આવવી જોઇએ. આ દલીલ સાંભળીને ગુજરાત હાઇકોર્ટના ન્યાયમૂર્તિ પોતે હચમચી ગયા. હાઇકોર્ટે તાત્કાલિક યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરવાની ટકોર કરી. આજે લાચાર સાજેદાબાનુ જેવી ગુજરાતની હજારો દીકરીઓના આંસુ લૂછવા માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે એમના બીલમાં કલમ–૪/૧ રજૂ કરી છે. જે આજ પછી ગુજરાતમાં કોઇ પણ પતિને કોઇ પણ પરિવારની માસૂમ દીકરીને

એનું જીવન બરબાદ કરવાની છૂટ નહિ આપે. આજે જે લોકો વિરોધ કરી રહ્યા છે એ સૌ લોકોને કહેવા માગું છું કે આ સાજેદાબાનુ જેવી હજારો–લાખો દીકરીઓને એના પરિવારમાં જઇને મળે, એની પરિસ્થિતિ સાંભળે અને એ સાંભળ્યા પછી જો એમને લાગે કે આવી લાખો દીકરીઓનું રક્ષણ કરવાની જવાબદારી લોકોએ આપણને આપી છે તો સર્વના હિતમાં મુખ્યમંત્રીશ્રીએ જે બિલ રજૂ કર્યું છે એની એક પણ કલમ ઉપર ટીકા કે વિરોધ કરે કે એક નાની ભૂલ કાઢી આપે તો કલાકો સુધી ચર્ચાઓ ચાલુ રાખી શકાય એમ છે. વર્ષ ૨૦૧૫–૧૬માં ગુજરાત હાઇકોર્ટ જાફર અબ્બાસ રસુલ મહમ્મદ મર્ચન્ટ વર્સીસ સ્ટેટ ઓફ ગુજરાત હાઇકોર્ટના કેસમાં મુસ્લિમ પર્સનલ લૉ હેઠળ તથા બહુપત્નીત્વ અંગે અંત્યત કડક અને આંખ ઉઘાડનારા અવલોકન કર્યા હતાં. આ ચુકાદાના પેરા–૪૨ અને ૪૩માં નામદાર હાઇકોર્ટે જે નોંધ્યું છે તે આજે આ ગૃહના રેકર્ડ પર લાવવું ખૂબ જરૂરી છે. પેરા–૪૨માં નામદાર હાઇકોર્ટે નોંધ્યું છે કે, પવિત્ર કુરાનમાં પણ બહુપત્નીત્વની માત્ર શરતી છૂટ અપાઇ છે અને તેમાં પણ સ્પષ્ટ કહેવાયું છે કે, જો પુરુષ પોતાની બધી પત્નીઓને એકસાથે સમાન ન્યાય ન કરી શકતો હોય તો તેને પણ માત્ર એક જ પત્ની રાખવી જોઇએ. પેરા–૪૩માં કોર્ટે અત્યંત વેદના સાથે નોંધ્યું છે કે, આજના સમયમાં બહુપત્નીત્વની પ્રથા સમાજની જાહેર નૈતિકતા માટે અત્યંત હાનિકારક છે.

માનનીય અધ્યક્ષશ્રી, હાઇકોર્ટે સ્પષ્ટ કહ્યું છે કે, જ્યારે પાકિસ્તાન, સીરિયા, ટ્યુનિશિયા, મોરક્કો અને અનેક કટ્ટર ઇસ્લામિક દેશોએ પણ બહુપત્નીત્વ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દીધો છે અથવા કડક નિયંત્રણો લાદી લીધા છે તો પછી ભારત જેવા બિનસાંપ્રદાયિક અને લોકશાહી દેશમાં મહિલાઓ આ કુરિવાજનો ભોગ શા માટે બને? જ્યારે ઇસ્લામિક દેશો પણ આ કુરિવાજોને નાબૂદ કરી રહ્યા હોય ત્યારે આપણે ત્યાં પર્સનલ લૉની આડમાં મહિલાઓનાં આત્મસન્માન કચડવાની છૂટ હવે વધુ સમય આપી શકાય નહીં. જો ધર્મના ઓથાર હેઠળ પણ કુરિવાજોને છાવરતા રહેશો તો સામાજિક પ્રગતિ ક્યારેય નહીં થાય. માનનીય ઇમરાનભાઇ ધ્યાન રાખો.

तुम जिसे ज़ल्म कहते हो, वो उनकी तकदीर बन गई,
खामोश लब थे, मगर आंखे तहरीर बन गई,
अब बहूत हो चुका चूप रहने का ऐ मेरे दोस्त,
उनके आंसू भी अब एक शमशीर बन गए।

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મુખ્યમંત્રીશ્રી આ બિલમાં જે કલમ–૨૭ અને ૨૮ લાવ્યા છે તે અતિ મહત્ત્વની છે. છૂટાછેડાની ફરજિયાત નોંધણી.....

અધ્યક્ષશ્રી : શ્રી હર્ષભાઇ...માનનીય શૈલેષભાઇ તમારે કંઇ કહેવું છે?

શ્રી હર્ષ સંઘવી : શૈલેષભાઇ એકાદ શાયરી કહી લો તો હું પાણી પી લઉં. સાહેબ તમે અહીં હતા નહીં એટલે અમને બહુ મોટી ખોટ પડી. આજે આ રાજ્યની બધી જ બહેનોના હિતમાં માનનીય મુખ્યમંત્રીશ્રી યુ.સી.સી.નું જે બિલ અહીં લાવ્યા છે તેમાં રાજ્યની બધી જ બહેનોના સહયોગમાં આજે પિન્ક કોટી પહેરીને આવ્યા છે. એમને તો પાર્ટીના વિચારો રોકી શકે છે, બાકી આ માણસ જાહેરમાં સહયોગ કરે છે. અમને પૂરો વિશ્વાસ છે.

અધ્યક્ષશ્રી :આજનું આ બિલ જોઇને મહિલાઓ ચોક્કસ કહેશે કે,

કોણ ભલાને પૂછે છે? અહીં કોણ બૂરાને પૂછે છે?
મતલબથી બધાને નિસ્બત છે, અહીં કોણ ખરાને પૂછે છે?
અત્તરને નીચોવી કોણ ફૂલોની દશાને પૂછે છે?
આ તો સંજોગ ઝુકાવે છે નહીંતર અહીં કોણ ખુદાને પૂછે છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, શાળા અને કૉલેજ સમયમાં જ્યારે ૧૦૦–૨૦૦ વિદ્યાર્થીઓ સ્ટડી ટૂર પર સાથે જાય અને બે–ત્રણ દિવસ સાથે રહે તો કોણ કલાકાર છે, કોણ કથાકાર છે તે બધું જ ટૂરના અંતે ખ્યાલ આવી જાય. આ વિધાનસભાનગૃહ પણ એવું જ છે કે, આખું બજેટ સત્ર પૂરું થાય એટલે ખ્યાલ આવી જાય કે, કોણ કલાકાર છે, કોણ કથાકાર છે, કોણ ગાયક છે, કોણ કવિ છે. આ કૌશિકભાઇ કવિતા બોલે. સાહેબ તમે વાંચ્યા વગર બોલો છો. અમને તો આટલા વર્ષોથી ખબર જ ના પડી. પણ આ વિધાનસભાનું ગૃહ ચાલે તો જરૂરથી બધાનું કવિ હૃદય બહાર આવતું હોય છે.

અધ્યક્ષશ્રી : કોઠાસૂઝ અહીંયાં જ આવે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલમાં કલમ–૮ અને ૨૭ એ ખૂબ મહત્ત્વની છે. છૂટાછેડાની ફરજિયાત નોંધણી અને ન્યાયિક વિચ્છેદનો સમાન અધિકાર ૧૯૮૦ના દાયકામાં બનેલી એક ઘટના કહેવી છે. જોર્ડન એક ખ્રિસ્તી મહિલા હતી અને તેના લગ્ન એસ.એસ.ચોપરા નામના શીખ પુરૂષ સાથે થયા હતા. આ કોઇ માત્ર મુસ્લિમ કે માત્ર હિન્દુ આ બધી વાતો છે એ રાજનૈતિક વાતો છે અને ખરેખર ડીટેઇલ સમજવું હોય તો અનેક કિસ્સાઓ સમજવા ખૂબ જરૂરી છે. આ કિસ્સાઓ નહીં સમજીએ ત્યાં સુધી આ બિલની અલગ–અલગ કલમોનો અંદાજો કયારેય નહીં આવી શકે. લગ્ન પછી થોડા જ સમયમાં પતિ–પત્ની વચ્ચે કોઇ જ લાગણી કે સંબંધ ના રહ્યો અને જોર્ડનને ભારે માનસિક ત્રાસ અને ક્રુરતાનો સામનો કરવો

પડ્યો. તેમનું લગ્ન સંપૂર્ણપણે તૂટી ગયું. આ નર્ક સમાન જીવનમાંથી અને રોજિંદા ત્રાસમાંથી બહાર આવવા માટે જ્યારે એ દીકરીએ છૂટાછેડા માટે અદાલતનો આશરો લીધો ત્યારે પર્સનલ લૉની રૂઢિચુસ્ત કિતાબોએ તેનો રસ્તો રોકી લીધો. તેનું જીવન બરબાદ કર્યું. વર્ષોવર્ષ સુધી કોર્ટ અને કચેરીઓના ધક્કા ખાધા. કોઇ હિન્દુ કે પારસી મહિલા માટે આ પ્રકારની ઘટના બની હોય તો તેને પતિની ક્રૂરતાના આધાર પર છૂટાછેડા મળી શકતા હતા. પરંતુ, જોર્ડન ખ્રિસ્તી હોવાથી તેના પર લાગુ પડતો વર્ષ ૧૮૬૯નો જૂનો કાયદો એવું કહેતો હતો કે માત્ર ક્રૂરતાના આધારે તેને છૂટાછેડા ના મળી શકે. છૂટાછેડા જોઇતા હોય તો પતિએ ક્રૂરતાની સાથે વ્યભિચાર એટલે કે એડલ્ટરી પણ કર્યો છે તે સાબિત કરવું પડે. માત્ર મુસ્લિમોમાં જ આ ઘટના હોય એવું નથી. આ ખ્રિસ્તી દીકરીએ પણ વર્ષો સુધી કોર્ટના ધક્કા ખાધા. જ્યારે વર્ષ ૧૯૮૫માં આ કેસ દેશની સર્વોચ્ચ અદાલતમાં પહોંચ્યો ત્યારે સુપ્રીમકોર્ટના ન્યાયાધીશોએ આ કાયદાનો ભેદભાવ જોઇએ સ્તબ્ધ થઇ ગયા અને એમણે રીટર્નમાં લખેલ છે કે સુપ્રીમકોર્ટે અત્યંત વેદના સાથે નોંધ્યું કે, ''આ લગ્ન એક ડેડ મેરેજ છે અને હવે આ સંબંધમાં જીવતા રહેવાનો કોઇ અર્થ નથી પરંતુ અલગ–અલગ ધર્મોના અસમાન કાયદાઓ અદાલતના હાથ બાંધી રહ્યા છે.'' સુપ્રીમકોર્ટે એ જ દિવસે પોતાના ચુકાદામાં આ દેશની સંસદને ટકોર કરીને કહ્યું હતું કે લગ્ન અને છૂટાછેડા માટે તાત્કાલિક એકસમાન કાયદો યુનિફોર્મ સિવિલ કોડ લાવવો. જેથી કોઇ સ્ત્રીને માત્ર પોતાના ધર્મના કારણે આવો ભયાનક અન્યાય ન સહન કરવો પડે. એટલા માટે જ હું આ સમાન નાગરિક ધારા યુ.સી.સી. બિલની અત્યંત ક્રાંતિકારી એવી કલમ–૮ અને કલમ–૨૭ જે માનનીય મુખ્યમંત્રીશ્રી લાવ્યા છે તેને ટેકો આપું છું. અત્યાર સુધી આપણા સમાજમાં એક બહુ મોટું દૂષણ ચાલતું હતું. ઘણા લોકો અગાઉ લગ્ન છૂપાવીને કે છૂટાછેડા થયા છે તેવું જૂઠ્ઠું બોલીને આપણી ભોળી બહેન–દીકરીઓને ફસાવતા હતા અને બીજા લગ્ન પણ કરી લેતા હતા. આવી છેતરપિંડીનો ભોગ બનેલી દીકરીની જિંદગી બરબાદ થઇ જતી હતી પરંતુ હવે આ યુ.સી.સી.બિલની કલમ–૮ મુજબ રાજ્યમાં છૂટાછેડા અથવા લગ્નની નોંધણી એકદમ ફરજિયાત કરવામાં આવી છે. આમાં અમુક લોકોને દુઃખ થશે. કારણ કે ઘરમાં પત્ની હોય, અનેક દીકરાઓ હોય, ચાર, પાંચ, દસ દીકરા હોય, ખબર પણ ન હોય અને બહાર હજી કુંવારા બનીને લગ્ન કરવા માટે ફરતા હોય છે. કહેવાય છે કે ગામે ગામે કુંવારા અને દિવસે દિવસે કુંવારા બનીને આ લોકો ફરતા હોય છે. ઓપરેશન સ્વરૂપે, ષડયંત્ર સ્વરૂપે મારા રાજ્યની ભોળીભાળી દીકરીઓને ફસાવવાનું ષડયંત્ર કરતા લોકોને જરૂરથી યુ.સી.સી.થી દુઃખ થશે.

અધ્યક્ષશ્રી : લગ્ને લગ્ને કુંવારા.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હા લગ્ને લગ્ને કુંવારા. એક લગ્ન, આટલા દીકરા–દીકરીઓ અને પછી પણ કુંવારા. ઘરમાં પંખાના ઠેકાણા ના હોય અને ભાડાની બી.એમ. ડબલ્યુ લઇને ફરતા હોય. આ બધાને તો શોધી શોધીને સીધા કરીશું. મેં આ જેટલી વાત કરી એ વાત જેટલા લોકો ખૂબ મહેનત, સ્ટડી કરતા હોય એ લોકોને ઓનલાઇન સુપ્રીમકોર્ટનું જોર્ડન ડિંગ ડે વિરુદ્ધ એસ.એસ.ચોપરાના કેસના ચુકાદાના પેરા નંબર–૭ અને ૯માં આ કલમ–૨૭ અને ૨૮ની કેમ જરૂર છે? એ આ ચુકાદો વાંચશો તો આપ સૌ લોકોને જરૂરથી એનો અંદાજો આવી જશે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે સભાગૃહને અતિ મહત્ત્વની કલમ–૨૯ અને ૩૮ (૧)(એફ) ઓળખ છૂપાવીને થતાં અનેક ષડયંત્રોને સંપૂર્ણપણે ખાતમો કરવાની આ કલમના વિષય ઉપર હું આપ સૌ સમક્ષ મારા મંતવ્યો રજૂ કરવા માગું છું. અહીંયા બેઠેલા ૧૮૧ ધારાસભ્યશ્રીઓ પોતાના વિસ્તારોમાં, પોતાના સગા સંબંધીઓ, ઓળખીતાઓમાં દર વર્ષે કયાંક ને કયાંક ઓળખ છૂપાવીને લગ્નના કિસ્સાઓ થકી બરબાદ થતા પરિવારોના હજારો કિસ્સાઓના સાક્ષી બન્યા છે. અહીંયા કોણ એવું છે કે આજે સભાગૃહ સમક્ષ આંગળી ઊંચી કરીને જાહેરમાં એમ કહે કે કલમ–૨૯ અને કલમ–૩૮ (૧)(એફ) યુ.સી.સી.માં લાવવા જેવી નથી કે યુ.સી.સી.ના માધ્યમથી મારા રાજ્યની ભોળીભાળી દીકરીઓની રક્ષા કરવાની જરૂર નથી એ આજે સભાગૃહ સમક્ષ કહી દે અને જે બોલે એ જ મીડિયાની સામે જઇને પણ સાચુ બોલે તો હું માની લઉં. કોલેજમાં ભણતી ભોળીભાળી દીકરીઓ હજી સમજતી થઇ હોય, ટીનએજમાં કોલેજમાં ભણવા જતી હોય, મોબાઇલ સોશિયલ મીડિયાનો જમાનો હોય અને મારા રાજ્યની ભોળીભાળી દીકરીઓ નાનપણથી વિશ્વાસ કરવાના સ્વભાવ જોડે મોટી થઇ છે એને અંદાજો નથી કે અનેક લોકો આ સમાજમાં આ પ્રકારની દીકરીઓને ફસાવવા માટે આટલા મોટા ષડયંત્ર ચલાવે છે. હું બે કિસ્સા આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. એક યુવક હાથમાં નાડાછડી બાંધીને ફરે છે. કપાળે તિલક કરે છે અને પોતાનું નામ સુનિલ કે રાહુલ હોવાનું કહે છે. દીકરી પોતાના પરિવારના વિરુદ્ધમાં જઇને એ યુવકના ખોટા પ્રેમ ઉપર આંધળો વિશ્વાસ મૂકીને તેની સાથે લગ્ન કરી લે છે પરંતુ લગ્નના થોડા જ દિવસો પછી એ દીકરીની જિંદગીમાં ભૂકંપ આવે છે. જ્યારે ઢોંગી પ્રેમીના ચહેરા ઉપરથી નકલી મ્હોરું હટે છે ત્યારે એ દીકરીને ખબર પડે છે કે જેની સાથે તેને સાત ફેરા લીધા છે તે સુનિલ નથી પણ સલીમ છે. તેની આખી ઓળખ, તેનો ધર્મ, તેનું નામ બધું જ એક ષડયંત્ર હતું. ત્યારબાદ શરૂ થાય છે એ દીકરી ઉપર અત્યાચારનો સિલસિલો. બળજબરીથી મારા રાજ્યની ભોળીભાળી દીકરીઓને ધર્માંતર કરવામાં મજબૂર કરવામાં આવે છે, તેને ગોંધી રાખવામાં આવે છે. જે દીકરીએ એક સુખી સંસારનું સપનું જોયું હતું તે એક જીવતા નર્કમાં ધકેલાઇ જાય છે. પોતાના જ પરિવારથી વિખૂટી પડી ગયેલ એ દીકરી પાસે હવે મોત કે શોષણ સિવાય કોઇ રસ્તો બચતો નથી. આ કોઇ કાલ્પનિક વાર્તા નથી. પણ સમાજમાં બની રહેલ વરવી વાસ્તવિકતા છે. વર્ષ ૨૦૨૧માં અલ્હાબાદ હાઇકોર્ટમાં મારીયા ઉર્ફે વૈષ્ણવી વિરુદ્ધ સ્ટેટ ઓફ યુ.પી.ના કેસમાં સુનાવણી કરતી વખતે આવા જ ષડયંત્રની અને છેતરપિંડીની ગંભીર નોંધ લેવામાં આવી હતી. હાઇકોર્ટે અત્યંત વેદના અને કડકાઇ સાથે કહ્યું છે કે ઓળખ છૂપાવીને કે છેતરપિંડીથી લગ્ન અને ધર્માંતરણ કરવાના કિસ્સામાં ભોગ બનનાર દીકરીઓને કડકમાં કડક ન્યાયિક રક્ષણ મળવું

જ જોઇએ. એટલું જ નહીં, હાઇકોર્ટે કેન્દ્ર સરકારને તાકીદ કરી કે દીકરીઓને આ ષડયંત્રથી બચાવવા માટે તાત્કાલિક યુ.સી.સી. લાગુ કરવાની પ્રક્રિયા કરે. આજે ગુજરાત સરકાર લાચાર દીકરીઓના આંસુઓનો ન્યાય કરવા જઇ રહી છે. આદરણીય મુખ્યમંત્રીશ્રીએ આ દીકરીઓના વડીલ તરીકે બિલ અહીંયા રજૂ કર્યું છે. હું આ ગૃહ સમક્ષ કલમ–૨૯ અને ૩૮(૧)(એફ), જે આજ પછી ગુજરાતનો કોઇપણ ષડયંત્રકાર આપણી દીકરીઓની જિંદગી સાથે રમવાની હિંમત નહીં કરે તે પ્રકારની કલમનો કાયદામાં ઉમેરો કરવામાં આવ્યો છે. તે આ દીકરીઓને રક્ષણ આપવા માટે કરવામાં આવ્યો છે. આ બે કલમો રાજ્યની એકેએક દીકરીને સુરક્ષા અને તેના આત્મસન્માન સાથે સાથે સૌથી મોટું કાનૂની બ્રહ્માસ્ત્ર સાબિત થવાનું છે. બિલની કલમ–૨૯માં સ્પષ્ટ જોગવાઇ છે કે લગ્ન સમયે કોઇપણ પક્ષકાર પોતાની ઓળખ છૂપાવે તો એ લગ્નને તાત્કાલિક રદબાતલ ગણવામાં આવશે. એટલું જ નહીં, માત્ર લગ્ન રદ કરવાથી આ પ્રકારના લુખ્ખા અને ટપોરી ગુનેગારો સુધરવાના નથી. એને તો પોલીસનું હનુમાનનું રૂપ જ સુધારી શકે. તેથી અમે આ બિલમાં કલમ–૩૮(૧)(એફ) ઉમેરી છે. એ કલમ મુજબ જો કોઇ પણ વ્યક્તિ બળજબરી અથવા ધાકધમકી કે છેતરપિંડીથી કોઇ દીકરીને લગ્ન માટે રાજી કરશે તો તે બિનજામીનપાત્ર ગુનો ગણાશે. આજે પકડાયા અને કાલે છૂટી જશો એ કલ્પના હવે આ ગુનેગારોએ કરવા જેવી નથી. કારણ કે પોલીસ આ પ્રકારના ગુના બને છે ત્યારે એને પોતાના ઘરમાં પોતાની દીકરીઓ નજરે પડે છે. એ વડીલ છે. એમનો પણ પરિવાર છે અને બધાએ એક સાથે નક્કી કર્યું છે કે, આ દીકરીઓ માટે સલીમ સુરેશ બનીને કે કોઇ સુરેશ સલીમ બનીને રાજ્યની એક પણ ભોળીભોળી દીકરીની જિંદગી બગાડશે તો બે–પાંચ વર્ષે છૂટશે નહીં પણ ઠંડીમાં પોલીસની જરૂર યાદ આવશે એવું કરવાનો અમે મક્કમતાથી નિર્ધાર કર્યો છે. આ જ પ્રકારે આજે શ્રી રમણભાઇ સાહેબે સારા વિષયો મૂક્યા. છૂટાછેડા અને સમાન કાયદો, ગેરકાયદેસર પ્રથાનો અંત લાવવા માટે મુખ્યમંત્રીશ્રીએ જે બિલ રજૂ કર્યું છે એમાં કલમ–૩૧ અને ૩૫ કેમ જરૂરી છે એ સભાગૃહ સમક્ષ હું મૂકવા માગું છું. મધ્યપ્રદેશના ઇન્દોરની એક લાચાર મુસ્લિમ માતાએ (અંતરાય) તમારે આભાર માનવો જોઇએ. આભાર એટલા માટે માનવો જોઇએ કે તમે ક્યારના મુસ્લિમ મુસ્લિમ કરો છો પણ ભોગ જ તમારી મુસ્લિમ દીકરી બને છે એને બચાવવા માટેનો આ કાયદો છે. શ્રી ઇમરાનભાઇ તો સારા માણસ છે. ઇમરાનભાઇને આ પાર્ટીનો લોડ ના હોય ને તો એ એકલામાં આવીને વોટ આપી જાય તેમ છે. કારણ કે એમણે તો નજીકથી જોયું છે કે કેવી કેવી ઘટના બને છે? હું પાકું માનું છું કે ઇમરાનભાઇ તો એક એક વાળા જ છે. એમને વાંધો નહીં આવે. હમણાં અહીંયા ના બોલાય.

અધ્યક્ષશ્રી : શ્રી ઇમરાનભાઇ, આપ જરા બોલો. એક મિનિટ.

શ્રી હર્ષ ર. સંઘવી : શ્રી ઇમરાનભાઇ, હું ગૃહમંત્રી છું.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા માનનીય હર્ષભાઇ સંઘવી સાહેબ જે વાત કરી રહ્યાં છે એ ચાર પત્નીની વાત છે. હું આ વિધાનસભા ગૃહમાં કહેવા માગુ છું કે હું તો હજું એક પણ લાવ્યો નથી. હું કુંવારો જ છું. એટલે કંઇ મારી ચિંતા ના કરો. તમે ચાર લાવો છો, ચાર લાવવાના છો. અહીંયા એક પણ નથી એની ચિંતા કરો.

અધ્યક્ષશ્રી : એટલા માટે તમે એમની સામે જોઇને નહીં કહી શકો.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મારા બધા જ સાથી ધારાસભ્યશ્રીઓ સહયોગ કરતા હોય તો કાલે હું પ્રાઇવેટ બિલ લાવવા માગું છું કે આપણે શ્રી ઇમરાનભાઇનો સ્વયંવર રચીશું. એક સહયોગ આવ્યો છે. જો બધાજ સહયોગ આપતા હોય તો આપણે શ્રી ઇમરાનભાઇનો સ્વયંવર રચીશું અને આખી ગુજરાત વિધાનસભા જાનૈયા બનશે.

શ્રી ગોપાલ ઇટાલિયા : જો એમના માટે પ્રાઇવેટ બિલ લાવવામાં આવતું હોય તો ગુજરાતમાં હજારો વાંઢા છે એ બધા માટેનું બિલ લાવો. માત્ર ઇમરાનભાઇનું નહીં.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ કોઇ રાજનૈતિક વિષય નથી. હું મધ્યપ્રદેશની ઇંદોરની એક ઘટના આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. ૭૩ વર્ષની એક બા દીકરાના દીકરાઓને પરણાવવાનો સમય થયો એવા સમયે ઇંદોરના શાહબાનો બેગમ જોડે જે ઘટના બની છે તેમાં આ ઘટના તમામ લોકોની આંખમાં નમીવાળી નાખશે. ૪૩ વર્ષનું લાંબું વિવાહિત જીવન વિતાવ્યા પછી પાંચ–પાંચ બાળકોની માતા બન્યા પછી એમાંના બે બાળકોના લગ્ન પણ થઇ ગયેલા હતાં અને એમના બાળકો પણ આવી ગયા. જ્યારે શાહબાનોની ઉંમર ૬૨ વર્ષની થઇ ત્યારે તેના ધનિક અને વકીલ પતિએ એક નવી યુવાન સ્ત્રી સાથે લગ્ન કરી ઘર વસાવવા માટે આ ૬૨ વર્ષની વૃદ્ધ પત્નીને ઘરમાંથી કાઢી મૂકી. ૬૨ વર્ષની વૃદ્ધ પત્નીને ઘરમાંથી કાઢી મૂકવી અને દીકરાની વહું કરતાં નાની ઉંમરની પત્ની ઘરમાં લાવવી અને આખી જિંદગી પતિ અને ઘરની સેવા કર્યા પછી જીવનના અંતિમ પડાવમાં ત્યારે લાચાર અને વૃદ્ધ મહિલા પાસે ખાવાના પણ ફાંફાં હતા ત્યારે તેણે અદાલતમાં મહિનાનાં માત્ર ૩.૫૦૦નું ભરણ–પોષણ માગ્યું. સમૃદ્ધ વકીલ પતિ પાસે ૩.૫૦૦ ભરણ–પોષણ માગ્યું પણ જવાબમાં એ નિર્દય પતિએ શું કર્યું? તેણે અદાલતમાં બેશરમીથી એવો દાવો કર્યો કે મુસ્લિમ પર્સનલ લૉ મુજબ ઇદ્દતના ૩ મહિના પૂરા થયા પછી હું એક રૂપિયો પણ ભરણ–પોષણ આપવા બંધાયેલો નથી. એ વૃદ્ધ પત્ની ન્યાય માટે આ દેશની સર્વોચ્ચ અદાલત સુધી લડી. એ વૃદ્ધ માતાને હું આજે વંદન કરું છું. જેમણે આ પર્સનલ લૉ થકી લાખો–કરોડો મુસ્લિમ મહિલાઓ જોડે શું થઇ રહ્યું છે? તે દેશની સમક્ષ ખૂલ્લું પાડવા માટે એ વટથી અને હિંમતથી લડીને દેશની સામે સચ્ચાઇ લાવી. સુપ્રીમકોર્ટે માનવતા અને બંધારણની તરફેણમાં ઐતિહાસિક ચુકાદો આપ્યો અને કહ્યું કે ધર્મના નામે કોઇ પણ મહિલાને નિરાધાર ના છોડી શકાય. શાહબાનોને આજીવન ભરણ–પોષણ મળવું જોઇએ. પરંતુ દેશના રાજકીય ઇતિહાસનું સૌથી મોટું કલંક તો તેને પછી લાગ્યું. સુપ્રીમકોર્ટના આ

ચુકાદાઓ સામે અનેક કટ્ટરપંથીઓ રસ્તા ઉપર ઉતરી આવ્યા અને ત્યારે કેન્દ્રમાં બેઠેલી આ કૉંગ્રેસ સરકારે માત્ર અને માત્ર વોટબેંકની રાજનીતિ અને એપીઝમેન્ટ માટે કટ્ટરપંથીઓ સામે ઘૂંટણ ટેકવી દીધા. રાજીવ ગાંધીની સરકારે સંસદમાં કાયદો બદલીને સુપ્રીમકોર્ટના એ ચુકાદાને કચરાપેટીમાં ફેંકી દીધો અને ૬૨ વર્ષની એ લાચાર શાહબાનુંના મોંમાંથી ન્યાયનો કોળીયો ઝૂંટવી લેવાનું કામ એ કૉંગ્રેસે કર્યું હતું. કયા મોઢેથી ચૂંટણી અને દર ચૂંટણીએ શું આવ્યું, શું નહીં એલા ભાઇ, આ બધા લોકો તમને વર્ષોથી મત આપે છે આવી એક શાહબાબોનું જો જીવન બચાવી લીધું હોત તો પણ તમને સૌને આભાર આભાર હોત.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહ સમક્ષ બિલની કલમ–૩૯ અને ૪૦ જે મુખ્યમંત્રીશ્રી લાવ્યા છે જેથી હવે આ ગુજરાતમાં કોઇને શાહબાનોની જેમ સહન નહીં કરવુ પડે. આ સમાન નાગરિક ધારા બિલની કલમ–૩૧ અને ૩૫ ગુજરાતની પ્રત્યેક મહિલાઓને ગુલામી અને લાચારીની બેડીઓમાંથી કાયમી મુકિત અપાવશે. છૂટાછેડા લેવા માટે કારણો અને જોગવાઇઓ તમામ ધર્મો માટે હવે એકસરખા રહેશે અને આ બિલની સૌથી ક્રાંતિકારી કલમ જો કોઇ હોય તો એ કલમ–૩૫ છે. આ કલમ સ્પષ્ટપણે નિર્દેશ આપે છે કે, આ કાયદાની કાયદાકીય અને ન્યાયિક જોગવાઇ સિવાય અન્ય કોઇ પણ રીતે એટલે કે એકસ્ટ્રા જ્યુડિશિયલ રીતે છૂટાછેડા હવે નહીં મેળવી શકે. છૂટાછેડા હવે લેવા હશે તો કોર્ટમાં જવું પડશે અને કાયદાકીય પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, જરુરી નથી કે બધાને જવું પડે કોઇ ફેમિલી રીતે પોતે સારી રીતે જઇને બંને સાથે મળીને પણ કોર્ટમાં જઇ શકે પણ કોઇ મહિલા જોડે અન્યાય થાય તો મહિલા પાસે લડવાનો એક ખૂબ મોટો વિકલ્પ રહેશે. સાયરાબાનુ નામની એક પીડિત મુસ્લિમ કે ઇન્સ્ટન્ટ ત્રિપલ તલાક જેવી ક્રૂર પ્રથા સામે સુપ્રીમકોર્ટમાં જંગ છેડયો ત્યારે આ દેશની સુપ્રીમકોર્ટે ઐતિહાસિક ચુકાદો આપતા નોંધ્યુ હતું કે ઇન્સ્ટન્ટ ત્રિપલ તલાકની પ્રથા સંપૂર્ણપણે મનસ્વી, ગેરબંધારણીય અને મુસ્લિમ મહિલાઓના સન્માન તથા સન્માનતાના અધિકારનું સીધું ઉલ્લંઘન છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીની સરકારે સુપ્રીમકોર્ટના એ ચુકાદાને સન્માન કરીને કેન્દ્રમાં કાયદો બનાવીને ત્રિપલ તલાક નામની કલંકિત પ્રથાને કાયમ માટે કચરાપેટીમાં ફેંકી દીધી.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ સભાગૃહ સમક્ષ કલમ–૩૬ કેમ લાવવી પડી એની વાસ્તવિકતા મૂકવા માગું છું. આ મારી બહેનો અહીંયા છે કદાચ નિકાહ–હલાલા જેવી કલંકિત વાતો જો તમે સાંભળશો તો આંખમાંથી આંસુ આવતાં નહીં રોકી શકો. કારણ કે અહીંયા આપણે બધાજ લોકો તલાક, તલાક, તલાક તો સાંભળ્યું છે પણ એક વખત તલાક, તલાક, તલાક બોલી લેવાય તેના પછી એ પતિ–પત્નીને પાછું ભેગું થવું હોય તો શું કરવું પડે છે, કેવું કરવું પડે છે તે હું આ સભાગૃહ સમક્ષ આજે મૂકવા માગું છું. અને તો જ અંદાજો આવશે કે આ યુ.સી.સી. શેના માટે અને આ યુ.સી.સી.ની કલમ–૩૬ શેના માટે છે ? આ કહાની શાહમીના બેગમની છે અને તેના જેવી હજારો મુસ્લિમ દીકરીઓની જેઓ ધર્મના નામે ચાલતી નિકાહ–હલાલા એક જહન્નુમ એટલે કે નર્ક જેવી પ્રથાઓનો શિકાર બની છે. આ દીકરીના લગ્ન થાય છે તે પોતાના પતિ અને બાળકો સાથે સંસાર માંડે છે. એક દિવસ કોઇ નાની એવી બાબતમાં તેના પતિ જોડે ઝઘડો થાય છે અને પતિએ આક્રોશમાં, ગુસ્સામાં તલાક, તલાક, તલાક કહી દીધું

ननीय અધ્યક્ષશ્રી, આ તલાક, તલાક, તલાક કહીને ઘરની બહાર કાઢી મૂકવામાં આવી. થોડા દિવસ પછી આ જ ઘમંડી પતિનો ગુસ્સો ઉતરી જાય છે અને તેને પોતાની ભૂલનો અહેસાસ થાય છે. તે પોતાની પત્ની અને બાળકોની માતાને ફરીથી ઘરમાં પાછી લાવવા માગે છે. પત્ની પણ પોતાનાં બાળકો માટે પોતાના ઘરમાં જવા માંગે છે. હવે ધ્યાનથી સાંભળજો પણ પર્સનલ લૉની રૂઢિવાદી દિવાલો આ પતિ–પત્ની નાની એવી વાતમાં ઝઘડે, પતિ તલાક, તલાક, તલાક કહી દે, પત્નીને ઘરની બહાર કાઢી દે, ચાર દિવસ પછી ગુસ્સો ઠંડો થાય અને પત્નીને ઘરમાં પાછી લાવવી હોય પણ મુસ્લિમ પર્સનલ લૉની આ રૂઢિવાદી દીવાલો આ પત્નીને ડાયરેકટ એના પતિ જોડે ભેગી ના થવા દે. કારણ કે આ પર્સનલ લૉમાં આ પ્રકારની દીકરીઓ માટે ધર્મના નામે એવું ફરમાન બહાર પાડવામાં આવે છે કે જયાં સુધી શાહમીના હલાલા નહીં કરે ત્યાં સુધી તે પોતાના પતિ પાસે પાછી ના જઇ શકે. પત્ની પોતાના પતિના ઘરે જવા માંગતી હોય તો એ પર્સનલ લૉ એમ કહે છે કે શાહમીનાએ હલાલા કરવું પડે, એના પછી જ એ એના જૂના પતિ પાસે જઇ શકે, હલાલા શું છે? આમાંના કેટલા લોકો એવા છે કે જેમને હલાલા માટે ખબર છે? દસ ટકા લોકોને પણ ખબર નહીં હોય. હલાલા એ આ રાજયની હજારો મુસ્લિમ દીકરીઓનું જીવન બરબાદ કરી નાખ્યું છે અને હલાલા માટે ખાસ કરીને તલાક લીધેલી પત્નીએ પતિના ઘરમાં પાછા ફરવા માટે કોઇ બીજા અજાણ્યા પુરુષ સાથે લગ્ન કરવા પડે છે. એક પારકા પુરુષ સાથે તેને શારીરિક સંબંધ બાંધવા પડે છે. એક રાત કે અમુક દિવસો સુધી એ અજાણ્યા માણસનો શારીરિક અત્યાચાર સહન કરવો પડે છે અને પછી જયારે બીજો પુરુષ તેને તલાક આપે ત્યારે જ એ સ્ત્રી પવિત્ર ગણાય છે અને પોતાના પહેલા પતિ પાસે પાછી જઇ શકે છે. આ કોઇ ધાર્મિક પ્રથા કે પછી કોઇ સ્ત્રીના શરીર અને તેના આત્મસન્માનની સરેઆમ હરાજી નથી?

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અત્યારે જે હલાલા ઉપર વાત કરી રહ્યા છે તેમાં હું ખુલાસો કરવા માગું છું કે હું મુસ્લિમ છું, અલ્લાહને માનું છું, કુરાનને માનું છું, હદીસને માનું છું. પરંતુ જે પ્રમાણે હલાલાની અંદર જે વાત કરી છે કે બીજા વ્યકિત સાથે એને લગ્ન કરવા પડે છે, એ હલાલાની અંદર લગ્ન કરવા પડે છે પણ એ વ્યકિત એવી હોય છે કે જે બીજા દિવસે તેને છૂટાછેડા આપી દે છે અને એ પ્રમાણેની અન્ડરસ્ટેન્ડિંગ હોય છે એની સાથે કોઇપણ શારીરિક

સંબંધની વાત હોતી નથી. (અંતરાય) આમાં કોઇ શારીરિક સંબંધની વાત હોતી નથી. આ એક ધાર્મિક વિધી હોય છે. આમાં જે વાત છે. હું સમાજ સાથે જોડાયેલો છું એટલે લોકોમાં ખોટો મેસેજ ના જાય એટલા માટે મારી વાત કહું છું.

અધ્યક્ષશ્રી : આપને બોલવાનું હોય ત્યારે આપ કહેજો.

શ્રી હર્ષ સંઘવી : સારી વાત છે, જો આ પ્રકારની કોઇ સામાજિક સમજણની સાથે કોઇ દીકરીઓ જોડે અત્યાચાર નહીં થતો હોય તો કોઇ જ ખોટી વાત નથી, પરંતુ હું જેટલો વાંચી રહ્યો છું એ કોઇ પણ હાઇકોર્ટ કે સુપ્રીમકોર્ટના જેટલા નિર્ણયો આવ્યા છે એ નિર્ણયોની અંદર જે લખ્યું છે, જે દીકરીએ કોર્ટની અંદર ફરિયાદ કરી છે એ હું વાંચી રહ્યો છું. હું તમને એ ચુકાદાની ડીટેઇલ પણ હમણાં આપી રહ્યો છું. આ ઐતિહાસિક કલમ–૩૬ જેનો એક માત્ર ઉદ્દેશ ગુજરાતની પ્રત્યેક મહિલાને આ કલંકિત અને રાક્ષસી પ્રથામાંથી કાયમી મુક્તિ અપાવવાનો છે. આ કલમ સ્પષ્ટ અને કડક જોગવાઇ કરે છે કે જો કોઇ વ્યક્તિ છૂટાછેડા મેળવ્યા બાદ પોતાના એ જ જીવનસાથી સાથે પુનર્લગ્ન કરવા માગતી હોય તો તેને કોઇ પણ પ્રકારની શરતો કે કોઇ રૂઢિચુસ્ત ધાર્મિક પ્રથાનું પાલન કરવું પડશે નહિ. મુસ્લિમ બહેન/દીકરીઓને નિકાહ, હલાલા જેવી નર્ક સમાન અત્યંત કલંકિત અને અમાનવીય પ્રથામાંથી કાયમી મુક્તિ અપાવવાનો છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી ગુજરાત સરકાર આજે આ બિલની કલમ–૩૬ પસાર કરીને એક ઐતિહાસિક લકીર ખેંચવા જઇ રહી છે. આજ પછી ગુજરાતમાં કોઇ પણ મુસ્લિમ દીકરીઓને પોતાના જ ઘરમાં પોતાના જ બાળકો અને પતિ પાસે પાછા ફરવા માટે બીજા કોઇ રૂઢિચુસ્ત નિયમોનું પાલન નહિ કરવું પડે તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. હું આજે આ યુ.સી.સી. બિલની કલમ–૩૯ અને ૪૦ની વાત કરીશ. આ કલમો સ્પષ્ટ જોગવાઇ કરે છે કે ગુજરાતના કોઇ પણ ધર્મ કે સંપ્રદાયની મહિલા પોતાના અને પોતાના બાળકો માટે પર્સનલ લૉની કોઇ પણ સમય–મર્યાદા જેમ કે, ઇદતનો સમયગાળો કે અન્ય કોઇ પણ શરતો વિના કોર્ટમાં ભરણ–પોષણ માટે જઇ શકશે. આ કાયદો રાજ્યની પ્રત્યેક મહિલાઓને આજીવન આર્થિક સુરક્ષા અને ગૌરવની ગેરંટી આપે છે. પાર્ટ–૨નું ચેપ્ટર–૧ વારસા અને મિલકતમાં દીકરીઓ, પત્ની અને પુરૂષોનો સમાન હક્ક. તમારી પાસે કોઇ બહેનો છે જ નહીં એટલે તમને હવે આ દુ:ખની કયાં ખબર પડે? જે ગુજરાતની લાખો બહેન/દીકરીઓને ખરા અર્થમાં સશક્ત બનાવશે. દીકરીઓને લક્ષ્મીનો અવતાર તો કહેવામાં આવે છે પણ જ્યારે એ જ લક્ષ્મીને પિતાની મિલકતમાંથી હિસ્સો આપવાનો આવે ત્યારે તેને બેદખલ કરી દેવામાં આવે છે. આ બીલનું પાર્ટ–૨, ચેપ્ટર–૧ અત્યંત સ્પષ્ટ અને કડક જોગવાઇ કરે છે કે કોઇ પણ ધર્મ કે સંપ્રદાયનો ભેદભાવ રાખ્યા વિના હવેથી ગુજરાતની પ્રત્યેક દીકરીને તેના પિતાની પૈતૃક મિલકતમાં પુત્ર જેટલો જ એટલે કે ૧૦૦ ટકા સમાન હક્ક મળશે એટલું જ નહિ પણ માત્ર દીકરી તરીકે જ નહિ પરંતુ એક પત્ની તરીકે પણ મહીલાઓનું આર્થિક સન્માન જાળવવા માટે પતિની મિલકતોમાં પણ પત્નીને સમાન હક્ક આપવામાં આવશે.

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૦માં સુપ્રીમકોર્ટે વીનિતા શર્મા કેસમાં ઐતિહાસિક ચુકાદો આપીને હિન્દુ દીકરીઓને મિલકતમાં દીકરા સમાન હક્ક આપી દીધો છે. હિન્દુ મહિલાઓને ન્યાય મળી ગયો પણ મારી મુસ્લિમ બહેનોનું શું? મારી ખ્રિસ્તી અને પારસી બહેનોનું શું? દીકરી એ દીકરી છે પછી એ હિન્દુ હોય, મુસ્લિમ હોય કે ખ્રિસ્તી હોય. સૌને સંપત્તિમાં સમાન અધિકાર છે. તેમણે કહ્યું છે કે આ સમસ્યાનો એક માત્ર જવાબ યુનિફોર્મ સિવિલ કોડ છે, UCC is the answer. એવું આ ચીફ જસ્ટિસશ્રીએ લખ્યું છે. લીવ ઇન રિલેશનશિપની ઘણી બધી ચર્ચાઓ થઇ. હું આ સભાગૃહ સમક્ષ કહેવા માગું છું કે લીવ ઇન રિલેશનશિપ માટે કલમ – ૩૮૪ કેમ લાવવામાં આવી છે તે સમજવું ખૂબ જરૂરી છે. જેને આમાં જે સમજ પડી એ વાત કરી પણ એમને ધ્યાન અપાવવા માગું છું કે દેશને હચમચાવી નાખનારો શ્રદ્ધા વાલકરનો કિસ્સો શું આપણને યાદ નથી? એક હિન્દુ દીકરી પ્રેમમાં અંધ થઇને પોતાના મા–બાપ અને ઘર છોડીને અન્ય ધર્મના યુવક સાથે લીવ ઇનમાં રહેવા જાય છે. તેને લાગે છે કે તેને દુનિયાનો સૌથી સારો જીવનસાથી મળી ગયો છે પણ એ સંબંધનું પરિણામ શું આવે છે? દીકરીએ લગ્ન માટે દબાણ કર્યું ત્યારે તેના લીવ ઇન પાર્ટનરે તેનું ગળું દબાવીને તેની હત્યા કરીને તેની લાશના ૩૫ ટુકડા કર્યા. ભાઇ શૈલેષભાઇ, સાંભળો એટલે લીવ ઇન રિલેશનશિપનો ખ્યાલ આવે. તમને બધી જ ખબર છે એટલે કહું છું. તમે શ્રદ્ધા વાલકરનો કિસ્સો સાંભળ્યો નહીં હોય. શ્રદ્ધા વાલકર જેવી હજારો દીકરીઓ જેની સાથે કેરાલાથી લઇને અનેક રાજ્યોમાં ઘટનાઓ બની છે. આવી દીકરીઓને ન્યાય અપાવવા માટે આ યુ.સી.સી. બિલ લાવવામાં આવ્યું છે. શ્રદ્ધા વાલકર તેના લીવ ઇન પાર્ટનર સાથે રહેતી હતી. જ્યારે શ્રદ્ધા વાલકરે લગ્ન કરવાની વાત કરી ત્યારે તેણીની ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી. તેની લાશના ૩૫ ટુકડાઓ કરીને ફ્રીઝમાં મૂકવામાં આવ્યા હતા. હત્યારો દરરોજ વહેલી સવારે એક ટુકડો લઇને જંગલમાં ફેંકી આવતો હતો. આવા હત્યારાઓને રોકવા માટે લીવ ઇન રિલેશનશિપમાં રજિસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવ્યું છે. આ રજિસ્ટ્રેશન એ દીકરી માટે એક કાનૂની સુરક્ષા કવચ બનશે. આ કલમમાં સ્પષ્ટ જોગવાઇ છે કે, ગુજરાત રાજ્યમાં લીવ ઇન રિલેશનશિપમાં રહેતાં કોઇપણ યુગલે ફરજિયાતપણે સ્થાનિક પોલીસ સ્ટેશને તેની જાણ કરવી પડશે અને રજિસ્ટ્રેશન કરાવવું પડશે. થોડાં વર્ષો સાથે રહ્યાં પછી જ્યારે દીકરી ગર્ભવતી બને કે લગ્ન કરવાની વાત કરે ત્યારે પેલો સલીમ તેને રસ્તા પર રઝળતી છોડીને ભાગી જાય છે. ક્યારેક તો આ લીવ ઇન પાર્ટનરના અત્યાચારો એટલી હદે વધી જાય છે કે, દીકરીઓની લાશો સૂટકેસ કે ફ્રીઝમાંથી ટુકડાઓમાં મળે છે. આ કલમ–૩૮૪ આવી ભયાનક ઘટનાઓને રોકવા માટેનું સૌથી મોટું કાનૂની શસ્ત્ર છે. આ કોઇ મારો અંગત અભિપ્રાય

નથી. આ બધા જ કિસ્સાઓ સુપ્રીમકોર્ટ કે હાઇકોર્ટના અલગ-અલગ જજમેન્ટમાં નોંધાયેલા છે અને કયા કયા કિસ્સાઓમાં ઘટનાઓ બની છે તે મેં આ સભાગૃહ સમક્ષ મૂક્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આજે મારા બધા જ સાથીઓને વિનંતી કરવા માગું છું કે, આ બધી જ ઘટનાઓ સાંભળ્યા પછી આ બિલની કલમોનો સારી રીતે અભ્યાસ કરશો તો ખ્યાલ આવશે કે, આ કલમો આપણી રાજ્યની માતાઓ/બહેનો/દીકરીઓના રક્ષણ માટે છે. આ કલમો થકી આપણને આવનારા દિવસોમાં આપણા રાજ્યની દીકરીઓને વધુ સુરક્ષિત રાખવામાં સફળતા પ્રાપ્ત થશે. આ કોઇ રાજનૈતિક બિલ નથી. આપણા દેશમાં દર વર્ષે કોઇને કોઇ ચૂંટણીઓ આવે છે. ચૂંટણીઓ તો આવે અને જાય પરંતુ રાજ્યની માતાઓ/બહેનો/દીકરીઓની સુરક્ષા આપણા માટે સર્વોચ્ચ સ્થાને હોવી જોઇએ. આપણા સૌ માટે જ્યારે દીકરીઓની સુરક્ષા સર્વોચ્ચ સ્થાને હોય ત્યારે મારું એવું માનવું છે કે, આ બિલમાં રાજનૈતિક ટીકા-ટિપ્પણીઓ કરવાના બદલે ખરેખર સંવિધાનને ધ્યાનમાં રાખીને બિલની કઇ કલમમાં શું ઉમેરો કરવા જેવો છે, કઇ કલમ લાઇટ કરવા જેવી છે તેના વિશે ચર્ચા થાય તો આપણે જરૂરથી આપણા રાજ્યની અનેક દીકરીઓને, લાખો પરિવારને ન્યાય અપાવવામાં સફળતા પ્રાપ્ત કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય અમિતભાઇ ચાવડા એકતરફ એવું કહેતા હતા કે, દોડાદોડીમાં બિલ લઇ આવ્યા છે અને એકતરફ એવું કહ્યું કે, આ વર્ષમાં બિલ ડિકલેર કર્યું, આ વર્ષમાં કમિટી બની, કમિટીની ૪૫ દિવસની મુદત હતી તો આટલા દિવસ કેમ થઇ ગયા. ૨૦ લાખ લોકોના અનેક સૂચનો/વાંધાઓનો અભ્યાસ કરીને સારામાં સારું બિલ રાજ્યની દીકરીઓ અને માતાઓના હિતમાં લાવી શકાય તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રીનો પ્રયાસ હતો. એ પ્રયાસ થકી આજે હું ૧૦૦ ટકા ખાતરી આપી શકું છું અને હું માનું છું કે, આ બિલ રાજ્યના હિતમાં છે, રાજ્યની દીકરીઓના ભવિષ્યની સુરક્ષા માટે છે. આ બિલને ખરેખર વિધાનસભાના સૌ સભ્યશ્રીઓએ એકસાથે એક થઇને પસાર કરીને ગુજરાતના ઇતિહાસમાં સોનેરી અક્ષરે મહિલાઓના હક્ક માટેનું આ બિલ આપણે પારિત કરવું જોઇએ. હું તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, આપ સૌ રાજનીતિ બાજુમાં મૂકીને માત્રને માત્ર રાજ્યની બધી જ મહિલાઓનું વિચારીને આ બિલ સર્વાનુમતે પસાર કરવા માટે પ્રયાસ કરવો જોઇએ.

શ્રી ગણપતસિંહ વે. વસાવા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાનો આજનો દિવસ એ આપણા સૌના માટે અને ગુજરાતની છ કરોડ કરતાં વધારે જનતા માટે સુવર્ણ અક્ષરે લખી શકાય એવો ઐતિહાસિક અને યાદગાર બની રહેવાનો છે. આ ગૃહના આદરણીય નેતાશ્રી રાજ્યના મૃદુ અને મક્કમ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ ગુજરાત માટે યુનિફોર્મ સિવિલ કોડ એટલે કે સમાન નાગરિક ધારાનું બિલ લઇને આવ્યા છે તેનું સમર્થન કરવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા સૌના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે આ કાયદો લાવવાથી ગુજરાતની છ કરોડ જનતા અને વિશેષ કરીને બહેન-દીકરીઓને કેટલો લાભ થવાનો છે એની વિસ્તારપૂર્વક વાત કરી છે. આપણા નવયુવાન ગુજરાતના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબે પણ આ કાયદાને સમર્થન આપતાં કાયદાની જરૂરિયાત કેમ ઊભી થઇ? એની વાસ્તવિકતા ખૂબ વિસ્તારપૂર્વક એમણે આપણા સૌ સમક્ષ ગૃહમાં ખૂબ સારી રીતે રજૂ કરી છે એ બદલ એમને ખૂબ જ અભિનંદન આપું છું કે આવો રાજ્યની બહેનો-દીકરીઓના હિતમાં કાયદો લઇને આવ્યા છે. નવું ભારત ત્યારે જ બને કે જ્યારે જૂના અને અસમાન કાયદાઓ બદલીને સમાનતાવાળા કાયદા આપણે બધાએ લાવવા પડે. ગુજરાત સમાન નાગરિક સંહિતા-૨૦૨૬ એ માત્ર એક રાજ્યનો કાયદો નથી પરંતુ, તે ભારતીય લોકશાહીના વિકાસમાં એક મહત્ત્વપૂર્ણ ચરણ છે. જેમાં કાયદો અને સમાજ વચ્ચેનું અંતર દૂર કરવાનો આ કાયદાના માધ્યમથી પ્રયત્ન કરવામાં આવ્યો છે. આપણે બધા જાણીએ છીએ કે, આપણા દેશનું સંવિધાન એ માત્ર શાસન ચલાવવા પૂરતું દસ્તાવેજી સંવિધાન નથી. પરંતુ, આપણું બંધારણ, આપણું સંવિધાન એ સામાજિક ન્યાય, સામાજિક સમાનતા, આર્થિક સમાનતા, રાજકીય સ્વતંત્રતાનો પણ સંકલ્પ એટલે આપણું આ ભારતનું બંધારણ છે. આપણે બધા ખૂબ સારી રીતે જાણીએ છીએ કે અત્યારે ગુજરાતમાં અને સમગ્ર દેશમાં ચૈત્રી નવરાત્રિ ખૂબ સારી રીતે ચાલી રહી છે અને એવા સમયે આ બિલ ગૃહમાં આવ્યું છે અને આ બિલ આજે ચર્ચા થઇને જ્યારે કાયદો બનવા જઇ રહ્યું છે ત્યારે ચૈત્રી નવરાત્રિનું છઠ્ઠું નોરતું પણ ચાલી રહ્યું છે અને આવનારી ૨૬મી તારીખે રામનવમી પણ આવી રહી છે ત્યારે આ બંને પ્રસંગો દરમિયાન જ આ બિલનું પસાર થવું કાયદાનું સ્વરૂપ ધારણ કરવું એ પણ મારી દ્રષ્ટિએ મોટી દૈવી શક્તિનો એક યોગ બન્યો છે એમ કહીએ તો પણ ખોટું નથી. આ બિલમાં કુલ લગભગ ૩૯૮ જેટલી કલમો અને ૭ જેટલી અનુસૂચિઓ છે. આ ગૃહના બધા જ માનનીય સભ્યશ્રીઓએ ખૂબ વિસ્તારપૂર્વક, ઊંડાણપૂર્વક એનો અભ્યાસ કર્યો છે. ઘણા બધા આદરણીય સભ્યશ્રીઓને એમાં ખૂબ સારી પોઝિટીવ ચર્ચાઓ પણ કરી છે. આ ગૃહમાં આજે લગભગ ૧૫ જેટલા મહિલા સભ્યો એટલે નારીશક્તિ ઉપસ્થિત છે કે જે સમગ્ર ગુજરાતની મહિલાઓનું નેતૃત્વ કરી રહી છે એમ પણ કહીએ તો ખોટું નથી. પણ અફસોસ એ વાતનો છે કે આટલું મોટું મહત્ત્વનું બિલ હોય, આટલા બધા બહેનો અને દીકરીઓને જ્યારે રક્ષણ મળવાનું હોય ત્યારે વિપક્ષના એટલે કે કોંગ્રેસ પક્ષના એક પણ માનનીય સભ્યશ્રી આ ગૃહમાં હાજર નથી. આપ પાર્ટીના સભ્યશ્રીઓની હાજરી છે પણ કોંગ્રેસ પક્ષના કોઇ સભ્યો નથી. માનનીય ઇમરાનભાઇ આવી ગયા છે પણ તેઓ પરણાવાના બાકી છે. માનનીય હર્ષભાઇએ એમની ચિંતા કરી છે. ભારતીય જનતા પાર્ટીની સરકારને સમગ્ર ગુજરાતની ૩ કરોડ કરતાં વધારે

બહેનોના આશીર્વાદ મળવાના છે. મોં જગદંબાના પણ આશીર્વાદ મળવાના છે. વિશેષ કરીને, ગુજરાતમાં ૩૫ થી ૪૦ લાખ જેટલી મુસ્લિમ મહિલાઓના આશીર્વાદ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારને મળવાના છે. આપણા ભારત દેશમાં એક પત્નીનો આદર્શ જો કોઇએ આપણને આપ્યો હોય તો એ ભગવાન રામે આપ્યો છે. આવનારી ૨૬મી તારીખે ભગવાન રામનો જન્મોત્સવ એટલે રામનવમી ખૂબ ધામધૂમથી ઉજવાશે ત્યારે કેટલા સારા દિવસોમાં આ કાયદો આપણે ગૃહમાં પસાર કરી રહ્યા છીએ કે જેનો લાભ યુગોયુગો સુધી આવનાર પેઢીઓને મળવાનો છે. આ બિલથી સૌથી વધારે કોઇને ફાયદો થશે તો એ મારી કરોડો માતા, બહેનો અને દીકરીઓને થવાનો છે. આપણને બધાને ખ્યાલ છે કે, કોઇ પણ કાયદો નબળો હોય તો સૌથી વધારે એનો ભોગ બનનાર નબળા વર્ગો હોય છે અને તેમાં આપણા ગુજરાત કે દેશમાં આ નબળાના કાયદાનો સૌથી વધારે ભોગ બની હોય તો આપણી માતા/બહેન/દીકરીઓ બની છે. આ કાયદાથી ૬ કરોડ ગુજરાતીઓને લાભ થવાનો છે. ભલે વિરોધ પક્ષના મિત્રોએ આ કાયદાનો વિરોધ કર્યો હોય પણ મારે તો તેમને કહેવું છે કે એક સમય એવો આવશે કે આ કાયદાથી બહુમતી હિન્દુ સમાજ કરતાં પણ લઘુમતી સમાજને સૌથી વધારે ફાયદો થવાનો છે. આ કાયદાના કારણે ગુજરાતની આપણી લાખો મુસ્લિમ મહિલાઓને ફાયદો થશે, એનો અધિકાર મળશે. અમારા વિસ્તારમાં આ કાયદો આવવાની વાત થઇ ત્યારે અમારા ઘણાબધા લઘુમતી મોરચાના હોદ્દેદારોની બહેન, દીકરીઓએ ખાનગીમાં દુઆ કરવાની શરૂઆત કરી. શ્રી ઇમરાનભાઇ, આ સાંભળવા જેવી વાત છે. ખાનગીમાં દુઆ કરી રહી છે કે અલ્લાતાલા, આ કાયદો લાવનાર ગુજરાતના મુખ્યમંત્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, અને આદરણીય હર્ષભાઇ સંઘવી સાહેબને પ્રેરણા આપનાર આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું ભલુ થજો. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જીવે ત્યાં સુધી ભારતના પ્રધાનમંત્રી બની રહે એવી પ્રાર્થના કરી રહી છે. સો વર્ષનું આયુષ્ય થાય એવી પ્રાર્થના મુસ્લિમ સમુદાયની બહેનો કરી રહી છે. આ બિલ બંધારણના જે આર્ટિકલ હેઠળ લાવવાની આપણને સત્તા મળી છે એ બંધારણના આર્ટિકલ–૪૪ હેઠળ લાવવામાં આવ્યું છે. આ બિલની ચર્ચામાં ગૃહના સભ્યશ્રીઓએ એનો ઇતિહાસ ખૂબ જાણવા જેવો છે. આજે આપણે બંધારણના આર્ટિકલ–૪૪ હેઠળ ગુજરાતમાં યુનિફોર્મ સિવિલ કોડ લાવી રહ્યા છીએ ત્યારે આ બંધારણીય સભામાં આર્ટિકલ–૪૪ પસાર થયો ત્યારે એની શું શું ચર્ચાઓ થઇ હતી એ આ ગૃહના સભ્યશ્રીઓ સમક્ષ રજૂ કરતા હું મારી જાતને રોકી શકતો નથી. યુનિફોર્મ સિવિલ કોડ અંગે બંધારણ સભામાં તારીખ ૨૩/૧૧/૧૯૪૮ના રોજ ચર્ચા થઇ. આ બિલ દ્વારા આપણે જેમને બંધારણના ઘડવૈયા કહીએ છીએ, જેમને આપણે ભારતરત્ન કહીએ છીએ એવા ડૉ. બાબાસાહેબ આંબેડકરજીના જે અધૂરા કાર્યો હતા, અધૂરા સપનાં હતા એ પૂરા કરવાનું કામ કોઇ સરકાર કરવા જઇ રહી હોય તો આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની ભારતીય જનતા પાર્ટીની સરકાર કરવા જઇ રહી છે. <#FN/PMR1810–BM.DOC/FN#>માનનીય અધ્યક્ષશ્રી, ડૉ.બાબાસાહેબ આંબેડકરજી માનતા હતા કે કાયદો માત્ર પરંપરાનું પ્રતિબિંબ ન હોવું જોઇએ પરંતુ કાયદો સમાજને સુધારવાનું સાધન હોવું જોઇએ. તેમણે કહ્યું હતું કે "Law should be the instrument of social reform", અને આ બિલ આ જ સિદ્ધાંતોને સાકાર કરવાનું કામ કરે છે. આપણે માત્ર પરંપરાને જાળવી રાખતા નથી પરંતુ આ બિલના માધ્યમથી ન્યાય, સમાનતાને પ્રાથમિકતા આપી છે. ડો.બાબાસાહેબ આંબેડકરના દ્રષ્ટિકોણ મુજબ જો સમાજમાં સાચી લોકશાહી સ્થાપિત કરવી હોય તો કાયદામાં સમાનતા લાવવી જરૂરી છે. આ બિલ લાવીને એ જ દિશામાં મજબૂત પગલું ગુજરાતની સરકારે ભર્યું છે. આ બિલનું મૂળ હાર્દ છે અને બિલનો મૂળ આધાર છે એ આપણા સંવિધાનના ૩ મુખ્ય સ્તંભો ઉપર છે. એક તો સમાનતા, બીજું સ્વતંત્રતા અને ત્રીજો મુખ્ય સ્તંભ ન્યાય છે. બંધારણમાં આર્ટિકલ–૧૪ એ દરેક નાગરિકને કાયદા સમક્ષ સમાનતા આપે છે. એ પ્રકારે આર્ટિકલ–૧૫ એ ધર્મ, જાતિ અથવા લિંગના આધારે ભેદભાવને પ્રતિબંધિત કરે છે. આર્ટિકલ–૨૧ એ દરેક વ્યક્તિને ગૌરવપૂર્ણ જીવન જીવવાનો અધિકાર આપે છે. એટલે આ કાયદો બંધારણને અનુલક્ષીને પણ કેટલો સરસ બનાવવામાં આવ્યો છે. એટલા માટે પણ કલમોનો મેં ઉલ્લેખ કર્યો છે. આર્ટિકલ–૪૪ એ રાજ્યને સમાન નાગરિક સંહિતા લાવવા માટે બંધારણમાં માર્ગદર્શન આપે છે જેને આપણે ડાયરેક્ટિવ પ્રિન્સિપાલ કહીએ છીએ. સુપ્રીમકોર્ટે એમના અનેક ચુકાદામાં કહ્યું છે કે Directive Principles and Fundamental Rights આ બન્ને વચ્ચેનું સંકલન હોવું જોઇએ એવું સુપ્રીમકોર્ટ અને હાઇકોર્ટના અનેક ચુકાદાઓ આપણે બધાએ સાંભળ્યા છે, વાંચ્યા પણ છે. ત્યારે આ બંધારણ સભામાં ૨૯૯ સભ્યો હતા. જે દિવસે આર્ટિકલ–૪૪ની ચર્ચા થવાની હતી એ દિવસે એમાં ૯ સભ્યોએ ભાગ લીધો હતો. જેમાં ૫ મુસ્લિમ સભ્યો હતા અને ૪ હિન્દુ સભ્યો હતા. આ ચર્ચામાં મુસ્લિમ વિદ્વાન સભ્યો પૈકી શ્રી મોહમ્મદ ઇસ્માઇલ ખાન, શ્રી નસરુદ્દીન એહમદ, શ્રી મહેમુદ અલી બેગ, શ્રી હુસેન ઇમામ સહિત ૫ વિદ્વાનોએ મુસ્લિમ પર્સનલ લૉમાં હસ્તક્ષેપ ન કરવો એ પ્રકારની જોરદાર રજૂઆત આ બંધારણ સમિતિ સમક્ષ કરી અને મુસ્લિમ સભ્યોની આ રજૂઆતના પ્રત્યુત્તરમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરજીએ રજૂઆત કરી કે જો મુસ્લિમ લગ્ન, છૂટાછેડા અને વારસાઇની બાબતમાં મુસ્લિમ પર્સનલ લૉ એટલે શરિયત લૉના કાનૂનનો આગ્રહ રાખતા હોય તો તો તેમણે ફોજદારી કાયદામાં પણ મુસ્લિમ પર્સનલ શરિયત લૉનો જ આગ્રહ રાખવો જોઇએ. આ શબ્દો ડૉ. બાબાસાહેબ આંબેડકરજીના હતા. બધી જગ્યાએ આપણને ડબલ પોલિસી જાણવા મળે છે. જ્યારે દીકરીઓનો અને બહેનોનો દુરુપયોગ કરવો હોય, એને છૂટાછેડા આપવા હોય ત્યારે મુસ્લિમ લૉ બોર્ડ, શરિયત કાનૂનનો ઉપયોગ કરવામાં આવે અને જ્યારે કોઇ મર્ડર કરેલ હોય, મારામારી કરેલ હોય, લૂંટ કરેલ હોય ત્યારે શરિયત કાનૂનનો ઉપયોગ કરવામાં આવતો નથી. ત્યારે એમ કહેવામાં આવે છે કે સી.આર.પી.સી.ની કલમનો ઉપયોગ કરો. આ બેવડી નીતિ કરવાની જરૂર નથી. શરિયત કાનૂનમાં લખ્યું છે કે ચોરી કરી હોય

તો એના હાથ કાપી નાખવામાં આવે. કોઇ બેન સાથે વ્યભિચાર કર્યો હોય તો માથા ઉપર પથ્થર મારીને મારી નાખવાનો નિયમ છે. એવો આ કાયદો લાગુ કરવા માગતા નથી પણ બહેનોનો દુરુપયોગ કરવાનો હોય ત્યારે શરિયત કાયદાનો ઉપયોગ ભારતમાં આજે પણ કરવામાં આવે છે. એટલા માટે જે તે વખતે ડૉ. બાબાસાહેબ આંબેડકરના શબ્દો બહેનોની તરફેણમાં છે. બહેનોને ન્યાય અને અધિકાર અપાવવા માટે છે. આજે કેટલાક મિત્રો આ બિલનો વિરોધ કરી ગયા છે ત્યારે મારે એમને કહેવું છે કે, આ જોગવાઇઓ કરી છે એ જોગવાઇઓ ખરેખર કોઇપણ જાતનો વિરોધ કર્યા વગર એટલો સારો કાયદો છે કે, જે બહેનોને ન્યાય અપાવવા માટેનો કાયદો છે અને આ કાયદો લાગુ કરવો એ અત્યારના સમયની માંગ છે. જ્યારે બંધારણ સભામાં શરિયત લૉનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો. આર્ટિકલ –૪૪ નો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો ત્યારે એનો પણ ઇતિહાસ જાણવા જેવો છે. આ શરિયત લૉ ૧૯૩૭માં બ્રિટિશ પાર્લામેન્ટે ભારતીય મુસ્લિમો માટે આ મુસ્લિમ પર્સનલ લૉ પાસ કર્યો ત્યારે ગુજરાતમાં કચ્છના મેમણ અને સૌરાષ્ટ્રના ખોજા સમાજે આ કાયદાનો વિરોધ કર્યો હતો. આ કાયદાનો વિરોધ એટલા માટે કર્યો હતો કે આની ચર્ચા ગુજરાતના પનોતા પુત્ર બંધારણસભાના સભ્યશ્રી કનૈયાલાલ માણેકલાલ મુન્શીજીએ બંધારણસભામાં માહિતી આપી કે ૧૯૩૭માં મુસ્લિમ પર્સનલ લૉ કચ્છના મેમણ અને સૌરાષ્ટ્રના ખોજા સમાજે આ કાયદાનો વિરોધ એટલા માટે કર્યો અને એમણે કહ્યું કે પહેલા અમે બધા હિન્દુ જ હતા. છેલ્લી બે–ત્રણ પેઢીથી અમે મુસ્લિમ થઇ ગયા છીએ. એવા સંજોગોમાં ભલે અમે મુસ્લિમ થઇ ગયા છતાં પણ અમારી હિન્દુ પરંપરા પ્રમાણે અમારો કાયદો હોવો જોઇએ. અમને અરબસ્તાનના કાયદામાં લઇ જવાની જરૂર નથી. આ ખોજા સમાજે જે તે વખતે આ કાયદાનો વિરોધ કર્યો હતો. હમણાં મેં વાત કરી કે અહીંયા બે પ્રકારની દોગલા નીતિ આપણને બધાને જાણવા મળે છે. આજે ભારત દેશની અંદર પર્સનલ લૉ એટલે એમનો શરિયત કાયદો છે એના માટે લડત ચલાવવામાં આવે છે. મારે આ ગૃહના બધા સભ્યશ્રીઓના ધ્યાને મૂકવું છે કે આજ મિત્રો વિદેશમાં જતા હોય, યુરોપ, અમેરિકા અને લંડનમાં જતા હોયને ત્યાં સ્થાયી થઇને ત્યાંનું ગ્રીનકાર્ડ મળી ગયું હોય તો ચૂપચાપ અમેરિકા અને યુરોપના કન્ટ્રીનો સમાન કાયદો સ્વીકારી લે છે અને ત્યાં કોઇ વિરોધ કરતા નથી. માત્ર ભારતમાં વિરોધ કરવાનું કામ કરવામાં આવે છે. આ પ્રકારની માનસિકતાને આપણે બધાએ આ ઓળખી લેવાની જરૂર છે. અહીંયા શાહબાનો કેસની વાત કરી. એવું નથી કે બધી જ બહેનો સાથે આ પ્રકારના અત્યાચારો થાય છે અને કોઇ બોલતા નથી. જ્યારે આ મધ્યપ્રદેશની ૬૫ વર્ષના બહેન શાહબાનો કેસમાં સુપ્રીમકોર્ટે એની તરફેણમાં ચુકાદો આપ્યો ત્યારે જે તે વખતના પ્રધાનમંત્રી સ્વ.રાજીવ ગાંધી હતા અને આ મુલ્લાઓના દબાણના કારણે સુપ્રીમકોર્ટના ચુકાદાને એમણે સ્પેશિયલ લોકસભા અને રાજ્યસભામાં આ ચુકાદાને રદબાતલ કર્યો અને એમને શરિયત કાયદાને માન્યતા આપીને એક બહેન સાથે અન્યાય કર્યો. એવા પણ એક વ્યક્તિનો આપણે ઉલ્લેખ કરવો જોઇએ કે, તે વખતે આરિફ મહંમ્મદે કે જેઓ એ સરકારમાં કેબિનેટ મંત્રી હતા અને એમણે નીડરતાપૂર્વક કેબિનેટમાંથી રાજીનામું આપ્યું કે આ મુસ્લિમ મહિલાને અન્યાય કર્યો એના વિરોધમાં રાજીનામું આપ્યું હતું. આજે એ જ આરિફ મહંમ્મદ જેનું સન્માન સાથે નામ લેવું પડે. તેઓ બિહારના રાજ્યપાલ તરીકે આજે પણ સેવા આપી રહ્યા છે. આવા પણ દેશભક્ત મુસ્લિમો બહેનોનું રક્ષણ કરનારા આજે પણ છે. લઘુમતીની તૃષ્ટીકરણની નીતિને આજે ઘણા બધા લોકો જે આપણો વિરોધ કરીને ગૃહમાં હાજર નથી એમને કહેવું છે કે એક પત્નીના કાયદાનો જેઓ વિરોધ કરી રહ્યા છે તેમને મારે જણાવવું છે જે આરબ દેશો છે, મુસ્લિમ દેશો છે અલ્જીરિયા, ઇજીપ્ત, ઇરાન, ઇરાક, જોર્ડન, કુવૈત, લેબનોન, લીબીયા, સુદાન, સીરીયા, યુનાઇટેડ આરબ અમીરાત, ઇન્ડોનેશિયા, મલેશિયા, ફિલિપાઇન્સ, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા આ દેશમાં તો આપણા કરતાં પહેલાં ત્રિપલ તલાકના કાયદાનો અંત લાવી દેવામાં આવ્યો છે પરંતુ આપણા દેશમાં હજુ વિરોધ થઇ રહ્યો છે ત્યારે અહીંયા આદિવાસી સમાજની વાત કરવામાં આવી. હું રાજય સરકારનો, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબનો આભાર માનું છું કે આદિવાસી સમાજને આ બિલમાંથી બાકાત રાખવાનું કામ કર્યું છે ત્યારે આદિવાસી સમાજને આપવામાં આવેલી છૂટ એ સંવિધાનના સંરક્ષણને સુસંગત છે. આદિવાસીઓના સામાજિક, સાંસ્કૃતિક રીત–રિવાજોને અપાયેલુ આ સન્માન છે એમ કહીએ તો પણ ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા કૉંગ્રેસના નેતા શ્રી અમીતભાઇ ચાવડાજી પોતાના વક્તવ્ય દરમિયાન આ બિલમાં પોતાના અભિપ્રાય આપતા હતા ત્યારે અનેક વખત તેમણે ઉલ્લેખ કર્યો કે આદિવાસી સમાજને આ બિલમાંથી બાકાત રાખ્યો, આદિવાસી સમાજને આ બિલમાંથી બાકાત રાખ્યો. તો અમારા ડેપ્યુટી સી.એમ. સાહેબે કહ્યું તે પ્રમાણે કૉંગ્રેસે આ બિલના સંદર્ભમાં પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપવો જોઇએ આવી રીતે *(**xxx**) એ પ્રકારની નીતિ ચાલશે નહીં. આદિવાસી સમાજના રૂઢિ રિવાજો અલગ છે, મરણના પ્રસંગો જુદા છે, લગ્નના પ્રસંગો જુદા છે, એની પરંપરાઓ જુદી છે. આદિવાસી સમાજ મોટાભાગે જંગલ અને પહાડી વિસ્તારમાં તેનો વસવાટ કરે છે. આપ માગી શકો છો, એસ.સી.સમાજ માટે માગી શકો, ઓ.બી.સી. સમાજ માટે માગી શકો પણ આદિવાસી સમાજને બાકાત રાખ્યો, બાકાત રાખ્યો આમ કરીને એમણે જે આદિવાસી સમાજ પ્રત્યેની કૉંગ્રેસની જે આદિવાસી વિરોધની માનસિકતા છે તે અહીંયા ગૃહ સમક્ષ સ્પષ્ટ દેખાઇ આવે છે અને આ માનસિકતા આજથી નથી. કૉંગ્રેસના સમયથી આ માનસિકતા ચાલતી આવી છે. દેશના પહેલા પ્રધાનમંત્રીશ્રી જવાહરલાલ નહેરૂજીએ જયારે દેશમાં અનામત પ્રથા લાગુ પડી ત્યારે પણ દેશના તમામ મુખ્યમંત્રીઓને કાગળ લખ્યો હતો કે હું અનામત

* આ શબ્દો અસંસદીય હોઇ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

નીતિનો વિરોધ કરું છું અને તેના પછી રાજીવ ગાંધીજીએ પણ કહ્યું છે કે, અનામત આપવી એટલે મંદબુદ્ધિના લોકોને પ્રોત્સાહન આપવા બરાબર છે આ શબ્દો કૉંગ્રેસના છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસીઓને મંદબુદ્ધિના કહેવામાં આવે એવી કૉંગ્રેસને આદિવાસી સમાજ ઓળખી ગયો છે. અહીંયા વાત કરી કે, અમારા આદિવાસી રાષ્ટ્રપતિજીને અયોધ્યા મંદિરની પ્રાણપ્રતિષ્ઠામાં ના બોલાવ્યા.આદિવાસી સમાજની કૉંગ્રેસ પાર્ટીને એટલી જ ચિંતા હોય તો દેશમાં પહેલી વહેલી વખત જયારે એક ગરીબ પરિવારની દીકરી રાષ્ટ્રપતિ તરીકેની ઉમેદવારી કરતી હોય તો કૉંગ્રેસ પાર્ટીમાંથી કેટલા મત આપ્યા તે તેમણે ઊભાં થઇને કહેવું જોઇતું હતું. કૉંગ્રેસે આખા દેશમાંથી એક મત નથી આપ્યો. આદિવાસી ઉમેદવારની વિરૂદ્ધમાં ઉમેદવાર ઊભો રાખ્યો અને બધા મત એ આદિવાસી વિરૂદ્ધમાં જે ઉમેદવાર હતા એમને આપ્યા છે. મત તો ન જ આપ્યા પણ એમના એક સાંસદ સભ્યે અપમાન કર્યું, અધિરંજન ચૌધરી એમણે એમ કહ્યું કે આ રાષ્ટ્રપતિ નથી પણ *(**xxx**) છે. અમે આખા દેશમાં આદિવાસી સમાજે તેનો વિરોધ કર્યો કે આદિવાસી સમાજનું અપમાન આ રીતે ના ચલાવી લેવાય. એ જ પ્રકારે સોનીયાજીએ લોકસભાની બહાર મીડિયાની અંદર રાષ્ટ્રપતિ વિશે બાઇટ આપી. તેમને મીડિયાએ પૂછયું તો એમણે એમ કહ્યું કે *(**xxx**). એક રાષ્ટ્રપતિ જે હોય તેવી સન્માનિત વ્યકિતને આ પ્રકારે અપમાન કરતાં હોય તો આવા લોકોની માનસિકતા તે આપણે બધા ખૂબ સારી રીતે જાણીએ છીએ. ત્યારે આ બિલમાં ભારતીય સંવિધાનના અનુચ્છેદ–૩૬૨ તથા ૩૭૨ હેઠળ અપાયેલી વિશેષ છૂટછાટ હેઠળ આ બિલમાં આદિવાસી સમાજનો સમાવેશ નથી કરવામાં આવ્યો એટલા માટે હું રાજય સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું. આદિવાસી સમાજ અન્ય સમાજો કરતા ભલે આર્થિક રીતે પાછળ હશે, ભલે એ જંગલમાં રહેતો હોય, પહાડી એરીયામાં રહેતો હોય પણ આદિવાસી સમાજે આજે પણ પ્રાચીન કાળથી એની જે પરંપરા છે એની સંસ્કૃતિ છે, સામાજિક વ્યવસ્થા છે એને જાળવી રાખવાનું કામ આદિવાસી સમાજે કર્યું છે. આજે અન્ય સમાજોમાં દીકરી પરણાવવી હોય એ ખૂબ મોટી ચેલેંજ છે અને જેના ઘરેથી દીકરી લાવવી હોય એણે દીકરાને કરોડો રૂપિયા દહેજમાં આપવા પડે, જો દહેજમાં ના આપો તો દીકરીને ત્રાસ આપે, દીકરીએ સુસાઇડ કરવા પડે એના અનેક દાખલાઓ છે. પરંતુ આદિવાસી સમાજની પરંપરા એવી છે કે કોઇના ઘરેથી દીકરી આપણે લાવીએ એટલે આપણે દહેજ નહીં માંગવાનું પણ દીકરીના ઘરવાળાને દહેજ આપવાની પ્રથા આદિવાસી સમાજમાં છે. એ ઉપરાંત પણ ભણેલા ગણેલા સમાજોમાં આજે પણ દીકરી અને દીકરા વચ્ચે ભેદભાવ સમજે છે અને ભૃણહત્યા કરવાનું કામ અન્ય સમાજોમાં ચાલે છે. આદિવાસી સમાજમાં કોઇ લીંગ પરીક્ષણ થતું નથી. આજે પણ દીકરીઓને કોઇપણ ભેદભાવ વગર જન્મ આપવામાં આવે છે અને એટલા માટે અન્ય સમાજો કરતાં આદિવાસી સમાજમાં આજે દીકરીઓની સંખ્યા વધારે છે. અન્ય સમાજોમાં આજે ભણેલો ગણેલો પૈસાદાર વર્ગ છે, આજે આપણે જોઇ રહ્યા છીએ કે કૂદકે ને ભૂસકે ઘરડાઘર ખુલી રહ્યા છે પણ ગુજરાતનું એક આદિવાસી ગામડું બતાવો, એક તાલુકો બતાવો કે જયાં આદિવાસીઓએ ઘરડાઘર ખોલ્યું હોય. આજે પણ ત્યાં સંયુકત કુટુંબ પ્રથા ચાલી રહી છે એટલા માટે આ ભારતીય જનતા પાર્ટી સરકારનો આભાર માનીએ છીએ કે આ બિલમાંથી અમને મુકિત મળી છે. ૯૦ ટકા ઝઘડાઓ આજે પણ ગામમાં બેસીને ત્યાં જ ઉકેલવામાં આવે છે. ત્યારે આ બિલ એ આપણા સૌના માટે ખૂબ ઉપયોગી છે. આવનારા દિવસોમાં આવનારી પેઢીમાં એના ખૂબ લાભ થવાના છે તો જે આ બિલ લઇને માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ આપણી વચ્ચે ઉપસ્થિત થયા છે, હું માનું છું કે આ ઐતિહાસિક બિલમાં આપણે કોઇપણ જાતના વાંધા વચકા કાઢીએ એના કરતાં ગુજરાતના હિતમાં સાડા છ કરોડ અને એમાં પણ વિશેષ કરીને બહેન–દીકરીઓના હિતમાં વિના વિરોધે આ બિલને મંજૂર કરે એવી ગૃહના તમામ સભ્યશ્રીઓને મારી બે હાથ જોડીને વિનંતી છે. ધન્યવાદ.

શ્રી ઇમરાન ખેડાવાલા(જમાલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલમાં કુરાન અને શરિયતના વિરુદ્ધની વાત છે. એનો હું અસ્વીકાર કરું છું અને તેનો વિરોધ કરું છું.

हम आह भी भरते हैं तो हो जाते हैं बदनाम,
वो कत्ल भी करते हैं तो चर्चा नहीं होता।

ઉપાધ્યક્ષશ્રી : આમાં સાચું કોણ ઇમરાનભાઇ? તમારા મિત્રોએ પહેલાં તમને કહ્યું હવે તમે એમને કહો. સાચું કોણ?

શ્રી ઇમરાન ખેડાવાલા : આ શાયરી મારે જ બોલવાની હતી પણ મારા મિત્ર રમણભાઇ બોલી ગયા એટલા માટે મારે પાછી રીપિટ કરવી પડે. આજે સમાન નાગરિક સંહિતા યુ.સી.સી.નો વિરોધ કરવા માટે ઊભો થયો છું. આ સભાગૃહના અંદર દરેક સભ્યને પોતાની વાત કરવાનો અધિકાર છે અને પોતાની વાત કરવાનો મોકો મળે છે. હું પણ મારી વાત અહીંયા કરવા માટે ઊભો થયો છું. માત્ર હું જ નહીં પરંતુ સમગ્ર મુસ્લિમ સમાજ તરફથી હું વિરોધ કરું છું. સમગ્ર મુસ્લિમ સમાજની જે લાગણી છે તે વ્યકત કરવા માગું છું. મારી વાતમાં સત્ય અને તથ્ય જણાય તો તેની ઉપર ગંભીરતાથી વિચાર કરશો તેવી મારી નમ્ર વિનંતી છે. કોઇ પણ સરકારનું કર્તવ્ય હોય છે કે સંવિધાન મુજબ દેશ ચાલે. સંવિધાનના આર્ટિકલ –૨૫ મુજબ ધર્મ પસંદગી કરવાનો, તેની પર અમલ કરવાનો અને તેના પર પ્રચાર–પસાર કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. સંવિધાનના

* આ શબ્દો આક્ષેપાત્મક હોઇ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

* આ શબ્દો આક્ષેપાત્મક હોઇ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માર્ગદર્શક સિદ્ધાંતોમાં આ વાત ચોક્કસ કહેવામાં આવી છે કે, સમય આવે દેશમાં સમાન નાગરિક સંહિતા લાવવાનો પ્રયાસ કરવામાં આવશે. આ સંવિધાનની વાત છે. તેની સાથે–સાથે દેશમાં વ્યસન મુક્તિનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવે. ગૌહત્યા પર પ્રતિબંધ રાખવામાં આવે, બેરોજગારોને રોજી આપવાની પણ સંવિધાનમાં વાત કરવામાં આવી છે. આ વધારે ગંભીર વિષયો છે. તેની પર સરકારે વધારે ચિંતા કરવાની જરૂર હતી. સરકાર તેના પર બિલ લાવતી તો વધારે સારું રહેતું. યુ.સી.સી. સમગ્ર દેશમાં લાવવાની વાત છે. જો રાજ્યો યુ.સી.સી. લાવશે અને દરેક રાજ્યનો યુ.સી.સી.માં તફાવત હશે તો સમાન નાગરિક સંહિતા કેવી રીતે લાગુ થશે? સરકારે કોઇ બિલ લાવવું હોય તો એ લૉ કમિશનની નિમણૂક કરે છે. યુ.સી.સી. બાબતે પણ વર્ષ ૨૦૨૧માં લૉ કમિશનની નિમણૂક કરવામાં આવી હતી. તેમણે પોતાના રિપોર્ટમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે યુ.સી.સી.ની જરૂર નથી. ગુરુ ગોવેલકરે કહ્યું હતું કે, દેશમાં સમાનતાની નહિ પણ સૌહાર્દની જરૂર છે. જ્યારે વિદ્વાનો આવી વાત કરતા હોય ત્યારે આપણે સૌએ વિચારવાની જરૂર છે. યુ.સી.સી લાવતા પહેલાં દેશમાં કોઇ સમસ્યાઓ ન હતી. એવો કોઇ રેકર્ડ નથી કે જેના વગર સમાજ બહુ બગડી ગયો હોય તેવું પણ નથી. ભારતમાં કોઇ પણ ધર્મ, સંપ્રદાય કે વર્ગે તેની માગણી પણ કરી નથી. મુસ્લિમ સમુદાયની મહિલાઓએ પણ આવી કોઇ માગણી કરી નથી. હું સમજું છું ત્યાં સુધી આ ભારતીય જનતા પાર્ટીનો માત્ર રાજકીય એજન્ડા છે. આવનારા દિવસોમાં ચૂંટણીઓ છે એના માટે આ બિલ લાવ્યાં છે. વન સ્ટેટ, વન નેશન, વન ઇલેક્શન, વન લૉ, વન પાર્ટી અને કાયમી સત્તા તમને જોઇએ છે એટલા માટે આ બિલ લાવ્યાં છો. (અંતરાય) તમે આ બિલ ઉતાવળમાં લાવ્યા છો. *(**xxx)**

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, આ બીલમાં જેટલી કલમો છે એ કલમો પર આપ કાંઇ કહેવા માગો છો?

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત લઇને આવ્યો છું એ કલમના આધારે જ છે. અગાઉની સરકારોમાં કોઇ સમુદાય કે કોઇ વર્ગ, ખેડૂત, મજૂર વર્ગ વગેરે પોતાની કોઇ સમસ્યા કે તેના ઉકેલ માટે તેના વિકાસ માટે કોઇ બિલ લાવવાની માગણી કરતાં તો એમ.પી./એમ.એલ.એ. દ્વારા દબાણ ઊભું કરાતું, રેલીઓ/ધરણાં કરતાં ત્યારે સરકાર તેની માગણીઓને માનીને કોઇ બિલ લાવતી અને કાયદા પસાર કરતી. વર્તમાનમાં ખેડૂતોના લાભ માટે સરકાર કાયદો લાવે છે અને ખેડૂતો પોતે જ તેનો વિરોધ કરે છે. વર્તમાનમાં ખેડૂતોના લાભ માટે સરકાર કાયદો લાવે છે અને ખેડૂતો પોતે જ તેનો વિરોધ કરે છે. ખેડૂતોએ બલિદાનો આપેલા છે અને સરકારે આ બિલ પાછું પણ ખેંચ્યું છે. સરકાર મુસ્લિમોના હિત માટે ..... (અંતરાય) કલમા તો અમે પઢીને જ મુસલમાન બન્યા છીએ એટલે કલમ છે, કલમા છે, દરેકને પોતપોતાનો ધર્મ માનવાનો અધિકાર છે. આપણા ભારત દેશના ૧૪૦ કરોડ લોકોને સંવિધાને હક્ક આપેલો છે.

ઉપાધ્યક્ષશ્રી : અંદર–અંદર ચર્ચા નહીં. બિલ પર વાત કરીએ. વચ્ચે કોઇ કોમેન્ટ નહીં.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, એ બોલશે તો હું પણ જવાબ આપીશ. 'સરકાર મુસ્લિમોના હિત માટે યુ.સી.સી. લાવી રહી છે.' આ એક મજાક સમાન છે. **(**xxx xxx)**

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે વાત કરે છે કે, શ્રી અમિતભાઇ શાહ મુસ્લિમોની સભામાં કહેતાં નથી. જ્યારે હોય ત્યારે તેમણે તમામ લોકોનું કહ્યું છે. માનનીય સભ્યશ્રી પાસે તે વિશે કોઇ પુરાવા હોય તો આપે. અમે આ પ્રકારે બધાને અધિકાર મળે તે પ્રકારની વાત ન કરવી હોય તો ગૃહમાં બોલે છે ત્યારે પુરાવા રજૂ કરે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, આપની પાસે પુરાવા હોય તો રજૂ કરો. (અંતરાય)

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું અમિતભાઇને કહેવા માગું છું કે, શાહીનબાગ પાકિસ્તાનમાં નથી, શાહીનબાગ દિલ્હીમાં હતું. ત્યાં લોકોના એક હાથમાં ગીતા અને એક હાથમાં કુરાન હતું.

ઉપાધ્યક્ષશ્રી : અમિતભાઇને કહેવાની જરૂર નથી. આપ સીધા બિલ પર વાત કરો. (અંતરાય) આપ બેસો.

શ્રી ઇમરાન ખેડાવાલા : તમે પાકિસ્તાનમાં મહમ્મદ અલી ઝીણાની મજાર પર તમે ગયા હતા.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, આપ સીધા બિલ પર વાત કરો. માનનીય અમિતભાઇ બેઠાં બેઠાં કોઇ કોમેન્ટ નહીં કરો.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, જે બોલશે તેને જવાબ તો મળશે જ. (અંતરાય) શાહીનબાગ પાકિસ્તાનમાં નથી એ તમને ખબર નથી. શાહીનબાગ દિલ્હીમાં છે.

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસો, આપ બેસો. બેસો. આપ બેસો.

શ્રી ઇમરાન ખેડાવાલા : શાહીનબાગ પાકિસ્તાનમાં નથી મને ખબર નથી. શાહીનબાગ દિલ્હીમાં છે.

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસો.

શ્રી ઇમરાન ખેડાવાલા : અરે... છે,

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, (અંતરાય) એમને મેં બેસવાનું કહ્યું. માનનીય ઇમરાનભાઇ આપ મારી તરફ જુઓ. એમને મેં બે વાર બેસવાનું કહ્યું.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપ મારું રક્ષણ કરો, મને બોલવાનો અધિકાર છે.

---

* આ શબ્દો આક્ષેપાત્મક હોઇ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

** આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, મેં તમને પહેલેથી જ કહ્યું છે કે, આપ પ્રવચન ચાલુ રાખો. આપ બોલો. આપને બધા સાંભળશે.

શ્રી ઇમરાન ખેડાવાલા : મને ડિસ્ટર્બ કરે છે. મારી વાતમાં વચ્ચે ઊભા થઇ જાય છે.

ઉપાધ્યક્ષશ્રી : મેં માનનીય અમિતભાઇને પણ કહ્યું છે. માનનીય ઋષિકેશભાઇ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જીતુભાઇએ જે પુરવાની વાત કરી છે તે વિશે માનનીય ઇમરાનભાઇ પુરાવા આપે અને જો પુરાવા ન આપી શકે તો તેમની સમગ્ર ચર્ચા રેકર્ડ પરથી દૂર કરવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ જ્યાં સુધી પુરાવા નહીં આપે ત્યાં સુધી આ બધું રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, *(**xxx)**

ઉપાધ્યક્ષશ્રી : એ વાત હવે પૂરી થઇ ગઇ. મેં કહ્યું છે કે, યુનિફોર્મ સિવિલ કોડની કોઇ કલમ પર આપ કોઇ વાત કહેવા માગતા હોય તો આપ ચર્ચા કરો.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, નાગરિક સંહિતા સૌના માટે હોવી જરૂરી છે. ગુજરાતમાં આદિવાસીની સંખ્યા ૧૫ ટકા એટલે એક કરોડની છે. હું આદિવાસીનો કોઇ વિરોધ કરતો નથી કે ચાર પત્ની કરે. તેનો અમને કોઇ વિરોધ નથી પરંતુ જે પ્રમાણે તેમને બાકાત રાખવામાં આવ્યા છે તેનો પણ અમને કોઇ વિરોધ નથી. પરંતુ જે પ્રમાણે મુસ્લિમ સમાજે કે મુસ્લિમ મહિલાઓએ કોઇ માંગણી કરી ન હતી કે અમને આમાં સમાવિષ્ટ કરવામાં આવે છતાં પણ અમને લેવામાં આવ્યા છે તેનો અમે વિરોધ કરીએ છીએ.

ઉપાધ્યક્ષશ્રી : વચ્ચે બેઠાં બેઠાં અવાજ કરશો નહીં. માનનીય ઇમરાનભાઇ, આ તો માનવતાનું કામ છે. ત્રિપલ તલાક વખતે પણ દેશમાં કાયદો લાવ્યા હતા. કોઇએ માગણી કરી નથી પણ એક સમાનતાની ભાવનાથી કામ થયું છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહેવા માગું છું કે, ત્રણ તલાકનો કાયદો લાવ્યા તેના માટે ગુજરાતમાં કેટલા કેસો આપણી પાસે આવ્યા? અહીંયા હલાલાની વાત કરતા હતાં કે હલાલામાં આટલી બહેનોને અન્યાય થયો છે. આપણી પાસે એવી કોઇ ફરિયાદ આવી છે? એ કોર્ટનું જજમેન્ટ છે. એ જજમેન્ટ બીજી કોર્ટનું છે. આપણા રાજ્યનું પણ નથી.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, એમણે જજમેન્ટની વાત કરી છે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ કોઇ પર્ટિક્યુલર કોર્ટ કેસની વાત કરી છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહેવા માગું છું કે, ત્રણ તલાકનો આપણે કાયદો લાવ્યા એના માટે ગુજરાતમાં આપણે કેટલા કેસો આપણી પાસે આવ્યા. અહીંયા હલાલાની વાત કરતા હતા કે હલાલામાં આટલી બહેનોને અન્યાય થયો છે.(અંતરાય) એ બીજા કોર્ટનું જજમેન્ટ આપેલ છે.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી ઇમરાનભાઇ, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ જજમેન્ટની વાત કરી છે. કોઇ પર્ટીક્યુલર કોર્ટની વાત કરી છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહેવા માગું છું કે આવા રેર કિસ્સા બનતા હોય છે. હું એની ફેવર કરું છું. પણ એવું નથી કે દરેક જગ્યાએ આવા કિસ્સાઓ બનતા હોય. હલાલાના કિસ્સા દરેક જગ્યાએ નથી બનતા હોતા પરંતુ, આ સભાગૃહને પણ ખબર હોવી જોઇએ કે જે પ્રમાણે અન્ડરસ્ટેન્ડિંગથી આજે પણ જે હલાલાની પ્રક્રિયા હોય છે એ થાય છે અને કુરાનની અંદર છે એ પ્રમાણે થાય છે. આમાં કોઇ મજાક હોતી નથી. જે હોય છે એ શરિયતના આધારે નિકાહ કરવાના હોય છે અને પછી તેને તલાક આપવાના.....

ઉપાધ્યક્ષશ્રી : બેઠાં-બેઠાં અવાજ નહીં કરો. એક મિનિટ માનનીય ઇમરાનભાઇ.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એ પ્રક્રિયા તમે કહો છો ને કે થોડી થોડી હોય છે પણ થોડી થોડી સમજાવી દો ને? મારો આમાં કોઇ ખોટો ધ્યેય નથી અને હું દિલથી તમને કહું છું કે દુ:ખ લાગ્યું હોય તો હું માફી માગું છું. મેં જે સાચી હકીકત હતી એ જ કહી છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય હર્ષભાઇ, મેં એમને ખુલાસો કર્યો છે કે તમે જજમેન્ટની વાત કરી છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે મુસ્લિમોને સામેલ કરવાની અને રાજકીય ધ્રુવીકરણનો લાભ મળે તેવું મને લાગી રહ્યું છે. યુ.સી.સી.થી સૌ સમુદાય અને દેશને લાભ થાય તેવું મને દેખાતું નથી. મુસ્લિમો વિરુદ્ધ અપપ્રચાર થઇ રહ્યો છે. આ વાત એટલા માટે ખૂબ ગંભીરતાથી આપને કહી રહ્યો છું કે જે પ્રમાણે જુઠ્ઠાણું ફેલાવવામાં આવે છે કે મુસ્લિમ ચાર નિકાહ કરે છે અને તેમના વીસ-પચ્ચીસ બાળકો હોય છે. બિલકુલ ખોટી વાત છે. વીસ-પચ્ચીસ બાળકો અંગેના તમારા પાસે કોઇ કિસ્સા છે? એમના બર્થ સર્ટિફિકેટ લાવો. અરે, રાજકારણ છોડીને આ ગૃહમાંથી અત્યારે રાજીનામું આપી દઇશ. ૨૫ બાળકો હોય અને ચાર બૈરાં હોય તેવા કોઇ મુસ્લિમ હોય તો બતાવો મને. હું અત્યારે રાજીનામું આપી દઇશ.

---

* આ શબ્દો આક્ષેપાત્મક હોઇ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ઉપાધ્યક્ષશ્રી : બેઠાં–બેઠાં કોમેન્ટ કરશો નહીં.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે આ એક બદનામ કરવાની સાજિશ છે એ ન ચલાવી લેવાય. ખાસ કરીને અત્યારે....

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આવી બાબત કોઇપણ બોલ્યું છે?

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, બહાર સ્ટેટમેન્ટ આપે છે ને?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, કોણે આપ્યું? ચાર અને પચ્ચીસ એ તમે જાતે જ નક્કી કરો છો. અમે તો કોઇ બોલ્યા જ નથી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ લાવવાનું કારણ જ એ છે કે મુસ્લિમોની સંખ્યા વધી જશે. (અંતરાય) એ લોકોની સંખ્યા વધી જશે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ના, ના ઇમરાનભાઇ અમે તો ગર્વ સાથે કહીએ છીએ કે,

ઉપાધ્યક્ષશ્રી : એક મિનિટ ઇમરાનભાઇ, આપ બેસો.(અંતરાય) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી વાત કરે છે. એક મિનિટ બેસો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ઇમરાનભાઇ, અમે કોઇ જગ્યા પર એવું નથી કહેતા કે ચાર બૈરાં, પચ્ચીસ છોકરાઓ. અમે તો અમારી સામે જીવતું જાગતું એક ઉદાહરણ છે કે કુંવારાને એક પણ છોકરા વગરના એવું અમે માની જ લઇએ છીએ. કોઇ વિરોધ નથી અને કોઇ બીજી વાત નથી. તમે આનંદથી કલમવાર તમારો વિષય મૂકો તો ખ્યાલ આવે કે સારું શું કરી શકાય?

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઇમરાનભાઇ કહી રહ્યા છે. મારા વિસ્તારમાં લઘુમતી સમાજની ખૂબ મોટી સંખ્યા છે અને એમાં એક મુસ્લિમભાઇને ત્રણ–ત્રણ બૈરા છે અને સાથે–સાથે ૧૮ બાળકો છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આવો કદાચ એકાદ કિસ્સો હોય. આ બહુ જૂની વાત છે. અત્યારે નવી જનરેશનમાં .....

ઉપાધ્યક્ષશ્રી : બેઠાં–બેઠાં કોમેન્ટ ના કરશો.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, બધા જ લોકો ફેમિલી પ્લાનિંગમાં માને છે અને મુસ્લિમ સમાજ પણ ફેમિલી પ્લાનિંગમાં માને છે. આ વાત પચાસ વર્ષ પહેલાંની વાત છે. અત્યારની જે નવી જનરેશન છે એ.....

ઉપાધ્યક્ષશ્રી : હવે આપણે બિલ પર જ વાત કરીએ.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા શૈલેષભાઇ, અમિતભાઇએ ચર્ચામાં બધા મુદ્દા લઇ લીધા છે. મારે તો ફક્ત એ જ વાત કરવાની છે કે જે પ્રમાણે આપ મહિલાને રક્ષણ આપવાની અને મહિલાને ન્યાય આપવાની વાત કરો છો તે પ્રમાણે હું આ ગૃહમાં દરેક મહિલાને ચોક્કસ ન્યાય મળે એના માટેની વાત કરું છું પરંતુ જે પ્રમાણે શરિયત અને કુરાનની વાત હોય ત્યારે અમારે મુસ્લિમ સમાજમાં શરિયત અને કુરાન ઉપર ચાલવાનું હોય છે. જે પ્રમાણે તમે આ કાયદો લાવ્યા છો એમાં શરિયત અને કુરાનને ડિસ્ટર્બ કરવાની વાત છે એનો હું વિરોધ કરું છું. આ હાઉસમાં કરું છું અને બહાર પણ કરવાનો છું.

ઉપાધ્યક્ષશ્રી : બેઠાં બેઠાં કોમેન્ટ કરશો નહીં.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપણા ફિલ્મ ઇન્ડસ્ટ્રીના બહું મોટા નેતા અને અભિનેતા એવા સ્વ.ધર્મેન્દ્રજીની વાત કરું છું. તેઓશ્રી સંસદસભ્ય પણ હતા અને હેમા માલિનીના પતિ હતા. એ સમયમાં એમને બે વિવાહ કરવાના હતા. તેઓ કાગળ ઉપર મુસ્લિમ બની ગયા હતા અને બીજા વિવાહ કરી લીધા. વાસ્તવિકમાં તેઓએ ઇસ્લામ ધર્મનો અંગીકાર કર્યો ન હતો પરંતુ એમણે હેમામાલિની જોડે લગ્ન કર્યા હતા અને લગ્ન કર્યા પછી હેમામાલિની આજે ભારતીય જનતા પાર્ટીના એમ.પી. પણ છે. તેમની સામે કોઇનો વિરોધ નથી. કોઇપણ વાંધો નથી. આ કિસ્સો પણ જોવા જેવો છે. કેમ, તે હિન્દુ નથી? હેમામાલિની આપણા બહેન નથી?

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, આ કાયદાનો મૂળ જ સમાનતા છે. બધાયે સરખા છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે તો મેં આ દાખલો આપ્યો. વારસાઇની વાત કરું તો ઇસ્લામ મુજબ વારસાઇ વહેંચણીમાં પુરુષને બે ટકા અને મહિલાને એક ટકા આપવામાં આવે છે. કુરાનમાં અને હદિસમાં છે એ પ્રમાણે વારસાઇમાં આપવામાં આવે છે. જ્યારે યુ.સી.સી. મુજબ વારસાઇની વહેંચણીમાં પુરુષ અને મહિલાને સમાન ભાગ મળશે તેવી વાત કરવામાં આવી છે. ઇસ્લામે મહિલાઓ ઉપર ઘરની આર્થિક જવાબદારી નાંખી જ નથી. ફક્ત ઘરની જવાબદારી પુરુષના માથે જ છે. મહિલાઓ ઉપર કોઇ પણ જાતની જવાબદારી ઇસ્લામ ધર્મમાં નાંખી નથી. ઇસ્લામમાં મહિલાઓને બે ટકા હિસ્સો વારસાઇમાં મળતો હોય તે શરિયત અને ઇસ્લામી કાનૂનના હિસાબથી મળતો હોય છે. મહિલાઓને પિતા, પતિ, પુત્ર કે ત્રણ તરફથી વારસામાં ભાગ મળે છે તેની સામે આર્થિક જવાબદારી પણ રહેતી નથી. તેના લીધે તેનો ભાગ ઓછો રાખવામાં આવ્યો છે. મુસ્લિમ સમાજમાં મહિલા વિધવા બને કે તલાક થાય તેવી સ્થિતિમાં એની બધી જ જવાબદારી ફરીથી તેના પિતાની હોય છે. શરિયતમાં વારસાઇમાં જે બહેન વિધવા બની જાય છે તેની જવાબદારી તેના પિતા

ઉપાડતા હોય છે. મુસલમાન શબ્દો અને તેનો અર્થ અલ્લાની જ્ઞાનતા અને પાલન કરવાનો છે. મુસલમાન જીવનપર્યંત એટલે કે જનમથી લઇને મૃત્યુ સુધી અલ્લાનું પાલન કરે છે. કુરાનનું પાલન કરે છે. મુસલમાન નિકાહ, તલાક, દત્તક, વારસાઇનો કાયદો માત્ર કાયદો નથી તે અલ્લાના જ્ઞાતાઓની ઉપર અમલ કરવાનો અને મુસ્લિમ હોવાના કારણે અત્યંત જરૂરી છે. મુસ્લિમ છે એટલા માટે તેમણે જે કુરાન અને હદિસની વાત છે એના ઉપર અમલ કરવાનો હોય છે. અમે આ યુ.સી.સી. બિલનો વિરોધ કરીએ છીએ. શરિયત અને કુરાનમાં જે વાત છે, એનાથી અમે અલગ થઇ જઇએ તો અમે નાસ્તિક થઇ જઇએ. જે કુરાનને ના માને એ નાસ્તિક કહેવાય. હિન્દુ ધર્મ ગીતાને માને છે. ક્રિશ્ચયન ધર્મ બાઇબલને માને છે. મુસ્લિમ સમાજનું ધાર્મિક પુસ્તક કુરાન છે. અમે એને માનીએ છીએ. અમે એને ના માનીએ, એને ફોલો ના કરીએ તો અમે પણ નાસ્તિક કહેવાઇએ. એટલા માટે અમે વિરોધ કરીએ છીએ કે યુ.સી.સી.માં તમે જે કાયદા બનાવ્યા છે એમાં તમે અમારા શરિયત સાથે ખિલવાડ ના કરો. શરિયતથી જ અમે મુસ્લિમ તરીકે છીએ.

પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન

ડૉ. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કુરાનની વાતો કરે છે. અહીંયા માત્ર કલમ–૫ સ્પષ્ટ છે. એમાં વિવિધ ધાર્મિક અને રૂઢિગત પ્રથાઓ અને સંસ્કાર અને ધાર્મિક વિધિઓ જેવી કે સમપદી, આશીર્વાદ, નિકાહ અને મંગલફેરાને સંપૂર્ણ માન્યતા આપવામાં આવેલ છે. આનો અર્થ એ છે કે લોકોની ધાર્મિક વિધિઓ છીનવતો નથી. પરંતુ લગ્નના કાનૂની માપદંડો અને અધિકારોને સમાન બનાવે છે.

ઉપાધ્યક્ષશ્રી : એ વાત માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ કરી છે. એમને પણ ખ્યાલ છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : સાંભળો, આ જે કાયદો લાવ્યા છે એનો વિરોધ કરી રહ્યો છું. અંત સુધી વિરોધ કરીશ. ન્યાય માટે કોર્ટમાં જવાનું હશે તો અમે કોર્ટમાં પણ જઇશું. રોડ ઉપર લડત કરીશ, ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલનો કરીશ. વિવિધતામાં એકતાનું ઉદાહરણ એ હોય છે કે સુગંધિત ફૂલો હોય છે એ ફૂલોમાં બગીચામાં અલગ અલગ જાતના ફૂલો હોય છે. એનાથી બગીચો ખૂબસૂરત લાગે છે. પરંતુ ખાલી ગલગોટાના ફૂલો હોય એટલે બગીચો સારો લાગતો નથી. એટલે તમામ સમાજના લોકોને જોડીને વાત કરતા હોઇએ ત્યારે તમામ સમાજને ન્યાય મળવો જોઇએ. એટલે આ બિલમાં જે કાંઇ સુધારા કરવાની જરૂર છે એ સુધારા કરે અને આ બિલને પ્રવર સમિતિમાં મોકલવામાં આવે. એની અંદર જે પણ સુધારા કરવાની જરૂર છે એ સુધારા કરવામાં આવે. અત્યારે આ બિલનો સખત શબ્દોમાં વિરોધ કરું છું. આ બિલ સરકાર લાવી છે એ ફક્ત રાજકીય એજન્ડા મને દેખાઇ રહ્યું છે. આવનારા દિવસોમાં જે ઇલેક્શન છે એના માટે લાવી છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ આપ જે વાક્ય છેલ્લે બોલ્યા એ ૧૦–૧૧ વાર થયું.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, બિલમાં જે છે એમાં ખાસ કરીને અહીંયા શાહબાનોની વાત થઇ. શાહબાનુના કેસની અંદર સુપ્રીમકોર્ટે જે પણ ચુકાદો આપ્યો પણ ગુજરાતની બહેન બિલ્કીસબાનુ પણ આ ગુજરાતની હતી. એ પણ ન્યાય માગતી હતી. બિલ્કીસબાનુ વિશે કોઇએ વાત નથી કરી. બિલ્કીસબાનુના કેસમાં ગુનેગારો હતા એના ઘેર જઇને સન્માન કરવામાં આવ્યું હતું. આ દુઃખની વાત છે. બિલ્કીસબાનુ ગુજરાતની બેન છે અને એ પણ ન્યાય માગતી હતી. કેમ આપણે ન્યાય નહીં આપી શક્યા? શાહબાનુની આપણે ચિંતા જરૂર કરીએ પણ ગુજરાતની બિલ્કીસબાનુની પણ ચિંતા કરવાની જરૂર છે. માનનીય મુખ્યમંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તેમાં મારો સખત વિરોધ છે અને છેક સુધી વિરોધ રહેશે. *(xxx.)

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આપણા સભાગૃહમાં તમામ ધારાસભ્યોને પોતાના વિચારો મુક્ત રીતે રજૂ કરવાનો અધિકાર છે. પરંતુ વિધાનસભામાં જે કાયદો આપણે પસાર કરવા જઇ રહ્યા છીએ એ આગામી દિવસોમાં અમે આવું કરીશું, તેવું કરીશું એ ઉશ્કેરણીજનક છે અને એના કારણે આંતરવિગ્રહ પેદા થવાનો છે એ વાત એક સન્માનનીય ધારાસભ્ય તરીકે ન કરવી જોઇએ. હું વ્યક્તિગત રીતે માનું છું, કાં તો શ્રી ઇમરાનભાઇ એ શબ્દો પાછા ખેંચે અથવા રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, (અંતરાય) આપ બેસો. કાન્તીભાઇ આપ બેસો. માનનીય કસવાલા આપને બોલવાની તક મળે ત્યારે કહેજો. માનનીય ઇમરાનભાઇ, શ્રી રમણભાઇએ જે વાત કરી છે એ મુજબ આપ શબ્દો પાછા ખેંચવા માગો છો? (અંતરાય) આપ ઊભા થઇને બોલો.

શ્રી ઇમરાન ખેડાવાલા : મારા શબ્દો કોઇ ગેરબંધારણીય હોય (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, પછી બોલજો. (અંતરાય)

શ્રી ઇમરાન ખેડાવાલા : દરિયાપુરની વાત ન કરો. આ શાકમાર્કેટ નથી.

શ્રી ઇમરાન ખેડાવાલા : સાહેબ, આ શાકમાર્કેટ છે?

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, માનનીય રમણભાઇએ વાત કરી એ શબ્દો પાછા ખેંચવા માગો છો કે કેમ? માનનીય ઇમરાનભાઇ આપ ઊભા થઇને વાત કરો.

---

* આ શબ્દો અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : એક મિનિટ, માનનીય શૈલેષભાઇ આપને આપું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : આ વિધાનસભા ગૃહમાં દરેક ધારાસભ્યશ્રીને પોતાનો બોલવાનો અધિકાર છે અને અધિકારના ભાગરૂપે ઇમરાનભાઇ બોલી રહ્યા છે. (અંતરાય) ખ્યાલ આવ્યો? શાંતિથી સાંભળો. શ્રી ઇમરાનભાઇએ એમ કહ્યું કે, આ બિલનો વિરોધ કરું છું. બહાર પણ અમે વિરોધ કરીશું એ એમનો અધિકાર છે. લોકશાહીમાં તમે અધિકારને રોકી શકતા નથી. બીજું, સાહેબ એમણે હોળી કરવાની વાત કરી. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપ વચ્ચે બોલશો નહીં.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, મારી એટલી જ વાત છે કે હોળીનો મતલબ શું થાય? આપણે કલરથી હોળી કરીએ છીએ. એમણે ભલે એ વાત વિધાનસભા ગૃહમાં કરી છે પણ જ્યારે અમલ કરે ત્યારે એમની ઉપર અમલ કરજોને. વિધાનસભાના નિયમો કિલયર છે કે તમે કોઇને રોકી શકતા નથી. કોઇને દાટી આપી નથી. એમના મનની ધારાસભ્ય તરીકેની સાચી હકીકત છે, જે લાગણી છે, જે એમના સમાજ ઉપર વીતવાની છે એ વાત કરેલી છે એમાં ખોટું ક્યાં છે? એમાં શબ્દો પાછા ખેંચવાના કોઇ શબ્દો જ આવતા નથી. જે રીતનું વાતાવરણ વિધાનસભાગૃહમાં કોમ્યુનલ વાતાવરણ ઊભું થયું છે(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : એ આપણે બિલકુલ થવા નહીં દઇએ. તંદુરસ્ત ચર્ચા જ કરી રહ્યા છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : ચર્ચા કરે છે. એમના દિલની વાત છે. એમના અધિકારની વાત છે.

ઉપાધ્યક્ષશ્રી : એમને મેં પૂરતી તક આપી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, કોઇ મુદ્દો એવો હોય કે જેના લીધે (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : એટલી જ વાત છે કે

શ્રી શૈલેષ મ. પરમાર : એમણે પોતાના અંતરની વાત કરી છે. બીજી કોઇ વાત એમણે કરી જ નથી.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય શૈલેષભાઇ, એ બધી વાત પોતાની રજૂ કરી શકે છે. સારી વાત બધા જ કરી શકે છે. પરંતુ બિલ ફાડીને ફેંકી દેવા (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : એ બોલ્યા જ નથી. (અંતરાય)

શ્રી હર્ષ ર. સંઘવી : બિલ ફાડીને હોળી કરી નાખે એટલે શું? (અંતરાય) બધા એ સાંભળ્યું છે. આખા ગૃહે સાંભળ્યું છે. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, હોળીનો મતલબ શું થાય?

શ્રી હર્ષ ર. સંઘવી : શું થાય?

શ્રી શૈલેષ મ. પરમાર : કલરની હોળી (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, આપ બેસો.

શ્રી હર્ષ ર. સંઘવી : એ શું બોલ્યાં છે?

ઉપાધ્યક્ષશ્રી : એ રેકર્ડ પર જ છે. અત્યારે પ્રશ્ન એટલો જ છે કે (અંતરાય)

શ્રી હર્ષ ર. સંઘવી : આવું ના હોય. વિરોધ તો કરવો જોઇએ. પરંતુ આ પ્રકારે ના હોય. હોળી કરી નાખવાની?

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, વાત એટલી જ છે કે માનનીય રમણભાઇએ જે વાત કરી, જે ઉશ્કેરણીજનક વાત કરી છે એ શબ્દ પાછા ખેંચવા માગે છે કે કેમ? આટલી જ વાત છે. બીજી કોઇ વાત નથી. એટલે આપણે એમને પૂછ્યું કે (અંતરાય) એટલે જ મેં એમને તક આપી કે આપ શબ્દો પાછા ખેંચવા માગો છો? એટલી જ વાત હતી. (અંતરાય) રેકર્ડ ઉપરથી દૂર કરી દઇએ છીએ. માનનીય સભ્યશ્રી ચૈતરભાઇ વસાવા.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા(ડેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે સન્માનનીય ગૃહમાં સમાન નાગરિક સંહિતા બિલ માનનીય ગૃહના નેતાશ્રી જે લઇને આવ્યા છે એમાં વિચારો રજૂ કરવા માટે હું ઉપસ્થિત થયો છું. વર્ષ ૧૯૪૭માં જ્યારે આપણો દેશ આઝાદ થયો પછી આપણે લોકશાહીના સિદ્ધાંતો પર ચાલનારા રાષ્ટ્ર બન્યા. લોકશાહીની સ્વીકૃતિથી દેશના લોકો પ્રજા મટીને નાગરિક બન્યા. દેશના નાગિરકોએ દેશને બંધારણની ભેટ આપી. અને માત્ર બંધારણના આધારે (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : એક મિનિટ, બિલ ઉપર ચર્ચામાં હજુ વીસેક સભ્યો ભાગ લેવાના છે. એટલે અહીંયા ભોજનની પણ વ્યવસ્થા છે. આપ સૌની જાણકારી માટે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ એનક વિવિધતાઓનો દેશ છે. સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક, ભાષાકીયથી લઇને કેટલાય પ્રકારની વિવિધતાઓથી ભરેલો અખંડ દેશ છે અને તેથી અદ્વિતીય પણ છે. ભારતમાં જેટલી પણ આ પ્રકારની વિવિધતા છે એટલી દુનિયાના બીજા કોઇ દેશમાં આપણને જોવા મળતી નથી. બીજા કોઇપણ દેશમાં, યુરોપના કોઇપણ દેશમાં આટલી વિવિધતા હોય તો એના નાના-નાના અલગ-અલગ દેશ કે રાજ્ય અલગ બન્યા છે અને સત્તાઓ પણ એમને મળી છે. ભારત એક રાષ્ટ્ર બન્યું અને તે પણ લોકશાહી ઢબે ચાલનારું બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર બન્યું. ભારત દેશે કોઇ એક ધર્મને પોતાનો ધર્મ નથી માન્યો. તેમ છતા દરેકને પોતાની મરજી મુજબના ધર્મ, સંપ્રદાય અને સંસ્કૃતિને

અનુસરવાની સ્વતંત્રતા આપી છે. બંધારણે દરેક નાગરિકને બીજા નાગરિકોની આ સ્વતંત્રતાનું સન્માન કરે અને તેને નાગરિક તરીકેની પ્રાથમિક ફરજ પણ માની છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં જે કંઈ કાયદાઓ ઘડાઈ રહ્યા છે તે સર્વને માટે એક સમાન ઘડાયા છે. કાયદા સામે બધા સરખા એ સિદ્ધાંત સ્વીકારાયો છે. આજના ગૃહમાં જયારે સમાન નાગરિક સંહિતા બિલ લઈને આવ્યા છે ત્યારે કેટલાક દેશમાં અનેક સમુદાયો વચ્ચે, જ્ઞાતિ જ્ઞાતિઓ વચ્ચે પોતાના અંગત જીવન સાથે સંકળાયેલા કેટલાક કાયદાઓ પણ અપવાદ રીતે બંધારણમાં રાખવામાં આવ્યા છે. જુદા જુદા ધર્મ અને જાતિના લોકોને પોતાના ધર્મ અને સંસ્કૃતિ અનુસાર પોતાના અંગત જીવનને લગતા કાયદાઓને પાળે અથવા પાળવા અપેક્ષા રાખે તે કલ્પનાથી માત્ર આ પ્રકારના કાયદાઓ દરેક નાગરિકો માટે સમાન નહીં પરંતુ અલગ અલગ બનાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે આજે સન્માનીય ગૃહમાં જે સમાન નાગરિક સંહિતાની ચર્ચા કરીએ છીએ ત્યારે શરૂઆતમાં એવા વિચાર આવે કે સમાન નાગરિક ધારો કોને કહેવામાં આવતો હશે કે એનો અર્થ શું હશે? શરૂઆતમાં તે કઇ કઇ બાબતો હશે, તેનું કાર્યક્ષેત્ર શું હશે એ તમામ બાબતો બધાના મનમાં મુંઝવણ હતી. કયા મુદ્દાને સ્પર્શવા માગે છે વિવિધ ધર્મ અને સંપ્રદાયમાં લગ્ન, છૂટાછેડા, બાળકોના કબજા અંગેની વિવિધતા પ્રવર્તે છે તેને બધાના મનમાં પ્રશ્ન હતા કે જે દરેક વિવિધ સમુદાયમાં પોત પોતાના વ્યકિતગત કાયદાઓ છે, સામાજિક કાયદાઓ છે, શું સમાન નાગરિક ધારો આવવાથી એ સમાન એકરૂપતા બનશે કે કેમ એવા પણ સવાલો હતા. સાથે સાથે માત્ર એક જ ધર્મ નહીં પણ હિન્દુ ધર્મમાં પણ જુદી જુદી પરંપરાઓ છે ત્યારે પણ સવાલ ઊભો થાય છે કે, શું સમાન નાગરિક ધારો આવવાથી તે પણ સમાન કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સમાન નાગરિક ધારા જયારે આપણા રાજયની વિધાનસભામાં લાવ્યા છીએ ત્યારે સૌ પ્રથમ તો આપણે આપણા રાજયમાં જે જ્ઞાતિ જ્ઞાતિ અને વિવિધ પ્રકારના જે સમુદાયો છે તેમાં સમાનતાની ધારા છે કે કેમ તે આપણે જોવું રહ્યું. જેમ કે કેટલાક સમુદાયો સશકત થઈ ગયા છે અને કેટલાક લોકો આજે પણ આઝાદીનાં ૭૮ વર્ષ પછી પણ ગરીબ છે અને ધીરે ધીરે હજુ પણ વધારે ગરીબ થાય છે અને છેવાડે ધકેલાઈ ગયા છે. આજે આપણે સૌ જાણીએ છીએ કે જે ડિજિટલ વિભાજન થયેલુ છે તે દૂર કરવા માટે કોઈ પગલાં લેવામાં આવ્યાં નથી.વાણી આજે આપણે સૌ જાણીએ છીએ સમાનતાની જયારે વાત થતી હોય,

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ચૈતરભાઈ, આખી વાત લગ્ન, છૂટાછેડા, ભરણ–પોષણ, વારસાઈ એ બાબતનું છે. આપ બિલ પર આવો.

શ્રી ચૈતરભાઈ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આવુ છું. સમાનતાની વાત થાય છે તેના ઉપર હું આવુ છું અને તેની જ વાત કરું છું. આજે રાજયમાં વાણી સ્વાતંત્ર્ય બધાને બંધારણે પ્રાવધાન કરેલા છે ત્યારે એ વાણી સ્વાત્રંત્ય પર આજે હુમલાઓ થઈ રહ્યા છે. આજે વિદ્યાર્થીઓ હોય, પત્રકારો હોય, ખેડૂતો હોય, વેપારીઓ હોય કોઈ પણ સરકારની નીતિઓની ટીકા કરે કે વિરોધ કરે તો એવા લોકોને ભારે કિંમત ચૂકવવી પડે છે. ખરેખર તો સમાન નાગરિક ધારામાં સમાનતા લાવવાની જરૂર છે. સમાન નાગરિકતાની મૂળમાં જઈએ તો સમાન નાગરિક સંહિતા સૌ પ્રથમ ઈતિહાસમાં ભારતમાં પહેલી વખત ૩૦મી માર્ચ, ૧૯૪૭માં બંધારણ સભા દ્વારા રચાયેલી મૂળભૂત અધિકારો માટેની પેટા સમિતિ દ્વારા સમાન નાગરિકતા ધારા વિશે ચર્ચા કરવામાં આવી હતી. આ સમિતિમાં ચાર સભ્યો હતા: મીનુ મસાણી, હંસા મહેતા, ભીમરાવ આંબેડકર અને રાજકુમારી અમૃતકૌર. આ સભ્યોએ જે તે સમયે બંધારણ સભામાં કલમ–૪૪નું પ્રાવધાન કરીને રાજયોને સમાન નાગરિક સંહિતા માટે આવનારા ભવિષ્ય માટે દિશા નિર્દેશ કરેલ હતો અને કલમ–૪૪નું પ્રાવધાન ત્યારે થયુ હતું. ભારતના બંધારણમાં જયારે ૪૪મી કલમ રાજયને સમાન નાગરિક સંહિતા લાવવા માટેની સૂચના આપે છે ત્યારે માત્ર રાજકીય રીતે એકતા જ નહીં પણ સામાજિક એકતા અને સમાનતા આ કાયદાથી આવવી પણ ખૂબ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બંધારણ સભાની આગળ વાત થઈ ત્યારે બંધારણ સભા પણ જયારે ૨ વર્ષ ૧૧ મહિના અને ૧૮ દિવસ ચાલી એ દરમિયાન તા. ૨૩–૧૧–૧૯૪૮ના રોજ સમાન નાગરિક સંહિતાની બંધારણ સભામાં પણ આની વિસ્તૃત ચર્ચાઓ થઈ, બધા જ વિદ્વાનોએ પોતપોતાના મંતવ્યો આપ્યાં અને એમાં પણ અનેક મંતવ્યો જે તે સમયે આવ્યાં. જો વ્યકિતગત કાયદાને સ્પર્શતું કશુંક કરવામાં આવશે તો તે પેઢી દર પેઢી અને સદીઓથી જેઓ આ કાયદાનું પાલન કરે છે તેમની જીવનશૈલીમાં દખલગીરી ગણાશે. આપણે જે ધર્મ નિરપેક્ષ રાજય ઊભું કરવા માટેના પ્રયાસો કરી રહ્યા છીએ તો એ લોકોના ધર્મ અને જીવનશૈલીમાં કોઈ પણ જાતની દખલગીરી કરવી ના જોઈએ એ પ્રકારની ચર્ચાઓ પણ બંધારણ સભામાં થઈ છે. લગ્ન, છૂટાછેડા, વારસાઈ કે દત્તક લેવા બાબતનો આ કંઈ પહેલો સુધારો નથી. આપણે સૌ જાણીએ છીએ કે વ્યકિતગત કારણોમાં પણ અવારનવાર સુધારા આવ્યા છે, અને તેમાં ખાસ કરીને હિન્દુ લગ્નધારો જે સન ૧૯૫૫માં બન્યો, હિન્દુ વારસાઈ ધારો સન ૧૯૫૬માં બન્યો, હિન્દુ સગીર અને વાલી ધારો ૧૯૫૬માં બન્યો, હિન્દુ દત્તક અને ભરણપોષણ ધારો પણ ૧૯૫૬માં બન્યો અને એમાં પછી ૧૯૬૧, ૧૯૬૨, ૧૯૬૪, ૧૯૭૬, ૧૯૭૮, ૧૯૯૯, ૨૦૦૧, ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૮ એમ અનેક વખતોવખત એમાં પણ ઘણા સુધારા થયા છે. આપણે જાણીએ છીએ કે, ઘરેલું હિંસા પ્રતિરોધ ધારો પણ સન ૨૦૦૫માં બન્યો, બાળલગ્ન પ્રતિબંધ ધારો ૨૦૦૬માં બન્યો, મા–બાપ વરિષ્ઠ નાગરિક ભરણપોષણનો ધારો કલ્યાણ ધારા તરીકે ૨૦૦૭માં બન્યો. ત્યારે આગળ જે પ્રકારે ગૃહમાં ચર્ચા થઈ અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું એ પ્રકારે તા.૨૨–૮–

૨૦૧૭ના રોજ મુસ્લિમોમાં જે પ્રવર્તમાન ત્રિપલ તલાકની જે પ્રથા હતી એ પણ તા. ૨૨-૮-૨૦૧૭ના રોજ રદ કરવામાં આવી. જે સિવિલ મેરેજ એકટની આમાં ચર્ચા થઇ છે ત્યારે આપણે સૌ માનીએ છીએ કે હિન્દુ મેરેજ એકટની કલમ-૫ મુજબ સ્ત્રી પુરુષ બંન્નેમાંથી કોઇ એક વ્યકિત જયાં રહેતી હોય ત્યાં જિલ્લાના લગ્ન અધિકારીને કમસેકમ ૩૦ દિવસ અગાઉ નોટીસ આપવાની રહે છે. લગ્ન થાય તે અગાઉ બન્ને વ્યકિતઓ ૩ સાક્ષીઓને લઇ લગ્ન અધિકારીઓ સમક્ષ ઘોષણાપત્રમાં સહીઓ કરાવવાની રહેશે અને આ ઘોષણાપત્રમાં સ્વીકારવામાં આવશે ત્યારે બંને પક્ષને લગ્નનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. તેમાં પણ લખવામાં આવે છે કે આ ધારા હેઠળ લગ્ન થયા છે અને સાક્ષીઓની સહી સહિતની તમામ વિધિઓ પૂર્ણ થઇ છે તેવા પુરાવા માટે આપણા દેશમાં કાયદો છે અને પ્રમાણપત્ર પણ આપવામાં આવે છે. એટલે સવાલ એ થાય છે કે યુ.સી.સી.માં જે નવાં પ્રાવધાન આવ્યાં છે એમાં દરેક સમુદાયને એ પ્રાવધાનમાં જે આદિવાસી સિવાયના એ ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવું અને ૩૦ દિવસની અંદર રજિસ્ટ્રેશન ના થાય તો એ લગ્ન કરનારને દંડની પણ જોગવાઇ છે ત્યારે આની કેમ જરૂર પડી એ પણ એક સવાલ ઊભો થાય છે. લીવ ઇન રિલેશનશિપની નોંધણીની વાત એમાં આવે છે ત્યારે એમાં પણ જે લોકો લીવ ઇન રિલેશનશિપમાં રહેવા માગે છે અને એક-બે વર્ષ પછી સજાતીય સંબંધથી કોઇ બાળકનો જન્મ થાય છે ત્યારે એ જન્મેલ બાળકને રક્ષણ મળવું જોઇએ. એ અગત્યની બાબત છે. તેમાં બાળક સાથે કોઇ પણ જાતના ભેદભાવ ન થાય. જો રિલેશનશિપ બાદ એ બંને દંપતી છૂટા પડે તો પણ એ બાળકને એમની મિલકતનો અધિકાર મળવો જોઇએ. એ બાબત પણ સન્માનનીય ગૃહના ધ્યાન પર મૂકવા માગું છું. સમાન નાગરિક સંહિતા એ આપણા ભારતીય રાષ્ટ્રવાદ કે રાષ્ટ્રીય અખંડિતતાની ભાવના પર અસર ના કરે. કોઇ પણ લઘુમતી સમુદાયની વિરાસત પર અસર ના કરે. એમના પરંપરાગત રીત-રિવાજો, રૂઢિપ્રથાઓ પર અસર ના કરે એની પણ આ સન્માનનીય ગૃહમાં તકેદારી રાખવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સરકારશ્રીનું માર્ગદર્શન જોઇએ છે કે શું સમાન નાગરિક સંહિતા રચવાથી સામાજિક સમરૂપતા આવશે? રાષ્ટ્રીય એકતાની ભાવના મજબૂત બનશે? જે પ્રકારે ભારત દેશ બહુરૂપતા ધરાવતો દેશ છે, એ બહુરૂપતા જે તે વિસ્તારો મુજબ, સમુદાયો મુજબ ઉદભવી છે અને જ્યાં સુધી સ્થિતિ ના બદલાય ત્યાં સુધી બધા જ લોકોને તેમના રિવાજોને બદલવા આપણે કઇ રીતે દબાણ કરી શકીશું. એ બાબતે પણ સન્માનીય ગૃહે વિચારવું જોઇએ. આગળ ઘણી વાતો થઇ છે પણ જે પ્રકારે આપણે સમાન નાગરિક સંહિતાના મૂળમાં જઇએ તો જ્યાં સુધી અમે જાણીએ છીએ ત્યાં સુધી વર્ષ ૧૯૮૦માં ભારતીય જનતા પાર્ટીની સ્થાપના થઇ ત્યારે એમનો મેનિફેસ્ટો જાહેર થયો. એ સમયે એમાં ત્રણ મુદ્દા હતા. એક બંધારણની કલમ - ૩૭૦ને રદ કરવાનો હતો. બીજો મુદ્દો અયોધ્યામાં રામમંદિર બનાવવાનો હતો અને ત્રીજો મુદ્દો સમાન નાગરિક ધારાનો હતો. એ જ પ્રમાણે વર્ષ ૧૯૮૯ના ચૂંટણી ઢંઢેરામાં પણ આ ત્રણ મુદ્દા હતા. એ જ પ્રકારે સંસદમાં પણ જે ભાજપના સાંસદશ્રીઓ છે એમણે પણ વારંવાર આ મુદ્દો ઉઠાવ્યો હતો. વર્ષ ૧૯૯૩માં પણ માનનીય સુમિત્રાબેન મહાજન દ્વારા ઠરાવ રજૂ કરવામાં આવ્યો હતો. વર્ષ ૧૯૯૬માં પણ માનનીય બચેસિંહ રાવત દ્વારા આ જ સમાન નાગરિક સંહિતા લાગુ કરવાનો ખરડો લોકસભામાં રજૂ કરવામાં આવ્યો હતો. વર્ષ ૧૯૯૫માં આર.એસ.એસ. દ્વારા આ ઠરાવ પસાર કરવા માટે એમણે સંસદના તમામ સભ્યોને આ ખરડો પસાર કરવામાં આવે અને નાગરિક સંહિતા લાગુ કરવામાં આવે એના માટે હાંકલ કરી હતી. મારો કહેવાનો અર્થ એ છે કે સમાન નાગરિક સંહિતા આજથી નથી. વર્ષ ૧૯૯૮ની લોકસભાની ચૂંટણીમાં પણ ભારતીય જનતા પાર્ટીના મેનિફેસ્ટોમાં આ જ પ્રકારના ત્રણ મુદ્દા હતા. ત્યારબાદ ૨૦૦૨-૦૯માં શ્રી લાલકૃષ્ણ અડવાણીજી વડાપ્રધાનના ઉમેદવાર તરીકે ઘોષિત કરવામાં આવ્યા હતા ત્યારે પણ ભાજપના ચૂંટણી ઢંઢેરામાં આ જ પ્રકારના વચનો આપવામાં આવ્યા અને વર્ષ ૨૦૧૪માં પણ ભાજપના ચૂંટણી ઢંઢેરામાં કહેવામાં આવ્યું હતું કે ભાજપ શ્રેષ્ઠ પરંપરાઓને ધ્યાનમાં લઇને તેમને આધુનિક વ્યૂહ સાથે સુસંગત બનાવવા માટે અને સમાન નાગરિક ધારો ઘડવા માટે તેના વલણને પુનરોચ્ચાર કરશે. વર્ષ ૨૦૧૯માં પણ આ જ લાઇન સાથે સંકલ્પપત્ર બહાર પાડવામાં આવ્યો હતો. મારો કહેવાનો અર્થ એ છે કે આ પહેલીવાર નથી પણ ઘણાં વર્ષોથી સમાન નાગરિક ધારો લાગુ કરવા માટેના પ્રયાસો થાય છે. લોકસભામાં તા.૨૦/૭/૨૦૨૩ના રોજ સંસદમાં પણ શરૂઆતમાં ઘણાં વર્ષો બાદ સમાન નાગરિક સંહિતા લાગુ કરવા માટે માનનીય વડાપ્રધાનશ્રીએ પહેલ કરી અને કાયદાપંચના સર્વોચ્ચ ગણી શકાય એવા ન્યાયમૂર્તિએ પણ આની હાંકલ કરી હતી. માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સન્માનનીય ગૃહને વિશેષ કહેવું નથી પરંતુ જે પણ સુધારા આવવાના છે તે સુધારામાં કોઇ પણ સમુદાય એ ચાહે લઘુમતી, પછાત વર્ગો, ઓ.બી.સી., એસ.સી. કે કોઇપણ સમુદાયને સીધી અસર ન થાય તે ધ્યાન રાખવું પડશે. આ રાજ્યમાં જે પણ વિવિધ સમુદાય અસ્તિત્વ ધરાવે છે તે બધાને ધ્યાનમાં લઇ વિચારવાની હું સન્માનનીય ગૃહને વિનંતી કરું છું. જે પણ વારસો, વારસાઇ, લગ્ન કે છૂટેછેડા, દત્તકપ્રથા કે લીવ ઇન રિલેશન માટે જ્યારે કાનૂન લાવ્યા છીએ ત્યારે કોઇપણ સમુદાયને સીધેસીધી અપમાનજનક હાનિ ન પહોંચે તેની ખાસ તકેદારી રાખવામાં આવે તેવી મારી સન્માનનીય ગૃહને વિનંતી છે. આપણા અંતરઆત્માની સ્વતંત્રતા, ધાર્મિક રીત-રિવાજોની સ્વતંત્રતા, વ્યકિતગત કાયદો પાલન કરવાની સ્વતંત્રતા જે આપણને બંધારણે આપી છે તે કદાચ આ બિલના આવવાથી છૂટી જશે તેનો પણ ભય છે. શું આપણે લગ્ન, વારસાઇ, છૂટાછેડા જેવા દિવાની કાયદાઓ, તમામ શાખાઓનો સમાવેશ કરતા કાયદાઓ સમગ્ર રાજ્યમાં આજે પણ અમલમાં છે અને તેના થકી આજે ઘણા લગ્ન, છૂટાછેડા, વસિયતનામા, વારસાઇ, દત્તકપ્રથા થાય છે ત્યારે તેને કોઇપણ પ્રકારની હાનિ ન પહોંચે તે પણ મારી ગૃહને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના લોકોને બંધારણમાં સમાનતા, સ્વતંત્રતા, બંધુતા માટે જે પ્રાવધાન મળ્યા છે, બંધારણે ખાતરી આપી છે તેના પર કોઇપણ જાતનો પ્રતિબંધ ન થાય તે માટે પણ માનનીય ગૃહમાં મારે વિનંતી કરવી છે. હું આદિવાસી સમુદાયમાંથી આવું છું. આદિવાસી એટલે આદિ–અનાદિકાળથી વસનારો સમુદાય. શરૂઆતમાં અમને પણ ભીતિ હતી કે આદિવાસઓનો જો આ સમાન નાગરિક સંહિતા (યુ.સી.સી.) બિલમાં સમાવેશ કરવામાં આવશે તો આદિવાસી સમાજની વર્ષો પૂર્વેની સંસ્કૃતિ, રૂઢીપ્રથાઓ, પરંપરાઓને હાનિ પહોંચશે. અમારે લગ્ન માટે ગામમાં જ પંચ બેસે અને પુખ્ત વયના કોઇ પુરુષ અને કોઇ સ્ત્રી ગામમાંથી પણ ભાગી જાય પછી પણ તેમની શોધખોળ કરીને ગામમાં પંચ બેસાડીને માન્યતા મળે છે. એ જ પ્રકારે કોઇ પુરુષને કોઇ સ્ત્રી સાથે કે કોઇ સ્ત્રીને કોઇ પુરુષ સાથે મનમેળાપ આવતો નથી તેવા સંજોગોમાં .....

ડૉ. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આ આદિવાસી સમાજની વાત જ નથી. આદિવાસીઓને તેમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. બે વર્ષ પહેલાં આદરણીય મોદી સાહેબે આ વિશે સૂચનો મંગાવ્યા હતાં ત્યારે આદિવાસી સમાજને ગુમરાહ કરવાનું કામ માનનીય ચૈતર વસાવાએ કર્યું હતું અને રેલીઓ કાઢી હતી. આ બધી બાબતો આદિવાસી સમાજને લાગુ જ પડતી નથી એટલે એ બધી બાબતો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી :માનનીય ચૈતરભાઇ, આ એક્ટમાં આદિવાસી સમાજનો સમાવેશ થયો નથી એટલે એવો કોઇ પ્રશ્ન નથી.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિચારો તો હું રજૂ કરી શકું. મને મારા વિચારો રજૂ કરવાનો અધિકાર નથી?

ઉપાધ્યક્ષશ્રી : આપ બિલ પર વાત કરો. તેમાં આદિવાસી સમાજનો સમાવેશ નથી એટલે કંઇ જરૂર નથી.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ અમારા જિલ્લામાં..... (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : હવે સમાવેશ થયો નથી એટલે એ વિષય નથી.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ વિષય પર આવું છું. તમામ આદિવાસી જિલ્લામાં યુ.સી.સી. કમિટીના સદસ્યોની અધ્યક્ષતામાં મિટિંગો થઇ. એ મિટિંગોમાં આદિવાસી સમાજના તમામ રાજકીય, ધાર્મિક અને સામાજિક સંગઠનોના આગેવાનો ઉપસ્થિત રહ્યા. અમે જે તે સમયે અમારી જે કંઇ વાંધા અરજીઓ હતી તે પણ રજૂ કરી. એટલે કહેવાનો મતલબ કે આદિવાસી સમુદાય ગુજરાતમાં ૧૫ ટકા રહ્યો છે ત્યારે આજે આ યુ.સી.સી.ના બિલમાં આદિવાસી સમુદાયનો સમાવેશ કર્યો નથી તે બદલ અમે આભાર માનીએ છીએ. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસો, આભાર માને છે. માનનીય સભ્યશ્રી સમાવેશ કર્યો નથી તે બદલ આભાર માને છે. આપ બેસો. (અંતરાય) મેં કહ્યું છે. આપ બેસો. હવે એમનું પ્રવચન પૂરું થવા આવ્યું છે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહમાં કહેવા માગું છું કે, શરૂઆતમાં અમારે ત્યાં પણ યુ.સી.સી. કમિટીઓ દ્વારા ઓપિનિયન લેવા માટે અમારા જિલ્લામાં પણ મિટીંગો થઇ હતી. હું એ જિલ્લા મિટિંગમાં હાજર હતો. આમાં અમારા તમામ ધાર્મિક, રાજકીય, સામાજિક અગ્રણીઓએ આ કાયદાના જે–તે વખતે અમે વિરોધમાં વાંધા અરજીઓ પણ આપી હતી. રાજ્યકક્ષાની કમિટીમાં પણ અમે ભાગ લીધો હતો. કારણ કે, એમાં દેખીતું જ હતું. આગળના જેટલા પણ વક્તાઓએ કીધું કે સમાન નાગરિક ધારો આવવાથી આમ થશે, તેમ થશે, સારું થશે, ફલાણું થશે. તો મારી સન્માનનીય ગૃહમાં વિનંતી છે કે અમને એમાંથી બાકાત રાખ્યા છે એટલે તમારો આભાર માનીએ છીએ. આવનારા દિવસોમાં પણ સુધારા લાવીને કે ગમે તે પ્રકારે આદિવાસીઓનો સમાવેશ ન કરવામાં આવે. કેમ કે, આદિવાસીઓ આજે પણ પોતાની રૂઢિપ્રથાઓને વરેલા છે. અમારે લગ્ન હોય, છૂટાછેડા હોય, વિધવા પુનઃ લગ્ન હોય, વિધુર પુનઃ લગ્ન હોય કે કોઇપણ વડીલને મિલકત છે એમની એકની એક દીકરી છે, દીકરો નથી તો એને ઘરજમાઇને પણ દત્તક તરીકે સ્વીકારીએ છીએ અને ઘરજમાઇને પણ મિલકતમાં એનો હિસ્સો આપીએ છીએ. એટલે એ (અંતરાય)

(આ તબક્કે શ્રી અનંતભાઇ અને શ્રી ગોપાલભાઇ પોતાના સ્થાન પર ઊભા થઇ ગયા.)

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસો એક મિનિટ. અનંતભાઇ, આપ બેસો. માનનીય સભ્યશ્રી આપ બેસી જાવ. હું વાત કરું છું. આપ બધા બેસો. ગોપાલભાઇ, બેસી જાવ. (અંતરાય) તમે બેસો હું કહું છું. પોઇન્ટ ઓફ ઓર્ડર ઊઠાવવાનો કોઇપણ સદસ્યશ્રીને હક્ક છે અને માનનીય કુબેરભાઇ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવે એમાં આપે ઊભા થઇ જવાની કોઇ જરૂર નથી. એને સાંભળવો પડે કે શું પોઇન્ટ ઓફ ઓર્ડર છે? એ વ્યવસ્થા છે. નિયમોથી ચાલે છે. એવું કોઇ જરૂરી નથી. એટલે હવે બેસો. ચૈતરભાઇ, આપ મારી વાત સાંભળો. આ બિલમાં આપણો આદિવાસી સમાજનો કોઇ સમાવેશ થયો નથી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ ખાતરી પણ આપી છે કે અમે કોઇ કાળે આ સમાજનો સમાવેશ કરવાના નથી. એટલે પ્રશ્ન રહેતો નથી.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, કંઇ વાંધો નહીં. એના પર જ આવું છું. હું તો કહેવા માગું છું અમને ભીતિ હતી....

ઉપાધ્યક્ષશ્રી : એમણે ખુલાસો કરી દીધો છે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, અમને ભીતિ હતી. હું પોતે પણ ત્રણ–ચાર વખત કમિટીમાં હાજર હતો. પણ આવનારી તાલુકા–જિલ્લા પંચાયતોમાં જો આમાં આદિવાસી સમાજનો સમાવેશ કર્યો હોત તો આવનારી તાલુકા–જિલ્લા પંચાયતોમાં...

ઉપાધ્યક્ષશ્રી : અરે નથી કર્યો પછી કોઇ ચર્ચાને અવકાશ નથી.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, એ વિસ્તારમાં અમે પરિણામ આપી દેવાના હતા. એટલે અમે આભાર માનીએ છીએ કે અમારો સમાવેશ નથી થયો અને અપેક્ષા પણ રાખીએ છીએ કે આવનારા દિવસોમાં પણ આદિવાસી સમાજનો સમાવેશ આમાં કરવામાં ન આવે. કારણ કે અમારી વર્ષો જૂની પરંપરાઓ છે....

ઉપાધ્યક્ષશ્રી : ચૈતરભાઇ, હવે આ ચોથી–પાંચમી વખત આ વાત થઇ છે એટલે હવે.....

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી સન્માનનીય ગૃહમાં વિનંતી છે કે આ કાયદો ખૂબ ઝડપી અને વહેલો લાવવામાં આવ્યો છે અને મને લાગે છે કે કાયદો જ લાવવાનો હતો તો દેશની લોકસભા જે આપણી પાસે છે, આખા દેશમાં લાવવાનો હતો. રાજ્યને ભલે કલમ–૪૪ અંતર્ગત પ્રાવધાન મળ્યા છે પણ રાજ્ય પર એ કાયદો અમલ કરવામાં માટેની સત્તા નથી, એમાં પણ પ્રવર સમિતિ પણ છે. રાજ્યે એમાં પણ મોકલવું જોઇએ. મૂકવું જોઇએ અને પછી આ કાયદો લાવવો જોઇએ એવું મને લાગે છે. આ કાયદો અમુક ચોક્કસ જ્ઞાતિના લોકોને ટાર્ગેટ કરીને આવનારી ચૂંટણીઓમાં(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : બેઠાં–બેઠાં અવાજ નહીં.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, અને આવનારી ચૂટણીઓમાં એનો ઉપયોગ કરીને મને લાગે છે કે *(**xxx)**

ઉપાધ્યક્ષશ્રી : *(**xxx**) શબ્દ રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદો લાવવામાં આવ્યો હોય એવું મને લાગે છે. હું ફરી એકવાર સન્માનનીય ગૃહના નેતા અને એમના પક્ષને કહેવા માગું છું કે આદિવાસીઓને બાકાત રાખ્યા છે એટલે ખરેખર આભાર માનું છું અને...

ઉપાધ્યક્ષશ્રી : ચૈતરભાઇ, તમે દસ વખત આભાર માની ચૂક્યા છો.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનવા જેવો જ છે. સમાન નાગરિક સંહિતામાં બધા લોકોને લીધા અમને બાદબાકી....

ઉપાધ્યક્ષશ્રી : તમે દસ વખત આભાર માની ચૂક્યા છો.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, અમને નથી લીધા એટલે આભાર માનીએ છીએ.

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસો.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, પાછળથી સભ્યશ્રીઓ બૂમ મારે છે. અમારા સમાજમાં મારા દાદા, પરદાદા, મારા પિતા અને મારા સુધી બે પત્નીઓનો રિવાજ છે. મારે પણ કાયદેસરની બે પત્નીઓ છે. રજિસ્ટર બે પત્નીઓ છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

ડૉ. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આ ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયક છે અને એમાં સ્પષ્ટ છે કે આદિવાસી સમાજને બાકાત રાખવામાં આવ્યો છે. શ્રી ચૈતરભાઇ વસાવાએ જે વાત કરી છે એ વર્બેટિયમ કાઢીને પછી સમાજમાં બતાવશે. એમણે આદિવાસી સાથેની જે ચર્ચા કરી છે એ તમામ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે. બે પત્ની હોય, ત્રણ પત્ની હોય કે હક્કની અગિયાર રાખો એનો વાંધો નથી પણ આ ચર્ચા કરી એ ખોટી રીતે કરી છે, એ દૂર કરવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : નો પોઇન્ટ ઓફ ઓર્ડર. આપ બેસો.

ડૉ. તુષાર અ. ચૌધરી (કોંગ્રસ પક્ષના નેતા) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી ગુજરાત સમાન નાગરિક સંહિતા ૨૦૨૬નું બિલ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય આજે ગુલદસ્તો બની ચૂક્યું છે. ગુલદસ્તામાં જેમ વિવિધ પ્રકારના ફૂલો હોય, કોઇ ફૂલોની કળી પણ હોય, કોઇ સારા પાંદડા હોય તો પાંદડાને પણ ગુલદસ્તામાં સમાવવામાં આવે છે. એ જ રીતે આજે ગુજરાત રાજ્યમાં માત્ર ગુજરાતીઓ નહીં પણ ભારત દેશના વિવિધ રાજ્યોના, વિવિધ સમાજના લોકો વસવાટ કરે છે. ગયા અઠવાડિયાની જ વાત કરીએ તો છેલ્લાં ત્રણ દિવસમાં પહેલાં ચેટીચાંદની ઉજવણી થઇ. એ સિંધિઓનું નવું વર્ષ હતું. એના આગલા દિવસે ગુડી પડવાની ઉજવણી થઇ એ મહારાષ્ટ્રીયન સમાજનું નવું વર્ષ હતું. ત્યારબાદ ઇદની ઉજવણી થઇ. આ બિલમાં જે રીતે પ્રયત્ન કરવામાં આવ્યો છે કે ગુલદસ્તામાં જોઇતી વસ્તુઓ એક જ ઝાડ ઉપર ઉગે અને એક જ ઝાડ ઉપરથી

* આ શબ્દો અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તોડીને ગુલદસ્તો બનાવી દઈએ, એ પ્રકારનું આ બિલ લાવવામાં આવ્યું છે. બંધારણની કલમ–૪૪ની બધાએ વાત કરી પણ બંધારણની કલમ–૧૪ની વાત કરી નથી. એમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે મૂળભૂત અધિકારનો ભંગ થતો હોય તો એને રક્ષણ આપવું પડે. એના માટે બંધારણમાં લખ્યું છે કે, "Equality before Law" or "Equal protection of the Laws", એના મૂળભૂત અધિકારનું અહીંયા રક્ષણ થતું નથી. એ જ રીતે આર્ટિકલ –૨૫માં ભારતના કોઈપણ નાગરિકને કોઈપણ ધર્મ પાળવાનો, કોઈપણ ધર્મને અનુસરવાનો અને કોઈપણ ધર્મનો પ્રચાર કરવાનો મૂળભૂળ અધિકાર આપવામાં આવ્યો છે, એનું પણ આ બિલમાં રક્ષણ થતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપ તો જાણો જ છો કે, આપણા ગુજરાતમાં આંગળિયાત પ્રથા પણ છે. આંગળિયાત પ્રથા એટલે ઘણાને ખબર નહીં હોય. કોઈ બહેન વિધવા થાય એને દીકરો કે દીકરી હોય એ પુનઃ લગ્ન કરે તો એના દીકરા–દીકરીને પણ એ સાસરે લઈને જાય છે. જે પરણનાર પુરુષ હોય એ એને દીકરા કે દીકરી તરીકે અંગીકાર કરે છે. એના દીકરા કે દીકરીનો અધિકાર આપે છે. એને આંગળિયાત પ્રથા કહેવામાં આવે છે. આ આંગળિયાત પ્રથામાં જેના લગ્ન થયા હોય એને આ કાયદામાં વારસાઈમાં કઈ રીતે રક્ષણ મળશે એની કોઈ વાત આમાં કરવામાં આવી નથી. આજે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ જોર્ડનનો દાખલો આપ્યો કે ક્રિશ્ચયન અને શીખ યુવતીના લગ્ન થયા હતા એમાં શીખ યુવતીને રક્ષણ મળતું ન હતું. મારે એ જ વાત ઉપર પ્રકાશ પાડવો છે કે અમારા આદિવાસી સમાજની ઘણીબધી બહેનોએ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં બિનઆદિવાસી સાથે લગ્ન કર્યા છે. એના છૂટાછેડાનો પ્રશ્ન આવશે તો બિચારી આદિવાસી સમાજની છે એટલે એને યુ.સી.સી. નહીં લાગે પણ જેની સાથે એને લગ્ન કર્યા છે એને યુ.સી.સી. લાગશે. એ આદિવાસી મારી બહેનને રક્ષણ મળશે કે નહીં એની આમાં કોઈ જોગવાઈ મને દેખાતી નથી. એ જ રીતે બિલમાં કલમ–૩૮૭/૧ એમાં લીવ ઇન રિલેશનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એમાં એમ કહ્યું છે કે તમારે લીવ ઇન રિલેશનમાં રહેવું હોય તો એના માટે રજિસ્ટ્રેશન કરાવો છો અને તમારે જો બાળક થશે તો એને પણ કાયદેસર ગણવામાં આવશે. મારે પોતાને એક દીકરો અને એક દીકરી છે. આજે લીવ ઇન રિલેશનને કોઈ સમાજમાં માન્યતા નથી. કોઈ એક ધર્મ મને બતાવો કે લીવ ઇન રિલેશનને માન્યતા આપતો હોય કે એની તરફેણ કરતો હોય. આજે આપણે સામાજિક પરંપરા અને નૈતિકતાના મૂલ્યોને કોરાણે મૂકીને પણ લીવ ઇન રિલેશનને પ્રોત્સાહન આપતા હોય એવું આ બિલમાં દેખાઈ રહ્યું છે. એ કોઈ પણ રીતે વાજબી નથી. એમાં વિચારવું જોઈએ. આમ તો આડકતરી રીતે લીવ ઇન રિલેશનશિપને પ્રોત્સાહન આપવા માટે આ બિલ લાવ્યા હોય એવું લાગી રહ્યું છે એટલે એનો વિરોધ કરું છું. આપને વિનંતી છે કે આ બિલને પ્રવર સમિતિને મોકલવામાં આવે પછી આની ચર્ચા કરવામાં આવે અને પછી બિલ પસાર થવા માટે રાખવામાં આવે એવી મારી વિનંતી છે. આભાર.

શ્રી અનિરુદ્ધ ભા.દવે(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ જે સમાન નાગરિક ધારો લઈને આવ્યા છે એમાં હું મારા સમર્થન સાથે મારા વિચારો વ્યકત કરી રહ્યો છું.

समानोमन्त्र:समिति:समानी,समानंमन:सहचित्तमेषाम्।

समानंमन्त्रमभिमन्त्रयेव:,समानेन वो हविषा जुहोम॥

માનનીય અધ્યક્ષશ્રી, અહીંથી કેટલાક મિત્રોએ કેટલીક ચિંતાઓ સાથે વાત કરી. હું અહીંથી યાદ કરું છું, વર્ષ ૧૯૫૨માં ડો. શ્યામાપ્રસાદ મુખરજી કે જેમણે વિચારના આધાર ઉપર મંત્રીપદનો ત્યાગ કરી ' એક દેશમેં દો નિશાન, દો વિધાન ઔર દો પ્રધાન નહીં ચલેગા નહીં ચલેગા' એમ કહીને એમણે ત્યાગ કર્યો. ત્યારથી કરીને કેટલાક મિત્રો ૧૯૯૮થી ભારતીય જનતા પાર્ટીના મેનિફેસ્ટોની વાત કરી. પરંતુ હું એ કહેવા માગું છું કે, વર્ષ ૧૯૫૨થી અને એથી પણ અગાઉ આ દેશને પ્રથમ, રાષ્ટ્રને પ્રથમ નજર સમક્ષ રાખીને 'એક દેશ, એક રાષ્ટ્ર' ના સંદર્ભની વાત કરી અને એ ડો.શ્યામાપ્રસાદ મુખરજીએ તે વખતે પ્રારંભ કર્યો હતો. જે સનાતન પરંપરાના સમાનતાના મંત્રની વાત કરી છે એમાં એક શબ્દ આવે છે, સમિતિ. આ સમિતિ એટલે અત્યારે આપણી આ સમિતિ છે. સાથે મળીને યજ્ઞ કરવાનો છે, સમાનતાની વાતને લાવવાનો યજ્ઞ કરવાનો છે. જે ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી આ મંત્ર લાવ્યા છે. એના સમર્થનના સંદર્ભમાં આ સમિતિ સાથે રાખીને એ મંત્રને, એ વિચારને બધાના ચિત્તને એક કરીને, બધાના ચિત્તના વિચારોને સાંભળીને આ વાત કરી છે. અહીંથી કેટલાક સાથી મિત્રોએ એ પણ વાત કરી કે આ ધારાસભા છે. બિલકુલ આ ધારો રચવા માટેની આ સભા છે. સમાનતાનો ધારો જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી લાવ્યા છે અને માનનીય ઉપમુખ્યમંત્રીશ્રીએ વિગતવાર એક–એક કલમવાર છણાવટ કરી છે. અહીંથી કેટલાક સાથી મિત્રોએ વાત કરી હતી કે લોકસભામાં જઈએ ત્યારે બંધારણને સમર્પિત રહીને બંધારણને સન્માન આપીને શપથ લેવા પડે છે કે શ્રદ્ધા રાખીશ.

નનીય અધ્યક્ષશ્રી, આ ધારાસભામાં પણ જે સભ્યએ શરૂઆતમાં આવે છે ત્યારે એને પણ એ જ પ્રકારે એના શપથ લેવા પડે છે. હું આ તબક્કે યાદ કરાવીશ એ જ બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરે જ્યારે સમાનતાની વાત કરી હતી ત્યારે એ સમાનતાના સંદર્ભમાં શાહબાનો નામની પીડિત મહિલાએ ન્યાય સમક્ષ પોતે ગુહાર લગાવી ત્યારે સુપ્રીમ કોર્ટે પણ જ્યારે એના તરફેણમાં ચુકાદો આપ્યો ત્યારે એ કહેનારા આકાઓએ ત્યાં બંધારણની વાતને ઉડાડીને આખા સુપ્રીમ કોર્ટના ન્યાયને પણ રદબાતલ કરતો નવો ધારો લાવ્યા હતા ત્યારે બંધારણ ક્યાં ગયું હતું? અહીં સમગ્ર દેશ અત્યારે આપણે દેશના

યશસ્વી પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વની અંદર અમૃતકાળમાં જઇ રહ્યાં છીએ ત્યારે બંધારણના ઘડવૈયાઓએ સમાન સિવિલ કોડ સમાનતાની વાત કરી છે ત્યારે ઇતિહાસ સાક્ષી છે કે એક રાષ્ટ્ર ત્યારે જ મજબૂત બની શકે કે જ્યારે તેના તમામ નાગરિકો કાયદાની નજરમાં એક સમાન હોય. ધર્મ, જ્ઞાતિ કે આધારના આદરમાં ક્યારેય કોઇ ના હોય અને એ સંદર્ભે ડૉ.બાબાસાહેબ આંબેડકરે પોતે એક સ્પષ્ટતા આપીને એકરૂપતા માટેનો કાયદો જણાવ્યો હતો. આર્ટિકલ ૧૪, ૧૫, ૨૧ અને ૪૪ની અંદર ડૉ.બાબાસાહેબ આંબેડકરે સંવિધાનસભામાં એવું કહ્યું હતું કે સમાન નાગરિકતા વિના સાચી સમાનતા શક્ય નથી. ડૉ.બાબાસાહેબ આંબેડકર સાહેબે એ વખતે એવું પણ કહ્યું હતું કે - "A Uniform Civil Code is essential for national integration and equality", ડૉ.બાબાસાહેબ આંબેડકર સાહેબના વિચારો સાથે જ્યારે અહીંયા ચાલતા હોય છે ત્યારે કેટલાક લોકએ અહીંયા સમાજના સંદર્ભમાં ચિંતા કરી છે. દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વની અંદર ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ આ ધારો લાવ્યા છે એ ધારામાં સંવિધાનના અનુચ્છેદ ૩૪૬ અને ૩૮૬ના ખંડ ૨પમાં સંપૂર્ણપણે અનુસૂચિત આદિજાતિના તમામ અધિકારોનું સંરક્ષણ કરવામાં આવ્યું છે એવી સ્પષ્ટ માહિતી આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીએ પણ આપેલી છે. મારી એ વાત અને વિષય મૂકવાના સંદર્ભમાં ભારતીય જનતા પાર્ટી જે જે વિચારધારા સાથે ચાલી હતી, તેમણે જે કહ્યું હતું કે ૩૭૦ની કલમ હટાવીશું તો દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં ગુજરાતના સપૂત અને દેશના ગૃહમંત્રી આદરણીય અમિતભાઇ શાહ સાહેબે પણ ૩૭૦ની કલમ હટાવી ત્યારે એવા કેટલાક લોકોએ આશંકા દર્શાવી હતી કે લોહીની નદીઓ વહેશે. પરંતુ કશું જ થયું નથી અને આજે પણ કાશ્મિરની અંદર શાંતિપૂર્વક અમન ચેનની વાત ચાલી રહી છે. ભારતીય જનતા પાર્ટી એ વિચાર સાથે ચાલતી પાર્ટી છે ત્યારે એમણે પણ એવું જ કહ્યું હતું કે રામમંદિર બનશે અને રામમંદિર બનાવતી વખતે સુપ્રીમ કોર્ટને નજર સમક્ષ રાખીને, સુપ્રીમ કોર્ટને વચ્ચે રાખીને નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા અનુસાર સર્વ સંમતિનો પણ પ્રયાસ કરેલો. પરંતુ સર્વ સંમતિ ના થઇ ત્યારે દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ડે ટુ ડેનું હિયરિંગ આપીને તે વખતે સુપ્રીમ કોર્ટમાં જે જજમેન્ટ આવ્યું એના કારણે આજે ભગવાન રામલલ્લાનું મંદિર ત્યાં બિરાજમાન છે. આજે અસમાનતાની વાત છે, અદાલતી ચુકાદાઓ, ન્યાયતંત્રના માર્ગદર્શનના સંદર્ભમાં નામદાર સુપ્રીમ કોર્ટે વારંવાર સરકારને ટકોર કરી છે. અહીંથી વાત કરવામાં આવી છે કે અસમાનતા થશે. કેટલાક સમાજના લોકોએ ભીતી દર્શાવી. પરંતુ માનનીય સુપ્રીમ કોર્ટે વારંવાર સરકારને ટકોર કરી છે અને ટકોરના સંદર્ભની અંદર એ શાહબાનો કેસ હોય કે સાયરાબાનુ કેસ હોય કે સરલા મુદગલ કેસ હોય આ તમામ કેસની અંદર નામદાર સુપ્રીમ કોર્ટે સરકારને તે વખતે સમાન નાગરિક ધારો લાવવા માટેની ટકોર કરી છે. ઉત્તરાખંડના સાયરાબાનુ વિરુદ્ધ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયાનો કેસ હતો. તે કેસની અંદર તલાકે બિદ્દતની અંદર એ સાયરાબાનુના પતિ એક કાગળ લખે છે. એ કાગળ લખીને ત્રણ વખત તલાક,તલાક,તલાક લખીને મોકલી દે છે અને તલાકે બિદ્દત તલાકની અંદર પણ તલાક બિદ્દત જે છે તે બિદ્દતની અંદર ઉપયોગ કરીને તેને ૧૫ વર્ષના લગ્ન જીવનનો જ્યારે અંત કરે છે ત્યારે સાયરાબાનુએ ન્યાયને આધારિત પોતે ગુહાર લગાવી ન્યાય માગ્યો છે તે વખતે કેસ જે આવ્યો તે કેસને કારણે સમાન નાગરિક ધારો લાવવા માટે ત્રિપલ તલાકનો કાયદો દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સન–૨૦૧૯ની અંદર લાવવો પડયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરલા મુદગલ કેસની અંદર એમની સામાજિક સંસ્થામાં મીના માથુર અને જીતેન્દ્ર માથુર, જીતેન્દ્ર માથુરે મીના માથુર સાથેના લગ્ન જીવનને પોતે અંત આણીને ધર્મ પરિવર્તન કર્યું છે. ધર્મ પરિવર્તન કરી અને મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો છે અને બીજા લગ્ન મુસ્લિમ ધર્મમાં કર્યા છે. એ સમયે પણ તે વખતે સુપ્રીમ કોર્ટે સરલા મુદગલ કેસમાં પણ સરકારનું ધ્યાન દોર્યું છે અને જે ભેદભાવ છે તે ભેદભાવ ના થાય તેના માટેની વાત કરી છે. આ સમાન કાયદાની દ્રષ્ટિથી આ માળખું સમાન હોવાને કારણે તે અત્યારે સમયની માગ છે. સમાન નાગરિક સંહિતાથી નાગરિકોની ઓળખ, નોંધણી, સામાજિક લાભોનું વિતરણ વધુ વ્યવસ્થિત બનશે. રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત બનાવવામાં પણ મદદ કરશે. લગ્ન હેઠળની નોંધણીની પ્રક્રિયાઓ જે અલગ અલગ છે તેની અંદર ડેટા મેનેજમેન્ટમાં ઘણી મુશ્કેલી પડે છે તેના કારણે છેતરપિંડીના કેસ પણ ઊભા થતા હોય છે. અગાઉ બહુ ચર્ચાયેલો એક કેસ કે જેમાં વડોદરાની એક દીકરીને એક ક્રિશ્ચિયન નાગરિક જ્યારે છેતરી ગયો હતો અને ક્રિશ્ચિયન ધર્મના આધારે જ્યારે તે રજિસ્ટર કરાવે છે અને રજિસ્ટર કરાવનાર દીકરી પોતાના હાથ ઉપર ચેકા મૂકી અને જ્યારે તેને પીડા મળે છે, ત્રાસ મળે છે ત્યારે તેનો બાપ તે કાયદાના આધારે છોડાવવા માગે છે ત્યારે તે છોડાવી શકતો નથી. આવા અનેક કેસને કાયદાની લાંબી ચુંગાલમાંથી બાદ મળશે અને આ નવા કાયદાને કારણે ખૂબ ફાયદો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, વૈશ્વિક પરિપ્રેક્ષ્યની અંદર પણ વિશ્વની અંદર અમેરિકા, ફ્રાંસ, જર્મની જેવા અનેક રાષ્ટ્રોમાં સમાન નાગરિક સંહિતા તે લોકશાહીનું અભિન્ન અંગ છે. જયાં ધર્મના આધારે કાયદાઓ બદલાતા નથી અને આ કેટલાક લોકો, ભાગલાવાદી તત્ત્વો ભાગલા પાડો અને રાજ કરો તેના કારણે તે વખતે આપણા ઉપર શાસન કરનારા અંગ્રેજોએ તર્કબદ્ધ રીતે, ધાર્મિક રીતે કેટલાક ભાગલા પાડવાની વાત કરી હતી. લઘુમતીઓના અધિકારની, રક્ષણની જ્યારે વાત થાય છે ત્યારે ભૂતકાળમાં કેટલીક અરાજકતા ફેલાવનાર તત્વો અહીંથી કેટલાક લોકોએ વાત કરી કે અમે અરાજકતા ફેલાવીશું, વિરોધ કરીશું પણ વિરોધ કરવાની રીતે લોકશાહીમાં વિરોધ કરવાની ના ન હોય પરંતુ સમગ્ર દેશમાં અરાજકતા ફેલાવવાની વાત કરી. જ્યારે CAA નો કાયદો આવ્યો હતો ત્યારે પણ કેટલાય સમાજમાં ખાસ કરીને લઘુમતી સમાજમાં એવી અરાજકતા ફેલાવવામાં

આવી, એવી ગેરસમજણો ફેલાવવામાં આવી કે આ કાયદો મુસ્લિમોનો વિરોધી છે. તીન તલાકનો જ્યારે કાયદો આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબે કર્યો ત્યારે એવી ગેરસમજણ ફેલાવવામાં આવી કે આ કાયદો મુસ્લિમોનો વિરોધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૩૭૦મી કલમ જ્યારે લાગુ કરવામાં આવી ત્યારે પણ કહેવામાં આવ્યુ કે, આ મુસ્લિમોનો વિરોધી છે. એ પછી અનેક પ્રકારે એવા લોકોને ઉત્તેજના આપવામાં આવી કે, ભારત તેરે ટુકડે હોંગે ઇન્સા અલ્લાહ, ઇન્સા અલ્લાહ. આવા શૈક્ષણિક સંસ્થાઓની અંદર એ અરાજકતાવાદીઓને આવા લોકોને ધાર્મિક રીતે સીધું બળ ના મળે તેના માટે આ યુસીસી–૨૦૨૬ના કાયદામાં કોઇના પણ ધાર્મિક રીતિ–રિવાજો, પ્રાર્થના પદ્ધતિ, ખાન–પાન કયાંય કોઇ દખલગીરી થતી નથી, કયાંક કોઇની સાથે પક્ષપાત કરતું નથી દરેક નાગરિકને સમાનપણે રાખવાની વાત છે. ગુજરાતની પ્રગતિશીલતા અને સામાજિક સમરસરતાના સંદર્ભમાં પણ ગુજરાત હંમેશા ભારતનું ગ્રોથ એન્જીન રહ્યું છે. સામાજિક સુધારાની બાબતમાં પણ આપણું રાજય હંમેશા અગ્રેસર રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યુસીસી–૨૦૨૬ પણ તે પરંપરાનો ભાગ છે. આવનારા દિવસોની અંદર જે ધરતી પર મહાત્મા ગાંધી, સરદાર પટેલ જેવા મહાપુરુષોના જન્મ થયો હોય ત્યાં સમાનતા હંમેશા સદૈવ રહેતી હોય છે. સમાન નાગરિક સંહિતા શાસનને વધુ સુદઢ બનાવશે. આ બિલ પસાર થવાથી ગુજરાતમાં સામાજિક સમરસતા વધશે, કોઇ પૂર્વગ્રહ રહેશે નહીં. સામાજિક સંઘર્ષ દૂર થશે. સિવિલ લિટિગેશનોનું પણ સરલીકરણ થશે કારણ કે ઘણા લાંબા સમયથી કેસ ચાલતો હોય તો 'જસ્ટીસ ડીલે ઇઝ જસ્ટીસ ડીનાઇ' આ વાકયના સંદર્ભે હંમેશા મોડું થતું હોય તો એ કાયદામાં અન્યાય થતો હોય તો એની અંદર પણ આ કાયદો એ ઉપયોગી થશે. પુનરાવર્તન ન કરતા મિલકતોની વારસાઇની અંદર પણ તમામ બાબતોમાં ઝડપી ઉકેલ લાવવામાં આ કાયદો ખૂબ ઉપયોગી થશે. યુવા પેઢીનો દ્રષ્ટિકોણ સ્વીકારીને યુવા પેઢીને પણ ખૂબ ઉપયોગી થશે અને યુવાનો ભારતના વિકાસની અંદર પોતાનું યોગદાન આપી શકશે.

આદરણીય અધ્યક્ષશ્રી, આ વિધેયક માત્ર કાયદો નથી એક સંકલ્પ છે. એક એવો સંકલ્પ છે જે ગુજરાતને સામાજિક ન્યાય, સમાનતાના શીખરે લઇ જશે. સન ૨૦૨૬ ગુજરાત સમાન નાગરિક સંહિતા આપણા ઇતિહાસમાં એક એવું પાનું ઉમેરાવા જઇ રહ્યું છે કે હંમેશને માટે યાદ રહેશે. આદરણીય મુખ્યમંત્રીશ્રી જે જગ્યા ઉપર બેસે છે એ જગ્યા આપણા તપસ્વી પ્રધાનમંત્રીશ્રી જે ૮૯૦૦થી વધારે દિવસો સુધી આ રાષ્ટ્રદેવની પૂજા માટે, આ રાષ્ટ્રની સેવા માટે જે તપશ્ચર્યા કરી છે એમાંથી ૪૫૦૦થી વધારે દિવસો આ જગ્યા ઉપર, આ સ્થાન ઉપર કરેલી તપશ્ચર્યાની આ જગ્યા છે. એટલે કે જેમ ગંગાજીનું અવતરણ ભગીરથે કર્યું હતું પરંતુ દિલીપ અને અંશુમાનની તપશ્ચર્યા પણ હતી એજ પ્રકારે માનનીય પ્રધાનમંત્રીશ્રી મોદીજી હોય કે શ્યામાપ્રસાદ મુખર્જી હોય, પંડિત દીનદયાળજી હોય આ તપશ્ચર્યાની આવતી પેઢી એ માનનીય મુખ્યમંત્રી સુધી આવી છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં જે આ બિલ આવ્યું છે એ બિલને હું સમર્થન કરું છું અને આપના માધ્યમથી ગૃહના તમામ સભ્યોને વિનંતી કરું છું કે સૌ સાથે મળી આ બિલને સહયોગ કરે. ધન્યવાદ. ભારત માતા કી જય.

શ્રી ધવલસિંહ ન. ઝાલા(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું રાજયના ભવિષ્ય સાથે જોડાયેલા એક અત્યંત મહત્ત્વના વિષય ઉપર ગુજરાત યુનિફોર્મ સિવિલ કોડ વિશે, માનનીય ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ જે બિલ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું અને તેને અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ અને અમારા ઇડરના અને પૂર્વ અધ્યક્ષશ્રી રમણભાઇ વોરા સાહેબે ઘણા બધા ઉદાહરણો આપીને વાત કરી. બંધારણના આર્ટિકલ–૪૪માં સ્પષ્ટ રીતે કહ્યું છે કે રાજય એ દેશના તમામ નાગરિકો માટે એક સમાન નાગરિક કાયદો બનાવવાનો પ્રયત્ન કરવો જોઇએ. જો આપણે વિકસિત રાજય અને વિકસિત દેશો તરફ નજર કરીએ તો વિકસિત દેશોમાં ફ્રાન્સ, યુનાઇટેડ સ્ટેટ, તુર્કી જેવા દેશોમાં તમામ નાગરિકો માટે સિવિલ મેટર્સમાં એક સરખો કાયદો છે. ત્યાં ધાર્મિક સ્વતંત્રતા પણ છે અને કાયદાની સમાનતા પણ છે. આ દેશોએ બતાવ્યું છે કે યુનિફોર્મ સિવિલ લૉ રાષ્ટ્રીય એકતા અને વિકાસ માટે મહત્ત્વપૂર્ણ બની શકે છે. મારા મતે યુ.સી.સી.નો હેતુ કોઇ ધર્મના બદલાવનો નથી. પરંતુ દરેક નાગરિકને સમાન ન્યાય આપવાનો છે. ઘણા બધા મિત્રો ચર્ચા કરતા હતા કે આવું થાય, ધર્મની અંદર આ પરિણામો આવે, આવું થાય પરંતુ હું એવું સ્પષ્ટ માનું છું કે, આ ધર્મનો બદલાવ નથી પરંતુ નાગરિકોને સમાન ન્યાય આપવાનો છે. આજે આપણા દેશમાં ધર્મ પ્રમાણે અલગ અલગ વર્ણન કરવામાં આવેલાં છે. લગ્ન હોય, છૂટાછેડા, વારસાના મુદ્દાઓ હોય તેમાં અલગ અલગ પર્સનલ લૉ લાગુ પડે છે. એમાં ફોજદારી કાયદો હોય તો બધે એકસરખો લાગું પડે છે. કોઇ જગ્યાએ મારામારી થઇ હોય તો એ કાયદામાં કલમ હોય એ કલમ પ્રમાણે ફરિયાદ દાખલ થાય છે. એમાં ગમે તે ધર્મ હોય કે ગમે તે નાગરિક હોય, બધાંને એકસરખી કલમ લાગે છે પરંતુ સિવિલ કાયદામાં ધર્મ પ્રમાણે એનું વર્ણન કરવામાં આવ્યું છે. હું આ ગૃહમાં કોર્ટના અમુક ચુકાદાઓની વાત કરી ગૃહના સભ્યોનું ધ્યાન દોરવા માગું છું. સરલા મુદગલ વિથ યુનિયન ઓફ ઇન્ડિયા–૧૯૯૫નો સુપ્રીમ કોર્ટનો ખૂબ મહત્ત્વનો કેસ છે. અમારા મિત્રએ અલગ રીતે વર્ણન કર્યું અને કોઇ રાજકીય મુદ્દા તરીકે એનો વિચાર કર્યો પરંતુ એનાથી પર જઇને એક હિંદુ પતિ ધર્મ બદલીને બીજી સ્ત્રી સાથે લગ્ન કરી શકે કે નહિ? આવા કેટલાંય લોકોએ ઇસ્લામ સ્વીકાર કરીને બીજા લગ્ન કર્યા છે. તેણે બિગામી કાયદાથી બચવાનો પ્રયત્ન કર્યો અને કોર્ટે કહ્યું કે ધર્મ બદલવાથી પહેલું લગ્ન ખતમ થતું નથી. પહેલું લગ્ન ચાલું હોય ત્યારે બીજું લગ્ન અમાન્ય ગણાશે. આવા કેસમાં આઇ.પી.સી.

૪૯૪ બિગામી લાગુ પડે છે. ધર્મ પરિવર્તનનો દુરુપયોગ ન કરવો જોઈએ. આ નિર્ણયથી મહિલાઓના અધિકારોને સુરક્ષા મળી. કોર્ટે યુ.સી.સી. લાવવાની જરૂરિયાત પણ દર્શાવી. યુ.સી.સી.માં મહિલાઓને એક ન્યાય નીચે લાવવાની વાત આમાં કરવામાં આવી છે. એમાં હું મારું સમર્થન આપું છું. બીજો એક કિસ્સો મારીયા રોય વિરુદ્ધ સ્ટેટ ઓફ કેરાલાનો છે. આ કેસમાં પહેલાં કેરળના ખ્રિસ્તી સમાજમાં દીકરીઓના વારસામાં ઓછો હક્ક મળતો હતો જ્યારે પુત્રોને વધારે હક્ક મળતો હતો. સુપ્રીમ કોર્ટે નિર્ણય આપ્યો કે આ ભેદભાવ ખોટો છે. દીકરી તથા પુત્ર બંનેને સમાન હક્ક મળવો જોઈએ. આ માટે ધી ઈન્ડિયન સકસેશન એક્ટ–૧૯૨૫ લાગુ કરાયો. આથી સમજાય છે કે અલગ અલગ ધર્મના અલગ કાયદા હોવાના કારણે ઘણી વાર અસમાનતા થાય છે એટલા માટે યુનિફોર્મ સિવિલ કોડ જરૂરી છે જેથી દરેક નાગરિકને સમાન હક્ક અને સમાન ન્યાય મળી શકે. અમારા નાયબ મુખ્યમંત્રી અને શ્રી રમણભાઈ વોરા સાહેબે હમણાં ત્રિપલ તલાકની વાત કરી. એવા ઘણા બધા જજમેન્ટ છે કે જેના આધારે ક્યાંકને ક્યાંક સ્ત્રીઓને રક્ષણ મળતું ન હતું અને એને કોર્ટે રક્ષણ આપવાના નિર્ણયો કર્યા છે. આ બધા કેસો આપણને કાયદાનો દુરુપયોગ અને મહિલાઓ સાથે અન્યાય બતાવે છે. આના ઉપરથી એક શાયરી યાદ આવે છે કે,

जब तक कानून बंटा रहेगा, तब तक इंसाफ अधूरा रहेगा।
एक देश, नियम अनेक, ये कैसे मंज़ूर रहेगा।

માનનીય અધ્યક્ષશ્રી, લગ્ન માટે એકસરખા નિયમ, છૂટાછેડા માટે એકસરખી પ્રક્રિયા, દીકરી અને દીકરા માટે સમાન વારસાનો હક્ક, તમામ નાગરિકો માટે સમાન ન્યાય, આ દેશની એકતા મજબૂત કરવા માટે આ યુ.સી.સી. કાયદો ખૂબ જ જરૂરી છે. આના ઉપરથી એક બીજી શાયરી યાદ આવે છે.

धर्म के नाम पर फर्क क्यों, यह सवाल उठाना होगा,
एक भारत के सपनों को, अब सच बनाना होगा।
न्याय सबको समान मिले, यही संविधान की पूकार है,
युनिफोर्म सिविल कोड से, होगा देश साकार होगा।

યુ.સી.સી.ના આવવાથી શું નહીં બદલાય? તો કોઇના ધર્મમાં હસ્તક્ષેપ નહીં થાય. કોઇ પૂજા–પાઠ હોય, પરંપરા હોય, તેની જીવનશૈલી તેની તે જ યથાવત રહેશે. આ ગૃહના તમામ સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું અને એમને પૂછું છું કે, શું મહિલાઓને સમાન હક મળવો જોઇએ? શું દરેક નાગરિકને સમાન ન્યાય મળવો જોઇએ? શું દીકરીને પણ સમાન વારસો મળવો જોઇએ? શું કાયદામાંથી ભેદભાવ દૂર થવો જોઇએ? શું લગ્ન અને છૂટાછેડા પારદર્શક હોવા જોઇએ? શું મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત થવી જોઇએ? શું કાયદો સમય સાથે બદલાવો જોઇએ? શું દરેક નાગરિક માટે એક કાયદો હોવો જોઇએ? શું સંવિધાનની સમાનતાની ભાવના જળવાવી જોઇએ? શું એક દેશ એક કાયદો જરૂરી છે? આ બધાનો જવાબ 'હા' હોય તો યુ.સી.સી. જરૂરી છે. તો પછી રસ્તો એક જ છે–યુનિફોર્મ સિવિલ કોડ.

न ऊंच, न नीच, न भेदभाव, बस एक ही पहचान हो,
हर नागरिक के लिए कानून एक समान हो,
यही है नये भारत की सच्ची उडान,
जहां न्याय से ही बनती देश की पहचान।

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે ફક્ત કાયદો બનાવી રહ્યા નથી, આપણે ન્યાય, સમાનતા અને એકતાનું ભવિષ્ય ઘડી રહ્યા છીએ. જ્યારે દેશ એક છે, લોકો એક છે, રાજ્ય એક છે તો કાયદા પણ એક જ હોવા જોઇએ અને એક દેશ, એક રાજ્ય, એક કાયદો એ જ સાચી સમાનતાનું પ્રતીક છે. સમાન નાગરિક કાયદો નાગરિકોની ઓળખ સમાન બનાવે છે. ન્યાય ધર્મ પર આધારિત નહીં પરંતુ નાગરિકતા પર આધારિત હોવો જોઇએ. યુ.સી.સી.નો હેતુ યુનિફોર્મિટી નહીં પરંતુ ઇક્વિલિટી છે. સ્ટ્રોન્ગ નેશન માટે સ્ટ્રોન્ગ અને ઇક્વલ લૉ જરૂરી છે એટલે માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ જે બિલ લઇને આવ્યા છે તેમાં હું મારું સંપૂર્ણ સમર્થન વ્યક્ત કરું છું અને મારી વાત અહીં પૂરી કરું છું.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર(મોરવાહડફ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય ગૃહમાં આપણે સૌ એક એવી ઘટનાના સાક્ષી બનવાના છીએ કે, જેની કલ્પના બંધારણના નિર્માતાઓએ બંધારણના અનુચ્છેદ–૪૪માં કરી હતી. બંધારણનો અનુચ્છેદ–૪૪ એ માત્ર એક અનુચ્છેદ નથી પણ બંધારણ નિર્માતાઓનાં અધૂરાં સ્વપ્નને સાકાર કરવાની દિશા માટેનો એક મક્કમ પ્રયાસ એટલે આ યુ.સી.સી.નો કાયદો છે. ગુજરાત રાજ્યમાં હવે સમાનતા એ માત્ર સિદ્ધાંત ન રહેતાં હકીકત બનવાનો છે. આ સન્માનનીય ગૃહમાં આ પવિત્ર વિધેયક ઉપર જ્યારે ચર્ચા કરવા ઊભી થઇ છું ત્યારે આ ઐતિહાસિક ઘટનાને શબ્દો આપવાનો પ્રયાસ કરી રહી છું. જ્યારે બંધારણના ઘડવૈયા ડૉ. બાબસાહેબ આંબેડકર અને બીજા કેટલાય મહાનુભાવોએ

ભારતનું બંધારણ ઘડ્યું અને એમણે માર્ગદર્શક સિદ્ધાંતો અનુસાર અનુચ્છેદ–૪૪નો સમાવેશ કર્યો હતો. તેમણે એક એવા ભારતની કલ્પના કરી કે, જ્યાં કાયદો વ્યક્તિના ધર્મથી નક્કી ન થાય. જ્યાં એવા અધિકારની વાત કરી કે જ્યાં અધિકાર કોઇ જ્ઞાતિ કે પરંપરાથી મર્યાદિત ન રહે. એવા ન્યાયની વાત કરી કે ન્યાય એ દરેક માટે સમાન હોય પરંતુ દુ:ખની વાત એ છે કે, કેટલાંય દાયકાઓ જતા રહ્યા છતાં પણ આ સપનું એક સપનું જ રહી ગયું હતું અને દાયકાઓ સુધી આ વિષયને, આ કાયદાને યુનિફોર્મ સિવિલ કોડને ટાળવામાં આવ્યો અને વારંવાર વોટબેંકની રાજનીતિ કરીને સમાનતાની બલિ ચઢાવવાનું કામ કર્યું. હું હરિવંશરાય બચ્ચનજીને એક પંક્તિ કહેવા માગું છું.

अंधेरे का अस्तित्व मिटता है प्रकाश से,
अन्याय का अंत होता है प्रयास से।

આ પ્રયાસ તો જુઓ. આ પ્રયાસ એટલે દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું નેતૃત્વ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઇ શાહ, ગુજરાત રાજ્યના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને અમારા યુવા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીનો દ્રઢ સંકલ્પ થયો છે. આજે આ પ્રયાસ અહીંયા બેઠેલા સૌ માનનીય ધારાસભ્યો આ પ્રયાસ પરિણામમાં પરિવર્તન થયો છે અને ગુજરાતની હિંમત તો જુઓ આ યુનિફોર્મ સિવિલ કોડનો કાયદો લાવ્યા છે એની આપણે વર્ષોથી રાહ જોઇએ બેઠા હતા. આ સન્માનની વાત છે. એટલે કહેવામાં આવ્યું છે કે,

कैसे आकाश में सुराख नहीं हो सकता,
एक पथ्थर तो तबियत से उछालो यारो।

જે લોકો કાયદાનો વિરોધ કરે છે એને કહેવા માગું છું કે, આ કાયદો કોઇના વિરોધમાં છે જ નહીં. આ કાયદો અસમાનતાના વિરોધમાં છે. દેશનું બંધારણ જે ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦માં સ્વીકારવામાં આવ્યું અને દેશમાં યુ.સી.સી. કાયદો કયારે લાવવો? ત્યારે એક દેશ, એક સંવિધાન, એક કાનૂન હોય ત્યારે લાવવો. ડૉ.બાબાસાહેબ આંબેડકરે કહ્યું હતું કે જયારે સરકારની બહુમતી હોય ત્યારે આ કાયદો ચોક્કસથી લાવજો. દેશનું સંવિધાન બનાવ્યું પણ આ કાયદો ક્યારેય ન લાવી શક્યા. દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબે ઉત્તરાખંડ રાજ્યથી કાયદો લાગુ પાડવાની શરૂઆત કરી અને આજે આ કાયદો લાવનારું દેશનું બીજું રાજ્ય તે ગુજરાત રાજય બની રહ્યું છે. સંવિધાન કલમ–૪૪ પ્રમાણે આજે મારે કહેવું છે કે, ભારત દેશમાં બે જ કાનૂન છે. એક કાનૂન જે છે એ ક્રિમિનલ કાનૂન છે અને બીજું કાનૂન છે એ સિવિલ કાનૂન છે. ક્રિમિનલ કાનૂન એટલે એવો કાનૂન કે ચોરી, લૂંટફાટ, હત્યા, મર્ડર અથવા તો રેપ થયો હોય. એના માટે આખા દેશમાં એક જ કાયદો છે. એમાં એવું નથી જોવામાં આવતું કે હિન્દુએ ચોરી કરી, મુસલમાને ચોરી કરી તો મુસલમાન માટે, શીખ માટે અને હિન્દુ માટે અલગ કાયદો હોય. આખા દેશમાં એક જ કાયદો આ ક્રિમિનલ કાનૂન માટે છે અને જ્યારે સિવિલ કાનૂનની વાત કરીએ ત્યારે આ સિવિલ કાનૂન એટલે લગ્ન માટે હિન્દુઓ માટે અને જે હિન્દુ મેરેજ એક્ટ બનાવવામાં આવ્યો. ચાહે એ છૂટાછેડાની વાત હોય, બાળક દત્તક લેવાની વાત હોય, વારસાઈની વાત હોય એના માટે સિવિલ કાનૂન છે પરંતુ, આ દેશમાં જ્યારે દેશનું વિભાજન થયું. બાંગ્લાદેશ અને પાકિસ્તાન બન્યું ત્યારે આ કાયદો રહ્યો અને મુસલમાન, ખ્રિસ્તીઓ, પારસીઓ માટે અલગ કાયદો બન્યો. મારે કહેવું છે કે જ્યારે હિન્દુ હોય, બૌદ્ધ હોય, જૈન હોય એના માટે વર્ષ ૧૯૫૫માં હિન્દુ મેરેજ એક્ટ બન્યો. મુસલમાન બિરાદરો, ભાઇઓ માટે વર્ષ ૧૯૩૭માં શરિયત કાયદો એટલે કે મુસ્લિમ પર્સનલ લૉ એક્ટ બન્યો. ખ્રિસ્તીઓ માટે વર્ષ ૧૮૭૨માં કાયદો લાવવામાં આવ્યો અને પારસીઓ માટે વર્ષ ૧૯૩૬માં કાયદો બનાવવામાં આવ્યો. આ હિન્દુ મેરેજ એક્ટ–૧૯૫૫ સિવાય આ ત્રણેય કાયદા છે ચાહે મુસલમાનો માટેનો કાયદો હોય, ખ્રિસ્તીઓ માટેનો કાયદો હોય, ચાહે પારસીઓ માટેનો કાયદો હોય આ ત્રણેય કાયદાઓ પુરૂષપ્રધાન કાયદા હોવાથી મહિલાઓને હંમેશાં અન્યાય થતો હોય છે એટલા માટે દેશમાં યુ.સી.સી. લાવવાની જરૂર પડી છે. આજે હિંદુ મહિલાઓને મળતા અધિકારો છે એ મારા દેશ અને ગુજરાત રાજ્યની તમામ મુસલમાન મહિલાઓને પણ મળે એના માટે આ યુ.સી.સી. કાયદો લાવવામાં આવ્યો છે. આ કાયદામાં પ્રાવધાન છે કે, એકથી વધારે પત્ની રાખી શકાશે નહીં અથવા તો એકથી વધારે લગ્ન નહીં કરી શકાય. આ યુ.સી.સી. કાયદામાં બહુપત્નીત્વ નહીં કરી શકાય એનું પ્રાવધાન કરેલું છે. જ્યારે આ ગૃહમાં શાયરાબાનું કેસના જીવંત ઉદાહરણની વાત થઇ ત્યારે આ એક વ્યક્તિ કે મહિલા ન હતા પરંતુ એમણે દેશની લાખો મહિલાઓના હક્કો માટેની લડાઇ લડી હતી. શાયરાબાનુને પોતાના પતિ દ્વારા કોઇ પણ વાત વગર, કોઇપણ બાબત વગર તાત્કાલિક તલાક આપવામાં આવેલ હતો. આપણે વિચાર કરીએ જીવન કેવું હશે? કદાચ શાકમાં મીઠું વધારે પડી જાય તો પણ તલાક, કદાચ મોળું થાય તોપણ તલાક, કદાચ કપડાં ધોવામાં ડાઘો રહી જાય તોપણ તલાક. હવે તો લેટેસ્ટ ન્યૂઝ આવ્યા છે કે વોટસઅપમાં ત્રણ વખત તલાક કરી દેવાના, પોસ્ટ કાર્ડ લખીને ત્રણ વખત તલાક કરી દેવાના. ઇ–મેઇલ કરીને ત્રણ વખત તલાક કરી દેવાના. આ મહિલાઓને ખરેખર યોગ્ય તક મળતી ન હતી અને કાનૂની સુરક્ષા ઉપલબ્ધ ન હતી. આ યુ.સી.સી. કાયદાથી કાનૂની સુરક્ષા ઉપલબ્ધ થવાની છે. કાયદામાં જ્યારે અસમાનતાની વાત આવે ત્યારે અસમાનતાની વાતમાં સૌથી વધારે નુકસાન થતું હોય તો મહિલાઓને થતું હોય છે.

આથી આ સમાન નાગરિક સંહિતાની વ્યવસ્થા જરૂરી બને છે, જ્યાં દરેક નાગરિક માટે એકસમાન, એક ન્યાયનો કાયદો હોય છે. યુ.સી.સી. કાયદો એ સુનિશ્ચિત કરે છે કે કોઈપણ મહિલાને એકતરફી ન્યાયથી વંચિત રાખી ના શકાય એના માટેનો આ કાયદો છે. બીજો મુદ્દો કહું તો મેં છૂટાછેડા અથવા તલાકની જે વાત કરી એ પણ આપી શકાશે નહીં. જ્યારે મેરેજ એક્ટની વાત કરેલી છે, લગ્નના એક્ટ વાત કરેલી છે ત્યારે આ સમાન નાગરિક સંહિતામાં કલમ–૪ મુજબ લગ્ન માટે પુરુષના ૨૧ વર્ષ અને સ્ત્રી માટે ૧૮ વર્ષની ન્યૂનતમ ઉંમર નક્કી કરવામાં આવી છે. બંને પક્ષોની સહમતિ હોય ત્યારે આપણા દેશની લગ્ન વ્યવસ્થા અનિવાર્ય બનાવવામાં આવેલ છે. એક જવાબદાર સમાનતાનો આધાર ટકી રહે એના માટે અમે આ કાયદો લાવ્યા છીએ. કલમ–૬ થી ૧૦ મુજબ દરેક લગ્નની સાઇઠ દિવસમાં ફરજિયાત નોંધણી કરવાની હોય છે. એની અવગણના કરવામાં આવે તો દંડની જોગવાઇ પણ કરવામાં આવેલી છે. જેનાથી કાયદાકીય સુરક્ષા, પારદર્શિતા બંને સુનિશ્ચિત થાય છે. લગ્ન રજિસ્ટર કરવાની વાત આવે ત્યારે મને પંચમહાલ જિલ્લાની વાત યાદ આવે છે. આ હાલોલ તાલુકાની વાત છે. હાલોલ તાલુકામાં વહેલી સવારે છ વાગ્યે બારમા ધોરણમાં ભણાતી એક દીકરી એક્ટિવા લઇને દૂધની થેલી લેવા જાય છે. એની મમ્મીને કહ્યું કે હું દૂધની થેલી લઇને પાછી આવું છું. બે કલાક થઇ ગયા એટલે એની મમ્મીએ એના પિતાને વાત કરી કે એક્ટિવા લઇને દૂધની થેલી લેવા ગયેલી નમ્રતા હજી આવી નથી. ત્યારે એના પિતાએ એ જે મોબાઇલ લઇને ગઇ હતી એના ઉપર ત્રણ થી ચાર વખત ફોન કર્યો પણ એને ફોન રીસિવ ના કર્યો પછી ફોન સ્વીચ ઓફ થઇ ગયો. સ્વાભાવિક વાત છે કે એક દીકરી જ્યારે ઘરની બહાર નીકળે એ એના મા–બાપ માટે કાળજાનો કટકો હોય. એને શું થયું હશે? એની સાથે શું બન્યું હશે? માતા–પિતાની એ વેદનાની આપણે કલ્પના ના કરી શકીએ. એમણે દોડતાં દોડતાં પોલીસ સ્ટેશનમાં જઇને જાણ કરી. આ વાત આખા વિસ્તારમાં ફેલાઇ ગઇ પણ દીકરી મળી નહીં. અમારા હાલોલના ધારાસભ્યશ્રી પણ દોડ્યા. એમને પણ પોતાના વિસ્તારની ચિંતા હતી. દીકરી મળી જાય એના માટે તેઓ એટલા કરગર્યા કે મારે મારી દીકરી જોઇએ. પોલીસ સ્ટેશનમાં આંટા માર્યા અને જ્યારે દીકરી હાજર થઇ ત્યારે એના સાથે શાહિદ ખુરશીદહુસેન ઘડિયાળી હતો. રજિસ્ટ્રેશન કર્યું ન હતું. આ રજિસ્ટ્રેશન થયું હોય અને મા–બાપને રજિસ્ટ્રેશનની જાણ કરવામાં આવે એ પ્રાવધાન આ યુ.સી.સી. કાયદામાં કરેલું છે જેનાથી આવી કેટલીય નમ્રતાઓ છે તે આવી રીતે ભોગ ના બને. ભરણ પોષણની વાત હોય તો હિન્દુ મહિલાની જેમ અન્ય ધર્મની મહિલાઓને પણ ભરણ પોષણનો હક્ક મળે એના માટેની ચિંતા કરી છે. ફિરદોશબાનુ નામની બેન હોય અને એને ત્રણ–ચાર દીકરા હોય અને દીકરી હોય, સરસ મજાનું કુટુંબ ચાલતું હોય અને વિદેશના વિઝા લઇને એના પતિ જતા રહે અને ફેમિદાબાનુ સાથે જતા રહે ત્યારે અહીંયા ફિરદોશબાનુ હોય એ રાહ જોતી હોય કે મારા ઘરવાળા ક્યારે આવશે? આ વેદનાની વાત છે એ યુ.સી.સી. કાયદામાં કરી શકીએ છીએ કે કેટલી વેદના એક મહિલામાં હોય છે. એના નાના બાળકોનું શિક્ષણ, એનું જતન, એનું આરોગ્ય, એની ચિંતા આ બધું જ હોય છે ત્યારે એ કાયદાને વધારે સુરક્ષિત બનાવવા માટે યુ.સી.સી. કાયદો લાવવામાં આવ્યો છે. હિન્દુ સમાજમાં કોઇ દંપતિને બાળક ન હોય તો એ બાળકને દત્તક લઇ શકે એવું પ્રાવધાન છે. પણ જ્યારે કોઇ મુસ્લિમ મહિલા હોય અને એને બાળક ન હોય તો એ બાળક દત્તક લઇ શકતી નથી. એનું બીજું પાસુ એવું હોય છે કે એને બાળક નથી તો બીજું લગ્ન અને એને પણ બાળક ન થાય તો ત્રીજું લગ્ન. આ શરિયત કાયદો છે એ પ્રમાણે કોઇપણ મુસ્લિમ મહિલા બાળકને ગોદ અથવા દત્તક લઇ શકતી નથી. પરંતુ હવેથી યુ.સી.સી.ના કાયદા પ્રમાણે એ મહિલા બાળકને દત્તક લઇ શકશે. સંપતિનો અધિકાર હોય, માતા–પિતાની મિલકતની વાત હોય ત્યારે દીકરી ક્યારેય કહેતી નથી કે મારો ભાગ જોઇએ છે. પરંતુ જ્યારે અધિકારની વાત હોય ત્યારે કોઇપણ ધર્મની દીકરી જ્યારે પણ કદાચ મજબૂરી આવે ત્યારે મિલકતમાં ભાગીદાર બની શકે એ માટે આ યુ.સી.સી. કાયદો સુનિશ્ચિત કરી રહી છે. આ સમાન સિવિલ સંહિતા એક અત્યંત મહત્ત્વપૂર્ણ પાસું હોય ત્યારે આજના સમાજની વાસ્તવિકતા સ્વીકારીને જે વિદેશી ચલણ અહીંયા સુધી પહોંચ્યું છે, એમ કહેવાય કે ત્યાંનો ટ્રેડ અહીંયા ભારત સુધી આવ્યો છે, લીવ ઇન રિલેશનશિપ. કાનૂની સુરક્ષા દીકરીઓને આપવી પડશે અને એના માટે યુ.સી.સી. જરૂરી છે. ક્યારેક કોઇ મહિલા કોઇ વ્યક્તિના સંપર્કમાં આવીને, વિશ્વાસમાં આવીને, પ્રેમમાં આવીને કદાચ એ જતી રહે તો કાનૂની રક્ષણના અભાવે એ મુશ્કેલીમાં ફસાઇ જતી હોય છે. આજના સમયમાં કેટલીય ઘટનાઓ બને છે, 'કેરાલા સ્ટોરી'માં કેટલી દીકરીઓની ઘટનાઓ બની ગઇ છે એની વાત જ્યારે કરવામાં આવી છે ત્યારે એ વાતની ખાલી વાત કરવામાં આવે, એની કલ્પના કરવામાં આવે ત્યારે રૂવાટાં ઊભા થઇ જાય. કેટલીય એવી યુવતિઓ લાગણી અને વિશ્વાસના સંબંધમાં પ્રવેશ કરે છે અને જ્યારે એની માહિતી, જાગૃતિ અને કાનૂની સુરક્ષાના અભાવે એ પરિસ્થિતિમાં એવી ફસાઇ જાય છે અને એનું જીવન નર્ક બની જતું હોય છે. જીવતી–જાગતી લાશ બની જતી હોય છે. આવી પરિસ્થિતિઓ આપણને એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન પૂછે છે કે શું માત્ર લાગણી પૂરતી છે? કે પછી કાનૂની સુરક્ષા એટલી જ જરૂરી છે? આ સંહિતા એ જ પ્રશ્નનો જવાબ આપે છે કે જો કોઇ મહિલા લીવ ઇન રિલેશનશિપમાં છે તો આ કાયદાની નજરમાં ક્યારેય અદશ્ય નહીં રહે. આ કાયદો એને સુરક્ષા આપશે. આવી દીકરીઓને કાનૂની ઓળખ મળશે અને તેના અધિકારો માટે કોર્ટના દરવાજા ખટખટાવવાનો એને અધિકાર મળશે. જ્યારે લીવ ઇન રિલેશનશિપની વાત કરવામાં આવે ત્યારે લીવ ઇન રિલેશનશિપમાં કોઇપણ બાળકનો જન્મ થાય, ત્યારે એ દંપત્તિએ એ બાળકને કાયદેસર ગણવું પડશે. સૌથી મહત્ત્વની વાત જો તેને છેતરવામાં આવશે, એને લીવ ઇન રિલેશનશિપમાં રાખીને છેતરવામાં આવશે, એની સાથે બળજબરી કરવામાં આવશે અને પછી કદાચ એનો ત્યાગ કરવામાં આવશે તો પણ શોષણ ન થાય અને ન્યાય મળી શકે એ માટે મહિલાને ભરણ પોષણનો પણ અધિકાર મળે અને બાળકોને કાનૂની હક્ક મળે એ સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. કોઇપણ

સંજોગોમાં મહિલાને અસુરક્ષિત ન રહેવું પડે એ પણ પ્રાવધાન કરેલ છે. આ કાયદો સંબંધોને બદલી નથી રહ્યો પણ આ કાયદો સંબંધોમાં સુરક્ષા ઉમેરી રહ્યો છે. મારે કહેવું છે કે સંહિતાની કલમ–૩૧ અને ૩૩માં જે વાત કરેલ છે એની સાથે મેં લીવ ઇન રિલેશનશિપની વાત કરી છે ત્યારે, આ સંહિતા કલમ–૨ સ્પષ્ટ રીતે જણાવે છે કે અનુસૂચિત જનજાતિ, આદિવાસી સમાજના પણ હિતો અને પરંપરાને સંપૂર્ણ સુરક્ષા આપવાનું કામ કર્યું છે. આ કાયદાનો તેમના ઉપર સીધો અમલ નહીં થાય. એટલે સંહિતા અને વિવિધતાને જાળવીને સમાનતાનું જે સંમતુલન સ્થાપિત કરે છે ત્યારે મારે કહેવું છે કે વિવિધતા એ જ ભારતનો શણગાર છે. એકતામાં જ દેશનો આધાર છે. અંતમાં હું એટલું જ કહીશ કે ગુજરાત હંમેશા દેશને નવી દિશા બતાવનારું રાજ્ય છે. આ બિલ પસાર કરીએ ત્યારે આપણે એક એવા સમાજનું નિર્માણ કરી રહ્યાં છીએ કે જ્યાં કોઇ સ્ત્રીને અન્યાય ના થાય. કોઇ બાળક તેના અધિકારથી વંચિત ના રહે. કાયદાની નજરમાં દરેક નાગરિક ગર્વથી કહી શકે કે હું સમાન છું. આ બિલ રાજનીતિથી ઉપર ઊઠીને રાષ્ટ્રનીતિ અને સમાજ નીતિનું પ્રતીક છે ત્યારે હું આ ગૃહમાં તમામ સભ્યોને નમ્ર અપીલ કરું છું કે ગુજરાતના ઉજ્જવળ ભવિષ્ય માટે આવનારી પેઢીઓ છે એને ન્યાય આપવા માટે આ વિધેયકને સર્વાનુમતે સમર્થન આપે અને આ ઐતિહાસિક બિલમાં મારા વિચારો રજૂ કરવાની તક આપવા બદલ હું ખૂબ ખૂબ આભાર માનું છું. જય જય ગરવી ગુજરાત.

ઉપાધ્યક્ષશ્રી : કહેવાય છે કે મહિલા જ મહિલાની પીડા સારી રીતે જાણી શકે અને આપે કલમની સાથે સાથે મહિલાની પીડાનું પણ વર્ણન કર્યું છે એ માટે આપને અભિનંદન પાઠવું છું. માનનીય સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલિયા.

શ્રી ગોપાલ ઇટાલિયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત સરકારે જે યુ.સી.સી. બિલ રજૂ કર્યું છે એના પર મારા વિચારો રજૂ કરું છું. એના માટે એક શેર કહીને મારી વાત શરૂ કરીશ.

ये जमींन नहीं थी, जब आसमां कहीं न था,
सिर्फ यकीन था, हर्ष, गुमां कहीं नहीं था।
लगी थी बस्ती में गुरबत की ये आग भी कैसी,
लोग जल भी रहे थे और धूआं कहीं नहीं था।

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ સંવિધાન ન હતું, લોકસભા ન હતી, રાજ્યસભા ન હતી, નિયમ ન હતા, અધિનિયમ કે વિનિયમ ન હતા. કશું જ ન હતું ત્યારે સમાજ તો હતો જ. તો એ સમાજ કેવી રીતે જીવતો હતો? તો કહે કે, એ સમાજ પ્રથાઓથી, પ્રણાલિઓથી, પરંપરાઓથી, રૂઢિઓથી અને માન્યતાઓના આધારે જીવતો હતો. સમાજ કબીલાઓમાં વહેંચાયેલો હતો. દરેક કબીલાએ પોતાની રૂઢિ, પરંપરા, પ્રથા, માન્યતા ડેવલપ કરી. એક કબીલો આવી રીતે લગ્ન કરે, બીજો આવી રીતે લગ્ન કરે, ત્રીજો આવી રીતે લગ્ન કરે. એટલે જ જ્યારે કશુંજ ના હતું ત્યારે પ્રણાલી, પરંપરાઓ અને પ્રથા હતી. આ તમામ પરંપરાઓનું પાલન કરતાં કરતાં સમયની માંગ આવી ત્યારે એમાં સુધારો કરતાં કરતાં જરૂર પડી એવા ફેરફારો કરતાં કરતાં સમાજ અહીંયા પહોંચ્યો છે અને સમાજને જરૂર પડશે તો સમાજ હજુ પણ એની અંદર ફેરફાર કરશે. એવું એક કવિએ કહ્યું છે કે–

चमन के इतलाब के रंग, खुश्बु से बात बनती है,
तुम ही हो तो क्या तुम हो, हम ही हम बैं तो क्या हम हैं,
अंधेरी रात, तुफानी हवा, तुटी हुई कश्ती,
अभी अस्बाक कम थे की इस पर खुदा तुम हो।

સાહેબ, એવું કહ્યું છે કે તુમ હી તુમ હો તો ક્યા તુમ હો? આ સભાગૃહમાં માત્ર ૧૮૨ ભા.જ.પ.ના ધારાસભ્યો છે. શું મજા છે? સામે અમેય બેઠા હોઇએ તો એનીય મજા છે. અમે છીએ એની સામે તમે છો તો એની પણ મજા છે. સાહેબ, આ કવિ એવું કહેવા માંગે છે કે કુદરતે સૃષ્ટિનું સર્જન વિવિધતા સાથે કર્યું છે. દરેક માણસ એક સરખો નથી. દરેક વૃક્ષ, પહાડ, નદી કે દરિયા જેવો દરિયો પણ એકસરખો નથી. એટલે ઇશ્વરે વિવિધતાનું સર્જન કર્યું છે. એટલે કવિ એમ કહે છે કે વિવિધતા એજ સુંદરતા. ''વિવિધતામાં જ એકતા'' એ આપણા ભારત દેશનો મંત્ર છે. વિવિધતાની મજા છે કે આ પાંચ આંગળી એકસરખી થઇ જાય તો મજા નથી. લાંબી–ટૂંકી રહે એની તો મજા છે. હવે જબરજસ્તીથી કાયદો બનાવીને લીમડાના ઝાડને પીપળાના ઝાડ તરીકે જાહેર કરવો. પીપળાને લીમડો જાહેર કરવો. લીમડો લીમડો છે એની મજા છે. પીપળો પીપળો છે એની મજા છે. બાવળ બાવળ છે એની મજા છે. સમાનતાનો કાયદો લાવીને બાવળને લીમડો ના બનાવી શકાય. લીમડાને બાવળ ના બનાવી શકાય. એટલે આપે આ બિલને લાવતા પહેલા એ સ્વીકારવું પડશે કે ઇશ્વરે આ દુનિયાને વિવિધતાથી ભરપૂર બનાવી છે અને એ વિવિધતાને સ્વીકારીએ તો આપણને સમજાય કે આ બિલમાં ઘટે છે, ખૂટે છે શું? મેં આખું બિલ વાંચ્યું. હું તો ક્યારનો આ ચર્ચા સાંભળું છું કે એમાં હિન્દુ, મુસલમાન આવું જ આવે છે. મેં આખું બિલ વાંચ્યુ એક પણ પાના ઉપર એક પણ શબ્દ હિન્દુ

કે મુસલમાન કે જૈન, શીખ, પારસી લખ્યું જ નથી તો આ ચર્ચામાં હિન્દુ મુસલમાન ક્યાંથી આવ્યું? આખા બિલમાં ક્યાંય હિન્દુ, મુસલમાન, શીખ, પારસી શબ્દ નથી તો શું શબ્દ છે ? આખા બિલમાં સ્ત્રી–પુરુષ, સ્ત્રી–પુરુષ શબ્દ છે. (અંતરાય) આ બિલ એક સ્ત્રી અને એક પુરુષ કેવી રીતે લગ્ન કરશે, કેવી રીતે લગ્નની પ્રક્રિયા કરશે તેની વાત કરે છે. લગ્ન કર્યા પછી ના ફાવે તો એ સ્ત્રી અને પુરુષ છૂટ્ટું કેવી રીતે કરશે એની વાત છે. લગ્ન થયા પછી સંતાન થાય તો તેના વારસાનો હક્ક કેવો રહેશે તેની વાત છે અને વગર લગ્ન કર્યે એમ જ ભેગું રહેવું હોય તો લીવ ઇન રિલેશનશિપની વાત કરે છે. આમાં ક્યાંય હિન્દુ–મુસલમાન, ભારત–પાકિસ્તાન છે જ નહીં તેમ છતાં આ આખાય બિલને એવી રીતે રજૂ કરવામાં આવે છે જાણે કે દેશની અંદર આ એક જ મુદ્દો હોય. આ બિલમાં હિન્દુ મુસલમાન ઉપર ચર્ચા કરવાના બદલે સ્ત્રી અને પુરુષના સંબંધ, એ સંબંધથી જન્મનાર બાળક અને એ બાળકના અધિકારો એના ઉપર આખી વાત છે. આમાં કલોઝ–૬માં એવુ લખ્યું છે કે, લગ્નની નોંધણી ફરજિયાત કરવી પડશે. ૬૦ દિવસમાં ફરજિયાત અને ૬૦ દિવસમાં નોંધણી ના કરે તેને દંડ અને સજા. સાહેબ આપણે કાયદો બનાવીએ છીએ ત્યારે કોને ધ્યાનમાં રાખીને તે બનાવીએ છીએ? અમીરને, ગરીબને, મંત્રીને, તાલુકા સભ્યને, મજૂરને કોને? સમાનતા જયારે લાવવી હોય ત્યારે કાયદો બનાવતી વખતે પંક્તિમાં ઉભેલા છેલ્લા માણસને ધ્યાનમાં રાખીને જોવું પડશે કે આ કાયદો અમલમાં આવશે ત્યારે છેલ્લા માણસ ઉપર તેની શું અસર આવશે?

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં દેવીપૂજક સમાજ, વણઝારા સમાજ, મદારી સમાજ, વાંસફોડિયા સમાજ, આ અત્તા પત્તા વગરનો સમાજ છે કોઇ તેનું આધારકાર્ડ પણ નથી અને ચૂંટણીકાર્ડ પણ નથી એવી વિચરતી અને વિમુકત જાતિના લોકો આ રાજયમાં રહે છે. એના પણ લગ્ન થાય છે કેવી રીતે નોંધણી કરાવશે? જેના આધાર કાર્ડ જ નથી, ચૂંટણી કાર્ડ પણ નથી. બનાસકાંઠામાં, પાટણમાં, જૂનાગઢમાં અનેક એવા પરિવારો વિચરતી વિમુકત જાતિના રહે છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ગોપાલભાઇ, કાલ ઉઠીને જન્મની પણ નોંધણી આપણે રદ કરી દઇશું?

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે વિચરતી વિમુકત જાતિ છે તેની પાસે કોઇ આધાર પુરાવા નથી તો શું એ લગ્ન નહીં કરે? એ લગ્ન કરશે અને રજિસ્ટ્રેશનમાં ખામી આવશે તો શું તમે એને સજા કરશો. કાયદો બનાવતી વખતે પહેલાં એ વિચારવું જોઇએ. સ્થળાંતરિત મજૂરો આદિવાસી વિસ્તારમાંથી અનેક લોકો મજૂરી કરવા માટે સૌરાષ્ટ્રમાં આવે છે. કેટલાક લોકોના ત્યાં લગ્ન પણ થાય છે, કેટલાકના સુરત લગ્ન થાય છે આ બધુ ચાલે છે. આપણે એ માણસની ચિંતા કરી, એ માણસને લક્ષ્યમાં લઇને આ કાયદો બનાવ્યો? ૬૦ દિવસમાં નોંધણી નહીં કરો તો સજા. ગોપાલભાઇના લગ્ન થાય તો ગોપાલભાઇ ૬૦ દિવસમાં કરી શકશે પણ એક મજૂરી કરતો માણસ જે સુરત અને રાજકોટ જેવા શહેરોમાં મજૂરી કરે છે અને રોડ ઉપર સૂઇ રહે છે એ માણસ પાસે આ કાયદાનો અમલ કેવી રીતે કરાવશો? તમારી પાસે શું વ્યવસ્થા છે? કાયદો બનાવતા પહેલાં લાંબી ચર્ચા–વિચારણા થાય વિપક્ષના સભ્યોએ કહ્યું કે અહેવાલ મૂક્યો હોત તો અમે સૂચન આપત.

માનનીય અધ્યક્ષશ્રી, છૂટાછેડા પણ ફરજિયાત કોર્ટના માધ્યમથી કરવા એવો કાયદો છે. મેં કહ્યું જબ યે જમીન નહીં થી, આસમાન નહીં થા, સંવિધાન લોકસભા, નિયમ–અધિનિયમ નહોતા ત્યારે શું હતું? પ્રણાલિકા, રૂઢિ અને રૂઢિથી સમાજ નક્કી કરતો કે છૂટ્ટું કેમ થાશે અને ભેગું કેમ થાશે. અનેક સમાજમાં આજે આપણે પ્રથા અમલમાં છે કે છૂટાછેડા સમાજના વડીલો ભેગા બેસીને નક્કી કરે અને હસતાં હસતાં હસી ખુશીથી છૂટ્ટું કરે. હવે ફરજિયાત કોર્ટમાં જવું પડશે, વકીલ રાખવા પડશે, મુદત ભરવી પડશે. ચાર–છ મહિનાનો ટાઇમ જશે. જે છૂટાછેડા સમાજના વડીલોની સર્વ–સંમતિથી એક કલાકમાં થતા હતા એના માટે હવે એક વર્ષ રાહ જોવી પડશે. તો કાયદો બનાવીએ ત્યારે આપણે એવી જોગવાઇ કરીએ કે સર્વ–સંમતિથી છૂટાછેડા થાય તો કોર્ટમાં અરજી કરો અને ૧૫ દિવસમાં કોર્ટનો હુકમ મળી જાય, આમાં બીજી કોઇ પ્રોસેસ કરવાની રહેતી નથી. દ્વિપત્નીત્વ કલોઝ–૪ તેમાં એવુ લખ્યું છે કે દ્વિપત્નીત્વ ઉપર મનાઇ છે. સાહેબ, આ મોંઘવારી, આ બેરોજગારી આ મહિલાઓનો ઓછો જન્મદર છે, એકેય મળતી નથી, દ્વિપત્નીત્વની કયાં વાત જ કરવી? કેટલાંય વાંઢા રખડે છે. છોકરીઓ નથી મળતી, સરકારી નોકરીઓમાં ફોર્મ એમને એમ નથી વધુ ભરાતા, બધાને એમ થાય કે કયાંક છોકરી મળી જાય, હવે કાયદો લાગુ થયો દ્વિપત્નીત્વનો, એકના મેળ નથી અને એમાં પણ કોઇ પુરુષ બે પત્ની સાથે લગ્ન કરે, એમાં આપણે બહુ ડીટેલમાં મારે નથી બોલવું, બોલવા જેવું ઘણું છે પણ બે સ્ત્રી સાથે પુરુષ લગ્ન કરે, કોઇ પુરુષ બે સ્ત્રીઓ સાથે લગ્ન કરે, કાયદાથી પ્રતિબંધ આવ્યો છે અને આમેય કોઇ કરે એમ નથી, મોંઘવારી છે, લાવવું શું? રોજ રાત્રે રીંગણા લાવવા પડે, શાકભાજી, અનાજ, મસાલા કયાંથી લાવવું અને બે એમ કહે કે લઇ જાવ ફિલ્મ જોવા તો કેવી રીતે લઇ જવાં? બે પોસાય એમ જ નથી પણ કોઇ સ્ત્રી આપે અને આપણે બધાએ સાંભળ્યું હશે, છાપામાં આવે છે ''લૂંટેરી દુલ્હન'', સમાજમાં જે અસમાનતા આવી છે સ્ત્રી પુરુષોના રેશિયોમાં એના કારણે છોકરીઓ નથી મળતી, એના કારણે કેટલાય છોકરાઓ કુંવારા રહે છે. અનેક છોકરાઓને છોકરીઓ નહીં મળવાને કારણે એજન્ટો, દલાલો સક્રિય થયા છે, એ તમને એમ કહે કે અમે તમારા લગ્ન કરાવી દઇશું. એક છોકરી છે કહે અને પછી છોકરી બતાવે, આખો ફેક માહોલ બતાવે, લગ્ન થાય, ૧૫ દિવસ સાથે રહે અને લેડીઝ છે એ ઘરેથી ઘરેણા કે કંઇક લઇને ભાગી જાય, પછી ભરણપોષણના, બળાત્કારના, મારઝૂડના ખોટા કેસ કરે અને પછી એની એ જ છોકરી બીજા લગ્ન કરી લે તેવી અનેક ઘટનાઓ જાહેરમાં આવી છે. લૂંટેરી દુલ્હન, સાહેબ બે પત્ની ન રાખી શકાય તો આ કાયદામાં કંઇક એવું તો લખવું હતું કે મહિલા જો આવું કંઇક કરે, ૪–૫ પુરુષને છેતરી જાય તો એને પણ જેલમાં પુરવાનું યુ.સી.સી.માં લાવવા જેવું હતું અને એવા દલાલો, એવા એજન્ટો કે જે વાંઢા છોકરાઓ સાથે મજાક કરે છે.

ઉપાધ્યક્ષશ્રી :તમે તમારા સભ્યને સમજાવોને કે બે ના થાય. મેં તમને વ્યવસ્થિત સમજાવ્યું.

શ્રી ગોપાલ ઇટાલિયા : સાહેબ, એમનો સમાજ યુ.સી.સી.માંથી બાદ છે એટલે આપણે એમને કંઇ બોલી નહીં શકે. એમને આ કાયદામાં લેવામાં જ નથી આવ્યા. આમાં એની ચર્ચા જ નથી. આ કાયદામાં લગ્ન, છૂટાછેડા એના પછી વારસાની વાત કરી કે લગ્ન કરો અને સંતાન થાય તો વારસામાં એક સારી બાબતનો ઉલ્લેખ કર્યો કે દીકરીઓને પિતાની મિલકતમાં સો ટકા ભાગ પડશે પણ આપણા સમાજમાં વ્યવસ્થા શું છે? દરેક જાણે છે કે સમાજની પ્રથા એવી છે કે દીકરીઓને એમના પતિનો મિલકતમાં ભાગ આપવામાં આવે છે વાસ્તવિક રીતે, કાયદામાં વાત અલગ છે. સમાજમાં વાસ્તવિકતા એ છે કે તમે જયાં પરણ્યા છો એ પરિવારના ઘર, જમીન, મકાન, ઘરેણા, ગાડી બધું તમારું. કાયદાથી આપણે દીકરીઓને આપીએ એમાં ના હોય તો એ સ્પષ્ટતા કરવી જોઇએ કે પિતાની મિલકત મળશે તો પતિની પણ મિલકત મળશે કે નહીં? હવે અહીયાં એની જોગવાઇ નક્કી નથી. કાલે એવું પણ બને કે કોઇ ચડામણીથી અથવા કોઇ ગેરમાર્ગે દોરાઇને બંને બાજુ દાવો કરે તો? દીકરાને પણ મિલકતનો હકક છે તો યા તો પતિની મિલકત મળે કે પિતાની મિલકત મળે એવું કંઇક લખે તો લાગે કે આમાં સમાનતા છે. બીજું કાયદાનો એક સિદ્ધાંત છે, 'સુપ્રીમસી ઓફ લો' કયો કાયદો ઉપર ગણાશે અને કયો કાયદો નીચે ગણાશે. ભારતની લોકસભામાં બનેલો કાયદો કે રાજયોની વિધાનસભામાં બનેલો કાયદો. આમાં ભરણપોષણનો નિયમ છે. એમાં બહેનોને ભરણપોષણ આપવાનો કલોઝ છે. ભારત સરકારે બનાવેલા કાયદા બી.એન્ડ એસ.એસ.ની કલમ-૧૪૪માં પણ ભરણપોષણનો નિયમ છે. આમાં પણ ભરણપોષણ છે તો કયા કાયદાની સર્વોપરી અસર રહેશે, સુપ્રીમસી કઇ? રાજયનો કાયદો સર્વોપરી કે કેન્દ્રનો કાયદો સર્વોપરી એની કોઇ સ્પષ્ટતા આ બિલમાં છે નહીં તો કાલે કોઇ બહેન દીકરીએ ભરણપોષણ લેવાનું થાય તો આ કાયદા પ્રમાણે અરજી કરવી કે પેલા કાયદા પ્રમાણે અરજી કરવી? હું તો વકીલ છું અને વિદ્યાર્થી છું, એક વાત આપના માધ્યમથી સરકારશ્રીના ધ્યાનમાં લાવવા માગું છું. અનેક એવી બહેનો છે કે જે ભરણ-પોષણ માટે કોર્ટના ધક્કા, ધક્કા, ધક્કા, તારીખ, તારીખ, તારીખ. બહેનોને જો ન્યાય અપવવા માગતાં હોઇએ તો યુ.સી.સી.માં એક લાઇન લખવાની જરૂર હતી કે ભરણ-પોષણની અરજીનું ૪૫ દિવસમાં ફાઇનલ જજમેન્ટ આપી દેવું. અહીંયા તો ચાર-ચાર વર્ષ સુધી ભરણ-પોષણની અરજીની સુનાવણી ચાલે છે તો એ ભરણ-પોષણ મળવાનું હોય એના કરતાં વધુ રૂપિયા તો ખર્ચાઇ ગયા હોય તો કેવી રીતે ભરણ-પોષણથી ન્યાય મળવાનો? બહેનો/દીકરીઓની ચિંતા માત્ર શબ્દોથી, વાતોથી, વાક્યોથી કે રૂપકડાં શેર શાયરીઓથી નહિ પણ સારી વ્યવસ્થા, સારી સુવિધા, કાયદામાં જોગવાઇ, મિકેનિઝમ ઊભું કરીને કરી શકાય. આ કાયદામાં લીવ ઇન રિલેશનશિપની વાત કરવામાં આવી છે. જો લગ્ન ન કરવા હોય તો એમ જ સાથે રહી શકાશે. સંબંધોમાં સાથ. એનું શુદ્ધ ગુજરાતી એવું થાય કે સંબંધોમાં જીવો. એકબાજું આપણે અમે કહીએ છીએ કે કોઇ દીકરીને કોઇ માણસ છેતરીને, ભોળવીને, લલચાવીને કે ધાકધમકીથી લગ્ન નહિ કરી શકે પણ લીવ ઇન રિલેશનશિપ તો કરી શકશે. એમાં તો એવું નથી લખ્યું કે ધાકધમકીથી લીવ ઇન નહિ થાય. આપણે ત્યાં મહાભારતમાં કર્ણનું પાત્ર છે. તેઓ કુંતીપુત્ર હતા. ભગવાન સૂર્યદેવ અને કુંતીના માધ્યમથી કર્ણનો જન્મ થયો પણ ઇતિહાસ એવું કહે છે કે કુંતી અને સૂર્યના લગ્ન નહોતા થયા એટલે સમાજે કર્ણને સ્વીકાર્યો નહિ અને દાસી પુત્ર તરીકે સ્થાન આપ્યું. જે લગ્ન કાયદેસરના લગ્ન નથી એ સંબંધથી કોઇ સંતાન જન્મે તો મહાભારતના કાળમાં એને લેજિટીમેટ ચાઇલ્ડ નહોતું કહેવામાં આવતું. એ વાસ્તવિક રીતે અર્જુનનો સગો ભાઇ ગણાય પણ સમાજે એમ કીધું કે ના લગ્ન નથી થયા તો સંતાન પણ કાયદેસર નહિ. હવે યુ.સી.સી.માં એવી જોગવાઇ આવી કે લીવ ઇન રિલેશનશિપમાં રહેશો, સંતાન થશે તો એ કાયદેસરનું સંતાન છે. કેવી રીતે યુ.સી.સી.? કર્ણને જે સમાજ નથી સ્વીકારવા માગતો એ સમાજને આપણે કાયદો બનાવીને એવું કહીશું કે લીવ ઇનમાં જે છોકરા થશે એ બધાં કાયદેસર છે. આ તો આપણે લીવ ઇનમાં રહેવાનું પ્રોત્સાહન આપ્યું કહેવાય. જે છોકરાઓ, જે છોકરીઓ કાચી સમજમાં, નાની ઉંમરમાં એક પડાવ આવે. ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦ વર્ષે અરીજિત સિંઘના ગીત સાંભળો એટલે એમ લાગે કે દુનિયા ગુલાબી ગુલાબી છે. ૨૨-૨૫ વર્ષે પહોંચો પછી ખબર પડે કે આમાં તો તેલનો ડબ્બો ખૂટી જાય તો ખિસ્સા ફાટી જાય છે. ૧૯ વર્ષે કાયદો છૂટ આપે છે કે લીવ ઇન રિલેશનશિપમાં રહી શકાય પણ એ ખબર નથી હોતી કે તેલનો ડબ્બો લાવવા માટે કેટલી મહેનત કરવી પડે. સરકાર લીવ ઇન રિલેશનશિપને મંજૂરી આપશે. છોકરા થશે તો સરકાર એને કાયદેસર કરી આપશે અને ન કરે નારાયણ અને એ સંબંધ ભાંગી ગયો તો ક્યાં જઇને માથું પછાડવાનું? કોને જઇને ફરિયાદ કરવાની? કર્ણનો દાખલો લઇને કમસેકમ આવી બાબતોને આપણે કાયદાથી પ્રોત્સાહન ન આપીએ. એક બીજો પણ વિષય છે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ ગૃહને કેટલાંક દિવસ પહેલાં નિયમ -૪૪ પ્રમાણે એક નિવેદન આપ્યું હતું કે અમે લગ્ન નોંધણી નિયમ-૨૦૦૬માં સુધારો કરવા માગીએ છીએ. એમાં માતા-પિતાને એક નોટિસ મોકલવામાં આવશે. બીજા શબ્દોમાં માતા-પિતાની ગર્ભિત સંમતિ લેવામાં આવશે. અમને બધાને અને આ ગૃહના માધ્યમથી આ ગુજરાતને એવું જણાવ્યું કે આ સરકાર લગ્ન નોંધણી અધિનિયમમાં સુધારો કરીને સમાજમાં જે પ્રશ્ન ઉદભવ્યો છે એનું સોલ્યુશન લાવશે. ૩૦ દિવસમાં વાંધા સૂચનો આપવાનું એક પ્રપોઝડ ગેઝેટ બહાર પાડવામાં આવ્યું છે. અમે તો રાહ જોઇને બેઠા છીએ કે ૩૦ દિવસ પૂરા થાય અને સરકાર લગ્ન નોંધણી અધિનિયમ-૨૦૦૬માં સુધારો લાવે અને અમે એમાં કાંઇક બોલીએ. ત્યાં એવું જાણવા મળ્યું કે આ લગ્ન નોંધણી અધિનિયમને યુ.સી.સી.ના કલોઝ ૩૯૬ના પેટા કલોઝ-૩થી ૨૬ કરી દીધું. હજી તો અમે એમ કહેતાં હતા કે આમાં સુધારો કરીને મા-બાપની સંમતિ લેવાનું

પ્રોવિઝન લાવશે ત્યાં તો આખો કાયદો રદ થઇ ગયો અને નવા યુ.સી.સી.માં એક પણ પાના પર એવું ક્યાંય લખ્યું નથી કે 'મા–બાપને છોકરીના લગ્નની જાણ કરવામાં આવશે.' નોંધણી કરવામાં આવશે, ૬૦ દિવસમાં કરવામાં આવશે, રજિસ્ટ્રાર કરશે, નહીં કરે તો દંડ થશે.

હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો જે નિવેદન હતું તેમાં કોઇપણ પ્રકારનો કાયદો બદલવામાં આવ્યો નથી, તેની પ્રોસિજર બદલવામાં આવી છે. યુ.સી.સી. અને તે પ્રોસિજરને કંઇ જ લેવા દેવા નથી. તે પ્રોસિજરને સંપૂર્ણપણે જે કંઇ નિર્ણય લીધેલા છે, જે કંઇ ચર્ચાઓ થયેલી છે તે જ રીતે આગળ વધારવામાં આવશે, આવશે અને આવશે.

ઉપાધ્યક્ષશ્રી : ટૂંકમાં તે કાયદો અમલમાં છે.

હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રોસિજર છે. કાયદો બદલ્યો નથી. લગ્ન અધિનિયમ–૨૦૦૬નો કાયદો બદલ્યો નથી. લગ્ન રજિસ્ટ્રેશનની પ્રોસિજર બદલવામાં આવી છે. ગૃહમાં જે કંઇ ચર્ચા થઇ છે તે જ પ્રકારે તે પ્રોસિજરને આગળ વધારવામાં આવશે. તેને અને યુ.સી.સી.ને કઇ રીતે ભેગું કર્યું તે મારા ધ્યાનમાં આવતું નથી.

ઉપાધ્યક્ષશ્રી : ટૂંકમાં તે રદ કર્યું જ નથી.

હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ના સાહેબ, આખી પ્રોસિજરની સંપૂર્ણ વિગત આપવામાં આવશે. યુ.સી.સી. અને તેને કોઇપણ પ્રકારે જોડવામાં આવ્યું નથી. ફરી એકવાર સમજી લેવામાં આવે કે, લગ્ન નોંધણી અધિનિયમ, ૨૦૦૬ ત્યારે પણ બદલ્યો ન હતો અને આજે પણ બદલ્યો નથી. માત્ર રાજ્ય સરકારની લગ્ન નોંધણી કરવાની પદ્ધતિમાં બદલાવ લાવવામાં આવ્યો હતો. લગ્ન સર્ટિફિકેટ નોંધણી માટે જાય તેની માહિતી માતા–પિતાને મોકલીશું. આપણી બધાની ફરજ છે કે, કોઇ દીકરા–દીકરી કોઇની વાતમાં આવી ન જાય, કોઇ મોડસ ઓપરન્ડીમાં ફસાઇ ન જાય તે માટેનો આપણો પ્રયાસ ચાલુ રહેશે.

ઉપાધ્યક્ષશ્રી : તે કાયદો રદ કર્યો નથી, અમલમાં જ છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, તેમાં કોઇ પણ પ્રકારનો બદલાવ નહીં આવે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આ સબંધોમાં તિરાડ પડે તેના માટે તો આ કાયદો છે. માનનીય સભ્યશ્રી, તમે જે વાત કરો છો, લીવ ઇન રિલેશનશિપમાં તિરાડ પડે તેના માટે જ આ કાયદો છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું રાજનીતિ કરવા માગતો નથી. લીવ ઇન રિલેશનશિપ એ આજના સમયની સૌથી મોટી ચેલેન્જ છે અને એ ચેલેન્જ આપણે સમજવી પડશે. આજે કદાચ મારા બોલવામાં કંઇક બીજું કહીશ, તમે કંઇ બીજું કહેશો. આપણી રાજનીતિની ટીકા–ટિપણીઓ આવ્યા કરશે પરંતુ લીવ ઇન રિલેશનશિપ માટે કોઇપણ પ્રકારનો કાયદો ન હોવાના કારણે, કોઇપણ પ્રકારનું રજિસ્ટ્રેશન ન હોવાના કારણે આ શ્રદ્ધા જેવી કેટલીય દીકરીઓએ પોતાની જાન ગુમાવેલી છે અને લીવ ઇન રિલેશનશિપમાં રજિસ્ટ્રેશન રાખવાથી એ છોકરો ખરેખર કોણ છે, તેનું સાચું નામ આપ્યું છે કે નહીં, તેણે અગાઉ લગ્ન કર્યા છે કે નહીં, કેટલા લગ્ન કર્યા છે, કેટલા બાળકો છે તેની સાચી માહિતી લોકો સુધી પહોંચાડવા માટે અને દીકરીને સાચી માહિતી મળી રહે તે માટે આ રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. આ રજિસ્ટ્રેશનથી એક જ દિવસમાં આ બંધ નહીં થાય પરંતુ તેમાં સાચી હકીકત અને સાચા વ્યક્તિ સુધી માહિતી પહોંચાડવા માટે આપણને ૧૦૦ ટકા સફળતા પ્રાપ્ત થશે તે માટે આ રજિસ્ટ્રેશન લાવવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટમાં અનેકવાર આ વિષયોની ચર્ચા થઇ ગયેલી છે. મેં જ્યારે આ વિશે વાત કરી ત્યારે સુપ્રીમ કોર્ટના જજમેન્ટ સાથે વાત કરી છે. હું માનું છું કે, લીવ ઇન રિલેશનશિપ એ કોઇ રાજનૈતિક મુદ્દો નથી. આજના સમયે નાની દીકરીઓ સાથે થયેલી અનેક ઘટનાઓ આપણે જોઇ છે. કેરેલામાં કેવી ઘટનાઓ બની છે તે આપણને બધાને ખબર છે. ૩૫–૩૫ ટુકડાઓ કોઇ દીકરીના કરવામાં આવે, ફ્રીઝમાં મૂકવામાં આવે તેવા એક નહીં પણ ૧૦–૧૦ કિસ્સાઓ ઓન રેકર્ડ છે. એટલે લીવ ઇન રિલેશનશિપને રાજનૈતિક મુદ્દો બનાવવાના બદલે તેને ખરેખર સમજીને તેની ઉપર હજુ મજબૂતાઇથી કઇ રીતે કામ કરી શકાય તે માટેનો આપણે પ્રયાસ કરવો છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા બે મુદ્દા છે. તેની હું આપના માધ્યમથી સભાગૃહમાં સ્પષ્ટતા કરું. પાના નં.૧૨૭ ઉપર ક્લૉઝ નં.૩૯૬ના પેટા ક્લૉઝ–૩ માં ગુજરાત લગ્ન નોંધણી અધિનિયમ–૨૦૦૬ આથી રદ કરવામાં આવે છે એવું લખેલું છે. અત્યાર સુધી ગુજરાતના તમામ લગ્નોની નોંધણી અને નોંધણીની પ્રક્રિયા એ આ અધિનિયમ અંતર્ગત થઇ છે. જેના લગ્ન વર્ષ ૨૦૦૬ પછી થયા છે એ બધાની નોંધણી અને એની પ્રક્રિયા વર્ષ ૨૦૦૬ના કાયદા પ્રમાણે થઇ છે. એ જ વર્ષ ૨૦૦૬નો કાયદો સુધારવા માટે માનનીય મંત્રીશ્રીએ સભાગૃહ સમક્ષ નિવેદન કર્યું કે અમે એ કાયદાની પ્રક્રિયા. પણ પ્રક્રિયા ત્યારે છે જ્યારે એ કાયદો છે. કાયદો જ નથી તો પ્રક્રિયા ક્યાંથી આવી?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રક્રિયા એની એ જ રહેશે. આમાં કોઇ પણ દિવસ હાઉસના માધ્યમથી ખોટી માહિતીઓ બહાર જાય એ ખોટું કહેવાય. વર્ષ ૨૦૦૬ની જે પ્રક્રિયા આપણે જે લગ્ન નોંધણી માટે બનાવેલ હતી એ જ પ્રક્રિયા લાગુ રહેશે અને એ પ્રક્રિયા આપણે ડિક્લેર કર્યા પછી એક મહિના પછી લોકોના રિવ્યૂ માટે મૂકી. અનેક લોકોના રિવ્યૂ આવ્યા છે અને આ રિવ્યૂ મેક્સિમમ પોઝિટિવ આવ્યા છે કે રાજ્ય સરકાર દ્વારા આ જે પ્રયાસ કરવામાં આવ્યો એ પ્રયાસ સાથે લોકો સહયોગી છે.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી ગોપાલભાઇ, ક્લિયારિટી કરો. આ વિષય પૂરો થઇ ગયો છે. આમાં એ બધા જ પ્રાવધાન છે એટલે આમાં કોઇ શંકાને સ્થાન નથી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, એમાં કોઇપણ પ્રકારની માનનીય મંત્રીશ્રી રાજકીય ટીકા-ટિપ્પણી વગર ખરેખર મારું એવું માનવું છે કે *(**xxx**)હું એક કાયદાના વિદ્યાર્થી તરીકે જે જાણું છું એ કહું છું.

ઉપાધ્યક્ષશ્રી : આપ જાણો છો, પણ આ ગૃહમાં મંત્રીશ્રીએ જે વાત કરી છે એ સાચી જ હોય. આગળ આપ બીજો વિષય લો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, કંઇ નહીં. એમાં હું ટૂંકુ નિવેદન કરીને આગળ વધું. કોઇપણ પ્રક્રિયા કાયદા વગર ન હોય. કાયદો છે તો જ એની પ્રક્રિયા છે. હવામાં પ્રક્રિયા ન હોય. કાયદો છે લગ્ન નોંધણીનો એટલે નોંધણી કેવી રીતે કરવી? એની પ્રક્રિયા છે. લગ્ન નોંધવાનો જ કાયદો ન હોય તો નોંધવાની પ્રક્રિયા પણ કેવી હોય? હવે નોંધવાનો જ કાયદો રદ કરી નાંખ્યો છે તો નોંધવાની કોઇ પ્રક્રિયા જ વધી નથી. એટલે હવે નવી પ્રક્રિયા યુ.સી.સી.ના માધ્યમથી આવશે. મારું એમ કહેવું છે કે, પ્રક્રિયામાં સુધારો કરવાનો હતો એ પ્રક્રિયા કે નિયમ કે એવું કંઇ વધ્યું નથી. હવે આ નવા કાયદા પ્રમાણે પ્રક્રિયા થશે. આ નવા કાયદાની પ્રક્રિયામાં માતા-પિતાની સંમતિ કે આગોતરી જાણ કરવાની જે બાબત હતી એનો કોઇ ઉલ્લેખ નથી. જે સરકારે આશ્વાસન ગૃહના માધ્યમથી આપ્યું હતું એ આમાં નથી. બીજું, કે સરકાર તરફથી એવું પણ ગૃહમાં જાહેર કરવામાં આવ્યું હતું કે, લગ્નની નોંધણી પોતાના વિસ્તારમાં જ થશે. અત્યાર સુધી ભાવનગરથી કોઇ દીકરીની ઘટના બને અને બનાસકાંઠામાં એની લગ્નની નોંધણી થઇ જતી. એટલે મંત્રીશ્રીએ ગૃહને અવગત કર્યું કે અમે લગ્ન નોંધણીના નિયમોમાં ફેરફાર કરીને જ્યાં દીકરીનું ઘર હોય ત્યાં જ નોંધણી કરીશું. એ વાત આ કાયદામાં નથી. તો એ વાત સારી હતી. અમે સ્પીકારી હતી.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ખોટી માહિતી આ રીતે ના હોઇ શકે. તમે વર્બેટિયમ લઇ આવો અને ચેક કરી લો કે આવી માહિતી આપી છે. તમે પ્રૂવ કરો પછી બોલો અથવા તો માફી માંગો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના રેકર્ડમાં છે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના રેકર્ડમાં ચેક કરો. પછી બોલો. સભાગૃહના રેકર્ડમાં હોય તો હું રાજીનામું આપી દઇશ.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, ચેક કરવામાં આવે. માનનીય મંત્રીશ્રીનું નિયમ-૪૪નું નિવેદન ચેક કરવામાં આવે.(અંતરાય)

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, તદ્દન ખોટી વાત છે. આ રીતે ખોટું બોલ બોલ કરવાનું?

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ-૪૪ પ્રમાણે એમણે જે નિવેદન આપ્યું એ ચેક કરવામાં આવે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, તમે પહેલાં ચેક કરો.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી ગોપાલભાઇ, આપે જે વાત કરી એમાં એમનું નિવેદન આવી ગયું એટલે ખુલાસો...

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ખુલાસો આપું છું ભાઇ.

ઉપાધ્યક્ષશ્રી : આપ સભ્યશ્રી, આપ બેસો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે વાત કહી છે એ વાત માટે વર્બેટિયમ ચેક કરવામાં આવે. આખા સ્ટેટમેન્ટમાં ક્યાંય પણ આ લાઇન હોય તો હું આજે રાજીનામું આપી દઇશ. નહીં તો એમને કહો કે સભાગૃહની સામે માફી માંગે. આ કંઇ તમારું રાજનૈતિક સ્ટેજ છે? (અંતરાય) સામે લાવો નહીં તો માફી માંગો.

ઉપાધ્યક્ષશ્રી : શ્રી ગોપાલભાઇ, આપ બેસો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ કંઇ જુક્કાણું ફેલાવવાની વાત છે? લાવો, લાવો, પ્રૂવ કરો. પહેલાં પ્રૂવ કરો.(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, માફી માંગો. નહીં તો બોલવા નથી દેવાના. સભાગૃહને *(**xxx**)બનાવો છો?

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસી જાવ.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરે છે. (અંતરાય)

(આ તબક્કે માનનીય ઉપાધ્યક્ષશ્રી પોતાના સ્થાન પર ઊભા થઇ ગયા.)

ઉપાધ્યક્ષશ્રી : એક મિનિટ, આપ બધા પોતાનું સ્થાન લઇ લો.

---

* આ શબ્દો આક્ષેપાત્મક હોઇ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

* આ શબ્દો અસંસદીય હોઇ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પોઇન્ટ ઓફ ઓર્ડર
પુરાવા રજૂ કરવા અંગે

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપણા વિધાનસભાના નિયમોના નિયમ પ્રમાણે કોઇપણ વાત હવાલાથી આપી શકાતી નથી. એમણે જે પ્રકારની વાત કરી છે એનો અમારા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ સન્માનનીય ગૃહને જવાબ પણ આપ્યો. એ પ્રોસિજરની વાત છે. એના ઉપર આ બિલના વિષયની ચર્ચાને જોડવામાં આવે છે. માનનીય કાયદા મંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટતા કરી છે. આપ પણ લોયર છો. આને અને એને લાગતું વળગતું નથી. પ્રોસિજર છે અને એ એમનો અધિકાર છે. મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે, સભ્યશ્રીએ માફી માગવી જોઇએ. અમારા નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું છે અને હું પણ કહું છું. વારંવાર એક વાત કરવી. વારંવાર ગૃહમાં ગેરમાર્ગે દોરવા એ સન્માનનીય સભાગૃહની અવમાનના અને અપમાન છે. એમની પાસે પુરાવા હોય તો રજૂ કરે. અનેકવાર ચર્ચાઓ થઇ છે. પાછળ જોઇને એમ ના કહેવાય કે પુરાવા છે, આપો. તમે જ્યારે વાત કરો છો ત્યારે પુરાવા સાથે બોલવું જોઇએ. અમે કાગળ લઇને બોલીએ છીએ.ભૂતકાળના નિર્ણયો છે કે તમારી પાસે પુરાવા ના હોય તો આપ બોલી શકો નહીં. પુરાવા હોય તો અહીંયા આપો નહીંતર માફી માગો. પુરાવા અહીંયા અત્યારે જ રજૂ કરવા પડે.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જે મુદ્દો ઉપસ્થિત થયો છે એ મુદ્દાને આધીન માનનીય ગોપાલભાઇએ એમની જે રજૂઆત કરી એમાં એમણે નિયમ–૪૪નો ઉલ્લેખ કર્યો. નિયમ–૪૪માં માનનીય મંત્રીશ્રીએ જે નિવેદન આપ્યું હતું એ નિવેદન આ રીતનું હતું એવી વાત શ્રી ગોપાલભાઇએ મૂકી. બીજી બાજુ, રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રીએ જે નિવેદન આપ્યું હતું એમાં એમણે સ્પષ્ટપણે કહ્યું કે મેં આવું કોઇ નિવેદન આપેલું નથી. મુદ્દો ત્યાં આવીને ઊભો રહ્યો છે કે આપ્યું હતું કે ન હતું આપ્યું એ રેકર્ડના આધારે ક્લિયર થશે. સરકારપક્ષે શ્રી ગોપાલભાઇને આ શબ્દો પાછા ખેંચવાની કે માફી માગવાની આ બંને વાત કરેલી છે. નિર્ણય તો આપે જ લેવો પડશે કારણ કે વાત નિયમ–૪૪ના નિવેદન ઉપર છે અને માનનીય મંત્રીશ્રીનું બહું સ્પષ્ટ છે કે મેં આવું કોઇ નિવેદન વિધાનસભાગૃહમાં આપેલ નથી. શ્રી ગોપાલભાઇ પાસે એના પુરાવા માગેલ છે. આપ આવ્યા એ પહેલાં આ મુદ્દો હાઉસમાં થોડો ઉગ્રતાથી રજૂ થયેલ હતો, જે બાબતે આપનું ધ્યાન દોરું છું.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપ ચેર ઉપર છો ત્યારે મેં ચેર સંદર્ભે અગાઉ વાત કરી છે. એ સમય એવો હતો અને એ ટ્રાન્જેક્શન પિરિયડમાં ધ્યાને ના રહે તથા માનનીય શૈલેષભાઇએ વાત કરી છે ત્યારે પુનઃ એકવાર હું વાત કરું છું. સન્માનનીય સભાગૃહ સમક્ષ જ્યારે વાત કરવામાં આવે ત્યારે સભ્યશ્રીએ અહીંથી વર્બેટિયમ લેવાનું નથી. સભ્યશ્રીએ આપને ઓર્ડર કરવાનો નથી કે વર્બેટિયમ લાવો. વિધાનસભાના નિયમોના નિયમ મુજબ તેમને પુરાવા લઇને આવવાનું હોય છે. અમે લઇને આવીએ છીએ. અમારી પાસે અનેકવાર પુરાવા માગ્યા છે અને માનનીય અધ્યક્ષશ્રીઓના નિર્ણયો પણ છે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી જે કાયદામંત્રી પણ છે. એમણે સન્માનનીય સભાગૃહ સમક્ષ સ્પષ્ટ વાત મૂકી છે કે આવી વાત, કાયદો સુધારવાની વર્ષ ૨૦૦૬ની જે જોગવાઇ છે એમાં છે જ નહીં. એમાં પ્રોસિજરમાં ફેરફારની વાત છે. સભ્યશ્રી એની ઉપર વળગી રહ્યા છે. આટલી સ્પષ્ટતા થયા પછી પણ પાછળ એવું કહેવામાં આવે કે વર્બેટિયમ લાવો તો વર્બેટિયમ એમને લાવવાનું હોય છે. અમારી વિનંતી છે કે એમણે અવાર નવાર આ પ્રકારની વાતો કરી છે જેનાથી સન્માનનીય સભાગૃહનું અપમાન થઇ રહ્યું છે. એમને પુરાવા લાવવા નથી. તેઓ સન્માનનીય સભાગૃહને વારંવાર ગેરમાર્ગે દોરી રહ્યા છે. એકવાર બને તો સમજી શકાય છે. વારંવાર પોતાની વાતને વળગી રહેવું એ યોગ્ય નથી. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને કાયદા મંત્રીશ્રીએ એ સ્પષ્ટતા કરી છે. એમની પાસે સ્પષ્ટતાના પુરાવા હોય તો આપે નહીંતર માફી માગે. અહીંયા એમ કહે કે વર્બેટિયમ લાવો. અધ્યક્ષશ્રીને વર્બેટિયમ લાવવાનું નથી. એ જ્યારે વાત કરતા હોય, આક્ષેપ કરતા હોય ત્યારે તેમને કાગળ લઇને આવવાનું હોય છે. એ હોય તો આપે નહીંતર માફી માગે. અમારું એટલું જ નિવેદન છે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ પણ માનનીય સભ્યશ્રીને મેં કહ્યું કે, લગ્ન નોંધણી અધિનિયમ ૨૦૦૬. સૌથી પહેલાં આજે જ્યારે યુ.સી.સી. અહીંથી પાસ થશે અને માનનીય રાષ્ટ્રપતિજી પાસ કરે એના પછી યુ.સી.સી.નો કાયદો આવે. આ બધી પ્રોસિજર છે. માનનીય સભ્યશ્રી એડવોકેટ છે અને પોતે ખૂબ સારી રીતે જાણતા જ હશે તો પણ આ સભાગૃહના માધ્યમથી ગુજરાતભરમાં ખોટો મેસેજ જાય તે માટે કે તમે લોકોએ નિયમ–૪૪માં વર્ષ ૨૦૦૬નો નિયમ બદલ્યો, નિયમ નહીં એ લગ્નની નોંધણી માટેની પ્રોસિજર છે એ જ બદલી હતી. અને જેવું યુ.સી.સી. લાગુ થશે ત્યારે મુખ્યમંત્રીશ્રી

ભુપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં તૈયાર કરેલ એ પ્રોસિજર હંમેશા માટે લાગુ રહેશે. એના પછી જવાબ પછી પોતે પોતાના મનમાં આવે એવી વાતો, મનઘડંત ઘટનાઓ પોતે કહે છે. તમે આમ બોલેલા કે દીકરી કે દીકરો જ્યાંના હશે ત્યાં જ મેરેજ રજિસ્ટ્રેશન થશે. એટલે મારું માનવું છે કે હું પોતે કે સરકારના કોઇ પણ કાગળ ઉપર આ પ્રકારની વાત ક્યારેય આવી નથી. મેં ચાર વાર કહ્યું કે નથી કહ્યું તો પણ એમનું કહેવું છે કે તમે બોલેલા. જો બોલેલ હોય તો સભાગૃહમાં એ રજૂ કરે. હું બોલેલો હોઉ તો હું રાજીનામું આપીશ અને ન બોલેલ હોઉ તો એ માફી માગે. આનાથી વધારે શું હોઇ શકે? કોઇના નામ ઉપર મનફાવે એવું સ્ટેટમેન્ટ શેના માટે ચલાવી શકાય? આ અત્યંત દુઃખદ ઘટના છે. આ મનફાવે એ રીતે પોતાની જાતને દરેક જગ્યા ઉપર હોંશિયાર બતાવવા માટે કોઇને પણ મનફાવે એમ કહેવું એ યોગ્ય નથી. મારી માત્ર એક જ વસ્તું છે, ફરી એકવાર વિનંતી કરું છું, ખાલી શ્રી ગોપાલભાઇ માટે નથી, મંત્રીશ્રી પણ ક્યારેય, કોઇ વ્યક્તિ બોલ્યા હોય તો ક્યારે બોલેલા. અમારા બધાની સ્પીચમાં જેટલી વાત કરેલી છે. કયા દિવસનો, કઇ કોર્ટનો બધી જ વાત કરી છે. એ કહે અને વર્બેટિયમમ લાવે અને જો હોય તો હું માફી માગી લઇશ.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું હોંશિયાર છું તો મારી ભૂલ છે?

અધ્યક્ષશ્રી : તમે પોલિટિકલ નહીં જાઓ.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, છું તો છું.

અધ્યક્ષશ્રી : માનનીય ગોપાલભાઇ, અત્યારે પોઇન્ટ ઓફ ઓર્ડર ચાલે છે. તમારી પાસે વિગતો છે?

શ્રી ગોપાલ ઇટાલિયા : ક્લોઝ ૩૯૬ ઉપર, આપ હતા નહીં, આપના આવ્યા પહેલા...(અંતરાય)

અધ્યક્ષશ્રી : અત્યારે જે પોઇન્ટ ઓફ ઓર્ડર ચાલે છે એની અંદર એ કહે છે કે હું આવું બોલ્યો નથી. તમે એવો આક્ષેપ કરો છો કે તમે આવું બોલ્યા છો. તો તમારી પાસે માહિતી છે?

શ્રી ગોપાલ ઇટાલિયા : રેકર્ડ ઉપર ચેક કરવામાં આવે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે બેસો. મને વાત કરી લેવા દો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કહું છું કે એ બોલ્યા છે. રેકર્ડ ઉપર ચેક કરવામાં આવે અને જો ના હોય તો શબ્દો દૂર કરવામાં આવે, માફી નહીં માગવામાં આવે. કોઇ માફી નહીં માગવામાં આવે. આ કાયદો એમણે રદ કર્યો છે. વર્ષ ૨૦૦૬નો અધિનિયમ એમણે રદ કર્યો છે. રેકર્ડ ઉપર ચેક થાય, હું આપને વિનંતી કરું છું. ન હોય તો મારા શબ્દો રદ કરવામાં આવે. રેકર્ડમાં ન હોય તો મારા શબ્દો રદ થઇ જાય.

અધ્યક્ષશ્રી : એવું તમે નહીં કરી શકો. મારો એટલો જ વિષય છે કે નિર્ણય કોણે કરવો, શું કરવો? (અંતરાય) આપ બધા બેસો. મને વાત કરવા દો. પ્લીઝ, મને એક વખત વાત કરી લેવા દો. માનનીય જીતુભાઇ આપ બેસો. બેઠાં બેઠાં કોમેન્ટ ન કરીએ.(અંતરાય) વિધાનસભા આટલા દિવસથી સરસ ચાલી છે. આપણે એવું વાતાવરણ ન કરીએ. શ્રી ગોપાલભાઇ, તમારી પાસે બે વિષય થાય છે. એક તો તમે સાચા છો તો તમારે એવિડન્સ આપવા જોઇએ. નહિતર વિધાનસભા એક એવું પ્લેટફોર્મ છે કે જેની અંદર આપણે તથ્ય સિવાય બહાર આપણે જેવું બોલતા હોય એવું અહીંયાં ન બોલી શકીએ. આપણે આધાર સાથે વાત કરવી જોઇએ. બીજું, જ્યારે નાયબ મુખ્યમંત્રીશ્રી એમ બોલે છે કે હું તમને એમ કહું છું કે મારી પાસે સાચી માહિતી છે અને જો હોય તો હું રિઝાઇન કરી દઉં. ત્યાં સુધી વાત કરે છે. તો પણ તમારી વાતમાં ડીફર થાવ એ ઠીક નથી. જો તમારી પાસે એવિડન્સ હોય તો એવિડન્સ આપવા જોઇએ અને નથી તો તમારી કહી દેવું જોઇએ કે મારી ભૂલ થઇ છે. આટલો જ વિષય છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : હું રજૂ કરી દઇશ.

અધ્યક્ષશ્રી : રજૂ એટલે ક્યારે?

શ્રી ગોપાલ ઇટાલિયા : બે દિવસમાં રજૂ કરી દઇશ. (અંતરાય) હું રજૂ કરીશ. નિયમ-૭૭ પ્રમાણે આ ગૃહમાં મંત્રીશ્રીએ નિવેદન કરેલ છે કે વર્ષ ૨૦૦૬ના લગ્ન નોંધણી અધિનિયમમાં સરકાર સુધારો કરશે. એ નિવેદન મંત્રીશ્રીએ આપ્યું છે.

અધ્યક્ષશ્રી : કઇ તારીખે? કઇ તારીખે?

શ્રી ગોપાલ ઇટાલિયા : એ બધું આપીશ. મને તારીખ યાદ નથી. મને સમય આપો, હું રજૂ કરીશ. હું ટેબલ ઉપર મૂકીશ. આ વાત બોલાયેલ છે. હું રજૂ કરીશ.

અધ્યક્ષશ્રી : ના એવું ન થઇ શકે.

શ્રી ગોપાલ ઇટાલિયા : આ ગૃહમાં આ વાત મૂકાયેલી છે. નિમય-૭૭નું નિવેદન થયું છે. નિમય-૭૭ પ્રમાણે મંત્રીશ્રીએ આ ગૃહમાં નિવેદન આપ્યું છે.

અધ્યક્ષશ્રી : માનનીય રમણભાઈ વોરા.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નિયમોના નિયમમાં સ્પષ્ટ જોગવાઈ છે કે જ્યારે તમે કોઈપણ મંત્રીની સામે આક્ષેપ કરો તો આક્ષેપ કરતા પહેલા તમારે એમને પૂછવું જોઈએ, એના પુરાવા રજૂ કરવા પડે. હવે હું વિધાનસભાના મેજ ઉપર મૂકીશ અથવા કાલે મૂકીશ. આવો કોઈ નિર્ણય આપણી વિધાનસભામાં નથી. એટલે જો એમણે આક્ષેપ કર્યા હોય તો હાલને હાલ એ પુરવાર કરે અને ના હોય તો એ માફી માગે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મુદ્દો એટલો જ છે કે, હું આ બિલ ઉપર બોલતી વખતે એક વાત ઉપર આવ્યો કે આ સભાગૃહને માનનીય મંત્રીશ્રીએ નિમય-૭૭ પ્રમાણે નિવેદન આપેલું કે ગુજરાત લગ્ન નોંધણી અધિનિયમ ૨૦૦૬માં સુધારો કરવા માગે છે. એ નિવેદન એમણે આપેલું છે પહેલી વાત. એ નિવેદન એમણે આ ગૃહમાં નિમય-૭૭ પ્રમાણે આપેલું છે. એમાં ક્યાં ખોટી વાત છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ તમારે કંઈ વધારાનું કહેવું છે? નહિતર હું જજમેન્ટ ઉપર આવું. માનનીય જીતુભાઈ.

શ્રી જિતેન્દ્રભાઈ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એ દોહરાવતો નથી. માનનીય રમણભાઈએ પણ વાત કરી છે. વિધાનસભાના નિયમોના નિયમમાં સ્પષ્ટ છે. એમણે બે દિવસ પછી આપવાનો વિષય નથી. લઈને આવવા પડે. જ્યારે નાયબ મુખ્યમંત્રીશ્રી અને કાયદા મંત્રીશ્રી એ વારંવાર ગૃહને જણાવે છે અને આપની સમક્ષ જણાવે છે ત્યારે એ રેકર્ડ એમની પાસે હોવું જોઈએ. બીજું, અમે એમને કહ્યું નથી. અમે આપને કહ્યું છે. આપને માફી મંગાવવી કે અન્ય નિર્ણય કરો. એટલે એ રીતે કહે કે હું નહિ માગું. અમે એમને કહ્યું જ નથી. માનનીય અધ્યક્ષશ્રી આપને કહીએ છીએ. વિધાનસભા ચેરને કહીએ છીએ. સભ્યશ્રી અને ટ્રેઝરી બેંચ તરીકે મેં આપને કહ્યું છે. એટલે હું નહીં માગું આ પ્રકારનું સભ્યનું વલણ વાજબી નથી. આપે નિર્ણય કરવાનો છે. પુનઃ આપને એકવાર નિર્ણય દોહરાવીએ છીએ. એમણે વર્બેટિયમ લઈ લ્યો. એ અધ્યક્ષશ્રીને ના કહી શકે. એમણે બધા પુરાવા લઈને આવવાનું છે અને ના હોય તો અમારી પાસે માગણી છે કે એમણે માફી માગવી જોઈએ.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ગોપાલભાઈ આ ગૃહમાં સૌથી નવા છે એટલે ઘણી બધી વિગતોથી અજાણ કે ખબર ના હોય એવું મારું માનવું છે. એ શીખાઉ છે. પરંતુ એ એવું કહે કે કલમ-૭૭ના નિવેદનમાં માનનીય મંત્રીશ્રી આવું બોલે. છેલ્લે ગોપાલભાઈએ એવું કહ્યું કે કલમ-૭૭ના નિવેદન પ્રમાણે મંત્રીશ્રી આવું બોલે. મંત્રીશ્રીએ કેવું બોલવું એવું કોઈ સભ્ય એમને જણાવી ના શકે. એવું કહેવાનો કોઈને અધિકાર નથી. મંત્રીશ્રી જે કહે એજ વાત ધારાસભ્યશ્રીઓએ સાંભળવાની હોય છે.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, એ સ્પષ્ટપણે ગેરમાર્ગે દોરે છે અને વિષય ડાયવર્ટ થઈ રહ્યો છે એટલે વિષય ઉપર લાવવા માટે શ્રી ગોપાલભાઇએ એવી વાત કરી છે કે જે દીકરી જ્યાં રહેતી હોય ત્યાંજ રજિસ્ટ્રેશન થશે એવી જોગવાઈઓ કરી છે. આના ઉપરથી માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી સાહેબ ઊભા થયા છે અને આ વિષયમાં વિરોધ કરે છે ત્યારે એ સ્પષ્ટ કહે છે કે આવું કર્યું છે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી સાહેબ કહે છે કે આવું નથી કર્યું. મેં નથી કહ્યું. એટલે વાત અત્યારે એ ડાયવર્ટ કરી રહ્યા છે. એના ઉપર વળગી રહેવું જોઈએ કે એવી કોઈ જોગવાઈ પ્રોસીજરમાં કરી નથી કે દીકરી જ્યાં રહેતી હોય ત્યાં જ લગ્ન થશે એવી કોઈ વાત એમણે કરી છે અને એ કહે છે કે કરી છે, એટલી ચોખવટ કરું છું.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, અમે હજું નવા જ છીએ. માનનીય રમણભાઈ જેવા ઘણા સિનિયર ધારાસભ્યશ્રીઓ અહીંયા બેઠા છે. એ પ્રસંગ યાદ કરું કે જ્યારે હું પહેલીવાર કોંગ્રેસનો ધારાસભ્ય બન્યો ત્યારે ગુજરાતના એક મુખ્યમંત્રીશ્રીએ મને બોલાવ્યો અને બહુ જ પ્રેમથી એમણે નવા ધારાસભ્યને સલાહ આપતા હતા. મને એક એવી સલાહ આપી કે આ ગૃહ નિયમોથી ચાલે છે. આ ગૃહમાં તમે એલફેલ, ઉદ્ધત વર્તન નહીં કરી શકો અને એવા કોઈ પણ આક્ષેપ નહીં કરી શકો જેના પુરાવા તમારી જોડે ના હોય એટલે કદાચ પોલિટિકલ મારો ચલાવવો હોય તો વાતને છોડી દેજો પણ વાતને વળગી રહેતાં નહીં, એ અવિવેક ગણાશે, નિયમોનું ઉલ્લંઘન ગણાશે. મારો પ્રશ્ન એ છે કે, તે અતિરેકમાં આવી અને રાજનીતિક નિવેદનો ભલે કરે પણ આ ગુજરાતના આ ગૃહની અંદર, ગૃહના નેતા અને ઉપનેતા બન્ને બેઠા છે. આ નાયબ મુખ્યમંત્રી છે અને નાયબ મુખ્યમંત્રી સાથે આ પ્રકારનો વ્યવહાર આ અશોભનીય છે અને આ ચલાવી ના લેવાય. આના માટે તમારી જોડેથી અમે માર્ગદર્શન માગીએ છીએ અને આ ગૃહ નિયમોથી ચાલતું હોય અને આ રીતની વાણી વર્તનથી ચાલતું હોય તો નવી પરંપરા ચાલુ થશે. મારી આપને એવી વિનંતી છે કે, આમાં આપ કોઈ કડકમાં કડક નિર્ણય ઉપર આવો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતનો પ્રશ્ન અહીંયા ઉત્પન્ન થયો છે ત્યારે સરકારના વિધાનસભાના નિયમોના નિયમ અનુસાર પાના નંબર-૧૯૬માં નિયમ-૭૭ના નિવેદન દ્વારા ગૃહ સમક્ષ રજૂ કરેલ બાબત સંબંધે મંત્રીશ્રીએ ખાતરી આપી હોય ત્યારે એ બાબતે સરકારે ગંભીરતાથી વિચારણા કરીને આપેલ ખાતરીનું પાલન કરવુ જોઇએ. ઇન ધી સેન્સ કે

મંત્રીશ્રીએ બોલેલી વાત એ વિધાનસભાના રેકર્ડ ઉપર આવે છે અને વિધાનસભાના રેકર્ડ ઉપર જયારે મંત્રીશ્રી પોતે ખાતરી આપતા હોય તો એ ખાતરીને માન્ય રાખવામાં આવે છે. એ આપણાં નિયમોની અંદર અગાઉના અધ્યક્ષશ્રી નટવરલાલ શાહ જયારે હતા ત્યારે આવો કોઇ પ્રોબ્લેમ ઊભો થયો હશે અને મંત્રીશ્રીની ખાતરીને માન્ય રાખવામાં આવી હશે એવુ ચોક્કસ છે. હું એવુ કહું છું જે પરિસ્થિતિ વિધાનસભા ગૃહમાં પેદા થઇ છે જયારે અધ્યક્ષશ્રી પોતે ચેર પર હાજર નહોતા. એ પરિસ્થિતિને આધિન હું કહું છું કે આ નિયમ મુજબ જે પરિસ્થિતિ ઊભી થઇ તેના મુજબ મંત્રીશ્રીએ જયારે ખાતરી આપી હોય તો એને માન્ય રાખવામાં આવે છે. એટલે તમે જે વાત કરી કે હું આવુ બોલ્યો જ નથી તેને માન્ય રાખવામાં આવે છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાએ અમારા રાજયના ડેપ્યુટી સી.એમ.શ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ નિયમ–૪૪ હેઠળ આ પ્રકારનું બોલ્યા છે એવો એમણે આક્ષેપ કર્યો અને તેના સંદર્ભમાં રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી એક વખત નહીં, બે વખત નહીં, ત્રણ વખત નહીં પણ ચાર વખત ઉભા થઇને એવું કહે છે કે, આ પ્રકારનું કોઇ પ્રવચન મારું થયું નથી હોય તો પુરાવા રજૂ કરવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભાનું ગૃહ તે સભ્ય ઇચ્છે એ પ્રમાણે ચાલતું નથી. નિયમોના નિયમ અનુસાર આ ગૃહ ચાલતું હોય છે. આ ગૃહનું સંપૂર્ણ સંચાલન કરવાનો અધિકાર એ નિયમોમાં ગમે તે જોગવાઇ હોય છતાં પણ બધા નિયમોથી ઉપર માનનીય અધ્યક્ષશ્રીને મળેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના જે પુસ્તક છે નવેમ્બર,૨૦૧૭ની આવૃત્તિ અને પાના નંબર–૧૫, નિયમ–૩૭. એમાં સ્પષ્ટપણે લખેલું છે કે કોઇ પણ વ્યકિતની વિરુદ્ધ કોઇ સભ્યએ બદનક્ષીભર્યો અથવા દોષારોપણ કરતો કોઇ પણ આક્ષેપ મૂકવો નહીં સિવાય કે સભ્યને અગાઉથી તેની જાણ કરેલી હોવી જોઇએ, અધ્યક્ષશ્રીને જાણ કરેલી હોવી જોઇએ, મંત્રીશ્રીને તે બાબતની જવાબ આપવાની તૈયારી હોય તો જ આપણે આ આક્ષેપ મૂકી શકીએ છીએ. અમે તો સાહેબ જે તે વખતે નવા નવા ધારાસભ્યશ્રી હતા ત્યારે એક સમયે વિરોધપક્ષના નેતાએ આ પ્રકારનો આવો જ આક્ષેપ માનનીય મંત્રીશ્રી ઉપર કર્યો હતો અને વિરોધપક્ષના નેતા તેનું પ્રૂફ નહોતા આપી શકયા તો વિધાનસભાના અધ્યક્ષે વિરોધપક્ષના નેતાને એક મહિના સુધી આ વિધાનસભામાંથી સસ્પેન્ડ કરવાની ઘટનાઓ પણ બની છે. એટલે આમાં કોઇ પોતાની મનમાનીથી, મીડિયાને ધ્યાનમાં રાખીને કોઇ આક્ષેપ કરવાથી વિધાનસભા ના ચાલે. વિધાનસભાની પરંપરા તો એવી છે કે અધ્યક્ષની સામે જોઇને જ બોલવાનું હોય છે. અધ્યક્ષશ્રી તરફ પીઠ ફેરવીને પણ બોલી શકાતું નથી અને અહીંથી આપણે જોયું હશે કે માનનીય ગોપાલભાઇ ઇટાલીયાનો જે પ્રકારનો વહેવાર કે સ્ટાફને સૂચના આપી કે તમે આ રજૂ કરો, માનનીય જીતુભાઇએ જે મુદ્દો રજૂ કર્યો એ એ છે કે સભ્યશ્રીએ જાતે આ વસ્તુ લઇને આવવાની છે અને આપની સામે લાંબા લાંબા હાથ કરીને, લાંબી લાંબી આંગળીઓ ચીંધી કે માફી તો નહીં જ માગું એ આપનું નહીં સમગ્ર ગૃહનું અવમાન થયું છે એટલે એની પણ ગોપાલભાઇ ઇટાલીયાએ માફી માગવી જોઇએ.

શ્રી ઋષિકેશ ગ .પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે મુદ્દો ઉપસ્થિત થયો એની અંદર એમણે જે પ્રકારે આક્ષેપ કર્યો કે તમે આવું બોલ્યા જ છો, જયારે માનનીય મંત્રીશ્રીએ નિયમોના નિયમ–૩૭ની જે વાત કરી એક વખત મંત્રી કહે કે હું આવું નથી બોલ્યો તો એ સ્વીકારવું જોઇએ અને જો ન સ્વીકારે, આપ નિર્ણય લઇ શકો છો કે એ સ્વીકારે તો આ બાબત બંધ થયેલી ગણાશે પરંતુ ન સ્વીકારે અને આજે ગૃહની અંદર જે રીતે વર્તણૂક કરી છે, માફી નહીં જ માંગુ એ પ્રકારનું વર્તન થયું કે જે બધા સભ્યો જોઇ રહ્યાં છે, ખૂબ જ ગેરલાયક વર્તન છે, મારી આપને દરખાસ્ત છે કે માફી માગે અથવા આજના દિવસ માટે સભ્યને સસ્પેન્ડ કરવામાં આવે. મારી દરખાસ્ત એ છે કે જો માફી માંગી લે તો આપણે એમને સસ્પેન્ડ કરવાની દરખાસ્ત નથી પણ જો માફી ના માગે તો એમને ગૃહ ચાલે ત્યાં સુધી સસ્પેન્ડ કરવામાં આવે.

શ્રી નરેશભાઇ મ .પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સંસદીય મંત્રીશ્રીએ જે દરખાસ્ત મૂકી છે એને હું ટેકો આપું છું અને જે રીતે સંસદીય મંત્રીશ્રીએ કહ્યું છે કે અત્યારે જો એ માફી કદાચ માગી લે તો એ આપનો નિર્ણય હશે.

અધ્યક્ષશ્રી : માનનીય ગોપાલભાઇ, તમે જે ચર્ચા અત્યારે કરી છે, એનું વર્બેટિયમ મેં તપાસ્યું. તપાસ્યા પછી માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ પ્રમાણેનો કોઇ ઉલ્લેખ કરેલો નથી એટલા માટે આખી વિગત મારા હાથમાં છે, મેં વાંચી છે, આપ જે બોલો છો તેવો કોઇ ઉલ્લેખ આની અંદર કરેલો નથી અને આ વિધાનસભાગૃહની અંદર તમે આટલી નાની ઉંમરે અહીંયા આવ્યા છો, ઘણા વિષયની અંદર તમે અભ્યાસપૂર્ણ માહિતી પણ આપી છે. જયારે આપણી ભૂલ થાય છે, આપણને ખબર છે કે આપણાથી કદાચ કંઇ બોલાઇ ગયું તો કોઇ માણસ છે તો ભૂલ ન થાય એવું ના હોય, થઇ શકે પરંતુ ભૂલને સ્વીકારી લેવી. મેં આખું રેકોર્ડ જોયું છે, એની અંદર આપ જે કહો છો એ પ્રમાણે લખેલું નથી. સામે મંત્રીશ્રી પણ કહે છે. જો તમે આ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે, તમે કર્યો નથી અને છતાંય બોલો છો તો મને લાગે છે કે તમારે સામે ચાલીને ગૃહની સામે કહેવું પડે કે તમારી આ ભૂલ થઇ છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, ટૂંકી સ્પષ્ટતા અને પછી આપના આદેશ ઉપર હું મારું મંતવ્ય રજૂ કરીશ. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આપે મને જે સૂચન કર્યું, મારું જે ધ્યાન દોર્યું એને હું ધ્યાને લઈ મારા શબ્દો પાછા ખેંચું છું.

અધ્યક્ષશ્રી : નહીં, શબ્દો પાછા ખેંચવાની વાત નથી. (અંતરાય) અહીંયા ચર્ચા થાય છે (અંતરાય)

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના આદેશને માન્ય રાખી હું આ સભાગૃહની માફી માંગું છું.

અધ્યક્ષશ્રી : મારી આપને બધા સભ્યશ્રીઓને પણ વિનંતી છે કે, આ જે ચર્ચા ચાલે છે એને કન્ટિન્યુ કરીએ.

ગુજરાત સમાન નાગરિક સંહિતા, ૨૦૨૬ (ક્રમશઃ)

શ્રી ગોપાલ ઇટાલિયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, હું આ યુ.સી.સી.ના બિલ ઉપર બોલતો હતો કે આ બિલના ક્લૉઝ -૨ના પેટા ક્લૉઝ-૧માં એવું લખ્યું છે કે આ યુ.સી.સી.નો કાયદો આદિવાસી સમાજને લાગુ પડશે નહિ. એ સારી વાત છે કે આદિવાસી સમાજની રૂઢિ, પરંપરા, અલગ બોલી, એમનું એક આખું અલગ જ કલ્ચર છે અને સરકારે એને સંરક્ષણ આપ્યું છે એ સારી વાત છે. આ જ યુ.સી.સી. બિલના ક્લૉઝ-૬માં એવું લખ્યું છે કે લગ્ન કરનાર બેમાંથી એક પાત્ર, છોકરો કે છોકરી જો ગુજરાતનો હોય તો એને આ યુ.સી.સી. લાગુ પડશે. હવે પ્રશ્ન એ થાય છે કે છોકરો અથવા છોકરી આદિવાસી હોય, સામેવાળું પાત્ર બિન આદિવાસી હોય તો બેમાંથી એક પાત્રને તો યુ.સી.સી. લાગુ પડતું નથી અને બીજા પાત્રને લાગુ પડે છે એવા સંજોગોમાં લગ્નની નોંધણી કયા નિયમ પ્રમાણે થશે? જો દીકરી આદિવાસી હોય તો એને લાગુ નથી પડતું તો એ દીકરીના બિન આદિવાસી છોકરા સાથે લગ્ન થાય ત્યારે ક્યાં નોંધણી કરવાની? એ જ રીતે છોકરો આદિવાસી છે અને છોકરી બિન આદિવાસી છે તો ક્યાં નોંધણી કરવાની? એની કોઇ સ્પષ્ટતા આ કાયદામાં મને જાણવા મળી નથી. આ બાબતની પણ સ્પષ્ટતા થાય. એ જ રીતે દીકરી આદિવાસી છે અને દીકરો બિન આદિવાસી છે તો કઇ અદાલતમાં કયા નિયમ, ક્યા ક્લૉઝ પ્રમાણે એની કાર્યવાહી થશે એની કોઇ સ્પષ્ટતા આ કાયદામાં જાણવા મળેલ નથી. આ કાયદામાં લગ્ન રજિસ્ટ્રાર નોંધશે. લીવ ઇન રિલેશનશિપ નોંધણી રજિસ્ટ્રાર કરશે. લગ્ન વિચ્છેદનું હુકમનામું રજિસ્ટ્રાર નોંધશે. ન્યાયિક સેપરેશન રજિસ્ટ્રાર કરશે પણ આ યુ.સી.સી.માં રજિસ્ટ્રાર છે કોણ? એની કોઇ સ્પષ્ટતા નથી. રજિસ્ટ્રાર એટલે તલાટી, રજિસ્ટ્રાર એટલે મામલતદાર, રજિસ્ટ્રાર એટલે કયો અધિકારી? કોઇ નવો અધિકારી, નવી કચેરી, ગામડાંની કચેરી, તાલુકાની કચેરી કઇ કચેરી? ધારો કે લગ્ન નોંધાવા યુ.સી.સી. પ્રમાણે રજિસ્ટ્રાર પાસે જવાનું હોય તો એ રજિસ્ટ્રાર ક્યાં છે? કેમ કે જૂના કાયદા પ્રમાણે રજિસ્ટ્રાર એટલે ગ્રામ પંચાયતના તલાટી અને શહેરોમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર, નગરપાલિકામાં ચીફ ઓફિસરની ઓફિસ. યુ.સી.સી. આવ્યું બધી વાત બદલાઇ ગઇ. આગળની વાતમાં આપ હતા નહિ. મેં એક પણ રાજકીય ટીકા-ટિપ્પણી નહોતી કરી. આ એક વસ્તુમાં આપ નહોતા અને અમે ફસાઇ ગયા પણ કાંઇ વાંધો નહિ. જે થયું એ થયું. તમે હોવ તો વાંધો નથી આવતો. તમારું માર્ગદર્શન મને મળ્યા કરે અને મારે શીખવાનું છે. તમે મને શીખવાડો હું સારો નેતા બનીશ તો ગુજરાતને કામમાં આવીશ. તમે બધા ઊભા થઇને દેકારો કરશો તો અમારે શું કરવાનું? ખોટું બોલવાનું તો હું તમારી પાસેથી શીખ્યો છું ભાઇ.

અધ્યક્ષશ્રી : વચ્ચે બેઠાં બેઠાં કોઇ કોમેન્ટ નહીં કરીએ.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, *(**xxx**). રજિસ્ટ્રાર કોણ છે કોઇને નથી ખબર. હશે તો સરકાર ખુલાસો કરે કોઇ વાંધો નહિ પણ એમાં એક ખરેખર મહત્ત્વની વાત છે કે લગ્ન થાય તો ૬૦ દિવસમાં નોંધણી કરાવવી ફરજિયાત છે પણ હું રજિસ્ટ્રારને કાગળ આપું તો એને કેટલા દિવસમાં નોંધવાનું ફરજિયાત છે. મને ટલ્લે ચડાવે તો અને ના પાડી દે તો. તો રજિસ્ટ્રારને તો કાંઇક કહેવું પડશે કે તમને કાગળ મળે તો ૧૫ દિવસમાં કરવું, ૨૦ દિવસમાં આ કરવું અને ૩૦ દિવસમાં આખી પ્રોસેસ કરવી પડે. મારી ઉપર કમ્પલસન છે કે મારે નિયમમાં રહીને અરજી કરી દેવાની પણ હું જેને અરજી કરું એ રજિસ્ટ્રાર ઉપર કોઇ કમ્પલસન નથી કે એને કામ કરવું હોય તો કરે નહીંતર બે મહિને પણ કરે. એટલે ડાયવોર્સમાં, લીવ ઇનમાં, લગ્ન નોંધણીમાં ક્લૉઝ-૧૦થી રજિસ્ટ્રારને આપણે સત્તા આપેલી છે. ક્લૉઝ-૧૦માં લખ્યું છે કે ''લગ્ન નોંધણીની કાર્યરીતિમાં રજિસ્ટ્રારે કરવાની કામગીરીની કોઇ સમય-મર્યાદા નથી''. તો મારી એવી માગણી છે કે આ તમામ પ્રક્રિયામાં રજિસ્ટ્રારની ઉપર સમય-મર્યાદાનું બંધન નાખવું જોઇએ. આ યુ.સી.સી.નું જે બિલ લાવવામાં આવ્યું છે એ ભારતના સંવિધાનના આર્ટિકલ-૪૪થી લાવવામાં આવ્યું છે. બહુ રસપ્રદ વાત છે. આર્ટિકલ -૪૪માં એવું લખ્યું છે કે ભારતના સમગ્ર રાજ્યમાં એક સરખો દિવાની કાયદો થાય તેમ કરવા રાજ્ય પ્રયત્ન કરશે અને આ પ્રયત્ન કર્યો અને બિલ લાવ્યા. સહેજ ઉપર નજર કરી હોત તો આર્ટિકલ-૪૪ની ઉપર જ આર્ટિકલ-૪૩ છે. તેમાં લખેલું છે કે, રાજ્યની સરકાર ઘટતા કાયદા કરીને કે આર્થિક વ્યવસ્થા કરીને અથવા બીજી કોઇ રીતે ખેતીના કે ઉદ્યોગના અન્ય પ્રકારના કામદારો માટે કંઇક સારું કામ કરશે. નીચે જોઇએ તો આર્ટિકલ-૪૪, ઉપર જોયું તો ખેતી મજૂરી કરતાં માણસો માટે કંઇક કરવાનું લખ્યું છે. ગુજરાતમાં ખેતી પછી બીજા નંબરનો સૌથી મોટો વર્ગ ખેત મજૂરી કરતો માણસ છે. આદિવાસી વિસ્તારોમાંથી આપણા ભાઇઓ સૌરાષ્ટ્રમાં ખેત મજૂરી કરવા આવે છે. ઉત્તર

* આ શબ્દો અસંસદીય હોઇ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગુજરાતમાંથી અનેક મિત્રો પણ ઝાલાવાડમાં ખેતી કરવા જાય છે. આ બધા ખેત મજૂરી કરતા લોકો માટે કોઈ કાયદો જ નથી, કોઇ નિયમ નહીં, કંઇ નહીં. આ હું બંધારણ ઉપર બોલું છું. આર્ટિકલ–૪૪ની ઉપર જ આર્ટિકલ–૪૩ છે તે ધ્યાનમાં ન આવ્યો?

અધ્યક્ષશ્રી : આપ બંધારણ ઉપર નહીં બોલી શકો. આપ માત્ર બિલ ઉપર બોલો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ આર્ટિકલ–૪૪ થી તો બિલ આવ્યું.

અધ્યક્ષશ્રી : હા, પણ આખું બંધારણ બોલવાનું નથી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લી વાત. મારી કંઇ ભૂલ થતી હોય તો ધ્યાન દોરો. આપે કહ્યું તો હું પાલન કરું, આપ અમારા માર્ગદર્શક છો તેમાં ના નથી. આર્ટિકલ–૪૪થી સમાન નાગરિક સંહિતા, દરેક નાગરિકને સમાન હક મળે તેવું આ બિલ આવ્યું પણ આર્ટિકલ–૪૪ની સહેજ નીચે આર્ટિકલ–૪૫માં એવું લખ્યું છે કે સમાન શિક્ષણ દરેક ભારતીયને મળવું જોઇએ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીથી આખું બિલ વાંચી શકાયું હોય તેમ લાગતું નથી. હકીકતમાં રજિસ્ટ્રાર એટલે મામલતદાર. મામલતદાર તરીકે તેમની નિમણૂક થઇ શકે....

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ જવાબ આપો છો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જવાબ આપતો નથી પણ રેકર્ડ પર ખોટી માહિતી જાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ બેસો. સભ્યશ્રીને ચર્ચા કરવાનો અધિકાર છે. એ એમનો વ્યૂ મૂકી શકશે. આપને એવું લાગે કે એ ખોટું છે તો માનનીય મંત્રીશ્રીએ જ્યારે જવાબ આપવાનો છે તે સમયે જવાબ આપી શકશો. વચ્ચે વચ્ચે તમે માહિતી ન આપી શકો. ખોટી માહિતી હોય તો તમે છેલ્લે કહેજો કે, આ ખોટી માહિતી છે. (અંતરાય) કોઇ બહાર નહીં જાય. ચર્ચા કરવાનો એમનો અધિકાર છે. છેલ્લે જવાબ આપજો કે આટલી માહિતી ખોટી છે. પોઇન્ટ ઓફ ઓર્ડર હોય તો તમે વાત કરી શકો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે વાત કરી રહ્યા છે તે ખોટી માહિતી જઇ રહી છે કે રજિસ્ટ્રાર એટલે કોણ, તલાટી કે મામલતદાર કોણ?

અધ્યક્ષશ્રી : શું ખોટી માહિતી જઇ રહી છે તે મને સમજાવો. તમે સાચી માહિતી આપો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રજિસ્ટ્રાર એટલે મામલતદાર તરીકે નિમણૂક કરી છે. કલમ–૧૩(૨)માં સ્પષ્ટ લખેલું છે કે, રજિસ્ટ્રારે ૧૫ દિવસમાં કામગીરી કરવાની છે અને નોંધણી રીજેક્ટ કરવાની થાય તો ૩૦ દિવસમાં અપીલની જોગવાઇ કલમ–૧૪(૨)થી છે. કારણ કે માનનીય સભ્યશ્રી જે કહી રહ્યા છે તે રેકર્ડ પર આવે. અહીંથી બહાર જાય એટલે તે બાબત સીધી ખોટી છે. આખું બિલ વાંચ્યા વગરની વાત બહાર જાય એટલે ખોટું નેરેશન ઊભું થાય. મારો પોઇન્ટ ઓફ ઓર્ડર આટલો છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવાનો સંસદીય મંત્રી તરીકે આપને અધિકાર છે પરંતુ કોઇપણ ચર્ચા થતી હોય ત્યારે કોઇપણ સભ્યની ગેરસમજ હોય અથવા તેમનો તર્ક હોય અથવા તેમને સમજાયું ન હોય તો તેમને સમજાવવા માટે મંત્રીશ્રી કે માનનીય મુખ્યમંત્રીશ્રી છેલ્લે એમનો જવાબ આપતા હોય છે. જે બિલ મૂવ કરે છે તે જવાબ આપે છે તે સમયે તે જવાબ આપશે. દરેક ઘટનામાં આપ વચ્ચે તરત જવાબ આપશો તેવું બિલમાં થઇ શકતું નથી. બિલમાં તેમને બોલવા માટેની વાત હોય છે. તમારા સભ્યશ્રી પણ બોલી શકશે. બાકી પણ ચર્ચા કરી શકશો. સંસદીય મંત્રી તરીકે આપને ઇનવોલ્વ થવું હોય તો પણ છેલ્લે થજો. બીજા કોઇ મંત્રીશ્રીએ ઇનવોલ્વ થવું હોય તો પણ હું મોકો આપીશ પરંતુ દરેક મુદ્દા ઉપર આવી રીતે નહીં થઇ શકે. આ પ્રશ્નોત્તરી કાળ નથી, આ બિલ છે. બિલ ઉપર દરેક પોતાનો તર્ક રજૂ કરે અને તર્ક રજૂ કર્યા પછી તેમાં તથ્ય બરાબર જણાતું નથી તો આપ ખંડન કરજો. એ ખંડન કરવાનો આપને અધિકાર છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં જ્યારે બિલ વાંચ્યું ત્યારે તમામ સત્તાઓ રજિસ્ટ્રારને આપવામાં આવી છે તેવું મારા ધ્યાને આવ્યું એટલે એક જિજ્ઞાસાવશ સભાગૃહના માધ્યમથી સરકારને પૂછ્યું કે, આ રજિસ્ટ્રાર એટલે કોણ? માનનીય મંત્રીશ્રીએ ઊભા થઇને બે વાર એવું કહ્યું કે, રજિસ્ટ્રાર એટલે મામલતદાર. આ બિલની ગુજરાતી કોપીના પાના નં.૩ ઉપર .....

અધ્યક્ષશ્રી : તમારે માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે તેનો જવાબ આપવાનો નથી. તમે બિલ પર વાત કરો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, ક્લોઝ–૬માં રજિસ્ટ્રાર એટલે આ સંહિતા હેઠળ રાજ્ય સરકારે નીમેલા રજિસ્ટ્રાર. મામલતદાર, તલાટી કે ચીફ ઓફિસર એવું કંઇ નથી. મારે એ જાણવું હતું કે, લગ્ન નોંધણી કરાવવા ક્યાં જવું? ગામમાં, તાલુકામાં કે ક્યાં જવું?

અધ્યક્ષશ્રી : આ વાત પૂરી કરીને આગળ ચલાવો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, આર્ટિકલ–૪૪ સમાન નાગરિક સંહિતા અને સમાન નાગરિક સંહિતા થાય, લોકોને સમાન અધિકાર મળે તો એ સમાનતાની શરૂઆત ક્યાંથી થવી જોઇએ? કેમ કે, માણસના જીવનમાં જન્મ, લગ્ન, શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને સન્માનપૂર્ણ જીવન જીવવાનો અધિકાર આ છ મહત્ત્વની બાબત છે. આપણે માત્ર લગ્નમાં

સમાનતા લાવવી છે. શિક્ષણની સમાનતા ક્યાં ગઈ? એક મજૂરનો બાળક અને એક મંત્રીનો બાળક બંને એક જ સમાન શિક્ષણ મેળવી શકે એવી વ્યવસ્થા જો થાય તો એને પણ સમાનતા કહેવાય. એટલે આર્ટિકલ–૪૪ની તરત નીચે આર્ટિકલ–૪૫માં ડૉ. બાબાસાહેબ આંબેડકર લખીને ગયા છે કે, રાજ્ય તમામ બાળકોને સારી શિક્ષણ વ્યવસ્થા મળે એવો પ્રયત્ન કરશે. આપણે સમાન શિક્ષણ મળે એ માટેની કોઈ ચિંતા નથી. લોકો લગ્ન ક્યાં કરશે? કોની સાથે લગ્ન કરશે એમાં સરકારને બહુ રસ છે. છોકરા ભણશે ક્યાં? તો એ તમારા ભરોસે. હું લગ્ન ક્યાં કરીશ? એમાં સરકારને રસ છે તો મારા છોકરા કંઈ શાળામાં ભણશે અને શાળામાં કઈ સુવિધા હશે એ પણ એમણે નક્કી કરવું જોઈએ. આર્ટિકલ–૪૪ બહુ મજા આવી. આર્ટિકલ–૪૫નું શું? સમાન શિક્ષણ દરેક બાળકને મળે એકસરખી શિક્ષણ વ્યવસ્થા બને એ પણ રાજ્યમાં જરૂરી છે અને એટલે હું અંત તરફ આવું છું.

અધ્યક્ષશ્રી : તમે બિલ ઉપર જ બોલો. ફરી તમે નવા પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભા કરાવશો. તમે માત્ર બિલના પરિપ્રેક્ષ્યમાં બોલો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારાથી વધુ આ બિલમાં કોઈ બોલ્યું જ નથી.

અધ્યક્ષશ્રી : એવું તમે નહીં કહી શકો. તમે બિલ પર જ બોલો. બાકી બધા પણ સારું બોલે છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, સારું તો બોલ્યા છે પણ બિલમાં નહીં.

અધ્યક્ષશ્રી : તમે ચાલુ રાખો. કોઈની ટીકા ન કરી શકાય.

શ્રી રમણલાલ ઈ. પોરા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે હાલ જે વિષય ચાલે છે સમાન સિવિલ કોડ એ કલમ–૪૪ પ્રમાણે. એટલે તમે શિક્ષણનું શું કર્યું? આરોગ્યનું શું કર્યું?, અમારા રોજગારનું શું કર્યું? આ બધું આમાં ન આવે. એટલે હું માનું છું કે નવા સભ્યોને ખબર ન પડે એ હું સમજું છું પણ સમજવાનો પ્રયાસ કરવો જ જોઈએ. જે કલમ ચાલે છે એ કલમ ઉપર જ માનનીય સભ્યશ્રીએ બોલવાનું હોય છે.

અધ્યક્ષશ્રી : મેં એ જ વાત કરી છે. આપની વાત સાચી છે. બિલ અંતર્ગત જ વાત કરવાની હોય.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મને એવું લાગે છે કે મારે હવે પૂરું જ કરી દેવું પડશે. કંઈ બોલ્યા જેવું રહ્યું નથી.

અધ્યક્ષશ્રી : આપ બિલ ઉપર બોલો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપ નહોતા ત્યારનો હું બિલ ઉપર બોલી રહ્યો છું અને મારી કંઈક ચૂક થાય તો વરિષ્ઠ સભ્યો ધ્યાન દોરે. હમણાં માનનીય મંત્રીશ્રીએ એવું કીધું કે, કલમ–૨૮ અને ૨૯ વાંચી જજો અને એમની ઉપર ભાર આપીને બે વખત ઉલ્લેખ કર્યો. એમણે એવું કહ્યું કે આ કલમ જે લાવવામાં આવી છે એ એવી લાવવામાં આવી છે કે બહેનો–દીકરીઓ સાથે આવું તેવું કરવાની કોઈની હિંમત નહી થાય. આ ભાવ એમનો હતો. વળી શબ્દ પકડીશે તો લોચો પડશે. આ ભાવ હતો એમનો.

અધ્યક્ષશ્રી : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, તમે માત્ર એમનો ભાવ સમજો. તમે એમના શબ્દ નહીં સમજો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જઈને ગળે લગાડી લઉં પણ એમણે શબ્દ પકડ્યા તો મારે પણ શબ્દ પકડવા પડે.

અધ્યક્ષશ્રી : અહીંથી બહાર નીકળીને પછી ગળે લગાડજો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું તો હમણાં સામે જઈને ગળે લગાડી લઉં. મને કોઈ વાંધો નથી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એવું કહ્યું કે, કલમ–૨૮, ૨૯, ૩૭ અને ૩૮નો એમણે હવાલો આપેલો અને એ સ્પેસિફિક કલમો પર સભાગૃહનું ધ્યાન આકર્ષિત કરવા માટે વારંવાર ઉલ્લેખ કરીને એવું કહેવા માગતાં હતા કે, આ કંઈક નવું છે. આ પહેલાં ક્યારેય નહોતું. યુ.સી.સી.માં જ આવ્યું. આનાથી બહેનો–દીકરીઓનું આમ થઈ જાય. ક્લોઝ–૨૮ એ હિન્દુ લગ્ન અધિનિયમ–૧૯૫૫માં જે બન્યો છે એની કલમ–૧૧નો કોપી પેસ્ટ ક્લોઝ–૨૮ છે.

અધ્યક્ષશ્રી : તમે એમને ડિસ્ટર્બ નહીં કરો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, એવી રીતે ક્લોઝ–૨૮, ૨૯ રદ લગ્નો અને રદ કરવાપાત્ર લગ્ન. વોઇડ મેરેજીસ અને વોઇડેબલ મેરેજ. એની વ્યાખ્યા લખી છે કે વોઇડ મેરેજ એટલે શું? આવું કરો તો આ લગ્ન ખોટા છે. વોઇડેબલ મેરેજ એટલે તમે ગર્ભિત રીતે ધમકી મારીને સંમતિ મેળવી હોય, લોભ લાલચ આપી હોય, તમે તમારી નપુસંકતા છૂપાવી હોય, કોઇ રોગ છૂપાવ્યો હોય, કોઇ બીજા લગ્ન વિગેરે તો હિંદુ લગ્ન અધિનિયમ–૧૯૫૫ની સેકશન–૧૨માં જે કંઈ હતું એ જ આમાં છે. એટલે કોઇ નવી ક્રાંતિ થઇ ગઇ, યુ.સી.સી. આવવાથી મોટું કંઇક થઇ જાય એવું નથી. સારું હશે તો હશે, એની ના નથી પણ મેં જે સૂચન રજૂ કર્યું એમાં મારું એટલું જ કહેવાનું છે કે આ યુ.સી.સી.નો કાયદો સમાજના છેવાડાના માણસ ઉપર લાગુ થવાનો છે. આપણા છેવાડાના માણસની પરિસ્થિતિ શું છે? છોકરીઓ મળતી નથી અને અહીંયા તમે લગ્નના કાયદા લઇને આવ્યા છો. સેક્સ રેશિયો ઘટી ગયો છે. મારી છેલ્લે એટલી વિનંતી છે કે આ યુ.સી.સી.નું જે બિલ લાવવામાં આવ્યું છે એ બિલને સિલેક્ટ કમિટી પાસે જો મોકલવામાં આવે તો આમાં હજુ વધું સારું મનોમંથન થઇ શકે. હજુ સારા સુધારા થઇ શકે અને ખરા અર્થમાં સમાજના છેવાડાના માણસને જે લાભ થવાનો હોય એવું બિલ ફરીથી પાછું આવે તો અમે સમર્થન કરવાનું વિચારીશું. ખૂબ–ખૂબ આભાર.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા સન્માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા (યુ.સી.સી.)નું જે બિલ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કાયદો એટલે જ સમાનતા. દેશમાં કોઇપણ કાયદો ઘડવાનો મુખ્ય હેતુ દેશને, નાગરિકોને સમાન રીતે એક નિયમ હેઠળ લાવવાનો છે. કાયદો પરોક્ષ રીતે રાષ્ટ્રના બધા જ નાગરિકોને સમાન મંચ ઉપર મૂકે છે. પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જ્યારે સશક્ત રાષ્ટ્રના નિર્માણની વાત કરતા હોઇએ, દરેક નાગરિકના એકસમાન હકક અને એક અધિકારોની વાત કરતા હોઇએ ત્યારે કાયદા પ્રત્યેની ફરજ પણ એકસમાન હોય તે અત્યંત જરૂરી છે. આપણે આર્થિક, રાજકીય કે અન્ય બાબતોમાં સમાન અધિકારોની વાત કરતા હોઇએ ત્યારે સામાજિક સ્તરે પણ એકસમાન કાયદાની ફરજો રાષ્ટ્રના સુચારુ સંચાલન અને સામાજિક તંદુરસ્તી માટે આવશ્યક છે. ભારત દેશના કાયદાઓ હંમેશા આપણી સામાજિક પરંપરાઓનું સન્માન કરનારા રહ્યા છે. જુદાજુદા સમાજ, ધર્મ કે પ્રદેશોની પરંપરાઓને ધ્યાને રાખીને સંસ્કૃતિ અને સામજિક ઓળખ જળવાઇ રહે તેનું પૂરતું ધ્યાન આપણે રાખ્યું છે પરંતુ ઉપરોક્ત બાબત પરત્વે વિચાર કરતાં હોઇએ ત્યારે વ્યક્તિ સ્વાતંત્ર્ય અને સ્ત્રી– પુરુષ સમાનતા જેવી બાબતોનું આપણે ધ્યાન રાખવું ઘટે. આપણે ગૌરવ સાથે કહી શકીએ છીએ કે ભારતના પ્રાચીન સમયથી સ્ત્રીઓનું સન્માન અને આદર થતો આવ્યો છે. આધુનિક સમયમાં પણ તેમને સમાન દરજ્જાથી જોવામાં આવતી હતી. જ્યારે રાષ્ટ્રની અડધી શકિત માતૃશકિત છે અને તેને બદલાતા સમય સાથે સમાજમાં શિક્ષણ, વ્યવસાય અને સ્વતંત્રતાના સમાન હક્કો મળેલા છે એવા સમયે સામાજિક રીતે પણ તેમને સમાન દરજ્જો મળે તે સમયની માગ છે. યુ.સી.સી. ઉપરથી ઘણું બધું બોલાઇ ગયું. શ્રી ગોપાલભાઇ સાંભળવા નહીં બેસે કારણ કે વિરોધપક્ષનું કામ છે, બોલીને જતા રહેવું. શ્રી ગોપાલભાઇને હું વિનંતી કરું છું કે બેસો.

અધ્યક્ષશ્રી : માનનીય અલ્પેશભાઇ, એક મિનિટ. માનનીય સભ્યશ્રીઓને એક વિનંતી છે કે બહાર લોંજમાં જમવાનું છે તો તમે વન બાય વન જમીને આ કામ ચાલુ રાખો એટલે રિસેસની જગ્યાએ આપણે આપણું કામ ચાલુ રાખીએ. મેં પત્રકાર મિત્રોની ભોજન વ્યવસ્થા માટે સૂચના આપેલ છે. થોડીવારમાં તૈયાર થાય છે. તેમની ભોજનની વ્યવસ્થા પણ અહીંયા થશે કેમ કે હજી થોડું મોડું ચાલશે. અધિકારીશ્રીઓ માટે ભોજનની વ્યવસ્થાનું કહ્યું છે.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : યુ.સી.સી. જેવું અગત્યનું બિલ અને ગુજરાતના મૃદુ, મક્કમ અને સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી લાવ્યા છે. આ ખૂબ અગત્યનું બિલ છે. મહિલાઓ માટેના સમાન અધિકારનું ખૂબ અગત્યનું બિલ અને એના ઉપર આજે ખૂબ વિસ્તૃત ચર્ચાઓ થઇ રહી છે, ત્યારે મને એવું હતું કે, વિરોધ પક્ષમાંથી પણ મહિલાઓના સમર્થનમાં, મહિલાઓ માટે સારી સારી વાતો, નવા સુધારા મૂકવામાં આવશે. પરંતુ શરૂઆતમાં શ્રી અમિતભાઇ ચાવડાને મેં સાંભળ્યા ત્યારે મને એવું હતું કે એ પાર્ટીના પ્રમુખ છે, સિનિયર ધારાસભ્ય છે એટલે ખૂબ સારું સંશોધન લઇને આવશે. પણ એમણે આખો દિવસ રાજકીય મુદ્દો બનાવી દીધો. આ ગુજરાતમાં જ્યારે આ સરકાર ખૂબ સંવેદનાથી યુ.સી.સી. બિલ લાવી હોય પણ એમણે સાચું સાંભળવું નહીં. (અંતરાય) પણ તમે ત્યાંથી ૧૭માં આવી ગયા છો. એટલે ગુજરાતની જનતાનો ભરોસો નથી મેળવી શક્યા. ગુજરાતનો સારો કાયદો અને સારી વાત હોય ત્યારે આ રીતે ભાગ્યા જ છો. શ્રી અમિતભાઇ ચાવડા એવું કહેતા હતા કે આ બિલ ઉતાવળે લાવવામાં આવ્યું છે. એમને શું ઉતાવળ લાગી છે? આ ગુજરાતની મહિલાઓના અધિકારોના રક્ષણની વાત હોય, ગુજરાતમાં મહિલાઓને તમામ રીતે સુરક્ષિત કરવાની વાત હોય, મહિલાઓનું શોષણ બંધ કરવાની વાત હોય એને ઉતાવળ ગણે છે? એમણે એમ કહ્યું કે, કોઇનો અભિપ્રાય લેવામાં આવ્યો નથી. ગુજરાતના નાયબ મુખ્યમંત્રીશ્રીએ ખૂબ વિસ્તૃત રીતે વાત કરી કે ૨૦ લાખથી વધારે લોકોના અભિપ્રાય લીધા છે. તમામ સામાજિક પ્રતિનિધિઓના અભિપ્રાય લેવામાં આવ્યા છે. ધર્મગુરુઓ અને કાનૂની નિષ્ણાંતોના અભિપ્રાય લેવામાં આવ્યા છે. દરેક હિતકારોના સાંભળ્યા પછી કમિટિએ નિર્ણય કર્યો છે. એમણે કોને સાંભળવા હતા? કોને નહીં સાંભળવા, એ ફક્ત ખોખલી રાજનીતિ અને આક્ષેપો કરવા ગૃહમાં આવ્યા છે. આ બિલનો વિસ્તારથી અભ્યાસ કર્યો હોત અને વાત મૂકી હોત તો સારું હતું. માનનીય શ્રી શૈલેષભાઇએ બીજી વાત કરી. પોક્સોની વાત કરી. પોક્સોના ૩૧ હજારથી વધુ કેસો પેન્ડીંગ છે. પોક્સો કયા કારણોસર લાગે છે એ આપણે બધા જાણીએ છીએ. આપણે બધા સામાજિક રીતે સાથે જોડાયેલા છીએ. એમણે એવી વાત કરી કે જાણે ગુજરાતમાં મહિલાઓની કોઇ સુરક્ષા જ નથી. એમણે વાત કરી કે આપણી મહિલાઓ મુક્તપણે ફરી શકતી નથી. આ વિરોધ પક્ષના લોકો એ ફક્ત દર વખતે ઉડાઉ વાતો અને ગુજરાત જાણે રહેવા લાયક ન હોય એ પ્રકારની વાતો કરતા હોય. મને એવું થાય કે આટલા આટલા વર્ષોથી બેઠા છે, એમને ક્યારેય ભાન ન થયું કે ખોટી વાતો અને ભ્રામક વાતો ગુજરાતની જનતાએ નકારી કાઢી છે. એટલે આપણે સત્તામાંથી લઇને ૫૦ થયા અને પાછા ૧૭ થયા અને હવે તો ૧૨ થઇ ગયા તો પણ હજું સુધરતા નથી. આવનારા સમયમાં એવું લાગે છે કે શ્રી જગદીશભાઇ અમારી પાર્ટીના પ્રમુખ બેઠા છે એ ૧૮૨ નો રેકર્ડ તમારા નામે નોંધાવાનો છે. માનનીય શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ, આપના કામો અને નેતૃત્વમાં આવનારા સમયમાં ગુજરાતની જનતા કોઇને છોડવાની નથી. એમણે જે રીતે વાત કરેલ છે, મને લાગે છે કે આ લોકો મહિલા તૃષ્ટીકરણને પ્રોત્સાહન આપવા માગે છે. આ બિલમાં જે રીતે એમણે ખામીઓ કાઢી, આ એ જ બિલ છે જે મહિલાઓના અધિકાર અને મહિલાઓને સશક્ત કરવા માટેનું બિલ છે. મહિલાઓને તમામ રીતે અધિકાર આપવાનું આ બિલ છે. ગુજરાતની મહિલાઓનું કોઇ શોષણ ન કરી જાય, ધર્મના નામે શોષણ ન કરી જાય તેના માટેનું આ

બિલ છે. આ બિલમાં મહિલાઓને વારસાની મિલકતમાં અધિકારો આપ્યા છે, આ બિલમાં મહિલાને તમામ રીતે સુરક્ષિત કરવામાં આવી છે. મહિલાઓની સુરક્ષા અને મહિલાઓને સમાન અધિકારની વાત થતી હોય અને એમાં ખામીઓ કાઢે અને આ કર્યું અને તે કર્યું એના બદલે આ બિલને સમર્થન કરવાના બદલે એમાં ખામીઓ કાઢે છે ત્યારે હું માનું છું કે આ આ લોકો ઇચ્છતા નથી કે, મહિલા સશક્ત થાય, સ્વતંત્ર થાય, સક્ષમ બને, મહિલા તૃષ્ટીકરણની નીતિ ચાલે છે. જે સમાજો, જે ધર્મોમાં ચાલે છે એને પ્રોત્સાહન આપવાની વાત કરે છે. આ લોકો જે ધર્મની વાત કરે છે. એ ધર્મના પુરુષો પણ પુરુષ પ્રધાનની રીતે વર્તે છે. એમણે ક્યારેય સ્ત્રીને સમજી છે ખરી? ચાર-ચાર પત્નીઓ રાખવાની પ્રથા, એક સ્ત્રી તો પોતાના પતિ બીજી કોઇ સ્ત્રી સામે અવળી નજરથી જુએ તો એ સહન ન કરી શકે. એની સામે આવા ચાર-ચાર પત્નીઓ રાખે એવા કાયદાના સમર્થનમાં બોલે છે. આ ડબલ વાત બોલે છે. નથી વિરોધ કરી શકતા, નથી સમર્થન કરી શકતા. સમર્થન કરવા જાય તો પછી એમની વોટબેંકની રાજનીતિ જતી રહે. એના માટે એ લોકો સમર્થન નથી કરી શકતા અને વિરોધ પણ નથી કરી શકતા. સાહેબ, એમણે અંતરાત્માના અવાજની વાત કરવી જોઇએ. મહિલાઓ માટેનું આ યુ.સી.સી.નું બિલ માટે એમણે સમર્થનની વાત કરી હોત તો આજે ગુજરાતની જનતા થોડીક પણ દયા રાખત પણ મહિલા *(**xxx**) ત્યારે એમનામાં સંવેદના નથી.

અધ્યક્ષશ્રી : *(**xxx**) એ શબ્દ રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર :માનનીય અધ્યક્ષશ્રી, હમણાં ઇમરાનભાઇ પણ જતા રહ્યાં છે. જ્યારે હું ઇમરાનભાઇની વાત કરું તો એમણે હલાલાની વાત કરી. ગુજરાતની જનતા સાંભળે છે. હું આપને કહુ કે ઇમરાનભાઇએ જ્યારે વાત કરી કે આ મુસ્લિમ વિરોધી બિલ છે. આ લોકોને મુસ્લિમ મહિલાઓ માટે કોઇ સંવેદના જ નથી. માનનીય શૈલેષભાઇને તો ખબર પડવી જોઇએ કે જે વિસ્તારમાંથી એ આવે છે મુસ્લિમ બહુમતી વિસ્તારમાં ત્યાંના પુરુષોને ખુશ રાખવા માટે મુસ્લિમ સ્ત્રીઓની 'હાય' લેતા તમને દુ:ખ થતું નથી. એમણે ક્યારેય કલ્પના કરી નથી કે મહિલાઓની શું હાલત થતી હશે? (અંતરાય) તમને મહિલાઓ માટે સંવેદના છે જ નહીં. આ મુસ્લિમ મહિલાઓની વાત છે અને એમના માટે પણ સંવેદનાવાળું બિલ છે. માનનીય અમિતભાઇ આમને ખબર પડવી જોઇએ. આપણને શરમ આવવી જોઇએ. ક્યારેક તો સારી વાત કરો. સાહેબ, ઇમરાનભાઇના લગ્ન થયા ના હોવાથી એમને મહિલાઓની વધારે ખબર નહીં પડે. માનનીય શૈલેષભાઇને તો ખબર પડવી જોઇએ કે આ મહિલાઓના સમર્થન કરતું એના લગ્નની નોંધણીનો, હમણાં ગોપાલભાઇએ વિચરતી અને વિમુકત જાતિની વાત કરી. સાહેબ, આપ તો જાણો છો, આપ તો બનાસકાંઠામાંથી આવો છો. આપણી મિતલબેન પટેલ વિચરતી અને વિમુકત સમુદાય માટે વર્ષોથી કામ કરે છે. વિચરતી અને વિમુકત સમુદાય માટે મોરારી બાપુની કથા મારા પૂજ્ય પિતાશ્રી ખોડાજી ઠાકોરે મારા ગામમાં રાખેલી ત્યારે એક લાખથી વધારે લોકો આવેલા. સાહેબ, તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આજના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને સલામ કરવી પડે. સલામ એટલે કરવી પડે કે આ વિચરતી અને વિમુકત સમુદાય, રખડતો-ભટકતો સમુદાય એને સરનામું આપવાનું કોઇએ કામ કર્યું હોય તો એ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું હતું અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતના તમામ લોકોની વાત કરી છે. હમણાં માનનીય અમિતભાઇ કહેતા હતાં કે ''સૌનો સાથ, સૌનો વિકાસ'' મારે બિલ ઉપર વાત કરવાની છે નહિતર ગુજરાતમાં જેમ આપણે નાગરિક સંહિતાની વાત કરીએ છીએ એમ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરેલા કામોની સંહિતા અને એનો ઇતિહાસ રચાય શકે એટલા બધા કામો કર્યા છે. એટલે વર્ષોથી સત્તામાં બેઠા છે. સાહેબ, આપને કહું કે ગોપાલભાઇ વાત કરતા હતા કે વિચરતી અને વિમુકત સમુદાયની લગ્નની નોંધણી આમની ના થવી જોઇએ? ભાઇ, કરવી તો પડેને. એ જ્યાં રહેતા હોય ત્યાં, એમને સરનામા મળી ચૂક્યાં છે. એ સરનામા મળે છે. બીજી એક વાત કરું, એમણે છૂટાછેડાની વાત કરી કે હસતાં હસતાં છૂટાછેડા થાય. હવે આ જગતમાં ક્યો એવો માણસ છે કે જેણે હસતાં હસતાં છૂટાછેડા થાય. સાહેબ, આ વાત કેવી કરે છે? મને ખબર પડતી નથી કે હસતાં હસતાં છૂટાછેડા થાય. સાહેબ, એમાં મા-બાપ રડતાં હોય.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, માનનીય અલ્પેશભાઇ, શું કહેવું છે માનનીય ગોપાલભાઇ?

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, વિચરતી વિમુકત જાતિના મારા મતવિસ્તારમાં ઓછામાં ઓછા ૫૦ લોકો રહે છે જેની પાસે (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહીં, તમે જવાબ આપી નહીં શકો. જવાબ માનનીય મંત્રીશ્રી આપશે.

શ્રી ગોપાલ ઇટાલિયા : ગૃહમાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનો કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર હોય તો કહો.

શ્રી ગોપાલ ઇટાલિયા : ગૃહમાં ખોટી માહિતી ના જાવી જોઇએ. એમણે કહ્યું કે બધાને મકાન મળી ગયા. મારા વિસ્તારમાં મળ્યાં નથી. આ ખોટી માહિતી ગૃહમાં ના જાય એટલે હું કહુ છું કે મારા મતવિસ્તારમાં બાકી રહી ગયા છે અને બીજી વાત, હસતાં હસતાં છૂટાછેડામાં મેં એવું કહેલું કે છૂટાછેડા જ્યારે બંને છોકરા-છોકરીના પરિવાર નક્કી કરે ત્યારે બંને રાજીખુશીથી કહે કે મેલો લપ. લપ પરથી છૂટો તો એને હસતાં હસતાં છૂટાછેડા કહેવાય. આમાં એવું પ્રોવિઝન છે કે ફરજિયાત

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

કોર્ટમાં જવાનું તો મેં એવું કહેલું છે કે સમાજ ભેગું બેસીને છૂટું કરતો હોય અને તમે એને કોર્ટમાં મોકલશો તો વકીલોના ખર્ચા, તારીખ પે તારીખની તકલીફો, જ્યુડિશ્યલ સેપરેશનની ટાઇમ લિમિટમાં રહેવું પડે એની વાત કરી છે.

શ્રી હર્ષ ૨. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, રાજનૈતિક પાર્ટીમાંથી છૂટાછેડાં તો દુઃખના કારણે થાય કેવળ ચાતનાઓ સહન કરે ત્યારે ત્યાંથી અહીંયા આવ્યા હોય તેમાં કોઇ હસતાં હસતાં ના હોય સંપૂર્ણ દુઃખમાં અહીંયા આવવું પડતું હોય છે. (અંતરાય) એક બહુ સામાન્ય વાત કહું છું કે, સામાન્ય રીતે આ કાયદાઓ કયારે હોય જયારે તકરારી હોય ત્યારે. તમે જો સામાજિક રીતે સમાધાન થઇ ગયુ હોય તો એમને એમ કોર્ટની અંદર તમારું પેન્ડિંગમાં ના હોય એ તો ખાલી પ્રોસિજર જ હોય. આજના કોઇ પણ કાયદામાં આ તો બહુ જનરલ નોલેજ છે આમાં બહુ બધી બુકો વાંચવાની જરૂર નથી. જનરલ નોલેજ છે કે તમારા બે જણનું નક્કી થઇ ગયુ હોય તો તમારે ખાલી કોર્ટની અંદર રજિસ્ટ્રારને અરજી જ કરવાની છે તેમાં કોર્ટમાં પાંચ વર્ષ તારીખો ના પડે. તકરારી હોય તેને જ કોર્ટમાં જવાનું હોય. હસતાં હસતાં જેટલા લોકોના છૂટાછેડાં થતાં હોય એ આજીવન હસતા જ રહેશે એ પ્રકારની આમાં વ્યવસ્થા છે.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે રાજકીય છૂટાછેડાંની વાત કરી તો અમે પણ છૂટાછેડાં લઇને જ આવ્યા છીએ. સાહેબ, છૂટાછેડાં કોઇ હસતા ના થાય દુઃખી હૃદયે જ થાય અને તેમાંય ઘણી બરાબર સાચવે નહીં તો જ આપણાં ઘરના જાય. તેમણે જયારે વાત કરી તો કોઇ પરિવારમાં છૂટાછેડા થતાં હોય ત્યારે પરિવારની માનસિક અવદશા કેવી હોય ? આખા આખા કુટુંબ, આખા આખા પરિવારો, મોં–બાપ, તેના ભાઇ–ભાંડુ, પતિ–પત્ની કોને છૂટાછેડાં લેવા હોય? પણ માની લો કે વિચાર ના મળે અને છૂટાછેડા કરવાના આવ્યા. કોઇ બાળક ના હોય તો પણ કદાચ ચાલી જાય પણ એ દીકરીને કોઇ બાળક હોય ત્યારે એ બાળકની મનોદશા કેવી હશે તેની કોઇએ કયારેય કલ્પના કરી છે? સાહેબ, આ બિલ આવા તમામ પાસાઓને સંદર્ભમાં રાખીને તેને સુરક્ષા આપવા માટેનું આ બિલ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી સંવેદના સાથે આ બિલ લાવ્યા છે. આ હસવા માટેનું બિલ નથી બિલમાં તેમણે લીવ ઇન રિલેશનશિપની વાત કરી. સાહેબ, લીવ ઇન રિલેશનશિપમાં એ જે કોઇ રહેતાં હોય દીકરો–દીકરી પણ તેમને ના કરે અને કોઇ બાળક આવ્યુ તો એ બાળકનો શું વાંક? તો એ બાળકને પણ સુરક્ષિત કરવા માટેનું આ બિલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલની ખામીઓ કાઢવાના બદલે એની ખૂબીઓ જો ચેક કરશે તો હું માનું છું કે, આવનારા સમયમાં આપણી પેઢી આપણને યાદ કરશે. આ પેઢી માટેનું આ બિલ છે આવનારી સંસ્કૃતિ, આપણા બાળકોને સારું વ્યવહારિક જીવન કઇ રીતે જાય, તેનું દામ્પત્ય જીવન કઇ રીતે જાય, દીકરીઓ કઇ રીતે વધારે સુરક્ષિત થઇ શકે આ તેના માટેનું આ બિલ છે. એના માટે જયારે આપણે આ બિલ લાવ્યા હોઇ ત્યારે મારે વધારે તો કંઇ કહેવુ નથી પણ બે–ત્રણ શાયરીઓ આ બધા બોલતા હતા એટલે હું પણ શાયરીઓ લઇ આવ્યો. હમણાં ખૂબ મોટી લાંબી ચર્ચા ચાલી ગોપાલભાઇની વાત ચાલતી હતી ત્યારે મેં ટૂંકમાં વાત કરી પણ આજે કહું હું બીજી વખતનો ધારાસભ્ય છું પણ આ ગૃહ, આ ગૃહના અનેક ધારાસભ્યો એવાને યાદ કરે છે કે જેમણે નિયમની બહાર કયારેય કોઇ સ્ટેટમેન્ટ નથી આપ્યું. એવા સભ્યોને યાદ કરે છે કે, જેમણે સરકારની ખામીઓ કાઢી હશે પણ ખામીઓમાં પણ વિવેક હતો. ગોપાલભાઇ, હજુ આપણે નવા છીએ અને નાની ઉંમર છે. હું પણ આંદોલનમાંથી આવ્યો છું અમે પણ ઘણાં ઉદ્ધત હતા પણ એ જયારે તમે પબ્લિક વચ્ચે બેઠાં હો અને આ પવિત્ર ગૃહ છે જયાંથી ગુજરાતની જનતાના અધિકારોની વાત થાય છે. તેના માટે અહીંયાથી તમામ પ્રકારની દિશાઓ ખૂલે છે, એના માટેની અહીંયા વાત થાય છે ત્યારે આપણે સંવિધાનિક તેના શબ્દો સાથે જોડાયેલાં હોઇએ છીએ અને એમાં આપણે કોઇ બીજી વાત નહીં કરી શકતા. ગૃહના નેતા અને ગૃહના ઉપનેતા જયારે ઊભા થાય ત્યારે આપણે બેસી જવું પડે છે, માનનીય અધ્યક્ષશ્રી જયારે બોલે છે ત્યારે બેસી જવું પડે છે ત્યારે આ નિયમોથી ચાલે છે અને તેમાં આપણાં સંસ્કાર દેખાય છે. હું એટલે વાત કરતો હતો કે આ મારો અનુભવ છે, મને એક જ વાર એમણે સલાહ આપેલી પણ એ સલાહને હું આજે પણ વળગી રહ્યો છું કે મારે એવી કોઇ વાત નથી મૂકવાની કે જેનાથી કોઇ સભ્યને માટે અવિવેક દેખાય અથવા એનું ખરાબ લાગે. છેલ્લે આ બિલ લાવ્યા છીએ અને આ લોકોએ વિરોધ કર્યો છે એમાં મારી એક શાયરી કહીને મારી વાત પૂરી કરીશ. નારી સન્માન માટેની છે,

वो सिर्फ रिश्तों को नहीं निभाती, अपन सपनों को भी सहजती है,
हर दर्द को मुस्कान बनाकर, दुनिया को रोशनी देती है,
नारी है वो, न कमजोर, न बेबस, नो खुद ही में एक पूरी कायनात है।

છેલ્લી લાઇન વિરોધ પક્ષના ધારાસભ્યો માટે જ છે, કારણ કે છેલ્લી લાઇન એમના માટે જ આવશે..

नारी है वो, सम्मान दो, हर कदम पर उसे जहां उसके अस्तित्व की बात हो..!

આ એના અસ્તિત્વ માટેનું બિલ છે એને સન્માન અને સમર્થન આપો આ એની વાત આપને કરી રહ્યો છું અને લાસ્ટમાં બિલ આવ્યા પછી આ ગુજરાતની મહિલાઓ માટે એટલું જ કહીશ એમને શુભકામનાઓ આપું છું, આ ગુજરાતની તમામ મહિલાઓ માટે એટલું જ કહીશ કે,–

तेरे सपनों को पंख मिलें, तू हर मुश्किल पार कर जाए,

हवाओं से भी तेज़ उड़कर, तू कामयाबी का नाम कर जाए।

આટલી વાત કહીને મારી વાત આ બિલના સમર્થનમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી જે બિલ લાવ્યા છે એ બિલને મારું સમર્થન આપું છું. જય હિંદ, જય જય ગરવી ગુજરાત.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૧૭, ગુજરાત સમાન નાગરિક સંહિતા, યુ.સી.સી.નું જે બિલ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું અને આ બિલને મારું સંપૂર્ણ સમર્થન પણ જાહેર કરું છું. બિલ ખૂબ જ સારું છે પણ બિલમાં હજી પણ થોડાક સુધારા કરવાની જરૂર પડે એવું દેખાઇ રહ્યું છે. જે રીતના બિલમાં આખે આખો બિલનો જે હાર્દ છે એ માત્રને માત્ર લગ્ન, છૂટાછેડા અને લીવ ઇન રિલેશનશિપ એ આ નવો શબ્દ આવ્યો. કે જે લગ્ન કર્યા વગરના સંબંધો જેને આપણે આ ગૃહના મારફત એને કાયદેસરતા મળશે..(અંતરાય)

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : લીવ ઇન રિલેશનશિપ..

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : જો [*](xxx)

અધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આખેઆખું આ બિલ જે છે એટલે બે દિવસ મેં પણ આ બિલ વિશે થોડુંક વાંચ્યું, જાણ્યું અને સમજ્યો. આપણા વેદો હોય, પુરાણો હોય કે ધર્મગ્રંથો હોય એમાં કહેવામાં આવ્યું છે કે લગ્ન છે એ સ્વર્ગમાં નક્કી થાય છે એ જમીન ઉપર નક્કી થતા નથી. પૃથ્વી ઉપર તો ખાલી છૂટાછેડાં થાય છે. આપણા વેદો પુરાણોમાં કીધું છે. જયારે એક કરતા વધુ પત્ની કરવામાં આવશે કોઇપણ પુરુષ દ્વારા તો આ બિલના લાગુ થયા પછી એને દંડની જોગવાઇ કરવામાં આવી છે, આ બિલ લાગુ થયા પછી એને સજાની પણ જોગવાઇ કરવામાં આવી છે પણ આપણો જે સમાજ છે એ દરેક સમાજને પોતાની રૂઢિઓ હોય છે, પોતાનો કાયદો હોય છે, પોતાનું બંધારણ હોય છે. એક ઉદાહરણ તરીકે હું નાની એવી વાત કરું તો આજની તારીખમાં આપણો માલધારી સમાજ, રબારી સમાજ, ભરવાડ સમાજમાં ઘોડિયા લગ્ન થાય છે એટલે કે હજી બાળક જન્મે ત્યાં તો એના લગ્ન થઇ જતાં હોય છે. આજે પણ અમારા સમાજમાં છૂટાછેડાની વાત થાય ત્યારે કોર્ટમાં નથી જતાં. એ બંને પરિવારો મળી અને સમાજના આગેવાનને મધ્યસ્થી રાખીને છૂટાછેડા કરી લે છે. આજે પણ ગુજરાતમાં આ પ્રથા ચાલુ છે. જેમ માનનીય શૈલેષભાઇએ વાત કરી એમ આજની તારીખમાં ફેમિલી કોર્ટમાં ૬૧,૦૦૦ કરતાં વધુ કેસ પેન્ડિંગ છે. ત્યારે મને એવું લાગે છે કે જો આપણે આ બિલ લાગું કરીશું તો આ કેસોમાં ઘટાડો નહિ થાય પણ વધારો થશે કારણ કે, હવે આપણે ફરજિયાત કરી દીધું છે કે, લગ્ન નોંધણી કરાવવી જ પડશે. એના માટે સરકારે કાંઇક વિચારવું પડે. આપણે જે તે સમાજને ફરજ પાડી ન શકીએ કારણ કે, અલગ–અલગ સમાજના રીતિ–રિવાજો હોય છે. એ સમાજને એમની રીતે જીવવા દેવા જોઇએ. આપના મારફત હું માનનીય મંત્રીશ્રીને એ પણ કહેવા માગું છું કે જે સમાજના જે રીતે રીતિ–રિવાજો, રૂઢિઓ હોય એને અનુરૂપ કાયદાકીય સુધારો કરવાની જરૂર છે. આમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે લગ્ન કર્યા પછી એક વર્ષ સુધી છૂટાછેડાની અરજી કરવામાં નહિ આવે. ઘણી વખત એવું બને કે એક જ મહિનામાં કોઇ એવો પ્રસંગ આવે અને પતિ–પત્નીને ન બને તો બંને પરિવારમાં છૂટાછેડા લાવવાની વાત આવી. આમ આ બિલની આ પ્રકારની જોગવાઇ દૂર કરવામાં આવે. માની લો કે કોઇ આદિવાસી બહેનો અન્ય સમાજમાં લગ્ન કરે તો એ લગ્નની નોંધણી આપણે કયા કાયદા હેઠળ કરીશું? અહીંયા ઘણા બધા સાથી ધારાસભ્યો કે જે આદિવાસી સમાજમાંથી આવે છે એમના બે કે ચાર લગ્ન હોય છે.

ડૉ. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આ સમાન નાગરિક સંહિતા વિધેયકમાંથી આદિવાસી સમાજને બાકાત રાખવામાં આવ્યો છે છતાં આપના માધ્યમથી અને આ ગૃહના માધ્યમથી મારા સમાજના યુવાનોને હું જણાવવા માગું છું કે ભલે આપણને છૂટ આપી પણ આપણે નિયમ પ્રમાણે રહેવું જોઇએ અને છૂટ આપવા છતાં એનો દુરુપયોગ ના થાય એવી મારી માગણી છે અને મારા વિભાગને પણ મારી સૂચના છે, વિનંતી છે, સૂચન છે કે આપણે 'હમ દો, હમારે દો.'' એ નિયમ પ્રમાણે આગળ વધીશું. ધન્યવાદ.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, ડો. કુબેરભાઇએ ખૂબ સારી વાત કરી પણ આ બિલમાં ટાઇટલ સ્પષ્ટ છે કે, સમાન નાગરિક સંહિતા. હવે જ્યારે શ્રી ચૈતરભાઇ બે લગ્ન કરે તો તેમને આ કાયદો લાગુ પડતો નથી. તેમને સજા પણ ન થાય અને દંડ પણ ન થાય. આ બિલમાં તેઓનો સમાવેશ જ નથી. તેથી ડો. કુબેરભાઇ, માનનીય મંત્રીશ્રી કે આદિવાસી સમાજના કોઇ ધારાસભ્યશ્રીઓનો આ બિલમાં સમાવેશ થતો નથી. આ બિલમાં સમાવેશ કોનો થાય? તો આ બિલમાં અમારા જેવાનો સમાવેશ થાય. અમે બીજા લગ્ન કરીએ તો સાત વર્ષની સજાની જોગવાઇ છે.

અધ્યક્ષશ્રી : જેમના લગ્ન થઇ ગયા છે તેના માટે કદાચ આ બિલમાં સજા નહીં હોય. કાયદો હવે આવે છે ને?

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં પાંચ વર્ષની જોગવાઇ હતી. આ કાયદામાં સાત વર્ષની જોગવાઇ કરી. આદિવાસી સમાજ સિવાય બાકીના બધા ધારાસભ્યશ્રીઓને આ નિયમ લાગુ પડશે. હું આપના માધ્યમથી માનનીય મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીને વિનંતી કરું છે કે, સમાનતાની વાત કરીએ ત્યારે મુસ્લિમ દીકરીઓ અને મુસ્લિમ

[*] આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી રદ કરવામાં આવ્યા.

સમુદાયનો આ બિલમાં સમાવેશ કરવામાં આવ્યો તો આદિવાસી સમાજના દરેક ધારાસભ્ય અને આગેવાનોએ સમાજને સમજાવીને આદિવાસી સમાજનો પણ આ બિલમાં સમાવેશ કરવામાં આવે એવી બુલંદ માંગ કરવી જોઇએ. ભવિષ્યમાં દીકરીઓ માટે આ સારું છે. આદિવાસી સમાજને અલગ શા માટે તારવવો જોઇએ. સમાનતાની વાત છે ત્યારે દરેકને સમાનતા મળવી જોઇએ. મુસ્લિમોને અલગ રાખો, હિન્દુને અલગ રાખો, આદિવાસીને અલગ રાખો તેવું ન હોય. દરેક સમાજની દીકરીઓને સરખો જ હક્ક મળવો જોઇશે. હું આદિવાસી સમાજના ધારાસભ્યશ્રીઓ અને આગેવાનોને વિનંતી કરું છું કે, સમાજમાં આ વાત મૂકો અને માગણી કરો કે આદિવાસી સમાજનો યુ.સી.સી.માં સમાવેશ કરો. તે વિપક્ષના ધારાસભ્ય હોય કે સત્તાધારી પક્ષના ધારાસભ્ય હોય તો પણ ભલે એટલે આ એક આંદોલનના ભાગરૂપે લેવું જોઇએ. આદિવાસી દીકરીઓને આડકતરો અન્યાય કરીએ તેવું ન બને કારણ કે તેને પણ અધિકારની જરૂર છે. જેમ મુસ્લિમ સમાજની દીકરીઓ માટે આ બિલમાં જોગવાઇ કરી, જેના માટે આ કાયદો લાવ્યા તેના વારસાઇ હક્ક માટેની વાત કરી તો પછી આદિવાસી દીકરીઓ માટે આ ગૃહમાં કેમ ચર્ચા ન થવી જોઇએ. થવી જ જોઇએ. અવાજ ઉઠાવવો જ જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ચાર વેદ અને ઉપનિષદો છે. વર્ષોથી આપણી પરંપરાને અનુરૂપ આપણાં બાળકોને ભણાવતાં પહેલાં તેને રામાયણ અને ગીતાના સંસ્કાર આપવામાં આવે છે. જ્યારે પણ વેદો, પુરાણો, ઉપનિષદોની વાત કરવામાં આવે છે ત્યારે આપણને એ પણ શીખવવામાં આવે છે કે, કૃષ્ણ ભગવાનને એક કરતાં વધુ પત્ની હતી. ભગવાન રામના પિતા દશરથને પણ એક કરતાં વધુ પત્ની હતી. આપણા અનેક રાજા/મહારાજાઓને એક કરતાં વધુ પત્નીઓ હતી તો જ્યારે આપણા બાળકોને રામાયણ વિશે કહીએ કે ગીતા વિશે ભણાવીએ છીએ ત્યારે લગ્નની વાત કરતા હોય ત્યારે આપણે કોઇ ફિક્સ કાયદાથી બાંધી શકતા નથી. તમે આ નહીં કરો તો આ સજા થશે. એટલે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરવા માગું છું કે ઘરમેળે વડીલો પોતાના સમાજના રીતિ-રિવાજને આધીન જો છૂટાછેડા થતા હોય, લગ્ન થતા હોય અને એની રીતના જો કાંઇ થતું હોય તો આ કોર્ટનો જે ખર્ચો, સમય અને ભારણ ન વધે એના માટે પણ બિલની જોગવાઇ કરવામાં આવે. આ બિલ ખૂબ સારું છે. બહેનો માટે, મહિલાઓ માટે ખૂબ સારું છે પણ મારી આદિવાસીની બહેનો આમાં બાકાત ન રહી જાય એની ખાસ ચિંતા કરવામાં આવે.

શ્રી મહેશ કસવાલા(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની વિધાનસભાની અંદર આજનો આ ઐતિહાસિક દિવસ છે. અપાર ખુશી એટલા માટે છે કે, જ્યારે રાજનીતિની કંઠી બાંધી ત્યારે કોઇ વિચારધારાને પસંદ કરવાની હતી ત્યારે ભારતીય જનતા પાર્ટી એટલા માટે ચોઇસ કરી હતી. કારણ કે એના બે એજન્ડા રામમંદિર અને યુ.સી.સી. મને ગમતા હતા એટલે આ પાર્ટીનું મેં દામન થામ્યું હતું. હું યુવાન હતો, વિદ્યાર્થી હતો, થોડીઘણી રાજનીતિ સમજતો હતો. ભારતની સળગતી સમસ્યાઓનું ક્યાંક મેં અધ્યયન કર્યું હતું અને ત્યારે મને એવો ભરોસો હતો કે ભારતની આ જે સળગતી સમસ્યાઓ છે એ સળગતી સમસ્યાઓનું સમાધાન અગર કોઇ કરી શકશે તો એ માત્રને માત્ર ભારતીય જનતા પાર્ટી કરી શકશે. એટલા માટે કે એના એજન્ડામાં રામમંદિર અને યુ.સી.સી.સમાન સિવિલ કોડ હતા. ત્યારે મને ખબર નહોતી કે હું જ્યારે ધારાસભ્ય થઇશ ત્યારે આ વિધાનસભામાં માનનીય ભુપેન્દ્રભાઇ પટેલ મુખ્યમંત્રી તરીકે આ બિલ લાવશે અને એને હું સમર્થન આપીશ. હું ગર્વ સાથે કહી શકું કે આજનો દિવસ મારી જિંદગીનો અવિસ્મરણીય દિવસ છે. યુ.સી.સી. બિલને હું પહેલાં જ સમર્થન આપું છું. આ આજની જરૂરિયાત નથી. દાયકાઓથી ભારતની જનતા આની રાહ જોતી હતી એ આ પળ છે, આ અવસર છે. ભારતના બંધારણની પ્રસ્તાવનાથી શરૂ કરું તો આપણે કહીએ કે- "We, the people of India", સમગ્ર ભારતનો આત્મા આ શબ્દોની અંદર વસે છે. જ્યાં ન્યાય, સમાનતા અને ગૌરવપૂર્ણ જીવનનો સંકલ્પ છે એને આધારે જ આપણી જે પ્રસ્તાવના છે એ લખાઇ છે કે, "We, the people of India". શું આ કલ્પના એ દરેક નાગરિક સુધી આજ સુધી આપણે સમાન રીતે પહોંચાડી શક્યા છીએ? નથી પહોંચાડી શક્યા એ વસવસો ભારતની કરોડો જનતાને છે અને એટલા માટે આજે ગુજરાતે એની પહેલ કરી છે. કદાચ ઉત્તરાખંડથી એ પહેલ થઇ છે. ગુજરાત આજે બીજું રાજ્ય છે. જે દેશને પ્રેરણા આપવાનું છે અને સમાન સિવિલ કોડની શરૂઆત આજે ગુજરાતથી થઇ રહી છે. અનેક ચર્ચાઓ થઇ. મારા પછી માનનીય મુખ્યમંત્રીશ્રી બોલવાના છે. હું સમયને પણ પારખું છું અને સમયને જોઉં પણ છું અને એટલા માટે હું સમય નહીં બગાડું. જે રીપિટ થાય છે એ નહીં બોલું. પણ જે ચર્ચાઓ થઇ છે એમાં કહેવા માગું છું. કેટલાક લોકોએ કીધું કે આટલી ઉતાવળ શું હતી? ચૂંટણી આવે પછી ભારતીય જનતા પાર્ટીને યાદ આવે એવું નથી. ક્યાં સુધી આપણે રાહ જોઇશું? આ સ્વર્ણિમ દિવસ લાવવા માટે આપણે દેશની જનતાને ખૂબ રાહ જોવડાવી છે. બહુ જવાબદારી સાથે કહું છું કે જે દધિચીઓએ આ કામના કરી હતી. ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના દિવસે ભારતને આઝાદી મળી, ૨૬મી જાન્યુઆરી, ૧૯૪૮ના દિવસે ભારત પ્રજાસત્તાક થયું, પરંતુ, કલમ-૪૪ જે પ્રકારની વાત કરી રહી છે એ સમાનતા મોં, બહેન, દીકરી માટે સમાનતાના હક્કો આપણે ન લાવી શક્યા એટલા માટે એ વખતે દેશની જનતાની જે ભાવના હતી કે આ કોણ કરીને બતાવશે ત્યારે મારે કહેવું છે કે વર્ષ ૧૯૫૧માં આ વિચારધારાને લઇ ભારતીય જનસંઘની સ્થાપના પંડિત દીનદયાળ ઉપાધ્યાય અને ડૉ.શ્યામાપ્રસાદ મુખરજીએ કરી. આ સમાન સિવિલ કોડનું બીજ ત્યારે રોપાયું. એ જોડી હતી ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી અને પંડિત દીનદયાળ ઉપાધ્યાયની કે જેમણે દેશની જનતાનો અવાજ, દેશની જનતાની ભાવનાને ભારતીય જનતા પાર્ટીના સંકલ્પરૂપમાં પ્રસ્થાપિત કર્યો. એક બીજી જોડી હતી. સમાન સિવિલ કોડનો વિષય છે એટલે હું યાદ કરું છું. એમનું નામ હતું શ્રી અટલ બિહારી બાજપાઇ અને માનનીય શ્રદ્ધેય લાલકૃષ્ણ અડવાણી. એમણે

જનસંઘના સમાન સિવિલ કોડના આ સંકલ્પને જીવંત રાખવાનું કામ કર્યું છે. મારે ગર્વ સાથે કહેવું પડે કે ત્રીજી જોડી છે, જેને ત્રીજી બેલડી કહી શકાય અને બંને ગુજરાતી છે એવા શ્રી નરેન્દ્ર મોદી અને શ્રી અમિત શાહ, એમને આ સંકલ્પને ધરાતળ ઉપર ઉતારીને સાકાર કરવા માટેની પ્રેરણા ગુજરાતની રાજ્ય સરકારને આપી છે. અહીંથી *(**xxx**) અમે આ બિલને બહાર જઈને ફાડી નાંખીશું, એનો અર્થ શું? આ ભારતીય જનતા પાર્ટી શ્રી નરેન્દ્રભાઈની પ્રેરણાથી...

અધ્યક્ષશ્રી : *(**xxx**) એ શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટી અમારા જે નેતા સંસદમાં જાન આપી દેવા માટેનું આહ્વાન કરે અને કલમ–૩૭૦ હટાવે એની પ્રેરણા લે છે. એનાથી અમે ડરતા નથી. આ ગૃહને સત્તા છે બિલ લાવવું, બિલ મંજૂર કરાવવું અને ચર્ચાઓના અંતે બહુમતીના જોરે મંજૂર થાય છે. મેં હમણાં ચર્ચાઓમાં જોયું. માનનીય ગોપાલભાઈ ઇટાલીયા વિદ્વાન છે. એમની વિદ્વતા ઉપર એમને ગર્વ પણ છે. હું એમની વિદ્વતાને આવકારું છું. વાત એ છે કે એકબાજુ તેઓ એમ કહે છે કે આ બિલ લાવવાની ઉતાવળ શું છે? આ બિલને પ્રવર સમિતિમાં સિલેક્શન કમિટીને સોંપવું જોઇએ અને બીજી બાજુ એમને રજિસ્ટ્રારની ચિંતા છે કે રજિસ્ટ્રાર કોણ છે? હજી તો લગ્ન કે સગાઇ થઇ નથી. હજી લગ્નની જાન ગઇ નથી. ઢોલ વાગ્યા નથી. પરણ્યા નથી. બાળક હજી જન્મ્યું નથી ત્યાં તેઓ જાન કાઢવાની વાત કરે છે. હજી તો બિલની ચર્ચા થાય છે. હજી તો આ બિલ કાયદો બને. રાજ્યની વિધાનસભા એને પારિત કરે. માનનીય રાજ્યપાલ મહોદય એના ઉપર સહી કરે અને માનનીય રાષ્ટ્રપતિની મંજૂરી થયા પછી બિલ પાસ થઇને આવે ત્યારપછી એના વ્યવસ્થાપક મુદ્દાઓ, એની સક્ષમ ઓથોરિટી કોણ છે એ નક્કી થાય એને બદલે આજથી એની ચર્ચા કરીને ગૃહનો સમય કયાંક બગાડવામાં આવ્યો છે. મેં ક્યાંક ચર્ચામાં જોયું કોઇએ કહ્યું કે જે રાષ્ટ્રો ઇસ્લામિક છે એમાં ત્રિપલ તલાક નથી. શરિયતનો કાયદો નથી. મારે એ રાષ્ટ્રોના નામ લેવા નથી. મારે સમય બગાડવો નથી પરંતુ મારે એવું કહેવું છે કે જે રાષ્ટ્રો ઇસ્લામિક રાષ્ટ્રો હોય છતાં ત્યાં ત્રિપલ તલાક નથી. ત્યાં શરિયતનો કાયદો નથી. મારે કહેવું છે કે બિનસાંપ્રદાયિક રાષ્ટ્રની ભાવના સાથે ભારતમાં આટલાં વર્ષ સુધી મારી બહેન, દીકરીને કોણે એમના હક્કોથી વંચિત રાખ્યા? કોણે નારીને લાલ પાણીએ એના આંસુએ રડાવ્યા. કોણે અનાથ બાળકોને હક્કથી વંચિત રાખ્યા? અને આજે એમ કહે છે કે હજી તો ખૂબ ઉતાવળ થઇ રહી છે. ઉતાવળ નથી. અભી નહીં તો કભી નહીં. મારે માનનીય ભુપેન્દ્રભાઇ પટેલને અભિનંદન આપવા પડે. મને આનંદ થાય છે. રાજ્યના ગૃહમંત્રીશ્રી, રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી ૩૬ વર્ષની યુવાન વયે કાયદાની એકએક છણાવટ કરતા હોય ત્યારે અમને આનંદ થાય છે. હું એમના કરતાં પંદર વર્ષ મોટો છું એટલે એમને અભિનંદન આપું છું કે એમણે એકપણ વસ્તુ એવી નથી કહી. કાયદાની જેટલી મહત્ત્વની કલમો હતી એનો ઉલ્લેખ એમણે કર્યો છે.

સભાપતિ શ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, સમજાય એને વંદન. આપણે કોના માટે આ કામ કરી રહ્યા છીએ? સીધીસાદી ભાષામાં સમજાય કે આ યુ.સી.સી. બિલ કોઇપણ જાતિ, જ્ઞાતિ એના પરંપરાગત રિવાજો ઉપર તરાપ મારતું નથી. લગ્નની પ્રથા ચાર ફેરા ફરવામાં વાંધો નથી. આ બિલમાં કોઇ જોગવાઇ નથી કે ચાર ફેરા ન ફરવા. જે કોઇ સમાજના રીત–રિવાજ હોય એ રીત–રિવાજ ઉપર આ બિલ તરાપ મારતું નથી. આ બિલ માત્ર એટલું કહે છે કે જે પ્રકારના રીત–રિવાજોના કારણે તમારા લગ્ન થાય છે એ રીત–રિવાજો કે સમાધાનના કારણે તમારા છૂટાછેડા થાય છે એના કારણે કોઇ હક્કથી વંચિત રહેતું હોય તો એમને લીગલી સપોર્ટ મળી શકે, એને કાયદાકીય સપોર્ટ મળે એટલા માટે આ બિલ છે. કોઇએ કહ્યું કે આ બિલ આ ગુજરાતમાં કેમ લાવ્યા? સંસદમાં કેમ નહીં? આ ગુજરાત છે. ગુજરાતનો ઇતિહાસ જોવો જોઇએ. દેશને જરૂર પડી છે ત્યારે ગુજરાતે આગેવાની લીધી છે. દેશને જરૂર પડી છે ત્યારે ગુજરાતે બળ પૂરું પાડ્યું છે. એક કાઠી કોઠડીનો વ્યક્તિ એક ધોતિયું પહેરીને પોરબંદરથી નીકળેલ વ્યક્તિ આ દેશને માટે ગુજરાતમાંથી આઝાદીની લડતની શરૂઆત કરે અને આજે આપણે એ આઝાદ હિન્દુસ્તાનમાં જીવીએ છીએ. આઝાદી મળ્યા પછી એક ગુજરાતી જેને આપણે સરદારથી ઓળખીએ છીએ. માનનીય સરદાર વલ્લભભાઇ પટેલે રજવાડાંઓને એકત્ર કરી ભારતને એક બનાવવાની શરૂઆત ગુજરાતથી કરી અને એની એક હાકલથી અમારા સૌરાષ્ટ્રનું રજવાડું ભાવનગર આ દેશને સમર્પિત થયું. આ ગુજરાતે શરૂઆત કરી છે. રામમંદિરની ચળવળ હોય, જનજાગૃતિ માટે, ભગવાન રામનું જન્મસ્થાન અયોધ્યા છે ત્યાં ભવ્ય મંદિર બનવું જોઇએ એની શરૂઆત થઇ હોય તો ગૌરવ સાથે કહેવું પડે કે એ રામ રથયાત્રા અને એના સારથી તરીકે શ્રી નરેન્દ્રભાઇ મોદી, આજના પ્રધાનમંત્રીએ સોમનાથથી શરૂઆત કરી અને આજે ત્યાં ભવ્ય રામમંદિર બન્યું છે. આજે દેશને સમાન સિવિલ કોડની જરૂર છે. દરેક મારી માઁ–બેન–દીકરી–બાળકો છે એ સમાન સિવિલ કોડ, સમાન હક્કને ઝંખે છે ત્યારે એની કોઇ આગેવાની લેતું હોય તો મારું ગુજરાત લે છે. ગુજરાતે સમાન સિવિલ કોડ ગુજરાતની વિધાનસભામાં બિલ મૂકીને દેશને નવું આહવાન કર્યું છે. અમે કર્યું હવે દેશે આ કરવાનું છે. જરૂર છે એટલા માટે આ ગુજરાતે કર્યું છે. ડૉ.બાબાસાહેબ આંબેડકરને યાદ કરવા પડે. જેણે આ બંધારણ રચ્યું છે. આ બંધારણની અંદર ડૉ. બાબાસાહેબ આંબેડકર સાહેબે એવા ભારતનું સપનું જોયું કે જ્યાં કાયદો પંથ, ધર્મ કે નાતજાતથી ઉપર હોય. સમાનતાનો ભાવ હોય. સૌને સમાન અધિકાર હોય. એ આર્ટિકલની વાત થઇ, આર્ટિકલ–૧૪, ૧૫ અને ૨૧ની વાત થઇ છે એને રીપિટ કરવા

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માગતો નથી. આમ, છતાં આ આર્ટિકલની અંદર એકતાનો ભાવ, સમાનતાનો ભાવ હોવા છતાં વ્યક્તિગત કાયદાના ક્ષેત્રમાં આ સિદ્ધાંતો સંપૂર્ણપણે અમલમાં આવ્યા ન હતા. નાગરિકોને હક્કમાં કંઈક અસમાનતા હતી. ન્યાય માટે વર્ષો સુધી રાહ જોવી પડતી હતી. ક્યાંક કાનૂની ગૂંચવણો હતી. વિવાદ અને અન્યાયનું કારણ હતા. લગ્ન વારસો અને પારિવારિક સંબંધોના મુદ્દાઓમાં અલગ અલગ નિયમો લાગુ પડતા હતા. આ બધું જ હતું એટલા માટે આ સમાન સિવિલ કોડ લાવવા માટેની જરૂરિયાત ઊભી થઇ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે સંવિધાન સભામાં પણ કહ્યું હતું કે, "Uniform Civil Code is essential for national integration and equality". અને આજે ક્યારે આપણે આ ગુજરાત વિધાનસભામાં આ કાયદો આપણે લઇને આવ્યા છીએ. કેટલા વર્ષો વીતી ગયા, કેટલી મારી મોં–બહેનો, દીકરીઓ એના હક્કોથી વંચિત રહી. કેટલીય બહેનો સહન કરી કરીને આ દુનિયાને છોડીને જતી રહી. હજી કહેવાવાળા કહે છે કે આ બિલ વહેલું છે. ક્યાં સુધી આ નારીને, કયાં સુધી આ મોં ને, ક્યાં સુધી આ દીકરીને અન્યાય સહન કરતી રાખીશું? ભારતીય જનતા પાર્ટી કદાચ પોલિટિકલ અભ્યાસ હોય કે ન હોય, તાત્કાલિક બિલ નથી લાવ્યા. આની નીવેં વર્ષ ૧૯૫૧માં નખાઇ ગઇ હતી. સમાન સિવિલ કોડ કોઇકે કહ્યું કે, ભારતીય જનતા પાર્ટીના દરેક ચૂંટણી ઢંઢેરામાં એનો ઉલ્લેખ છે. હા, દરેક ચૂંટણી ઢંઢેરામાં ભારતીય જનતા પાર્ટી હોય કે એના પૂર્વાર્ધમાં જનસંઘ હોય, અમે દરેક ચૂંટણીમાં પ્રજાને વચન આપ્યું છે અને અમે પ્રજાનું વચન પાળવાવાળા લોકો છીએ. સમાન સિવિલ કોડ હોય કે રામમંદિર હોય એ માત્ર ચૂંટણી ઢંઢેરામાં લખવા માટેના શબ્દો નથી. આ ભારતીય જનતા પાર્ટીના કરોડો કાર્યકર્તાઓના કાળજાની અંદર શીલાલેખ તરીકે લખ્યું છે અને એટલા માટે આજે ગુજરાતની અંદર સંપૂર્ણ બહુમતી ભારતીય જનતા પાર્ટીની હોય, પ્રજાનો વિશ્વાસ સંપાદન કર્યો હોય ત્યારે અમારી જવાબદારી થાય છે કે પ્રજાની જન અપેક્ષાઓ છે એની પૂર્તિ આજે કરી છે. એટલા માટે આજે બિલ લઇને આવ્યા છે. ભારતીય જનતા પાર્ટી, જનસંઘ અને એની ઉપર અમારા સંકલ્પ જે હતા એની તમે ટીકા કરો છો? ૬૫–૭૦ વર્ષ સુધી જમ્મુ અને કાશ્મિરમાં મોં–ભારતીનો તિરંગો નહીં લહેરાવી શકનાર આજે ૩૭૦ની કલમની સાથે આ આર્ટિકલ ૩૭૦ની સાથે સમાન સિવિલ કોડની ટીકા કરે છે એના કોણ જવાબદાર છે? મારે ગર્વ સાથે કહેવું પડે છે કે એ ગુજરાતી માનનીય નરેન્દ્રભાઇ મોદીની કેન્દ્રમાં સરકાર હોય, માનનીય અમિતભાઇ શાહ કેન્દ્રના ગૃહમંત્રી હોય એ ૩૭૦ની કલમ જેમ શિક્ષક એક ડસ્ટર લઇને બોર્ડમાંથી ભૂંસી નાંખે એમ ભૂંસી નાખી. અમે સંકલ્પને સિદ્ધિ તરફ લઇ જનારા લોકો છીએ. આજે ગુજરાતની સરકાર આ જન ભાવનાઓને સન્માન આપી રહી છે. અમારા સંકલ્પોની પૂર્તિ કરી છે. આ વિચારને ધારા આપનારા તપસ્વીઓ એ ચાહે અટલ બિહારી બાજપાયી હોય, ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી હોય, એ અનંત યાત્રાએ નીકળેલા રાજમાતા સિંધીયા હોય, અરૂણ જેટલી હોય કે સુષ્મા સ્વરાજ હોય એની અનંત યાત્રામાં આ નવું મૂકામ મૂક્યું છે. હું કેટલું બધું તૈયાર કરીને આવ્યો છું એ કહી શકું, પરંતુ સમયની પણ ખૂબ મર્યાદા છે. એટલા માટે કહું છું કે સમયનો તકાજો છે અને ફરીથી કહુ છું કે અભી નહીં તો કભી નહીં. આજે આ ગુજરાત એના સ્વર્ણિમ કાળમાંથી પસાર થઇ રહ્યું છે. દેશ નહીં પણ દુનિયા એની નોંધ લે છે ત્યારે આજે જ સમાન સિવિલ કોડનો કાયદો મંજૂર થાય અને એમાં મારું પૂરેપૂરું સમર્થન છે. હું આ સન્માનનીય સભાગૃહના તમામ સભ્યોને વિનંતી કરું છું કે જ્યાં નિર્ણય ઇતિહાસ બનાવે છે ત્યાં વિચાર કરવો પડશે. વિરોધીઓએ પણ વિચાર કરવો પડશે કે મતબેંકની સાથે ઊભું રહેવું છે કે ન્યાયની સાથે ઊભું રહેવું છે? વિકલ્પ પસંદ કરવો પડશે કે રાજકારણ કરવું છે કે રાષ્ટ્રનું કારણ કરવું છે? સમાન સિવિલ કોડ એ માત્ર કાયદો નથી. એ નવા ભારતનો પાયો છે. સંકલ્પથી સિદ્ધિ સુધીથી યાત્રા મારા દેશને વધ મજબૂત બનાવશે એવો મને ભરોસો છે. આ ગૃહને હું વિનંતી કરું છું કે બંધારણના આદર્શોને માન આપો. દાયકાઓના સંકલ્પને સાકાર કરો. માનનીય મુખ્યમંત્રીશ્રી આ બિલ લઇને આવ્યા છે એને બહુમતીથી પસાર કરો. ધન્યવાદ.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી ભુપેન્દ્રભાઇ ૨. પટેલ (સભાગૃહના નેતાશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આજનો દિવસ ગુજરાત વિધાનસભાના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. કેમ કે, ગુજરાત સમાન નાગરિક સંહિતા ૨૦૨૬ સૌ નાગરિકોને સમાન અધિકારોથી સુરક્ષિત કરશે. આ યુ.સી.સી. બિલમાં મારા સાથી નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી, શ્રી રમણભાઇ વોરા, શ્રી ગણપતસિંહ વસાવા, શ્રી અનિરૂદ્ધભાઇ દવે, શ્રીમતી નિમિષાબેન સુથાર, શ્રી અલ્પેશભાઇ ઠાકોર, શ્રી મહેસભાઇ કસવાલા, શ્રી ઘવલસિંહ ઝાલા, પ્રતિપક્ષના શ્રી અમિતભાઇ ચાવડા, શ્રી શૈલેષભાઇ પરમાર, શ્રી ઇમરાનભાઇ ખેડાવાલા, શ્રી ચૈતરભાઇ વસાવા, ડૉ. તુષારભાઇ ચૌધરી, શ્રી ગોપાલભાઇ ઇટાલિયા અને શ્રી ઉમેશભાઇ મકવાણા સહિત સૌ સભ્યોએ ચર્ચામાં સક્રિયપણે સહભાગી થઇ તે બદલ આપ સૌનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બિલ અને બિલ ઉપરની ચર્ચા જ્યારે નવું બિલ હોય તો નવા બિલમાં ઘણી વખતે, વંચાણ વખતે આપણને એવુ લાગે કે આ જે લખ્યું છે, હું જે વાંચી રહ્યો છું તે બરાબર નથી કંઈક ખૂટે છે એ એક સહજ વાત છે, પણ બિલ અને બિલ ઉપરની ચર્ચા જે આપણે કરતાં હોઇએ તો જયારે રૂલ્સ બને ત્યારે અમુક અમુક વસ્તુ આવતી હોય છે. એટલે દરેક જણ આ યુ.સી.સી.માં જે પણ બોલ્યા છે એ એકબીજાની ટિપ્પણી કરી, ના કરી એ બધું ભૂલી જઇ અને ગુજરાત અને ગુજરાતની જનતા માટે, બહેનો માટે, દીકરીઓ માટે આ બિલ એ ખૂબ જરૂરી બિલ જયારે ગુજરાત વિધાનસભામાં રજૂ થયુ હોય તો બધાએ તેની અંદર એક મતે આગળ વધવું જોઇએ.

તા.૨૪મી માર્ચ, ૨૦૨૬

ગુજરાત સમાન નાગરિક સંહિતા, ૨૦૨૬

માનનીય અધ્યક્ષશ્રી, સમાનતા, ન્યાય અને એકતાના રાષ્ટ્રીય સંકલ્પને વધુ સંગીન કરવાનો નિર્ધાર એ ગુજરાતે યુ.સી.સી.થી પાર પાડયો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં વિકસિત ભારત–૨૦૪૭ની ગતિને આ અમૃતકાળમાં વધુ તેજ બનાવવાનું એક મહત્ત્વનું પગલું ગુજરાતે યુ.સી.સી.થી ભર્યું છે. ગુજરાત આવુ યુ.સી.સી. બિલ લાવનારું દેશનું બીજું રાજય બન્યું છે તેનું આપણને સૌને ગૌરવ હોવુ જોઇએ. સાડા છ કરોડ ગુજરાતીઓને જ્ઞાતિ, જાતિ, કોમના ભેદભાવથી ઉપર ઉઠીને એક તાંતણે બાંધવાનો સફળ પ્રયાસ આ યુ.સી.સી. બિલ દ્વારા થયો છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિકાસની રાજનીતિનો નવો ઇતિહાસ રચીને સૌના સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસથી દરેક વર્ગને વિકાસમાં સમાન ભાગીદાર બનાવ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા બંધારણમાં પણ આ જ વિભાવના અનુચ્છેદ–૪૪માં આપવામાં આવી છે. જેમાં રાજયોને તમામ નાગરિકો માટે એક સરખો યુ.સી.સી. લાવવાની માર્ગદર્શક જોગવાઇઓ કરેલી છે. આદરણીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબે એક ભારત શ્રેષ્ઠ ભારતનો આપેલો વિચાર સાકાર કરવામાં ગુજરાતે વધુ એક પહેલ કરી છે. રાજયમાં વસવાટ કરતા દરેક વ્યકિતની અંગત ધાર્મિક લાગણીઓને સંપૂર્ણ માન આપતી જોગવાઇઓ સાથે આપણે યુ.સી.સી. ઘડયો છે. ગુજરાત સમાન નાગરિક સંહિતા–૨૦૨૬ એ લગ્ન, છૂટાછેડા, વારસાગત મિલકત જેવા મુદ્દાઓ ઉપર તમામ ધર્મો, સમુદાયને અન્યાય ના થાય તેવા સમાન કાનૂની માળખા સાથે ઘડવામાં આવી છે. ''જસ્ટીસ ટુ ઓલ એપીઝમેન્ટ ટુ નન''ના ધ્યેય સાથે તૃષ્ટીકરણની રાજનીતિ નહીં સૌને સમાન હિતને પ્રાયોરિટી આપતું આ બિલ છે. ખાસ કરીને મહિલાઓના સમાન અધિકારો અને સુરક્ષાને પ્રાથમિકતા આપીને મહિલાઓને પણ વિકાસના સમાન ભાગીદાર બનાવવાની જોગવાઇઓ આ યુ.સી.સી.માં છે. એટલુ જ નહીં જાતિભેદના કારણે કોઇ અન્યાય ના થાય તે માટે રાજય સરકાર સતર્ક છે. આ બિલ દીકરીઓની કાનૂની સુરક્ષા માટે છે. ઓળખ છૂપાવીને લગ્ન કરવા કે છેતરપિંડી કરનારાઓ માટે ગુજરાતમાં કોઇ સ્થાન નથી તેવો સ્પષ્ટ નિર્દેશ આ યુ.સી.સી.માં રહેલો છે. એક વાત દીવા જેવી સ્પષ્ટ છે કે, ગુજરાત સમાન નાગરિક સંહિતામાં કોઇના અધિકાર છીનવી લેવાનો કે કોઇની સ્વતંત્રતા ઉપર તરાપ મારવાનો સહેજ પણ ઉદ્દેશ નથી. જયારે રાજય સરકારે યુ.સી.સી. માટે કરેલી કમિટીની રચના સામે પણ હાઇકોર્ટમાં સિંગલ જજની સામે અને ડિવિઝનલ બેંચની સામે પીટિશન દાખલ કરવામાં આવી છે અને આ બંને પીટીશન હાઇકોર્ટે ડિસમીસ કરી છે. લીવ ઇન રિલેશનને આ બિલ પ્રોત્સાહિત કરતું નથી. આ પ્રકારના સંબંધોનું નિયમન કરવા માટેની જોગવાઇઓ આ યુ.સી.સી.માં કરવામાં આવી છે. અહીંયા ઘણી બધી ચર્ચાઓ થઇ એમાં એક ચર્ચા ઉપર વધારે લાંબી ચર્ચા થઇ તો હું પણ એની અંદર ચોખવટ કરવા માગું છું કે લગ્ન નોંધણીની પ્રક્રિયામાં અમારી સરકારે જે ફેરફાર કર્યો છે તે આજે પણ ચાલુ છે અને ચાલુ રહેવાનો છે. ભારતનો કોઇ પણ નાગરિક જે ગુજરાતમાં કે ગુજરાતની બહાર રહેતો હોય અને રાજય સરકાર દ્વારા જાહેર કરાયેલી અધિસૂચના હેઠળ નિવાસી બનવા માટે લાયક હોય તેવા સૌ નાગરિકોને આ યુ.સી.સી. લાગુ પડશે. સમાન નાગરિક સંહિતા આર્ટિકલ–૧૪નું ઉલ્લંઘન નથી પરંતુ દરેક નાગરિકને કાયદા સમક્ષ સમાનતા અને કાયદાનું રક્ષણ આપે છે અને અસમાનતાને દૂર કરવાનું સાધન છે. સુપ્રીમકોર્ટે પણ વારંવાર કહ્યું છે કે આર્ટિકલ–૧૪ વ્યાજબી વર્ગીકરણને મંજૂરી આપે છે પરંતુ મનસ્વી ભેદભાવને નહીં. લગ્નમાં અલગ અલગ નિયમ, છૂટાછેડામાં અલગ હક્કો, વારસામાં અલગ અધિકારો એ સમાનતા નથી પરંતુ કાનૂની વિભાજન છે. સમાન નાગરિક સંહિતા આ વિભાજનોને દૂર કરવા માટે છે. આ બિલ દરેક નાગરિકને બંધારણની કલમ–૨૫ મુજબ ધર્મની સ્વતંત્રતા સાથે એકસરખા નાગરિક કાયદા હેઠળ લાવે છે. સમાનતા ત્યાં નથી જયાં કાયદા ધર્મ પ્રમાણે બદલાય છે. એક દેશ અલગ અલગ ન્યાય આ સંવિધાનની ભાવના નથી. સમાન નાગરિક સંહિતા આર્ટિકલ–૧૪ વિરુદ્ધ નથી તે આર્ટિકલ–૧૪ને સહાયરૂપ છે. અનુસૂચિત જનજાતિનો જે સમાન નાગરિક સંહિતામાં સામાજિક સુરક્ષાને કારણે સમાવાયા નથી. આર્ટિકલ–૩૬૬ની પેટા કલમ–૨૫ અને આર્ટિકલ–૩૪૨ હેઠળ એસ.ટી.ને વિશેષ માન્યતા આપવામાં આવી છે તેમજ બંધારણના ભાગ–૨૧માં તેમના પરંપરાગત અધિકારો અને રિવાજોને રક્ષણ અપાયું છે. તેમની અનોખી ઓળખ જળવાઇ રહે એ માટે યુ.સી.સી.માંથી બહાર રાખવામાં આવ્યા છે. એસ.ટી.ને બહાર રાખવામાં આવ્યા છે તે તેમની કોઇ અવગણના નથી પરંતુ સંવિધાન દ્વારા આપવામાં આવેલી સુરક્ષાનું સન્માન છે. જે લોકો આદિવાસી સમાજને આ યુ.સી.સી. તેમની સંસ્કૃતિ અને હક્ક છીનવાઇ જશે તેવા જૂઠ્ઠાણા ફેલાવે છે તેમને મારે કહેવું છે કે આ યુ.સી.સી. માત્ર ભેદભાવ દૂર કરીને સમાનતા માટેનું છે. સંસ્કૃતિ ભૂંસાવી દેવી કે મિટાવી દેવા માટેનું નથી. હમણાં અહીંયા હજી બધા દાદા–દાદા બૂમ પાડતા હતા તો દાદાના નાતે પણ હું એટલું ચોક્કસ કહીશ કે તમે બધા જો દાદા કહેતા હોવ તો મારે મારા રાજયની બધી જ દીકરીઓ, બહેનો અને માતાઓની સંભાળ લેવી જ પડે. મારી ફરજ છે કે રાજ્યની દીકરીઓ, બહેનો અને માતાઓને સરખો ન્યાય મળે એ માટે આ કાયદો બનાવ્યો છે. જો કોઇ છેતરીને લગ્ન કરે, બહેન/દીકરીઓને હેરાન કરે, અત્યાચાર કરે તો મારી ફરજ છે કે મારે કાયદાનો ડંડો ઉગામવો જ પડે. બધા જ ધર્મની દીકરીઓને તેમની પૈતૃક સંપત્તિમાં સરખો હક્ક/અધિકાર મળે એવું હું જે કહું છું એમાં ખોટું શું છે? રાજ્યના વડા તરીકે મારી ફરજ છે, અધિકાર છે કે બધી દીકરીઓને પિતાની મિલકતમાં સરખો ભાગ મળે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શનમાં ''સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ''ના મંત્રથી ગુજરાત દેશને હંમેશા દિશા આપતું રહ્યું છે. આજે આ વિધાનસભાગૃહમાં ગુજરાત સમાન નાગરિક સંહિતા ૨૦૨૬ વિધેયકથી આદરણીય વડાપ્રધાનશ્રીના નેતૃત્વ અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ

દાખલ કરવાના બિન સરકારી વિધેયકો

શાહના માર્ગદર્શનમાં દેશ માટે ફરી એક વાર ગુજરાત પારદર્શક બન્યું છે ત્યારે સામાજિક સુધારાની દ્રષ્ટિ ધરાવતા આ રાષ્ટ્રીય એકતાને સંગીન કરતાં આ વિધેયકનું આપણે સર્વસંમતિથી સમર્થન કરીએ એવી હું અપીલ કરું છું.

અધ્યક્ષશ્રી : એક ગીત છે કે ''દાદા હો દીકરી.'' એમાં એક દીકરી દાદાને વિનંતી કરે છે મને ક્યાં –ક્યાં ના દેતા. જ્યાં પાણીની અછત હોય ત્યાં ન દેતા પણ આજે તો દાદાએ આખા ગુજરાતની દીકીરીઓ માટે ખૂબ મોટો ભરોસો આપ્યો છે. આમ, જોઇએ તો મૃત્યુ ગમે ત્યાં થઇ શકે. એક્સિડન્ટમાં થઇ શકે, કોઇનું અપમૃત્યુ થાય, બીમારીથી થાય પરંતુ જન્મ તો માત્ર મોં જ આપી શકે, એ નારીશક્તિ જ આપી શકે. તેના સિવાય જન્મ આપવાનો અધિકાર બીજા કોઇને નથી. તેના માટે જે આ વિચાર કર્યો છે એ ખૂબ અદભૂત છે. આ વાતને હું એ રીતે પણ લઇ શકું છું અને મારા મનમાં ભાવ પણ એ થાય છે કે રાજારામ મોહનરાયજીએ એક નવી ક્રાંતિ લાવી હતી. સતીપ્રથાની સામે, દીકરીને દૂધ પીતી કરતા તેની સામે પણ એક નવી ક્રાંતિ લાવી. ગુજરાતમાં શિક્ષા આપવાનું અને ૧૦૦ ટકા નામાંકરણનું કામ, એ ઉપરાંત ૩૩ ટકા અનામતની જોગવાઇ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં કરી. હું માનું છું કે આ કડી નારી સશક્તિકરણ માટે અને માતૃશક્તિ માટે ઐતિહાસિક કડી થશે. એના માટે હું હૃદયનો રાજીપો વ્યક્ત કરું છું.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી શૈલેષ મ. પરમાર : આજે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે વિધેયક રજૂ કર્યું છે એમાં કૉંગ્રેસ પક્ષ એવી માગણી કરે છે કે આ વિધેયક પ્રવર સમિતિને સોંપવામાં આવે.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, પક્ષ તરીકે તમે કોઇ પણ માગણી, લાગણી મૂકી શકો પરંતુ વિધાનસભાના નિયમોના નિયમ–૧૩૨ પ્રમાણે વાચન પછીનો જે પ્રસ્તાવ છે એમાં માત્ર પ્રભારી સભ્યશ્રી જ આ વિધેયક સંબંધમાં કંઇ પણ પ્રસ્તાવ મૂકી શકે. અન્ય કોઇ સભ્યશ્રી આ બાબતનો પ્રસ્તાવ મૂકી શકતા નથી.

(આ તબક્કે કૉંગ્રેસ પક્ષના ગૃહમાં હાજર રહેલ તમામ સભ્યશ્રીઓએ વૉકઆઉટ કર્યું.)

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુંછું કે સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક–૧૭–સન–૨૦૨૬નું ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયકનું બીજું વાચન કરવામાં આવે. આ સાથે આપની પરવાનગીથી એક ભૂલ થયેલી છે તે પણ અત્યારે આપની સમક્ષ રજૂ કરું છું. બિલની અંગ્રેજી નકલમાં કલમ–૧૨ના માર્જિનના અંતમાં રજિસ્ટ્રારના સ્પેલિંગમાં ભૂલ છે. શબ્દ છપાયો છે REGISTER. જે પ્રિન્ટિંગ ભૂલ છે. તેની જગ્યાએ REGISTRAR એ શબ્દ વાંચવો.

અધ્યક્ષશ્રી : માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે સુધારો રજૂ કર્યો છે તે બિલમાં લઇ લેવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૩૯૮, અનુસૂચિઓ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક–૧૭–સન–૨૦૨૬નું ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક–૧૭–સન–૨૦૨૬નું ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

બિન–સરકારી કામકાજ

દાખલ કરવાના બિન સરકારી વિધેયકો

સન ૨૦૨૬નું વીજળી (ગુજરાત સુધારા) વિધેયક

વીજળી (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૬

ટ્રાન્સમિશન (પ્રસારણ) કોરિડોરના નિર્માણ માટે વળતર અને નુકસાનીની કાયદેસર માન્યતા માટે ફરજિયાત અનુદાન (ગ્રાન્ટ)ની જોગવાઇ કરવા અને ગુજરાત રાજ્યમાં લાગુ પડતા વીજળી અધિનિયમ, ૨૦૦૩માં સુધારો કરવા બાબત વિધેયક

શ્રી ગોપાલ ઇટાલિયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન–૨૦૨૬નું વીજળી (ગુજરાત સુધારા) વિધેયક–૨૦૨૬ દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

દાખલ કરવાના બિન સરકારી વિધેયકો

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીને સર્વાનુમતે વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૬ દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

બિન–સરકારી સંકલ્પો

વૈશ્વિક સ્તરે પર્યાવરણીય સમસ્યાઓના નિરાકરણ અને જાળવણી અંગેનો સંકલ્પ

માનનીય સભ્યશ્રી અનિરુદ્ધ દવે ---ગેરહાજર

નલ સે જલ યોજના અંતર્ગત ફરિયાદોની તપાસ કરવા અંગેનો સંકલ્પ

માનનીય સભ્યશ્રી ગુલાબસિંહ ચૌહાણ--- ગેરહાજર

નારી શક્તિ વંદનાને અર્થપૂર્ણ બનાવવા જરૂરી પગલાં ભરવા અંગેનો સંકલ્પ

માનનીય સભ્યશ્રી ડી. કે. સ્વામી--- ગેરહાજર

સભાગૃહનું કામકાજ રાત્રિના ૧૦.૪૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૨૫મી, માર્ચ ૨૦૨૬ના રોજ સવારના ૯.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ચૈત્ર ૪, ૧૯૪૮ શાકે

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

બુધવાર, તા.૨૫મી માર્ચ, ૨૦૨૬

ચૈત્ર ૪, ૧૯૪૮ શાકે

સભાગૃહ સવારના ૯–૦૦ વાગ્યે મળ્યું

માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

અમદાવાદ અને સુરત શહેરમાં સાયબર ફ્રોડ અને ડિજિટલ અરેસ્ટના કેસ

*** 15/8/3884 શ્રી અમિત ચાવડા** (આંકલાવ:(**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી) ગૃહ(** જણાવવા કૃપા કરશે કે. –

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા .૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને સુરત શહેરમાં પોલીસ સ્ટેશનવાર સાઈબર ફ્રોડના કેટલા ગુના નોંધાયા,</td><td></td><td>(૧)</td><td>પત્રક–૧ મુજબ,</td></tr>
<tr><td>(૨)</td><td>ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો ફ્રોડ થયાની ફરિયાદો મળી,</td><td></td><td>(૨)</td><td><table><tr><th>શહેર</th><th>તા .૦૧/૦૨/૨૦૨૪ થી તા .૩૧/૦૧/૨૦૨૬ સુધી ઉક્ત ગુનાઓમાં ફ્રોડની રકમ)રૂપિયામાં(</th></tr><tr><td>અમદાવાદ શહેર</td><td>૧,૩૪,૪૫,૪૪,૯૭૫</td></tr><tr><td>સુરત શહેર</td><td>૬૬,૯૩,૧૦,૯૪૧</td></tr></table></td></tr>
<tr><td>(૩)</td><td>કેટલા ગુનાના કેટલા ગુનેગારો પકડાયા, કેટલી રકમ રીકવર કરવામાં આવી, અને</td><td></td><td>(૩)</td><td><table><tr><th colspan="4">તા .૦૧/૦૨/૨૦૨૪ થી તા .૩૧/૦૧/૨૦૨૬ દરમિયાન</th></tr><tr><th>શહેર</th><th>આરોપી પકડાયા હોય તેવા ગુનાની સંખ્યા</th><th>પકડાયેલ ગુનેગારો</th><th>રીકવર કરેલ રકમ)રૂપિયામાં(</th></tr><tr><td>અમદાવાદ શહેર</td><td>૩૧૫</td><td>૬૬૪</td><td>૪૯,૦૧,૪૧,૧૨૬</td></tr><tr><td>સુરત શહેર</td><td>૩૮૫</td><td>૬૮૦</td><td>૬,૭૬,૨૭,૬૩૫</td></tr></table></td></tr>
<tr><td>(૪)</td><td>બાકી ગુનેગારોને પકડવા અને રકમ રીકવર કરવા શી કાર્યવાહી કરવામાં આવી?</td><td></td><td>(૪)</td><td>)a(બાકી ગુનેગારોને પકડવા માટે,બેંક કેવાયસી,બેન્ક સ્ટેટમેન્ટ તેમજ સ્ટેટમેન્ટમાં થયેલા ટ્રાન્જેક્શનોની વિગતો, મોબાઇલ એસ.ડી.આર, સી.ડી.આરની વિગતો, આઇ.પી એડ્રેસના આધારે આરોપીની તપાસકરવામાં આવેલ છે .રાજ્ય બહારના આરોપીઓ માટે તેમના મોબાઈલ નંબર તથા બેન્ક એકાઉન્ટનું સતત ટેકનિકલ એનાલિસિસ કરી, અલગ અલગ રાજ્યોમાં અવાર–નવાર ટીમ મોકલી અને અન્ય રાજ્યની પોલીસની મદદ મેળવી તપાસ કાર્યવાહી કરવામાં આવેલ છે .

(b) રકમ રીકવર કરવા માટે, બેન્કોને રીમાઈન્ડર આપી તથા નોડલ અધિકારીઓ સાથે સંકલન કરવામાં આવે છે .સંબંધિત ખાતાઓ અને ટ્રાંઝેક્શનની માહિતી મેળવી, હોલ્ડ થયેલ રકમ નામદાર કોર્ટ રાહેરીફંડ ઓર્ડર કરાવી અરજદારને પરત કરવામાં આવે છે</td></tr>
</table>

તા.૨૫મી માર્ચ, ૨૦૨૬

તારાંકિત પ્રશ્નો

પત્રક – ૧

પોલીસ સ્ટેશન	તા .૦૧/૦૨/૨૦૨૪ થી તા.૩૧/૦૧/૨૦૨૬ સુધીમાં થયેલ સાયબર ફ્રોડના ગુનાઓની સંખ્યા
(૧)અમદાવાદ શહેર	
ઘાટલોડિયા	૬
સોલા	૬
વસ્ત્રાપુર	૮
નવરંગપુરા	૪
નારણપુરા	૬
વાડજ	૮
ગુજ.યુનિ.	૨
સાબરમતી રીવરફ્રન્ટ વેસ્ટ	૦
શાહપુર	૬
કારંજ	૪
સાબરમતી	૬
રાણીપ	૫
ચાંદખેડા	૧
માધવપુરા	૩
રીવરફ્રન્ટ ઈસ્ટ	૦
શહેરકોટડા	૮
કાલુપુર	૭
ખાડીયા	૪
ગાયકવાડ હવેલી	૭
દરીયાપુર	૯
શાહીબાગ	૧૭
સરદારનગર	૧૯
મેઘાણીનગર	૧૨
કૃષ્ણનગર	૨૨
નરોડા	૨૧
એરપોર્ટ	૧૧
બાપુનગર	૯
ગોમતીપુર	૫
રખીયાલ	૩
રામોલ	૧૫
ખોખરા	૧૨
ઓઢવ	૧૧
નિકોલ	૧૦
અમરાઇવાડી	૬
મણીનગર	૧૧
વટવા	૧
જી.આઇ.ડી.સી	૯
ઇસનપુર	૧૯
કાગડાપીઠ	૧૦
દાણીલીમડા	૧૯
નારોલ	૧૩
એલીસબ્રીજ	૨

વેજલપુર	૧૦
સરખેજ	૨
વાસણા	૪
સેટેલાઇટ	૮
આનંદનગર	૪
પાલડી	૬
બોડકદેવ	૮
ડી.સી.બી.ક્રાઇમ બ્રાન્ચ	૨
સાયબર ક્રાઇમ, અમદાવાદ	૨૩૮
(૨)સુરત શહેર	
સરથાણા	૨૪
લસકાણા	૭
કાપોદ્રા	૧૩
વરાછા	૧૫
પુણા	૬
અશ્વિનીકુમાર	૦
સલાબતપુરા	૮
ઉધના	૯
લીંબાયત	૧૯
ગોડાદરા	૧૮
સારોલી	૮
મહિધરપુરા	૮
લાલગેટ	૧૧
ચોકબજાર	૧૩
કતારગામ	૧૨
સીંગણપોર	૮
અઠવા	૧૭
ઉમરા	૯
વેસુ	૦
પાંડેસરા	૧૨
ખટોદરા	૧૩
અલથાણ	૬
રાંદેર	૧૬
અડાજણ	૧૨
જહાંગીરપુરા	૨
અમરોલી	૨૧
ઉત્રાણ	૧૪
ડીંડોલી	૨૨
સચીન	૦
ભેસ્તાન	૬
સચીન GIDC	૧૧
ડુમસ	૦
ડ્રીમસીટી	૦
ઇચ્છાપોર	૨
પાલ	૦
હજીરા	૧

સાયબર ક્રાઈમ, સુરત	૧૬૫

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જેટલી ચિંતા દારૂ, જુગાર, ડ્રગ્સ અને બાકીની કાયદો અને વ્યવસ્થાની કરીએ એથી વધારે ચિંતા કરવી પડે એવો વિષય સાયબર ફ્રોડનો. આજે ગુજરાત, દેશ અને દુનિયા એનો સામનો કરી રહી છે. મને એનો જવાબ મળ્યો છે, અમદાવાદ અને સુરત શહેર પૂરતો પ્રશ્ન છે. તેમ છતાં છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ શહેરમાં રૂ.૧૩૪ કરોડ જેટલી રકમ સાયબર ફ્રોડમાં લોકોએ ગુમાવી છે અને સુરત શહેરમાં લગભગ રૂ.૬૭ કરોડની રકમ ગુમાવી છે. એની સામે રિકવર કેટલા થયા તો એના જવાબમાં જણાવ્યું છે કે, અમદાવાદ શહેરમાં રૂ.૧૩૪ કરોડની સામે રૂ.૪૯ કરોડ અને સુરત શહેરમાં રૂ.૬૭ કરોડ સામે રૂ.૬ કરોડ રિકવર થયા છે. ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે પકડાયા નથી એવા કેટલા ગુનેગારો છે? જે ગુનેગારો પકડાયા છે પણ રકમ રિકવર થઈ ના હોય એવા કિસ્સા કેટલા છે? આના ઉપર કડક કાર્યવાહી થાય અને ભવિષ્યમાં લોકો આવા કોઈ ગુનાનો ભોગ ના બને એ માટે આપણી પાસે કોઈ ફૂલપ્રૂફ સિસ્ટમ છે કે કેમ?

શ્રી કૌશિકભાઈ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, સાયબર ફ્રોડ જે રીતે થતા હોય છે એમાં ઘણીવાર ઓ.ટી.પી. મારફત ફ્રોડ થતા હોય છે. ઘણીવાર યુ.પી.આઈ. મારફત ફ્રોડ થતા હોય છે આવા અનેક અલગ અલગ બનાવો બનતા હોય છે. સાયબર ક્રાઈમ અન્ય ગુનાથી એ રીતે અલગ પડે છે કે સાયબર ક્રાઈમમાં આરોપીઓ સ્થળ ઉપર હાજર હોતા નથી. એટલે કે ગુનાઓ બને ગુજરાત બહાર અને ફરિયાદ નોંધાય ગુજરાતમાં. ઘણીવાર દેશ બહાર પણ આવા સાયબર ફ્રોડ થતા હોય છે એને પકડવા ખૂબ મુશ્કેલ હોય છે. ઘણા આરોપીઓ વિદેશમાં પણ હોય છે. વધુમાં સાયબર ક્રિમિનલ ગુનાઓ વી.પી.એન. ડાર્ક વેબ, ક્રિપ્ટો કરન્સી વગેરેનો ઉપયોગ કરે છે જેમને ટ્રેસ કરવામાં સમય લાગે છે. વધુમાં સાયબર ક્રાઈમની તપાસ માટે દેશની બહારના પ્લેટફોર્મ જેવા કે ગુગલ, મેટા, ઈન્સ્ટાગ્રામ, ફેસબુક, ટ્વીટર અને એક્સ ઉપર આધાર રાખવો પડે છે. તેમ છતાં ગુજરાત પોલીસ તમામ પ્રકારના સાયબર ફ્રોડના ગુનાઓ ઉકેલવા માટે પ્રયત્ન કરતી હોય છે અને ઘણા કેસોમાં આમાં સફળતા પણ મળતી હોય છે. સાયબર ફ્રોડના ગુના એવા છે કે ગુનેગારો સ્થળ ઉપર હાજર હોતા નથી એના કારણે એમને પકડવા પણ મુશ્કેલ પડતા હોય છે પણ પોલીસ અને સરકાર દ્વારા એમના ઉપર પગલાં લેવા માટેના કાયમી પ્રયાસો થતા હોય છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મેં બહુ સ્પષ્ટ પૂછ્યું છે કે કેટલા ગુનેગારો પકડવાના બાકી છે? જે ગુનેગારો પકડાયા છે, અમદાવાદમાં ૬૬૪ અને સુરતમાં ૬૮૦, એ પૈકી રકમ રિકવર ના થઈ હોય એવા કિસ્સા કેટલા છે? કારણ કે રિકવર ના થઈ હોય એવી રકમ કરોડોમાં છે.

અધ્યક્ષશ્રી : એ જવાબમાં લખેલી છે. એમણે લેખિત જવાબ આપ્યો છે એ તમે ફરી ના માંગો.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, રિપીટ કરતો નથી. કેટલા ગુનેગારોને પકડવાના બાકી છે? જે ગુનેગારો પકડાયા છે પણ રકમ રિકવર થઈ નથી એવા કેટલા કિસ્સા છે? સાહેબ, તમે જે બાકીનું કહ્યું. અમારું લોકેશન શોધી કાઢે અને અમારી ગાડીઓ ચેક થાય છે. (અંતરાય) આ ગુનાઓમાં પકડાતું નથી.

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઈ, તમે શું કામ પોલિટિકલ વાત કરો છો. તમે સિનિયર છો.

શ્રી કૌશિકભાઈ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પણ કહ્યું કે, અન્ય ગુનાઓ કરતાં સાયબરના ગુનાઓ અલગ હોય છે. આ ગુનાઓ વિશિષ્ટ પ્રકારના હોય છે એ જોતાં ગુનેગારોની સંખ્યા પ્રાથમિક રીતે તપાસ કર્યા બાદ નક્કી થતી હોય છે. જે સાયબર ફ્રોડ થતા હોય છે એ દેશ અને રાજ્ય બહાર હોય છે. આવા ગુનાઓના કારણે... (અંતરાય)..

અધ્યક્ષશ્રી : આપની પાસે માહિતી છે કે કેટલા બાકી છે?

શ્રી કૌશિકભાઈ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, નહીં, એ માહિતી નથી. કારણ કે, મેં અગાઉ પણ કહ્યું કે આ માહિતી ખૂબ અઘરી પડતી હોય છે.

અધ્યક્ષશ્રી : નહીં, કેટલાની રિકવરી છે અને કેટલા પકડવાના બાકી છે? એટલું જ ખાલી એમને આંકડો જ જોઈએ છે આપની પાસે હોય તો આપો.

શ્રી કૌશિકભાઈ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષજી, તપાસના આધાર ઉપર માહિતી મળતી હોય છે.

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ઓપરેશન મ્યુલ હન્ટ ઓપરેશનશું છે અને ઓપરેશન મ્યુલ હન્ટ દરમ્યાન શું કામગીરી કરવામાં આવી છે?

શ્રી કૌશિકભાઈ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે માનનીય અમિતભાઈ શાહ દ્વારા વાત કરવામાં આવી છે મ્યુલ હન્ટ એટલે શું? એટલે કે એવો વ્યક્તિ કે જે પોતાના બેંક એકાઉન્ટમાં ઉપયોગ ગુનેગારોને કરવા માટે આપે છે અને જાણતાં-અજાણતાં સાયબર ફ્રોડમાં ભાગીદાર બની જાય છે. આવા મ્યુલ હન્ટ મારફત કરોડો રૂપિયાની લેવડ-દેવડ થાય છે. માનનીય મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાત પોલીસે ડિસેમ્બર-૨૦૨૫માં ફકત બે અઠવાડિયામાં ડ્રાઇવમાં સમગ્ર દેશવાસીઓને જેની હકારાત્મક નોંધ લીધી છે તેમાં ઐતિહાસિક કામગીરી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડ્રાઇવ હેઠળ અમદાવાદ શહેરમાં ૧૦૧ ગુના દાખલ કરી ૧૧૫ આરોપીઓની ધરપકડ કરી છે અને સુરત શહેરમાં ૧૪૨ ગુના દાખલ કરી અને ૪૪ આરોપીઓની ધરપકડ કરી છે. સમગ્ર રાજયમાં ડ્રાઇવ હેઠળ ૫૩૯ ગુનાઓ દાખલ કરી અને ૪૯૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

તારાંકિત પ્રશ્નો

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, એમણે એમના જવાબમાં જણાવ્યું કે, સાયબર જે ગુનાઓ બનતા હોય છે તે ગુનાઓ વિદેશી લોકો પણ તેની અંદર હોય છે અને રાજય બહારના અને રાજયના પણ લોકો હોય છે. થયેલા ગુનાઓની સંખ્યાના પ્રમાણમાં ગુનેગારોની સંખ્યા વધારે છે. મારો પ્રશ્ન એ છે કે, પકડવાના જે બાકી છે તેમાં આઉટ સ્ટેટના કેટલા છે, ફોરેન કન્ટ્રીના કેટલા છે અને ગુજરાતના કેટલા છે તે માનનીય મંત્રીશ્રી જણાવે?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પણ મારા જવાબમાં એવુ કહ્યું કે, આ ગુનેગારો પકડવાનો આંકડો પકડ્યા પહેલાં નક્કી ના થઇ શકે. ઘણી વખત રાજયના બહારના ગુનેગારો જે પણ ગુનો કરતા હોય છે, દેશ બહારના પણ હોય છે જયારે કોઇ ગુનેગાર પકડાય ત્યાર પછી તેમની ખબર પડતી હોય છે કે તેમની સાથે કેટલા લોકોનું જોડાણ થયેલું છે અને ત્યાર બાદ તેમનો સ્પષ્ટ રીતે આપણે ઉલ્લેખ કરી શકતા હોઇએ છીએ. ડાયરેકટ આપણે એમ ના કહી શકીએ કે આટલા ગુનેગારો આમની સાથે જોડાયેલા છે. આ ગુનામાં વિશિષ્ટ પ્રકારના ગુનાની તપાસ બાદ જ ખબર પડતી હોય છે કે આમાં કેટલા ગુનેગારો જોડાયેલા છે.

રાજકોટ જિલ્લામાં હાથશાળ –હસ્તકલા મેળા પ્રદર્શન

* **3487/8/15ડૉ .મહેન્દ્રભાઈ પાડલિયા**) ઘોરાજી :(**માનનીય ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ નીસ્થિતિએછેલ્લાબેવર્ષમાંરાજકોટ જિલ્લામાં હાથશાળ–હસ્તકલાના મેળા પ્રદર્શનમાં કેટલા કારીગરોએ ભાગ લીધો, અને	(૧)	૪૭૩
(૨)	કેટલી રકમનું વેચાણ કરવામાં આવ્યું?	(૨)	૩ .૨.૧૪કરોડ

ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં હાથશાળ અને હસ્તકલાના પ્રદર્શનમાં અને મેળામાં કેટલા કારીગરોએ ભાગ લીધો? અને આ પ્રદર્શન દરમિયાન કેટલી રકમનું વેચાણ થયું?

શ્રી સ્વરુપજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં હાથશાળ અને હસ્તકલા મેળા પ્રદર્શનમાં ૪૭૩ કારીગરોએ ભાગ લીધો અને રૂપિયા ૨.૧૪ કરોડની રકમનું વેચાણ કરવામાં આવ્યું.

ડૉ. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આપના માધ્યમથી આજે મહિલા અને બાળ વિકાસના મંત્રી ડૉ.મનીષાબેન વકીલનો જન્મદિવસ છે ત્યારે તેમને જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.

અધ્યક્ષશ્રી : આ વિધાનસભા ગૃહ વતી પણ ડૉ.મનીષાબેનને જન્મ દિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ.

ડૉ. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા સશકિતકરણને પ્રાધાન્ય આપતું અને જે ઐતિહાસિક યુ.સી.સી. બિલ ગઇ કાલે રજૂ કરવામાં આવ્યું અને આપની અધ્યક્ષતામાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી અને તમામ મંત્રીશ્રીઓની અધ્યક્ષતામાં આ બિલ રજૂ કરીને અમને સૌને આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનાવ્યાં તે બદલ આપ સર્વેનો અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી' ના મંત્રને ચરિતાર્થ કરવા માટે થઇને રાજકોટ ખાતે જે આ ગરવી ગુર્જરી અને ઇન્ડેક્ષ્ટ–સી દ્વારા જે આવા હાથશાળ અને હસ્તકલાના જે મેળાઓ યોજયા છે તો ગત બે વર્ષમાં આમાં કેટલા કારીગરોએ ભાગ લીધો.

શ્રી સ્વરુપજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ ખાતે કુટિર પ્રભાગ હેઠળ ઇન્ડેક્ષ્ટ–સી અને ગરવી ગુર્જરી દ્વારા યોજાયેલ હાથશાળ અને હસ્તકલાઓના કુલ–મેળાઓમાં વર્ષ–૨૦૨૪માં કુલ–૧૧૪ કારીગરો દ્વારા ભાગ લીધેલ, જયારે વર્ષ–૨૦૨૫માં આ વધીને કુલ–૩ મેળાઓમાં કુલ–૩૫૬ કારીગરો દ્વારા ભાગ લેવામાં આવેલ. આમ, વર્ષ–૨૦૨૪ કરતા વર્ષ–૨૦૨૫માં ભાગ લીધેલ કારીગરોમાં અંદાજિત ૪૭ ટકાનો વધારો થયેલ છે.

વલસાડ જિલ્લામાં વ્યક્તિગત ઘોરણે આવાસ આપવાની યોજના

***15/8/2657શ્રી અરવિંદ છોટુભાઈ પટેલ** (ધરમપુર)**:માનનીયઆદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓનેવ્યક્તિગત ઘોરણે આવાસ આપવાની યોજના અમલમાં છે કે કેમ,	(૧)	હા, જી
(૨)	જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને શો લાભ આપવામાં આવે છે, અને	(૨)	લાભાર્થી દીઠ રૂ.૧,૭૦,૦૦૦/– ની સહાય

(૩)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી સહાય આપવામાં આવેલ છે?	(૩)	૩. ૪૪૫.૭૦ લાખ

શ્રી અરવિંદભાઇ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આવાસ યોજના અંતર્ગત આજે લાખોની સંખ્યામાં કાચાથી પાકા ઘરો બન્યા છે અને હજુ પણ લોકોની માગણી આવે છે. અને વ્યક્તિગત ધોરણે આવાસ યોજના અંતર્ગત જે આવાસોની અરજીઓ આવે એના કરતાં પણ વધારે અરજીઓ આવે છે તો જે વધારે અરજીઓ આવે એને કઇ રીતે પ્રાથમિકતા આપવામાં આવે છે એ મારે મંત્રીશ્રી પાસે જાણવું છે?

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ કુટુંબો દૂર દૂરના વિસ્તારમાં રહેતા હોય છે. આવાસની બહુ જરૂરિયાત હોય છે, કાચું મકાન હોય, જર્જરિત મકાન હોય, વસવાટની મુશ્કેલી પડતી હોય ત્યારે સરકાર દ્વારા આ ગરીબ વ્યક્તિને આ આવાસ યોજનાનો લાભ આપવામાં આવે છે અને ત્યાંની ભૌગોલિક પરિસ્થિતિ ધ્યાને રાખી વ્યક્તિગત ધોરણે મકાનનો લાભ આપવામાં આવે છે. સભ્યશ્રીએ પ્રાથમિકતા વિશે પૂછયું છે તો પ્રથમ પ્રાથમિકતા અનુસૂચિત જનજાતિના ગંગા સ્વરૂપા મહિલા, ત્યકતા, છૂટાછેડા લીધેલી મહિલા, આદિમ જૂથના વ્યક્તિઓ, દિવ્યાંગ વ્યક્તિઓ, કુદરતી અને માનવસર્જિત આપત્તિમાં પૂર્ણરૂપે નષ્ટ થયેલ મકાન માટે પ્રથમ પ્રાયોરિટી આપવામાં આવે છે. બીજી પ્રાયોરિટીમાં ઘરવિહોણા અથવા ઝૂંપડામાં રહેતા તમામ વ્યક્તિઓ કે જેમને માટીનું કાચું મકાન હોય, તદ્દન કાચું ઘર હોય એનો સમાવેશ કરેલ છે અને અરજીઓ વધુ હોય તો એને ડ્રો સિસ્ટમથી અને અરજીઓ બાકી હોય તો આગળ કેરી ફોરવર્ડ કરવામાં આવે છે.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું સરકારનું થોડું ધ્યાન દોરવા પણ માગું છું અને વિનંતી પણ કરું છે કે સરકાર મારફત જે આવાસો બનતા હોય છે, પ્રધાનમંત્રી આવાસ યોજના હોય કે અનુસૂચિત જનજાતિના લોકો માટે હોય. તો મારી વિનંતી એટલી જ છે કે દેશના વડાપ્રધાનશ્રી પણ ગ્રીન એનર્જી માટે આખા દેશમાં કામ કરી રહ્યા હોય ત્યારે ગુજરાતની અંદર જે આવા આવાસો બનતા હોય એ ગરીબ માણસના આવાસો બનતા હોય છે ત્યારે એની અંદર સોલાર સિસ્ટમ પણ જો ફીટ કરવામાં આવે અને સી.એસ.આર. ફંડમાંથી એની થોડીક જ રકમ ભરવામાં આવે તો એને કાયમ માટે વીજળીના બિલનો ઉકેલ મળી જાય તો આવી સોલાર સિસ્ટમ ફીટ કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ આવાસ યોજના ફકત અનુસુચિત જનજાતિ માટે છે પણ માનનીય ભગાભાઇનું એક સૂચન બહુ સારું છે, મારે સરકારશ્રીને અભિનંદન આપવા પડે કે હવે તો આપણે ઘરવપરાશ માટે પણ સોલારમાં સબસિડી સાથે એનો પણ આપણે સમાવેશ કરેલો જ છે પણ ભગાભાઇ, અમારી જે આ યોજના છે એ મારા મંત્રીશ્રીએ પૂરી વિગત સાથે જણાવ્યું પણ મને જણાવતાં આનંદ થાય છે કે રુ. એક લાખ સિત્તેર હજાર ઉપરાંત આપણે મનરેગા યોજના હતી એને જોડતા હતા હવે જી-રામજી યોજનાને પણ એમાં આપણે જોડીશું જેથી ટોયલેટની વ્યવસ્થા પણ થાય છે અને લાભાર્થી જો આમાં થોડી મદદ કરે તો બાથરૂમ સાથે આપણે આખી વ્યવસ્થા આપીએ છીએ અને ઊર્જા વિભાગ તરફથી વીજળીનું મફત કનેકશન પણ આપીએ છીએ અને આવનારા દિવસોમાં સોલાર સિસ્ટમનો લાભ પણ આવા આવાસોને મળશે એવો મને વિશ્વાસ છે.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છે કે અનુસૂચિત જનજાતિના કેટલાક વ્યક્તિઓ એવા હોય છે કે આવાસનો લાભ મંજૂર કરવો હોય તો એમાં પહેલી શરત એ છે કે લાભાર્થીની પોતાની જમીન હોવી જોઇએ, પણ ઘણા લાભાર્થીઓ એવા હોય છે કે જે ગૌચરની જમીનમાં, ગામતળમાં કે સરકારી ખરાબો હોય ત્યાં ઝૂંપડા બાંધીને રહેતા હોય અને એવા જનજાતિના વ્યક્તિઓને વ્યક્તિગત સરકારી આવાસનો લાભ આપવો હોય તો એના માટે સરકારની શું યોજના છે?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતા ડૉ.તુષારભાઇની જે ચિંતા છે, તેમાં આપણી ઘરથાળના પ્લોટ આપવાની યોજના છે જ. મોટાભાગે આવા જમીન વિહોણાં હોય ત્યારે તાલુકા કક્ષાએ પણ એક કમિટીની રચના કરેલી છે અને એની પૂરી દરખાસ્ત કરીને કારણ કે ગામતળ ઓછું હોવા છતાં પણ આપણે કોઇને કોઇ બીજી જમીન નીમ કરીને એને પ્લોટની ફાળવણી કરીને એ ઘરથી વિહોણો ન બની થાય એની વ્યવસ્થા આપણી સરકાર કરે જ છે, એમાં કોઇ ચિંતાનું કારણ નથી.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મને મળી ગયો છે એટલે હવે મારે પ્રશ્ન પૂછવાનો થતો નથી.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વલસાડ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં વ્યક્તિગત ધોરણે આવાસ સહાય યોજનામાં કેટલો લક્ષ્યાંક નક્કી કરવામાં આવેલ છે? અને કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી?

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, વ્યક્તિગત ધોરણે આવાસ સહાય યોજનામાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૩૦૯ના લક્ષ્યાંક સામે ૩૧૦ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી અને વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ ૫૮૩ના લક્ષ્યાંક સામે ૫૮૩ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી.

તારાંકિત પ્રશ્નો

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વલસાડ જિલ્લામાં આવા ઘરથાળના કેટલા પ્લોટ આપવામાં આવ્યા? ધારો કે ગામમાં ગામતળ ન હોય કે ખરાબાની જમીન ન હોય તો તેમને કઈ રીતે પ્લોટ ફાળવવામાં આવ્યા?

શ્રી નરેશભાઈ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે માહિતી માગી છે તે હાલ મારી પાસે નથી પરંતુ ઘરથાળના કેટલા પ્લોટ આપવામાં આવ્યા છે તે વિગત આપીશું. માનનીય સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં મારે ગર્વ સાથે કહેવું પડે કે, દક્ષિણ ગુજરાતમાં હળપતિ સમાજની ૭થી ૮ લાખની સંખ્યા છે. તેઓ હરહંમેશ માટે સરકારની ગૌચરમાં અથવા તો ખરાબામાં અથવા કોઇ માલિકીની જમીનમાં રહે છે તેમ છતાં એક પણ હળપતિને આવાસ વિહોણા રાખવામાં આવ્યા નથી. તે જ રીતે અનુસૂચિત જનજાતિમાં પણ જો જમીન વિહોણા હોય તો ચોક્કસ રીતે તેની વ્યવસ્થા કરવામાં આવે છે. મારે સરકારને અભિનંદન આપવા પડે કે હવે તો રૂપિયા એક લાખની સહાય ઘરનો પ્લોટ લેવા માટે આપવામાં આવે છે. ચિંતાનું કોઇ કારણ નથી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ એવું કહીને છૂટી ન શકો કે મારી પાસે માહિતી નથી. માહિતી ન હોય તો આપે રેકર્ડ ઉપર મૂકવી પડશે.

શ્રી નરેશભાઈ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં ઘરથાળના પ્લોટ કેટલા લોકોને આપવામાં આવ્યા તેની સંખ્યાની જાણ માનનીય સભ્યશ્રીને ચોક્કસ કરવામાં આવશે.

મોરબી જિલ્લામાં માનવ કલ્યાણ યોજના

*** 15/8/3460 શ્રી ગૌતમભાઈ ગોપાભાઈ ચૌહાણ**) તળાજા :(**માનનીય ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે– .

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોરબી જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે કેટલી અરજીઓ મળી,અને	(૧)	૨૩૦૨
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?	(૨)	૬૧૭

શ્રી ગૌતમભાઈ ગો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબ મળ્યો છે અને મારો પ્રશ્ન એ હતો કે માનવ કલ્યાણ યોજના હેઠળ મોરબી જિલ્લામાં કુલ કેટલી અરજીઓ આવી અને કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી? આમાં ૨૩૦૨ અરજીઓ આવી છે તેમાંથી ૬૧૭ અરજી નામંજૂર કરવામાં આવી છે. આ અરજીઓ નામંજૂર કરવાના કારણો શું છે તે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું?

શ્રી સ્વરુપજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, મોરબી જિલ્લામાં તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધીના સમયગાળામાં માનવ કલ્યાણ યોજના અન્વયે ૬૦૪ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે. આધારકાર્ડ, પાનકાર્ડ, ચૂંટણી કાર્ડ, ઉંમરનો પુરાવો રજૂ કરેલ ન હોવાથી, ગ્રામીણ વિસ્તારના બી.પી.એલ. દાખલા, શહેરી વિસ્તાર માટે સુવર્ણ કાર્ડની નકલ, આવકનો દાખલો, સબંધિત પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોવાથી, જાતિ પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોવાથી માનવ કલ્યાણ યોજનાના તથા રાજ્ય સરકારની કે સરકારી બોર્ડ/કૉર્પોરેશનમાંથી અગાઉ સાધન સહાય માટે લાભ લીધેલ હોવાથી અને ધંધાના અનુભવ પ્રમાણપત્ર, સેલ્ફ ડેક્લેરેશન રજૂ કરેલ ન હોવાથી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે.

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, માનવ કલ્યાણ યોજનાનો લાભ કોને મળવાપાત્ર છે તથા આ યોજના અન્વયે લાભ મેળવવા માટેની અરજી પ્રક્રિયા શું છે?

શ્રી સ્વરુપજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાં દસ ટ્રેડમાં નાના પ્રકારના વેપાર–ધંધા કરવામાં સમાજના નબળા વર્ગોના ૧૮થી ૬૦ વર્ષની ઉંમરના લોકો કે જેઓની કુટુંબ દીઠ વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તાર માટે ૩.૬ લાખ સુધીની હોય છે તેવા લોકોને આર્થિક આવકમાં વધારો કરવા માટે વ્યવસાય માટે જરૂરી સાધન સહાય ઇ–વાઉચર પદ્ધતિથી આપવામાં આવે છે. અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત વર્ગની ૧૨ જાતિઓ માટે તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી અતિ પછાત તેમજ વિચરતી અને વિમુક્ત જાતિઓ માટે કોઇ આવકમર્યાદા લાગુ પડતી નથી. તેમજ આ જાતિ ઘરાવતા અરજદારોએ માત્ર જાતિ પ્રમાણપત્ર અપલોડ કરવાનું રહે છે અને તેઓએ આવકનો દાખલો રજૂ કરવાનો રહેતો નથી. આ યોજનાનો લાભ મેળવવા માટે અરજદાર ઓનલાઇન અરજી કરે છે. જે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ ઇ–કુટિર પોર્ટલ પર અરજી મળે છે. જેની ચકાસણી કરી જનરલ મેનેજરશ્રી કક્ષાએ મંજૂર કરવામાં આવે છે. આ મંજૂર અરજીઓનો જિલ્લા કક્ષાએ નિયત સમિતિ સમક્ષ ઓનલાઇન ડ્રૉ કરવામાં આવે છે. ઓનલાઇન ડ્રૉમાં પસંદગી પામેલ લાભાર્થીઓ ઇ–

વાઉચર જનરેટ કરવામાં આવે છે. ગ્રીમકો કચેરી દ્વારા નિયુક્ત કરેલ વેન્ડર/ડીલર્સનો સંપર્ક કરીને લાભાર્થીને તેની મંજૂર થયેલ ટૂલકિટની પસંદગી મુજબના સાધનો ઈ-વાઉચરથી ખરીદી કરી યોજનાનો લાભ મેળવી શકે છે.

રાજ્યમાંનવાએસ.ડી.પી.ઓ .મંજૂરીબાબત

***15/8/3542 શ્રી વિરેન્દ્રસિંહ બહાદુરસિંહ જાડેજા**) રાપર:(**માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી) ગૃહ (**જણાવવા કૃપા કરશે કે. –

પ્રશ્ન	**જવાબ**
(૧) તારીખ ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નવા એસ.ડી.પી.ઓ .મંજૂર થયેલ છે, અને	(૧)હા,
(૨) જોહા, તો તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલા નવા એસ.ડી.પી.ઓ .મંજૂર કરવામાં આવેલ છે.	(૨)૩૯

શ્રી વિરેન્દ્રસિંહ બ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં નવા એસ.ડી.પી.ઓ. મંજૂર થયેલ છે કે કેમ? જો હા, હોય તો તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં કેટલા નવા એસ.ડી.પી.ઓ. મંજૂર કરવામાં આવેલ છે?

અધ્યક્ષશ્રી : શ્રી વિરેન્દ્રસિંહભાઈ , તમે તંદુરસ્ત થઈને આવી ગયા એ માટે ખૂબ ખૂબ અભિનંદન.

શ્રી કૌશિકભાઈ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ અને પશ્ચિમમાં અગાઉ નખત્રાણા અને ભુજ ડિવિઝનમાં નલીયા, મુન્દ્રામાં આખા રાજ્યમાં કુલ ૩૯ નવા એસ.ડી.પી.ઓ. મંજૂર કરવામાં આવેલ છે.

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ૩૯ જેટલા એસ.ટી.ડેપો મંજૂર કરવામાં આવેલ છે એ સારી બાબત છે. મારા બોટાદ જિલ્લામાં જે હયાત એસ.ટી.ડેપો છે એ સિટીની વચ્ચે છે. સિટીની વચ્ચે હોવાના કારણે રસ્તાઓ ખૂબ નાના છે. એટલે બસો આવે ત્યારે ટ્રાફિકનો ખૂબ મોટો પ્રશ્ન સર્જાતો હોય છે. બોટાદ જિલ્લો બન્યાને ઘણો સમય થયો. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, બોટાદમાં જિલ્લાકક્ષાનું એસ.ટી. ડેપો ક્યારે બનાવવા માગો છો? અને નવો ડેપો છે એ રેલ્વે સ્ટેશનની બાજુમાં ઝવેરી જીન અથવા તો જે કાઠિયાવાડી જીન આવેલ છે ત્યાં ખૂબ મોટી વિશાળ સરકારી જમીન છે. એ જમીનમાં એસ.ટી. ડેપો બનાવવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : આ એસ.ટી. ડેપો નહીં એસ.ડી.પી.ઓ. છે.

શ્રી કૌશિકભાઈ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન એસ.ટી. વિભાગનો છે. હું જે જવાબ આપી રહ્યો છું એ ગૃહ વિભાગનો છે. પણ માનનીય મંત્રીશ્રી પ્રવિણભાઈ માળી બેઠા છે એમને પ્રશ્ન મૂવ કરું.

અધ્યક્ષશ્રી : એમને કહેજો કે બાયપાસ કરજો.

સાબરકાંઠા અને તાપી જિલ્લામાં પકડાયેલ નશીલા પદાર્થો

***15/8/3875ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(ગૃહ)**જણાવવાકૃપા કરશે કે.–

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સાબરકાંઠા અને તાપી જિલ્લામાંથી છેલ્લા એક વર્ષમાં વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થો/દ્રવ્યોનો કેટલો જથ્થો પકડાયો,	(૧)	પત્રક-૧
(૨)	ઉક્ત જિલ્લાવાર પકડાયેલ વિદેશી દારૂ, દેશી દારૂ, બિયર અને નશીલા પદાર્થો/દ્રવ્યોની કિંમત કેટલી છે, અને	(૨)	પત્રક-૨
(૩)	ઉક્ત જિલ્લાવાર દારૂની હેરાફેરીમાં સંડોવાયેલ કેટલી કિંમતના કેટલા વાહનો પકડવામાં આવ્યા ?	(૩)	પત્રક-૩

પત્રક-૧

તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫				
જિલ્લાનું નામ	**વિદેશી દારૂ જથ્થો)બોટલ(**	**દેશી દારૂ જથ્થો)લિટર(**	**બિયરનો જથ્થો)બોટલ(**	**નશીલા પદાર્થો/દ્રવ્યોનો જથ્થો**
સાબરકાંઠા	૧૨૮૫૮૭	૧૭૦૬૨	૧૪૩૨૭	૭૬૯ કિલો ૯૪૮ ગ્રામ૩૪૨ મિલિગ્રામ
તાપી	૧૧૨૨૯૯	૧૫૨૦૮	૨૭૩૮૨	૨૪ કિલો૬૭૨ ગ્રામ

પત્રક-૨

તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫				
જીલ્લાનું નામ	**વિદેશી દારૂની કિંમત**	**દેશી દારૂની કિંમત**	**બિયરની કિંમત**	**નશીલા પદાર્થો / દ્રવ્યોની કિંમત**
સાબરકાંઠા	૩.૬,૩૬,૦૮,૭૯૦-/	૩.૩૪,૧૨,૪૦૦-/	૩.૨૮,૦૮,૩૧૮-/	૩.૨,૧૩,૨૫,૦૨૫-/
તાપી	૩.૩,૧૨,૧૩,૦૩૦-/	૩.૩૦,૪૧,૬૦૦-/	૩.૫૫,૬૭,૬૪૦-/	૩ .૨,૬૦,૬૪૦-/

પત્રક-૩

તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫		
જીલ્લાનું નામ	**દારૂની હેરાફેરીમાં પકડાયેલ વાહનોની કિંમત**	**દારૂની હેરાફેરીમાં પકડાયેલ વાહનોની સંખ્યા**
સાબરકાંઠા	૩ .૭,૨૭,૮૯,૦૦૦-/	૨૯૧
તાપી	૩ .૧,૮૬,૧૩,૫૦૦-/	૫૦

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં જે માહિતી આપેલ છે એ જથ્થા પૈકી સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા કેટલો જથ્થો પકડવામાં આવ્યો છે?, લોકલ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા કેટલો જથ્થો પકડવામાં આવ્યો છે? સ્થાનિક પોલીસ સ્ટેશન દ્વારા કેટલો જથ્થો પકડવામાં આવ્યો છે? અને આ જે જથ્થો પકડાયો છે એમાં કોઇ પોલીસ અધિકારી સામે ક્વોલિટી કેસ કરવામાં આવેલ છે કે કેમ?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દ્વારા મોટાભાગનો જથ્થો સ્થાનિક પોલીસ દ્વારા પકડવામાં આવેલ છે તેમ છતાં સાબરકાંઠા જિલ્લામાં એલ.સી.બી. એસ.ઓ.જી. દ્વારા ગણનાપાત્ર ૪૫ કેસો, તાપી જિલ્લા અને એલ.સી.બી., એસ.ઓ.જી. દ્વારા ગણનાપાત્ર ૩૪ કેસો કરવામાં આવેલ છે અને પોલીસ દ્વારા રેડ કરવામાં આવે છે. ખાસ કરીને સાબરકાંઠાની વાત કરું તો, ૨૮ હજાર રેડ કરેલ છે અને ૧૬ હજાર રેડમાં દારૂ કે નશીલા પદાર્થો પણ પકડેલ છે. એવી જ રીતે મોટાભાગના કેસોની વાત કરું તો, રોકડ દંડની શિક્ષા બે પી.એસ.આઇ. ને કરવામાં આવેલ છે, એક એ.એસ.આઇ.ને કરવામાં આવેલ છે, એક હેડ કોન્સ્ટેબલને કરવામાં આવેલ છે અને છ પી.સી.ને કરવામાં આવેલ છે. આવી રીતે અલગ-અલગ કાર્યવાહી કરવામાં આવતી હોય છે અને એની પર પગલાં પણ લેવામાં આવતાં હોય છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, દેશી દારૂની વાત કરી કે આટલો જથ્થો પકડાયો છે. ગામડાંમાં કોઇક જગ્યાએ પોલીસ કડક કાર્યવાહી કરે જ છે. કયાંક દેશી દારૂના અડ્ડા ચાલે છે, એના ઉપર કડક કાર્યવાહી થાય છે પરંતુ તેઓ કેમિકલ નાંખીને કે કોઇપણ પ્રકારના પ્રવાહીનો ઉપયોગ કરીને આ વસ્તુ બનાવતા હોય છે. ગામડાંમાં ગરીબ લોકો ઘણા મોટા પ્રમાણમાં મૃત્યુ પામે છે. આમાં આપણે કડક કાયદો કરીને અમલ કરવા માગીએ છીએ કે કેમ? જેથી કરીને એનો દંડ મોટો હોય અને આના ઉપર પ્રતિબંધ લાવી શકાય?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે ગુનેગારો પકડાય છે એમની સામે કાયદા પ્રમાણે કડક કાર્યવાહી કરવામાં આવતી હોય છે. સ્થાનિક પોલીસ પી.એસ.આઇ. લેવલના, એલ.સી.બી. જિલ્લા લેવલના અને એસ.ઓ.જી. રાજ્ય લેવલના હોય છે. અગાઉ આવી કામગીરી ઉપર પગલાં લીધેલાં છે. અત્યારે આમાં જે ગુનેગારો પકડાય છે એમની સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે છે. સરકારશ્રી કાયદા આધારે આવા દરેકને એરેસ્ટ કરી જેલના હવાલે કરતા હોય છે.

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સાબરકાંઠા અને તાપી જિલ્લામાં નશીલા પદાર્થના કેટલા આરોપીઓ પકડવામાં આવેલ છે?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એમ ૨૮ હજાર રેડ કરી હતી એમાં ૧૬ હજાર રેડમાં દારૂ કે નશીલા પદાર્થો પકડાયા હતા. આરોપીઓને પકડવાની જે વાત છે એની જિલ્લાવાઇઝ માહિતી હું એમના ટેબલ ઉપર પહોંચાડી દઇશ. જે ગુનેગારો છે એમને પકડીને જેલના સળિયા પાછળ ધકેલવાનું કામ પોલીસ દ્વારા કરવામાં આવતું હોય છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સાબરકાંઠા જિલ્લામાં આ ગુનામાં જે આરોપીઓ પકડાયા છે એમની મિલકતો કોઇ કેસમાં જપ્ત કરવામાં આવી છે કે કેમ?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૪માં રૂ.૧૪,૭૦,૦૦૦ અને વર્ષ ૨૦૨૫માં રૂ.૧૭, ૨૨,૦૦૦ એમ કુલ રૂ.૩૧,૯૩,૦૦૦ની આરોપીઓની મિલકત જપ્ત કરવામાં આવી છે.

દાહોદ જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના

શ્રી કનૈયાલાલ બ. કિશોરી : માનનીય અધ્યક્ષશ્રી, બાજપાઇ બેન્કેબલ યોજનાનો મારો પ્રશ્ન છે. બાજપાઇ બેન્કેબલ યોજના આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે ખૂબ સારી યોજના છે. મને જવાબ આપવામાં આવ્યો છે કે, ૧૬૫૭ અરજીઓ કરવામાં આવી તે પૈકી ૧૩૯૦ને લોન આપવામાં આવી અને ૨૬૭ અરજીઓ બાકી છે. ૧૩૯૦ અરજીઓમાં જે લોન આપવામાં આવી એની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને ૨૬૭ અરજીઓ બાકી છે એમાં વાસ્તવમાં જ્યારે બેંકોમાં લાભાર્થીઓ જાય

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અન્વયે કેટલી અરજીઓ આવી,	(૧)	૩૨૫૫
(૨)	તે પૈકી કેટલી અરજીઓનીભલામણ બેંકોને કરવામાં આવી, અને	(૨)	૧૬૫૭
(૩)	તે પૈકી બેંકો દ્વારા કેટલા અરજદારોને લોન આપવામાં આવી?	(૩)	૧૩૯૦

છે ત્યારે બેંકો દ્વારા એમને આનાકાની કરવામાં આવતી હોય છે. આ ૨૬૭ અરજીઓ બાકી છે એમને બેંકો દ્વારા લોન આપવામાં આવે એની સરકાર થોડી ચિંતા કરે તેમજ કેટલી રકમની લોન આપવાની બાકી છે એટલું મારે જાણવું છે.

શ્રી સ્વરુપજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ વાત કરી એમ જે લોકો અરજીઓ કરે છે એના પૂરતા પુરાવા ના હોવાના કારણે એમને લોન આપવામાં આવતી નથી. એ એમને જવાબ આપી દીધેલ છે.

શ્રી શૈલેષભાઇ સુ. ભાભોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વર્ષ ૨૦૨૫માં શ્રી બાજપાઇ બેન્કેબલ યોજના અંતર્ગત મારા લીમખેડા વિધાનસભામાં લોનની કેટલી અરજીઓ આવેલી છે? કેટલી લોન અરજીઓની ભલામણ થયેલી છે તેમજ કેટલી લોન અરજીઓ મંજૂર થયેલી છે?

શ્રી સ્વરુપજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૫માં શ્રી બાજપાઇ બેન્કેબલ યોજના અન્વયે માનનીય ધારાસભ્યશ્રીના લીમખેડા અને સિંગવડ તાલુકામાં કુલ ૯૭૨ લોન અરજીઓ મળેલ હતી. જે પૈકી કુલ ૭૨૦ અરજીઓની ભલામણ બેંકને કરવામાં આવેલ હતી તથા આ અરજદારો માટે બેંક દ્વારા અંદાજિત રૂ. ૩૩ કરોડ ૮૬ લાખની લોન મંજૂર કરવામાં આવેલ છે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, શ્રી બાજપાઇ બેન્કેબલ યોજના સારી યોજના છે દાહોદ જેવો જિલ્લો જે દેશના અતિ પછાત જિલ્લામાં ગણના થાય છે ત્યારે ૩૨૫૫ અરજીઓ મળી છે એમાં પણ ૧૬૫૭ અરજીઓની જ ઉદ્યોગ કેન્દ્રો દ્વારા બેન્કોને ભલામણ કરવામાં આવી છે. તે પૈકી બેન્કો દ્વારા ૧૩૯૦ અરજદારોને લોન આપવામાં આવી છે તો ૩૨૫૫માંથી જે ૧૫૬૮ અરજીની ભલામણ કરવામાં આવી નથી તે કેમ કરવામાં આવી નથી? બીજો પ્રશ્ન છે કે જે બેન્કો દ્વારા ૧૩૯૦ લોનધારકોને લોન આપવામાં આવી છે બીજા ૨૬૭ બાકી છે એ અરજદારોને કેમ લોન આપવામાં આવી નથી?

અધ્યક્ષશ્રી : ૨૬૭ નો જવાબ આપ્યો કે ડોક્યુમેન્ટ પૂરા નથી કર્યા એના કારણે. બાકીનો જવાબ માનનીય મંત્રીશ્રી આપશે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લાના પ્રશ્ન અંગે માનનીય શ્રી ચૈતરભાઇની ચિંતા છે. આ બેન્કેબલ યોજનામાં અમે મોટાભાગે અમારો જે ટાર્ગેટ હોય છે એ પૂરેપૂરો પૂર્ણ કરીએ છીએ. પ્રશ્ન ત્યાં છે કે જે સમયે બેન્કોને અમે ભલામણ કરી દઇએ છીએ પછી લાભાર્થીઓની ચકાસણી કરીએ ત્યારે કુટુંબમાંથી કોઇ બાકીદાર હોય છે. ધંધાના સ્થળની તપાસ કરીએ તો સબસિડીમાં રાજી હોય છે પણ વ્યવસાયમાં વ્યવસ્થા ઊભી કરતા હોતા નથી. આવા અનેક કારણો જોવા મળે છે. ક્યારેક બેન્કોને ભલામણ કરીએ પછી બેન્ક ધિરાણ કરતી નથી. બેન્ક એક વખત લોન આપી દે, સબસિડી સાથે પૂરેપૂરો અમે લાભ આપીએ છીએ.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન એવો છે કે ૩૨૫૫ અરજી મળી એમાંથી માત્ર ૧૬૫૭ અરજીઓની ભલામણ કરી. ૧૫૬૮ અરજીઓની ભલામણ નથી કરી તો શા માટે નથી કરી?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું છે અમે તો પૂરેપૂરી ભલામણ કરી દઇએ છીએ. વાત એટલી છે કે અરજદાર દ્વારા જ્યારે પુરાવા રજૂ કરવાના હોય છે એ સમયે પૂરાવા રજૂ કરી શકતા નથી. કારણ કે સબસિડી જેવી વસ્તુ હોય તે સમયે એક-એક પેપરની ચકાસણી થતી હોય છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, માનનીય સભ્યશ્રી એવું કહે છે કે, તમે જવાબ આપ્યો છે તેમાં એવું કહ્યું છે કે ૩૨૫૫ અરજીમાંથી માત્ર ૧૬૫૭ ની ભલામણ વિભાગે કરી. બેન્કની વાત થર્ડ પાર્ટી આવે. ભલામણ કેમ નથી કરી એ પ્રશ્ન છે.

તારાંકિત પ્રશ્નો

શ્રી નરેશભાઈ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં વાત કરી એ મુજબ અમારો લક્ષ્યાંક હોય છે. અરજી વધારે આવતી હોય છે એ અમે સ્વીકારીએ છીએ પણ અમારા દરેક જિલ્લાનો લક્ષ્યાંક હોય છે. એના આધારે ચોક્કસ રીતે ભલામણ કરી દઈએ છીએ. તેમાંથી પણ અરજીઓ ચકાસણી થઈને રદબાતલ થાય છે. તેમ છતાં એમની ચિંતા છે. કોઈ પણ લાભાર્થીને અમે ભલામણ ન કરીએ અને લાભાર્થીને લાભ નથી આપવો એવું અમે કરી શકતા નથી. અમારો વિભાગ એ બાબતે પૂરી કાળજી લે છે.

શ્રી યોગેશભાઈ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ હેઠળ લોકોને પ્રોત્સાહન આપવા આ બજેટમાં કેટલી રકમ ફાળવવામાં આવી છે?

શ્રી નરેશભાઈ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીયશ્રી યોગેશભાઈએ જે વિગતો માગી છે એ ચોક્કસ વિગતો આપીશ પણ મને કહેતાં આનંદ થાય છે કે એ અરજીઓને ધ્યાને રાખીને આ વખતે એમાં વધારો કર્યો છે. કારણ કે હવે અમારા આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનું સપનું છે કે વોકલ ફોર લોકલ અને વધારે લોકો સ્વનિર્ભર બને એ માટે બજેટમાં વધારે જોગવાઈ કરી છે. આવનારા દિવસોમાં ચોક્કસ રીતે થશે. આ વર્ષે જોગવાઈ હતી એની વિગત મારી પાસે આવી છે એ જોગવાઈ રૂપિયા ૮૭૨ કરોડની હતી.

અરવલ્લી જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના

***15/8/3501 શ્રી સુખાજી સોમાજી ઠાકોર (**બેચરાજી**): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	અરવલ્લી જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ,અને	(૧)	હા,જી
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?	(૨)	કુલ ૪૯૪

શ્રી સુખાજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મેં મંત્રીશ્રીને બે પ્રશ્નો પૂછ્યા હતા અને એનો જવાબ મને મળી ગયો છે પણ પેટા પ્રશ્ન છે કે સંકલિત ડેરી યોજના અંતર્ગત અરવલ્લી જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં કયા પ્રકારની બ્રિડના દૂધાળાં પશુઓની તાલુકાવાર લાભાર્થીઓ દ્વારા પસંદગી કરવામાં આવે છે?

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, સંકલિત ડેરી વિકાસ યોજના આદિવાસી વિસ્તારમાં અમારી બહેનોની છે. બહેનોને પગભર કરવાનો અને દૂધ ઉત્પાદન વધારવાનો આશય છે. વધુ દૂધાળાં પશુઓની માવજત કરવાનો છે અને બાળકોનું પોષણ સ્તર ઊંચું આવે એના માટેનો છે. આ મહિલાઓ માસિક ૩.૫,૦૦૦ થી ૩.૭,૦૦૦ની આવક મેળવે છે અને સભ્યશ્રીનો પ્રશ્ન અરવલ્લી જિલ્લાનો છે એમાં ભિલોડા અને મેઘરજ બે તાલુકા આવે છે એમાં આ લાભાર્થીઓ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્ન શું છે એ તો ખબર છે ને?

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, ખબર છે. આ લાભાર્થીઓને ગાય, ભેંસ આપવામાં આવે છે. ભિલોડા તાલુકામાં ૩૩૫ લાભાર્થીઓ છે. અને મેઘરજ તાલુકામાં ૧૫૯ લાભાર્થીઓ છે. કુલ ૪૯૪ લાભાર્થીઓને ભેંસનું વિતરણ કરવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : એમનો પ્રશ્ન એવો હતો કે કઈ બ્રિડની ભેંસ, કઈ જાતિ એવું પૂછ્યું છે.

શ્રી નરેશભાઈ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીને એવું જાણવું હતું કે, દરેક જિલ્લામાં દા.ત. દક્ષિણ ગુજરાતમાં જાનવરની ખરીદી અલગ રીતે થતી હોય છે. આ જિલ્લાની મારી પાસે માહિતી છે એમાં ભિલોડામાં ૩૩૫ મહેસાણી બ્રિડની ભેંસો હતી અને મેઘરજમાં પણ ૧૫૯ મહેસાણી બ્રિડની ભેંસો આપવામાં આવેલ હતી.

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સંકલિત ડેરી વિકાસ યોજના અંતર્ગત છેલ્લાં પાંચ વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી અને કેટલા લાભાર્થીઓ છે?

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, ભિલોડા તાલુકામાં ૧૨૫૫ અરજીઓ મળી તેમાંથી ૮૭૪ મંજૂર કરવામાં આવી અને તેમાં લાભાર્થીઓની સંખ્યા ૭૧૬ છે. મેઘરજ તાલુકામાં ૭૨૭ અરજીઓ મળી તેમાંથી ૩૮૪ મંજૂર કરવામાં આવી અને તેમાં લાભાર્થીઓની સંખ્યા ૩૨૫ છે. આમ, બંને તાલુકાની મળીને ૧૯૮૨ અરજીઓ આવી તેમાંથી ૧૨૫૮ અરજીઓ મંજૂર કરવામાં આવી અને ૧૦૪૧ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, સંકલિત ડેરી વિકાસ યોજના અંતર્ગત પશુઓમાં વધારો કરવા માટે સહાય આપીએ છીએ તો છેલ્લાં બે વર્ષમાં દૂધમાં કેટલો વધારો થયો? એમાં ભેંસોનો કે જે પણ પશુઓનો વધારો થયો હશે એમાં કેટલી સહાય આપી? અને જિલ્લામાં ડેરી ઇન્ફ્રાસ્ટ્રકચર માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી પશુપાલકોને તાલીમ અને સહાય માટે શું પગલાં લેવામાં આવ્યાં?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,શ્રી ઘવલસિંહભાઇએ જે વિગતો માગી છે એ ટેબલ પર મૂકી દઇશ. કેટલો દૂધનો વધારો થયો એ તો ડેરીને જ ખબર હોય. અમારે તો લાભાર્થીઓને કેવી રીતે લાભ આપી શકીએ. એટલે હું ચોક્કસ ટેબલ પર મૂકીશ.

વડોદરા જિલ્લામાં હાથશાળ–હસ્તકલા મેળા પ્રદર્શન

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડીવાર બાદ) વિરામનો સમય થયો છે, ગૃહ ફરીથી ૧૧-૩૦ કલાકે મળશે.

(વિરામ : સવારના ૧૦-૪૮ થી ૧૧-૩૦)

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

વિધેયકો સરકારી

સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨

ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા)વિધેયક, ૨૦૨૬

ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ, ૨૦૧૫ વધુ સુધારવા બાબત વિધેયક

શ્રી શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા (ગૃહ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું દરખાસ્ત રજૂ કરું છું કે, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨-સન-૨૦૨૬ના ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨-સન-૨૦૨૬ના ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે રાષ્ટ્રપતિની અનુમતિ મળ્યા પછી આતંકવાદી કૃત્યોના નિવારણ અને નિયંત્રણ માટે સંગઠિત ગુના સિન્ડિકેટની ગુનાહિત પ્રવૃત્તિઓને પહોંચી વળવા માટે ખાસ જોગવાઇઓ કરીને આતંકવાદી કૃત્યો અને સંગઠિત ગુનાઓના ખતરાને નાથવા ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિવારણ અને નિયંત્રણ અધિનિયમ-૨૦૨૫ અધિનિયમ એક્ટ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે આ વિધેયકને રાષ્ટ્રપતિની અનુમતિ મળી તેના પછી આપણે ત્યાં ભારતીય ન્યાય સંહિતા, ભારતીય ન્યાય સુરક્ષા સંહિતા અને ભારત સાંખ્ય અધિનિયમ પસાર કરવામાં આવ્યો. એની અંદર અગાઉના ભારતના જે કાયદાઓમાં જોગવાઇઓ નહોતી એવી જોગવાઇઓ આ બી.એન.એસ.૧૧૩ હેઠળ કરવામાં આવી. જેમાં ટેરરીઝમને લગતી જે બાબતો હતી તે બાબતોનો ઓલરેડી તેની અંદર સમાવેશ કરેલો છે. ટેરરીઝમ અને આ કાયદા વચ્ચે થોડોક ડિફરન્સ છે. આ સંગઠિત ગુના નિવારણ માટેનો આપણો કાયદો છે અને ત્યાં જે કલમ લાગુ પડે છે તે માત્ર આપણે ૨૦૨૩માં જે પસાર કર્યો (બી.એન.એસ.)ભારતીય ન્યાય સંહિતા તેમાં ૧૧૩મી કલમ છે તે કલમ હેઠળ આપણે ટેરરીઝમને વ્યાખ્યાયિત કરેલું છે. એટલે આ બેવડાતું હતું અને એની અમુક જોગવાઇઓ એવી હતી કે કઇ જોગવાઇ હેઠળ એકશન લેવાના? દા.ત. જે ટેરરીઝમના

* વિધેયક તા.૧૨મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

મોટાભાગના કેસો છે તે એન.આઇ.એ. કોર્ટમાં ચાલતા હોય છે. જયારે સંગઠિત ગુનાઓ માટેની અલગ કોર્ટની જોગવાઇઓ કરેલી છે. આ જે થોડીક એમ્બિગ્યુટી હતી તે દૂર કરવા માટે આ કાયદાનું જે પ્રિએમ્બલ છે અને એનું હેડિંગ છે તેમાંથી ટેરરીઝમ શબ્દ દૂર કરવાનું આ વિધેયક મારફતે નિર્ણય કરવા ધાર્યું છે. એનાથી જે મૂળ કાયદો છે તેમાં કોઇ ફેરફાર થતો નથી, માત્ર થોડીક એક–બે કલમોમાં અને જયાં જયાં આતંકવાદ શબ્દનો ઉપયોગ કર્યો છે ત્યાં આતંકવાદની જગ્યાએ આ સંગઠિત ગુના નિવારણ પૂરતું આપણે આ જોગવાઇઓને સીમિત રાખી છે તો આ બાબતે રાજય સરકારનો ઇરાદો આની પાછળનો જે એમ્બિગ્યુટી હતી તે દૂર કરવાનો છે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક– ૨૦૨૬ જે લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહની અંદર વર્ષ ૨૦૧૫ની અંદર આ વિધેયક તે વખતના ગૃહ મંત્રીશ્રી લઇને આવ્યા હતા અને એ વખતે પણ મને એ વિધેયક ઉપર બોલવાનો અવસર મળ્યો હતો. ખાસ કરીને માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત આતંકવાદ શબ્દને આમાંથી દૂર કરવાનો છે. એ વખતે પણ વિધાનસભા ગૃહની અંદર જયારે રાજય સરકાર દ્વારા આ બિલની ચર્ચા કરવામાં આવી ત્યારે પણ એ ચર્ચાના ભાગરૂપે પણ કહેવામાં આવ્યું હતું કે આ બિલ સાથે આતંકવાદ શબ્દ જે તમે જોડો છો, કારણ કે કેન્દ્ર સરકારના અનેક એવા કાયદાઓ છે જે કાયદાઓની અંદર આતંકવાદ સાથેના તમામ કલમોને આધીન, એની સાથે સંકળાયેલા બધા બિલો છે અને એના કાયદાઓ પણ છે, રાજય સરકારે, ભારતીય જનતા પાર્ટીની આ સરકારે એ વખતે ૧૬૦૦ કિલોમિટરનો દરિયાકિનારો, બોમ્બ ધડાકા થતા હતા, હુમલા થતા હતા, અનેક મુદ્દાઓને આધીન આ વિધાનસભા ગૃહની અંદર ચર્ચા થઇ હતી. એ વખતે રાજય સરકાર દ્વારા ગુજસીટોક નામનો કાયદો એટલે પોટા તરીકેનો કાયદો જે શકય નહોતો, બે વખત આ વિધાનસભા ગૃહની અંદર રજૂ કર્યો અને રાષ્ટ્રપતિને મોકલ્યો, રાષ્ટ્રપતિશ્રીએ એની ઉપર હસ્તાક્ષર ના કર્યા અને ફરી પાછા તેને નવા રૂપરંગ આપીને એ વખતે આ કાયદો લાવવામાં આવ્યો અને એ વખતે પણ કહેવામાં આવ્યું હતું કે રાજય સરકાર ખોટી રીતે આ કાયદો લાવી રહી છે. મને બરાબર યાદ છે, સન ૨૦૦૩ની અંદર ગુજરાત સંગઠિત ગુનાહિત નિયંત્રણ ૨૦૦૩ એ કાયદો આ વિધાનસભાગૃહની અંદર આવ્યો હતો અને એ કાયદો પસાર કરવા માટે આ આ વિધાનસભાગૃહમાં લઇને આવ્યા હતા અને ત્યારબાદ સન ૨૦૨૬ની અંદર એક નાના સુધારાના સ્વરૂપમાં માનનીય મંત્રીશ્રી આ જે આ બિલ લઇને આવ્યા છે ત્યારે એટલું જ કહેવું છે કે રાજય સરકાર કોઇ પણ બિલ લઇને આવે તો એ એનો અધિકાર છે પણ એ બિલ એવું ના હોવું જોઇએ કે જે બિલની સાચી હકીકત કેન્દ્ર સરકારના કાયદા સાથે સુસંગત ના હોય. કેન્દ્ર સરકારનો જે કાયદો છે એનાથી ઉપર ના હોય, કેન્દ્ર સરકારે જે કાયદો ઘડયો છે એ પછી આપણે કાયદો ના ઘડી શકીએ તેમ છતાં પણ જયારે જયારે પણ ચૂંટણીલક્ષી માહોલ આવે છે ત્યારે આવા આવા કાયદાઓ આવે છે. આ મારી વિધાનસભાના મારા પાંચ ટર્મના અનુભવના આધારે હું આ આપને કહું છું અને આજે પણ સરકારે કરેલી ભૂલ, સુધારો એટલે ભૂલ થાય. એ વખતે સરકારે જે ભૂલ કરી હતી અને વિપક્ષ તરીકે અમે આ સભાગૃહની અંદર કહેતા હતા તો એમને એમ થાય કે વિપક્ષનું કામ તો ખાલી વિરોધ કરવાનું જ છે પણ અમારી સાચી હકીકતને એ વખતે સરકારે યોગ્ય ગણી નહીં. આજે સ્વાભાવિક છે કે કેન્દ્ર સરકારના અનુસંધાનમાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ને આધીન અમારે આ સુધારો લાવવો પડયો છે. તે વખતે આઇ.પી.સી.ની બધી જ કલમો હતી અને તે વખતે કલમોવાઇઝ અમે ખૂબ લાંબો ઉલ્લેખ પણ કર્યો હતો પણ તેમ છતાં પણ સરકાર એ વખતે વિપક્ષની વાત સાથે સંમત ના હતી પણ જે ભૂલ, જે સુધારો છે જે ભૂલના સ્વરૂપમાં માનનીય મંત્રીશ્રી જે સુધારો લઇને આવ્યા છે ત્યારે લાંબી વાત નથી કરવી. ભવિષ્યમાં આ રીતે કેન્દ્ર શાસિત કાયદાની ઉપરવટ જઇને રાજય સરકાર આવા કાયદા વિધાનસભાગૃહમાં ન ઘડે, જેથી કરીને રાજય સરકારને પીછેહટ કરવી પડે કે સુધારો લઇને આવવું પડે. માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તે બિલમાં સામાન્ય સુધારા માટે અમે સમર્થન કરીએ છીએ.

ડૉ. સી.જે. ચાવડા(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર આતંકવાદી પ્રવૃત્તિઓને નાથવા અને સંગઠિત ગુનાઓને ઝીરો ટોલરન્સ પદ્ધતિના લીધે આ રાજયમાં પ્રેરકબળ ન મળે તેના માટે વર્ષ ૨૦૧૫માં કાયદો લાવી હતી. આજે તેમાં સુધારો લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે. ગુજસીટોક–૨૦૧૫ પહેલાં ભારતીય ફોજદારી ધારો ૧૮૬૦ અમલમાં હતો. ભારતીય ફોજદારી ધારો, ૧૮૬૦માં આઇ.પી.સી.ની કલમો અનુસંધાને પાસા જેવા હુકમો કરવા છતાં આવા ગુનેગારો ગુનાઓની પ્રવૃત્તિઓને ડામતા ન હતા અને ગુનાઓ વધતા જતા હતા. ગુજરાત જે વેપારી મથક તરીકે પ્રખ્યાત છે, જ્યાં દીકરીઓ રાત્રિના બે વાગ્યે પણ શાંતિથી ફરી શકે તેવા શાંતિમય ગુજરાત રાજ્યમાં આવી સંગઠિત ગુનાખોરી ન વધે તે માટે ગુજસીટોક–૨૦૧૫ કાયદો લાવવામાં આવ્યો. તે પછી ભારતીય ફોજદારી ધારો, ૧૮૬૦ ભારત સરકારે રદ કર્યો અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ અમલમાં આવ્યો. જે વર્ષ ૨૦૧૫માં ગુજસીટોક લાવવામાં આવ્યો હતો તેને મહામહિમ રાષ્ટ્રપતિએ નવેમ્બર–૨૦૧૬માં બહાલી આપી અને તા.૧લી ડિસેમ્બર, ૨૦૧૬થી ગુજસીટોક–૨૦૧૫ અમલમાં આવ્યો હતો અને ત્યારબાદ ભારતીય ફોજદારી ધારો ૧૮૬૦ રદ કરીને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ લાવવામાં આવ્યો તેમાં આતંકવાદી પ્રવૃત્તિઓ નાથવા માટે અને આતંકવાદને ડામવા માટે ભારત સરકારે ખૂબ કડક પગલાં લીધાં અને કલમો ઉમેરી. જેના કારણે આ બંને કાયદાઓ હવે સમાંતર કામ કરે તો ગુજસીટોકમાં પણ આતંકવાદ વિરુદ્ધનો કાયદો અને કલમો લાગુ પડે તેમજ

ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમો પણ લાગુ પડે એટલે ડુપ્લિકેશન થાય, ડબલ તપાસ થાય અને અડચણો ઊભી થાય, કોર્ટ મેટર ઊભી થાય, સબ જ્યુડિશયરી મેટર બની જાય. આ કારણસર ગુજરાત સરકારે ખૂબ વિવેકબુદ્ધિ વાપરીને આ આતંકવાદી પ્રવૃત્તિઓના ગુનાઓનું ડુપ્લિકેશન ન થાય, તેની કાર્યરીતિનું ડુપ્લિકેશન ન થાય, કલમોનું ડુપ્લિકેશન ન થાય તે માટે આતંકવાદી પ્રવૃત્તિઓને લગતાં શબ્દો દૂર કરીને સુધારા લાવવામાં આવ્યા છે. ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩માં કલમો ઉમેરીને આ સુધારો લાવવામાં આવ્યો છે.

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારાથી સરકારે ભારતીય કાયદાઓનું કોઈ ઉલ્લંઘન કર્યું નથી, ભારતીય કાયદાઓની ઉપરવટ જઈને કોઈ કાયદો ઘડ્યો નથી અને ગુજરાત સરકારે તેને સૂચવેલા વિષયની અનુસૂચિમાં જે પ્રકારે કાયદા ઘડવામાં આવે તે પ્રકારે કાયદો ઘડ્યો છે. ગુજસીટોક ૨૦૧૫ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ બન્યા પછી કલમમાં વધઘટ થવાથી, સુધારો-વધારો થવાના કારણે આજે ગુજરાત સરકાર આતંકવાદી પ્રવૃત્તિઓ નાથવા માટે ગુજસીટોક-૨૦૧૫માં સુધારો લઈને આવ્યા છે અને સન ૨૦૨૬નું ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ કહ્યું તેમ ગુજરાત ખૂબ શાંતિપ્રિય રાજ્ય છે. બીજાં રાજ્યના અને બીજા દેશના લોકો પણ હવે વાયબ્રન્ટ ગુજરાતના કારણે ગુજરાતમાં વેપાર કરવા માટે આવે છે. બીજા પ્રાંતના કારીગરો પણ આ રાજ્યમાં દરરોજ મોટી સંખ્યામાં પોતાના રોજગારની શોધમાં ગુજરાતમાં આવે છે. બીજી બાજુ ગુજરાતની પ્રજા ધર્મપ્રેમી છે. અહિંસા અને ધર્મમાં માનનારી પ્રજા છે. આ દ્વારકાના નાથ કૃષ્ણની ભૂમિ છે, આ ગાંધી અને સરદારની ભૂમિ છે અને આ હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહની ભૂમિ છે. એટલે અહીંયા એક પણ સંગઠિત ગુનો ઝીરો ટોલરન્સની નીતિને અનુરૂપ એકપણ ગુનો ન બને એની કાળજી રાખીને આ સરકાર સુધારાઓ લઈને આવી છે. ગુજરાતની પ્રજા શાંતિપ્રિય અને વ્યાપારી પ્રજા છે. શાંતિથી લોકો વેપાર કરી શકે છે, હળીમળી શકે છે, કોઈ આતંકવાદી પ્રવૃત્તિઓ અહીંયા ન રહે અને કોઈ આતંકવાદી પ્રવૃત્તિ થતી હોય અથવા થવાની ગતિવિધિ ચાલુ થઈ હોય તો એને અટકાવવા માટે આ કાયદાના અમલીકરણના કારણે આ રાજ્યમાં ગુજસીટોક-૨૦૧૫નો કાયદો બન્યા પછી ૧૧૮ ગુનાઓની આવી સંગઠિત ટોળકીઓને નાથવા માટે રજિસ્ટર્ડ કરવામાં આવ્યા. ૧૧૮ ગુનાઓ એટલે કે ૧૧૮ ગુનાઓ કરતી આવી સંગઠિત ટોળકીઓ અને આતંકવાદી પ્રવૃત્તિઓ સાથે હેરાફેરી કરતી વ્યક્તિઓના ગુના રજિસ્ટર્ડ કરવામાં આવ્યા અને એમાં ૯૪૧ જેટલા આરોપીઓ સામે આ કેસ થયા. એમાંથી લગભગ ત્રણસો જેટલા આરોપીઓ કસ્ટડીમાં જેલ કાપી રહ્યા છે. ગુજરાત જેવી શાંતિમય પ્રજાના રાજમાં અને ભારતીય જનતા પક્ષની સરકારમાં ઝીરો ટોલરન્સ નીતિ હોવા છતાં આવી ટોળકીઓ જાગૃત બનીને એકબીજાના મેળાપીપણામાં ક્યાંક ને ક્યાંક આપણા તંત્રની આંખ મીંચામણાને કારણે આવા ૨૯૫ જેટલા વ્યક્તિઓ ખૂંખાર ન બની જાય એના માટે એને જેલની કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા છે. આ ગુનાઓમાં સંગઠિત થઈને એક વ્યક્તિ સુપ્રીમ હોય છે અને એની આજુબાજુ એક ટોળકી ઊભી થતી હોય છે. આ ટોળકી આતંકવાદી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા લોકો સાથે પણ જોડાય છે અને વિદેશમાં બેસીને જે લોકો આવા ધંધા કે કૃત્યો કરે છે આવા આતંકવાદી કૃત્યો સાથે સંકળાયેલા વિદેશમાં બેસીને ભારત કે ગુજરાતના લોકો સાથે હળીમળીને ટોળકી બનાવીને ભય ફેલાવે છે. ભય ફેલાવીને ટોળકી ઊભી કરીને કમિશનો આપીને સાયબર ફ્રોડ કરીને અલગ-અલગ રીતે ફસાવીને ગુનાઓમાં સંમેલિત કરીને ગુજરાતની પ્રજામાં ભય ફેલાવીને વેપારીઓ, ઉદ્યોગપતિઓ સાથે ભય ફેલાવીને આડકતરી રીતે નાણાં પડાવવાનું કામ આ ટોળકીઓ કરતી હોય છે. સંગઠિત ગુના કરતી ટોળકીઓ આ રાજ્યમાં જે કાયદાઓનો પ્રતિબંધ છે અને લોકોને ફસાવવાની કામગીરી કરતા હોય છે. દા.ત. આ રાજ્યામાં દારૂબંધી છે, નશાબંધી છે. તો બુટલેગર પોતાની એક ટોળકી બનાવીને પેડલર દ્વારા ક્યાં માલ પહોંચાડવો, કેવી રીતે માલ પહોંચાડવો, બીજાં રાજ્યોમાંથી માલ ગુજરાતમાં આયાત કરવો, કયા ફાર્મમાં ઊતારવો આવી આખી ટોળકી બનીને ષડયંત્ર રચે છે. આ ષડયંત્ર દ્વારા બુટલેગરો કાળી રીતિ-નીતિ અપનાવીને નાણાં કમાય છે અને આવા નાણાં કમાઈને ફાર્મ હાઉસો બનાવે છે અને અઢળક સંપત્તિ ઊભી કરે છે. બીજા કાયદાઓનો ભંગ કરીને બળાત્કાર, લૂંટફાટ, માણસને ધમકાવવા, અપહરણ જેવા ગુનાઓ સાથે સંકળાય છે અને વિશાળ ષડયંત્ર જાળ રચતા હોય છે. આવી જાળને તોડવા માટે અને ગુજરાતમાં એક-એક વ્યક્તિ સુખચેનથી રહી શકે અને એકપણ વ્યક્તિને આવી ટોળકીનો ભય ન રહે એ માટે આપણું ગૃહ ખાતું અને પોલીસતંત્ર બિલકુલ ભય વગરનું ગુજરાત કરવા માટે આ કાયદાનું અમલીકરણ કરીને દરેક વ્યક્તિને શાંતિ આપવા માટેનો પ્રયત્ન કરે છે. એટલા માટે જ આ આતંકવાદીઓ શબ્દ દૂર કરીને સંગઠિત ગુનાઓ કરતી ટોળકીને નાથવા માટે આ કાયદો કરવામાં આવ્યો છે એને હું અનુમોદન આપું છું. ગુજરાત રાજ્યમાં આ કાયદો અમલમાં આવ્યા પછી ઘણી જગ્યાએ ઘણા લોકોને આ રીતે જેલમાં નાંખવામાં આવ્યા છે. આ રાજ્યમાં ગૌવંશ પ્રતિબંધ છે. તેમ છતાં કેટલીક ટોળકીઓ અમદાવાદ, વડોદરા કે સુરત જેવા મહાનગરો છે, એવા વિસ્તારમાં આવી ટોળકીઓ બનાવીને એક વ્હીકલમાં જીવિત ગાયને પકડીને એમણે ઊભા કરેલા સંતાડેલા ફાર્મહાઉસમાં રાખે છે પછી એમની કતલ કરે છે. આવી ટોળકીઓને પકડવાનું કામ આ સરકાર દ્વારા કરવામાં આવે છે. એવી આખી એક ગેંગ પકડાઇ છે. હું નામનો ઉલ્લેખ કરતો નથી. એવી ગેંગના સુપ્રીમ લીડરને આજે જેલના સળિયા ગણતા કર્યા છે...

ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક, ૨૦૨૬

ઉપાધ્યક્ષશ્રી : માનનીય કિરીટભાઈ, આપ બેસો. બેઠાં બેઠાં ચર્ચા ન કરશો.

ડૉ. સી.જે. ચાવડા : માનનીય કિરીટભાઈ, તમે ત્યાં પહોંચ્યા હશો એટલે તમને ખબર હશે. ગાંધી અને સરદારના ગુજરાતમાં જ્યારે પ્રોહિબિશન હોય, નશાબંધી હોય ત્યારે એનો ભંગ કરીને આવી ટોળકીઓ સક્રિય બનતી હોય છે. ગાંધી અને સરદારના ગુજરાતમાં, સત્ય અને અહિંસાના માર્ગ ઉપર આઝાદીની લડત લડનાર ગાંધીજીના ગુજરાતમાં, ૩૩ કરોડ દેવતાઓનો જેમાં વાસ છે એવી ગાયમાતાની આવી ટોળકીઓ દ્વારા કત્લેઆમ થતી હોય ત્યારે એને અટકાવવા માટે, આવી સંગઠિત ટોળકીઓને જેલના હવાલે મૂકવા માટે, ગાય માતાને બચાવવા માટે, ગુજરાતના વેપારીને બચાવવા માટે, ગુજરાતની પ્રજાની બચાવવા માટે તથા ભયની નીચે જીવતા કોઇપણ વ્યકિતને આવી ટોળકીથી બચાવવા માટે આ કાયદાનો જે સુધારો લઇને આવ્યા છે એને હું સંપૂર્ણપણે ટેકો જાહેર કરું છું.

શ્રી અમિત ઠાકર(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, મને આજે ગૌરવ સાથે આ ગુજસીટોક કાયદા માટે બોલવાનો મોકો મળ્યો એ માટે હું આ સદનનો આભારી છું. આ રાજ્યએ નાનામાં નાની વાત માટે સંઘર્ષ કરવો પડ્યો છે. નર્મદાનું પાણી લાવવું હોય તોપણ ગુજરાતને પ્રેમ કરે એવા વડાપ્રધાને દિલ્હી સુધી જવું પડ્યું. વર્ષ ૨૦૦૩માં આ કાયદાને રજૂ કરવામાં આવ્યો. જ્યારે આ કાયદાને રજૂ કર્યો ત્યારે વર્ષ ૨૦૦૨માં અમદાવાદમાં ચારેબાજુ ટિફિન બોમ્બ ફૂટ્યા હતા. આ ટિફિન બોમ્બ ફૂટતા આખા રાજ્યમાં એક હાહાકાર હતો. આમાં અનેક લોકો પકડાયા. આ કોઇ એક વ્યકિતનું કાવતરું ન હતું. એને પકડવા માટે આઇ.પી.સી.ની કલમો પૂરતી ન હતી. એક મજબૂત કાયદાની જરૂર હતી કારણ કે આ પ્રકારના ગુનેગારોના મગજમાં કાયદાની બીક જ જતી રહી હતી.'મકોકા' જેવો કાયદો ગુજરાત પાસે ન હતો. વર્ષ ૨૦૦૩માં અહીંયા કાયદો બનાવ્યો. આ કાયદાને જ્યારે દિલ્હી મંજૂરી અર્થે મોકલ્યો ત્યારે ગુજરાત સામે સરદાર પટેલ વખતથી જે જોવાની દૃષ્ટિ હતી એ દૃષ્ટિ વચ્ચે અવરોધ બની. આ કાયદો પાસ ના કર્યો તો વર્ષ ૨૦૦૬માં સિરિયલ બ્લાસ્ટો થયા. એમાં લડવા માટે પણ આપણી પાસે કોઇ કાયદો ન હતો. વર્ષ ૨૦૦૯માં ફરીથી રી-ઇન્ટ્રોડ્યુઝ કર્યું. રી-ઇન્ટ્રોડ્યુઝ કર્યા પછી પણ કેન્દ્ર સરકારનું ગુજરાત સાથે ભેદભાવનું વર્તન હંમેશ મુજબનું ચાલુ રહ્યું. આપણા સૌનું નસીબ હતું કે દેશની જનતાએ ગુજરાત મૉડલને પસંદ કર્યું. માનનીય નરેન્દ્ર મોદીજીમાં લોકોને આસ્થા દેખાઇ. આ દેશના લોકોએ માનનીય મોદીજીને પસંદ કરી દેશની સુકાન સોંપી. માત્ર ૧૧-૧૨ દિવસમાં માનનીય મોદીજીએ જે રીતે નર્મદા યોજનાના કાગળ ઉપર સહી કરી એવી રીતે માત્ર એક વર્ષમાં આ ગુજસીટોક બિલ વર્ષ ૨૦૧૫માં અહીંથી રજૂ થયું અને વર્ષ ૨૦૧૯ આવતા એમાં પ્રેસિડેન્ટે સહી કરી અને વર્ષ ૨૦૧૯માં એ ગુજસીટોક સચ્ચાઇ બનીને આજે આપણી પાસે ઊભું છે. ગુજરાત કોઇ બીજા રાજ્ય જેવું રાજ્ય નથી. ગુજરાત આ દેશનો આત્મા છે. આર્થિક રીતે આ દેશને આગળ વધવું હશે તો ગુજરાત એનું ગ્રોથ એન્જિન છે. આ દેશની અંદર ૧૬૦૦ કિલોમિટરનો દરિયાકિનારો છે. આ દેશની અંદર સમુદ્રી વેપારને આખા વિશ્વ સાથે જોડાયેલ હજારો વર્ષથી કેન્દ્ર રહ્યું છે. પરંતુ એ દરિયાકિનારો પાકિસ્તાનની બોર્ડર ઉપર છે. એ એની સચ્ચાઇ છે. મુંબઇની અંદર બ્લાસ્ટ થાય, એ દાઉદ ઇબ્રાહીમે કર્યા હોય તો પણ એનો રૂટ વાયા ગુજરાતના દરિયા કિનારાથી જતો હોય. જો તાજ એટેક થાય, મુંબઇમાં ફરીથી એટેક થાય તો ક્યાંકને ક્યાંક એ દરિયો ગુજરાતનો વપરાય. આ ગુજરાતના દરિયાને વાપરવા માટે જ્યારે આતંકવાદીઓ તત્પર બેઠા હોય અને ગુજરાત પાસે કોઇ કાયદો ન હોય? એવા કાયદાની જ્યારે જરૂર હોય, ગુજરાતનો ઇતિહાસ, જો એક ગાય એક સામાન્ય કેળાની લારી સાથે અથડાઇ જાય તો પણ ૪૦-૪૦ દિવસ કર્ફ્યુ રહે એવી સ્ફોટક પરિસ્થિતિવાળું ગુજરાત હંમેશા રહ્યું છે. ત્યાં સામાન્ય યુવાનોને ભડકાવીને એની પાસેથી દેશ વિરોધી કૃત્ય કરાવવું એ ઘણી જગ્યાએ ઘણી વખત સામાન્ય રીતે બધાના ધ્યાનમાં આવતું હોય છે. એવા સમયે આવો એક કાયદો આપણી પાસે હોવો જોઇએ. પોલીસની દૃષ્ટિ, ગુજરાત સરકારની દૃષ્ટિ "firm on terror, fair on citizen, fast in intelligence and united in society". આ વાત સાથે ગુજરાતની સરકાર, શ્રી મોદીજીએ જે આ સમગ્ર સિસ્ટમ સામે જોવાની એક દૃષ્ટિ ઊભી કરી એ આ દૃષ્ટિ ઉપર આધારિત સંગઠિત ગુનાટોળી એટલે કે એકાંકી કે સંયુકતરૂપે ટોળીરૂપે કાર્યરત સંગઠિત ગુનાહિત પ્રવૃત્તિમાં રાચતું બે કે તેથી વધારે વ્યકિતઓનું જૂથ જેમના દ્વારા સંગઠિત કૃત્યો જેમાં કોઇ આતંકી વ્યકિત દ્વારા એકાંકી અથવા સંયુકત રીતે આવા સંગઠિત ગુના ટોળીના સભ્ય તરીકે અથવા આવી ટોળી વતી હિંસા દ્વારા અથવા હિંસાની ધમકી આપીને અથવા ગુનાહિત ધમકી આપીને અથવા પરાણે અન્યાયી કૃત્યથી અથવા અન્ય ગેરકાયદેસર સાધનોથી ખંડણી, જમીન પડાવી લેવી, ઘાતકી હત્યા, આર્થિક ગુના, ગંભીર પરિણામો ધરાવતા સાઇબર ગુના, વ્યાપક સ્તરે ચલાવતા જુગારના ષડયંત્રો, વેશ્યાવૃત્તિ માટે માનવ તસ્કરી, નાણાં વગેરે પોલીસ અધિકારના ગુનાઓમાં સમાવેશ થાય છે. આ કાયદો આવવાના કારણે આજે એવો કાયદો ઘડાયો કે જેમાં છેલ્લાં ૧૦ વર્ષમાં આચરેલા ગુનાને ધ્યાનમાં લેવામાં આવે છે. જેમાં ૩ વર્ષ કે તેથી વધુ સજા ધરાવતા બે કે તેથી વધુ ગુનાઓ ધરાવતા લોકોને તા. ૧-૧૨-૨૦૧૯ પછી જો રજિસ્ટર થયેલ ગુનો હોય તો એને ધ્યાનમાં લેવામાં આવે છે. કલમ-૧૬ નીચે પોલીસ અધિક્ષકથી નીચેના દરજ્જાના ન હોય તેવા અધિકારીશ્રીઓ કેસેટ, ટેપ, સાઉન્ડ ટ્રેક જેવા ઇલેકટ્રોનિક્સ સાધનથી આનું રેકર્ડ કરે છે. ટોળકીના સાગરિત ગેંગ વતી ગુના આચરવામાં એકબીજાના સંપર્કમાં જો હોય તો એના પુરાવા ભેગા કરે છે. કલમ-૧૮ મુજબ પોલીસ અધિકારી તેની મિલકત કોઇ આતંકવાદી કૃત્યની અંદર અથવા સંગઠિત ગુનાની અંદર જો વપરાઇ હોય તો એને રાજ્ય સરકારની મંજૂરીથી ટાંચમાં લેવાના હુકમો કરી શકે છે. આ ગુના હેઠળ આજીવન કેદ કે મૃત્યુદંડ સુધીની પણ જોગવાઇ છે. વિશેષ કોર્ટની રચના આ કાયદાના આધારે સંભવ બની છે. આના કારણે ઇન્સાફી કાર્યવાહી વિશેષ અદાલતોના કારણે સ્પીડ થઇ છે. ૯૦થી ૧૨૦

દિવસની અંદર એની ચાર્જશીટ કરવાની સમયમર્યાદા છે એના કારણે અધિકારી સારી રીતે ચાર્જશીટ કરી શકે છે. આના કારણે જો ગુનાહિત ટોળકી હોય, સંબંધ પુરવાર ન થાય તો જામીન મળે, નહીં તો જામીન પણ ન મળે. કાયદાની અમલવારી છે એના કારણે આજ સુધીમાં કુલ ૯૪૧ આરોપીઓ અટકાયતમાં આવ્યા છે. ૧૧૮ ગુના રજિસ્ટર્ડ થયા અને ૩૨ ગુના પ્રોબેશન એક્ટ હેઠળ કે બીજા ગુના હેઠળ એમને પકડવામાં આવ્યા છે. આજે એના કારણે લગભગ ૨૯૫ લોકો અત્યારે કસ્ટડીમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે રાજ્યની અંદર લતિફ, વહાબ, મહંમ્મદ સુરતી, ઇભલા શેઠ આ બધા નામોથી આપણે ઘણા આગળ વધી ગયા છીએ. હવે કહેવાયને દાઉદ ગેંગ અને તે ગેંગ આ બધો આખો વિષય ક્રાઇમ ટેકનોલોજીના કારણે એ ખૂબ આગળ વધી ગયો છે. અત્યારે ગુના એ રીતે થાય છે કે જે ગુના ઉપર તમારે અલગ રીતે નજર રાખવી પડે. આજે ગુજરાતમાં ગુનાઓને જોઇએ તો જે ગુનાઓ થતા હોય એ ગુનાઓને પકડવા માટે, હું ઘણા ગુના તરફ ધ્યાન દોરવા માગું છું. હવે ગુનાએ બોર્ડર ક્રોસ કરી દીધી છે. શરીર સબંધિત ગુનાઓમાં જયેશ પટેલ નામનો જામનગરનો એક વ્યક્તિ યુ.કે. બેઠા બેઠા ગેંગ ચલાવે. અહીંયા લોકોને ત્યાંથી બેઠા બેઠા ફોન પર ધમકીઓ આપે. એમની હત્યા કરાવડાવે. આ પોલીસના ધ્યાનમાં આવ્યું એના વિરુદ્ધ આ કાયદા હેઠળ ગુનો નોંધાયો. એની આખી ગેંગને પકડવામાં આવી. આજે જામનગર અને એની આજુબાજુના પંથકના લોકો આનાથી એકદમ હાશકારો અનુભવે છે. નવસારીમાં અસીમ મિયાં શેખની એક અસીમ ગેંગ કામ કરતી હતી. આપ તો સાઉથ ગુજરાતના નેતા છો. આપ પોતે એડવોકેટ પણ છો. આ ગેંગનો ત્યાં કેટલો ટેરર હતો. આજુબાજુના ૫-૭ જિલ્લાની અંદર આ કાયદો હોવાથી આ અસીમ શેખ લતિફ જેવી ગેંગ ઊભી કરે તે પહેલાં તો આ ગેંગનો ખાત્મો થઇ ગયો. મિલકત સબંધિત ગુનાઓમાં વડોદરાના મિત્રો અહીંયા બેઠા છે. સામાન્ય નાનાં બાળકને પણ ખબર હોય કે ચીખલીકર ગેંગ ઘાડ પાડવી, ચોરી કરવી, લૂંટ કરવી, લોકોને મારવા આ ગેંગનો ખાત્મો આ કાયદો હતો એટલે સંભવ બન્યો. ગેડિયા ગેંગ નામની એક ગેંગ સુરેન્દ્રનગરથી ઊભી થઇ. આ ગેંગ શું કરે? ટ્રક ચાલતી હોય એની સાથે પોતાની બીજી ટ્રક ચલાવે. માણસ ગાડીમાંથી ટ્રક ઉપર ચઢી જાય અને ટ્રકમાંથી બધું કાપી, તોડીને બીજી ચાલુ ટ્રકમાં જ નાખી દે. સાહેબ, વેપારીઓ બીવા માંડ્યા. અમદાવાદ સુધીના વેપારીઓને ડર લાગે. આ ગેંગ ૫-૭ જિલ્લામાં ઓપરેટ કરતી હતી. આ ગેંગને પોલીસને મળેલા કાયદાના કારણે આ ગેંગ હજુ ઊભી થાય એ ટેન્શન બને, નાશૂર બને એ પહેલા આ ગેંગને ખતમ કરી દેવામાં આવી. પંચમહાલ મધ્યપ્રદેશની આજુબાજુના બોર્ડરના કારણે મહીસાગર, દાહોદ એક મહેબુબ યાકુબ હયાતના ૧૪ સાગરિતો આપણી ગૌ માતા, ઘણાને ગૌ માઁ લાગીને પ્રણામ કરવાનું મન થાય. ઘણાને માંસ તરીકે મોઢાંમાં પાણી આવે અને જ્યારે સરકાર ગૌ માંસને રોકવા માટે સક્રિય હોય ત્યારે એના ઓન બોલાય ત્યારે આવા મહેબુબ યાકુબ હયાત જેવા લોકો એનો લાભ લેવા માટે એ આમાંથી નીકળી પડે. આજે એવા લોકોને કંન્ટ્રોલ કરવાની અંદર આપણે સફળ થયા છીએ. ગુજરાતમાં દારૂબંધી છે. આ દારૂબંધીનો ફાયદો ઊઠાવવા માટે આશિષ આસૂર રમેશચંદ્ર અગ્રવાલ જેવી ગેંગના ૯ સાગરિતોને પકડીને આવા લોકોને નશ્યત કર્યા આના કારણે નીચે સુધી દાખલો બેસતો હોય છે. અત્યારે જમાનો સાયબર ફ્રોડનો છે. મિલર વાઘેલા અને વિવેક દાભલા જેવા દુબઇમાં બેસીને ચાઇનીઝ ગેંગો સાથે મળીને અહીંયા આગળ લોકોના કેટલાય ખાતા ખોલાપીને રૂ.૧૦,૦૦૦ નાખે અને એ ખાતાના માધ્યમથી કરોડો રૂપિયા લોકોના એઠી લે તો આવી ગેંગ ક્રિપ્ટો કરન્સીના આધારે ગુજરાતના લોકોને એ લૂંટે એ પહેલા આ કાયદાના દાખલા મેં આપ્યાં. ઇમરાનભાઇ કે કોઇને એવું ના લાગે એટલે આ આતંકવાદ વિરોધી કાયદો આવ્યો એ કોઇ કોમ માટે નથી. આ ગુજરાત શાંતિથી આગળ વધે છે અને ગુજરાત આર્થિક ગ્રોથ એન્જિન છે અને ગુજરાતે અનેક પ્રકારની અસાધારણ પરિસ્થિતિઓ જોઇ છે એના માટે પોલીસને યોગ્ય કાયદો આપવો એ આપણા સૌની ફરજ છે. આ બધા સમય બદલતા કાયદાઓ છે, ગુનાઓ છે એ સમય બદલાતા સમયની સાથે બદલાતા ગુનાઓમાં યોગ્ય વેપન એટલે કે યોગ્ય કાયદો પોલીસને આપ્યા વગર એ કોઇ દિવસ શાંતિ ના આવે અને મને એવું લાગે છે કે માનનીય અર્જુનભાઇ આ કાયદાની અંદર નાના-મોટા સુધારા લઇને આવ્યા છે અને માનનીય શૈલેષભાઇ કહેતા હતા કે સુધારા. અરે, ભાઇ કાયદો જે લચીલો ના હોય એ કાયદો કેવો? જેમ સમાજ બદલાય એમ ગુના બદલાય. જેમ ગુના બદલાય તેમ કાયદાઓ બદલવા પડે. જયારે વર્ષો સુધી કાયદાને લાવવામાં જ ના આવ્યો. આજે સાત રાજયોમાં આ પ્રકારના કાયદા છે પણ તેને તમે જોજો મકોકા એટલે વર્ષ-૧૯૯૯નો કાયદો છે અને તેને પણ વર્ષ-૨૦૦૨માં આપણે રી-ઇન્ટ્રોડ્યુસ કરવો પડયો. એ પછીના બધા કાયદા એ દેશમાં શ્રી નરેન્દ્રભાઇ મોદી નામના વ્યકિતના આવ્યા પછી આ ગુજસીટોક આવ્યા પછી બધાં રાજયોની અંદર તેની તારીખ જોઇ લેજો તે પછી કાયદા આવ્યા છે. કાયદાના કારણે આજે ભારત સુરક્ષિત છે, ભારત આગળ વધી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અનેક વાતોમાં એ આ દેશનું લીડર બન્યું અને સુરક્ષા લાવવા માટે, કાયદાઓ નવા લાવવા માટે પણ લીડર બન્યું તેનું મને આ ગૃહના સભ્ય તરીકે ગૌરવ છે. હું માનનીય ભુપેન્દ્રભાઇ પટેલની સરકારને અભિનંદન આપું છું. શ્રી નરેન્દ્રભાઇથી લઇને ભુપેન્દ્રભાઇ સુધી કાયદાના કારણે કોઇ પણ ગુંડા સાથે, કોઇ પણ રહેમ નજર રાખવાની કોઇ જગ્યા નથી. આભાર,

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન-૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨- ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ સુધારા વિધેયક-૨૦૨૬, જે ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ, ૨૦૧૫નું સુધારા વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું અને સાથો સાથ થોડાંક સૂચન પણ આપું છું.

ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક, ૨૦૨૪

માનનીય અધ્યક્ષશ્રી, આખે આખું આ બિલ છે તે પહેલાં વર્ષ ૨૦૧૫ની અંદર રજૂ કરવામાં આવ્યું હતું તેનો એક નાનો એવો સુધારો આ બિલની અંદર છે. સુધારો છે નાનો પણ જેને કહેવાય કે ખૂબ મહત્ત્વનો સુધારો છે. જે સંગઠિત ગેંગો ગુજરાતની અંદર છે તેનું પ્રમાણ દિવસેને દિવસે વધતું જાય છે. તાજેતરમાં જ મેં ડો.કિરીટભાઇના મતવિસ્તારમાં પાટણની એક ઘટના બની હતી એક ફાર્મ હાઉસમાં અમુક તત્ત્વો દ્વારા હુમલો કરવામાં આવ્યો. એ ફાર્મ કરોડો રૂપિયાનું હતું, ગૌચરની જમીન ઉપર તે બંધાવેલુ હતું. એટલે આવી જે નાની નાની ગેંગો પાટણ જિલ્લો હોય, સુરત જિલ્લો હોય, રાજકોટ જિલ્લો હોય કે અમદાવાદ જિલ્લો હોય મોટાભાગના સંગઠિત ગુનાખોરીના આકાઓ છે તે અમદાવાદમાં ઓફિસો ખોલી ખોલીને બેસી ગયા છે. મોટાભાગના લોકો અપહરણ, ખંડણી ઉઘરાવવાના કાર્યો તેની સાથે જોડાયેલા હોય છે. આ લોકોનું જે નેટવર્ક છે તે ખૂબ જ મોટું હોય છે અને તેમાં પણ આપણે નકારી ના શકાય કે આ લોકોના સંબંધો પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે આતંકવાદી પ્રવૃત્તિઓમાં પણ કયાંક અને કયાંક વપરાતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જેવી રીતે મારા પૂર્વ સભ્યશ્રીએ વાત કરી કે આપણો કોસ્ટલ વિસ્તાર છે ગુજરાતની બોર્ડર છે તે પાકિસ્તાન દુશ્મન દેશ સાથે જોડાયેલી બહુ મોટી છે. કચ્છ જિલ્લો હોય, સુરેન્દ્રનગર જિલ્લો કે આ તરફ બનાસકાંઠા જિલ્લો હોય તો તેની સાથે સીધે સીધી જોડાયેલી છે તો સ્વભાવિક છે કે, આવી આતંકવાદી પ્રવૃત્તિ કરવા માટે દુશ્મન દેશ આપણો ગુજરાતનો સહારો લે જ છે. અનેક ડ્રગ્સ હોય, અનેક એવા પ્રતિબંધિત દ્રવ્યો હોય તેને વારંવાર ગુજરાતમાં ઘૂસાડવાનો પ્રયત્ન કરતા હોય છે. તેનો ઉપયોગ કોણ કરે છે? કયાંથી થાય છે? તો ઉપયોગ જે આવા સંગઠિત ગુનેગારો છે, જે ગેંગ ચલાવે છે તેનો ઉપયોગ બોર્ડરની પાર આપણા ગુજરાતમાં આ લોકો કરે છે કે આવા લોકો જ આખી સિન્ડિકેટ જે ચલાવી રહ્યા છે તેનો ઉપયોગ કરીને ડ્રગ્સ, દારૂનો સપ્લાય જે ગુજરાતના યુવાધનને બરબાદ કરવાનુ કામ કરતું હોય તો તે ત્યાંથી આપણી સરહદની પારથી થાય છે. એટલે પાકિસ્તાનમાંથી આવું આખું ષડયંત્ર થતું હોય અને એમાં આપણા જે આ સંગઠિત ગુનેગારો છે તેનો હિસ્સો બનતા હોય છે. સાથોસાથ તમે અત્યારે જોયું હશે કે સાયબર ફ્રોડની ઘટના બહુ ચિંતાજનક રીતે વધી રહી છે. એ દુબઇમાં બેઠો હોય, પાકિસ્તાનમાં બેઠો હોય કે અન્ય દેશમાં બેઠો હોય પણ આવા નાના નાના ગેંગસ્ટરો છે એ એનો ઉપયોગ કરી અને અનેક બેંક એકાઉન્ટ હજારો લોકોના ખોટા બેંક એકાઉન્ટ ખોલાવી અને ઓનલાઇન ગેમિંગ છે, હવાલાના જે પૈસા છે એ એમાં નાખી દેવામાં આવે છે. તાજેતરમાં હું મારા બોટાદ જિલ્લાની વાત કરું તો આવા હજારો બોગસ ખાતાઓ ખોલાવી અને ગરીબ માણસને લોભ લાલચ આપી, ૫-૧૦ હજારની લાલચ આપી ખાતા ખોલાવે છે ઓનલાઇન ગેમિંગના હજારો કરોડો રૂપિયા હવાલા મારફત એમાં ટ્રાન્સફર કરવામાં આવે છે અને એ ફંડિંગ આતંકવાદમાં કન્વર્ટ થાય છે એ ખૂબ જ ચિંતાનો વિષય છે તો આ જે બિલ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને હું પૂરેપૂરું સમર્થન આપું છું પણ સાથોસાથ એ પણ સૂચન કરું છું કે આમાં હજી કડક કંઇક જોગવાઇ થતી હોય તો કરો કે આવા જે સુનિયોજિત સંગઠિત નાની નાની ગેંગો કામ કરી રહી છે તો એને ઓછામાં ઓછા બે વર્ષ સુધી જામીન ન મળવા જોઇએ. એને સજા માટે એની જે કોઇ બે નંબરની સંપત્તિ એમણે વસાવી હોય એની ઉપર તાત્કાલિક અસરથી ડિમોલીશન અથવા તો એની હરાજી કરવામાં આવે અને એ પૈસા શિક્ષણમાં વાપરવામાં આવે એવી આમાં જોગવાઇ કરવી જોઇએ અને ફરી વખત આવા કોઇ સંગઠિત ગુનાખોર કોઇ પ્રયત્ન ન કરે, કારણ કે કોઇપણ ગુનેગાર મોટો ડાયરેકટ નથી થતો, એ પહેલાં નાનો એવો બુટલેગર હોય, એને પંપાળી અને એ ડ્રગ્સ વેચતો થાય, એનાથી મોટો થઇ પાંચ બીજા જણાને ભેગા કરી એનાથી મોટી ગેંગ બનાવે પણ પહેલીજ આવા ગુનેગારોને ડામી દઇશું તો સંગઠિત ગુનેગારોની ગેંગનું પ્રમાણ છે એ ગુજરાતની અંદર સંપૂર્ણપણે નેસ્તનાબૂદ કરી શકીશું. આજે પણ મને ભરોસો છે આપણી સરકાર ઉપર, તંત્ર ઉપર કે આપણે ચોક્કસપણે અન્ય રાજયો કરતા સિદ્ધી મેળવી શકયા છીએ, હાલ કોઇ મોટી ગેંગ અત્યારે ગુજરાતમાં સક્રિય નથી. અત્યારે સાબરમતી જેલની અંદર *(**xxx**)

ઉપાધ્યક્ષશ્રી : એવો આપની પાસે કોઇ પુરાવો છે?

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : પુરાવો નથી, એ જેલની અંદર છે એ પોતે એનું નેટવર્ક આજે પણ ચાલુ જ છે.

ઉપાધ્યક્ષશ્રી : પુરાવો હોય તો આપો?

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : આજે આપણી પોલીસ સારું કામ કરી રહી છે કે એના અનેક સાગરિતોને ગુજરાત સરકાર દ્વારા એને પકડવામાં આવ્યા છે પણ આવા તો અનેક ગેંગસ્ટરો છે જે આવા ગુનેગારો જેલની અંદર છે તો એની ઉપર કડક કાર્યવાહી કરવામાં આવે એવી પણ આ બિલમાં જોગવાઇ કરવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : *(**xxx**) શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ(રાજકોટ -પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ એટલે ગુજસીટોક સુધારા વિધેયક જે લઇને આવ્યા છે એમાં હું એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું. કોઇપણ રાષ્ટ્ર હોય કે કોઇપણ રાજ્ય હોય, એની સમૃદ્ધિમાં એની સુખ શાંતિ માટે એક સુરક્ષાચક્ર કે લોકો નિર્ભયતાથી પોતે પોતાનું જીવન ખૂબ સારી રીતે સુખ શાંતિથી વિતાવી શકે અને રાજય પ્રગતિ કરી શકે એના માટે સલામતી એ ખૂબ જરૂરી છે અને આ વિધેયકમાં જે સુધારો છે તે એમ કહેવાય કે માત્ર નામનો સુધારો છે. પહેલાં ટેરરિઝમ શબ્દ હતો તેના બદલે હવે આતંકવાદ

---

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

* આ શબ્દો અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અને સંગઠિત ગુનાખોરી છે. જ્યારથી આ વિધાનસભાનું ગઠન થયું હશે ત્યારથી ભૂતકાળમાં અનેક બિલો આવ્યા હશે, નિયમો બન્યા હશે અને સુધારાઓ પણ થયા હશે એટલે આ પહેલું એવું બિલ નથી કે તેમાં કોઇ સુધારો થયો હોય. માનનીય મંત્રીશ્રી આ બિલમાં જે સુધારો લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની સલામતી ખૂબ જરૂરી છે. સમયાંતરે અનેક પડકારો આવતા હોય છે. વર્ષો પહેલાં એક ગલીમાં કોઇ દાદાગીરી કે ગુંડાગીરી, લાકડી કે તલવારથી સામાન્ય મારામારી પૂરતું સીમિત હતું. સામાન્ય ટેક્નોલૉજીનો જમાનો હતો, આવા કોઇ હથિયાર ન હતાં, જેમ જેમ સમય બદલાતો ગયો તેમ તેમ આ ગુનાખોરીના રૂપો બદલાતા ગયા. મારા પૂર્વ સભ્યશ્રીએ વાત કરી કે વર્ષ ૨૦૦૧ પહેલાં આતંકવાદી ઘટનાઓ બનતી હતી. ભૂતકાળમાં અક્ષરધામ ઉપર હુમલો થયો, મુંબઇમાં પણ ઘટના બનેલી. આપણું ગુજરાત રાજ્ય ખૂબ સંવેદનશીલ છે. ૧૬૦૦ કિ.મી.નો દરિયાકિનારો આવેલો છે. જે તે સમયે પોરબંદરના ગોસાબારામાં આર.ડી.એક્સ ઉતર્યું હતું. અનેક હથિયારો સાથેની અનેક ગેંગો અસ્તિત્વમાં હતી. ભૂતકાળમાં કેન્દ્રમાં અટલ બિહારી વાજપેયીજીની સરકારમાં પોટાનો કાયદો અમલમાં આવ્યો હતો. ગુજરાતમાં તે કાયદા હેઠળ ગુનેગારોને પકડવામાં આવ્યા. ગુનેગારોને કન્ટ્રોલ કરવા માટે આ કાયદાની અમલવારી થઇ. આ આતંકવાદ વિરુદ્ધનો કાયદો અટલજીની સરકારમાં, એન.ડી.એ.ની સાથી પક્ષોની સરકાર હતી ત્યારે લાવવામાં આવ્યો હતો. પરંતુ કૉંગ્રેસની સરકારે દેશમાં વોટબેંકની અને તૃષ્ટિકરણની રાજનીતિથી, તે લોકોને જે પ્રેશર ઊભું થયું અને જે કાયદો આતંકવાદીઓ માટે બનાવવામાં આવેલો હતો, અનેક આતંકવાદીઓ જેલમાં હતા અને તે કાયદો કેન્દ્રમાં કૉંગ્રેસની સરકાર આવી એટલે માત્રને માત્ર કોઇ એક ધર્મના કે એક સમાજના લોકો તેનો ભોગ બને છે તેવો એક ખોટો અવાજ ઊભો કરી આ કાયદો રદ કર્યો. આતંકવાદ કે ગુનેગારનો કોઇ જ્ઞાતિ, જાતિ, પંથ, ધર્મ કે સંપ્રદાય હોતા નથી. ગુનેગાર એ માત્ર ગુનેગાર હોય છે. તે આપણે સ્વીકારવું ખૂબ જરૂરી છે. ત્યાર બાદ કોઇ કાયદો અમલમાં ન હતો. મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ સહિત ચાર-પાંચ રાજ્યોએ કાયદો બનાવ્યો અને વર્ષ ૨૦૧૫માં ગુજરાત સરકારે મજબૂત ઇચ્છાશક્તિથી ગુજરાત શાંત અને સલામત રહે, અહીંયા કોઇ ગેંગ ન ઊભી થાય, કોઇ ખંડણીખોરો ઊભા ન થાય, સાયબર ક્રાઇમ ઉપર કન્ટ્રોલ આવે, કોઇ લૂંટફાટ ન થાય અને આવા લોકોને કાયદાની કડક જોગવાઇઓ હેઠળ તેને સજા આપવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મારા રાજકોટની વાત કરું તો અમારા રાજકોટમાં મુર્ઘા ગેંગ, પેંડા ગેંગ, કુકડા ગેંગના ગુંડાઓ ચાલુ રોડ ઉપર ફાયરિંગ કરે. આજે બધી જ ગેંગોના લગભગ ૩૪ લોકો ગુજસીટોક હેઠળ છેલ્લા ચાર-છ મહિનાથી જેલના સળિયા ગણી રહ્યા છે. કોર્ટમાં જામીન મળતા નથી અને કદાચ આમાં એવી જોગવાઇઓ છે કે એની માલ-મિલકત પણ જપ્ત કરવામાં આવે અને કોઇ એકાદને ક્યાંય કોર્ટમાં કે એમાં ક્યાંય જામીન મળી જાય અને ફરીથી જો ગુનો કરે, એક સામાન્ય ગુનો કરે કે સામાન્ય ફરિયાદ આવે તો પણ એ જામીન રદ થાય એ પ્રકારનો આ કાયદો છે ત્યારે આ ગુજરાતને નિર્ભય બનાવતો કાયદો છે. આ ગુજરાતની સુખ, સલામતી, સમૃદ્ધિ આપણા વાર-તહેવારો, ઉત્સવો, પ્રસંગોને આનંદથી ઊજવી શકીએ અને કોઇ પણ ગુનેગાર ઊભો ન થાય અને એને ઊગતો ડામી દેવાનો આ કાયદો છે ત્યારે આ સુધારા વિધેયક ખૂબ જરૂરી હતું. જે કાંઇ કાયદાની મર્યાદામાં સી.જે.ચાવડા સાહેબે એની વિસ્તૃત વાત કરી કે જે જૂનો કાયદો હતો અને એ કાયદો પછી નવી જે કાંઇ ભારતીય ન્યાય સંહિતા કે જે કાંઇ નવા કાયદાઓ આવ્યા અને એના પછી એમાં જે કાંઇ જરૂરી સુધારા કરવા પડે એમ હતા એટલા માટે સુધારો આવ્યો છે. હું આ ગૃહના નેતા આદરણીયશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી, માનનીય મંત્રીશ્રી અર્જુનભાઇ જે આ સુધારા બિલ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું અને માનનીય શ્રી શૈલેષભાઇએ પણ આ બિલને સમર્થન આપ્યું છે. એમની જે વાત હતી કે સુધારો શા માટે લઇ આવવો પડ્યો? સમયની સાથે સાથે બદલાતા રહેવું પડે. કોઇ એક કાયદો એકવાર બની ગયો એટલે જીવનભર કાયદો ચાલતા નથી. જે કાંઇ જરૂરિયાત હોય એ પ્રમાણે સુધારાઓ થતા હોય છે ત્યારે હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આ જે સુધારા બિલ છે એને મારું સમર્થન આપું છું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા (ગૃહ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજનું જે બિલ છે એમાં મર્યાદિત સુધારો છે. એના વિશે થોડાઘણા પ્રશ્નો પણ માનનીય સભ્યશ્રીઓએ ઊભા કર્યા છે, એપ્રિસિએટ પણ કર્યું છે. માનનીય શૈલેષભાઇએ આ ટેરરિઝમ શબ્દ છે એ વખતે નહોતો લાવવો જોઇતો એ બાબતે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. આજે ટેરરિઝમ છે એની સામે ટોલરન્સ હોવું જોઇએ કે ઝીરો ટોલરન્સ હોવું જોઇએ. આ બાબતની ચર્ચાને હું માનું છું ત્યાં સુધી સ્થાન નથી. ટેરરિઝમ છે એ આ એક નવા જમાનાની પેદાશ છે, એક નવા વર્ગની પેદાશ છે. જેણે આખી દુનિયાને બાનમાં લીધું છે. એને અટકાવવા માટેના પ્રયાસો થયા પણ જાણે-અજાણે આ આતંકવાદી પ્રવૃત્તિને પોસતા તત્ત્વોને કારણે આ કાયદાને ઢીલો પાડવામાં આવ્યો અથવા તો એને નલ એન્ડ વોઇડ કરવામાં આવ્યો. પહેલો કાયદો ટાડાનો આવ્યો, અસરકારક કાયદો હતો. પણ જે આતંકવાદી પ્રવૃત્તિને પોસતા લોકોના કારણે આ કાયદાને વર્ષ ૧૯૯૫માં એક્સટેન્ડ કરવામાં ન આવ્યો. કોની સરકાર હતી એ કહેવાની જરૂર નથી. કારણ એ બતાવવામાં આવ્યું કે આતંકવાદી પ્રવૃત્તિ તો છે જ પણ એનો મિસયુઝ થાય છે. ૩૦૨નો કાયદો છે પણ એનો મિસયુઝ થાય છે. એટલે ખૂન કરે તો સજા ન કરવી. આની પાછળનો ઇરાદો આ પ્રકારનો હતો. એના પછી પોટાનો કાયદો આવ્યો. પોટાના કાયદામાં પણ આવી જોગવાઇ હતી અને એ કાયદાને પણ ફરી વર્ષ ૨૦૦૪માં રીપિલ કરવામાં આવ્યો. એટલે આતંકવાદીના કાયદાઓ જે હતા એને પહેલેથી જ સખત રાખવામાં આવ્યા હોત તો ભારતની જનતાને જે ભોગવવું પડ્યું એ કદાચ આજે ભોગવવું ન પડ્યું હોતએના પછી કોઇ આવા કાયદાઓની જોગવાઇ ન હતી.

એકમાત્ર યુ.એ.પી.એ. હતો. જેમાં એને વારંવાર બદલવામાં આવ્યો છે. અનલોફૂલ એક્ટિવિટી પ્રિવેન્શન એક્ટ વર્ષ ૧૯૬૭માં આવેલ. એમાં ક્યાંય આવી વ્યાખ્યા કરવામાં આવી નથી. સતત ચાલતું રહ્યું. છેલ્લે વર્ષ ૧૯૬૭માં આવ્યો પછી વર્ષ ૨૦૦૪માં સુધારવામાં આવ્યો. વર્ષ ૨૦૦૮માં જ્યારે મુંબઈ હુમલો થયો તે એટલો બધો ઘાતક હુમલો હતો કે એમાં આપણા પોલીસના ટોચના ત્રણ અધિકારીઓ શહીદ થયા, બીજા પોલીસ અધિકારીઓ શહીદ થયા તેમજ અનેક લોકો શહીદ થયા. આપણા ઉપર એની એટલી બધી અસર થઈ કે એવું લાગતું હતુ કે આ આતંકવાદ આપણને કયાંકને કયાંકથી ઘેરી લેશે. એ વખતે જરૂર હતી કે આ કાયદો લાવવામાં આવે પરંતુ એ કાયદો ત્યારે પણ લાવવામાં ના આવ્યો. વર્ષ ૨૦૦૮માં માત્ર નાના એવા સુધારા કરી સંતોષ માની લીધો. મને નવાઈ એ વાતની લાગે છે કે પ્રજાની ચિંતા કરવાના બદલે કાયદો બનાવતી વખતે આતંકવાદીઓને ચિંતા કરવામાં આવી છે. એને ક્યાંક વધારે સજા થઈ જશે તો? આતંકવાદ એવો ઘાતક રોગ છે કે જેને જડમૂળમાંથી સાફ કરી નાંખવો પડે. એ આતંકવાદ લીલા કલરનો હોય કે રેડ કલરનો હોય. આખરે એ માણસોનો ભોગ લે છે. પોતાના જ માણસોનો ભોગ લે છે. જે લોકોએ આતંકવાદનું સર્જન કર્યું એ અત્યારે એના ભોગ બની રહ્યા છે. છતાંયે હજી આતંકવાદ એક્સપોર્ટ કરવાનું એ લોકો ચૂકતા નથી. પાકિસ્તાન આજે પણ સુધરતું નથી. જે આતંકવાદનો જનક છે એ લોકો જ એના ભોગ બને છે છતાં આતંકવાદને જાણી જોઈને ટેકો આપવામાં આવે છે.

સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજના દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ કામકાજ પૂરું થાય ત્યાં સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે તેવો પ્રસ્તાવ રજૂ કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાગૃહે આજનું જે કામકાજ દર્શાવેલ છે એ તમામ કામકાજ પૂરું થાય ત્યાં સુધી બેઠકનો સમય લંબાવવા માટેના પ્રસ્તાવને હું સમર્થન આપું છું.

ઉપાધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડીવાર બાદ) કામકાજ પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલમાં સુધારો એટલા માટે કરવામાં આવ્યો છે કે જ્યારે ગુજસીટોક અમલમાં આવ્યો એ વખતે ટેરરિઝમની આઇ.પી.સી.માં કોઇ વ્યાખ્યા ન હતી. ટેરરિઝમ એ સંગઠિત ગુનાનું એક મોટું સ્વરૂપ છે. જે આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિસ્તરેલું છે. એનો કંટ્રોલ કરવો હોય તો ટેરરિઝમને પણ આમાં સામેલ કરવું પડે એટલા માટે આપણે સામેલ કર્યું હતું. હું આપણા ગુજરાતના પનોતા પુત્ર અને દેશના ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહને આ ગૃહ વતી અભિનંદન આપું છું. આ દેશમાંથી આતંકવાદ નાબૂદ કરવાનું તેમજ અનેક નવા કાયદાઓ બનાવવાનું માનનીય નરેન્દ્રભાઇનું જે વિઝન હતું એ વિઝન પ્રમાણે આપણા ત્રણ કાયદાઓ જે ક્રિમિનલ લૉ હતા એ બધા જ બદલાયા. આઇ.પી.સી.ની જગ્યાએ બી.એન.એસ. આવ્યો. સી.આર.પી.સી.ની જગ્યાએ બી.એન.એસ.એસ આવ્યો અને એવિડન્સ એક્ટની જગ્યાએ ભારતીય સાંખ્ય અધિનિયમ આવ્યો. આ ત્રણેય કાયદાઓ બદલાયા એના પછી ટેરરિઝમની વ્યાખ્યા કલમ–૧૧૩માં કરવામાં આવી છે અને ઓર્ગેનાઇઝ ક્રાઇમની વ્યાખ્યા કલમ–૧૧૧માં કરવામાં આવી છે. એના આધારે આપણે આ કાયદામાં સુધારો કરવાનું એટલા માટે નક્કી કર્યું કે ટેરેરિઝમની વ્યાખ્યા ઓલરેડી અપાઇ ગઇ છે, જે અગાઉ ન હતી. શ્રી શૈલેષભાઇ, અગાઉ એટલા માટે ન હતી કે ઘોડેસવારની આજુબાજુમાં ઝોલાવાળા આ ટેરરિસ્ટોને બચાવવા માટે પહોંચી ગયા છે. ટેરરિઝમની વ્યાખ્યા કલમ–૧૧૩માં આપેલ છે. આતંકવાદી કૃત્યની વ્યાખ્યા હતી જ નહીં. આતંકવાદી કૃત્યની વ્યાખ્યા બી.એન.એસ.માં આપવામાં આવી એના કારણે આ સુધારો લાવ્યા છીએ.

ઉપાધ્યક્ષશ્રી : મૂળ કારણ આતંકવાદની વ્યાખ્યા કરતાં એનું સ્વરૂપ જે બદલાયું છે એને પહોંચી વળવા માટેની વાત છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : હા, એને પડકારતો કાયદો ઓલરેડી સંસદમાં પસાર કરી દીધો છે. આપણો કાયદો એવો છે કે એનાથી આગળ જાય છે. આપણે તો એના કરતાં સખત બનાવ્યો છે. ઓર્ગેનાઇઝ ક્રાઇમનો ભારત સરકારની અંદર કાયદો છે એના કરતાં કડક બનાવ્યો છે. એના માટે સ્પેશિયલ કોર્ટની રચના થઇ શકશે. એવિડન્સ એક્ટમાં થોડી છૂટછાટ લીધી છે. આ જે કાયદો યુ.એ.પી.એ. માં સુધારા કર્યા, પોટામાં સુધારા કર્યા કે ટાડામાં સુધારા કર્યા એ કરનારા વકીલો હતા અને છતાં એમાં ક્યાંકને ક્યાંક ખામી રહી ગઇ છે. આપણે અહીંયા ડ્રાફ્ટિંગ ઓફ લેજિસ્લેટીવ બિલ છે એનો એક વર્કશોપ આ હાઉસમાં રાખેલ હતો અને ત્યારે આપણને આપણા દેશના ગૃહમંત્રી શ્રી અમિતભાઇએ માર્ગદર્શન આપ્યું છે કે ડ્રાફ્ટિંગ કયા પ્રકારનું હોવું જોઇએ જેથી ગુનેગારો છૂટે નહીં. એની અંદર ફ્લેક્સિબિલિટી હોય તો એના આધારે આપણે એમાં માઇનોર ફેરફાર કરી શકીએ એ પ્રકારની જોગવાઇ આ બિલમાં લાવવામાં આવી છે. અહીંયા મેં વાત કરી એ પ્રમાણે આતંકવાદ હોય કે સંગઠિત ગુના હોય એ બધાની સામે આપણે ઝીરો ટોલરન્સની નીતિ રાખી છે. ગુજરાત છે એ શાંતિપ્રિય રાજ્ય છે અને સમૃદ્ધ રાજ્ય છે. આ સમૃદ્ધિ છે એને લૂંટવા માટેની કેટલાય લોકોના મનમાં ગોઠવણો ચાલતી હોય છે. એકલો પહોંચી ન વળે એટલે ઘાક જમાવવા ગેંગ ઊભી કરે. એકસરખા કપડાં પહેરે, એકસરખા જોડા પહેરે અને ટોળાની અંદર ચાલીને લોકોની અંદર ઘાક ઊભી કરે, એકસરખા વાહનો ચલાવે અને એક ટેલિફોન કોલ કરીને જે લોકોએ મહેનત કરીને સમૃદ્ધિ બનાવી હોય એને લૂંટવાનું કામ કરે. જમીન દબાવવાનું કામ કરે. આ ગુના માત્ર વ્યક્તિગત સ્તરે નહીં પરંતુ સંગઠિત સ્તરે એ પછી રાજ્ય વ્યાપી હોય કે શહેર

વ્યાપી હોય. જો પોલિટિકલ વીલ હોય અને અધિકારીઓની ક્ષમતા હોય તો આ ગુનેગારો એવા હોય છે કે એક મજબૂત પોલીસ ઓફિસરના દર્શન થાય તો ૫ હજાર કિલોમીટરની આજુબાજુમાં ક્યાંય દર્શન ન આપે એટલા ડરપોક લોકો હોય છે. પરંતુ એના માટેનો મજબૂત કાયદો ન હોય, મજબૂત પોલિટિકલ વીલ ન હોય તો આ કૂલેફાલે છે. હું એવા વિસ્તારમાંથી આવું છું કે જ્યાં આવી એક્ટિવિટીના કારણે ભોગ બનેલો છું. જે તે વખતની સરકારોએ ખૂબ પાળી પોષીને મોટા કરેલા. પોલિટિકલ વીલ આવી. આઇ.પી.એસ. અધિકારી તો ઠીક છે, એ કાયદાથી સુરક્ષિત હોય છે. એ લોકો એનું મજબૂત પીઠબળ હોય છે પણ જે પોલીસના નાના અધિકારી છે, એ પ્રમાણિક અધિકારીઓ શું કરી શકે એનો સૌથી મોટો દાખલો ગુજરાતે શ્રી સુખદેવસિંહ ઝાલાનો જોયેલો છે. એક પી.એસ.આઇ. દરજ્જાનો માણસ શું કામ કરી શકે એ ગુજરાતના પોલીસ અધિકારીએ આપણને બતાવ્યું. એવા અનેક અધિકારીઓ આપણી પાસે છે. એના કારણે ગુજરાતની અંદર આપણી સામાજિક સુરક્ષા પણ છે અને ગુજરાતની શાંતિની સુરક્ષા એવા અધિકારીઓ કરી રહ્યા છે. આવા અધિકારીઓ આઇ.પી.એસ. અધિકારી હોય, નાના અધિકારી હોય કે પોલીસ કોન્સ્ટેબલ હોય એને દિલથી અભિનંદન આપું છું. જે દિવસ-રાત જોયા વગર મહેનત કરે છે. સમય હતો કે આપણે ત્યાં રોજ બોમ્બ ફૂટતા હતા. એ ટિફિન બોમ્બ હોય, સિવિલ હોસ્પિટલ કે અક્ષરધામ હોય એ બધા ક્યાં ગયા? કેમ દેખાતા નથી? કારણ કે પોલિટિકલ વીલવાળી સરકાર દિલ્હીમાં બેઠી છે અને પોલિટિકલ વીલવાળા મુખ્યમંત્રીશ્રી અહીંયા છે. પોલિટિકલ વીલવાળા રાજ્યના ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી અહીંયા છે. એટલે ગુનેગારો અને આપણી પાસે પોલીસ અધિકારીઓનું બળ પણ એટલું જ છે એના કારણે આજે આ જે આવી પ્રવૃત્તિ કરનારા હતા એ લગભગ રાજ્ય છોડી ગયા છે અથવા તો જેલમાં ગયા છે. ગુનેગારો કાયદાથી તો ડરવા જોઇએ. પોલીસથી પણ ડરવા જોઇએ. અહીંયા મોટરસાઇકલ લઇને ૫-૬ જણા નીકળે. આ શરૂઆત તો ત્યાંથી થાય છે. ૫-૬ જણા નીકળીને એક જ સરખો હોર્ન બનાવે. મારા સુરતના મિત્રોને અને બધાને ખબર હશે કે એકજ સરખા હોર્ન વગાડે ૧૦ જણા નીકળે એક પ્રકારની ચિચિયારીઓ અને મ્યુઝિક વગાડીને ધાક બેસાડે, એને રોકવામાં ના આવે તો પછી આગળ વધતા જાય. એ પછી ટપોરીઓ ગુંડા કે ગેંગ બની જાય. પછી પૈસાના આધારે સમાજમાં પ્રતિષ્ઠા હાંસલ કરે. આ લોકોને બોઘપાઠ રોડ અને ચોરા ઉપર આપવો જોઇએ. એ આપણી પોલીસ આપી રહી છે. આપના નાયબ મુખ્યમંત્રીશ્રી અને ગૃહમંત્રી હર્ષભાઇ સાચું જ કહે છે કે ગુનેગારોને જેલ યાદ રહે કે ના રહે એનો વાંધો નહિ. પરંતુ શિયાળો આવે ત્યારે પહેલા એના પગને ખબર પડવી જોઇએ કે મેં ગુનો કર્યો હતો. જ્યાં એવું હશે ત્યાં આપણી બહેન-દીકરીઓ સલામત રહેશે અને સંપત્તિના સર્જકો પણ સલામત રહેશે અને કાયદાનું રાજ ચાલશે. આ દેશ અને રાજ્યના નાગરિકને એટલો અધિકાર છે કે પોતાના ઘરમાં રહેતા હોય એ ઘરમાં પોતે રાજા હોવો જોઇએ. જે વ્યવસાય કરતો હોય એ વ્યવસાયનો રાજા હોવો જોઇએ. એની જગ્યાએ વ્યવસાય કરતો હોય તો એને બીક લાગે કે આ એકસ.વાય.ઝેડ. માણસ આવીને મને ધમકાવી જશે. મને ફોનથી ધમકી આપશે તો, રાત્રે ઘરે ફોન કરીને ધમકી આપે, એને રાત્રે ઊંઘ ના આવે અને અશાંતિ આવી જાય. આ આપણા રાજ્યમાં ચલાવવાનું નથી. એના માટેનું બિલ આપણે અગાઉ પાસ કરેલું છે. આજે આપણે ત્યાં જેનાથી ખૂબ મોટી રાહત મળી હોય એવા બે કાયદાઓ આ હાઉસે પસાર કર્યા છે. એક આ ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ અને બીજો લેન્ડ ગ્રેબિંગનો કાયદો છે. બાપ-દાદાની જમીનો છે, એમાં દાયકાઓથી પોતે રહે છે. કાયદેસરના અધિકારો છે અને છતાં કોઇ એક વ્યક્તિની નજર બગડે અને ત્યાં જઇને પોતે પ્રવેશ કરી ગયો પછી કોર્ટમાં સિવિલ સ્યુટ કરીને એને બહાર કાઢતાં કાઢતાં દાયકાઓ નીકળી જાય અને આવા ભોગ બનેલા અહીંયાના નાગરિકો પણ રહે છે. જે લોકો વિદેશમાં રહેતા હશે અને અહીંયા સંપત્તિઓ ખરીદી છે, એણે વિશ્વાસે એના કોઇ સગા-સબંધીને કે કોઇ બીજાને આપી પછી ખાલી ના કરે. એવા લોકો માટે હું જે તે વખતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબને યાદ કરીશ. એણે એ વખતે કાયદો લઇ આવીને આજે જે લોકો પાસે જમીન છે એ જમીનની પૂરેપૂરી સુરક્ષા આપવાનું કામ કર્યું છે અને એ એપ્રોચ હેઠળ અસરકારક રીતે કાયદો લઇ આવ્યા છીએ. આ અધિનિયમ હેઠળ અત્યાર સુધીમાં ખૂબ મોટાપાયે પગલાં લેવાયાં છે એના કારણે આપણા રાજ્યમાં આજે શાંતિ છે. આપણું રાજ્ય નસીબદાર છે. આપણે ત્યાં ૩૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. નકસલાઝીમનો 'ન' પણ આપણે આવવા દીધો નથી. હું દેશના ગૃહ મંત્રીશ્રી અમિતભાઇને ફરીથી અભિનંદન આપું છું કે, એમણે મક્કમ નિર્ધાર કર્યો કે નક્સલાઝીમને નાબૂદ કરવું છે એની ડેડ લાઇન આપી દીધી કે ૩૦મી માર્ચ, ૨૦૨૬ સુધીમાં નક્સલાઝીમ ઝીરો થવું જોઇએ. આજે ઝીરો થઇ ગયું. જેટલા પણ નકસલાઝીમના લીડરો હતા એ ક્યાંક ઉપર જતા રહ્યા, ક્યાંક જેલમાં જતા રહ્યા કાં તો શરણાગતિ સ્વીકારી લીધી છે. છેલ્લે એનો મજબૂત આગેવાન દેવજી હતો એણે પણ શરણાગતિ સ્વીકારી લીધી. આજે આ ૨૨ નકસલાઝીમ નાબૂદ, ગ્રીન નકસલાઝીમ નાબૂદ. આના માટે પોલિટિકલ વીલ જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદા હેઠળ છેલ્લાં દસ વર્ષમાં આપણે અનેક લોકોની ધરપકડ કરી છે અને આ કાયદાની જોગવાઇ એવી છે કે કલમ-૧૬ મુજબ જે પોલીસ અધિક્ષક દરજ્જાના અધિકારી પાસે તે પોતે કબૂલાત આપે અથવા તો નિવેદન લખાવે તો એને 'Evidence Act' હેઠળ માન્ય રહે એવી જોગવાઇ કરી છે. અહીંયા આવા સંગઠિત પ્રકારના ગુનાઓ છે તે માત્ર ટોળકી રચી અને આતંક મચાવે છે એટલુ જ નહીં પણ સાયબર ક્રાઇમ મારફતે આતંક મચાવે છે અને એમાં અનેક લોકો ભોગ બને છે. કેટલાય લોકો તો ફરિયાદ પણ સાયબર ગુનાની અંદર કરતા નથી કારણ કે એક આખી ગેંગ ઓપરેટ થાય છે અને આ પ્રકારના ગુનાને પ્રોત્સાહન આપી અને તેમાંથી મલાઇ તારવવાનું કામ કરે છે તેને રોકવા માટેનો આ કાયદો ખૂબ જરૂરી છે. આના માટે આપણે સ્પેશિયલ કોર્ટની રચનાનું પણ પ્રાવધાન થયેલુ છે અને તે ઝડપથી કેસ ચાલે એટલા માટેનું પણ એની પાછળનો

ઇરાદો છે કે જેથી જલદી સજા થઇ જાય. જે ચાર્જશીટ મૂકવાના આપણા સામાન્ય રીતે ૯૦ દિવસના નિયમો છે તેની જગ્યાએ આમાં ૧૮૦ દિવસ સુધી આપણે તેને ચાર્જશીટ પછી મૂકી શકીએ છીએ જેથી તપાસની અંદર પૂરતો સમય મળે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની અંદર આ કાયદો અમલમાં આવ્યા પછી કુલ–૧૧૮ ગુનાઓ રજિસ્ટર કરવામાં આવ્યા છે. અને આ ગુનાઓના કુલ–૯૪૧ જેટલા આરોપીઓની અટક કરેલ છે. જે પૈકી હાલમાં ૨૯૫ જેટલા આરોપીઓ કસ્ટડીમાં છે. જે શરીર સંબંધી ગુનાઓ કરતી ગેંગ છે તેની વિરૂદ્ધ ૭૨ ગુના, મિલકત સંબંધી ગુનાઓની ગુના કરતી ગેંગ વિરૂદ્ધ ૩૨ ગુના, પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુના કરતી ગેંગ વિરૂદ્ધ ૯ ગુના, સાયબર ફ્રોડના ગુના કરતી ગેંગ વિરૂદ્ધ ૨ ગુના અને જે ડ્રગ્સના ગુનાઓમાં સંડોવાયેલા છે તેવી ગેંગ વિરૂદ્ધ ૧ ગુનો અને ગાયમાતાની તસ્કરી કરીને કતલ કરતી ગેંગ વિરૂદ્ધ ૨ ગુના દાખલ કરેલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અને તેનાથી આગળ જઇને આવા આરોપીઓ છે તે પોતે નિશ્ચિત થતા હોય છે કે એક વખત હું બે–ચાર વર્ષ જેલમાં જઇ આવીશ પછી જે આવી પ્રવૃત્તિ મારફત ધન એકઠું કર્યું છે તે મારી ત્રણ ચાર પેઢી ખાશે. આ જે લાલચ હતી તેને કારણે જેલમાં જવાનું પણ પસંદ કરતા હતા પણ આ ગુનાની જોગવાઇ એવી છે કે, એની અંદર આવા ગુના મારફત જે સંપત્તિનું સર્જન કર્યું હોય તો એ સંપત્તિ સીઝ કરવાના પણ આ ગુનાની અંદર આપણને અધિકારો આપ્યા છે અને તેના કારણે જે ચાર આરોપીઓ છે તેની રૂપિયા ૧૫.૬૪ કરોડની સંપત્તિ આપણે રાજયસાત કરેલી છે. એટલે મિલકત કમાવા માટે જે કોઇ કરતા હોય તેના માટે હવે આ રાજયની અંદર એવા લોકોને માટે કોઇ જગ્યાએ સ્થાન રહેવાનું નથી.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી માહિતી મારા મિત્રો અમીતભાઇ અને ઉદયભાઇએ આપી છે. આની અંદર કેટલા પ્રકારના ગુનાઓ બન્યાં છે એટલે હું તેનું પુનરાવર્તન નહીં કરું પરંતુ જે જે શહેરોમાં આવા ગુનાઓ જે બન્યાં છે તેને જેલમાં પુરવામાં આવ્યા છે અને તેને જે લોકો વિદેશમાં રહીને આવી પ્રવૃત્તિ કરતા હતા તેને પણ આપણે આ ગુના હેઠળ આવરી લીધેલા છે અને હજુ પણ કહું છું આપણા ભુપેન્દ્રભાઇ પટેલની આગેવાની હેઠળની સરકાર અને આપણા નાયબ મુખ્યમંત્રી હર્ષભાઇ સંઘવી હેઠળનું આપણું ગૃહ વિભાગ આવા પ્રકારના કોઇ પણ ગુનેગારને ટોલરન્સ નહીં તેની સામે ઝીરો ટોલરન્સ રાખવાનું છે. આવા ગુનેગારોની ખેર નથી કોઇ પણ નાગરિક આ બાબતે કયારેય પણ રાજય સરકારનું ધ્યાન દોરશે તો એની સામે સખતમાં સખત પગલાં લેવાશે. જેલ પણ તેને યાદ રહેશે, સંપત્તિ ભેગી કરી હશે તે પણ રાજયસાત થશે અને શિયાળો આવશે ત્યારે તેના પગના તળિયાં પણ યાદ કરાવશે કે તે આ ગુનો કર્યો છે. એટલે આપણામાંથી પણ કોઇ, સામેના મિત્રો છે એમને પણ કહું છું કે કયારેય આવી બાબત આવે તો રાજય સરકારનું જરૂરથી ધ્યાન દોરજો, આવા કોઇ લોકોને માફ કરવાના નથી. આતંકવાદની સામે જયાં સુધી માનનીય નરેન્દ્રભાઇ અને માનનીય અમીતભાઇ છે ત્યાં સુધી હું માનું છું કે ભારતની અંદર આવી પ્રવૃત્તિ કરવાનું કાયમ માટે એ જ નહીં પણ એની આવતી પેઢીઓ પણ ભૂલી જવાની છે પણ સંગઠિત ગુનાની અંદર પણ આપણે એની સામે ઝીરો ટોલરન્સ છે, કોઇપણ પ્રકારની પ્રવૃત્તિને આપણે ચલાવી લેવાના નથી ત્યારે મારા સર્વે મિત્રોને વિનંતી છે કે આ બિલમાં થોડોક ટેકનિકલ સુધારો કર્યો છે એને આપ સૌ સર્વાનુમતે એને મંજૂર કરો. ધન્યવાદ.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૨–સન–૨૦૨૬નું ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨થી ૨૧, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૨–સન–૨૦૨૬નું ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક–૨–સન–૨૦૨૬નું ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

સને ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૮

ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયક, ૨૦૨૬
ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજીસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ,
૨૦૨૧ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી પ્રકુલભાઇ પાનસેરીયા (રાજયકક્ષાના આરોગ્ય મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૮-સન-૨૦૨૬નું ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી પ્રકુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૮-સન-૨૦૨૬નું ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયકનું વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી પ્રકુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યક્ષેત્રે પ્રાઇવેટ ક્લિનિક લેબોરેટરી, રેડિયોલોજિસ્ટ, હૉસ્પિટલો વગેરે અનેક પ્રાઇવેટ પ્રેક્ટિસ કરનારી સંસ્થાઓ હોય છે. એ રીતે એન.જી.ઓ. સંસ્થા પણ હોય છે ત્યારે એના માનવબળનું રજિસ્ટ્રેશન અને એની સંખ્યા આપણી પાસે હતા પરંતુ સંસ્થાઓના રજિસ્ટ્રેશન કે એની માહિતી જે તે સમયે આપણી પાસે ન હોવાથી આ વિધેયક વર્ષ ૨૦૨૧માં લાવવામાં આવ્યું હતું અને તા.૩/૯/૨૦૨૨થી અમલીકરણમાં આવ્યું હતું. ધી ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ રજિસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન એક્ટ-૨૦૨૧માં જરૂરી સુધારા સૂચવતું ધી ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ રજિસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન એમેન્ડમેન્ટ ડ્રાફ્ટ બિલ હું આ ગૃહ સમક્ષ રજૂ કરું છું. જે તે સમયે ગુજરાતમાં આપણે આ બિલ રજૂ કર્યું હતું અને તા.૧૩/૯/૨૦૨૨થી અમલીકરણ થયું ત્યારથી રજિસ્ટ્રેશન અને તબીબી પદ્ધતિથી ભણીને તૈયાર થયેલા આરોગ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલા માનવબળનું રજિસ્ટ્રેશન થાય છે પરંતુ જે સ્થળે આ સેવા પૂરી પાડવામાં આવે છે એ સ્થળની વિગત, સરનામું, હૉસ્પિટલ દ્વારા અપાતી સેવાઓ અને વિભાગમાં ન્યૂનતમ ધારાધોરણે સ્ટાન્ડર્ડ ટ્રીટમેન્ટ, ગાઇડલાઇન, મેડિકલ ઇમરજન્સી સ્ટાફ, ન્યૂનતમ લાયકાત સાથે વિગતો બાબતે દેખરેખ/નિયંત્રણ ખૂબ જરૂરી હતા. હૉસ્પિટલની પરિસ્થિતિ, એની સ્વચ્છતાથી લઇને દરેક બાબતોની જોગવાઇ આ બિલમાં કલમો દ્વારા કરવામાં આવી હતી. ખાનગી ક્ષેત્રે આ રજિસ્ટ્રેશન એટલા માટે જરૂરી છે કે લેભાગુ ડૉક્ટરો કે જેમની પાસે ડિગ્રી જ નથી તેઓ પોતાની નાની એવી હાટડી કે ક્લિનિક ખોલીને લોકોના જીવન સાથે ચેડાં કરતાં હોય છે અને લગભગ આરોગ્ય વિભાગના અને પોલીસના સંયુક્ત પ્રયાસથી ગુજરાતમાં આવા લેભાગુ તત્ત્વો, ડુપ્લિકેટ ડૉક્ટરો બની બેઠેલા ડૉક્ટરો હોય છે એમને પકડીને એમની પર કાનૂની રીતે કાર્યવાહી કરવામાં આવે છે પરંતુ આ રજિસ્ટ્રેશનના કારણે જો આપણી પાસે સંપૂર્ણપણે માહિતી મળી રહે તો એના કારણે આવા ડુપ્લિકેટ ડૉક્ટરો ફાવશે નહિ. એ જ રીતે ખાનગી હૉસ્પિટલોમાં સચોટ માહિતી મેળવવા માટે કોઇ અલાયદું તંત્ર ન હોવાના કારણે નીતિ ઘડતાં ચોક્કસ પરિણામો મેળવી શકાતાં ન હતા. આ મર્યાદાઓ દૂર કરવા માટે આ બીલ ગૃહ સમક્ષ રજૂ કરું છું.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ રજિસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન બિલ -૨૦૨૬ લઇને આવ્યા છે એના વિશે મારા વિચારો રજૂ કરું છું. મારી બીજી ટર્મમાં આ બિલ ત્રીજી વખત આ વિધાનસભા ગૃહમાં રજૂ થયું છે.

માનનીય સભાપતિશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને

આ બિલના ઉદ્દેશો અને કારણોમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે રાજ્ય સરકારે ગુજરાત રાજ્યમાં ચિકિત્સા સંસ્થાઓના રજિસ્ટ્રેશન અને નિયમન માટેની જોગવાઇ કરવા માટે ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ રજિસ્ટ્રેશન અને નિયમન અધિનિયમ ૨૦૨૧ અધિનિયમિત કર્યો હતો. સમગ્ર રાજ્યમાં અધિનિયમનું અમલીકરણ કરવાના ઉદ્દેશથી અધિનિયમ દ્વારા ફરમાવ્યા પ્રમાણે રજિસ્ટ્રેશન માટે ચિકિત્સા સંસ્થાઓએ વધુ વાજબી સમયગાળો પૂરું પાડવાનું જણાવ્યું છે. વર્ષ ૨૦૨૧માં આ કાયદો લાવ્યા. એ પછી વર્ષ ૨૦૨૫માં ફરીથી સુધારો લાવ્યા. વર્ષ ૨૦૨૬માં ફરીથી સુધારો લાવવામાં આવ્યો. તારીખ પે તારીખ, તારીખ પે તારીખ. તા.૧૩/૦૯/૨૦૨૨ના રોજ આ કાયદો અમલમાં આવ્યો ત્યારે કામચલાઉ અને કાયમી એમ બે

* વિધેયક તા રજી માર્ચ, ૨૦૨૬ના ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રકારનાં રજિસ્ટ્રેશન હતા. કામચલાઉ રજિસ્ટ્રેશન કરવા માટે છ મહિના અને કાયમી રજિસ્ટ્રેશન કરવા માટે એક વર્ષની સમયમર્યાદા હતી. તેનો અર્થ એ થયો કે જો રાજ્ય સરકારની નીતિ સ્પષ્ટ હોય અને રાજ્ય સરકાર આ કાયદાનો અમલ કરવા માગતી હોય તો એક વર્ષમાં આ તમામ સંસ્થાઓનું રજિસ્ટ્રેશન થઇ ગયું હોત. વર્ષ ૨૦૨૧માં અને ૨૦૨૫માં અમે આ કાયદાને સમર્થન કર્યું હતું. હજુ પણ રાજ્યમાં આરોગ્યની સુવિધામાં સુધારો થાય તે માટે અમે સરકારની સાથે હોય પરંતુ વારંવાર કાયદામાં સુધારો કરવાનું પહેલું કારણ કાયદામાં ટ્રાન્સપરન્સીનો અભાવ અને બીજું કારણ સ્ટેક હોલ્ડર કે જેના માટે આ કાયદો લાવવામાં આવ્યો હોય, જેને કાયદાનો અમલ કરવાનો છે તેવા વ્યક્તિઓને આપણે વિશ્વાસમાં ન લીધા હોય ત્યારે વારંવાર કાયદામાં સુધારો કરવાની જરૂર પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે આરોગ્ય એ રાજ્ય સરકારનો વિષય છે. ભારતના બંધારણના આર્ટિકલ–૨૧, ૩૯(ઇ), (એફ), ૪૨ અને ૪૭માં પણ આરોગ્ય એ રાજ્ય સરકારની જવાબદારી છે. છેલ્લે હમણાં વર્ષ ૨૦૨૨માં WHO એ જે બંધારણ બહાર પાડ્યું તેમાં પણ રાજ્ય સરકારને આરોગ્યની જવાબદારી આપી છે. ડિરેક્ટિવ પ્રિન્સિપલ્સ ઓફ સ્ટેટ પૉલિસી બંધારણના શિડ્યુલ–૭માં પણ આરોગ્યની જવાબદારી એ રાજ્ય સરકારની મૂળભૂત જવાબદારી છે. સામાન્ય રીતે આરોગ્ય એ પ્રજાનો હક્ક છે. આરોગ્ય વિભાગ રેવન્યુ જનરેટ કરવા માટેનો વિભાગ નથી. રાજ્યની સરકારી હૉસ્પિટલમાં પૂરતા ડૉક્ટર ઉપલબ્ધ નથી. આજે રાજ્ય સરકારની હૉસ્પિટલમાં સૌથી વધુ કરાર આધારિત ડૉક્ટર છે. આયુષમાં છેલ્લાં ૨૫–૨૫ વર્ષથી ૧૭ હજારથી માંડીને આજે ૪૦ હજાર સુધી કરાર આધારિત ડૉક્ટર્સ નોકરીઓ કરે છે. અડધા તો રીટાયર્ડ પણ થઇ ગયા. કાયદાઓ લાવીને ખાનગી તબીબો ઉપર નિયંત્રણ લાવવું જોઇએ પરંતુ સાથે સાથે સરકારી હૉસ્પિટલ માટે કે સરકારી કર્મચારીઓ માટે પણ વિચારવું જોઇએ.

માનનીય અધ્યશ્રી, આપણે વારંવાર વાત કરીએ છીએ કે 'ease of doing business' ની વાત કરીએ છીએ એટલે મને લાગે છે કે, સરકારે કંઇક નક્કી કર્યું છે કે 'ease of doing practice ના બદલે, 'ease of doing harassement to the doctors'. હું સર્ચ કરતો હતો ત્યારે મારા ધ્યાનમાં આવ્યું કે, તા.૧૧/૦૨/૨૦૨૫ સુધીમાં આરોગ્ય વિભાગે જાહેર કરેલ આંકડા મુજબ કુલ ૧૬,૬૯૮ કાયમી રજિસ્ટ્રેશન થયેલા છે. તે પૈકી ૧૨,૦૨૮ એલોપેથીમાં, ૧,૬૨૨ આયુર્વેદિકમાં, ૩,૦૦૯ હોમિયોપેથીમાં અને ૩૯ યુનાની સિસ્ટમમાં રજિસ્ટ્રેશન થયા છે. હમણાં જ માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે, અમે આ કાયદો ડુપ્લિકેટ ડૉક્ટર માટે લાવીએ છીએ. માનનીય મંત્રીશ્રી આ રાજ્યમાં ડુપ્લિકેટની નવાઇ નથી, માત્ર ડૉકટરો ડુપ્લીકેટ નથી, અધિકારીઓ પણ ડુપ્લિકેટ હોય છે, હૉસ્પિટલો પણ ડુપ્લિકેટ હોય છે , જજો પણ ડુપ્લિકેટ હોય છે, કોર્ટો પણ ડુપ્લિકેટ હોય છે. એટલે માત્ર ડુપ્લિકેટ ડૉકટરની નહીં પણ બધા ડુપ્લિકેટોની ચિંતા કરવા માટે કોઇ વિધેયક લાવો તો અમે તમને સમર્થન આપીશું. જે પ્રમાણે રાજ્ય સરકારના આંકડા છે એ પ્રમાણે વર્ષ ૨૦૨૧માં ૮૩૯ બોગસ તબીબો પકડાયા, વર્ષ ૨૦૨૨માં ૮૭૫, વર્ષ ૨૦૨૩માં ૧૦૧૦ ડૉકટરો પકડાયા અને જે બોગસ ડૉકટરો પકડાય છે એ તો અઠવાડિયા–દસ દિવસ પછી ફરીથી એની પ્રેકટિસ ચાલુ કરી દે છે. એટલે તમે જો બોગસ તબીબોની ચિંતા કરતા હોય તો એ બોગસ તબીબો એકવાર પકડાયા પછી ફરીથી પોતાના વિસ્તારમાં આવી પ્રેકટિસ ચાલુ ન કરે એના માટે કંઇક કડક કાયદો બનાવ્યો હોત તો અમે સમર્થન કર્યું હોત. કાયદામાં કોઇ જોગવાઇ નથી. એસ.ઓ.જી. પોલીસ પકડી લે, કાં તો બે કે પાંચ હજારનો દંડ કે છ મહિનાની સજા થાય છે. પછી ફરીથી આ ડૉકટરો પ્રજાના આરોગ્ય સાથે ચેડાં કરે છે. જે પ્રમાણે હજું પણ આપણે વારંવાર ત્રીજીવાર આ કાયદો લાવવો પડે છે. એનું કારણ એ છે કે ડૉકટરો અને આવી તબીબી હૉસ્પિટલો પોતાનું રજિસ્ટ્રેશન કરાવી શકતા નથી. એટલે મને લાગે છે કે તમે મોટી મલ્ટિસ્પેશ્યાલિટી હૉસ્પિટલો હોય એને લાભ કરાવવા માટે આ કાયદો લઇને આવ્યા છો. ઘણીવાર રજિસ્ટ્રેશન નહીં થવાના કારણો એવા હોય છે કે બી.યુ.પરમિશનની તમે માગણી કરો છો. ઘણી હૉસ્પિટલો ૨૦–૨૫ વર્ષથી ચાલતી હોય. પાટણમાં વીસ વર્ષ પહેલાંનું કોઇ કોમ્પ્લેક્સ હોય એમાં હૉસ્પિટલ ચાલતી હોય અને બી.યુ.પરમિશન લેવા જાય તો નગરપાલિકા એમ કહે છે કે અમે બી.યુ. પરમિશન આપતા જ નથી. એટલે જે રજિસ્ટ્રેશન બાકી રહ્યા છે એનું કારણ શોધવું જોઇએ. જો ડૉકટરો બચશે તો જ દર્દીઓ બચશે અને અત્યારે એકબાજુ આપણે સિંગલ વિન્ડો સિસ્ટમની વાત કરીએ છીએ. ઘણીવાર ડૉકટરને ખબર પડતી નથી કે હું ડૉકટર છું કે કલાર્ક છું. એટલા બધા રજિસ્ટ્રેશન એને કરવા પડે છે. એક ડૉકટર બન્યા પછી એને હૉસ્પિટલ ચાલુ કરવી હોય તો સાતથી આઠ જુદા–જુદા રજિસ્ટ્રેશન કરવા પડે. સૌથી પહેલાં તો એમ.સી.એ.નું રજિસ્ટ્રેશન લેવું પડે, ગાયનેકોલોજિસ્ટ હોય તો સોનોગ્રાફીનું રજિસ્ટ્રેશન લેવું પડે, આઇ.વી.એફ. નું રજિસ્ટ્રેશન લેવું પડે, પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડનું રજિસ્ટ્રેશન લેવું પડે, પી.એન.ડી.ટી. એક્ટનું રજિસ્ટ્રેશન લેવું પડે અને ગુમાસ્તા ધારાનું લાયસન્સ લેવું પડે. એટલે તમે રાજ્યમાં સારી આરોગ્યની સુવિધા મળી રહે એના માટે કાયદો લાવ્યા તો અમે સમર્થન કરીએ છીએ. પરંતુ, રાજ્ય સરકારે એવું પણ વિચારવું જોઇએ કે દરેક ફિલ્ડમાં આપણે ઉદ્યોગો માટે સિંગલ વિન્ડો સિસ્ટમ આપીએ છીએ. એક જ જગ્યાએ એને પરમિશન મળી જાય એ માટે ડૉકટરો માટે પણ આવી કોઇ ચિંતા કરવાની જરૂર છે. બીજું કે, આ કાયદો લાવ્યા પછી માત્ર ઓવર રેગ્યુલેશન્સ ના થાય, અધિકારીઓની મનમાની ન થાય, ઘણીવાર અધિકારીઓ ખોટી રીતે આવા ડૉકટરોને હેરાનગતિ કરતા હોય છે. એટલે એવું ના થાય એના માટે પણ કાયદામાં થોડો સુધારો લઇને આવ્યા હોત તો અમે સમર્થન કરતા. અત્યારે પણ માનનીય મંત્રીશ્રી અમે આ કાયદાને સમર્થન કરીએ છીએ પરંતુ ઝડપથી હવે ચોથી વાર આપણે સુધારો લઇને ના આવવું પડે અને એક સમયમર્યાદા નક્કી થાય કે ડિસેમ્બર–૨૦૨૬, ૨૦૨૭

કે ૨૦૨૮ સુધીમાં તમામ ડૉકટરોના, હૉસ્પિટલોના રજિસ્ટ્રેશન થઇ જાય અને જે બાકી રહેતા હોય અથવા રજિસ્ટ્રેશન ન કરાવ્યા હોય તો રજિસ્ટ્રેશન ન કરાવવાનું કારણ શું? કોઇ જમીનના, હૉસ્પિટલના પુરાવા ન હોય વગેરેનું એનાલિસિસ કરી ગુજરાતની તમામ ખાનગી અને સરકારી હોસ્પિટલો ચાલે છે એનું સંપૂર્ણપણે રજિસ્ટ્રેશન થાય, આરોગ્ય માટેની જે રાજ્ય સરકારની જવાબદારી છે એ જવાબદારી રાજ્ય સરકાર સારી રીતે નિભાવે અને ગુજરાતની જનતાને, યુવાનોને, મા, બહેન, દીકરીઓને સારી આરોગ્ય સુવિધા મળે એના માટે અમે આ કાયદાનું સમર્થન કરીએ છીએ.

ડૉ. દર્શિતાબેન પા. શાહ(રાજકોટ –પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય આરોગ્ય મંત્રીશ્રી ગુજરાત ચિકિત્સા રજિસ્ટ્રેશન અને એના નિયમનનું સુધારા વિધેયક લઇને આવ્યા છે એ માટે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું કહેવા માગીશ અને મને એવું લાગે છે કે માનનીય કિરીટભાઇએ આ બિલનો પૂર્ણ અભ્યાસ કર્યો નથી. જો એમણે પૂર્ણ અભ્યાસ કર્યો હોત તો એમના જેટલા પ્રશ્નો છે એ તમામ પ્રશ્નોનું સોલ્યુશન આ વખતના આ સુધારા બિલમાં માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે. હું વિપક્ષના સભ્યશ્રીને વિગતવાર અને સવિશેષ આ બિલ વિશે સમજાવવા માગું છું. યજુર્વેદમાં કહેલ છે કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ તમામનું મુખ્ય સાધન જો કોઇ હોય તો એ આપણું શરીર છે. જો શરીર સ્વસ્થ હશે તો બધું સારું રહેશે. કહેવાય છે કે ' પહેલું સુખ તે જાતે નર્યા' . તમામ સુખોનો ઇલાજ એ આપણું સ્વસ્થ શરીર છે. એટલે માનનીય મંત્રીશ્રી આ જે બિલ લઇને આવ્યા છે એ ખૂબ અગત્યનું અને ખૂબ જરૂરી છે.

दवा भी देता है, दुआ भी देता है,
जो दर्द को मिटाता है, वो ईश्वर के समान भी होता है।

રે માણસ જીવન–મરણ વચ્ચે ઝોલા ખાતો હોય, આઇ.સી.યુ.માં વેન્ટિલેટર ઉપર હોય, બચવાની કોઇ આશા ના હોય અને એની જિંદગીની અંતિમ ક્ષણો જ્યારે તે ગણી રહ્યો હોય ત્યારે જો ડૉકટર અને હૉસ્પિટલ એ માણસને બચાવી લે તો એ વ્યકિત માટે હૉસ્પિટલ મંદિર સમાન છે અને ડૉકટર ભગવાન સમાન છે. ડૉ. કિરીટભાઇ જતા રહ્યા છે પણ હું એમને એ કહેવા માગું છું કે આ ડૉકટરોને સન્માન આપવાનું, એમની ગરિમાને જાળવવાનું, એમને માન આપવાનું જો કોઇ બિલ હોય તો એ આ બિલ છે. એટલા માટે આ બિલ ખૂબ અગત્યનું છે. આપણે સૌ જાણીએ છીએ કે, આપણે કોઇપણ ધંધો કરવો હોય, નાની દુકાન કરવી હોય, નાની રેંકડી કરવી હોય કે કોઇપણ ધંધો કરવો હોય તો આપણે એ ધંધા માટેનું લાઇસન્સ લેવું પડે. આપણે એના માટે રજિસ્ટ્રેશન કરાવવું પડે. એટલા માટે જ માનનીય મંત્રીશ્રી આ બિલ લઇને આવ્યા છે. આ બિલનું નામ જ એ છે કે ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) એટલે કે કિલનિકલ એસ્ટાબ્લિશમેન્ટ રેગ્યુલેશન એન્ડ રજિસ્ટ્રેશન એક્ટ. કોઇપણ કિલનિકને એસ્ટાબ્લિશ થવું છે તો એના માટેનું આ બિલ છે. એ નાની હૉસ્પિટલ હોય, નાનું કિલનિક હોય, બ્લડ બેંક હોય, રેડિયોલોજીની સારવાર હોય, હોમિયોપેથી કિલનિક હોય, આયુર્વેદિક કિલનિક હોય કે આરોગ્યને લગતી કોઇપણ સુવિધા હોય પછી ભલે એ ફાઇવ સ્ટાર કેટેગરીની સુપરસ્પેશિયાલિટી હોસ્પિટલ હોય કે પછી સરકારી હોસ્પિટલ કે સરકારી દવાખાના હોય આરોગ્યની સુવિધા આપતા દરેક લોકો માટે આ બિલના માધ્યમથી રજિસ્ટ્રેશન કરાવવાની જોગવાઇ કરવામાં આવી છે કે, તેમણે ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવું જ પડે. આ બિલમાં એવું કહેવામાં આવ્યું છે. આ બિલનો મુખ્ય ઉદ્દેશ શું છે? આ બિલનો મુખ્ય ઉદ્દેશ જ એ છે કે સમગ્ર ગુજરાતમાં આવી જેટલી પણ આરોગ્યને લગતી સંસ્થાઓ છે એ તમામને એકત્ર કરી શકાય, એ તમામને એકસૂત્રતા નીચે લાવી શકાય, એ તમામના ડેટાબેઝનું એકત્રિકરણ કરી શકાય એ આ બિલનો મુખ્ય ઉદ્દેશ છે. આપણા લોકલાડીલા વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ હંમેશા માને છે કે વ્યકિત સ્વસ્થ હશે તો સમાજ સ્વસ્થ થશે અને સમાજ સ્વસ્થ હશે તો રાષ્ટ્ર સ્વસ્થ થશે. એક ભારત, શ્રેષ્ઠ ભારત, સ્વસ્થ ભારત અને મેદસ્વિતા મુક્ત ભારત માટે થઇને આ બિલ ખૂબ જ અગત્યનું છે. જે રીતે હમણાં વિપક્ષના સભ્યએ વાત કરી એ સાચી વાત છે કે, આ બિલ વર્ષ ૨૦૨૧માં લાવવામાં આવ્યું. ત્યારબાદ બે વખત આ જ સભાગૃહમાં સુધારા વિધેયક લાવવામાં આવ્યું. પરંતુ એમને એ ખ્યાલ નથી કે આવું શા માટે કરવામાં આવ્યું? એટલા માટે હું આ બિલ વિશે તેમને જણાવવા માગું છું. સમગ્ર ભારતની ૧૪૦ કરોડની જનતા અને એ જનતાનો મુખ્ય ઉદ્દેશ હોય તો એમનું આરોગ્ય છે. એટલા માટે આ બિલ આજે આપણે લાવ્યા છીએ. દરેક જગ્યાએ આરોગ્યની વ્યવસ્થા સુદૃઢ રહે, નાનામાં નાની હૉસ્પિટલ છે એમાં ડોકટર છે એની પાસે સાચા ડૉકટર છે, એનું દવાખાનું સાચું છે, એમાં જે નર્સ કામ કરે છે એની પાસે ડિગ્રી છે, એની પાસે સાધનો છે એ ડિગ્રી પ્રમાણેના પર્યાપ્ત સાધનો છે, દવા આપે છે તો એક્સપાયરી ડેટની નથી ને, એ જે સારવાર આપતા હોય એ સારવારની મર્યાદામાં બરાબર ખર્ચ દર્દીઓ પાસેથી લે છે, એની પાસે ઓપરેશન થિએટર છે, એમાં સુવિધા પ્રોપર છે, બ્લડ બેન્ક છે એ યોગ્ય છે? આવા તમામ પ્રશ્નો છે એ પ્રશ્નોના નિરાકરણ માટે આ બિલ ખૂબ જ જરૂરી છે. હમણાં જ સભ્યશ્રી કહેતા હતા કે એમાં તો આ સર્ટિફિકેટ જોઇએ, આ જોઇએ, તે જોઇએ. હું જણાવું છું કે એકવાર તમે રજિસ્ટ્રેશન કરો, આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનું ડિજિટલ ઇન્ડિયા છે. તમે તમારા ઘેર બેસીને, હું પોતે ડૉકટર છું અને મેં પોતે મારી લેબોરેટરીનું રજિસ્ટ્રેશન આ બિલ માટે થઇને કરાવેલ છે. માત્ર એક જ કલાકમાં અને ૩ જ ડોક્યુમેન્ટ રજૂ કરવાના હોય છે. ફાયર એન.ઓ.સી., જી.પી.સી.બી.નું સર્ટિફિકેટ અને ડૉકટરનું રજિસ્ટ્રેશન. આ અપલોડ કરો એટલે તમને ત્યારે ને ત્યારે પ્રોવિઝનલ રજિસ્ટ્રેશન મળી જાય. આનાથી વધારે સારી સગવડતા શું હોઇ શકે? બીજી કોઇ ઝંઝટમાં પડવાનું નથી. એટલા માટે આ બિલ ખૂબ

અગત્યનું છે. હું કહેવા માંગીશ કે કદાચ ગૃહના ધ્યાનમાં નહીં હોય કે થોડા વખત પહેલાં છાપામાં એક કિસ્સો આવ્યો હતો. ગુજરાતમાં એક ખૂબ નાના અંતરિયાળ ગામમાં એક બહેન પોતાની પ્રસૂતિ કરાવવા માટે એ ગામમાં દવાખાનું હતું ત્યાં ગયા. એ ડૉકટર પાસે ગાયનેકોલોજિસ્ટની ડિગ્રી ન હતી. છતાં એ બેનની સારવાર એ ડૉકટરે કરી. દુઃખની વાત એ છે કે સારવાર તો કરી પણ પ્રસૂતિ બાદ એ બેનને કોમ્પ્લિકેશન્સ થયા અને સતત રક્તસ્ત્રાવ ચાલુ ને ચાલુ રહ્યો. ૧૪ જેટલી બ્લડની બોટલો ત્યારે ને ત્યારે આપવામાં આવી છતાં પણ બેનનું જીવન બચાવવું ખૂબ મુશ્કેલ હતું. ત્યારે તાત્કાલિક એમને રાજકોટની મધર એન્ડ ચાઈલ્ડ કે જે ૮૦૦ બેડની સૌથી મોટી સરકારી ગાયનેક હોસ્પિટલ છે એમાં શિફ્ટ કરવામાં આવ્યા. માતા અને દીકરો બન્ને જણા સતત ૨૧ દિવસ સુધી જીવન મરણ વચ્ચે ઝઝૂમતાં રહ્યા અને પછી સ્વસ્થ થયા. એટલા માટે હું કહેવા માગું છું કે આ બિલ ખૂબ ગંભીરતાપૂર્વક લેવું જરૂરી છે અને એને સમર્થન આપવું એટલું જ જરૂરી છે. હમણાં જ થોડા વખત પહેલાં છાપામાં આવ્યું હતું કે એસ.ઓ.જી.ની ટીમના માધ્યમથી ખંભાળિયા, કલ્યાણપુર, દેવભૂમિ દ્વારકા આવી તમામ જગ્યાએથી નકલી ડૉકટરો અને નકલી ડિગ્રી ધરાવતા ક્લિનિકો આ બધાને પકડવામાં આવ્યા છે. આ બિલ ડૉકટરો, દર્દીઓ અને હોસ્પિટલના હિત માટેનું છે. આનો આપણને સૌથી વધારે અહેસાસ ક્યારે થયો? કોવિડ સમયે. આપણી પાસે આ બધી જ વ્યવસ્થાઓ છે, ગુજરાત આરોગ્ય ક્ષેત્રે પહેલા નંબરે મેડિકલ હબ છે. કોવિડ આવ્યો ત્યારે આપણને ખબર પડી કે કઇ હૉસ્પિટલ પાસે ઓક્સિજનની સુવિધા છે, કઇ હૉસ્પિટલ પાસે વેન્ટિલેટર છે. કઇ હૉસ્પિટલ પાસે કેટલા બેડ છે, કઇ હૉસ્પિટલના ડૉકટરો કોવિડના દર્દીઓને સાચવવા માટે કેટલા સક્ષમ છે. ત્યારે આપણા તંત્ર પાસે આ સમગ્ર ડેટા પર્યાપ્ત સંખ્યામાં ન હતો. ત્યારે આપણી ભારતીય જનતા પાર્ટીની સરકારે એવું નક્કી કર્યું કે, આપણે આ બિલના માધ્યમથી આવી એકસૂત્રતા લાવીએ. બધાને ભેગા કરીએ. સમગ્ર ગુજરાતની તમામ આરોગ્ય સંસ્થાઓને એક વૃક્ષ નીચે લાવીએ. જેથી કરીને આવનારા સમયમાં ગમે તેટલી નાની બીમારી મેલેરિયા, ડેંગ્યુ, ટાઇફોઇડ, ચીકનગુનિયા જેવી કોઇપણ એપેડેમિક આવે તો આપણી પાસે ડેટાના માધ્યમથી આપણે નાનામાં નાના ગામડાની કોઇપણ વ્યક્તિને ત્યાં ને ત્યાં સારવાર આપીને બચાવી શકીએ એ મુખ્ય ઉદ્દેશ ભારતીય જનતા પાર્ટીનો છે. આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબનો આભાર માનું છું કે આજે આયુષ્યમાન કાર્ડના માધ્યમથી ૩.૧૦ લાખ સુધીની સહાય આપણા તમામ ગુજરાતીઓને ફાઇવ સ્ટાર કેટેગરી જેવી હૉસ્પિટલોમાં પણ મફતમાં સારવાર મળે છે. આજે ગુજરાતમાં ૪૧થી પણ વધારે મેડિકલ કોલેજો, ફિઝિયોથેરાપી કોલેજ, ડેન્ટલ કોલેજ, આયુર્વેદિક હૉસ્પિટલ, હોમિયોપેથી હૉસ્પિટલ, ડેન્ટલ હૉસ્પિટલ, પી.એચ.સી., સી.એચ.સી આરોગ્ય કેન્દ્ર, સિવિલ હૉસ્પિટલ અને આરોગ્ય મંદિર જેવી આ તમામ સુવિધાઓ એટલા માટે ઉપલબ્ધ કરાવવામાં આવી છે કે ગુજરાતનો એકપણ નાગરિક આરોગ્યની સેવાથી વંચિત ના રહે. વિકસિત ગુજરાત માટે થઇને સ્વસ્થ ગુજરાતની ખૂબ જરૂરિયાત છે એટલા માટે થઇને આ સમગ્ર આરોગ્યનું માળખું ગુજરાતમાં ઊભું કરવામાં આવ્યું છે એના માટે થઇને હું માનનીય મુખ્યમંત્રીશ્રીને અને માનનીય આરોગ્ય મંત્રીશ્રીને અભિનંદન આપીશ કે સમગ્ર રાષ્ટ્રમાં ગુજરાત પ્રથમ ક્રમાંકે છે. શ્રી કિરીટભાઇ ક્યા આંકડા ક્યાંથી લઇને આવ્યા એ મને ખબર નથી. પરંતુ મારી પાસે જે આંકડા ઉપલબ્ધ છે એ પ્રમાણે હાલના તબક્કે ગુજરાતમાં ૪૧,૦૦૦ પ્રોવિઝનલ રજિસ્ટ્રેશન આ અંતર્ગત થયેલા છે અને ૨૦૦૦ જેટલા કાયમી રજિસ્ટ્રેશન થયા છે. માનનીય અધ્યક્ષશ્રી, કિરીટભાઇ કહેતા હતા કે ડૉક્ટરોને હેરાન કરો છો, આ ને તે, હું પોતે ડૉક્ટર છું એટલે મને ખબર છે. આ બિલ ડૉક્ટરોને હેરાન કરવા માટેનું નથી. આ બિલ હૉસ્પિટલોને નિયંત્રિત કરવા, અંકુશમાં લાવવા કે એની પાસેથી દંડ ઉઘરાવવા માટેનું નથી. આ બિલ સેવાભાવી ડૉક્ટરોને પ્રોત્સાહન આપવાનું બિલ છે. ઘણી વખત આપણે છાપામાં વાંચતા હોઇએ છીએ કે દર્દી અને ડૉક્ટર વચ્ચે ચડભડ થાય, દર્દીઓ ડૉક્ટર ઉપર હુમલા કરે. ડૉક્ટરોને કોર્ટ સુધી ધક્કા ખાવા પડે અને કોર્ટમાં લઇ જાય એટલા માટે થઇને આવા ડૉક્ટરોનું માન-સન્માન અને ગરિમા જળવાય એના માટે થઇને આ બિલ અગત્યનું છે. એક પારદર્શીતા અને જવાબદારી માટેનું આ બિલ છે. જ્યાં આરોગ્યમાં વેપાર થાય છે ત્યાં માનવતા ક્યાંક ખોવાઇ જાય છે? આ બિલના માધ્યમથી અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર માનવતાને પાછો લાવવાનો પ્રયાસ કરી રહી છે. હું કિરીટભાઇને કહેવા માગું છું કે આપ કહેતા હતા કે આ બિલના માધ્યમથી આટલી આટલી સમસ્યાઓ ઊભી થઇ આ બધું થયું? તો મારે એમને પૂછવું છે કે તમે શા માટે કોંગ્રેસના સમયમાં આ બિલ ના લાવ્યા? આ બિલ વર્ષ ૨૦૨૧માં આવ્યું તો તમારે આ બિલ લઇ આવવું જોઇએ ને? તમારા રાજમાં નકલી ડૉક્ટરો ફૂલ્યાં-ફાલ્યાં, દર્દીઓ લૂંટાયા, વચેટિયા.. (અંતરાય)

સભાપતિશ્રી : એક મિનિટ, માનનીય કિરીટભાઇ બોલો.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : સાહેબ, બહેને મારું નામ લઇને, કોંગ્રેસનું નામ લઇને કહ્યું એટલા માટે કહું છું કે કોંગ્રેસની જ્યારે કેન્દ્ર સરકાર હતી ત્યારે વર્ષ ૨૦૧૦માં આ ડ્રાફ્ટ તૈયાર થયેલો. ૧૫ વર્ષ સુધી માત્ર ગુજરાત અને જમ્મુ કાશ્મિર બે રાજ્ય સિવાય તમામ રાજ્યોએ આનો અમલ કરી દીધો હતો. હાઇકોર્ટમાં પી.આઇ.એલ. થઇ ત્યાર પછી તમારે આ કાયદો લાવવો પડ્યો છે. એટલે શરૂઆત કોંગ્રેસે કરી હતી.

સભાપતિશ્રી : ડો. દર્શિતાબેન, વર્ષ ૧૯૯૦થી હજુ કોંગ્રેસનો મેળ પડ્યો નથી ત્યારે એ ક્યાંથી બિલ લાવે? આપણે થોડુંક વિવેકપૂર્વક કહીએ.

ડૉ. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું એજ કહેવા માગુ છું કે બિલ તો લાવ્યા પણ બિલનું સાચા અર્થમાં અમલીકરણ જ કરી શક્યા નથી. એટલા માટે થઈને એ બિલ લાવ્યા પછી નકલી દવાખાના, નકલી ડૉક્ટરો અને એજન્ટોના માધ્યમથી ગરીબ દર્દીઓ સતત ને સતત લૂંટાતા રહ્યા. ભારતીય જનતા પાર્ટીની સરકારે આ હિંમત દાખવી. આપણા પક્ષની છાતીવાળા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને આપણા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ સાહેબનું દાદાનું બુલડોઝર આવા તમામ નકલી દવાખાના અને નકલી ડૉક્ટરો ઉપર ફરી વળવાનું છે એટલા માટે થઈ ને આ સુધારા બિલ લાવ્યાં છીએ. સરકાર માત્ર કાયદો બનાવતી નથી પણ સરકાર આ કાયદાને જીવંત પણ રાખે છે એ ભારતીય જનતા પાર્ટીનો ઉદ્દેશ છે. એટલા માટે આ બિલ સમગ્ર દર્દીઓ, હોસ્પિટલ અને ડૉક્ટર માટે એક ઢાલ સમાન બિલ છે. આરોગ્ય ધનથી પણ કિમતી છે અને જીવનનું સાચું ઘરેણું છે. તન સારું હોય તો મન પણ સ્વસ્થ રહે છે અને એટલા માટે હું વિપક્ષના સભ્યોને કહેવા માગીશ તમારા સમયમાં બીમારી ફેલાય, આજે સારવાર અમે કરી રહ્યા છીએ. તમે પ્રશ્ન પૂછો છો પણ જવાબ તમારા જ ભૂતકાળમાં તમને મળશે. (અંતરાય) વારંવાર ઊભા થાય છે એટલે મને વિક્ષેપ પડે છે.

સભાપતિશ્રી : ડો. કિરીટભાઇ, આ બહેન નવા છે ત્રીસ વર્ષથી તમારો મેળ પડયો નથી અને હજું પણ પડવાની સંભાવના દેખાતી નથી. આ બહેનને થોડું કહેવું છે એટલે જવા દો.

ડૉ. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલ બાબતે ડો.કિરીટભાઈએ વાત કરી કે વારંવાર સભાગૃહમાં આ બિલ લાવવું પડે છે એટલે હું એમને કહેવા માગીશ કે તમે ખરેખર આજે આપણા આરોગ્ય મંત્રીએ દીર્ઘદૃષ્ટિ રાખીને જે આ બિલ લાવ્યા છે તેનો આપે અભ્યાસ નથી કર્યો નહીંતર આપ આ વાત બોલ્યા જ ન હોત. આ બિલ સુધારા વિધેયક બિલ છે. હું સભાગૃહને જણાવવા માગું છું કે, શું સુધારા આ બિલમાં લાવવામાં આવ્યા છે. એ વાત સાચી છે કે આ બિલ ઉત્તરોત્તર બે વખત આ સદનમાં લાવવામાં આવ્યુ પરંતુ શા માટે લાવવામાં આવ્યું ? કારણ કે આપણા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને આપણો આરોગ્ય વિભાગ એવું ઇચ્છે છે કે, ગુજરાતની એક પણ નાનામાં નાની આરોગ્ય લગતી સંસ્થા, કિલનિકલ, હૉસ્પિટલ તે કદાચ પર્વત ઉપર હોય કે કોઇ દુર્ગમ વિસ્તારમાં હોય કે કોઇ પણ અંતરિયાળ ગામમાં હોય પણ એ રજિસ્ટ્રેશનથી વંચિત ના રહે અને એટલા માટે થઈને જેટલી વખત પણ સુધારા લાવવામાં આવ્યા છે તે રજિસ્ટ્રેશનનો ટાઇમ લંબાવવા માટેના સુધારા લાવવામાં આવ્યા છે કે જેથી વધુને વધુ લોકો રજિસ્ટર થાય, વધુને વધુ સુવ્યવસ્થિત એક આયોજન બને તેના માટે આ બિલ લાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલમાં ૨ સુધારા કલમ–૯ અને કલમ–૧૮ અંતર્ગત કરવામાં આવ્યા છે. કલમ–૯ અંતર્ગત તા.૩૦–૪–૨૦૨૬ સુધી તમે પ્રોવિઝનલ રજિસ્ટ્રેશન કરી શકો એવી જોગવાઇ ગત વખતે હતી અને આ વખતે કલમ–૧૮ અંતર્ગત તા.૧૨–૯–૨૦૦૦ સુધી વહીવટી પ્રક્રિયા લગતની સમયમર્યાદા છે. સભ્યશ્રીની વાત સાચી છે પણ એટલા માટે થઇને જ આપણા આરોગ્ય મંત્રી ખૂબ દીર્ઘદૃષ્ટિ રાખીને વહીવટી પ્રક્રિયા દૂર કરવા માટે થઇને સભાગૃહનો પણ સમય ના બગડે તે માટે થઇને આ વખતે આ સુધારા બિલ એટલા માટે લાવ્યા છે કે હવેથી આ ગુજરાત ચિકિત્સા સંસ્થાના રજિસ્ટ્રેશન અને રેગ્યુલેશનના બિલ માટે આપણે હવેથી ગૃહમાં આવવુ નહીં પડે. માત્ર ગેઝેટના માધ્યમથી જ આપણે જાહેરાત કરીને આપણે જે પ્રોવિઝનલ રજિસ્ટ્રેશનનો સમય વધારવો છે, વહીવટી પ્રક્રિયા માટેનો જે સમય વધારવો છે તે માત્ર એ માધ્યમથી જ જાહેર કરી શકાશે અને તેનો મુખ્ય ઉદ્દેશ એ છે કે, વધુને વધુ લોકોને આમાં આપણે આવરી શકીએ અને તમામ ગુજરાતની સંસ્થાઓને આમાં આપણે લઇ શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું સભાગૃહના સર્વે સદસ્યશ્રીઓને વિનંતી કરવા માગું છું કે, આપના વિસ્તારમાં કોઇ પણ નામની હૉસ્પિટલ, દવાખાના, કિલનિક, બ્લડ બેન્ક, લેબોરેટરી કંઇ પણ હોય તો એ બધાનું તાત્કાલિક પ્રોવિઝનલ રજિસ્ટ્રેશન કરાવવામાં આવે. આ મોટામાં મોટું પુણ્યનું, ધર્મનું, આરોગ્યનું અને સેવાનું કામ છે અને એટલા માટે થઇને સર્વે સંતુ સખિનઃ સર્વે સંતુ નિરામયાની પંકિતને ચરિતાર્થ કરતુ આ બિલ એક ભારત, શ્રેષ્ઠ ભારત, સ્વસ્થ ભારત, મેદસ્વીતા મુકત ભારત, વિકસિત ભારતના સંકલ્પને ચરિતાર્થ કરે છે ત્યારે સમગ્ર સભાગૃહને હું વિનંતી કરું છું કે, આ બિલને મંજૂરી આપે, ધન્યવાદ.

શ્રી અમૂલ ભટ્ટ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપર ઘણી બધી વાતો થઇ છે. એક નાની ઘટના જે આ બિલ લાવ્યા છે તેના માટે હું જણાવું તો કદાચ ગૃહને ખ્યાલ આવશે કે આ બિલનું મહત્ત્વ શું છે. મારા છેવાડાનો વિસ્તાર લાંભા છે અને જે રીતે બહેને વાત કરી એ વિસ્તારમાં અમારા વિસ્તારના એક બહેન તેની પ્રસૂતિ, તેના બાળકની પરિસ્થિતિ અને ત્યાર પછીની પીડાઓ અને ત્યાર પછીનું ઇન્વેસ્ટીગેશન એ બધુ જયારે જોવામાં આવ્યું, ત્યારે ખ્યાલ આવ્યો કે રજિસ્ટ્રેશન વગરના કાયદાકીય રીતે કામ ના કરતા ડૉકટરો દ્વારા જો સારવાર કરવામાં આવે તો શું પરિસ્થિતિ થાય અને એટલે જ હું કહું છું કે આજે સવારથી હમણાં આતંકવાદ વિરોધી બિલની આપણે વાત કરી, કદાચ અશાંતધારા બિલ પણ આવવાનું છે પણ અમારા માનનીય મંત્રીશ્રી જે બિલ લાવ્યા છે એ બિલ છે આ વ્હાઇટ કોલર ટેરરીઝમને અટકાવવા માટેનું આ બિલ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર લાવી છે. સમાજમાં એકલા આતંકવાદીઓજ ગુનો કરતા હોય છે એવું નથી હોતું. ખોટી રીતે, ખોટી ટ્રીટમેન્ટ, ખોટી દવાઓ અને એ ખોટા માધ્યમથી જો પેશન્ટને ખોટી ટ્રીટમેન્ટ મળે તો એનું રજિસ્ટ્રેશન ના થયું હોય તો શું પરિસ્થિતિ થઇ શકે એના દાખલા માનનીય દર્શિતાબેને આપ્યા છે અને બીજા દાખલા હું આપીશ. એક વાકય અહીંયા ગૃહમાં કહેવાયું, કોઇનું

નામ નથી કહેવા માંગતો, Health is the right of the people, પણ અમારી સરકાર, માનનીય ભુપેન્દ્રભાઈની સરકાર, અમારા આરોગ્ય મંત્રી એવું માને છે કે, Right, Proper and Priscribed Health is the Right of the People. ગમે તેવી procedure ના જોઈએ, Right type prescribe અને સાચા ડોકટરો દ્વારા કરવામાં આવતી treatement એ અમારી સરકારની નેમ છે. કયાંક શાસ્ત્રોમાં પણ કહ્યું છે બહેને કીધું એમ કે,

शरीर माध्यम खलु धर्म साधनम् ।

શરીર એ જ તમામ કર્તવ્ય ધર્મ માટેનું પ્રથમ સાધન છે અને શરીરને નિરામયી, સ્વસ્થ રાખવા માટે આરોગ્ય અંગેની તમામ સુવિધાઓ સર્વોચ્ચ કક્ષાની મળી રહે તે માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર ચિંતિત છે. ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એકટ એ કોઇ એક નાનો એકટ નથી, હું એવું માનું છું કે આ ગરીબ, દરિદ્રનારાયણની સેવા કરવાનો એક સંકલ્પ યજ્ઞ છે જે લઇને અમારા માનનીય આરોગ્ય મંત્રીશ્રી આવ્યા છે. ગુજરાતની ભાજપની સરકારની નેમ રહી છે કે કોઇપણ પ્રકારની અપેક્ષા વિના છેવાડાના માનવીના દુઃખ, દર્દ અને આરોગ્યની ચિંતા કરી તેને શ્રેષ્ઠતમ, સારી અને શ્રેષ્ઠ પ્રકારની આરોગ્ય સુવિધા પ્રદાન કરી શકાય તેવું આયોજન કરવું અને એના માટે જ આ બિલ અમે લાવ્યા છીએ. આ બિલની કેટલીક વાતો માનનીય દર્શિતાબહેને કીધી છે પણ તેમાં થોડું વધારે ડીટેઇલમાં જવા માંગું એટલે આપણને ખબર પડશે કે આ બિલ શું છે અને તેની મહત્ત્વતા શું છે? આ બિલમાં આવી ૫–૭ જોગવાઇઓ છે, પહેલું ક્લિનિકમાં આવનાર પ્રત્યેક દર્દીનું નામ, સરનામું અને ઉંમર ક્લિનિકમાં દર્દીની વિઝિટ સમયે નાની નાની વિગતોનું રજિસ્ટ્રેશન થાય છે.

બીજું, હોસ્પટલમાં દાખલ દર્દીની વિગતો, તેનું નિદાન, તેના રોગનો પ્રકાર, તેને આપવામાં આવેલી સારવાર આ સૌ વિગતો પણ જુદી જુદી હૉસ્પિટલોમાં મેઇન્ટેન કરવામાં આવે છે. તમે વિચાર કરો કે કેટલી નાની નાની બાબતોનો આ સરકાર ખ્યાલ રાખી રહી છે.

ત્રીજું, કોવિડ કે જોન્ડીસ જેવા એપેડેમિકમાં કેટલાક દર્દીઓ અસરગ્રસ્ત થયા એન તેમને કેવા પ્રકારની સારવાર આપવામાં આવી, કારણ કે કેટલાય પ્રશ્નો આપણી પ્રશ્નોત્તરીમાં ઉઠ્યા છે એની ડીટેઇલમાં હું જવા નથી માગતો, પરંતુ નાની બાબતોની ભૂલો કાઢવામાં આવે ત્યારે કેવા પ્રકારની સારવાર અપાઇ, એમાંથી કોઇનું દુઃખદ મૃત્યુ થયું હોય ત તેની ઝીણામાં ઝીણી માહિતી, તે દર્દીને કોઇ હૉસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા કે નહીં, તે દર્દીને ફર્ધર ટ્રીટમેન્ટ આપવામાં આવી કે નહીં આ કાળજી અમારી દાદાની સરકાર લઇ રહી છે અને એવું નથી કે આ શહેરમાં જ, છેવાડાના માનવી, એ વલસાડથી માંડીને અંબાજી સુધી, સી.એચ.સી. સેન્ટર હોય, પી.એચ.સી. સેન્ટર હોય આ દરેકના રજિસ્ટ્રેશન અને આ પ્રોસિજર ફોલો કરવી પડે છે.

ચોથો પોઇન્ટ પ્રત્યેક હૉસ્પિટલ અને ક્લિનિકમાં ક્વોલિફાઇડ સ્ટાફ અને પેરા મેડિકલ કર્મચારીની સેવાઓ મળી રહે, ડિગ્રી વગરના, ફેક ડિગ્રી ધરાવતા, એકલા ડૉકટરો જ નહીં પેરા મેડિકલ, ફિઝિયોથેરાપીસ્ટ એની પણ આ બિલમાં કાળજી લેવામાં આવે છે. અને આ એક્ટ જ્યારે સુધરશે ત્યારે એની પર સંપૂર્ણ અંકુશ આવશે. એક દર્દી અંતરિયાળ વિસ્તારમાં રહેતો હોય કે મોટા મેટ્રોપોલિટન શહેરમાં રહેતો હોય પણ તેને એકસરખી ગુણવત્તાસભર સારવાર મળી રહે તે આ એક્ટની નેમ છે. એક બીજું ખૂબ મહત્ત્વનું પાસું આ એક્ટમાં છે. આપણે હૉસ્પિટલોમાં જઇએ ત્યારે સ્વચ્છતા જોઇએ કારણ કે દિવસેને દિવસે નવા નવા પ્રકારના ઇન્ફેક્શિયસ ડિસીઝ આપણે જોતા હોઇએ છીએ. કોવિડ આવ્યો ત્યારે આપણને ખબર નહોતી કે કોવિડ આવશે, પ્લેગ આવે તો આપણને ખબર નહોતી કે પ્લેગ આવશે. આ એક્ટને લીધે ક્લિનિક તથા હૉસ્પિટલમાં સ્વચ્છતાના ધોરણોમાં ઇન્ફેક્શન કંટ્રોલ કરવામાં તથા કોઇપણ ચેપી રોગના ફેલાવવાને અટકાવવામાં અંકુશ લગાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પ્રગતિ થશે. માનનીય દર્શિતાબેને કહ્યું કે છેલ્લાં ત્રણ ચાર વર્ષમાં મેલેરિયા, ડેન્ગ્યુ, કોલેરા, જોઇન્ડિસ જેવા રોગોમાં ત્વરિત અને અસરકારક ઘટાડા સાથે અંકુશ રાખવામાં કયા કયા પ્રકારની કાળજીઓ લેવામાં આવી, કયા કયા પ્રકારની સારવાર આપવામાં આવી, કયા કયા પ્રકારની નવી રિસર્ચ થઇ, કેવી વેક્સિનો આપવામાં આવી? આ બધું તબક્કાવાર આ એક્ટને લીધે આભારી થશે. પહેલા એમ કહેવાતું હતું કે કોઇપણ દર્દીઓનો રેકોર્ડ આપણને ઉપલબ્ધ નથી અને વિપક્ષના સાથી જતા રહ્યા છે એમને પૂછજો વર્ષ ૨૦૦૦ની શરૂઆતમાં એમની પાસે કેવા રેકોર્ડ ઉપલબ્ધ હતા. મેડિકલની કૉન્ફરન્સોમાં ડૉક્ટરો જ્યારે જતા હતા ત્યારે આપણે પશ્ચિમી દેશોના આંકડાને ક્વોટ કરવા પડતા હતા. દેશભરમાં જુદા જુદા રાજ્યોમાં ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ લાવવાને કારણે દર્દીઓ તથા જુદા જુદા રોગોની આધારભૂત માહિતીના લીધે આપણા દેશમાં એક ડેટા બેંક ઊભી થઈ છે અને આ ડેટા બેંકના માધ્યમથી આપણે કોઇપણ એપિડેમિક ડિસીઝમાં જ્યારે જરૂર પડે ત્યારે આ ડેટા બેંકનો ઉપયોગ કરી અને એની સારવાર કઈ રીતે વધુ સારી કરી શકીએ તેની માહિતી મળે છે. જન્મ નોંધણીથી માંડી અને આયુષ્માન યોજનાના લાભાર્થીઓની ઓનલાઇન નોંધણીથી લઈ કેન્દ્રીય સ્તર સુધીનો રોબસ્ટ ડિજિટલ ડેટા આપણે તૈયાર કર્યો છે. એ ડેટાના આધારે કયા દર્દીને કઈ યોજનાનો લાભ મળ્યો, લાભ નથી મળ્યો તો કેમ નથી મળ્યો, એની માહિતી આ ડેટા બેંકમાં હોય છે અને એ આ બીલના રજિસ્ટ્રેશનની વ્યવસ્થામાં છે. આ એક્ટમાં પહેલાં ૩૦ એપ્રિલ, ૨૦૨૬ સુધીના ક્લિનિક તથા હૉસ્પિટલના રજિસ્ટ્રેશનની જોગવાઈ હતી પરંતુ આ સૂચિત સુધારામાં કોઈ પણ ચિકિત્સા સંસ્થાઓ દ્વારા રાજ્ય સરકારના રાજપત્રમાં જાહેરનામાથી નિર્દેશ કરે તેટલી મુદતમાં રજિસ્ટ્રેશન માટે અરજી કરવાની રહેશે અને આ સુધારાને હું આવકારું છું. નવી નવી હૉસ્પિટલો બંધ નથી થવાની, નવા ક્લિનિકો બંધ નથી થવાના ૩૦ એપ્રિલ, ૨૦૨૬ પછી પણ હૉસ્પિટલ કે

ક્લિનિક ખુલે તો એ પણ રજિસ્ટ્રેશન કરાવી શકે, એને પણ કાયદેસરતા મળે એ દુરોગામી દ્રષ્ટિકોણથી આ તમામ વ્યવસ્થાઓ ગોઠવાઈ છે. એક અંદાજ મુજબ ગુજરાતમાં એલોપેથી, હોમિયોપેથી, આયુર્વેદિક, યુનાની અને બીજી બધી આરોગ્યની શાખાઓની થઈને ટોટલ ૧૮,૦૦૦ કરતાં વધુ ક્લિનિકના જે રજિસ્ટ્રેશનો નથી થયા તેઓ તેનો લાભ લઈ શકશે અને આપણે વધુ સુદ્રઢ વ્યવસ્થાઓ ઊભી કરી શકીશું. ઘણી બધી વાતો થઈ શકે છે અને વાતો ઘણી થઈ ગઈ છે. ફરી એક વખત આ સભાગૃહમાં હું કહું છું કે, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર, આ અમારા માનનીય મુખ્યમંત્રીની સરકાર, આ અમારા આરોગ્ય મંત્રી કોઈ પણ નાનામાં નાની ઉણપ દર્દીની સારવારમાં રાખવા માંગતા નથી એને એટલે જ આ બિલ લાવ્યા છે. હું અમારી પંડિત દીનદયાળ ઉપાધ્યાયજી અને ડૉ.શ્યામાપ્રસાદ મુખરજીની વિચારધારા છેવાડાના માનવી સુધી પહોંચે એ માટે એને વંદન કરી આ બિલને સર્વસંમતિથી પસાર કરવામાં આવે એવી વિનંતી કરું છું. જય જય ગરવી ગુજરાત.

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી સન ૨૦૨૬નું સુધારા વિધેયક ક્રમાંક-૮ ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયક, ૨૦૨૬ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું અને સાથો સાથ સૂચન પણ આપું છું.

આ બિલનો હાર્દ એ ગુજરાતમાં ખાનગી અને ટ્રસ્ટ સંચાલિત હૉસ્પિટલ કે ચિકિત્સા સંસ્થાઓનું રજિસ્ટ્રેશન કરવા માટેનો સમય વધારવા માટેનું આ બિલ છે. વારંવાર આ સમયમર્યાદા માટે સુધારા વિધેયક લાવવામાં આવે છે એટલે ચિકિત્સા સંસ્થાઓને રજિસ્ટ્રેશન કરવાના નિયમોમાં સરકારે ખરેખર તેનો અભ્યાસ કરવો જોઈએ. એવાં કયા કારણો છે કે આવી સંસ્થાઓ પોતાનું રજિસ્ટ્રેશન કરવામાં વિલંબ કરી રહી છે અથવા તો બિલમાં સિંગલ વિન્ડો સિસ્ટમથી રજિસ્ટ્રેશન થઈ શકે તે માટેની જોગવાઈ ઉમેરવી જોઈએ. કરવામાં એક જ જગ્યાએથી ચિકિત્સા સંસ્થાઓ, હૉસ્પિટલો, લેબોરેટરી, બ્લડ બેંકનું રજિસ્ટ્રેશન થઈ શકે તેવો આ બિલમાં થોડો સુધારો કરવાની જરૂર છે. બિલ સારું છે પણ આપના ધ્યાનમાં આવ્યું હશે કે, ગુજરાતમાં અનેક બોગસ ડૉક્ટર પકડાવાની ઘટનાની સંખ્યા વધતી જાય છે. છેલ્લાં બે વર્ષમાં મારા મતવિસ્તારના ગામડામાં દસેક જેટલાં ડૉક્ટર એવા હતા કે જે ડિગ્રી વગર પ્રેક્ટિસ કરતા હતા. આવા ડૉક્ટર્સને આરોગ્ય વિભાગના બદલે એલ.સી.બી. દ્વારા પકડવામાં આવ્યા. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, આ બાબતે આરોગ્ય વિભાગ જાગૃત થાય. આવા ડૉકટરને પકડવાનું કામ પોલીસનું નથી, આરોગ્ય વિભાગનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડૉક્ટરને ભગવાનનો દરજ્જો આપવામાં આવે છે. ભગવાન પછી જો કોઈ ઉપર ભરોસો મૂકવામાં આવતો હોય તો તે ડૉક્ટર ઉપર મૂકીએ છીએ. પ્રાઇવેટ પ્રેક્ટિસ કરતાં અલગ અલગ સુપર સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર કે કોઈ આંખ, ડાયાબિટીસ, બી.પી., હૃદય, કેન્સર જેવાં અલગ અલગ રોગના સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરની ફીના ધોરણ ઉપર નિયંત્રણ રાખવું જોઈએ. કારણ કે આજના સમયમાં સામાન્ય વ્યક્તિને પોતાનો ઇલાજ કરવો હોય કે પરિવારમાં કોઈ ગંભીર બીમારી આવી જતી હોય તો લગભગ તેને પોતાની મિલકત ગિરવે મૂકવી પડે અથવા વેચવી પડે છે તે પ્રકારે પ્રાઇવેટ હૉસ્પિટલોમાં ખૂબ ખર્ચાળ ઇલાજ થઈ ગયો છે. આપણે આ ડૉક્ટરોની ફી ઉપર રાઈ નિયંત્રણ ઉપર રાખી શકતા નથી તો તેના માટે પણ એક નિયંત્રણ હોવું જોઈએ. જે રીતે દવાઓ ઉપર આપણે એમ.આર.પી. નક્કી કરેલી હોય છે, તેમ ડૉક્ટરની ફીમાં પણ નિયંત્રણ હોવું જોઈએ. જે રીતે ઇલાજ મોંઘો થયો છે ત્યારે મધ્યમ વર્ગના કે ગરીબ લોકોને જો આપણે સરકારી હૉસ્પિટલમાં સારી સગવડતા આપી શકીએ, પૂરતા ડૉક્ટરો, પૂરતા સાધનો પૂરા પાડી શકીએ તો આવા લોકો પ્રાઇવેટ હૉસ્પિટલોમાં ઓછા જશે. જેથી કરીને તેને આરોગ્ય પાછળનો ખર્ચ પણ ઓછો થશે. આપના માધ્યમથી મંત્રીશ્રીને વિનંતી કરું છું કે સરકારી હોસ્પિટલો છે, સરકારી આરોગ્ય તંત્ર છે એને થોડુંક વધુ સારું બનાવી શકાય. પૂરતા કાયમી ડૉકટરોની નિમણૂક કરવી જોઈએ. જેથી આવા ગરીબ-મધ્યમ વર્ગના લોકોની સેવા કરી શકીએ. મારા ધ્યાનમાં ખાસ આવેલ છે કે જે લેબોરેટરીઓ હોય, મેડિકલ સ્ટોર હોય, જે પોતાના નામનું લાઇસન્સ બીજાને ભાડે આપે છે એ ખૂબ જ ચિંતાનો વિષય છે. બીજાને ભાડે આપ્યું હોય અને ટેકનિશિયન પાસે કોઈ ડિગ્રી કે જાણકારી નથી. એટલે કોઈ રિપોર્ટ કાઢે તો ઘણી વખત એમાં શરતચૂક પણ થતી હોય છે. ડિગ્રીવાળા લેબોરેટરીના ડૉકટરો હોય એને જ આ લેબોરેટરી સંચાલન કરવાનું કડક નિર્દેશન આપવામાં આવે. આ માટે સ્પેશ્યલ ડ્રાઇવ કરવી જોઈએ અને આવા લોકો પકડાય તો એમના પર કાર્યવાહી કરવામાં આવે. જેથી કરીને ગુજરાતની જનતાના આરોગ્ય સાથે ચેડાં ન થાય. મેડિકલમાં પણ લાયસન્સધારકો પોતાનું લાયસન્સ ભાડે આપે છે. ઘણી વખત એમને દવાઓની જાણકારી હોતી નથી. તો આવા લોકો પર પણ કાર્યવાહી કરવામાં આવે. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, મારા બોટાદ જિલ્લો ઘણા સમયથી બન્યો છે પણ હજી સિવિલ હૉસ્પિટલ અને મેડિકલ કોલેજ બની નથી. જેના કારણે લોકોને ઇલાજ માટે અમદાવાદ જવું પડે છે, ભાવનગર જવું પડે છે. ઘણી વખત એમ્બ્યુલન્સની અછત સર્જાય છે. હૃદયરોગના કિસ્સામાં દર્દીઓને ખૂબ જ મુશ્કેલી પડતી હોય છે તો બોટાદ જિલ્લામાં ઝડપથી સિવિલ હૉસ્પિટલ અને મેડિકલ કોલેજ શરૂ કરવામાં આવે એવી વિનંતી કરું છું.

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા(રાજ્યકક્ષાના આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં ડૉ. દર્શિતાબેન, ડૉ. કિરીટભાઇ, શ્રી અમૂલભાઇ અને ઉમેશભાઇએ આ બિલની ચર્ચામાં ભાગ લીધો. કંઇક સારાં સૂચનો આવ્યાં છે તો કંઇક બિલ વિશે જાણતા ન હોય એ ટાઇપની પણ વાત થઇ છે. પરંતુ આ ગૃહમાં મને કહેતાં આનંદ થાય છે કે, ગુજરાતના આરોગ્ય વિભાગ દ્વારા જે ધારા-ધોરણો પ્રમાણે મેં પ્રશ્નોત્તરીના જવાબમાં પણ કહ્યું હતું કે, પેટા કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર આ બધી જ સુવિધા પૂરતી નહીં પરંતુ, ધારા-ધોરણ કરતાં વધુ આપણે આપી રહ્યા છીએ. પેટા કેન્દ્રો સંખ્યા આધારિત ૯૦૬૩ હોવા જોઇએ એની સામે રાજ્ય સરકારે ૯૨૩૧ બનાવ્યા છે. એટલે ૧૬૮નો વધારો છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૧૪૨૬ હોવા જોઇએ. જેની સામે ૧૫૩૯ એટલે કે ૧૧૩નો વધારો છે. સામૂહિક આરોગ્ય કેન્દ્ર ૩૨૯ હોવા જોઇએ. જેની સામે ૩૫૩ એટલે કે ૨૪ નો વધારો છે. આ બજેટમાં ૪૦ નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને મંજૂરી આપી છે. ચર્ચામાં ભાગ લેનારા સભ્યશ્રીઓએ જ્યારે વાત કરી છે ત્યારે મંત્રી તરીકે જવાબ આપું છું કે રજિસ્ટ્રેશન એકદમ સિમ્પલ બાબત છે. ઓનલાઇન પોર્ટલ પર કરવાનું છે. સર્ટિફિકેટમાં ન પડતાં માત્ર સરકારનો ઇરાદો એ છે કે ૪૧ હજાર જેટલા ક્લિનિક અને હૉસ્પિટલનું રજિસ્ટ્રેશન થયું છે તો લાસ્ટ સુધી આ રજિસ્ટ્રેશન થાય અને સરકાર પાસે એનો ચોક્કસ આંકડો રહે. કોઇ ગાઇડલાઇન અથવા તો કોરોના જેવી પરિસ્થિતિમાં આ તમામ પ્રાઇવેટ સંસ્થાઓનો સરકારશ્રી સાથે ટાઇઅપ કરી કઇ રીતે ઉપયોગ કરી શકાય, ઇમરજન્સીમાં કઇ રીતે ગાઇડ કરી શકાય એવો સરકારનો પવિત્ર હેતુ છે. કોઇ રેવન્યુ જનરેટ કરવા માટેનો નથી. માત્ર હજાર અને બે હજાર રૂપિયા ફી નક્કી કરવામાં આવેલ છે. આનાથી કોઇ બાબતમાં ડિસ્ટર્બન્સ નહીં થાય પરંતુ જે તે ક્લિનિક અથવા હૉસ્પિટલ અથવા લેબોરેટરી હોય તો એના બોર્ડ ઉપર રજિસ્ટ્રેશન નંબર લખવો પડશે કે સરકારનો આ રજિસ્ટ્રેશન નંબર છે. આપણે એ ટાઇપની ગાઇડલાઇન દરેકને આપી છે. જેથી કરીને એક વિશ્વાસપાત્ર સ્થળ બને. માનનીય કિરીટભાઇએ કહ્યું કે ૮૦૦-૧૦૦૦ ડુપ્લિકેટ ડૉકટરો દરવર્ષે પકડાય છે. ઓછી વસતિ ધરાવતા ગામમાં, નાના ગામમાં કે ખૂણે ખાંચરે આવા ડુપ્લિકેટ ડૉકટરો કામગીરી કરી રહ્યા છે ત્યારે એમના ક્લિનિક બોર્ડ ઉપર રજિસ્ટ્રેશન નંબર નહીં હોય તો લોકોને ખ્યાલ આવી જશે કે આ સંસ્થા ઓરિજનલ નથી કે સરકારના રજિસ્ટ્રેશનમાં નથી. આ બિલનું તારીખ ૦૩/૦૯/૨૦૨૨ના રોજ અમલીકરણ કરવામાં આવ્યું એ પછી થોડાં પ્રાઇવેટ દવાખાનાં, હૉસ્પિટલો અથવા એમની બ્લડ બેંક વિગેરેએ રજિસ્ટ્રેશન કરાવવામાં ઉદાસીનતા દાખવી હતી પરંતુ હવે આ રજિસ્ટ્રેશન માટે સરકારે ખૂબ સરસ રીતે પ્લાનિંગ કર્યું છે અને આ પ્લાનિંગ સાથે એમને ફરજિયાત આવવું પડશે. એના દંડની જોગવાઇ કરી છે. આની ડ્રાઇવ ચલાવીશું. જે લોકો આ કાયદાનું પાલન નહીં કરે તેઓ ચોક્કસ પ્રકારના દંડનો ભોગ બનશે. કલમ-૨(૬)ની જોગવાઇ મુજબ એલોપેથી, આયુર્વેદી, હોમિયોપેથી, સિદ્ધ અને યુનાનીનો આ રજિસ્ટ્રેશનમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ કાયદાની કલમ-૩માં અસરકારક અમલીકરણ, મોનિટરિંગ અને ચિકિત્સા સંસ્થાઓના સ્ટાન્ડર્ડ નક્કી કરવા તેમજ અપીલ, સુનાવણી વિગેરે માટેની સ્ટેટ લેવલે કાઉન્સિલ બોર્ડ ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટની રચના કરવામાં આવેલ છે. કલમ-૫માં જિલ્લામાં આવેલી સી.ડી.એમ.ઓ. અથવા સી.ડી.એચ.ઓ.ને અધિકૃત કરીને આનું મોનિટરિંગ જિલ્લા લેવલે રાખવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ -૬ની જોગવાઇ મુજબ ચિકિત્સા સંસ્થા દ્વારા આરોગ્ય અને રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હોય તે સિવાય કોઇ વ્યકિત ચિકિત્સાસંસ્થા ચલાવી શકશે નહીં. શ્રી ઉમેશભાઇ આ બાબતે વાત કરતા હતા. જે વ્યકિત દ્વારા જે નામથી રજિસ્ટ્રેશન કરાવ્યું હોય એ જ કરે એનો કલમ-૬માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કલમ-૭ની જોગવાઇ મુજબ દરેક ચિકિત્સાસંસ્થાએ તેઓ દ્વારા આપવામાં આવતી સુવિધા, સેવાઓ, ધોરણો, કર્મચારીની વિગત, રેકોર્ડ જાળવણી તથા અહેવાલ આપવા માટેની જોગવાઇ કરવામાં આવી છે. કલમ- ૯(૪)માં જે સુધારો કરવામાં આવ્યો છે એમાં મૂળ આટલો જ સુધારો છે કે જે રજિસ્ટ્રેશન થયા નથી એમને સમય આપવાનો છે. હવે વખતોવખત ગૃહમાં આ બિલ ના લાવતા પરિપત્ર દ્વારા કે સરકારશ્રી દ્વારા આપણે કરી શકીશું જેથી ગૃહમાં આ બિલ લાવવું ના પડે. કલમ-૧૮ની જોગવાઇ મુજબ રાજ્ય સરકારે સ્ટાન્ડર્ડ જાહેર કરેલી છે તેવી તબીબી સંસ્થાઓએ કાયદા હેઠળ સ્ટાન્ડર્ડ અમલમાં આવ્યા તારીખ ૧૩/૦૩/૨૦૨૬ થી અઢી વર્ષ સુધી એટલે કે તા. ૧૨/૦૯/૨૦૨૬ સુધી પ્રોવિઝનલ રજિસ્ટ્રેશન આપી શકશે, રિન્યૂ કરી શકશે તેવી જોગવાઇ કરવામાં આવેલ છે. કલમ-૨૭ની જોગવાઇ મુજબ ચિકિત્સા સંસ્થા રજિસ્ટ્રેશન થયા પછી કોઇ પણ સમયે સત્તામંડળને ખાતરી થાય કે (ક) રજિસ્ટ્રેશનની શરતોનું પાલન થયેલ નથી અથવા તો (ખ) ચિકિત્સા સંસ્થાનું સંચાલન સોંપવામાં આવ્યું હોય તે વ્યકિત અથવા તો અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર દોષિત ઠરેલ છે તેનું રજિસ્ટ્રેશન રદ કરવામાં આવશે. કાયદાની કલમ-૩૪ની જોગવાઇ મુજબ અધિનિયમની કોઇ જોગવાઇના ઉલ્લંઘનના કિસ્સામાં પ્રથમ ગુનામાં રૂપિયા ૧૦ હજાર સુધીના દંડની રકમ, બીજા ગુના માટે રૂપિયા ૫૦ હજાર સુધીના દંડની રકમ અને ત્યાર પછીના ગુના માટે રૂપિયા ૧ લાખ સુધીના દંડની રકમ હશે. આપણે ડ્રાઇવ ચલાવીશું અને કટ ઓફ ડેઇટ પછી જે સંસ્થાઓ કે જે લેબોરેટરી આ રજિસ્ટ્રેશન નહીં કરાવે તો આ દંડની જોગવાઇ માટે એમણે તૈયાર રહેવું પડશે. કલમ-૩૫ની જોગવાઇ મુજબ રજિસ્ટ્રેશન વિના ચિકિત્સા સંસ્થા ચલાવે તેવી કોઇ વ્યકિત પ્રથમ ઉલ્લંઘન માટે રૂપિયા ૨૫ હજાર, બીજા ઉલ્લંઘન માટે રૂપિયા ૫૦ હજાર અને અને ત્યાર પછીના ઉલ્લંઘન માટે રૂપિયા ૧ લાખ

સુધીનો નાણાકીય દંડ થશે. રજિસ્ટ્રેશન વગરની સંસ્થામાં જાણી જોઇને સેવા આપે તેવી વ્યક્તિને રૂપિયા ૫૦ હજાર સુધીનો દંડ કરવામાં આવશે. કલમ–૩૬ ની જોગવાઇ મુજબ રાજ્ય સરકારના આદેશનો અનાદર કરવો, અવરોધ ઊભો કરવા કે માહિતીનો ઇન્કાર કરવાના કિસ્સામાં રૂપિયા ૫ લાખ સુધીના દંડની જોગવાઇ કરેલ છે. પ્રોવિઝનલ રજિસ્ટ્રેશન ઓનલાઇન પોર્ટલ પર થશે. ખૂબ ઇઝી પ્રક્રિયા છે. ક્લિનિક અથવા હૉસ્પિટલના ફોટા અને માગેલ વિગતો એમણે અપલોડ કરવાની રહેશે. સૂચિત સુધારામાં હાલમાં તા. ૨૦–૩–૨૦૨૬ સુધીમાં લગભગ ૪૧ હજાર જેટલી સંસ્થાઓનું રજિસ્ટ્રેશન થયેલ છે. જ્યારે રીયલ ટાઇમ રજિસ્ટ્રેશનની સંખ્યાને ધ્યાને લઇ કાર્યક્ષમતા વધે તે રીતે તબીબી સંસ્થાઓને રજિસ્ટ્રેશન હેઠળ આવરી લેવાય તે હેતુથી મૂળ કાયદાની કલમ–૯/૪ અને કલમ–૧૮માં સુધારો આવશ્યક છે. જે સમયમર્યાદા આપી છે, જેથી કરીને આપણે નવું રજિસ્ટ્રેશન કરી શકીએ. આ કલમ –૯/૪ની જોગવાઇમાં કાયદા હેઠળ અમલમાં આવે એટલે કે તા.૧૩–૯–૨૦૨૨ પહેલાં અસ્તિત્વમાં આવી હોય તેવી તબીબી સંસ્થાને તા. ૩૦મી એપ્રિલ ૨૦૨૬ અને આ કાયદો અમલમાં આવ્યા પછી એટલે કે તા. ૧૩–૯–૨૦૨૨ પછી અસ્તિત્વમાં આવેલ હોય તેવી સંસ્થાઓએ છ માસમાં અથવા તો તા. ૩૦મી એપ્રિલ ૨૦૨૬ બે પૈકી મોડું હોય તે પહેલાં પ્રોવિઝનલ રજિસ્ટ્રેશન માટે જોગવાઇ કરવામાં આવેલ છે. આ સરકારની નીતિ સ્પષ્ટ છે કે તમામ રજિસ્ટ્રેશન થઇ જાય. સરકાર સાથે એનું જોડાણ થાય અને આ જોડાણ બહુજન હિતાય, બહુજન સુખાય માટેનું છે. શ્રી કિરીટભાઇ, સાંભળી લેજો, આ કોઇ રેવન્યુ જનરેટ કરવાની નથી. કોઇ હૉસ્પિટલ કે લોકોને ડરાવવા માટે કે ધમકાવવા માટે નથી. પણ આખી દુનિયામાં દરેક ક્ષેત્રમાં મેડિકલ બાબતમાં ખૂબ ગંભીરતાથી લેવાય છે ત્યારે આપણે જ્યારે આ શરૂઆત કરી છે ત્યારે શરૂઆતમાં કહ્યું હતું કે તારીખ કેમ વધારો છો? કાયદો કેમ લાવ્યા? હવે નહીં લાવીએ. ચોક્કસ પ્રકારે એ રીતે કરીએ છીએ. ગુજરાતની અંદર પહેલા જ્યારે રજિસ્ટ્રેશન કર્યું ત્યારે બહોળી સંસ્થાઓ, અનેક હૉસ્પિટલો, એન.જી.ઓ. હૉસ્પિટલો, લેબોરેટરીઓ ખૂબ બહોળા પ્રમાણમાં છે. તો પણ ૪૧,૦૦૦ જેટલા રજિસ્ટ્રેશન થયા છે. હવે જાગૃતતા સાથે, દંડનાત્મક કાર્યવાહી સાથે આ મિશન પૂરું કરવાનું છે. આ સદનમાં હું વાત કરી રહ્યો છું ત્યારે કાયદા પ્રમાણે ગુજરાતમાં સો એ સો ટકા અમલીકરણ થશે. અમલીકરણ નહીં થાય તો તેમણે દંડ ભોગવવાની તૈયારી રાખવી પડશે. હું વિનંતી કરું છું કે ઉપર જણાવેલ હેતુઓ સિદ્ધ કરવા માટે આ કાયદાની કલમ– ૯/૪ અને કલમ ૧૮માં જરૂરી સુધારો કરવાનું સુધારા વિધેયક સભાગૃહ સમક્ષ લઇને આવ્યો છું ત્યારે વિના વિરોધે મંજૂર કરે એવી વિનંતી કરું છું. અસ્તુ.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી પ્રકુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૮–સન–૨૦૨૬નું ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨ અને ૩, દીર્ઘ સંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિના વિરોધે વિધેકનો ભાગ બની.

શ્રી પ્રકુલ પાનશેરીયા: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૮–સન–૨૦૨૬નું ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૨૬નું ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

સભાપતિશ્રી : રિસેસનો સમય થયો છે. હવે ગૃહ બપોરના ૨–૩૦ કલાકે મળશે.

(વિરામ બપોરના ૧–૫૮ થી ૨–૩૦)

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

સન ૨૦૨૬ નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૯

ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ (સુધારા) વિધેયક,૨૦૨૬

ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ, ૨૦૦૬ વધુ સુધારવા બાબત વિધેયક

ડૉ. પ્રધુમન ગ. વાજા (શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૨૬નું ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે**.

ડૉ. પ્રધુમન ગ. વાજા (શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક-૯- સન ૨૦૨૬ના ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ(સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

ડૉ. પ્રધુમન ગ. વાજા (શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે શિક્ષણ ટ્રિબ્યુનલ સંબંધિત સુધારા બિલ રજૂ કરવા માટે ઊભો થયો છું. આ બિલ આપણી ઉચ્ચ શિક્ષણ પ્રણાલીમાં ન્યાય, જવાબદારી અને કાર્યક્ષમતા વધારવા માટે સન્માનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનું એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ એ માત્ર એક વિભાગ નથી પણ તે ભારત દેશના ભવિષ્યનો આધાર છે, દેશના નિર્માણની તે આધારશીલા છે. રાજયમાં જેમ જેમ શૈક્ષણિક સંસ્થાઓ ઊભી થઇ રહી છે અને હાલની સંસ્થાઓનો જે વિસ્તાર થઇ રહ્યો છે તેમ તેમ શાસન વ્યવસ્થાને પણ સમયાનુકુળ બનાવવાની આપણી જવાબદારી બને છે. શૈક્ષણિક સંસ્થાઓમાં કામ કરતાં કર્મચારીઓની ભરતી કરવી, તેનો પગાર કરવો એ ઉપરાંત પણ સરકારની એ જવાબદારી છે કે, પોતાના કર્મચારીઓના હક્ક અને હિતોનું રક્ષણ થાય અને શિક્ષણ ક્ષેત્રમાં સેવાઓ આપતા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક જે કર્મચારીઓ છે તેમાં ઊભા થતાં સેવાકીય વિવાદો અને ફરિયાદોનો અસરકારક, ઝડપી અને સરળતાથી નિરાકરણ લાવવાની પણ આ સરકારની જવાબદારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ પણ કહ્યું છે કે, ન્યાય અને નિષ્કામ કર્મયોગ એ હૃદયનો વિષાદ વિષય છે. બુદ્ધિથી આપણાથી ન્યાય અને નિષ્કામતા સુધી નથી પહોંચી શકાતું. પોતાના હક્ક માટે શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને બિન ખર્ચાળ અને સમયસર તથા સરળતાથી ન્યાય મળે તે માટે ગુજરાત સરકારે ગુજરાત શૈક્ષણિક સંસ્થાઓ સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ-૨૦૦૬ પ્રસ્થાપિત કરેલ છે. આ એકટમાં વર્ષ ૨૦૧૪ના નોટિફિકેશનથી રાજયમાં સ્થાપિત યુનિવર્સિટીઓનો સમાવેશ કરેલ હતો ત્યાર પછી રાજયની ૧૧ યુનિવર્સિટી માટે ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩નો કાયદો-૧૫ પસાર કરી તા.૨૫ સપ્ટેમ્બર,૨૦૨૩થી રાજયમાં વિવિધ કાયદાઓથી પ્રસ્થાપિત થયેલ યુનિવર્સિટીઓ માટે ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એકટ-૨૦૨૩ લાગુ કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, આજના આ સુધારા બિલનો મુખ્ય હેતુ કેટલીક યુનિવર્સિટીઓ જે ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એકટ-૨૦૨૩ અમલમાં આવ્યો તે પહેલાં શિક્ષણ ટ્રિબ્યુનલ અંતર્ગત અધિકાર ક્ષેત્ર હેઠળ હતી પરંતુ ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એકટ અમલમાં આવતા ઉપરોકત શૈક્ષણિક ટ્રિબ્યુનલની સેકશન-૨(એમ)ના શિડ્યુલથી સમાવિષ્ટ કુલ-૧૧ યુનિવર્સિટીના એકટ રદ થઇ જતાં તે તમામ યુનિવર્સિટીઓ શિક્ષણ ટ્રિબ્યુનલના અધિકાર ક્ષેત્રમાંથી જતી રહેલી. આ સુધારા બિલથી આ તમામ યુનિવર્સિટિઓને ફરીથી શિક્ષણ ટ્રિબ્યુનલના અધિકાર ક્ષેત્ર હેઠળ પરત લાવવાની છે. વધુમાં રાજય સરકાર એક એવો પણ સુધારો કરવા જઇ રહી છે કે, આ અનુસૂચિમાં હવે પછીથી કોઇ કાયદાને હટાવવાની સરકારશ્રીને જરૂર જણાય તો આ અંગે રાજય સરકારશ્રીની પરવાનગીથી નોટિફિકેશન બહાર પાડીને કોઇ કાયદાને આ અનુસૂચિમાંથી રદ કરી શકાશે. શિક્ષણ એ સામાજિક પરિવર્તનનું સૌથી સશસ્ત્ર શસ્ત્ર છે ત્યારે શિક્ષણ સંસ્થાઓમાં જે કર્મચારીઓ કામ કરે છે તેમના માટે ઉચિત અને સમયસર ન્યાય મેળવવા માટેનું આ એક માધ્યમ છે આથી ગુજરાત સરકારના આ એક ઉમદા અને ન્યાયોચિત પગલાંને કાયદારૂપે આવકારવા માટે આ માનનીય સભાગૃહના સર્વે માનનીય સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ ડૉકટરની સાથે સાથે એક સારા શિક્ષક હોયને તેવું પણ દેખાય છે. આપના પહેરવેશથી, આપની શાલીનતાથી એટલે આપને અભિનંદન.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આપે માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપ્યા અને હું પણ અભિનંદન આપું છું. માનનીય મંત્રીશ્રી જે ગુજરાત શિક્ષણ સેવા ટ્રિબ્યુનલ એમેન્ડમેન્ટ બિલ-૨૦૨૬ લઇને આવ્યા છે એ બિલને હું સમર્થન કરું છું અને મારા થોડા વિચારો પણ રજૂ કરું છું.

---

* વિધેયક તા. ૫મી માર્ચ, ૨૦૨૬ના રોજ ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ બિલ જે લાવ્યા તો ખરેખર તો જૂનાગઢ યુનિવર્સિટીની અંદર એક કર્મચારીનો કેસ થયો હતો અને એક કર્મચારી ટ્રિબ્યુનલમાં ગયો અને આ લિસ્ટની અંદર એ યુનિવર્સિટીનું નામ નહોતું, હાઇકોર્ટે ડાયરેકશન આપ્યું એટલે મને લાગે છે કે આ બિલ લાવ્યા એને અભિનંદન આપું છું અને આ બિલની અંદર તમે શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની ચિંતા માનનીય મંત્રીશ્રીએ કરી છે અને હવે આની અંદર જે સમાવેશ કરવામાં આવે તો નોટિફિકેશનથી આ બિલની અંદર જોગવાઇ કરવાની વાત આ બિલની અંદર લાવ્યા છો. વિધાનસભાની અંદર નોટિફિકેશન બહાર પાડવાની બંધારણીય સત્તા હોય છે પણ નોટિફિકેશન કયારે બહાર પાડી શકાય એનું પણ માર્ગદર્શન આપ્યું છે, એટલે જયારે વિધાનસભા હોય ના હોય ત્યારે કોઇ અગત્યની બાબત હોય તો નોટિફિકેશન પાડી શકાય, પરંતુ જયારે સન ૨૦૦૬ની અંદર આ મુખ્ય કાયદો આ વિધાનસભાની અંદર આદરણીય આનંદીબેન પટેલે રજૂ કર્યો, વિધેયક ક્રમાંક–૧૦ થી આ કાયદો રજૂ કરેલો અને આ બિલ રજૂ કરવાનો હેતુ પણ સારો હતો. એટલા માટે કે સન ૧૯૮૨થી રાજયની અંદર જુદી જુદી સો જેટલી અલગ અલગ ટ્રિબ્યુનલો ચાલતી હતી એના લીધે ન્યાય પણ ઘણી વખત સુસંગત નહોતો થતો. ચુકાદાઓની અંદર એકસૂત્રતા નહોતી સચવાતી અને ઘણી વખત નીતિ વિષયક અને કાયદાકીય પ્રશ્નો ઊભા થતા હતા. એટલે એક ટ્રિબ્યુનલ બનાવી. પહેલાં જે પ ટ્રિબ્યુનલ હતી: યુનિવર્સિટીની સર્વિસીસ ટ્રિબ્યુનલ, સેકન્ડરી એજયુકેશન, હાયર સેકન્ડરી, પ્રાયમરી અને એફીલીએટ કોલેજોની ટ્રિબ્યુનલ. જયારે સન ૨૦૦૬ની અંદર માનનીય આનંદીબેન પટેલે આ બિલ વિધાનસભાની અંદર રજૂ કર્યું, આ બિલ રજૂ થયા પછી બે વાર નામદાર ગવર્નરે બિલ પરત મોકલ્યું અને તા.૧૮–૧૦–૨૦૧૩ એટલે કે બિલ ૨૦૦૬ની અંદર વિધાનસભાની અંદર પાસ થયું અને સાત વર્ષ પછી રાષ્ટ્રપતિએ એને અનુમતિ આપી અને ફરીથી સન ૨૦૧૪ની અંદર માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા હતા એમણે પણ આની અંદર સુધારો રજૂ કર્યો, આ ત્રીજો સુધારો માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે. આપણે શિક્ષકોની વાત કરીએ છીએ કે ''**गुरु देवो भवः।**'' શિક્ષકને ગુરુનું સ્થાન આપ્યું છે અને માનનીય મંત્રીશ્રીએ શિક્ષકોની અને બિન શૈક્ષણિક કર્મચારીઓની ચિંતા આ બિલમાં કરી છે.

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

આજે પણ શૈક્ષણિક સંસ્થાઓમાં ઘણો સ્ટાફ ખાલી છે. આ બિલમાં જે સંસ્થાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે એમાં ગ્રાન્ટેબલ કે સરકારી કૉલેજો કે શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે પરંતુ ખાનગી શાળાઓ, ખાનગી કૉલેજોના કર્મચારીઓના રક્ષણની આ બિલમાં કોઇ જોગવાઇ નથી. ઘણી વખત ખાનગી સ્કૂલો/કૉલેજોમાં અધ્યાપકો અને શિક્ષકોનું શોષણ થતું હોય છે. એમને ગમે ત્યારે છૂટા કરી દેવામાં આવતા હોય છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ કાયદો તમે લઇને આવ્યા છો એની અમે સરાહના કરીએ છીએ અને ટેકો આપીએ છીએ પણ ખાનગી શાળાઓ/કૉલેજોના કર્મચારીઓને પણ એનું રક્ષણ મળે. બીજું કે ટ્રિબ્યુનલમાં જે જોગવાઇ કરવામાં આવી છે એમાં બે નિવૃત્ત જ્યુડિશિયલ ઓફિસર અને એક નિવૃત્ત આઇ.એ.એસ. ઓફિસરની જોગવાઇ કરવામાં આવી છે. ઘણી વખત આઇ.એ.એસ. ઓફિસર વહીવટી રીતે હોંશિયાર હોય છે પણ જ્યુડિશિયરી સિસ્ટમથી અજાણ હોય છે. એના કારણે પૂરતો ન્યાય મળતો નથી. આપણે ઘણા બધા કાયદાઓ લાવ્યા છીએ પણ હું કહું છું કે " Bill is not necessary, Will is necessary." એક્ટના કારણે ઘણી વખત જ્યુડિશિયલ ઓફિસરની સત્તામાં અવરોધ આવતો હોય છે. કોઇ આઇ.એ.એસ. અધિકારીની જગ્યાએ કોઇ નિવૃત્ત જજની નિમણૂક કરવામાં આવે. વર્ષ ૨૦૦૬માં જ્યારે આ એક્ટ લાવ્યા ત્યારે ઘણા બધા શિક્ષણ શાસ્ત્રીઓનાં સૂચનો આવ્યાં હતાં, શિક્ષણ શાસ્ત્રીઓએ પણ સૂચનો કર્યાં હતાં અને વકીલોએ પણ સૂચનો કર્યાં હતાં. એમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે જ્યારે જ્યારે ટ્રિબ્યુનલના સભ્યોની નિમણૂક કરવામાં આવે ત્યારે હાઇકોર્ટના ચીફ જસ્ટિસ સાથે પરામર્શ કરીને નિમણૂક કરવામાં આવે. સરકારે પણ એના માટે આશ્વાસન આપ્યું હતું પરંતુ આજ દિન સુધી એની કોઇ જોગવાઇ કરવામાં આવી નથી એટલે જ્યારે ટ્રિબ્યુનલના જજોની નિમણૂક કરવામાં આવે ત્યારે હાઇકોર્ટનો પરામર્શ કરવામાં આવે. કાયદામાં સુધારો કર્યો પણ બિલ્ડિંગમાં કોઇ સુધારો થયો નથી. ટ્રિબ્યુનલના સરકારી કર્મચારીઓ નિવૃત્ત થયેલા હોય છે અને આપણી ટ્રિબ્યુનલની ઓફિસ ઉપરના માળે છે અને ત્યાં કોઇ લિફ્ટની વ્યવસ્થા નથી. એમના અસીલોને બેસવા માટેની કોઇ વ્યવસ્થા નથી. રેવન્યુ ટ્રિબ્યુનલને હાઇકોર્ટની સામે લઇ ગયા છે એના માટે મુખ્યમંત્રીશ્રી અને મહેસૂલ મંત્રીશ્રીને હું અભિનંદન આપીશ. ટ્રિબ્યુનલનું બિલ્ડિંગ અમદાવાદ શહેરમાં છે અને હાઇકોર્ટના વકીલોને ત્યાં જવા આવવાનો સમય બગડતો હોય છે. તો જો હાઇકોર્ટની સામે અથવા નજીકમાં આ ટ્રિબ્યુનલની વ્યવસ્થા કરવામાં આવે. ઘણા કેસોમાં શિક્ષણ વિભાગ બહુ સંવેદનશીલ હોય એવું લાગતું નથી. ઘણી વખત સમયસર જવાબો રજૂ થતા નથી. હાલ ટ્રિબ્યુનલમાં દર મહિને કેટલા નવા કેસ દાખલ થાય છે અને કેટલા નિકાલ થાય છે એનો કોઇ રેકર્ડ સરકારના શિક્ષણ વિભાગમાં નથી. તો હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે જો આ રેકર્ડ રાખવામાં આવે તો કેસોનો ઝડપી નિકાલ થશે અને ઘણી વાર સરકારી વકીલો ટ્રિબ્યુનલમાં સમયસર હાજર નથી થતાં એના કારણે અરજદારોને ન્યાય પણ નથી મળતો. એટલે અરજદારને ન્યાય પણ મળતો નથી. કાયદામાં કહેવત છે કે, ''ન્યાય મોડો મળવો તે ન્યાય ન મળવા બરાબર છે''. ઘણીવાર નિવૃત્ત પણ થઇ જતા હોય છે. મારા ધ્યાનમાં બે–ત્રણ કિસ્સા એવા છે કે, કર્મચારીના મૃત્યુ પછી જજમેન્ટ આવે. ટ્રિબ્યુનલમાં ઘણા બધા કેસોનો ભરાવો નથી એટલે ઝડપથી આ કેસોનો નિકાલ આવે તેવી વ્યવસ્થા ગોઠવવા વિનંતી છે. ઘણીવાર ટ્રિબ્યુનલના કર્મચારી/વહીવટી સ્ટાફ વકીલ કે અસીલ સાથે ગેરવર્તણૂક કરે અને વ્યવસ્થિત જવાબ ન આપતા હોય તો તેમની ફરિયાદ ક્યાં કરવી તેવી રાજ્ય સરકારના શિક્ષણ વિભાગમાં કોઇ સિસ્ટમ નથી.

આવા કર્મચારીઓ વિરુદ્ધની કોઈ ફરિયાદ હોય તો શિક્ષણ વિભાગમાં કઈ જગ્યાએ કરી શકાય તેની પણ વ્યવસ્થા કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે માનનીય ઋષિકેશભાઈ શિક્ષણમંત્રી હતા ત્યારે શ્રી સુપૈયા સાહેબ જજ હતા. તેમણે કોર્ટમાં એવું કહ્યું હતું કે જે રીતે હાઇકોર્ટ અને સુપ્રીમકોર્ટમાં ઓનલાઇન કેસ ચાલે છે, બધી માહિતી ઓનલાઇન પ્રસિદ્ધ થાય છે તે રીતે અમે આ કેસોની સુનાવણી ઓનલાઇન કરીશું અને ત્રણ મહિનામાં તેની વ્યવસ્થા કરીશું. હજુ સુધી આવા કેસો ઓનલાઇન થયા નથી તે ઓનલાઇન થાય તે માટે હું આપના માધ્યમથી માનનીય મંત્રીને વિનંતી કરું છું. જે ૭ યુનિવર્સિટી રદ કરીને પબ્લિક યુનિવર્સિટીને સમાવવામાં આવે છે પણ પબ્લિક યુનિવર્સિટીના નોન ટીચિંગ સ્ટાફના રક્ષણ માટે કોઈ જોગવાઇ કરી નથી. આવા નોન ટીચિંગ સ્ટાફને કોઈ કાયદાકીય પ્રશ્ન ઊભો થાય અથવા તે સસ્પેન્ડ થાય અથવા તેની સામે કોઈ યુનિવર્સિટી કાર્યવાહી કરે તો તેના પ્રોટેક્શન માટે શું કરવું તેની પણ આ બિલમાં જોગવાઇ કરવામાં આવે. મારા આ સૂચનો સ્વીકારવામાં આવે તેવી આશા સાથે આ બિલને હું સમર્થન આપું છું.

ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા(ઘોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ (સુધારા) વિધેયક, ૨૦૨૬ લઈને માનનીય શિક્ષણમંત્રી આવ્યા છે તેને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉચ્ચ શિક્ષણને વધુ ગુણવત્તાસભર, આધુનિક અને વિદ્યાર્થીઓને રોજગારક્ષમ બનાવવાનો રાજ્ય સરકારનો દૃઢ સંકલ્પ છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ને અનુરૂપ રાજ્યમાં અનેક મહત્ત્વપૂર્ણ સુધારા, યોજનાઓ અને કામગીરી હાથ ધરવામાં આવી છે. રાજ્ય સરકારનો પ્રયાસ છે કે દરેક વિદ્યાર્થીને ઉત્તમ શિક્ષણ, સંશોધન અને નવીનતાના અવસર ઉપલબ્ધ થાય અને તેવું સરકારનું યુવાનોને વચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં કુલ ૨૭ સરકારી યુનિવર્સિટઓ, ૧૩૫ સરકારી કૉલેજો આવેલ છે. જે પૈકી છેલ્લાં ત્રણ વર્ષમાં કુલ ૧૯ નવી સરકારી કૉલેજો અને ૦૨ કાર્યરત કૉલેજોમાં નવો પ્રવાહ એટલે કે નવા કોર્સીસ શરૂ કરવામાં આવેલ છે તથા આવનાર વર્ષ ૨૦૨૬–૨૭માં કુલ ૧૬ નવી સરકારી કૉલેજો અને ૮ કાર્યરત કૉલેજોમાં નવો પ્રવાહ એટલે કે નવા કોર્સીસ શરૂ કરવામાં આવશે. આમ, કાલેજે અને યુનિવર્સિટીઓની સંખ્યા વધતી જાય છે. નવી શિક્ષણ નીતિમાં એક ઉદ્દેશ સ્પષ્ટ નક્કી કર્યો છે કે, વર્ષ ૨૦૨૩૫ સુધીમાં ગ્રોસ એન્ડોર્સમેન્ટ રેશિયો ૫૦ ટકા સુધી લઈ જવો છે. હજી પણ ભવિષ્યમાં કૉલેજ અને યુનિવર્સિટીઓની સંખ્યા વધે એટલે તેઓના વહીવટી કે શૈક્ષણિક પ્રશ્નોનો તાત્કાલિક અને યોગ્ય ઉકેલ મળી રહે એ સરકારની એક પવિત્ર ફરજ છે. આ ફરજના ભાગરૂપે ટ્રિબ્યુનલ હેઠળ કૉલેજ અને યુનિવર્સિટીને સમાવવા આ ટ્રિબ્યુનલ એક્ટમાં સુધારો કરવો ખૂબ જરૂરી હતી. રાજ્ય સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિવિધ યોજનાઓ થકી નોંધપાત્ર કામગીરી થઇ છે. જેમ કે, સંશોધનને પ્રોત્સાહન આપવા SHODH યોજના, વિદ્યાર્થીઓમાં રોજગાર ક્ષમતા વધારવા માટે Finishing School Project હેઠળ વિદ્યાર્થીઓને તાલીમ આપવાની યોજના, પ્રધાનમંત્રી ઉચ્ચતર શિક્ષા અભિયા(PM-USHA), Competitive Examination Study Centres રાજ્યની ૭ યુનિવર્સિટીઓ અને ૩ સરકારી કોલેજોમાં શરૂ કરવામાં આવી છે. ગુજરાતના વિદ્યાર્થીઓને પ્રાયોગિક અનુભવ મળે તે માટે Graduate Intern and Apprentice in Higher Education યોજના હેઠળ વિદ્યાર્થીઓને ઇન્ટર્નશિપની તક આપવા અંગેની યોજના તથા વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતા વિકસાવવા માટે Student Entrepreneurship Policy (SEP) જેવી અનેક યોજનાઓ શરૂ કરવામાં આવી છે. ટેકનિકલ શિક્ષણની વાત કરું તો, (IMPACT) યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાથે સીધા જોડવા અને તેમની રોજગાર ક્ષમતા વધારવા માટે રાજ્યની ૧૬ ડિગ્રી ઈજનેરી કોલેજો અને ૩૧ પોલિટેકનિક સંસ્થાઓના વિદ્યાર્થીઓને IBM (International Business Machine), Wadhwani (Non-Profit Organization), CIPET (Central Institute of Petrochemicals Engineering & Technology), IGTR (Indo-German Tool Room) અને ESSC (Electronics Sector Skills Council of India) જેવી ૧૭ પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે MOU કરવામાં આવ્યા છે. જેમાં કુલ ૨૦૬ જેટલા ટ્રેનિંગ કાર્યક્રમો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્ટાર્ટઅપ ઇન્ડિયા પહેલને ગુજરાતમાં ત્વરિત અમલમાં મૂકવામાં આવી હતી. તેને પરિણામે ગુજરાતમાં હાલ માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપની સંખ્યા ૧૬ હજારથી વધુ છે. આજે ગુજરાત મહારાષ્ટ્ર, કર્ણાટક, દિલ્હી અને ઉત્તરપ્રદેશ પછી ટોચના સ્ટાર્ટઅપ ઇકો સિસ્ટમ ધરાવતા રાજ્યોમાં ગણાય છે. સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઇનોવેશન પોલિસી ૨.૦ માટે ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડ વિભાગ દ્વારા ગુજરાત રાજ્યને સ્ટાર્ટઅપ રેન્કિંગ ફ્રેમ વર્ક માટે આપવામાં આવતા એવોર્ડ અંતર્ગત રાજ્યને સતત પાંચમીવાર બેસ્ટ પર્ફોમર રાજ્ય તરીકેનો એવોર્ડ મળી રહ્યો છે. તેના માટે રાજ્યના કર્મઠ મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન પાઠવું છું. ગુજરાતમાં ૫૦૦ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રિ–ઇન્ક્યુબેશન સપોર્ટ સિસ્ટમ વિકસાવવામાં આવી છે અને તેમાં વિદ્યાર્થીઓને આધુનિક ટેકનોલોજી અને ઇનોવેશનની તાલીમ આપવામાં આવે છે. અમદાવાદ અને રાજ્યના અન્ય ચાર વિસ્તારોમાં i-Hub અને i-Create થકી સ્ટાર્ટઅપ માટે અનુકૂળ ઇકો સિસ્ટમ ઊભી કરવામાં આવી છે. ઉચ્ચ શિક્ષણ સતત વિસ્તૃત થતું હોય ત્યારે એમના પ્રશ્નોના નિરાકરણ માટે સુંદર અને સુદૃઢ વ્યવસ્થા હોય એ પણ અનિવાર્ય છે. શિક્ષણની ગુણવત્તા જાળવવા માટે શિક્ષક અને શૈક્ષણિક વ્યવસ્થાનું મજબૂત માળખું જેટલું જરૂરી છે એટલું જ શૈક્ષણિક સંસ્થાઓના પ્રશ્નોના યોગ્ય ઉકેલ માટે એક માળખું પણ જરૂરી છે. જેથી કોલેજ અને યુનિવર્સિટીઓને ટ્રિબ્યુનલ હેઠળ સમાવિષ્ટ કરવા આ વિધેયક માનનીય શિક્ષણમંત્રીશ્રી લાવ્યા છે. ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ (સુધારા) વિધેયક

લાવવાથી શિક્ષણ ક્ષેત્રના વિવાદોનો ઝડપી અને નિષ્ણાતો આધારિત ઉકેલ મળવાનું શરૂ થશે. સામાન્ય અદાલતો પરનો ભાર ઘટશે અને પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક, કૉલેજ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને બિનશૈક્ષણિક કર્મચારીઓને તથા સંસ્થાઓને સરળ અને ઓછા ખર્ચે ન્યાય ઉપલબ્ધ થશે. આ ટ્રિબ્યુનલ સુધારા એક્ટ એ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ માટે ખૂબ જ લાભદાયી અને ઉપયોગી હોઈ આ ગૃહના તમામ માનનીય સભ્યશ્રીઓને સર્વાનુમતે પસાર કરવા હું વિનંતી કરું છું. ધન્યવાદ.

ડૉ. દર્શિતાબેન પા. શાહ(રાજકોટ –પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ (સુધારા) વિધેયક ઉપર મને બોલવાની તક આપી છે એ બદલ હું આપનો અને માનનીય શિક્ષણમંત્રીશ્રીનો ખૂબ–ખૂબ આભાર માનું છું.

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः।
गुरुः साक्षात् परं ब्रह्म तस्मै श्रीगुरवे नमः॥

આજે હું એવા વિધેયક ઉપર બોલવા જઈ રહી છું કે ગુજરાતના લાખો વિદ્યા ઉપાસકોના ભવિષ્ય સાથે આ જોડાયેલું છે. કોઈપણ રાષ્ટ્રની પ્રગતિનો આધાર શાળાના વર્ગખંડથી શરૂ થાય છે. આ શાળાના વર્ગખંડનો સારથી એટલે શિક્ષક. ચાણક્યએ કહ્યું છે કે ''શિક્ષક કભી સાધારણ નહીં હોતા પ્રલય ઔર નિર્માણ ઉનકી ગોદ મે પલતે હૈં''. એટલા માટે જે વ્યક્તિ રાષ્ટ્ર નિર્માણ સાથે જોડાયેલો છે એ શિક્ષણને હંમેશા આપણી સરકાર દ્વારા પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આવા પાયાના શિક્ષકો અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા સર્વે કર્મચારીઓના હિતનું ધ્યાન રાખવું એ આપણી સરકારની હંમેશા પ્રાથમિકતા રહી છે. એટલા માટે આપણી આ જવાબદારી અને નૈતિક ફરજ છે. જેના હાથમાં ચોક છે તેના હાથમાં હવે ન્યાયનો ચોક છે. શિક્ષકના સન્માનને ઠેસ પહોંચાડનારને હવે કાયદાકીય શોક છે, કાયદાકીય શોક છે. ભૂતકાળમાં આપણે કાયમ સાંભળતા કે શૈક્ષણિક સંસ્થાના કર્મચારીઓ, શિક્ષકો અને સંચાલકો વચ્ચે કાયમ ચડભડ રહેતી. વારંવાર ઝઘડા થતા, આંદોલન થતા, અન્યાયી રીતે આવા શિક્ષકોને છૂટા કરી દેવામાં આવતા, કયારેક પગારના પ્રશ્ન હોય, કયારેક શિસ્તભંગના પ્રશ્ન હોય આવા સમયે આવો શિક્ષક સમાધાન માટે કયાં જાય? આવા શિક્ષકો ભૂતકાળમાં દરેક અદાલતોમાં દરદર ભટકતાં, કલાકો સુધી કોર્ટની બહાર લાઈનમાં ઊભા રહેતા. આપણે વિચાર કરીએ કે જે શિક્ષક રાષ્ટ્રનિર્માણ માટે ઘડાયેલો છે, જે શિક્ષક આપણા બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ કરનારો છે એ મનથી આવો ભાંગેલો હોય તો વર્ગખંડમાં બાળકને શું શિક્ષણ આપે? એટલા માટે આ કાયદો શિક્ષણ જગત માટે એક કવચ છે. આ સુધારો માત્ર કાગળ ઉપર નથી પરંતુ અન્યાય સામે લડવા માટે શિક્ષકનું બ્રહ્માસ્ત્ર છે. ટ્રિબ્યુનલ ગુરુઓના સન્માનને જાળવતો દસ્તાવેજ છે. અહીંયા હું કહેવા માગીશ કે ''નથી માગતા અમે આસમાન, નથી માગતા અમે આસમાન, માત્ર શિક્ષકનું સન્માન માગીએ છીએ. ન્યાયના મધ્યસ્થ મંચ પરથી સૌનું કલ્યાણ માગીએ છીએ. સૌનું કલ્યાણ માગીએ છીએ.'' આ એક્ટ શું છે? માનનીય મંત્રીશ્રી દ્વારા ખૂબ સરસ રીતે આ વાત સમજાવવામાં આવી છે. વર્ષ ૨૦૧૪ પહેલાં અલગ–અલગ પાંચ ટ્રિબ્યુનલ હતા. પ્રાથમિક ટ્રિબ્યુનલ, માધ્યમિક ટ્રિબ્યુનલ, ઉચ્ચત્તર માધ્યમિક ટ્રિબ્યુનલ, કોલેજ ટ્રિબ્યુનલ અને યુનિવર્સિટી ટ્રિબ્યુનલ. આ બધાને લીધે જુદી જુદી કાયદાકીય જોગવાઈઓમાં એકરૂપતા લાવવા અને વહીવટી પ્રક્રિયા સરળ કરવા માટે વર્ષ ૨૦૧૪ પછી ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ એકટ અમલમાં આવ્યો અને આ ૫ ટ્રિબ્યુનલોને મર્જ કરવામાં આવ્યા. જે રીતે મંત્રીશ્રીએ કહ્યું એ રીતે વર્ષ ૨૦૨૩માં ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ અમલવામાં આવ્યો અને આ એક્ટ અમલમાં આવવાથી આ યુનિવર્સિટીઓને લગતી તમામ ટ્રિબ્યુનલો અધિકાર ક્ષેત્રમાંથી દૂર થયા. હવે હું આ સભાગૃહને સમજાવવા માગું છું કે આ સુધારો શું છે? ખાસ ડો. કિરીટભાઈ આ વાત સાંભળે.

ઉપાધ્યક્ષશ્રી : તમે મને જોઈને સંબોધન કરો, ડો.કિરીટભાઈને કહેવાની જરૂર નથી.

ડૉ. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે કહ્યું કે આ સુધારો કેમ લાવ્યા? એટલે સમજાવું છું. આ તમામ યુનિવર્સિટીઓને આ ટ્રિબ્યુનલ એક્ટના અધિકાર ક્ષેત્રમાં લાવવા માટે આ સુધારો લાવવામાં આવ્યો છે. આ એકટના માધ્યમથી યુનિવર્સિટીઓને ઉમેરી શકાતી હતી પણ એને રદબાતલ કરી શકાતી ન હતી. આ સુધારાના માધ્યમથી હવે યુનિવર્સિટીઓને રદબાતલ કરી શકાશે. એનાથી વિશેષ કોઈ પણ નવી યુનિવર્સિટી હોય એને ઉમેરવી હોય કે રદબાતલ કરવી હોય તો વારે ઘડીએ સભાગૃહમાં વિધેયકના માધ્યમથી આવવું પડતું હતું. એટલા માટે આપણા મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણ મંત્રીશ્રી દ્વારા આ દીર્ઘદૃષ્ટિ અપનાવીને વારંવાર ગૃહમાં આવવું ન પડે એ માટે આ સુધારા વિધેયક લાવવામાં આવ્યું છે. જેમાં હવે માત્ર ગેઝેટના માધ્યમથી આ તમામ સુધારા થઈ શકશે. હું વિપક્ષના સભ્યોને કહેવા માગું છું કે, જેમને અન્યાય કરવાની આદત પડી છે એમને જ આ કાયદો નડે છે. બાકી ગુજરાતના શિક્ષકો તો હરખાય છે. કેમ કે એમને ન્યાય મળે છે. તમે સમસ્યા લાવ્યા, અમે સમાધાન લાવ્યા. તમે મુશ્કેલી લાવ્યા અમે મક્કમતા લાવ્યા છીએ. વિરોધ કરનારા તો કરતા રહેશે, અમે ન્યાયનો દીવો પ્રગટાવીશું. શિક્ષણના આ યજ્ઞમાં ગુજરાતને સર્વશ્રેષ્ઠ બનાવીશું. માનનીય ડો. કિરીટભાઈ કહેતા હતા કે આમાં સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલોનો સમાવેશ કરવામાં આવ્યો નથી ત્યારે હું જણાવવા માગું છું કે આમાં સેલ્ફ ફાઈનાન્સ, ગ્રાન્ટેડ શાળાઓ બધાનો સમાવેશ કરવામાં આવ્યો છે. કારણ કે ભારતીય જનતા પાર્ટીની સરકાર માને છે કે ન્યાય એ કોઈ સંસ્થાના પ્રકાર પર નિર્ભર નથી. પરંતુ દરેક કર્મચારીનો એ અધિકાર છે. આજે વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં ૩૬૫૦ જેટલા કેસોનો

નિકાલ કરવામાં આવ્યો છે. આપણે જોઇ શકીએ છીએ કે શિક્ષકોની આંખમાં હરખનાં આંસુ છે. કારણ કે એને લાભ પણ મળે છે અને એના તમામ પ્રશ્નોનું આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં સમાધાન પણ થયું છે. યુનિવર્સિટીના શિક્ષકો, કર્યારીઓના પ્રશ્નો જેવા કે પેન્શનને લગતા પ્રશ્નો, બઢતીને લગતા પ્રશ્નનો, ઉચ્ચતર પગાર ન મળવું તેમજ મોડો પગાર મળવો, ઓછો પગાર મળવો, રેગ્યુલર ભરતી ન થવી આ તમામ જે કોઇ શૈક્ષણિક કર્મચારીને લગતા પ્રશ્નો છે એ આ ટ્રિબ્યુનલના માધ્યમથી ૯૦ દિવસમાં અપીલ કરવાની રહે છે અને આ તમામ કેસોનું તાત્કાલિક નિરાકરણ આપણી સરકાર દ્વારા કરવામાં આવશે. સરકારનું આ વિધેયક છે એ ન્યાયનું વિધેયક છે અને એટલા માટે થઇને હું કહેવા માગું છું કે, ''કલમ અમારી, શક્તિ અમારી, ન્યાય અમારો ધર્મ છે. શિક્ષણના આ પવિત્ર યજ્ઞમાં સેવાનો સાચો મર્મ છે. ન્યાયના પલ્લા સમતોલ રહેશે, ટ્રિબ્યુનલની નવી રાહ છે. ગુજરાતના શિક્ષણ જગતમાં સત્યનો જયજયકાર છે.'' ગુરુજનના માન-સન્માન માટે જે બિલ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે ત્યારે સર્વે સભાગૃહના સભ્યોને આ બિલને સમર્થન આપવા માટે હું વિનંતી કરું છું. ધન્યવાદ.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૨૬ નું વિધેયક ક્રમાંક ૯ ગુજરાત શૈક્ષણિક અને સેવા ટ્રિબ્યુનલ સુધારા વિધેયક ૨૦૨૬ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલનું હાર્દ છે એ આપણી જે ૯ સરકારી યુનિવર્સિટીઓ છે જેમાં ગુજરાત યુનિવર્સિટી હોય, વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી હોય, ભાવનગરની કૃષ્ણાકુમારસિંહજી યુનિવર્સિટી હોય એવી ૯ યુનિવર્સિટીઓના પ્રાધ્યાપકો અને ટેકનિકલ સ્ટાફ છે એને સીધેસીધી અસર કરતું આ બિલ છે. સાથોસાથ આ બિલમાં ક્ષતિઓ પણ છે કે જે ગુજરાતની અંદર સરકારી યુનિવર્સિટી કરતા વધારે પ્રાઇવેટ યુનિવર્સિટીઓ અને કોલેજો પણ છે એમાં આપણા ગુરુજનો, શૈક્ષણિક સ્ટાફ છે ત્યારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને એ પણ વિનંતી કરવા માગું છું કે જેટલી પણ સરકારી યુનિવર્સિટીઓ કે સરકારી કોલેજો હોય એનો પણ પ્રાઇવેટ યુનિવર્સિટીઓમાં પોતે પ્રાધ્યાપક તરીકે કામ કરે છે ત્યારે ઘણી વખતે એવું ધ્યાનમાં આવ્યું છે કે સરકારી યુનિવર્સિટીના પ્રાધ્યાપકો અને ટેકનિકલ સ્ટાફનો પગાર હોય અને પ્રાઇવેટ યુનિવર્સિટીઓમાં પ્રાધ્યાપકો કામ કરતાં હોય છે, સેવા આપી રહ્યાં છે એના પગાર અને સેવાઓ વચ્ચે ઘણો તફાવત હોય છે. ખાસ કરીને સરકારી યુનિવર્સિટીઓમાં ગુરુજનો સેવા આપી રહ્યા છે એમાં પેન્શન અને વીમાની પણ જોગવાઇ હોય છે. પ્રાઇવેટ યુનિવર્સિટીઓમાં આપણા ગુરુજનો અને શૈક્ષણિક સ્ટાફ સેવા આપી રહ્યો છે એમાં પગારમાં અસમાનતા જોવા મળે છે. પેન્શનની કોઇ જોગવાઇઓ જોવા મળતી નથી ત્યારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે એક સમાન આ બિલમાં લાવવામાં આવે. આપણા ગુજરાતમાં જેટલી પણ પ્રાઇવેટ યુનિવર્સિટીઓનો આ બિલમાં સમાવેશ કરી લેવામાં આવે. બધાજ ગુરુજનોને સમાનતાની એક ટ્રિબ્યુનલમાં સમાવેશ કરીને એકસમાન દરજ્જો આપવામાં આવે. સાથો સાથ પ્રાઇવેટ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપકોને જે ઓછો પગાર આપવામાં આવે છે તેની પણ ખાસ કરીને આ બિલમાં ચિંતા કરવામાં આવે. ગુજરાતની અંદર વલ્લભીપુરમાં પ્રાચીન સમયમાં વલ્લભી યુનિવર્સિટી હતી ત્યારે વિદેશના લોકો પણ આપણે ત્યાં ગુજરાતમાં અભ્યાસ કરવા આવતા હતા એ વખતે પણ આપણા ગુજરાતનું ખૂબ મોટું નામ હતું. એ વખતે વિદેશના વિદ્યાર્થીઓ પણ અભ્યાસ કરવા આવતા હતા પણ ક્યાંક ને ક્યાંક મને એવું લાગી રહ્યું છે કે ગુજરાતમાં ખાનગીકરણ થયું હોવાના કારણે શિક્ષણનું એક વ્યાપરીકરણ થતું હોય તેવું દેખાય છે આની સીધેસીધી અસર જે મધ્યમવર્ગ અને ગરીબ વર્ગ પર પડવાની છે. એનું ખાનગીકરણ થવાના કારણે એની પાસે ઉચ્ચ અભ્યાસ માટે એટલા બધા પૈસા હોતા નથી કે એને પ્રાઇવેટ યુનિવર્સિટીમાં ભણાવી શકે તો આના માટે પણ સરકારે ચિંતા કરવાની જરૂર છે. થોડીક પ્રાઇવેટ યુનિવર્સિટીઓની સંખ્યા ભલે વધે એમાં વાંધો નથી પણ સાથોસાથ સરકારી યુનિવર્સિટીની પણ થોડીક સંખ્યા વધારવાની જરૂર છે. બોટાદ જિલ્લામાં એક પણ યુનિવર્સિટી ના હોય તો એને એક યુનિવર્સિટી આપી દો. જ્યાં જ્યાં નવા જિલ્લા બન્યા છે ત્યાં પણ નવી યુનિવર્સિટીઓ સ્થાપવામાં આવે અને જે પ્રાઇવેટ યુનિવર્સિટીમાં જે અધ્યાપકો અને કર્મચારીઓ કામ કરે છે.

ઉપાધ્યક્ષશ્રી : મને એમ હતું કે આજે બોટાદ આવશે નહીં પણ આવ્યું ખરું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, બોટાદ એ કવિ મેઘાણીની તપોભૂમિ અને કર્મભૂમિ છે એટલે યુનિવર્સિટી બનાવવાનું થાય તો નામ મેઘાણી ઉપર રાખવામાં આવે. કારણ કે રાષ્ટ્રીય શાયરની એ કર્મભૂમિ છે. આપના મારફત માનનીય મંત્રીશ્રીને ખાસ સૂચન કરું છું કે ગુજરાત પ્રાચીન સમયથી એક શિક્ષણનું ખૂબ સારું એવું કેન્દ્ર અને સંસ્કૃતિ રહેલી છે તો વધુમાં વધુ શિક્ષણનો વ્યાપ વધે અને નાનામાં નાના છેવાડાના વ્યકિતને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થાય તેના માટે થઇને સરકાર એ પ્રયત્ન કરે અને જે પણ જિલ્લામાં સરકારી યુનિવર્સિટીઓ નથી ત્યાં સરકાર દ્વારા નવી યુનિવર્સિટીઓ સ્થાપવામાં આવે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, સન-૨૦૨૬નું ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ સુધારા વિધેયકના સમર્થનમાં આ ગૃહમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ હું રાજય સરકારને અભિનંદન પાઠવું છું કે, શિક્ષણ ક્ષેત્રમાં લાંબા સમયથી ચાલી રહેલા પ્રશ્નોને સમજતાં શિક્ષકો અને શૈક્ષણિક કર્મચારીઓ માટે ઝડપી અસરકારક ન્યાય વ્યવસ્થા ઊભી થાય અને ન્યાય વ્યવસ્થાને ઊભી કરવા માટે આ મહત્ત્વપૂર્ણ સુધારો લાવવામાં આવ્યો છે. શિક્ષણ ક્ષેત્ર માત્ર નોકરી કે વ્યવસાય નથી. તે

સમાજના ભવિષ્યનું ઘડતર કરે છે. એટલે આવનારી પેઢીનું ઘડતર કરવાનુ કામ એ શિક્ષણ થકી થતું હોય છે. કોલેજમાં વિદ્યાર્થીઓ ભણતાં હોય અને તેને કેવા પ્રોફેસરો ભણાવે છે, કેવા પ્રકારના પ્રોફેસરોથી તેને શિક્ષણ પ્રાપ્ત થાય છે અને તેના ઘડતરનું કામ જો કોઇ કરતું હોય તો એ આ શિક્ષક કરે છે. શિક્ષક અને શૈક્ષણિક સ્ટાફ તે આપણા સમાજનો મૂળ આધારસ્તંભ છે. કારણ કે શિક્ષક જયારે પ્રાયમરીથી ભણાવવાનું ચાલુ કરે છે અને કોલેજ સુધી જાય એટલે પ્રોફેસરો એને આપણે ગુરુ કહીએ છીએ અને ગુરુ કયા પ્રકારનું તેને શિક્ષણ આપે છે તેના ઉપર પણ ભાર મૂકવામાં આવતો હોય છે અને તેના ગુણોને અંદર ઉતારીને વિદ્યાર્થીને એક સારો વ્યકિત બનાવવામાં આવતો હોય છે. એટલે શિક્ષક અને શૈક્ષણિક સ્ટાફ એ આપણા સમાજનો આધારસ્તંભ કહીએ છીએ. જો તેમને સમયસર ન્યાય નહીં મળે તો તેનો સીધો પ્રભાવ શિક્ષણની ગુણવત્તા અને વિદ્યાર્થીઓના ભવિષ્ય પર પડે છે, કારણ કે ઘણી વખત શિક્ષણ વિભાગ તરફથી કોઇ શિક્ષક ઉપર કે કોઇ પ્રોફેસર ઉપર તે કોઇ પ્રવૃત્તિમાં જોડાયેલો હોય અને તેના કારણે તેને કાઢવામાં આવ્યો તો એ જશે કયાં તો કહે ટ્રિબ્યુનલમાં, ન્યાય પ્રણાલીમાં. અને ન્યાય પ્રણાલીની અંદર જો તેને ત્રણ કે છ મહિનાની અંદર નિકાલ થઇ જાય તો એ વિદ્યાર્થી શિક્ષણથી બચી શકે છે કે ભાઇ તેને શિક્ષણ ના મળ્યું હોય એવા સંજોગોમાં તો તેના માટે આ ટ્રિબ્યુનલ છે અને ટ્રિબ્યુનલની અંદર હું માનું છું ત્યાં સુધી કેસો એટલા બધા સ્પીડથી ચાલે છે કે તમામ કેસોનો નિકાલ ત્રણ થી છ માસમાં આવી જાય છે. આવી સુંદર વ્યવસ્થા આપણી સરકાર તરફથી કરવામાં આવી છે. કદાચ નિરાકરણ ના આવતું હોય તો આપણે તેને ઉતાવળ કરીને લાવવું જોઇએ કે જલદી તેનો નિકાલ આવે.

માનનીય અધ્યક્ષશ્રી, આજ સુધી આપણે જોયુ છે કે ટ્રિબ્યુનલમાં ઘણાં કેસો વર્ષો સુધી પેન્ડિંગ રહેતા હતા. શિક્ષકોને તેમના હક્ક માટે લાંબી લડત લડવી પડતી હતી આ સ્થિતિમાં સુધારો લાવવા માટે જ આ વિધેયક ખૂબ જ જરૂરી બની ગયું છે. આ સુધારા દ્વારા ટ્રિબ્યુનલની રચના વધુ મજબૂત અને જવાબદાર બનાવવામાં આવી છે. કેસોના ઝડપી નિરાકરણ માટે સમય મર્યાદા નક્કી કરવાની દિશામાં પગલાં લેવામાં આવ્યાં છે. આથી વિલંબિત ન્યાય કે ન્યાયનો ઇન્કાર જેવી સ્થિતિ દૂર થશે. આ વાત ઉપર એક શાયરી કહેવાની ઇચ્છા થાય છે,

इंसाफ की राह में जो दिवारें थी खडीं,
आज वो गिराने का इरादा किया है।
हर शिक्षक को उसका हक मिले समय पर,
सरकारने ये वादा किया है।

આ એના માટેનો સુધારો છે. ન્યાયપાલિકાના ઘણા બધા મહત્ત્વપૂર્ણ નિર્ણયો લીધેલા છે. એલ. ચંદ્રકુમાર વર્સીસ યુનિયન ઓફ ઇન્ડિયા કેસમાં સુપ્રીમકોર્ટે ટ્રિબ્યુનલને ન્યાય પ્રણાલીનો મહત્ત્વપૂર્ણ ભાગ ગણાવ્યો હતો અને તેની કાર્યક્ષમતા અને વિશ્વસનીયતા જાળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. આ સુધારો તે દિશામાં આગળ વધે છે. ટ્રિબ્યુનલમાં પડેલા કેસો એ કોઇ પણ ટ્રિબ્યુનલમાં જાય છે તો એનો જલદી નિકાલ થાય છે. આ વિધેયક ટ્રિબ્યુનલની કાર્યપદ્ધતિમાં પારદર્શિતા લાવે છે. નિયુકિત પ્રક્રિયા વધુ સુવ્યવસ્થિત બનશે. જેથી યોગ્ય અને લાયકાત ધરાવતા સભ્યો ટ્રિબ્યુનલમાં આવશે. આથી ટ્રિબ્યુનલ પર લોકોનો વિશ્વાસ વધશે. આ સુધારાથી લોકોનો ટ્રિબ્યુનલ પર વિશ્વાસ વધશે.

जहां न्याय मिलता है समय पर सबको,
वहीं से तरक्की की राह निकलती है।
शिक्षा और शिक्षक का सम्मान बढे जहां,
वहीं सच्चे विकास की शूरुआत होती है।

જે આ સરકાર કરી રહી છે. આ સાથે સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રમાં સુધારા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. નવી શિક્ષણની નીતિનો અમલ, સ્કિલ ડેવલપમેન્ટ અને ડિજિટલ શિક્ષણ જેવા પગલાં સાથે આ વિધેયક પણ એક મહત્ત્વપૂર્ણ કડી છે. આ વિધેયકથી શિક્ષકો અને સંસ્થાઓ વચ્ચેના વિવાદો ઝડપથી ઉકેલાશે જેનાથી શિક્ષણ ક્ષેત્રમાં સ્થિરતા અને વિશ્વાસનું વાતાવરણ ઊભું થશે. આપના માધ્યમથી આ શિક્ષણ વિભાગની અંદર મારાં એક–બે સૂચનો કહેવા માગું છું કે જેવી રીતે ભૂતકાળમાં કોલેજના વિદ્યાર્થીઓ હોય કે સ્કૂલના વિદ્યાર્થીઓ હોય તો ગામડાની અંદર આપણે ફરતું પુસ્તકાલય ચાલતું, શહેરી વિસ્તારોમાં પણ ચાલતું, એવા પુસ્તકાલયો જો ફરીથી ચાલુ થાય તો આપણા માટે સારી વાત છે. સ્કૂલો અને કોલેજોની અંદર ભારત દર્શન, ભારતની સંસ્કૃતિને ટકાવી રાખવા માટે આપણે ભારત દર્શન જેવા નજીવી કિંમતે ટ્રેનમાં કે બસની અંદર, ખૂબ નજીવી કિંમતે આપણે એને મુસાફરી કરાવીએ અને એ ફરજિયાત કરાવીએ તો હું માનું છું કે ભારત અથવા ગુજરાત દર્શનમાં આપણા જે વિદ્યાર્થીઓ છે, બાળકો છે એમને ખબર પડશે કે આટલાં આટલાં આપણાં જોવાલાયક સ્થળો છે. જે રીતે ગુજરાતી ભાષા હોય, સંસ્કૃત હોય, હિન્દી, આપણી જે ભાષાઓ છે એ ભાષાઓના વ્યાકરણમાં આપણે જોતા હોઇશું તો જોડણીમાં ભૂલો થાય છે. જોડણીઓમાં ભૂલો છે એ ભૂલો આજે સમજાવી શકે એવું શિક્ષકો પાસે નોલેજ નથી આ ખૂબ સત્ય વાત છે. અને એના કારણે આવનારી પેઢીને જોડણીનો અર્થ અને એના શબ્દો વચ્ચેના અંતરની ખબર પડતી નથી અને એના કારણે આ પેઢી

ફરી શિક્ષક બનીને આવે છે અને આવનારી પેઢીને નવું શિક્ષણ આપે છે ત્યારે એ શીખવાડી શકતા નથી. આ વિધેયક માત્ર એક કાનૂની સુધારો નથી પરંતુ શિક્ષણ ક્ષેત્રમાં વિશ્વાસ, પારદર્શિતા અને ન્યાયની નવી દિશા છે. અંતમાં હું આ ગૃહને વિનંતી કરું છું કે આ મહત્ત્વપૂર્ણ વિધેયકને સમર્થન આપીને રાજ્યના શિક્ષણ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવામાં સહયોગ આપે. આભાર. ભારત માતા કી જય.

ડૉ. પ્રદ્યુમન ગ. વાજા (શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષ મહોદય, ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ (સુધારા) વિધેયકની ચર્ચામાં જે માનનીય સભ્યશ્રીઓએ ભાગ લઈ સમર્થન આપ્યું છે એવા માનનીય સભ્ય ડૉ. કિરીટભાઈ પટેલ, ડૉ. મહેન્દ્રભાઈ, ડૉ. દર્શિતાબેન, માનનીય ઉમેશભાઈ અને માનનીય ધવલસિંહ ભાઈ આપ સૌનો હું ખૂબ-ખૂબ આભાર પ્રગટ કરું છું કે આપ સૌએ આ બિલને સમર્થન આપી એક સકારાત્મક પ્રયાસ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓએ ઘણા બધા સુધારા પણ સૂચવ્યા છે અને એને હું ખૂબ જ સકારાત્મક રીતે લઉં છું. તેની સાથે-સાથે થોડી સ્પષ્ટતા કરવા માગું છું. માનનીય સભ્યશ્રીએ એક પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો કે ખાનગી સંસ્થાઓને આ બિલ અંતર્ગત સમાવવામાં નથી આવતા. ત્યારે આપના માધ્યમથી હું ગૃહને જણાવવા માગું છું કે ખાનગી સંસ્થાઓમાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂક સરકારશ્રી દ્વારા થતી નથી. તે ઉપરાંત ખાનગી સંસ્થાઓના કર્મચારીનાં પગાર ભથ્થાં પણ સરકારશ્રી દ્વારા ચૂકવવામાં આવતાં નથી. ખાનગી સંસ્થાઓના કર્મચારીની સેવાકીય બાબતો સરકારશ્રી હસ્તક નથી અને એટલા માટે ટ્રિબ્યુનલના દાયરામાં આ ખાનગી સંસ્થાઓનો સમાવેશ કરેલ નથી કારણ કે, કુદરતી ન્યાયના સિદ્ધાંત પ્રમાણે જે સંસ્થા પોતે નિમણૂક આપતી હોય એ જ સંસ્થાને એનો અધિકાર હોય છે. બીજો મહત્ત્વનો મુદ્દો બિન શૈક્ષણિક કર્મચારીઓ બાબતોની સેવાનો હતો. આ એક્ટમાં યુનિવર્સિટીના બિન શૈક્ષણિક કર્મચારીઓની જોગવાઈ છે. જે સરકારશ્રીની મંજૂર જગ્યાઓ પર નિયમિત ભરતી થઈ હોય તેવા બધા જ બિન શૈક્ષણિક કર્મચારીઓની તકરાર આ ટ્રિબ્યુનલ સાંભળે છે, પણ યુનિવર્સિટીએ મંજૂરી વગર ભરેલા બિન શૈક્ષણિક કર્મચારીઓ માટેની જોગવાઈ નથી. સરકારી યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની સેવા વિષયક બાબતોની વ્યવસ્થાની મેં વાત કરી એમાં ધી પબ્લિક યુનિવર્સિટી એક્ટ-૨૦૨૩ હેઠળના સ્ટેચ્યુટમાં પ્રકરણ-૧૭ હેઠળ કલમ-૧૨૩થી ૨૧૩ સુધી કર્મચારીઓની તમામ સેવા વિષયક બાબતો એટલે કે નિમણૂકથી માંડીને નિવૃત્તિ સુધીની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત પ્રકરણ-૧૮ હેઠળ પણ કર્મચારીઓને મળતા તમામ સેવા વિષયક લાભોની જોગવાઈ કરવામાં આવી છે. એક પ્રશ્ન ઓનલાઇન ફેસિલિટીનો ઉપસ્થિત થયો. તો ટ્રિબ્યુનલના બિલ્ડિંગમાં જ નોટિસ બોર્ડ પર લિંક મૂકેલ છે અને ઓનલાઇન સુનાવણીમાં પણ જોડાઈ શકે છે. કોઈ પણ પક્ષકાર જેને ઓનલાઇન જોડાવવું હોય એ જોડાઈ શકે છે. બિલ્ડિંગમાં વ્યવસ્થાની વાત કરવામાં આવી તો ભોંયતળિયા પર જ વ્હિલ ચેરથી બિલ્ડિંગમાં પ્રવેશી શકાય તેવી વ્યવસ્થા છે. એ ઉપરાંત સાઇનો માટે પાર્કિંગ પૂરતું છે. કોર્ટ પણ પહેલાં માળે જ છે અને સી.સી.ટી.વી.ની પણ સુવિધાઓ છે. આ ઉપરાંત પેન્ડિંગ કેસની વાત કરવામાં આવી. સરકાર પાસે વર્ષ ૨૦૧૪થી વર્ષ ૨૦૨૫ સુધીનો વર્ષવાર રેકર્ડ છે. એ રેકર્ડ જો હું આપને રજૂ કરીશ તો ખૂબ સમય જશે. માનનીય ધવલસિંહભાઈએ ખૂબ સારી વાત કરી કે આ ટ્રિબ્યુનલનો હેતુ જ છે કે તમને સમયસર, ઝડપી અને સરળતાથી ન્યાય મળે. વર્ષ ૨૦૧૪ના વર્ષને અંતે પેન્ડિંગ કેસોની સંખ્યા ૨૪૭૦ હતી. વર્ષ ૨૦૨૫માં આ આંકડો લગભગ અડધો થઈ ગયો છે, વર્તમાનમાં તે આંકડો નીચે આવીને ૧,૪૦૭ થયો છે. આ સરકારની કેસોની પ્રગતિ બતાવે છે અને બધાં જ વર્ષનો રેકર્ડ સરકારશ્રી પાસે છે. બીજો પ્રશ્ન એ ઉપસ્થિત થયો હતો કે, સભ્યશ્રીની જે નિમણૂક થાય છે તે જ્યુડિશિયરી હોય કે નોન જ્યુડિશિયરી હોય. ટ્રિબ્યુનલની જોગવાઈ પ્રમાણે એક ન્યાયિક સભ્ય કે જેણે જિલ્લા ન્યાયાધીશ તરીકે ફરજ બજાવેલ હોય અને તે ઉપરાંત એક વહીવટી સભ્ય હોય છે. જેથી કરીને તેને ટેક્નિકલ જ્ઞાન પણ હોઈ શકે પરંતુ તેમાં એવી જોગવાઈ છે કે, ટ્રિબ્યુનલનો ન્યાયિક સભ્ય જ ટ્રિબ્યુનલના પ્રમુખ તરીકે નિયુક્ત થઈ શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, બધાં જ સભ્યશ્રીઓએ આ બિલને આવકાર્યું છે, તેની સાથે સાથે સમર્થન આપ્યું છે તથા જે સુધારા સૂચવ્યા છે તેને હું સકારાત્મક લઉં છું અને તે દિશામાં અમે ચોક્કસ પ્રયત્ન કરીશું. આ સુધારા દ્વારા યુનિવર્સિટીઓને ટ્રિબ્યુનલના અધિકાર ક્ષેત્રમાં લાવવાથી સેવા સંબંધિત વિવાદો, સંસ્થાકીય વિવાદોનું નિરાકરણ એક વિશેષ સંસ્થા દ્વારા ઝડપી અને અસરકારક રીતે થઈ શકશે. આ માત્ર કોઈ વહીવટી ફેરફાર નથી, આ ન્યાય સુધી પહોંચ અને સંસ્થાકીય જવાબદારીના સિદ્ધાંત પર આધારિત સુધારો છે. વધુમાં, યુનિવર્સિટીઓને ટ્રિબ્યુનલના અધિકાર ક્ષેત્રે લાવવાથી નિર્ણયોમાં એકરૂપતા આવશે અને અદાલતો પરનું સામાન્ય ભારણ પણ ઓછું થશે. સામાન્ય રીતે શિક્ષકો અને કર્મચારીઓની સેવા સંબંધિત બાબતો તેમજ અન્ય સંસ્થાકીય મુદ્દાઓ સંબંધિત વિવાદો અદાલતોમાં લઈ જવાતા હોય છે. જેના કારણે કેસોમાં વિલંબ થાય છે અને ન્યાય મળવામાં પણ ખૂબ સમય જાય છે ત્યારે આ વિલંબથી શિક્ષકો અને શૈક્ષણિક સંસ્થાઓના કાર્ય પર પણ પ્રતિકૂળ અસર પડતી હોય છે. આ પગલું આપણી શિક્ષણ પ્રણાલીમાં પારદર્શિતા અને વિશ્વાસ વધારશે. શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સંસ્થાના કર્મચારીઓને વિશ્વાસ મળશે કે તેમની ફરિયાદોનો સમયસર અને ન્યાયસંગત રીતે ઉકેલ આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સન્માનનીય ગૃહમાં આ સુધારા વિધેયક લાવવાનો વધુ એક હેતુ પણ છે. માનનીય સભ્યશ્રી કિરીટભાઈએ કહ્યું તેમ નામદાર હાઇકોર્ટમાં ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ ૨૦૨૩નો અમલ થતાં ૧૧ અલગ-અલગ યુનિવર્સિટીઓના કાયદાઓ રદ થયેલ હતા. જે કાયદાઓ મુજબ કામગીરી ન કરવા કોર્ટ મેટર થયેલી હતી. જેમાં

નામદાર કોર્ટે નિર્દેશ કરેલો. જે હું અક્ષરશ: વાંચીને સંભળાવું છું, "Thus, it appears that the state will have to issue a notification incorporating the Universities under the Gujarat Public University Act, 2023, into Schedule of the Gujarat Education Institutions Services Tribunal Act, 2006. Until and unless the provisions of the Section 2 (A) mentioned above and Schedule (1) attached to the Gujarat Education Institutions Services Tribunal Act, 2006, are modified and aligned with the Gujarat Public University Act, 2023, any dispute arising from the employees' cannot be entertained by the Tribunal".

માનનીય અધ્યક્ષશ્રી, આથી આ સુધારો આવશ્યક છે અને હાલની અનુસૂચિના ક્રમ–૧થી ૯ના કોલમ–૨માં યુનિવર્સિટીની સાથે દર્શાવેલ તેમના મૂળ એક્ટ અને વર્ષને દૂર કરી તેની જગ્યાએ ક્રમ–૧૪ પાછળ ઘ ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ, ૨૦૨૩નો ઉમેરો કરવામાં આવે છે. આ ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ, ૨૦૨૩માં ગુજરાત રાજ્યની અલગ–અલગ યુનિવર્સિટીના અલગ–અલગ એક્ટ રદ કરીને આ તમામ ૧૧ યુનિવર્સિટીઓ માટે એક જ એક્ટ લાવવામાં આવ્યો છે. હું એ પણ સ્પષ્ટ કરું છું કે, આ સુધારો યુનિવર્સિટીઓની સ્વાયત્તતાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે. જેથી સ્વાયત્તતા જાળવી રાખતા જવાબદારી અને કાનૂની દેખરેખ સુનિશ્ચિત થશે. આ ટ્રિબ્યુનલની સારી કામગીરીની વાત કરું તો, જેમ હમણાં ટ્રિબ્યુનલમાં પેન્ડિંગ કેસીસની વાત થતી હતી તો છેલ્લા બાર વર્ષમાં શૈક્ષણિક ટ્રિબ્યુનલ દ્વારા કુલ ૩૬૫૦ જેટલા કેસોનો નિકાલ કરવામાં આવેલ છે. એ આ ટ્રિબ્યુનલની સફળતા દર્શાવે છે. શિક્ષણ વિભાગના જે કર્મચારીઓ અને અધિકારીઓને લાભ મળવાપાત્ર હોય તેવા કિસ્સાઓમાં તેઓને લાભો ચૂકવી આપવાના હુકમો કરવામાં આવેલ છે. વધુમાં, આ સંસ્થાની તટસ્થતાની વાત કરું તો, જે કિસ્સામાં લાભ મળવાપાત્ર ન હોય તેવા કિસ્સામાં તેઓની અરજી રદ પણ કરવામાં આવેલ છે. પ્રસ્તુત ચુકાદાઓને કોઇ સિવિલ કોર્ટ કે અન્ય તંત્રમાં પડકારી શકાતા નથી. જેનો સામાન્યત: જે–તે કચેરીએ રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ હોય તે રીતે તેનો અમલ કરવાનો હોય છે. તેમ છતાં જો કોઇ પક્ષકારોને આ ટ્રિબ્યુનલના નિર્ણયથી સંતોષ ન હોય તો તે નામદાર હાઇકોર્ટ સમક્ષ ભારતીય બંધારણના આર્ટિકલ–૨૨૭ હેઠળ પડકારી શકે છે. પક્ષકારો દ્વારા વકીલ રોકીને અથવા તો તે જાતે પણ હાજર રહી રજૂઆત કરી શકે છે. આવી તમામ રજૂઆત નામદાર ટ્રિબ્યુનલ દ્વારા સાંભળવામાં આવે છે અને તેના દ્વારા કરવામાં આવેલ રજૂઆત અને રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓને આધારે નામદાર ટ્રિબ્યુનલ દ્વારા કેસ ન્યાય નિર્ણિત કરવામાં આવે છે.

માનનીય સભ્યશ્રીઓએ આમ તો આજે જે વિધેયક હતું એ માત્ર ટ્રિબ્યુનલને ધ્યાનમાં રાખીને જ હતું છતાં પણ અમુક ચર્ચાઓ શિક્ષણ સેવાઓ માટે પણ થઇ છે ત્યારે ભલે એ સ્કોપની બહાર ચર્ચા થઇ. છતાં પણ હું એમના સૂચનોને સકારાત્મક રીતે લઉં છું. અંતમાં હું તમામ માનનીય સભ્યશ્રીઓએ સમર્થન આપ્યું એ બદલ હું આભાર પ્રગટ કરું છું. આ એક પ્રગતિશીલ પગલું છે જે આપણી શિક્ષણ પ્રણાલિને વધુ મજબૂત, સમાનતાપૂર્ણ અને જવાબદાર બનાવશે. સુધારા વિધેયકના સમર્થનમાં ગૃહમાં ઉપસ્થિત તમામ માનનીય સભ્યશ્રીઓનો હું આભાર વ્યક્ત કરું છું અને આ કાયદાને સર્વસંમતિથી પસાર કરવા આપ સૌને વિનંતી કરું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૬નું ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ(સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨ અને ૩, કલમ–૧, અનુસૂચિ, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૬નું ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૬નું ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

સને ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૮

ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા) વિધેયક, ૨૦૨૬

ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ વધુ સુધારવા બાબત વિધેયક

શ્રી સંજયસિંહ વિ. મહિડા (રાજ્યકક્ષાના મહેસૂલ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક –૧૮– સન ૨૦૨૬નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક –૧૮–સન ૨૦૨૬નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીની પૂર્વ સંધ્યાએ અમદાવાદનો કોટ વિસ્તાર કેવો લાગતો હતો, એની કલ્પના કવિતા સ્વરૂપે હું કહું તો ''ચંદન હૈ ઇસ દેશ કી મિટ્ટી, ચંદન હૈ જીસ દેશ કી મિટ્ટી, તપોભૂમિ હર ગામ હૈ, તપોભૂમિ હર ગામ હૈ, હર નારી દેવી કી પ્રતિમા, બચ્ચા બચ્ચા રામ હૈ''. પ્રાચીન ભારતમાં સિંધુ નદીના કિનારે હિન્દુકુશ પર્વતમાળાની એકબાજુ રહેતા આપણા પૂર્વજોને વિદેશીઓ હિન્દુ કહેતા. હિન્દુ કોઇ ધર્મ નથી પરંતુ એક જીવનપદ્ધતિ છે. જેમાં વિવિધ પરંપરાઓ, સંસ્કારો, તહેવારો અને માન્યતાઓનો સમાવેશ થાય છે. આજે પણ હિંદુ શબ્દ એક ભવ્ય, પ્રાચીન, વિશાળ, સાંસ્કૃતિક, ઐતિહાસિક અને આધ્યાત્મિક પરંપરાનું પ્રતિબિંબ છે. હજારો વર્ષોથી સભ્ય અને સનાતન ધર્મ પાળનાર આ લોકોએ ક્યારેક કોઇ મુલ્ક ઉપર આક્રમણ કર્યું નથી. પરંતુ હજારો વર્ષોથી આતાતાઇઓ, લૂંટારાઓ, ધર્માંત લોકોએ આપણી સંસ્કૃતિ ઉપર અનેક આક્રમણો કરેલા છે. ત્યારે આ સમાજે તેનો જોરદાર પ્રતિકાર કરેલ છે. આજથી સો વર્ષ પહેલાં સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબ જ્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રમુખ બન્યા ત્યારે અમદાવાદમાં જે આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક સમૃદ્ધિ હતી તેનું વર્ણન વર્તમાનપત્રોમાં હમણાં જ મારા દ્વારા વાંચવામાં આવ્યું. આવી રીતે સુખી જીવન જીવતા, સંત, પરોપકારી અને ધાર્મિક લોકોની બનેલી પોળમાં એક એવો પરિવાર આવીને વસ્યો જેમણે બકરાં કાપવાનું ચાલુ કર્યું. કપાયેલા ઢોરના મટનો જાહેરમાં લટકાવવાનું ચાલુ કર્યું. જેનાથી આ શાંત અને શિક્ષિત ધાર્મિક લોકોએ હિજરત કરવી પડી.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ દાણીલીમડા વિસ્તારની વાત કરું તો દાણીલીમડામાં વર્ષો પહેલાં જ્યાં હિન્દુઓ જ વસવાટ કરતા હતા તેવી સોસાયટીઓ જેવી કે શ્રીબાગ સોસાયટી, શ્રી દેવીપાર્ક સોસાયટી, રવિન્દ્ર પાર્ક સોસાયટી, રક્ષાપાર્ક સોસાયટી, જીવતનગર સોસાયટી, ગીતાભારતી સોસાયટી, ઇશ્વરપાર્ક સોસાયટી, ગંગા–જમુના સોસાયટી, કીર્તિકુંજ સોસાયટી, વિનયકુંજ સોસાયટી, નિર્ભયનગર સોસાયટી, વિદ્યાનંદજી સોસાયટી, સહજાનંદ સોસાયટી, વિષ્ણુબાગ સોસાયટી, પ્રભુનગર, પટેલવાસ, મુખી ફળિયું, ભરવાડ વાસ, મતાધાર ફળિયું, બાબર કાકાની ચાલી, તિરઘરદાસ વાસ, વણકર વાસ, ઠાકોર વાસ અને શક્તિ સોસાયટી–૧, ૨ અને ૩ હતી ત્યાં આજે સમ ખાવા પૂરતા હિન્દુઓ પણ રહ્યા નથી. સન ૧૮૫૬માં અંગ્રેજોએ એનફીલ રાઇફલમાં કરોડો હિન્દુઓની આસ્થારૂપ ૩૩ કરોડ દેવી–દેવતાઓનો વાસ છે એવી ગાયમાતાના ચામડાનો ઉપયોગ કર્યો તેવી વાત ધ્યાને આવતા મંગલ પાંડે જેવા અનેક યુવાનોએ તેના કારતૂસને મોઢે અડાડવવાનો ઇન્કાર કર્યો.

અંગ્રેજો સામે બળવો પોકારી શહાદત વ્હોરી હતી. એનાથી ૬૦૦ વર્ષ આગળ જઇએ તો મોહમ્મદ ઘોરીના સોમનાથના આક્રમણ વખતે શ્રી હમીરસિંહ ગોહિલ નામના યુવાને ભીલ લોકો સાથે મળીને નાનકડી ટૂકડી બનાવી હજારોના સૈન્ય સામે લડતા લડતા શહાદત વ્હોરી હતી. આ ઉદાહરણ એટલા માટે ટાંકું છું કે, સદીઓ પહેલાનાં હુમલા ફક્ત લૂંટફાટ ન હતી. પરંતુ વિશ્વની અત્યંત પ્રાચીન સર્વોત્તમ સંસ્કૃતિને નષ્ટ કરવાનો નાપાક ઇરાદો હતો. આજે બહુમતિ વસતિ ધરાવતો જે સમાજ છે કે જેણે પોતાના ધર્મ માટે સર્વસ્વનો ત્યાગ કરીને બલિદાન આપ્યા હોય. એ લોકોએ પોતાના ધર્મ અને સંસ્કૃતિ માટે પોતાની વ્હાલસોઇ ભૂમિ છોડીને અન્યત્ર સ્થળાંતર કરવા માંડ્યા. હજારો વર્ષોથી આતાતાઇઓના ત્રાસથી લેન્ડ જેહાદથી, લવ

* વિધેયક તા.૧૮મી માર્ચ, ૨૦૨૬ના ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

જેહાદથી બચવા પોતાના સનાતન ધર્મના ભવ્ય વારસાને પોતાની આવનાર પેઢીઓમાં અકબંધ રાખવા બહુમતિ સમાજ હિજરત કરતો રહ્યો. સિંધથી, બંગાળથી, પંજાબથી કે કાશ્મીરથી આ હિજરતના પ્રવાહને જો કોઈએ અટકાવ્યો હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે અટકાવ્યો છે. અશાંત ધારો એ કોઈ શબ્દ નથી. પરંતુ સમાજમાં ઊભી થતી અશાંતિ, અસંતુલન એ કાયદો અને વ્યવસ્થા માટેનો પડકાર છે. જ્યારે જ્યારે સમાજમાં સંવાદનો અભાવ પેદા થાય છે, વિશ્વાસનો અભાવ પેદા થાય છે, અશાંત પરિસ્થિતિઓ ઊભી થાય છે ત્યારે આ કાયદાની જરૂરિયાત જણાય છે. અશાંતધારાની પરિસ્થિતિ થોડા દિવસોમાં ઊભી નથી થતી પણ અનેક વર્ષો બાદ ઊભી થતી પરિસ્થિતિ છે. તેની હાલના અધિનિયમની સમીક્ષા કરીએ અને હાલની જોગવાઈઓમાં વધુ અસરકારકતા લાવે, સ્થાવર મિલકતની બળજબરીપૂર્વક તબદીલીઓ રોકી શકાય. માથાભારે વ્યક્તિઓ દ્વારા નિર્દોષ લોકોની મિલકત ઉપર ગેરકાયદેસર રીતે કબજો મેળવવાની પ્રવૃત્તિઓ અટકાવી શકાય તેવા ઉમદા હેતુથી આ અધિનિયમની હાલની જોગવાઈઓમાં સુધારો સૂચવતું બિલ ગૃહ સમક્ષ વિચારણા અર્થે હું રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આજે આ સન્માનનીય ગૃહ સમક્ષ જે બિલ લઈને આવ્યો છું તેની મુખ્ય જોગવાઈઓ હું આ ગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું. પ્રસ્તુત બિલમાં બે નવી વ્યાખ્યાઓ ઉમેરવામાં આવી છે. પહેલી વ્યાખ્યા દેખરેખ અને સલાહકાર સમિતિ, કલમ–૨ (બી.બી.)ની નવી જોગવાઈ દાખલ કરવામાં આવી છે. આ જોગવાઈથી દેખરેખ સલાહકાર સમિતિની વ્યાખ્યા કરવામાં આવી છે. આ દેખરેખ અને સલાહકાર સમિતિ એ કલમ–૧૬માં જણાવ્યા મુજબની રહેશે. બીજી વ્યાખ્યા નારાજ થયેલી વ્યક્તિ, કલમ–૨(૩)(બી)ની નવી જોગવાઈ દાખલ કરવામાં આવી છે. હું આપના માધ્યમથી આ ગૃહના ધ્યાને એ બાબત મૂકવા માગું છું કે અગાઉ જ્યારે પ્રસ્તુત કાયદામાં નારાજ વ્યક્તિની વ્યાખ્યા કરવામાં આવેલ ત્યારે આ વ્યાખ્યા માત્ર મિલકત લેનાર કે મિલકત વેચનાર પૂરતી સીમિત રહેતી હતી. પરંતુ હવે આ વ્યાખ્યાના વ્યાપમાં વધારો કરી આ કાયદાની જોગવાઈ વધુ અસરકારક રહે અને પ્રજાલક્ષી બનાવવાના ભાગરૂપે નારાજ થયેલ વ્યક્તિ એટલે કે જે સ્થાવર મિલકતની તબદિલી થતી હોય તે મિલકતના લેનાર અને વેચનાર જ નહીં પરંતુ આ કાયદાથી જાહેર થયેલ નિર્દિષ્ટ વિસ્તારમાં રહેતી કોઈપણ વ્યક્તિનો સમાવેશ આ નવી જોગવાઈથી દાખલ કરવામાં આવેલ છે. મારે આ સભાગૃહને પૂછવું છે કે સમાજ એટલે શું? સોસાયટી એટલે શું? સોસાયટી કે સમાજ કોઈ એક કે બે વ્યક્તિનો બનેલ નથી હોતો. પરંતુ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં એક સાથે સંપીને, હળીમળીને સુખરૂપ રહેવાની ઈચ્છા ધરાવતા વ્યક્તિઓનો એક સમુદાય. આમ, નારાજ થયેલ વ્યક્તિની વ્યાખ્યાનો વ્યાપ સદરહુ કલમથી જે વધારવામાં આવ્યો છે તે આજના સમયની માંગ સાથે પ્રસ્તુત છે. આ સુધારા બિલની કલમ–૩માં જણાવ્યા મુજબ રાજ્ય સરકારને જ્યારે અભિપ્રાય થાય કે હુલ્લડના કારણે કે ટોળાની હિંસાને કારણે જાહેર વ્યવસ્થાને નોંધપાત્ર મુદત સુધી ભૂતકાળમાં ખલેલ પહોંચી હતી અથવા રાજ્યનો કોઈ વિસ્તાર આવા વિસ્તારમાં રહેતા સમુદાય વચ્ચેની કોમી તંગદિલીના કારણે જાહેર વ્યવસ્થામાં ખલેલ પહોંચાડવા માટે સંવેદનશીલ બની ગયો છે અથવા તેમ થવાની શક્યતા છે અને આમ થવાથી આવા વિસ્તારમાં રહેતી વ્યક્તિઓને તેમની ઈચ્છા વિરુદ્ધ સ્થળાંતર કરવું પડે તેવી પરિસ્થિતિ ઊભી થાય છે ત્યારે રાજ્ય સરકાર જાહેરનામું બહાર પાડી આવા વિસ્તારને નોંધપાત્ર મુદત માટે નિર્દિષ્ટ વિસ્તાર જાહેર કરી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જાણીએ છીએ કે, ''Prevention is better than cure'', આ કહેવતને સાકાર કરવા આ બિલની જોગવાઈમાં જણાવ્યા મુજબ રાજ્યની જાહેર વ્યવસ્થામાં ખલેલ પહોંચવાની શક્યતા પણ જણાય તથા આવી તંગદિલીના કારણે આવા વિસ્તારોમાં રહેતી વ્યક્તિઓને અનિચ્છિત સ્થળાંતર કરવાની ફરજ પડે નહીં તેવા પૂર્વઆયોજનના ભાગરૂપે તેમજ આવી પરિસ્થિતિને પહોંચીવળવા ''સંકટ પહેલા પાળ બાંધવાની '' રાજ્ય સરકારની દૃઢ ઈચ્છાશક્તિના પરિણામ સ્વરૂપે આ કાયદા હેઠળ સૂચવેલ દેખરેખ અને સલાહકાર સમિતિને જરૂર જણાય તો તે રાજ્ય સરકારને એ નિર્દિષ્ટ વિસ્તાર જાહેર કરવાની ભલામણ કરશે. આ હેતુ માટે વધુ ચોક્કસાઈપૂર્વક જરૂરી તપાસ જણાઈ હોય તેવી તમામ તપાસ પૂર્ણ કરીને ખાસ તપાસ ટીમ એ દેખરેખ અને સલાહકાર સમિતિને તેમજ રાજ્ય સરકારને આ બાબતે નિર્ણય લેવા સારું સલાહ આપશે. ખાસ તપાસ ટીમ તથા મોનિટરિંગ કમિટી દ્વારા આ બાબતે થયેલ અભ્યાસ અને તારણ ધ્યાને લઈ તે મુજબ પરિપક્વતાપૂર્ણ નિર્ણય રાજ્ય સરકાર લઈ શકે તેવી જોગવાઈ સૂચવેલ છે. કલમ–૩થી જાહેર થયેલ નિર્દિષ્ટ વિસ્તારમાં રહેતી વ્યક્તિ પોતાની સ્થાવર મિલકતની તબદીલી માટે કલેક્ટરશ્રીને પૂર્વમંજૂરીની અરજી કરે ત્યારે કલેક્ટરશ્રી દ્વારા થનાર કાર્ય પદ્ધતિથી જોગવાઈ સુધારા બિલની કલમ–૫(ખ)માં આ દર્શાવી શકે છે. નિર્દિષ્ટ વિસ્તાર જાહેર થયેલ વિસ્તારમાં સ્થાવર મિલકતની તબદીલી કરનાર ઈચ્છનાર વ્યક્તિએ કલેકટરશ્રી સમક્ષ અરજી કરવાની રહેશે. કલેક્ટર આ મુજબની અરજી પોતાને મળેથી આવી અરજીની ઔપચારિક તપાસ હાથ ધરશે. ત્યારબાદ કોઈ પણ નારાજ વ્યક્તિની અરજીની સુનાવણી હાથ ધરશે અને તેને રજૂઆત કરવાની વાજબી તક આપવાની પોતાની સમક્ષ રજૂ કરેલ પુરાવાને ધ્યાને લઈને કલેક્ટર વિવિધ બાબતો ચકાસશે. જેવી કે સ્થાવર મિલકતની તબદીલી થઈ શકે છે તે મિલકતની બોલીઓ અને શરતો નિયમ મુજબ છે કે કેમ? તબદીલી કરનાર કે તબદીલી લેનાર વ્યક્તિની મુક્ત સંમતિ છે કે કેમ? જે સ્થાવર મિલકતની તબદીલી થવા જઈ રહી છે તે મિલકતનું વાજબી અવેજ રકમ નક્કી થયેલ છે કે કેમ? અને આવી સ્થાવર મિલકત જે વિસ્તારમાં આવે તે વિસ્તારમાં વસતા સમુદાયો વચ્ચે કોમી તંગદીલીને કારણે જાહેર વ્યવસ્થાનો ભંગ થવાની કોઈપણ સંભાવના છે કે કેમ? તે તમામ બાબતો ચકાસીને આવી સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થયેથી કલેક્ટર સંજોગો, પરિસ્થિતિ અને પુરાવાને ધ્યાને લઈને અરજદારની અરજી નામંજૂર

કરી શકે છે અથવા લેખિત હુકમ કરીને અરજદારની અરજી મંજૂર કરીને સ્થાવર મિલકતની સૂચિત તબદીલીને પૂર્વમંજૂરી આપતો હુકમ કરશે. આ બિલની આગળ વાત કરતા હું સન્માનનીય ગૃહને આ બિલના માધ્યમથી જણાવવા માગું છું કે ઘણી વખત સ્થાવર મિલકતની તબદીલી રદબાતલ થવાનો સંજોગ થાય છે ત્યારે આ કાયદાની કલમ–૩ હેઠળ જે તારીખ નિર્દિષ્ટ વિસ્તાર જાહેર થયેલ હોય તે તારીખથી ૬ મહિનાની મુદતમાં તબદીલી માટે મેળવેલ કોઇપણ અવેજ તબદીલી લેનારને સમજૂતી માટે વેચાણ લેનાર કે તેના વતી કબજો લીધો હોય તેવી કોઇ વ્યકિત, એજન્ટને પાછો આપવાની જોગવાઇ સૂચવેલ છે. જે રીતે સ્થાવર મિલકતની તબદીલી મેળવનારને પણ મિલકતનો કબજો મૂળ માલિકને પરત કરવાની જોગવાઇ છે. એટલે કે જ્યારે આવા વિસ્તારની મિલકતોનો સોદો આ કાયદામાં સૂચવેલ કોઇ કલમથી રદ કરવામાં આવે ત્યારે આવી મિલકતો મૂળ સ્થિતિ પર આવશે. વધુમાં આજ વાતને વધુ વાસ્તવિક રીતે અમલી બનાવવા તથા વધુ ચોક્કસાઇથી કાયદાનો હેતુ બર લાવી શકાય તે માટે આ કાયદાની કલમ–૫(એ)૫ માં સુધારો સૂચવી એવી જોગવાઇઓ દાખલ કરવામાં આવી છે કે જો કોઇ પણ સંજોગોમાં આવી મિલકતોનો કબજો પરત લેવામાં તબદીલી કરનાર નિષ્ફળ જાય કે ચૂક કરે તો કલેક્ટર આપમેળે અથવા આવા નિર્દિષ્ટ વિસ્તારમાં રહેતી નારાજ થયેલ કોઇ પણ વ્યકિતની અરજીના આધારે કામચલાઉ રીતે આવી મિલકત પોતાના કબજામાં લઇ શકે તેવી જોગવાઇ પણ દાખલ કરવામાં આવેલ છે. આ જોગવાઇ દાખલ થવાથી કોઇ માથાભારે વ્યકિત દ્વારા થતી બળજબરીપૂર્વક થતી તબદીલીઓ ઉપર અંકુશ આવશે અને કલેકટરશ્રીને વધુ ચોક્કસ સત્તા મળતી હોય આવી અનૈચ્છિક સ્થળાંતર થતી મિલકતોના પ્રસંગોને ટાળી શકાશે. માનનીય અધ્યક્ષશ્રી, નિર્દિષ્ટ વિસ્તારમાં જાહેર કરાયેલા સંજોગો ઊભા થતા જણાય ત્યારે આવી બાબતના અભ્યાસ માટેની દેખરેખ અનેક સલાહકાર સમિતિ કે જેનો મેં અગાઉ ઉલ્લેખ કર્યો છે તે સમિતિ એક અધ્યક્ષ અને અન્ય બીજા સરકારી સભ્યોની બનેલી રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ–૧૬(એ)(૨)ના અને કલમ–૧૬(એ)(૩)ના, કલમ–૧૬(સી)(૨)ના દેખરેખ અને સલાહકાર સમિતિની તેમજ ખાસ તપાસ ટીમની જવાબદારી અને તે કઇ રીતે કાર્ય કરશે તેની કાર્યપદ્ધતિ સૂચવવામાં આવેલ છે. આ દેખરેખ અને સલાહકાર સમિતિ ખાસ તપાસ ટીમ દ્વારા થયેલ કાર્યવાહી અને આપેલ માહિતી અને વિસ્તારની વાસ્તવિક પરિસ્થિતિઓનો અભ્યાસ કરી રાજય સરકારને નિર્દિષ્ટ વિસ્તાર જાહેર કરવાની સલાહ આપશે પરંતુ આવી સલાહ પૂર્વે સમિતિ આ હેતુ માટે વધુ ચોકસાઇપૂર્વક અને જરૂરી તપાસ જણાય હોય તેવી તમામ તપાસ પૂર્ણ કરીને ખાસ તપાસ ટીમ દ્વારા થયેલ કાર્યવાહી અને તારણો ધ્યાને લેશે અને એ દેરખેર અને સલાહકાર સમિતિને તેમજ રાજય સરકારને આ બાબતે નિર્ણય લેવા સારું સલાહ આપશે. ખાસ તપાસ ટીમ તથા મોનિટરિંગ કમિટી દ્વારા આ બાબતે થયેલ અભ્યાસ અને તારણ ધ્યાને લઇ તે મુજબ પરિપકવતાપૂર્ણ નિર્ણય રાજય સરકાર લઇ શકે તેવી જોગવાઇ સૂચવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે, આ સમિતિ માત્ર એક વ્યવસ્થા નથી પણ તે સરકાર અને સમાજ વચ્ચે વિશ્વાસનો સેતુ છે. આ સમિતિથી નિર્ણય પ્રક્રિયામાં પારદર્શિતા આવશે. ગુજરાત રાજય હંમેશાં જન સુખાકારીની ભાવનાને વરેલુ છે. આ માટે જયારે જયારે કોઇ પણ નવા કાયદાઓ લાવવાની જરૂર પડી છે અથવા તો હયાત કાયદાઓમાં સુધારાની જરૂર પડી છે ત્યારે રાજય સરકારે હંમેશા તત્પરતા દાખવી છે. આ બિલ એ માત્ર સુધારા જોગવાઇ લઇને નથી આવ્યું પરંતુ રાજયના લોકોને જન સુખાકારી તથા સલામતીની સતત ચિંતા કરતા એવા આપણા લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબની દૃઢ ઇચ્છા શકિતનું આ એક વધુ ઉદાહરણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદમાં એક સમયે રિલીફ રોડ અને ગાંધી રોડ તે અમદાવાદની શાન હતી પણ ત્યાં કોઇકની નજર લાગી અને વારંવાર કર્ફ્યુ અને તોફાનો થવાં લાગ્યાં. ભગવાન જગન્નાથની રથયાત્રા પર કાંકરીચાળો કરવાના પ્રયાસો થયા. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે તેને રોકયા છે અને શાંતિ સલામતી જાળવવા મુખ્ય પરિબળ કાયદો વ્યવસ્થાને સુદૃઢ કરવા આ સરકારે વિવિધ કામો કર્યાં છે. તે પ્રમાણે આજે આ કાયદામાં સુધારો કરવા જઇ રહ્યા છે. આ બિલના માધ્યમથી જયાં જયાં ડિસ્ટર્બન્સ એરિયા, અશાંત વિસ્તારનો શબ્દ પ્રયોગ થયેલ છે ત્યાં તે સ્પેશિફાઇડ એરિયા, નિર્દિષ્ટ વિસ્તાર શબ્દ સુધારેલ છે અને અહીં શબ્દ બદલવાની વાત નથી પણ સકારાત્મક વિચારધારા અમલી બનાવવાની વાત છે. ગુજરાત રાજયમાં આ નિર્દિષ્ટ વિસ્તારમાં કાયદો કે જે ૧૯૯૧થી અમલી છે અને તેમાં વખતોવખત જરૂર જણાય ત્યારે વર્ષ–૨૦૨૦માં સુધારો દાખલ થયેલ છે અને તેની અસરકારક જોગવાઇઓના લીધે આજે ગુજરાત રાજયમાં શાંતિ પ્રવર્તી રહી છે. કોઇ પણ અરાજકતત્ત્વ કોઇ પણ સામાન્ય માનવીને તેની ઇચ્છા વિરુદ્ધ તેની મિલકતની બળજબરીપૂર્વક તબદીલી કરાવી શકતું નથી અને પોતે અને પોતાની આવનારી પેઢી માટે પોતાની મિલકતોનો યથાયોગ્ય રીતે સુખ શાંતિપૂર્વકનો ઉપયોગ કરી શકે તે માટે આ રાજય સરકાર પ્રયત્નશીલ છે. નિર્દિષ્ટ વિસ્તાર જાહેર કરવાની પ્રક્રિયાને ખાસ તપાસ ટીમ અને મોનિટરિંગ ટીમ દ્વારા અને તેમના સલાહ સૂચન દ્વારા મળેલા અભિપ્રાયને ધ્યાને લઇ વધુ અસરકારક રીતે અમલીકરણ કરવા આ બિલમાં સુધારો સૂચવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલની જોગવાઇઓ તે માત્ર શબ્દ નથી પરંતુ સરકાર પ્રત્યે પ્રજાના વિશ્વાસની સુગંધ બેસેલી છે. સલામતીના છાંયડાનું પ્રજાને આપેલુ નિર્ભય વચન છે તથા ન્યાય થકી વિશ્વાસ અને વિશ્વાસ દ્વારા વિકાસ એ જ રાજય સરકારનું લક્ષ્ય છે. મને ખાતરી છે કે આ સભાગૃહના તમામ સભ્યો આ બિલની સુધારા જોગવાઇને આવકારશે અને

ગુજરાતની પ્રજાને સુખાકારી અને સલામતી માટે અસરકારકતા પ્રદાન કરનાર આ બિલને પોતાનું સમર્થન આપશે. જય જય ગરવી ગુજરાત, ભારત માતાકી જય, વંદે માતરમ્.

શ્રી અમિત શાહ(એલીસબ્રીજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ગુજરાત અશાંત વિસ્તારમાંના સ્થાવર મિલકતની તબદીલી ઉપર પ્રતિબંધ મૂકવા અને એ વિસ્તારના ભાડૂઆતોને ખાલી કરવાના રક્ષણ આપવાની જોગવાઇ કરવા બાબતના અધિનિયમ–૧૯૯૧ અને સુધારા અધિનિયમ–૨૦૨૦માં સુધારા કરવા બાબતમાં જે બિલ મૂકયું છે તેના સમર્થનમાં હું બોલવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ અશાંત ધારો લાવવાની જરૂર કેમ પડી? મૂળમાં જવાની વાત કરું છું. મારો જન્મ ગુજરાતના સૌથી સંવેદનશીલ વિસ્તાર કાલુપુરમાં થયો હતો, હજું પણ ત્યાં મારું ઘર છે અને સન ૧૯૮૫માં અનામત વિરોધી તોફાનો થયાં હતાં. આ અનામત વિરોધી તોફાનોમાં પ્રજાનું ધ્યાન ડાયવર્ટ કરવા માટે સત્તાધારી પક્ષના લોકોએ પોતાના ભાડૂતી ગુંડાઓને હિન્દુઓ ઉપર છૂટા મૂકયા અને સન ૧૯૮૫નાં હુલ્લડો શરૂ થયાં. ડબગરવાડના એક બંધ મકાનમાં સાત ડબગરોને બહારથી દરવાજો બંધ કરીને જીવતા જલાવ્યા હતા. અત્યારે તમે કોઈ પણ chat gtpમાં જોઈ શકો. કાલુપુર, દરિયાપુર, કોટ વિસ્તારમાંથી હિન્દુઓને ભગાડવાનું ષડયંત્ર થયું, ચારે બાજુ હોબાળો થયો સન ૧૯૮૯માં પહેલો અશાંતધારો લાવ્યો. સન ૧૯૯૧માં કોંગ્રેસે ફરીથી એમાં સુધારો કર્યો. આ ગાળામાં આ અધિનિયમ એટલા માટે લાવેલા કે એ ગાળામાં એક બીજાની મિલકત પડાવી લેવાની જે વાત થતી હતી એ મિલકત પડાવી ના શકે. આ એક બિલ નથી, સુધારો નથી પણ સમાજમાં શાંતિ, વિશ્વાસ અને વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાનો એક મહત્ત્વપૂર્ણ પ્રયાસ છે. અત્યારે ઈરાન અમેરિકાનું વોર ચાલે છે. એક જમાનામાં આ ઈરાન આખું પારસીઓનું હતું. દસ હજાર લોકો આવ્યા, ઈરાનમાં એકેય પારસી ના રહ્યો. કાશ્મીરનો દાખલો આપણી નજર સમક્ષ છે અને આવું ના થાય, અમદાવાદના નાગરિકો પોતાના ઘરે સલામત રહે એના માટેનો આ સુધારો છે. એને આપણે સમર્થન આપીએ, હું આપને કહું કે હમણાંજ હોળીના દિવસોમાં દિલ્હીમાં ઉત્તમનગરમાં એક નાની અગિયાર વર્ષની દીકરીએ કોઇકની ઉપર કુગ્ગો નાખ્યો અને એમાં એના કાકાને મારી નાખ્યા, કેમ? એ લોકો લઘુમતીમાં હતા. અશાંતધારો જરૂરી શા માટે છે એની ભૂતકાળની વાત કરું તો જમાલપુરમાં ૨૪ પોળો એવી છે કે જેમાં સો ટકા હિન્દુઓ રહતા હતા. અત્યારે સમ ખાવા એક હિન્દુ નથી. બાવાજીની પોળ, ગુંદરીયા પોળ, બેચરપુરાની ખડકી, જય અંબે પોળ, ત્રણ પોળ, મહાદેવનું મંદિર, કાકાનું ડહેલું, અડદીયા પોળની ખડકી, મોટી પોળ, રાધાકૃષ્ણનું મંદિર જે અત્યારે ખંડેર હાલતમાં ત્યાં છે, બ્રાહ્મણ પોળ, છ ઘરની ખડકી, રોજા પોળ, મરચી પોળ, કડિયા શેરી, જગન્નાથ મંદિરનું રામજી મંદિર હજી ત્યાં છે. કુંભારવાડ, બ્રાહ્મણ વસતિ, ભૂંગળીની પોળ, ગાજીનું ઘાબું જ્યાં હીંગળાજ માતાનું મંદિર હતું. પગથિયાં પાસે ખાણની શેરી, રુપાલાની પોળ, ભોયવાડ પોળ, જમાલપુર ચકલા વિસ્તાર, દુઃખની વાત એ છે કે ટોકરશાની પોળમાં મારા જૈન સમાજનું ૩૫૦ વર્ષ જૂનું મંદિર અમારે લોકોએ શિફ્ટ કરવું પડયું અને અત્યારે સેટેલાઇટ વિસ્તારમાં પ્રેરણાતીર્થ દેરાસર તરીકે જે પ્રખ્યાત છે એ ટોકરશાની પોળમાં બધી જ મૂર્તિઓ અમે ત્યાં શિફ્ટ કરી. અંબાજી મંદિર નવા વાસમાં નરોત્તમ ઝવેરી હોલ પાસે હતું તે કોર્પોરેશનના કંટ્રોલ હોલ પાસે મંદિર શિફ્ટ કરવામાં આવ્યું. પુષ્પનાથ મહાદેવમાં એની પ્રતિષ્ઠા કરવામાં આવી. દુઃખની વાત છે કે વર્ષો જૂનું ત્રિકમલાલજીનું મંદિર અબ્દુલ લતીફ અબ્દુલ વહાબ શેખના દીકરા મુસ્તુફાએ ખરીદી લીધું. હું આદરણીય મુખ્યમંત્રીશ્રી પાસે અને માનનીય હર્ષભાઇ પાસે ગયો. શ્રી હર્ષભાઇએ પોલીસ કમિશનરને ફોન કર્યો. પોલીસ કમિશનરે પગલાં લીધાં અને પછી હાઇકોર્ટના આદેશ થકી ગાયકવાડ પોલીસ સ્ટેશન પાસે એનો કબજો થયો. અમારે મંદિરો પણ શિફ્ટ કરવા પડ્યાં છે. પૌરાણિક છબીલા હનુમાનની જગ્યાએ એક જમાનાના ડોન સરદાર ખાનના બંગલા બની ગયા. ઐતિહાસિક વાવ પૂરી દેવામાં આવી. દાણીલીમડા વિસ્તારમાં ૨૬ સોસાયટીઓ છે. મારો પરમ મિત્ર નયન દેસાઇ ત્યાં રહેતો હતો. અત્યારે ગુજરી ગયો છે. ત્યાં શકિત સોસાયટી–૧, ૨ અને ૩ એમ ત્રણ સોસાયટી હતી. ત્યાં એક પણ શકિતની પૂજા કરનારો ભક્ત નથી. દાણીલીમડા વિસ્તારમાં મંદિરની ઉપર ફ્લેટ બનાવી દેવામાં આવ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ હમણાં જ એમાં તપાસના ઓર્ડર આપ્યા છે. સર્વદેવનું મંદિર, સ્વામિનારાયણ મંદિર અને ધર્મશાળા આ બધું જ ખતમ થઇ ગયું. દાણીલીમડા ગામનું પાટીદાર સમાજનું મંદિર મારા ઘર પાસે શિફ્ટ કરવામાં આવ્યું છે. ચંડોળા તળાવના નાકે એક એમ.પી. પટેલ સ્કૂલ હતી. ત્યાં ઝારા રેસિડેન્શિયલ નામની એક સ્કિમ અત્યારે ઊભી કરવામાં આવી છે. કાલુપુરમાં મારો જન્મ થયો છે અને ત્યાં હજી મારું ઘર છે. વર્ષ ૧૯૮૫ના રાયોટ પછીની વાત કરું તો કાલુપુરમાં ભોઇવાડાની પોળ, ડોસલા દાદાનું મંદિર જે ૪૦૦ વર્ષ જૂનું છે. અત્યારે એ આખી પોળમાં એક પણ હિન્દુ નથી રહેતો. બકરા ઇદના દિવસે મને એક વ્યક્તિએ બોલાવીને કહ્યું કે ''તું આવીને, જો, ડોસલા દાદાના મંદિર ઉપર કુર્બાની અપાય છે.'' આપણી આ દશા છે. આ મંદિર શિફ્ટ કરવામાં આવ્યું છે. શેખ હિરજીની પોળ, બંધારાનો ખાંચો, છેવાડાની પોળ, કુંભાર ગલી, હજીરાની પોળ, ધૂપેલવાળી પોળ, માળીની ખડકી, લીસાની ખડકી, પીપળાવાળી પોળ, વાણિયા શેરી, માતા વાળી પોળ, કાલુપુર ટાવરના મકાનો, જીવણ પોળ, ભૂદર મિસ્ત્રીનો ખાંચો, કાલુપુર પાંચ પટ્ટી, પાંચ ભાઇની ખડકી, જતીન શાહની પોળ, પટેલની પોળ, દરિયાપુર તંબૂ ચોકી, દબગરવાડ રોડ આ બધી જ જગ્યાએ એક જમાનામાં હિન્દુઓ રહેતા હતા. બધા હિન્દુઓ ત્યાંથી જવા માટે મજબુર થઇ ગયા. શાહપુરમાં ટોરેન્ટ પાવરનો વિસ્તાર, મહેસાણિયા વાસ, રંગીલા પોળ, મોટી રંગીલા પોળ, નંદનવન સોસાયટી, મિલ્ક સોસાયટી, વનમાળી વાંકાની

પોળનો આગળનો ભાગ, કામા હોટલ પાસે માકુભાઇ શેખનાં છાપરાં હતાં. આ છાપરાં હટી ગયાં અને ત્યાં બાગબાન નામની સ્કિમ ચાલે છે. એના માટે અમારા ધારાસભ્યશ્રી કૌશિકભાઇ કોર્ટમાં ગયા છે અને સ્ટે લાવ્યા છે. અવંતિકા પાર્ક અને સરદાર કુંજની આખી સોસાયટી ટેકઓવર કરવામાં આવી. ધારાસભ્યશ્રીએ પહેલાં એક-એક મકાન લઇ રાખ્યા અને એમણે સોસાયટી વેચવા સામે વિરોધ કર્યો. એના માટે હું શ્રી કૌશિકભાઇને અભિનંદન આપું છું. આસોપાલવ ફ્લેટ ઉપર એમની નજર છે. હું ધારાસભ્ય થયો એ પહેલાં મારા પાલડી વિસ્તારમાં પણ ૧૦૦ સોસાયટીઓમાં પણ લઘુમતી સમાજના લોકો આવી ગયા છે જ્યાં એક જમાનામાં જૈનો અને બ્રાહ્મણોની વસતી હતી. હું કોઇ ઉપર આક્ષેપ કરતો નથી. પ્રભુપાર્ક સોસાયટી, રાજનગર સોસાયટી, ચિત્રકૂટ, સરિતાકુંજ, લક્ષ્મીકુંજ, કાશ્મીરા સોસાયટી, ટાગોર ફ્લેટ, વિશ્વકુંજ સોસાયટી, વર્ષા ફ્લેટ, ઇલાઇટ ફ્લેટ, મેવાવાલા ફ્લેટ, ડિલાઇટ ફ્લેટ, ગાંધીપુલથી કૉંગ્રેસ ભવન સુધીનો વિસ્તાર, કૈલાસ નગરના ફ્લેટ, ભગવાન નગરના ટેકરાના વિસ્તાર અને કાગદીવાડ, હું માનનીય મુખ્યમંત્રીનો ફરીથી આભાર માનું છું કે મારા વિસ્તારમાં નૂતન સર્વોદય સોસાયટી ૯ બંગલાની સોસાયટી એક મુસ્લિમ આગેવાને ખરીદી. મેં માનનીય મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરી કે, આ લોકોનો પ્લાન કૉંગ્રેસ ભવનથી પાલડી ચાર રસ્તા સુધીનો આખો વિસ્તાર ટેક ઓવર કરવાનો છે, મને મદદ કરો. આદરણીય મુખ્યમંત્રીશ્રીએ કલેક્ટરને હુકમ કર્યો અને તે બંગલા છ મહિનામાં રીવર્સ કરવાનો કલેક્ટરે ઓર્ડર કર્યો છે. હું આદરણીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નવું બિલ સ્પષ્ટ કરે છે કે, વિકાસ એ માત્ર ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો પ્રશ્ન નથી. તે સામાજિક વિશ્વાસ, સુરક્ષા અને સહઅસ્તિત્વનો પણ છે. આ સુધારા બિલ ગુજરાતના ભવિષ્ય માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ગુજરાત હંમેશા વ્યાપાર, વિકાસ અને સામાજિકતાના માર્ગે આગળ વધ્યું છે. આપણી સૌથી મોટી શક્તિ લોકો વચ્ચેનો વિશ્વાસ અને શાંતિ છે પરંતુ કેટલીક પરિસ્થિતિઓનો અસામાજિક તત્ત્વો દ્વારા તંગદિલી ઊભી થાય છે ત્યારે સામાન્ય નાગરિકને વેઠવું પડે છે. આ સુધારા બિલનો હેતુ સ્પષ્ટ છે કે, કોઇપણ નાગરિકને ભય, દબાણ અથવા લાલચથી પોતાના નિવાસ અથવા મિલકત અંગે નિર્ણય લેવા મજબૂર ન કરવામાં આવે. દરેકને સુરક્ષા અને સ્વતંત્રતા સાથે જીવવાનો અધિકાર છે. આ બિલમાં મહત્ત્વપૂર્ણ સુધારો એ છે કે અશાંત વિસ્તારના બદલે નિર્દિષ્ટ વિસ્તાર શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે વધુ સંતુલિત, જવાબદાર અને પરિસ્થિતિને અનુરૂપ અભિગમ દાખવે છે. આ પરિવર્તન સરકારની વિચારસરણી દર્શાવે છે કે, આપણે આ સમસ્યાને ઉકેલવા સકારાત્મક અભિગમ અપનાવવો જોઇએ. આ બિલ પરિવર્તનને વધુ મજબૂત બનાવે છે. આ ઉપરાંત આ બિલમાં પૂર્વ મંજૂરીની પ્રણાલી ઉમેરવામાં આવી છે. જેથી કોઇ પણ મિલકત સબંધિ વ્યવહારમાં પારદર્શિતા જળવાઇ રહેશે. કલેક્ટરની ભૂમિકા અહીંયા ખૂબ મહત્ત્વપૂર્ણ છે. તેઓ ખાતરી કરીને કહેશે કે સોદો ન્યાયપૂર્ણ છે કે નિયમ મુજબ છે. આ બિલનું એક મહત્ત્વનું પાસું એ પણ છે કે ન્યાય અને સંતુલન જાળવવાની સંપૂર્ણ કાળજી લેવામાં આવી રહી છે. જો કોઇ સોદો રદ થાય તો બંને પક્ષોને તેની મૂળ સ્થિતિમાં પરત લાવવામાં આવશે. જેથી કોઇપણ પક્ષને અન્યાય ન થાય. આવી આ જોગવાઇ દર્શાવે છે કે, સરકાર માત્ર કાયદો બનાવતી નથી પરંતુ ન્યાય સુનિશ્ચિત કરે છે. આ સાથે યોગ્ય તપાસની વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી ગેરકાયદેસર અથવા શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર રોક લગાવી શકાય. સાથે જ ન્યાયના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને અપીલની વ્યવસ્થા પણ આપવામાં આવી છે. જેથી કોઇપણ નિર્દોષ નાગરિકને અન્યાય ન થાય અને તેને યોગ્ય તક મળે. આ સુધારા દ્વારા ગેરરીતિઓ પર અસરકારક નિયંત્રણ આવશે. નાગરિકોનો વિશ્વાસ મજબૂત બનશે તેમજ કાયદો પારદર્શક અને ન્યાય સંગત બનશે. આ બિલ માત્ર વ્યવસ્થા માટે નથી, આ લોકોના જીવનમાં સુરક્ષા, વિશ્વાસ અને સ્થિરતા લાવવાનો સંકલ્પ છે. હું આ સન્માનનીય ગૃહના તમામ સભ્યોને વિનંતી કરું છું કે, તેઓ આ સુધારા બિલને સમર્થન આપે અને ગુજરાતને વધુ સુરક્ષિત અને સુમેળભર્યું રાજ્ય બનાવવા માટે સહયોગ આપે. અશાંતધારો એ કોઇને દબાવવા માટે નથી પરંતુ તે સમાજને તોડતા તત્ત્વોને રોકવા માટે છે. જ્યાં કાયદાનું માન રહે ત્યાં જ લોકશાહી અને સુરક્ષા ટકી શકે. ગૃહમાં બેઠેલાં દરેકનું એક જ ધ્યેય હોવું જોઇએ. શાંતિપૂર્ણ, સુરક્ષિત અને વિકાસશીલ ગુજરાત. ખૂબ ખૂબ આભાર. વંદે માતરમ્ .

શ્રી ઇમરાન ખેડાવાલા(જમાલપુર) : માનનીય અધ્યક્ષશ્રી,

जब कभी बोलना, वक्त पर बोलना,मुदतों सोचना और मुख्तसर बोलना।

વર્ષ ૨૦૨૬નું અશાંતધારા બિલ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. અશાંત વિસ્તારમાં સ્થાવર મિલકતોની તબદીલી ઉપર પ્રતિબંધ મૂકતો હાલનો કાયદો સન ૧૯૯૧માં ઘડવામાં આવ્યો હતો. તે પહેલાં વર્ષ ૧૯૮૬માં આવો જ કાયદો ઘડવામાં આવ્યો હતો પરંતુ તે કાયદો ફક્ત અમદાવાદ પૂરતો જ હતો અને એક ચોક્કસ સમય પૂરતો જ હતો. એટલે કે કોમી તોફાનો બંધ થઇ ગયાં, શાંતિ સ્થપાઇ ગઇ અને બંને કોમો વચ્ચે સહઅસ્તિત્વની પરિસ્થિતિ ઊભી થઇ ગઇ એટલે તરત જ આ કાયદાને થોડા સમય માટે સ્થિર મૂકવામાં આવ્યો અને આ કાયદાનો થોડા સમય માટે અમલ બંધ કરી દેવામાં આવ્યો. વર્ષ ૧૯૮૬ પછી થોડા તોફાનો થયાં, એટલે એવી રજૂઆતો થઇ કે અશાંત વિસ્તારોમાં મકાનો સસ્તા ભાવે પડાવી લેવામાં આવે છે. આવી રજૂઆતોને ધ્યાનમાં લઇને સરકારે વર્ષ ૧૯૯૧માં આ કાયદો પાછો ઘડ્યો. વર્ષ ૧૯૮૬માં આ કાયદો કર્યો ત્યારે ચોક્કસ સમય-મર્યાદા માટે આ કાયદો બનાવવામાં આવ્યો હતો પરંતુ વર્ષ ૧૯૯૧માં આ કાયદો કરવામાં આવ્યો ત્યારે કેટલીક સમયમર્યાદા માટે આ કાયદો અમલમાં રહેશે તે નક્કી કરવામાં આવ્યું ન હતું. પરંતુ, આ કાયદાની

દીર્ઘસંજ્ઞા છે એ વિધેયક ઉપર, "prohibited, temporarily, transfer of immovable properties in such areas". એ શબ્દો વાપરવામાં આવ્યા હતા. એનો મતલબ એ થાય છે કે, કાયદો કામચલાઉ હતો એટલે હંગામી ધોરણે હતો. એટલે થોડા સમય માટે જ આ કાયદો લાવવામાં આવ્યો હતો. કાયમી આ કાયદો લાવવામાં આવ્યો નથી. આ રીતે જોઈએ તો, વર્ષ ૧૯૯૧માં હંગામી એટલે કે ટેમ્પરરી ધોરણે કાયદો ઘડવામાં આવ્યો હતો. જે આજે વર્ષ ૨૦૨૬માં એટલે કે પૂરા ૩૫ વર્ષ થઇ ગયાં. ૩૫ વર્ષ થઇ ગયા હોવા છતાં પણ આજે આ કાયદો અમલમાં છે અને અમુક સંકુચિત માનસિકતા ધરાવતા લોકો, *(**xxx**)

ઉપાધ્યક્ષશ્રી : *(**xxx**) આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : આવા લોકોના કારણે .....

ઉપાધ્યક્ષશ્રી : ડિસ્ટર્બ ન કરશો. માનનીય ઇમરાનભાઇ, આ બંને શબ્દો મેં રેકર્ડ પરથી દૂર કર્યા છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આવી વિચારસરણીવાળા લોકોના કારણે લઘુમતી કોમના લોકો બહુમતી કોમના લોકો પાસેથી મકાનો ખરીદે છે અને જબરજસ્તી ખરીદે છે તેવી વાતો કરવામાં આવતી હતી. તે વિસ્તારમાં લઘુમતી કોમની વસ્તી વધી જશે એવો આ લોકોને ડર હતો કે હિન્દુના મકાનો....જૈન સમાજ પણ લઘુમતીમાં આવે છે.

ઉપાધ્યક્ષશ્રી : બેઠાં–બેઠાં કોમેન્ટ નહીં કરો.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પોતાના વકતવ્યમાં કહ્યું કે, આટલી સોસાયટીઓ દાણીલીમડા વિસ્તારમાંથી ખાલી થઇ ગઇ, જમાલપુરમાંથી શ્રી અમિતભાઇએ કહ્યું કે આટલા બધા મકાનો ખાલી થઇ ગયા...

ઉપાધ્યક્ષશ્રી : તમે એ બાજુ જોશો જ નહીં. મારી સામે જ જુઓ.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપની સામે જ જોઇને બોલું છું. હું એ કહેવા માગું છું કે જ્યારે માનનીય મંત્રીશ્રીએ પોતે આટલી બધી સોસાયટીઓનાં નામ બતાવ્યાં, શ્રી અમિતભાઇએ આટલી બધી પોળોનાં નામ બતાવ્યાં. હું એ કહેવા માગું છું કે અમદાવાદ શહેરમાં આ સોસાયટીઓ કે પોળો ખાલી થઇ ગઇ તો આ જે હિન્દુઓના મકાનો હતા, હિન્દુઓની સોસાયટી હતી. તો એ વિસ્તારમાં જે–તે પોલીસ સ્ટેશનમાં કોઇ હિન્દુ ભાઇએ ફરિયાદ તો પોલીસ સ્ટેશનમાં લખાવી હશે ને? કે અમારું મકાન આ મુસ્લિમે જબરજસ્તી પડાવી લીધું છે. કોઇ એફ.આઇ.આર.તો દાખલ થઇ હશે ને? (અંતરાય) આખા ગુજરાતમાં... ખાલી વાતો ના ચાલે. આ ગૃહમાં જે વાત છે એ સત્ય હોય છે.

ઉપાધ્યક્ષશ્રી : બેઠાં–બઠાં વાતો ન કરશો.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, કેટલી એફ.આઇ.આર. દાખલ થઇ કે કોઇ હિન્દુનું મકાન જબરજસ્તી કોઇ મુસ્લિમે પડાવી લીધું હોય એની આ સભાગૃહમાં મને માહિતી આપે. જે કોઇ સોસાયટી, પોળો કે ચાલીઓમાં મકાનો વેચાયા હશે એ બંનેની સમજૂતીથી વેચાયા હશે. એટલે અત્યારે એવી કોઇ પણ જાતની વાત કોર્ટ કે પોલીસ સ્ટેશનમાં એફ.આઇ.આર. દાખલ થઇ નથી. હાઉસમાં જે વાત કરે છે કે આટલા મકાનો ખાલી થઇ ગયા, આટલી સોસાયટીઓ ખાલી થઇ ગઇ. ભારતીય જનતા પાર્ટીના જે લોકો અત્યારે બૂમાબૂમ કરી રહ્યા છે એમને ડર છે કે અમારા જે મત છે અમારા મત ઓછા ન થઇ જાય એની ચિંતા કરી રહ્યા છે. આપ ચિંતા કરો છો એ વ્યાજબી હોય પરંતુ જે કોઇ લોકો રહે છે.....

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ , તમે ત્યાં જોશો જ નહીં.

(આ તબકકે સભ્યશ્રી અમિતભાઇ શાહ પોતાના સ્થાન પર ઊભા થઇ જતા.)(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : શ્રી અમિતભાઇ, આપ બેસો.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હવે તમે મારી ચિંતા ના કરો. હું કેટલા મતે ચૂંટાયો છું અને કેટલા મતે ચૂંટાવાનો છું. મારી વિધાનસભામાં આજે પણ ૬૦ ટકા મુસ્લિમ અને ૪૦ ટકા હિન્દુ રહે છે. મને ગર્વ છે કે ખાડીયા વિસ્તારમાંથી પણ મને હિન્દુ સમાજના મત મળે છે. એમને દુ:ખે છે. શ્રી અમિતભાઇને દુ:ખે છે. એમના વેવાઇ મારી સામે બે–બે વખત હારી ગયા એટલે એમને દુ:ખે છે. ખાડિયાની પ્રજા એક સારા વ્યકિત તરીકે મને મત આપતી હોય તો એમાં મારો કોઇ કસૂર નથી.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, બિલ ઉપર આવો. તમે કોઇનું નામ ના લો. તમે બિલ ઉપર વાત કરો.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, મને વચમાં ડિસ્ટર્બ કરવામાં આવે છે એટલે મારે કહેવું પડે છે. હું બિલ ઉપર જ વાત કરું છું. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની ૩૦ વર્ષથી સરકાર છે. આપણે કહીએ છીએ કે ગુજરાતમાં શાંતિ, સલામતિ અને સુરક્ષા છે. કર્ફ્યુ લાગતા નથી, તોફાનો થતાં નથી, હુલ્લડ થતાં નથી, એવી દરેક વખતે ધારાસભ્યશ્રી, મંત્રીશ્રી કે સરકારશ્રીના પ્રવકતા વાત કરતા હોય છે. હું પણ માનું છું કે ગુજરાતમાં ૩૦ વર્ષથી તોફાન થયાં નથી. શાંતિ છે, હુલ્લડ થયાં નથી તો અમુક નવા વિસ્તારોમાં અશાંતધારો કેમ લગાવવામાં આવે છે? એ સમયમાં ફકત અમદાવાદ પૂરતી જ અશાંતધારાની વાત હતી. આજે ગુજરાતના સમગ્ર જિલ્લાઓ, શહેરો અને નાના–નાના ગામડાંઓ અશાંત ધારાઓની વ્યાખ્યામાં આવી ગયા છે. આજે અશાંતધારા હેઠળ ૬૬૬ જેટલા નવા–નવા વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એ બતાવે છે કે આપણે ફકત વાતો

* આ શબ્દો અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કરીએ છીએ કે ગુજરાતમાં શાંતિ, સલામતી અને સુરક્ષા છે પરંતુ અત્યારે મને એવું લાગતું નથી કે શાંતિ, સલામતી અને સુરક્ષા હોય. નવા વિસ્તારોને તમે અશાંતધારામાં લાવો છો એટલે આપને કોઇકને કોઇ જગ્યાએ ડર છે કે આ પ્રમાણે જે થઇ રહ્યું છે...(વચ્ચે અટકાવતાં)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, આપ એક મિનિટ બેસો.

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હિન્દુ શાંતિથી જીવો અને જીવવા દોની ભાવનામાં માને છે એના કારણે મુખ્યમંત્રીશ્રીના વિસ્તારમાં ગોદરેજ સિટીની ૧૦૦ સોસાયટીઓએ માગણી કરી છે કે અમારા ત્યાં અશાંતધારો લાવો. અમારે શાંતિથી જીવવું છે. અમને જીવવા દો. જે લોકો જ્યાં રહેતા હોય ત્યાં રહેવા દો. અમારી બાજુ ના આવે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, કાયદો કાયદાનું કામ કરશે. માનનીય ઇમરાનભાઇ, તમે સીધી વાત કરો. આ આખી વાતમાં વ્યકિતની જગ્યા નથી. આ મિલકતનો વિષય છે. એટલે અશાંત શબ્દની જગ્યાએ આજે નિર્દિષ્ટ શબ્દપ્રયોગ થયો છે, એ સરસ અને વ્યવસ્થિત છે. વ્યકિતની શાંતિ છે જ ફક્ત મિલકતનું ડિસ્ટર્બન્સ આવે છે એના પૂરતી વાત છે. માનનીય કૌશિકભાઇ, આપ બેસો. (અંતરાય)

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, મને કાયદા ના બતાવો. મને કાયદા બતાવો છો. મને કહે છે કે કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય કૌશિકભાઇ, આપ બેસો. તમે ડિસ્ટર્બ નહીં કરો. માનનીય ઇમરાનભાઇ, આપ સીધું બિલ ઉપર પ્રવચન કરો.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, તમે લોકસભામાં માઇનસ છો. મારી લોકસભામાં અમે પ્લસમાં છીએ. હું મારી વાત કરું છું પણ મને ડિસ્ટર્બ કરવામાં આવે છે. સભ્યશ્રી મને ડિસ્ટર્બ કરતા હોય તો આપ મને રક્ષણ આપો છો.

ઉપાધ્યક્ષશ્રી : મેં આપને પહેલાં જ કહ્યું છે કે એ બાજુ જોઇને બોલશો નહીં કે એમનું નામ લેશો નહીં. સીધા આ બાજુ જોઇને વાત કરો. કોમેન્ટ કરશો નહીં. માનનીય ઇમરાનભાઇ, તમારે જવાબ આપવાની જરૂર નથી. તમે અહીંયા જોઇને વાત કરો. માનનીય સભ્યશ્રી, આપ બેસી જાઓ. (અંતરાય) આપ બેસો.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, **मैं अकेला हूं तो क्या हुआ। 182 पर भारी हुं मैं। आप मुझे दबाने की कोशिश न करो। मैं मेरी बात रखुंगा।** શ્રી અમિતભાઇએ જે પ્રમાણે કહ્યું કે શાંતિ, સલામતી જળવાઇ રહે અને દરેક લોકો પોતાની રીતે રહી શકે તેના માટેના પ્રયાસ છે. ગુજરાતમાં દસ ટકા લઘુમતી સમાજની વસતિ છે. અમે એવું નથી કહેતા કે દરેક જગ્યાએ અમને જગ્યા આપો. અમને સેફ જગ્યા આપો. એમને તકલીફ ના પડે એ જગ્યાએ અમને દસ ટકાની વસતિ પ્રમાણે જમીન ફાળવી આપો તો અમે અમારી સોસાયટી બનાવવાની છે, મકાનો બનાવવાના છે અને લોકોને જ્યાં ડેવલપમેન્ટ કરવાનું છે ત્યાં અમે રહી શકીએ. *(**xxx**)... (વચ્ચેથી અટકાવતાં)

ઉપાધ્યક્ષશ્રી : શ્રી ઇમરાનભાઇ, એક મિનિટ, આ ગૃહમાં તમારે અને શ્રી અમિતભાઇને શું છે એ અમારે કંઇ જાણવાની જરૂર નથી. એના કારણે વારંવાર આખું ગૃહ ડિસ્ટર્બ થાય છે. હવે તમે એમનું નામ ક્વોટ નહીં કરો અને સીધી વાત કરો. આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, ઓ.કે, (અંતરાય) આખી સ્પીચ જ દૂર કરાવી દો.

(અંતરાય) આખી સ્પીચ દૂર કરાવી દો. અશાંતધારાની આપણે વાત કરીએ છીએ, અશાંતધારો જે અત્યારે ચર્ચાઓ થઇ એ ખાલી અમદાવાદ પૂરતી થઇ છે. અશાંતધારો આખા ગુજરત માટે છે કે અમદાવાદ પૂરતો છે? મંત્રીશ્રી ખાસ એનો જવાબમાં ખુલાસો કરે એવી વિનંતી છે. કેમ કે ત્યાં સોસાયટીઓમાં અમદાવાદ શહેરની વાત કરી. એ જ રીતે સુરત, રાજકોટ, વડોદરાની વાત નથી કરી. તમે કાયદો લાવ્યા છો એ મને લાગે છે કે અમદાવાદ પૂરતો જ લાવ્યા છો એવું લાગે છે. એનો ખુલાસો કરવો જોઇએ. અમદાવાદ શહેરમાં અશાંતધારાની વાત કરી છે કે મુસ્લિમ હિન્દુઓની મિલકતો ખરીદી લે છે. જબરજસ્તી પડાવી લે છે. અમદાવાદ શહેરમાં ચાંદખેડામાં ઇન્ટરનેશનલ કંપની લુલુ મોલ આવી રહ્યો છે. એનો માલિક યુસુફ અલી અને રૂપિયા ૭૦૦ કરોડનો પ્રોજેક્ટ મૂકવાના છે તો મને લાગે છે કે આ રદ કરી દેવો જોઇએ. એ મુસ્લિમ છે. લુલુ મોલના માલિક મુસ્લિમ છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, માત્ર જે વિસ્તાર અશાંત ધારો જાહેર કર્યો છે તે પૂરતી વાત છે. સ્કોપની બહાર વાત ન કરો. આખા અમદાવાદમાં અશાંતધારો નથી. જે તે પોલીસ સ્ટેશનમાં લાગુ પડતો હોય એ વિસ્તારની વાત છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, અડધા અમદાવાદમાં અશાંતધારા વિસ્તાર છે. મારી વિનંતી છે કે સરકાર આના ઉપર ખાસ ધ્યાન આપે. લોકોને સાથે મળીને રહેવું છે. અહીં કોઇ હિન્દુ મુસ્લિમની વાત નથી થતી. સૌરાષ્ટ્રમાં અને સુરતમાં સોસાયટીઓમાં મુસ્લિમના ઘરો છે અને બાજુમાં હિન્દુઓના ઘર છે. કોઇને તકલીફ નથી. પરંતુ અમુક લોકોને તકલીફ હોય છે એ તકલીફ ન હોવી જોઇએ. બધાને સાથે મળીને રહેવું છે. આપ કેમ અલગ કરો છો? એ મુસ્લિમથી નફરત

* આ શબ્દો અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કરે છે એવું નહીં, સાથે કોઈ ભરવાડ અમારી સોસાયટીમાં ન આવવો જોઈએ, કોઈ દલિત પણ ન હોવો જોઈએ, કોઈ રબારી પણ ન આવવો જોઈએ એવી વાત છે. સોસાયટીની બહાર બોર્ડ લાગી જાય છે. (અંતરાય) સાંભળો, એમને પણ તમે નથી રહેવા દેતા. ખાસ કરીને મારે એ કહેવાનું કે જ્યારે અમારી સંકલનની મિટિંગ કલેકટર સાથે હોય ત્યારે અમારા શ્રી કૌશિકભાઈ અને શ્રી અમિતભાઈ હંમેશા બૂમો પાડે છે કે પાલડી પાકિસ્તાન બની જશે. જમાલપુર અને જુહાપુરા એને હિન્દુસ્તાન પાકિસ્તાનની વ્યાખ્યા ત્યાં આપે છે. એવું ન કરો. આપણું ગુજરાત છે અને અમદાવાદ શહેર આપણું છે. હિન્દુસ્તાન પાકિસ્તાન બનાવવાની વાત કરે છે. (અંતરાય) તમે સંકલન સમિતિની બેઠકમાં કાયમ કહો છો કે જુહાપુરા પાકિસ્તાન બની જશે. પાલડી, એલિસબ્રિજ (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : તમે બિલ ઉપર આવો. એ લોકોની વાત પર ન આવો. આનો જે મર્મ છે એ સમજો. (અંતરાય)

શ્રી ઈમરાન ખેડાવાલા : હવે તમારી છેલ્લી ટર્મ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને તાજેતરમાં જ ટી.પી.૮૫ જે સરખેજ વિસ્તારમાં આવેલી છે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને બે પ્લોટની હરાજી કરી હતી. આ બન્ને પ્લોટમાં ટેન્ડર પ્રક્રિયા થઈ, લોકોએ ખરીદ્યા. આજે અશાંતધારાના હિસાબે કોર્પોરેશને વેચેલા પ્લોટ કલેકટર પરવાનગી નથી આપતા. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : એ વહીવટી તંત્રની પ્રક્રિયા હોય, પરવાનગી ન આપી હોય એ વિષય ઉલ્લેખ કરવાની જરૂર નથી.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઈ એકજ મિનિટ, આપને ક્લિયર કરું કે અશાંતધારા વિસ્તારમાં જાહેર કરેલ મિલકત લેવી હોય તો પહેલા કલેક્ટરની પૂર્વ મંજૂરી લઈને દસ્તાવેજ કરવો પડે આ અશાંત ધારામાં જોગવાઈ છે. એનો નિયમ ભંગ થયો હોય તો સ્વાભાવિક રીતે એ અટકે, બીજું કાંઈ નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : પોપર્ટી બરાબર છે. રહેઠાણની અશાંતધારામાં વાત આવે છે. સરકારી કોઈ પ્લોટ હોય કે કોર્પોરેશનનો કોઈ પ્લોટ હોય એ હિન્દુ–મુસ્લિમનો પ્લોટ હોતો નથી. એ સરકારનો પ્લોટ હોય છે.

ઉપાધ્યક્ષશ્રી : કાયદામાં હિન્દુ–મુસલિમ નથી.

શ્રી શૈલેષ મ. પરમાર: સાહેબ, અશાંતધારો જ એના માટે છે.

ઉપાધ્યક્ષશ્રી : કાયદામાં માત્ર કોઈ પણ વ્યક્તિ મિલકતની તબદીલી કરે તો પરવાનગી લેવાની હોય છે.

શ્રી શૈલેષ મ. પરમાર : એટલી જ વાત કહુ છું કે જે પ્લોટ કોર્પોરેશનનો, સરકારની માલિકીનો હતો.

ઉપાધ્યક્ષશ્રી : એક મનિટ, બેસો. આપ બેસો.

શ્રી શૈલેષ મ. પરમાર : આ પ્લોટ કોઈ દાદાગીરીથી કે ઘરે જઈને લખાવી લીધેલ નથી. ઓપનમાં એનું ઓકશન થયું. જાહેરમાં હરાજીના ભાગરૂપે એ પ્લોટની ખરીદી થઈ. ખરીદી થયા પછી જેના નામે જેણે ખરીદ્યો હતો એ મુસ્લિમ વ્યક્તિએ ખરીદ્યો હતો. એ પ્લોટ ખરીદ્યા પછી એનો દસ્તાવેજ કરવા માટે પરમિશન એને આપવી જોઈએ. એણે હરાજીમાંથી સરકારનો પ્લોટ ખરીદ્યો છે એ પરમિશન કલેક્ટરશ્રી આપતા નથી એ વાત કરી છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઈ, માનનીય ઈમરાનભાઈ આપ બેસો. આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર છે?

શ્રી અમિત ઠાકર : હા, પોઈન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, વિષય એ છે કે એમણે મારા મતવિસ્તારનું નામ લીધું છે. મારા મતવિસ્તારની અંદર એમણે સરખેજ વોર્ડ કહ્યો. શ્રી શૈલેષભાઈએ કહ્યું એમ એ સરકારી પ્લોટ હિન્દુ કે મુસ્લિમ નહીં હોય પણ સરકારી પ્લોટ એ અશાંત વિસ્તારમાં છે કે નહીં એ પણ જોવું પડેને? એ સરકારી પ્લોટ અશાંત વિસ્તારમાં છે. આ ઈમરાનભાઈ તમારે અને તમારી કોમ્યુનિટીએ સમજવું પડશે કે આ પરિસ્થિતિજન્ય છે, કોમ્યુનિટીજન્ય કાયદો નથી. માનનીય મહેસૂલ મંત્રીશ્રીને વિનંતી પણ કરું છું કે આ પ્લોટની હરાજી થતી હતી ત્યારે મેં રોકવા માટે વાત કરી હતી. છતાં રોકાય નહીં. એ લોકોએ સાંઠ–ગાંઠ કરીને કર્યું હશે. પરંતુ અહીંયા પામજુમેરા નામની એક સ્કીમ છે. મને બે મિનિટ કહી દેવા દો. એની સામે અલહજ નામની એક (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપણે કંઈ જવાબ આપવાની જરૂર નથી.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મહેસૂલ મંત્રીશ્રીને કહેવા માગું છું કે મારી સમસ્યા આપના સિવાય કોને કહીશ?

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઈ, આપ બેસો. આમાં કોઈ પણ પ્રશ્નની ક્લિયારિટી કરવાની જરૂર નથી. કોઈ પણ વિસ્તારમાં અશાંત ધારો જાહેર થયો હોય એનું ઓકશન કરે તો પણ એણે મંજૂરી તો દસ્તાવેજ વખતે લેવી પડે અને કલેક્ટર મંજૂરી ના આપે તો એ પછી ના પણ થાય અને પાછો પરત કરવો પડે એ પ્રોસિજર છે. (અંતરાય)

શ્રી અમિત ઠાકર : મારા વિસ્તાર માટે મને કહેવાની તક આપવામાં આવે એવી હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

અધ્યક્ષશ્રી : પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. નેકસ્ટ, કોને બોલવાનું છે. માનનીય ઈમરાનભાઈ, તમારું પ્રવચન ચાલુ રાખો.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, અશાંતધારાની વાત છે એટલે મારે કહેવાનું એટલું છે કે આપણે ૩૭૦ની કલમ કાશ્મીરમાંથી હટાવી દીધી. એ એટલા માટે હટાવી દીધી કે લોકો ત્યાં મકાન, દુકાન ખરીદી શકે અને ધંધા–રોજગાર કરી શકે એટલા માટે આપણે ૩૭૦ની કલમ કાશ્મીરમાંથી હટાવી દીધી છે. આ ઉદાહરણ છે. ત્યારે આપણે ગુજરાત અને અમદાવાદની અંદર રહીએ છીએ. એ પોતાનો અધિકાર છે કે ક્યાં રહેવું, ક્યાં ના રહેવું એ અધિકાર દરેકને આ સંવિધાને આપેલો છે. એટલે કાશ્મીરમાં મકાન ખરીદવા માટે લોકોને કહેતા હોઈએ અને બાજુમાં જ કોઈ મકાન વેચાતું હોય એ આપણે ના લઈ શકીએ એ તો વાજબી ના કહેવાય. એટલે આ કાયદો લાવ્યા છે એનો હું વિરોધ કરું છું અને જે પણ મેં સૂચનો આપેલાં છે કે વાતમાં જે બતાવ્યું છે એ પ્રમાણે લોકોને જબરજસ્તીથી કોઈ મકાન અમદાવાદ શહેરીની અંદર કે કોઈ પણ જગ્યાએ ખાલી કરાવ્યા હોય, કોઈ મુસલિમ સમાજ તરફથી ખાલી કરાવ્યા હોય તેના પર તાત્કાલિક એકશન લેવા જોઈએ અને એફ.આર.આઈ. દાખલ કરવી જોઈએ. હું તેના સમર્થનમાં છું પરંતુ કોઈ રાજકીય મુદ્દો બનાવીને આખા શહેરની અંદર કે ગુજરાતને કોઈ બાનમાં લેવાની કોશિશ કરતું હોય તો આ ગુજરાતની અસ્મિતાનો સવાલ છે. આપણા ગુજરાતની અંદર આપણું ગુજરાત એક મોડલ છે. કેમ આપણે બીજા વિસ્તારોની અંદર કે બીજાં રાજયોની અંદર ગુજરાતનો લોકો દાખલો આપતા હોય ત્યારે અહીંયા શાંતિથી, હળીમળીને રહે, એકબીજાની સાથે રહે એના માટેના આપણે પ્રયાસ કરવા જોઈએ એટલે આ જે બિલ આપ લાવ્યા છો તેનો હું વિરોધ કરું છું કે અહીંયા તમામ લોકો સાથે મળીને આ ગુજરાતની અંદર સાડા છ કરોડ પ્રજાની એવી જ ઇચ્છા છે કે અમે સાથે મળીને રહીએ અને ગુજરાતનો વિકાસ થાય તેના માટે સૌ સાથે મળીને કામ કરીએ, થેંકયુ.

અધ્યક્ષશ્રી : શ્રી અમીતભાઇને શું હતું?

શ્રી અમિત ઠાકર : સાહેબ અમારા વિસ્તાર માટે કહેવા માટે અમને થોડી છૂટ આપવામાં આવે.

અધ્યક્ષશ્રી : આપને ત્યાં દંડક ઓફિસથી જરા જો બોલવાનું હોય તો તમે મંજૂરી અથવા કો–ઓર્ડિનેશન કરજો.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અશાંત વિસ્તારોની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગ્યામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત વિધેયક ક્રમાંક–૧૮ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને મારા આ વિધેયક પરના વિચારો રજૂ કરવા માટે ઊભી થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારો સુરત શહેરનો વિસ્તાર છે અને સુરત શહેરમાં ઘણા બધા વિધાનસભા વિસ્તારોમાં આ અશાંતધારો લાગુ કરવામાં આવ્યો છે. જેમાં બીજા વિસ્તારોની વાત કરું તો ખટોદરા, મજૂરા, આઠવા, નવાગામ, ઉંમરવાડા સેન્ટ્રલી ઝોન વિસ્તારની વાત કરું તો સુરત પૂર્વ, સુરત ઉત્તર, કતારગામ અને મારા વિસ્તારની વાત કરું તો લીંબાયત, ઉધના, ડુંબાલ, ડીંડોલી, આંજના, પર્વત પાટીયા, નવાગામ, ઉમરવાડા અને રાંદેલ તથા અડાજણ વિસ્તારમાં સુરત સિટી વિસ્તારમાં આટલી બધી જગ્યાએ આ અશાંતધારો લાગુ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિષય મૂકતાં પહેલાં ભારતીય સમાજ વ્યવસ્થામાં ઘર અને મિલકતનું મહત્ત્વ કેટલું છે તે જણાવવા માગું છું. આપણાં દેશમાં ગરીબ પરિવાર અને મધ્યમ વર્ગીય પરિવારનું સપનું હોય છે કે અમારું ઘરનું ઘર હોય. આ સપનું કરવા માટે દશકાથી એ મહેનત કરતા હોય, કઠોર મહેનત પછી એ આપણું સ્વપ્નાનું ઘર બનાવતા હોય અને આ ખૂન–પસીનાનું ઘર બનાવેલું હોય અને એ ઘર જયારે એક પરિવારના સભ્યો ત્યાં બધા મળીને રહેતાં હોય અને તેને કોઇ કાવા દાવા કરીને પડાવી લે અને આવું થાય તો આપણાં સૌની એ નિષ્ફળતા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારા વિસ્તારની વાત કરું તો મારા વિસ્તારમાં સવા લાખથી પણ વધુ મુસ્લિમ સમુદાયના ભાઇઓ–બહેનો રહે છે. આ વિસ્તારમાં કેટલી બધી સોસાયટીઓ હતી જે હિન્દુઓની બહુમત ધરાવતી વસતિ હતી. હું એ સોસાયટીના નામ લઉં તો ભાવના પાર્ક, મારૂતિ નગર, પદ્માવતિનગર, અંબિકાનગર, ઓમનગર, જમના પાર્ક હતી તો આવી કેટલી બધી સોસાયટીઓ હતી કે જે હિન્દુઓની બહુમતી ધરાવતી સોસાયટીઓમાં હમણાં નહીવત જેટલા હિન્દુઓ રહી ગયા છે એટલે કે બે–ચાર ઘરો રહી ગયા હશે. એમાં એ કારણ એ છે કે, ત્યાંથી ખાલી કરવા માટે જે તેમને શારીરિક, માનસિક ત્રાસ આપવામાં આવ્યો છે અને એટલા માટે તે ત્યાંથી શિફટ થઇ ગયા છે. હમણાં ઇમરાનભાઇ કહેતા હતાં કે કોઇ કમ્પ્લેઇન નથી, કોઇ તકરાર નથી પણ તમે આવો મારા લીંબાયત પોલીસ સ્ટેશનમાં અત્યારે ઇમરાનભાઇ નથી પણ લીંબાયત પોલીસ સ્ટેશનમાં ઘણીબધી અરજીઓ ત્યાં પેન્ડિંગ છે તેની ઉપર સરવે ચાલી રહ્યો છે. અને ખરેખર દુઃખ થાય છે કે કેવી રીતે તે લોકોને હેરાન કરવામાં આવે છે. મારા તેલુગુ ભાઇ–બહેનો જયારે ૧૦–૧૫ હજારની સંખ્યામાં તે વિસ્તારની સોસાયટીઓમાં રહેતાં હતા પણ હવે માંડ ચારથી પાંચ ઘર બાકી રહી ગયા છે. એ લોકોને શારીરિક, માનસિક ત્રાસ આપીને ત્યાંથી નીકળી જાય એના માટે એમને દબાણ કરવામાં આવે છે. આવી રીતે એમને હેરાન કરવામાં આવે છે, એના માટે આ સુધારા વિધેયક લાવ્યા છે એના માટે હું મહેસૂલ મંત્રીશ્રીને અભિનંદન આપું છું. સમયે સમયે કાયદાની વિભાવના થતી આવી છે અને તેમાં સુધારો થતો આવ્યો છે. અશાંત ધારો આજનો નથી, ગુજરાતમાં સામુદાયિક તનાવની ઘટનાઓને જોતા અશાંતધારા કાયદાની જરૂરિયાત સન ૧૯૮૦માં ઊભી થઇ હતી. ગુજરાત સરકાર દ્વારા સન ૧૯૮૬માં ઓર્ડિનન્સ લાવવામાં આવ્યો હતો પરંતુ તે કાગળના વાઘ સમાન હતો જેમાં ઘણા લુપહોલ્સ હતા અને અસામાજિક તત્ત્વો તેનો ઉપયોગ કરતા હતા. ઓર્ડિનન્સ પછી

પણ રાજયમાં કોમી દંગલ થતાં રહ્યાં અને એક પ્રબળ કાયદાની માંગ ઉઠી જે સન ૧૯૯૧માં લાગું કરવામાં આવ્યો જેને અશાંતધારો ૧૯૯૧નું નામ આપવામાં આવ્યું. તે સમયગાળામાં અમદાવાદ, વડોદરા, ખેડા, ભરૂચ અને સુરત જેવાં શહેરોમાં સાંપ્રદાયિક રમખાણો ફાટી નીકળ્યાં હતાં અને તેમાં પણ સૌથી વધુ ભોગ બનનારા હિન્દુઓ હતા. હિન્દુઓએ તેમના ઘર છોડીને ભાગવું પડયું, પલાયન કરવું પડયું એવા દિવસો આવી ગયા હતા. મુસ્લિમ સમુદાયની વસ્તી ઝડપથી ત્યાં વધવા લાગી. પલાયન કર્યા પછી હિન્દુઓ સાથે મુસ્લિમો રહેતા થઇ ગયા અને મુસ્લિમોની વસ્તી ઝડપથી ત્યાં વધી ગઇ એ દરમિયાન કેટલાક મુસ્લિમ અસામાજિક તત્ત્વો દ્વારા ભયભીત હિન્દુ નાગરિકોને ઉચિત કિંમત વિના મિલકત વેચાણ માટે દબાણ કરવામાં આવતું હતું. તે મિલકતોને વધુ તનાવ વધારવા માટે ખરીદી લેવામાં આવતી હતી. આપણા દેશની કરુણા છે કે જો કોઇ આવી રીતે હિન્દુઓ પર થતા અત્યાચાર બાબત ડેટા આધારિત ચર્ચા કરે તો તેને નફરતીનું બિરુદ આપવામાં આવે છે પણ વિરોધ પક્ષથી ખુલ્લી આંખે દેખાતું સત્ય જોવાતું નથી. ભૂતકાળમાં એવા ઘણા વિસ્તારો જે બહુમતિવાળા હતા આજે ત્યાં હિન્દુ નહિવત થઇ ગયા છે. જયારે ૫૦૦ હિન્દુઓના ઘર વચ્ચે પણ એક મુસ્લિમ ઘર સુરક્ષિત રહી શકે છે પણ ૫૦૦ મુસ્લિમોની વચ્ચે એક હિન્દુ ઘર સુરક્ષિત રહેતું નથી, એટલા માટે કે એમને શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવે છે. મારા વિધાનસભાના વિસ્તારમાં લીંબાયત ડુંભાલ, ડીંડોલી, અંજના પર્વત વિસ્તારોમાં અમે સંઘર્ષ કરીને અશાંત ધારો લાગુ કરાવ્યો છે જેનો આજે મને ગર્વ છે. મને કહેતાં આનંદ થાય છે કે, સમાજની ચિંતાઓને ધ્યાને લઇ અશાંતધારામાં ગુજરાત સરકાર દ્વારા કેટલાક સુધારા કરવામાં આવ્યા છે અને જેમાં પ્રથમ સુધારો એ છે કે તેનું નામ અશાંતધારો–૧૯૯૧ નહીં પરંતુ નિર્દિષ્ટ ધારો ૨૦૨૬ કરવામાં આવ્યું છે. પહેલા કોઇ વિસ્તારને અશાંત જાહેર કરવા માટે રમખાણોનો ઇતિહાસ જોવામાં આવતો હતો. હવે નવા બિલ અનુસાર વિસ્તારને નિર્દિષ્ટ જાહેર કરવા માટે સાંપ્રદાયિક તનાવ, અનિચ્છિત વિસ્થાપનની શકયતા, પબ્લિક ઓર્ડરના ખોરવાવાની સંભાવના જેવા વ્યાપક પરિબળોને ધ્યાનમાં રાખવામાં આવે છે. આ બિલમાં કલેકટરશ્રીની ભૂમિકા તથા જવાબદારી વધુ સચોટ અને અસરકારક બનાવવામાં આવી છે. જયારે કોઇ વ્યકિત નિર્દિષ્ટ વિસ્તારમાં પોતાની મિલકત તબદીલ કરવા માગે છે ત્યારે તેણે કલેકટર પાસે પૂર્વમંજૂરી લેવી પડશે. કલેકટરશ્રી દ્વારા તપાસ કરવામાં આવશે કે સોદો નિયમ મુજબ છે કે નહીં. બંને પક્ષોની સંમિત, સંપૂર્ણપણે સ્વતંત્ર છે કે નહીં. જયારે તેમનું મકાન કે મિલકત વેચવા માગતા હોય એ હિન્દુભાઇ જો મુસ્લિમને વેચવા માગતા હોય કે મુસ્લિમભાઇ હિન્દુને વેચવા માગતા હોય ત્યારે કલેકટરની પરવાનગી અને આ બધા નિયમોની સચોટ રીતે તપાસ કરશે તો જ એ વેચી શકશે. મિલકત માટે યોગ્ય કિંમત નક્કી થઇ છે કે નહીં અને સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે આ સોદાથી જાહેર વ્યવસ્થાને કોઇ ખતરો તો ઊભો થતો નથી ને? આ તમામ બાબતોની ખાતરી થયા બાદ જ મંજૂરી આપવામાં આવશે. સોદો થાય ત્યાં સુધી જ નહીં પરંતુ સોદો કેન્સલ થાય તો પણ પૈસા અને મિલકતનું પાછું મૂળ માલિકને હસ્તાંતરણ થાય એ પણ કલેકટરશ્રી દ્વારા સુનિશ્ચિત કરવામાં આવે છે. આ બિલમાં વિશેષ તપાસણી ટીમ એટલે કે એસ.આઇ.ટી.ની જોગવાઇ પણ ઉમેરવામાં આવી છે. આ ટીમ કલેકટર અને દેખરેખ સમિતિને મદદ કરશે અને વિસ્તારમાં સાંપ્રદાયિક તનાવ અને અનૈચ્છિક વિસ્થાપનની સંભાવનાની તપાસ કરશે. ટીમના રિપોર્ટના આધારે કલેક્ટર નિર્ણય લઇ શકશે. આ સુધારાનો હેતુ સાંપ્રદાયિક તનાવના કારણે થતાં અનૈચ્છિક વિસ્થાપનને રોકવાનો છે. વિસ્તારમાં રહેતા સમુદાય વચ્ચે તનાવ વધે અને તેનાથી એક સમુદાયને બળજબરીથી વિસ્થાપિત કરવામાં આવે. તે અટકાવવા માટે આ તમામ જોગવાઇ કરવામાં આવેલ છે. મારા વિસ્તારમાં જે પ્રધાનમંત્રી આવસ છે, જે મુખ્યમંત્રી આવાસ છે એમાં આપણે એવું ધ્યાન નથી રાખતા કે આ મુસ્લિમ ભાઇ છે તો એને આ મકાન નહિ ફાળવવાનું અને હિન્દુ ભાઇને જ ફાળવીએ પણ જ્યારે કોઇ હિન્દુ ભાઇની બાજુમાં મુસ્લિમ ભાઇ આવી જાય છે ત્યારે એ હિન્દુ પરિવારને ખૂબ હેરાન કરીને માનસિક ત્રાસ આપવામાં આવે છે. એ લોકો જે કાંઇ ખાય છે એ બાજુમાં ફેંકી દે છે અને એ હિન્દુ પરિવાર એ ઘર વેચવા તૈયાર થઇ જાય એ હદ સુધી એમને હેરાન કરવામાં આવે છે. હમણાં જ શ્રી ઇમરાનભાઇ કહેતા હતા કે ''કોઇ હેરાન કરતું નથી.'' તો આવો મારા વિસ્તારમાં હું તમને નરી આંખે બતાવીશ કે એ વિસ્તારમાં શું ચાલી રહ્યું છે. આ સુધારાથી ઘણા સંવેદનશીલ વિસ્તારોની સુરક્ષા વધુ મજબૂત થશે અને અનૈતિકોને મિલકત હસ્તાંતર કરવામાં વધુ મુશ્કેલી પડશે. આ કાયદો શાંતિથી રહેવા માગતા સમુદાયના હિતમાં છે અને તેમના વિસ્તારોને સુરક્ષિત રાખવા માટે એક મજબૂત કવચ બનશે. મારા વિસ્તારમાં મુસ્લિમ સમુદાયના લોકો ખૂબ મોટી સંખ્યામાં રહેતા હોય તો એ વિસ્તાર પણ ખૂબ જ સંવેદનશીલ છે. આ વિસ્તારમાં અશાંતધારા કાયદાનું અમલીકરણ કરવામાં આવ્યું છે. જ્યારથી અશાંત ધારો લગાવવામાં આવ્યો છે ત્યારથી મારા લિંબાયત વિસ્તારમાં શાંતિ અને સલામતીની સાથે લવ–જેહાદ જેવા ગંભીર ગુનાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. મારા વિસ્તારમાં હજી પણ કેટલીક સોસાયટીઓ અશાંતધારામાં લેવાની બાકી છે. એમાં મારાં ચાર–પાંચ સૂચનો છે એને ધ્યાનમાં લેવામાં આવે. મારા વિસ્તારમાં જે સોસાયટીઓ અશાંતધારામાં લેવાની બાકી છે એ અશાંત ધારામાં લેવામાં આવે અને ત્યાં અનેક સોસાયટીઓ એવી છે કે જ્યાં પહેલાં હિન્દુઓ ખૂબ મોટા પ્રમાણમાં રહેતા હતા પણ હાલમાં હિન્દુઓના બે–ચાર ઘર જ બાકી રહ્યા છે. એ લોકોને પણ માનસિક અને શારીરિક રીતે હેરાન કરવામાં આવે છે તો આવી સોસાયટીના હિંદુ પરિવારો ત્યાંથી અન્યત્ર જવા માગતા હોય તેઓને પરવાનગી આપવી જોઇએ. તેવું મારું સૂચન છે તેમજ હિન્દુ સોસાયટીઓમાં હિન્દુને જ પોતાનું ઘર વેચતા હોય એવા પરિવારોને પણ ઘર વેચવાની છૂટ આપવી જોઇએ. આ સુધારા બીલ લાવી રહ્યા છે ત્યારે આ સૂચનોનો અમલ કરી બાકી રહેલ વિસ્તારનો પણ એમાં સમાવેશ કરવામાં આવે. આ ઉપરાંત અન્ય સુધારા પણ કરવામાં આવે એવું મારે આપશ્રી મારફત

માનનીય મંત્રીશ્રીને કહેવું છે. મની લોન્ડરિંગ જેવા ગંભીર ગુનાઓ આચરી એક ચોક્કસ કોમના વિધર્મી લોકો દ્વારા હિન્દુ બહુસંખ્યક વિસ્તારમાં ઊંચા ભાવ આપી પ્રથમ એક મિલકત ધારણ કરી ત્યારબાદ ધીરે–ધીરે હિન્દુ માલિકીની મિલકતો વિધર્મીઓને વેચવા માટે મજબૂર કરી અશાંતધારા કાયદા હેઠળ જરૂરી એન.ઓ.સી. આપી અન્ય મિલકતોની ખરીદી કરી વિસ્તારના ડેમોગ્રાફિક બેલેન્સને હાનિ પહોંચાડવાનું કાર્ય આ અસામાજિક તત્ત્વો દ્વારા કરવામાં આવે છે તેને અટકાવવામાં આવે. હિન્દુ વિસ્તારમાં એક મુસ્લિમ ભાઇ પહેલાં ભાડેથી ઘર લે છે પછી થોડા દિવસ પછી એ મકાન માલિકને ઊંચા ભાવ આપીને એ ઘર લઇ લે છે. એની બાજુમાં બીજો એક વિધર્મી ભાઇ આવે છે. ત્રીજો ભાઇ આવે છે એવી રીતે એમની આખી જમાત ઊભી થઇ જાય છે અને ધીમે–ધીમે આ હિન્દુ સોસાયટી મુસ્લિમ સમાજની થઇ જાય છે. મારા લિંબાયત વિસ્તારમાં આવું થઇ રહ્યું છે. અશાંતધારા કાયદાનું અમલીકરણ હોવા છતાં હિન્દુ વિસ્તારમાં વિધર્મીઓ દ્વારા મિલકત ભાડેથી અથવા ગીરવે મૂકવામાં આવી રહેલ છે. જેથી તે વિસ્તારના કલેક્ટરની વિશેષ ઉપસ્થિતિમાં પોલીસ બંદોબસ્તીમાં આવા વિધર્મી ભાડૂતોને પકડી તથા મકાન માલિકો ઉપર ગુનો નોંધી કાયદાકીય કાર્યવાહી કરવી જોઇએ. છેલ્લાં ચાર–પાંચ વર્ષમાં કરવામાં આવેલ અરજીઓમાં નેગેટિવ અભિપ્રાય આપેલ મિલકતો તથા પરવાનગી ન આપવામાં આવેલ મિલકતોનું સ્થળ તપાસ કરાવી વિધર્મીઓને આપવામાં આવેલ મિલકતો ખાલી કરાવી મકાનમાલિકો ઉપર ગુનો નોંધી કડક કાર્યવાહી કરવી જોઇએ. પાંચ–છ માળની ગેરકાયદેસર બાંધકામ કરેલ મિલકતોમાં વિધર્મી રોહિંગ્યા બાંગ્લાદેશીઓને પકડી તેમની વિરુદ્ધ સખત કાર્યવાહી કરવી જોઇએ. હમણાં બે–ચાર મહિના પહેલાં એક મકાનના નાના નાના રૂમમાં વિદેશી રોહિંગ્યા બાંગ્લાદેશીઓ રહેતા હતા. પોલીસની ટીમે દરોડા પાડ્યા તે લોકો તાળું મારીને ભાગી ગયા હતા. આ મારા વિસ્તારની સ્થિતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં કાપડ ઉદ્યોગ અને હીરાના વેપાર માટે પ્રખ્યાત એવા સુરતમાં અશાંતધારા વિસ્તાર અધિનિયમ હેઠળ મોટી કાર્યવાહીનો કિસ્સો સામે આવ્યો હતો. સુરતના જિલ્લા મેજિસ્ટ્રેટે તાજેતરમાં જૂનાં શહેરનાં સંલગ્ન વિસ્તારમાં એક મિલકત સીલ કરી હતી. આ મિલકતની માલિકી હિન્દુ મહિલાની હતી. જેણે એક મુસ્લિમ મહિલાને તેની મિલકત વેચી દીધી હતી. જો કે વેચાણ પ્રક્રિયા હજુ પૂર્ણ થઇ ન હતી. જિલ્લા કલેક્ટરે તેને અશાંતધારા વિસ્તાર અધિનિયમનું ઉલ્લંઘન ગણાવ્યું હતું એટલે આ રોકવામાં આવ્યું હતું. જે વિસ્તારમાં અશાંતધારો લાગુ કરવામાં આવ્યો છે તે વિસ્તારમાં મકાન કે દુકાન વેચવી હોય તો નિયંત્રણ લાગે છે અને જો મિલકત વેચવી હોય તો કલેક્ટરને જાણ પણ કરવી પડે છે. સાથે મિલકત કોને વેચી રહ્યા છે તેની પણ માહિતી આપવી પડે છે. મારા સાથી ધારાસભ્યશ્રી અરવિંદભાઇનો વિસ્તાર વિધર્મી ભાઇ–બહેનોનો વિસ્તાર હોવાથી અને મારો પણ વિસ્તાર તે રીતનો જ હોવાથી અમે સંકલન મિટિંગમાં કાયમ રજૂઆત કરતાં હોઇએ છીએ કે અશાંતધારામાં ઘણી ફાઇલો મંજૂર થતી હોય છે. જેથી મુસ્લિમ પરિવારને મકાન વેચવામાં આવે છે. આવી રીતે જો આ સુધારા બિલ લાવી રહ્યા છે ત્યારે કડકમાં કડક કાયદો લાવે અને મુસ્લિમ પરિવાર જો આ મિલકત લેવા માંગતા હોય તો તેના ઉપર આ કાયદામાં સુધારો લાવવાથી તેના પર નિયંત્રણ આવશે. એટલા માટે આ કાયદો શાના માટે લાવવો પડે? તો કોમી તોફાનો પછી મિલકતોના ખરીદ–વેચાણની ફરિયાદો વધી જતી હતી. અશાંતધારો એવા સ્થાન પર લાગુ કરવામાં આવે છે જ્યારે વારંવાર બે કોમ વચ્ચે તણાવ થતો હોય છે. બે કોમ વચ્ચે વર્ચસ્વ વધારવા માટે મિલકત ખરીદીને સામેની કોમ પર દબાણ ઊભું કરાતું હોય છે. જેના પગલે આ અશાંતધારાનો કાયદો લાગુ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં એસ.એમ.સી.નો પ્લોટ છે કે સરકારી પ્લોટ છે તેના વિશે કોઇને જાણ ન હોય તો તેના ઉપર નાનું ઝૂંપડુ બને, પછી એક ઘર બનાવવામાં આવે, તેમાંથી ચાર–પાંચ ઘર બની જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે. આ જે સુધારા વિધેયક લઇને આવ્યા છે તે માટે હું ખરેખર અભિનંદન આપું છું અને ચોક્કસ કોમના વ્યક્તિઓ દ્વારા ફક્ત અને ફક્ત હિન્દુ વિસ્તારમાં લેવામાં આવતી આવી તમામ મિલકતોનો ડેટા કલેક્ટ કરી, ગુના નોંધી, કાયદાકીય કાર્યવાહી કલેક્ટરશ્રી દ્વારા કરવામાં આવે તેવી પણ હું વિનંતી કરું છું. આ નવીન સુધારાને પૂર્ણ સમર્થન કરું છું અને માનનીય સભ્યોને આ બિલમાં સમર્થન આપવા અપીલ કરું છું.

શ્રી અમિત ઠાકર(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપનો અને મુખ્ય દંડકશ્રીનો ખૂબ આભારી છું કે વગર લિસ્ટે પણ આ લિસ્ટમાં ઇનકલુડ કરવા માટે છૂટ આપી. કૉંગ્રેસના સભ્ય દ્વારા મારા વિસ્તારના નામનો ઉલ્લેખ થયો હતો એટલે મેં હાથ ઊંચો કર્યો હતો પણ જ્યારે મને કહેવાની તક મળી છે તો હું કાનૂની દલીલો મૂકવા માગું છું. રાજ્યની જાહેર વ્યવસ્થા ....

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપે એલ.એલ.એમ. કરેલું છે અને તમારી પાસે જ્ઞાન પણ છે તો પોલિટિકલ ચર્ચા કરતાં બિલ ઉપર વધારે પ્રકાશ પાડી શકશો.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની જાહેર વ્યવસ્થા, જાળવણીની બંધારણીય ફરજ, ભારતનું બંધારણ રાજ્યને જાહેર વ્યવસ્થા, શાંતિ, સામાજિક સૌહાર્દ જાળવવાની ફરજ સોંપે છે. જે લિસ્ટ ટુ એન્ટ્રી વનમાં સ્ટેટ લિસ્ટમાં ઉલ્લેખ કરેલો છે. આ અધિનિયમ એ ફરજનું સીધું યોગ્ય અમલીકરણ છે. આ જે સુધારો છે જે આ કાયદો છે એ આનું સીધું અમલીકરણ છે. કાયદો રદ કરવો એ રાજ્યની બંધારણીય જવાબદારીને નબળી પાડવા બરાબર થાય. જે શ્રી ઇમરાનભાઇ અને એમની પાર્ટી ઇચ્છે છે કે આ કાયદો રદ થાય. તો આ રદ થવું એ બંધારણીય ફરજને ચૂકવા બરાબરની એમની ઇચ્છા છે. કાયદો સમુદાય વિશેષને ધ્યાનમાં રાખીને બનતો નથી. કાયદો પરિસ્થિતિ વિશેષને ધ્યાનમાં રાખીને બનતો હોય છે. તો આ જે અશાંતધારો છે એ પરિસ્થિતિજન્ય જે ઊભું થયું છે એના કારણે છે. એટલે કાયદો સમુદાય વિશેષ નથી. કાયદો પરિસ્થિતિ વિશેષ છે. નવા

અધિનિયમમાં પોલરાઇઝેશન જેવા શબ્દોની વાત એ લોકોના મનમાં છે. આ તટસ્થ, વ્યાજબી અને ન્યાયસંગત કાયદો છે. લોકતાંત્રિક સંતલુનમાં ભંગ જેવી આમાં વાત નથી. આની અંદર અતિશય એકાગ્રતા અને જાહેર શાંતિને જોખમ ન આવે એની વાત છે. આ જે સંવિધાનનો આર્ટિકલ–૧૪ છે એ સંવિધાનિક સમાનતાની વાત કરે છે અને ભેદભાવ ન કરવા આર્ટિકલ – ૧૫ની વાત કરે છે. સાથે સંપૂર્ણ રીતે સુસંગત કાયદો છે કે અમે ક્યાંય કોઈ સમાનતાનો ભંગ કરતા નથી. પ્રતિક્રિયાત્મક જે પ્રોસિજર ફેરનેસ છે એને મજબૂત બનાવવામાં આવે એના માટે આ કાયદામાં એ લોકો પણ જાણે છે કે આમાં નોટિસ આપવી, સાંભળવાની તક આપવી, પોલીસનો રિપોર્ટ આવવો, ત્રણ મહિનાની જે એની સમયમર્યાદા હોય એ, અપીલ અને રિવીઝન આ બધાની વ્યવસ્થા છે. એટલે ક્યાંય પણ એ કહી શકે કે અમને તક નથી, અમને આમ રોકવામાં આવે છે, અમને તેમ રોકવામાં આવે છે. તમે જો ક્યાંય પ્રોપર્ટી ખરીદતા હો તો પ્રોપર્ટી અશાંત વિસ્તારમાં નહીં હોય. તો તમે આ બધી પ્રોસિજર કરી અને જો અશાંતધારાનો અશાંત વિસ્તારના એક્ટનો ભંગ નહીં થતો હોય તો જરૂરથી કલેક્ટર તમને પણ પરમિશન આપશે. એટલે કોઇને આમાં રોકવાનો કોઇ કેસ થતો નથી. આ કાયદો મિલકતનો અધિકાર આર્ટિકલ–૩૦૦(એ) સાથે સંપૂર્ણ સુસંગત જ છે. આ અધિનિયમ કોઇની મિલકત છીનવી લેતો નથી. આ માત્ર એટલું જ કહે છે કે, હસ્તાંતરણ જાહેર વ્યવસ્થાને નુકસાન ન પહોંચાડે તે સુનિશ્ચિત કરવા માટે પૂર્વ પરવાનગીની વાત છે. કોઇને મિલકત તબદીલ કરવા માટે રોકવા માટેનો વિષય નથી. પરવાનગી મળશે પછી તમે મિલકત લઇ શકો. આ પ્રકારની નિયમની શરતોને ભારતના સર્વોચ્ચ અદાલતે અનેક ચુકાદાઓમાં માન્યતા આપી છે. એટલે ક્યાંય પણ કોઇ હટકે વિષય હોય એ પ્રકારની વાત નથી. કાયદો રદ કરવાથી કાનૂની ખાલીપો ઊભો થશે. વર્ષ ૧૯૯૧નો કાયદો જે હતો એ નવો કાયદો જે અત્યારનો કાયદો છે એ ચાલતી કાર્યવાહી અટકાવવાના પ્રયાસની દિશામાં એમનો પ્રયત્ન છે. વિવાદિત વિસ્તારોની નિયંત્રણ વ્યવસ્થાને ખતમ કરવાની દિશામાં એમના વિચારો છે.

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, અન્ય રાજ્યને જાહેર શાંતિ જાળવવામાં વિશેષ કાનૂની સાધન ન રહે અને કાનૂની અનિશ્ચિતતા ઊભી થાય, વ્યવસ્થાપનના જોખમો ઊભા થાય એ દિશામાં આ જે સભ્યો વાત કરતા હતા એમનો સીધો ઇશારો છે. વર્તમાન જે કાયદો છે એમાં મિલકત હસ્તાંતરણના નિયંત્રણને જાહેર વ્યવસ્થા, સામાજિક સૌહાર્દ, લોક સાંખ્યિક સ્થિરતા અને વ્યાજબી પ્રતિબંધ આ વિષયોને ધ્યાનમાં રાખીને ભારતના ન્યાયાલયોએ અનેક કેસોની અંદર આની યોગ્ય ચર્ચા કરી છે. આ પ્રિવેન્ટિવ છે, પ્યુનિટીવ નથી. આ અધિનિયમનો હેતુ ઘટના પછીની કાર્યવાહી કરવાનો નથી પરંતુ ઘટના થવા ન દેવાનો આ કાયદો છે. જાહેર વ્યવસ્થામાં કાયદામાં પ્રિવેન્ટિવ મિકેનિઝમ એ સર્વોચ્ચ ન્યાયાલયે હંમેશા પ્રોત્સાહિત કર્યું છે અને મોનિટરિંગ કમિટી જેવી રાજ્યની સત્તાને સંતુલિત કરે છે. નિર્ણયોમાં પારદર્શિતા લાવે છે અને નાગરિકોના હક્કનું રક્ષણ કરે છે એટલે આ કોઇ સત્તાના દૂરુપયોગનો વિષય નથી. આની અંદર સત્તા દ્વારા લોકોના જાનમાલની રક્ષા કરવાનો વિષય છે. મારા મતવિસ્તારમાં જે જુહાપુરાની માનનીય સભ્યશ્રી વાત કરતા હતા. સરખેજ વોર્ડની વાત કરતા હતા. આ જુહાપુરા શું છે? એ જુહાજી ઠાકોરનું પરું છે. વર્ષ ૧૯૭૩, વર્ષ ૧૯૭૭માં ત્યાં જ્યારે પૂર આવ્યું ત્યારે સાબરમતી નદીમાં જે લોકો રહેતા હતા એમને એક કેમ્પ તરીકે ત્યાં રાખવામાં આવ્યા અને આજે ત્યાં ૧,૪૫,૦૦૦ મતો છે. બાકી જોવા જઇએ તો અઢીથી ત્રણ લાખ લોકોનો એ ફક્ત એક નાનકડો કેમ્પ હતો જે વરસાદી પૂરના કારણે હતો, આજે ત્યાં આખો એક કેમ્પ ઊભો થયો છે. ૫૦ વર્ષથી વેજલપુર અને જુહાપુરાની વચ્ચે એક સોનલ સિનેમા રોડ છે. એ રોડ ત્યાંથી પસાર થઇ, સરખેજ રોજા થઇ, પાછળ એસ.જી. હાઇવે ટચ થાય છે. ૫૦ વર્ષમાં હિન્દુ અને મુસ્લિમ બંને કોમોએ નક્કી કર્યું કે આ સાઇડ અમે લોકો રહીશું, આ સાઇડ તમે રહેશો. એક સિંગલ મિલકતમાં પણ કોઇ પણ કોમ એકબીજાની આગળ વધ્યા નથી પરંતુ અત્યારે જે રીતે વિકાસ થયો છે, એના કારણે કરોડોની મિલકતના હસ્તાંતરણો કરવાના ત્યાં પ્રયાસ થયા. અત્યારે અશાંતધારો લાગુ હોવા છતાં એક હિન્દુ સમાજના વ્યકિતની મિલકત બીજા હિન્દુ સમાજના નામે વહેંચી, પ્લાનો પાસ કરાવડાવી આજે ત્યાં રૂ.૩૦૦ થી રૂ. ૪૦૦ કરોડની એક સ્કીમ મૂકી દીધી. એનો આધાર બતાવી કહે છે કે સામે તો મળ્યું છે, અહીંયા આપો. એમ કરીને ત્યાં લગભગ બાવીસ–બાવીસ માળની છ–છ ટાવરની બીજી સ્કીમ મૂકી દીધી. એની પાછળ એક વિવાદાસ્પદ પ્લોટ છે, જો એનો વિવાદ હાઇકોર્ટમાંથી પૂરો થઇ જાય તો એની પાછળ સીધું શ્રીનંદનગર કરીને જગ્યા આવે છે, જેમાં સીધા વેજલપુર ચાર રસ્તા આવે છે. જો આ એક સાઇડને ના રોકો તો ઓછામાં ઓછા ૫૦થી ૬૦ હજારનો ડેમોગ્રાફિક ચેન્જ ફક્ત વેજલપુર અને મકરબા આ બંને ગામો ખતમ થવાની દિશામાં થાય. એનાથી આગળ જાઓ તો ઓર્કિડ વુડ કરીને એક ફ્લેટ છે. એના નવમા માળે કંપનીના નામે, શેર માર્કેટમાં પોતાના મેનેજરના નામે ફ્લેટ ખરીદી લીધો. અશાંતધારો મળી ગયો, દસ્તાવેજ થઇ ગયો અને રહેવા આવી ગયા. રહેવા કોણ આવ્યું? મુસ્લિમ પરિવાર રહેવા આવી ગયો. આવતાંની સાથે જ બાજુવાળાને કહે કે ફ્લેટ દેના છે? સીધી જ વાત ચાલુ કરી દીધી કે ફ્લેટ આપી દો. આ પ્રકારે આખા એરિયાનું ડેમોગ્રાફિક ચેન્જ કરી દીધું. એક પટેલ ટ્રાવેલ્સ નામની જગ્યા હતી. આ બાજુનો રસ્તો આપી એ આખેઆખી સાઇટ સીધી ખરીદી લીધી. મુદ્દો એટલો જ છે કે જે પ્રકારે આ થઇ રહ્યું છે એ પ્રમાણે મારા મતવિસ્તારમાં જો આ બે–ચાર વસ્તુને રોકવામાં ના આવે તો એકથી સવા લાખ લોકોનું એક ડેમોગ્રાફિક ચેન્જ થશે. જે અશાંતિ ઊભી કરશે. અશાંતધારા શબ્દનું કૂલફોર્મ ખાલી અશાંતધારો નથી પણ અમદાવાદ શાંત ધારો છે. વર્ષ ૧૯૯૧થી જો શાંતિ છે તો માત્રને માત્ર અશાંતધારાના કારણે છે. કોઇ કહેતું હોય કે તમારી સંકુચિત માનસિકતા છે, અમારી સંકુચિત માનસિકતાની ચર્ચા જ નથી પણ તમે જે કૂલ્યા છો, એ કૂલ્યાની ચર્ચા છે. તમે ગોમતીપુર, બાપુનગર, દરિયાપુર, કાલુપુર, ખાડિયા,

જમાલપુર, પાલડી, જુહાપુરા, સરખેજ અને હવે તો છેક ફતેહવાડી સુધી ફૂલ્યા છો. અત્યારે અમદાવાદમાં ચંડોળા અને બધાને ગણતા, પૈસો ક્યાંથી આવે છે? મેં કમિશનરશ્રીને એક પત્ર લખ્યો કે મારા મતવિસ્તારના સાબરમતી નદીના કિનારે કેટલી જમીનમાં ગેરકાયદેસર એન્ક્રોચમેન્ટ છે? માનનીય મહેસૂલ મંત્રીશ્રી, મને જવાબ મળ્યો કે ૨ લાખ ૫૧ હજાર મીટર સરકારી જમીન એન્ક્રોચ થયેલી છે. પાંચ જંગલેશ્વર થાય એટલું તો મને જુહાપુરામાં લેખિત કાગળમાં એન્ક્રોચમેન્ટ મળ્યું છે. આ પરિસ્થિતિને જો પહોંચી નહીં વળાય તો ગુજરાતના વિકાસના આપણે ખૂબ મોટાં સપનાં જોતા રહીશું. કોમનવેલ્થ કરતા રહીશું, ઓલમ્પિક કરતા રહીશું પરંતુ આખા ભારતમાંથી લોકો અમદાવાદના વિકાસના કારણે પંદર-વીસ વર્ષમાં એક દિવસ એવો આવશે કે આખા અમદાવાદમાં તમને કયાંય રહેવા કોઇ એરિયા નહીં મળે. રીંગરોડની બહાર રહેવા માટે જવું પડશે. બંને કોમોએ સાથે રહેવું જોઇએ. એના માટે કાયદાએ જીવતા રહેવું જોઇએ. દરેકને ઘર મળે એમાં કોઇ વાંધો નથી પરંતુ જમીનની ભૂખ ખૂલી છે. આખા દેશમાંથી લોકો આવે છે. અમદાવાદની ડેમોગ્રાફી બદલવાનું ષડયંત્ર છે. આને ક્યાંક બદલવું પડશે, આને ક્યાંક રોકવું પડશે. માનનીય શૈલેષભાઇ, આપણે બધા આના માટે અહીંયા બેઠા છીએ. આજે અમદાવાદમાં જન્મ્યો છે એને ઘર મળવું જોઇએ કોઇ પણ કોમનો હોય. પણ શા માટે બંગાળનો માણસ આવીને ચંડોળા અને જુહાપુરામાં આવીને રહે. કોણ છે આ લોકો? આ ૨ લાખ ચોરસ મીટરમાં જે લોકો વસે છે, હું જોવા જાઉ છું લોકલ ધારાસભ્ય તરીકે. એમને ગુજરાત સાથે ન્હાવા નીચોવવાનો સંબંધ હોતો નથી. મારી આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે ન માત્ર મારા વિસ્તારને પણ મારા અમદાવાદ સિટીને બચાવવાનો સમય હવે આવી ગયો છે. આ દિશામાં કડકમાં કડક કાયદો આવવો જોઇએ. માનનીય મહેસૂલ મંત્રીશ્રી, આપની પાસે માંગ છે, આખું ગૃહ આપની સાથે છે. માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, માનનીય શ્રી અમિતભાઇ શાહ, માનનીય શ્રી હર્ષભાઇ સંઘવી અને માનનીય શ્રી નરેન્દ્ર મોદીજીએ જે ગુજરાત ઊભું કર્યું છે એ ગુજરાત સુરક્ષિત, શાંત, સૌની સલામતી, સૌના વિકાસનું ગુજરાત છે. બધા જ લોકો સારી રીતે સાથે રહે એના માટે કાયદાએ મજબૂત રહેવું પડશે. અમે સૌ આપની સાથે છીએ.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગુજરાત અશાંત વિસ્તારમાંથી સ્થાવર મિલકતોની તબદિલી ઉપર પ્રતિબંધ મૂકવા માટેનું વિધેયક લઇને આવ્યા છે એના વિશે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં શ્રીમતી સંગીતાબેને વાત કરી, શ્રી અમિતભાઇએ વાત કરી. શ્રીમતી સંગીતાબેને કહ્યું કે એક પ્લોટ હોય પછી એમાં દબાણ કરી અને આખો પ્લોટ લઇ લે. શ્રી અમિતભાઇએ કહ્યું કે બે લાખ ચોરસમિટર જમીન લઇ લીધી છે. છેલ્લાં ૩૦ વર્ષથી ગુજરાતમાં તમારું શાસન છે. કોર્પોરેશન તમારું છે. ગૃહમંત્રી સુરતના છે. શ્રી પાટીલ સાહેબ, ભાજપ પ્રમુખ પણ સુરતના હતા તો શા માટે તમે રોકી શકતા નથી? તમારામાં તાકાત હોય તો ઘણા બધા કાયદાઓ છે. માત્ર અશાંતધારો છે એવું નથી. ગુજરાતમાં વ્યવસ્થા સાચવવાના ઘણા બધા કાયદા છે, એન્ક્રોચમેન્ટ માટેના કાયદા છે. કાયદાઓમાં કલેકટરથી માંડીને કમિશનરને ઘણી સત્તાઓ આપેલી છે. શા માટે તમે રોકી શકતા નથી અને કહો છો કે અહીંથી પડાવી લીધું? અમારામાં તમારા જેટલા જ હતા પણ દાદાગીરી કરીને તમે લઇ ગયા અને અમારી બધી સીટો ખાલી થઇ ગઇ તો શું અમે અશાંતધારો તમારા ઉપર લગાવીએ? સૌથી પહેલાં તો જે વાત શ્રી અમિતભાઇએ કરી કે ભારતના બંધારણના આર્ટિકલ-૧૪ અને ૧૫ માં "Equality of law" and "Equality before law". એટલે કે કાયદાની સમાનતા અને કાયદા સમક્ષ સમાનતા. આર્ટિકલ-૩૦૦ અને ૩૦૧ની અંદર રાઇટ ટુ પ્રોપર્ટી એના અધિકારો આપેલા છે. એમણે કહ્યું કે, આ તમે કાયદો રદ કરાવવા માગો છો. સભ્યશ્રી હાજર નથી પણ એમને ખ્યાલ હોવો જોઇએ કે આ કાયદાની શરૂઆત આ જ ગૃહમાં વર્ષ ૧૯૮૬માં સૌથી પહેલાં કૉંગ્રેસ સરકારે આ કાયદો બનાવ્યો હતો. એના પછી ફરીથી વર્ષ ૧૯૯૧માં આની અંદર સુધારો લાવ્યા. ત્યારબાદ વર્ષ ૨૦૧૯માં આજ ગૃહના માનનીય સભ્યશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા એમાં સુધારો લાવ્યા અને જ્યારે શ્રી ભૂપેન્દ્રસિંહે આ બિલ રજૂ કર્યું, હું હમણાં વાંચતો હતો એમાં લખ્યું હતું કે, "it is a promissory note for the permanent peace". એટલે એમનો કહેવાનો ઉદ્દેશ એવો હતો કે અમે પ્રોમિસ આપીએ છીએ કે આ કાયદાથી રાજ્યમાં શાંતિ સ્થપાશે. પરંતુ કૉંગ્રેસ જ્યારે વર્ષ ૧૯૮૬ અને ૧૯૯૧માં આ કાયદો લાવી ત્યારે એનો ઇરાદો સ્પષ્ટ હતો. કોઇ પણ કાયદો પસાર થાય તો એનો ઇરાદો સ્પષ્ટ હોય કે લોકોની સુવિધા અને શાંતિ સચવાય નહીં કે પોલિટિકલ વિઝન. તમે જે એજન્ડા લઇને આવ્યા છો એ પોલિટિકલ એજન્ડા સાથે આ સુધારો લઇને આવ્યા છો એટલે અમે એની સાથે સંમત થતા નથી. કાયદાની અંદર ફેરફાર લાવવો જોઇએ. એની અંદર સંશોધન થવું જોઇએ. એ સર્વ સામાન્ય છે. એ એટલા માટે કે ઘણીવાર કાયદામાં વિસંગતતાને લીધે કાયદો બિનઅસરકારક બને છે, ભલે એને પાસ કર્યો છે. પરંતુ સામાન્ય રીતે સામાન્ય એક પરિવારની અંદર એક સમાજના સામાન્ય વ્યવહારો સાથેના સમાન વિચારધારાવાળા લોકો રહેતા હોય એવી આપણી માનનીય મંત્રીશ્રી એક પરંપરા છે. પરંતુ માનીનીય મંત્રીશ્રી જ્યારે આપણે વર્ષ ૨૦૧૯માં આમાં સુધારો લાવ્યા એમાં ૧૯થી વધુ સુધારાઓ લાવ્યા હતા. એમાં મોનિટરિંગ એડવાઇઝરી કમિટીની રચના કરવામાં આવી હતી. એમાં અપીલની જોગવાઇ કરવામાં આવી હતી. આ કાયદાના મુખ્ય હેતુ બે છે કે જે પણ વેચાણ થાય છે એ વેચાણ એકબીજાની સંમતિથી થાય છે કે નહીં? બીજો મુદ્દો કે જે વેચાણ કર્યું છે એનું પૂરતું અવેજ મળે છે કે નહીં? આ બે બાબત ખરેખર ધ્યાનમાં રાખવી જોઇએ. કાયદાનો મૂળ હેતુ આ હતો. પરંતુ માનનીય મંત્રીશ્રી જ્યારે પણ વાત થાય ત્યારે તમે હિન્દુ-મુસ્લિમની વાત કરો છો. કાયદામાં જે સમય મર્યાદા હતી એ ૩ મહિનાની હતી. એ મિલકત તબદીલીની સમય મર્યાદા વધારવાની જોગવાઇ હતી. વર્ષ ૨૦૧૯માં જૂનો કાયદો હતો

એમાં કલમ–૪ અને ૫ માં જો કોઇ આ કાયદાનું ઉલ્લંઘન કરે તો એને ૩થી ૫ વર્ષની સજાની જોગવાઇ કરવામાં આવેલી. હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે તમે જો આ કાયદો સ્પષ્ટ ઇરાદાથી માત્ર ને માત્ર લોકોની અંદર શાંતિ અને સલામતી સચવાય એ હેતુથી લાવ્યા હોય તો એ આંકડા રજૂ કરે કે વર્ષ ૨૦૧૯થી અત્યાર સુધીમાં આવી કેટલી ફરિયાદો મળી? કોને કેટલી સજા થઇ? માત્ર ને માત્ર પોલિટિકલ મોટીવથી લોકોને ઉશ્કેરવા માટે અને આપણે બહાર શાંતિની વાતો કરીએ અને અહીંયા આપણે અશાંત થઇ જઇએ છીએ. કાયદો રજૂ કરતાં કાયદાની ચર્ચામાં જ આપણે અશાંતિ પેદા કરીએ છીએ તો બહાર ક્યાંથી શાંતિ પેદા થવાની? માનનીય મંત્રીશ્રી આ સુધારા બિલ લઇને આવ્યા છે અને એવું નથી કે માત્ર મુસ્લિમોને જ મકાન આપતા નથી અથવા મુસ્લિમો જ પડાવી લે છે એવું નથી. આજે પણ ઘણી બધી સોસાયટીની અંદર અમુક કોમના લોકો મકાન લેવા જાય તો બિલ્ડરો આપતા નથી. પાટણની અંદર મારી સોસાયટી વાત કરું તો અમારા ૭૫ મકાનો છે તો એ ૭૫ મકાનોમાં ૩ મકાન મુસ્લિમના છે. અમે ૪૦ વર્ષથી એકબીજા સાથે રહીએ છીએ કોઇ વિવાદ નથી. એટલે કાયદામાં આવા સુધારા કરીને લોકોને શાંતિના બદલે અશાંતિ પેદા થાય એવા હેતુથી માનનીય મંત્રીશ્રી તમે આ સુધારો લઇને આવ્યા છો. એટલા માટે માનનીય મંત્રીશ્રી અમે આની સાથે સંમત થતા નથી. માનનીય મંત્રીશ્રી જે સુધારો લઇને આવ્યા છે કલમ–૨ માં તમે વાત કરી છે કે નારાજ થયેલી વ્યક્તિ એટલે કે કલમ–૫ની પેટા કલમ–૩ હેઠળ સ્થાવર મિલકતની જે તબદીલી કરે એના સિવાય પણ થર્ડ પાર્ટી જે એ વિસ્તારમાં રહે છે પણ એ વિસ્તારની પ્રોપર્ટી સાથે કાંઇ લેવા–દેવા નથી તેઓ પણ આની અંદર વિવાદ કરી શકશે અને એનો વાંધો લઇ શકશે. કાયદાની અંદર એક લોકસ સ્ટેન્ડી નામનો એક સિદ્ધાંત છે. તમે કોઇ પણ પિટિશન કરો, કોઇ દાવો કરો તો એમાં તમારો અધિકાર હોવો જોઇએ. આની અંદર તો માનનીય મંત્રીશ્રી મારી મિલકત મારે વેચવી છે અને મારે મારા પાડોશી સાથે મેળ નથી અથવા ઝઘડો થયેલો છે તો એ તરત વાંધો કલેક્ટરમાં રજૂ કરશે તો હું મારી પ્રોપર્ટી વેચી શકીશ નહીં. એટલે આ ગેરબંધારણીય જેની લોકસ સ્ટેન્ડી નથી એનો વાંધો કાયદાકીય રીતે એ ચાલે નહીં, એ ગેરબંધારણીય છે. એટલે માનનીય મંત્રીશ્રી આ સુધારો થવો જોઇએ નહીં. બીજું, કલમ–૪માં નારાજ થયેલ વ્યક્તિને સુનાવણીની તક આપ્યા પછી તેનો વાંધો વિચારણામાં લેવામાં આવશે. માનનીય મંત્રીશ્રી, કાયદા બે પ્રકારના હોય, એક સેન્ટ્રલનો કાયદો અને રાજયનો કાયદો. ભારતનું બંધારણ એવુ કહે છે કે, જયારે સેન્ટ્રલનો કાયદો હોય અને રાજય સરકાર તે કાયદામાં સુધારો કરે અથવા બીજો કોઇ કાયદો બનાવે તો સેન્ટ્રલનો કાયદો એ ઓવરરૂલ થવો જોઇએ નહીં. કેન્દ્રનો કોન્ટ્રાકટ લૉ છે તો એ કરારના કાયદાનો આની અંદર સ્પષ્ટ ભંગ થાય છે કે, વેચનારની અને લેનારની એમ બે લોકોની સંમતિ હોય તો એમાં બીજા કોઇને વાંધો લેવો જોઇએ નહીં અથવા બીજા કોઇને સાંભળવા જોઇએ નહીં. માનનીય મંત્રીશ્રી એટલે આ કલમ પણ ગેરબંધારણીય છે એટલા માટે અમે તેની સાથે સંમત થતા નથી. કલમ–૧૬(ક)ની અંદર માનનીય મંત્રીશ્રી કે જે જોગવાઇ કરી છે તેની અંદર કમિટીની અંદર અધ્યક્ષ એટલે કે કલેકટર જે નિમણૂક કરશે તે માત્ર સરકારી કર્મચારીઓની જ કરશે. દા.ત. અમદાવાદની કોઇ એકસ નામની સોસાયટી હોય તો તેની અંદર વિવાદ થયો તો કલેકટર મામલતદારની નિમણૂક કરશે કે નાયબ મામલતદારની નિમણૂક કરશે પણ તેને શું ખબર કે ત્યાં શું વિવાદ ચાલે છે? ખરેખર તો કાયદાનું ઇમ્પ્લિમેન્ટેશન કરવું હોય તો જે વિસ્તારમાં તમે અશાંત ધારો લાગુ કરવા માગતા હો અથવા જેની પ્રોપર્ટી તબદીલ કરવા માગતા હોય ત્યાંના સામાજિક આગેવાનોને તમારે એ કમિટીની અંદર લેવા જોઇએ તો સાચું તેનું પરિણામ મળે, બાકી સરકારી અધિકારીઓ તો સરકાર કહે તેમ જ કરવાના. એટલે આની અંદર તમે એ સોસાયટીની અંદર રહેતા હોય એવા પ્રતિષ્ઠિત સામાજિક આગેવાનોની પણ નિમણૂક થાય તો સાચી હકીકત શું છે તે સરકાર સુધી પહોંચે અને વેચનારને કે લેનારને સાચો ન્યાય મળે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે કલમ–૧૭ની અંદર જે અશાંત વિસ્તાર હતો તેના બદલામાં નિર્દિષ્ટ વિસ્તાર ખાલી નામની અંદર માનનીય મંત્રીશ્રીએ સુધારો કર્યો છે. માનનીય મંત્રીશ્રી જણાવે કે અશાંત વિસ્તારના બદલે નિર્દિષ્ટ વિસ્તાર એ સુધારો કરવાથી આ કાયદામાં તેનો શું ફાયદો થશે? અથવા તેનું ઇમ્પ્લિમેન્ટેશન સારું કઇ રીતે થશે તે માનનીય મંત્રીશ્રી સમજાવે? આ વિધેયકના ઉદ્દેશો અને કારણોની અંદર પણ સ્પષ્ટ લખ્યું છે કે, રાજયમાં સદરહુ અધિનિયમના અમલીકરણ દરમિયાન એવું ધ્યાન પર આવ્યું છે કે, ઘણા વિસ્તારોમાં અધિનિયમની જોગવાઇનું ઉલ્લંઘન કરીને મિલકતો તબદીલ કરવામાં આવે છે અને અનૈતિક વ્યકિતઓ તેના કારણે મિલકત પર ગેરકાયદેસર કબજો કરે છે. એટલે કાયદામાં જ તમે કહ્યું છે કે, ગેરકાયદેસર કબજો ચાલે છે, ખોટું ચાલે છે અહીં ગૃહ મંત્રીશ્રી એવું કહેતા હોય કે અમે કોઇ ચમરબંધીને છોડવાના નથી ત્યારે આ ગુજરાતમાં બે જ દાદા છે. ગુજરાતમાં હનુમાન દાદા અને ગણપતિ દાદા તો આવા કેવા દાદાઓ પેદા થયા તમારા ૩૦ વર્ષના શાસનમાં કે તમારું શાસન છે અને છતાં પણ તમારે અંદર લખવું પડે કે આ કાયદાનું પાલન થતું નથી. કાયદો બનાવનાર તમે, કાયદાનું પાલન કરાવનાર તમે અને કાયદાનું ઇમ્પ્લિમેન્ટેશન કરી અને સજા કરનાર તમે જ છો. બધું સરકાર કરે છે તો એનો અર્થ એમ થયો કે, ત્રણ જગ્યાએ તમારી ભારતીય જનતા પાર્ટીનું શાસન ત્રીસ વર્ષથી કાયદાનો અમલ કરાવવા માટે સદંતર નિષ્ફળ રહી છે અને તેના લીધે તમે એક બાજુ વાત કરો છો કે સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ. માનનીય મંત્રીશ્રી તમે એક તરફ વિશ્વાસ પેદા કરવા માગો છો અને આ કાયદો લાવી અને તમે સમાજની અંદર અવિશ્વાસનું વાતાવરણ પેદા થાય એવા પ્રયત્નો કરી રહ્યા છે. એટલા માટે આની સાથે અમે સંમત થતા નથી. એમાં એવું પણ લખ્યું છે કે, આવી મિલકતોનો કબજો લેવામાં ચૂક કરે ત્યારે તબદીલી કરનારની મિલકતનું રક્ષણ કરવુ. માનનીય મંત્રીશ્રી, આપણે લેન્ડ ગ્રેબિંગનો કાયદો લાવ્યા. મેં તમને મિલકત વેચી છે અને વેચ્યા પછી હું કબજો ખાલી નથી કરતો તો લેન્ડ ગ્રેબિંગનો કાયદો છે તે મુજબ તેને

જેલની સજા થઇ શકે છે તો એ કાયદા નીચે પણ તમારી કાર્યવાહી થાય. આ કાયદાની અંદર આ બધા પ્રોવિઝન લાવી અને કાયદાને ગૂંચવણભર્યો બનાવવાનો જે પ્રયાસ થઇ રહ્યો છે. અને એની સાથે તમે જે પોલિટિકલ મોટીવ લઇને આવ્યા છો એના માટે અમે સંમત થતા નથી અને આ જે જે કલમોની અંદર સુધારો કર્યો છે એ કલમો ગેરબંધારણીય હોય અમે આને ટેકો આપતા નથી.

શ્રી ચૈતન્યભાઇ મ. દેસાઇ(અકોટા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું આ ગૌરવપૂર્ણ ગૃહમાં ઊભો થઇને ગુજરાત નિર્ધારિત વિસ્તારોમાં અચલ સંપત્તિ હસ્તાંતરણ ઉપર પ્રતિબંધ અને ભાડૂતોને બહાર કાઢવા માટે સુરક્ષા બિલ–૨૦૨૬ને મજબૂત સમર્થન આપું છું.

આ માત્ર કાયદાનો સુધારો નથી. આ ગુજરાતની શાંતિ, સુરક્ષા અને સામાજિક સમરસતાને વધુ મજબૂત બનાવતો દૃઢ સંકલ્પ છે. આપણે ભૂલવું ના જઇએ કે, સન ૧૯૯૧માં આ કાયદો શા માટે લાવવામાં આવ્યો હતો? એ સમયની પરિસ્થિતિમાં નિર્દોષ નાગરિકોને ભય, દબાણ અને બળજબરીથી સંપત્તિ વેચાણથી બચાવવા માટે આ કાયદો જરૂરી બન્યો હતો. આ કાયદો કોઇને દબાવવા માટે નથી પરંતુ નિર્દોષ નાગરિકોના રક્ષણ માટે છે. ગુજરાત રાજય હંમેશા શાંતિ, વિકાસ અને સુશાસન માટે જાણીતું છે. સરકારનો મુખ્ય હેતુ હંમેશા પ્રજાના હિત અને સલામતીની જાળવણી માટે રહ્યો છે. આજે જે સુધારો આ બિલમાં લાવવા જઇ રહ્યા છીએ એ પણ આજ દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. અશાંત ધારાને હું ગુજરાતમાં શાંતિ સ્થાપક ધારો કહીશ તો એ અતિશયોકિત નહીં કહેવાય કારણ કે જયારે અશાંતધારો અસ્તિત્વમાં ન હતો ત્યારે કેટલાક ચોકક્સ તત્ત્વો દ્વારા શહેરના કોઇ ચોક્કસ વિસ્તારોને ટાર્ગેટ બનાવી ત્યાં કોઇ એક જ ચોક્કસ કોમના લોકોની મિલકતો ખરીદી, ભાડે રાખી અને જે તે કોમના લોકોની આક્રમક રીતે બહુમતી બનાવી પોતાનો દબદબો ઊભો કરી અને ત્યાં રહેતા અન્ય સાધારણ લોકો કે જેમાં આ ચોક્કસ કોમના લોકો પણ સમાવિષ્ટ છે તેઓને હેરાન પરેશાન કરી અને ત્યાંથી આવા સાધારણ લોકોને પલાયન કરવા માટે મજબૂર કરતા હતા. ભૂતકાળમાં ગુજરાતમાં વારંવાર કોમી રમખાણો, હુલ્લડો અને વારંવાર કર્ફ્યુ પણ લાદતા હતા જેના કારણે ગુજરાતમાં વેપાર ધંધા અને આર્થિક વિકાસ ઉપર ઘણી મોટી નકારાત્મક અસર થતી હતી અને તેના કારણે ગુજરાતના વિકાસની ગતિ ખૂબ ધીમી પડી જતી હતી. તદઉપરાંત આવા કોમી રમખાણો અને કર્ફ્યુ માટે પોલીસ અને અન્ય વ્યવસ્થા માટે સરકારને ઘણો મોટો ખર્ચ કરવો પડતો હતો, જે નાણાં વિકાસનાં કામમાં લગાવવાને બદલે અન્ય જગ્યાએ શાંતિ લાવવા માટે વાપરવા પડતાં હતાં. આવી પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખી સરકાર દ્વારા અશાંતધારો લાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને અશાંત ધારાના નિર્ણય પછી આ નકારાત્મક પ્રવૃત્તિઓ લગભગ મોટા પ્રમાણમાં બંધ થવા લાગી હતી. સમાજમાં શાંતિ જળવાઇ રહે અને કોઇ પણ વ્યકિતને તેની મિલકત અંગે અન્યાય ન થાય તે માટે આ કાયદામાં સુધારો કરવાની જરૂરિયાત અનુભવાઇ છે. આજે હું આ ગૃહ સમક્ષ જે સુધારા બિલ રજૂ થયું છે એ માત્ર કાયદામાં ફેરફાર કરવા માટે નથી પરંતુ રાજયમાં શાંતિ, સલામતી અને પ્રજાના હિતને વધુ મહત્ત્વના બનાવવા માટે છે. ઘણીવખત એવી પરિસ્થિતિ ઊભી થાય છે કે, લોકો પર દબાણ કરીને મિલકતની તબદીલી કરવામાં આવે છે અટકાવવા માટે આ સુધારા બિલ લાવવામાં આવ્યું છે. આ બિલમાં નારાજ થયેલી વ્યકિતની વ્યાખ્યા વિસ્તૃત કરવામાં આવી છે. પહેલા આ વ્યાખ્યા માત્ર મિલકત ખરીદનાર અને વેચનાર સુધી મર્યાદિત હતી, પરંતુ હવે તે વિસ્તારમાં રહેતા અન્ય લોકો પણ જો આ પ્રકારે પ્રભાવિત થતા હોય તો તેઓ પણ પોતાની રજૂઆત કરી શકશે. આથી કાયદો વધુ પ્રજાલક્ષી અને ન્યાયસંગત બનશે. સરકારને જ્યારે લાગે કે કોઇ વિસ્તારમાં તણાવ છે અથવા જાહેર વ્યવસ્થા બગડવાની શક્યતા છે ત્યારે તે વિસ્તારને નિર્દિષ્ટ વિસ્તાર જાહેર કરી શકાશે. એનો હેતુ સમસ્યા સર્જાયા પછી કાર્યવાહી કરવાનો નથી પણ સમસ્યા સર્જાય તે પહેલાં સાવચેતી રાખવાનો છે. નિર્દિષ્ટ વિસ્તારમાં મિલકતની તબદીલી કરવા માટે કલેક્ટરની પૂર્વ મંજૂરી લેવી પડશે. કલેક્ટર તપાસ કરશે કે મિલકતની તબદીલી સ્વૈચ્છિક છે કે નહિ, યોગ્ય કિંમત છે કે નહિ અને સાથે સાથે સમાજમાં કોઇ તનાવ સર્જાય તેમ છે કે કેમ? આ તમામ બાબતોની તપાસ કર્યા પછી જ મિલકતની તબદીલી મંજૂર કરવામાં આવશે. આ બિલમાં દેખરેખ અને સલાહકાર સમિતિની પણ જોગવાઇ કરવામાં આવી છે. આ સમિતિ સરકાર અને સમાજ વચ્ચે એક સેતુ તરીકે કામ કરશે અને યોગ્ય સલાહ આપશે. આથી નિર્ણય પ્રક્રિયામાં પારદર્શિતા આવશે અને લોકોનો વિશ્વાસ વધશે. સમાજ માત્ર ઇમારતોનો સમૂહ નથી પણ સમાજ એ લોકો વચ્ચેનો વિશ્વાસ છે અને શાંતિથી જીવવાની ભાવના છે. સરકારનું સૌથી મોટું કામ માત્ર વિકાસ કરવાનું નથી પણ લોકો સુરક્ષિત અને નિર્ભય રીતે રહી શકે એવું વાતાવરણ ઊભું કરવાની જવાબદારી સરકારની બને છે. ગુજરાત હંમેશા શાંતિ અને વિકાસના માર્ગે આગળ વધી રહ્યું છે અને આ સુધારા બીલ પણ એ જ દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. આ બિલનો હેતુ દરેકને સુરક્ષા અને ન્યાય આપવાનો છે. આ બિલ સમાજમાં વિશ્વાસ, શાંતિ અને સલામતી જાળવવા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. મને વિશ્વાસ છે કે આ ગૃહના તમામ સભ્યો આ બિલને સમર્થન આપશે અને ગુજરાત રાજ્યની પ્રજાના હિતમાં આ બિલ પસાર કરવામાં સહયોગ આપશે. ભારત માતાકી જય, જય જય ગરવી ગુજરાત.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક – ૧૮ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં અને આપણા ગુજરાતમાં હજારો વર્ષોથી હિન્દુ અને મુસ્લિમ સાથે વસવાટ કરે છે. હું જે સોસાયટીમાં રહું છું એ સોસાયટીમાં ત્રણથી ચાર મુસ્લિમ પરિવારોના મકાનો પણ આવેલા છે. એ ઓછામાં ઓછા ૪૦થી

૫૦ વર્ષથી ત્યાં વસવાટ કરે છે. આ બિલમાં કલમ–૧૭માં અશાંતધારાનું નામ બદલવાની વાત કરવામાં આવી છે અને કલમ–૩માં દેખરેખ અને સલાહકાર સમિતિની વાત કરવામાં આવી છે પણ આ સમિતિમાં કોણ રહેશે? તો એમાં સરકારના પ્રતિનિધિ કલેક્ટર હોય, એસ.ડી.એમ. હોય એ એના અધ્યક્ષ છે અને સરકારી અધિકારીઓ એના સભ્ય હોય છે પણ ખરેખર તો સમિતિના અધ્યક્ષ સ્થાનિક ધારાસભ્ય કે સંસદસભ્યને બનાવવા જોઈએ. જેથી કરીને એનો અસરકારક અમલ થાય. બીજું કે દરેક નાગરિકને પોતાની મિલકત લેવાનો અને વેચવાનો અધિકાર સંવિધાને આપેલો છે. આ સુધારા વિધેયકમાં માલિકીના અધિકાર ઉપર અતિશય હસ્તક્ષેપ થતો હોય તેવું જણાય છે. હું ઉદાહરણ તરીકે એક વાત કરું તો, તાજેતરની એક ઘટના છે. થોડા સમય પહેલાં ભાવનગરના એક મહિલા એસ.ડી.એમ.ના ડ્રાઇવરનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ થયો. ભાવનગર શહેરના અશાંત વિસ્તારની મિલકત વેચાણ માટેની પૂર્વ મંજૂરીની વાત કરવામાં આવે છે. ''હું તમને પૂર્વ મંજૂરી અપાવી દઇશ, તમે મને ૧૦ લાખ રૂપિયા આપો. મેડમ સાથે વાત થઇ ગઇ છે.'' હું આપના મારફત કહેવા માગું છું કે, અધિકારીઓને સત્તા આપી છતાં કાયદાનું પાલન થતું નથી. આપણો મૂળ હેતુ શાંતિ અને સલામતીનો છે. એક સમાજ બીજા સમાજની વચ્ચે ન આવે, એક સમાજ બીજા સમાજની મિલકત ખરીદી કે પચાવી ન પાડે, ઝઘડો ન થાય, કોમવાદ ન થાય, તે આપણો મૂળ હેતુ છે. આપણે જે અધિકારીઓને સત્તા આપી છે તેના ઉપર કન્ટ્રોલ શું? તે વિશે કાયદામાં કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. જે મહિલા એસ.ડી.એમ.ના ડ્રાઇવરે મિલકતની પૂર્વ મંજૂરી માટે ૧૦ લાખ રૂપિયાની માગણી કરી તો તેમાંથી શીખ લઇને કાયદામાં નવું સંશોધન કેમ ન કર્યું? અધિકારીઓ લાંચ માગશે તો તેની ઉપર કાર્યવાહી કરીશું કે આ સમિતિના અધ્યક્ષ ધારાસભ્ય કે સંસદસભ્યને બનાવવા જોઇએ. કારણ કે લોકોની વાચાનો તેને ખ્યાલ હોય છે. કલેક્ટર કે એસ.ડી.એમ.ને ન ખબર હોય. તેને ક્યાં મત લેવા જવા છે તો એ પ્રજાની વેદના સમજતો હોય, તેને તો પૈસા જ લેવાની વાત કરવાની હોય. ક્યાં સુધી આપણે હિન્દુ–મુસ્લિમ કરીશું? દુનિયા ક્યાં પહોંચી? વિદેશીઓ ચંદ્ર અને મંગળ ઉપર પહોંચી ગયા અને આપણે હિન્દુ–મુસ્લિમ કરીએ છીએ. મારો કહેવાનો મતલબ છે કે, જે રીતે અત્યારે આપણો સમય ચાલી રહ્યો છે, જે રીતે વિશ્વમાં વાતાવરણ બદલાઇ રહ્યું છે તેમાં જો અત્યારથી આપણા ગૃહમાં અશાંતધારાની ચર્ચા કરીશું, ગૃહમાં હિન્દુ–મુસ્લિમની ચર્ચામાં સમય બગાડવા કરતાં અત્યારે બધાએ એક થવાની જરૂર છે. મારે બીજું કંઇ કહેવું નથી. જે રીતે અત્યારે ખરેખર દુનિયામાં જુઓ તો દુનિયામાં કેવા પ્રકારની પરિસ્થિતિ બદલાઇ રહી છે, આની સીધી અસર આપણા દેશ ઉપર અને ભવિષ્યમાં ગુજરાત ઉપર આવવાની છે. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, આ કાયદામાં જે પણ નાની મોટી ક્ષતિઓ રહી છે તેને તાત્કાલિક સુધારવામાં આવે અને આ કમિટીમાં ધારાસભ્ય અથવા સાંસદસભ્યને અધ્યક્ષ બનાવવામાં આવે. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને એ પણ કહેવા માગું છું કે, જે કોઇ આવા લાંચિયા અધિકારીઓ હોય, જે અશાંતધારા વિસ્તારની મિલકતો ટ્રાન્સફર કરવા માટે લાંચ માગવાની હિંમત કરતા હોય તો તેના ઉપર પણ ચોક્કસ પ્રકારની કાર્યવાહી કરવાની જોગવાઇ આ બિલમાં કરવામાં આવે.

શ્રી અરવિંદ શાં. રાણા(સુરત–પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧૮ ગુજરાત અશાંત વિસ્તારમાંની સ્થાવર મિલકતોની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારમાંની જગ્યાના ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબતનું સુધારા વિધેયક માનનીય મંત્રીશ્રીએ રજૂ કર્યું છે એના અનુમોદન સાથે હું મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો મતવિસ્તાર જે છે એ ખૂબ જ સંવેદનશીલ છે અને મારા મતવિસ્તારનો લગભગ સો ટકા હિસ્સો એટલે કે સંપૂર્ણ હિસ્સો એ અશાંતધારા હેઠળ આવેલો છે. આપ તો સુરત પશ્ચિમ વિધાનસભામાં ચૂંટાયેલા જે–તે વખતે ધારાસભ્ય હતા અને તમે પણ ખૂબ જ મહેનત કરીને મારા મતવિસ્તારની પરિસ્થિતિ જોઇને આપે પણ ખૂબ મહેનત કરી હતી. મારો સંપૂર્ણ મતવિસ્તાર અશાંતધારામાં આવે તે માટે આપે પણ ખૂબ પ્રયત્ન કર્યો હતો તે માટે આપનો આ માટે ખૂબ ખૂબ આભાર માનું છું. ખાસ કરીને જ્યારે આ સંપૂર્ણ વિસ્તાર અશાંતધારામાં આવ્યો ત્યારે આ વિસ્તારના લોકોને એવી ખાતરી હતી કે હિન્દુ–મુસ્લિમ પરિવાર પોતાના ધંધા–રોજગાર સુલેહ–શાંતિથી પોતપોતાના રીત–રિવાજો, ઉત્સવો, યજ્ઞ, પોતાના મજહબ પ્રમાણે, વિધિ–વિધાન પ્રમાણે શાંતિથી રહી શકશે અને સુરક્ષિત રહી શકશે એવો વિશ્વાસ બધાને હતો. પરંતુ, હું કેટલીક બાબતો છે કે, જેમાં આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું. હું વર્ષ ૨૦૧૭માં ચૂંટાયો અને ધારાસભ્ય બન્યો ત્યારથી મારા મતવિસ્તારમાં મારી કાયમી અને વારંવારની રજૂઆત હતી કે હિન્દુ વિસ્તારમાં વિધર્મીઓ દ્વારા મિલકત ખરીદી કરીને ખોટી રીતે કોઇ પરવાનગી આપવામાં નહીં આવે પરંતુ કેટલાક કિસ્સાઓમાં જે પરિસ્થિતિ બની છે એ પરિસ્થિતિમાં હું સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે આજુબાજુના રહેવાસીઓની સંમતિ વગર વિધર્મીઓની ઘણી મોટી મિલકતોને ખોટી રીતે સુરતના કલેક્ટરશ્રી દ્વારા આજુબાજુના કે સામસામેના રહેવાસીઓની મંજૂરી કે સંમતિ વગર આડેધડ મંજૂરી આપી હોવાથી જે સરકારનો કાયદો હતો કે સરકારશ્રીએ જે વચન આપ્યું હતું કે લોકો શાંતિથી અશાંતધારા વિસ્તારમાં પોતપોતાના ધર્મ સાથે રહી શકશે. પરંતુ તેના લીધે પરિસ્થિતિ એવી થાય છે કે, મારા મતવિસ્તારમાં હિન્દુ પરિવારવાળો સામે ચાલીને એ વિસ્તાર છોડી દેવાનો અને અનિચ્છનીય સ્થળાંતર કરવાનું અને હિજરત કરવાનું એ લોકોએ મુનાસીફ માનેલું છે. આ અંગેનો જીવતો–જાગતો એક પુરાવો તા.૨૬–૦૨–૨૦૨૬ના રોજ મારા મતવિસ્તારના સિટી સર્વે વોર્ડ નં.૩ના વિસ્તારના અરલીનો ટેકરો વિસ્તાર, નવી સડક, કણબી શેરી, ભાટની પીઢ, મણીવૈદ્યનો ખાંચો, કરવારોડ અને નાગરદાસની શેરીના કેટલાક હિન્દુ પરિવારના રહેવાસીઓએ

સુરતના કલેક્ટરશ્રી અને પોલીસ કમિશનરશ્રી સમક્ષ હિન્દુ વિસ્તારમાં વિધર્મી લોકોને અશાંત ધારાની પરમિશન આપવા માટે આવેદનપત્ર આપીને રજૂઆત કરવામાં આવી. આ ખૂબ જ ચિંતાનો વિષય છે. આ હકીકત બનવા પાછળનું કારણ મારી સાથે હિન્દુ અને મારા સમાજના જ અગ્રણીઓ દ્વારા તા.૧૨-૦૨-૨૦૨૬ના રોજ કલેક્ટરશ્રીને એક આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને એ આવેદનપત્રમાં વોર્ડ નં. ૩ નોંધ નં. ૭૫૪ વાળી મિલકત હિન્દુ વ્યકિત દ્વારા વિધર્મીને વેચાણ આપવાના સંદર્ભમાં આ વિસ્તારના ધારાસભ્ય તરીકે મેં પોતે લોકોની રજૂઆતથી લેખિતમાં વાંધો આપ્યો હતો અને આ મિલકતની બાજુમાં જ રહેતાં મારા રાણા સમાજના પ્રમુખ નવીનભાઇ જરીવાલા સહિત સ્થાનિક રહેવાસીઓના વિરોધ થતાં તેઓની રજૂઆત સાંભળ્યા વગર આ પ્રશ્નવાળી મિલકતની બાજુમાં મસ્જિદે માઝમ આવી છે એવું ખોટું અર્થઘટન વિધર્મીના લાભમાં આવું તારણ કરીને આ મિલકતને અશાંતધારાની પરમિશન આપવામાં આવી. તેની સામે લોકોનો જબરજસ્ત વિરોધ હતો કારણ કે આ મિલકતની બાજુમાં મંદિર હતું અને એ મંદિરનો ઉલ્લેખ તો ખરો, પરંતુ સાથે બાજુમાં મસ્જિદ છે, આવી કોઇ મસ્જિદ ના હોવા છતાં આ રીતે મંજૂરી આપવામાં આવી. આ અંગે કલેકટરશ્રીની તારીખ ૨૧-૦૨-૨૦૨૬ની સંકલન સમિતિમાં મેં રજૂઆત કરી હતી. એ પહેલાં મેં પોલીસ કમિશનરશ્રીને રજૂઆત કરી હતી. પોલીસ કમિશનરશ્રીએ પણ મારી રજૂઆતને ધ્યાનમાં રાખીને સ્થળ ઉપર ડેપ્યુટી પોલીસ કમિશનરશ્રીને મોકલીને સ્થળ તપાસ કરાવી ત્યારે ખબર પડી કે એ જગ્યાએ કોઇ મસ્જિદ ન હતી. આવી વાત જ્યારે પોલીસ કમિશનરશ્રીએ, કલેકટરશ્રીને મિટિંગમાં કરી તો એમણે મને વિશ્વાસ આપ્યો કે એસ.એસ.આર.ડી.માં આ કેસ ફરીથી રિવ્યૂ કરાવીને, આ પરમિશન રદ કરવા માટેની ખાતરી આપી છે. પરંતુ, એક વખત કલેકટરશ્રી આવો ઓર્ડર કરી નાંખે પછી એસ.એસ.આર.ડી.માંથી એને ફરીથી રી-ઓપન કરાવી શકાય એવી કોઇ જોગવાઇ આ કાયદામાં નથી. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આવી પણ કોઇ જોગવાઇ આમાં હોવી જોઇએ. કલેકટરશ્રીને પાછળથી એવી ખબર પડે કે આ ખોટી પરમિશન અપાઇ છે તો એ રિવ્યુ કરીને પણ એમાં ફેરવિચારણા કરી શકે. ખરેખર અમારા વિસ્તારમાં જે સો ટકા વિસ્તાર અશાંતધારામાં આવેલ છે, તેમાં હિન્દુ વિસ્તારમાંથી કોઇ વિધર્મી પરિવાર જો આવી મિલકતની ખરીદી કરવા માટેની માગણી કરે ત્યારે લગભગ ૮૦ ટકા કિસ્સામાં મામતલદાર કચેરીમાંથી હકારાત્મક અભિપ્રાય આવે છે. હિંદુ વિસ્તારમાં વિધર્મી પરિવારની મિલકત ટ્રાન્સફર કરવાની બાબતમાં આવા હકારાત્મક અભિપ્રાય કેવી રીતે આપી શકાય?

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી વિધર્મી કેમ કહે છે? મુસ્લિમ કહો. મુસ્લિમ કહો. વિધર્મી ના કહો.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, આપ બેસો. (અંતરાય) માનનીય સભ્યશ્રી, આપ બેસો.(અંતરાય) કાયદામાં એક વ્યકિત અને બીજી વ્યકિતની બાબત છે, એમાં ધર્મ સાથે કોઇ લેવાદેવા નથી. આપણે ત્યાં બધા જ ધર્મના લોકો રહે છે. માનનીય ઇમરાનભાઇ, એવી વાત ના કરશો. દરેક ધર્મના લોકો શાંતિથી રહે છે.

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, આ અંગે એક તપાસ કરવી જોઇએ. જે વિસ્તારમાં સો ટકા હિન્દુ વિસ્તાર હોય અને એમાં કોઇ વિધર્મી પરિવાર આવી રીતે માગણી કરે ત્યારે મામલતદારશ્રી સ્થળ ઉપર તપાસ કર્યા વગર ૮૦ ટકા કિસ્સામાં આવો હકારાત્મક અભિપ્રાય આપે છે અને કેટલાક કિસ્સામાં આપતા નથી એમાં આર્થિક લેવડદેવડ ના થાય એવા સંજોગોમાં એ આપતા નથી, એવો પણ મારો સ્પષ્ટ આક્ષેપ છે. આની તપાસ થવી જોઇએ. હિન્દુ વિસ્તારમાં વિધર્મીઓ દ્વારા મિલકત ખરીદી કરવામાં આવે છે ત્યારે મારા વિસ્તારમાં વિધર્મીઓ દ્વારા ૫૦ ટકા જેટલી રકમ આપવામાં આવે છે અને ત્યારપછી એનો કબજો લખાવી લેવામાં આવે છે. કબજો લખાવી લેવામાં આવે ત્યારબાદ અશાંતધારાની મંજૂરી મળે ત્યારે બાકીની રકમ આપીશું એવું કહે છે પરંતુ એ દરમિયાનમાં આખી મિલકત જમીનદોસ્ત કરી દેવામાં આવે છે. પાછળથી જ્યારે એને પરમિશન મળતી હોય છે કે નથી મળતી, મળતી હોય તો જુદી વાત છે પણ જો ના મળે અને હિન્દુ પરિવારને ફરીથી મિલકત પાછી લેવી હોય, પૈસા પાછા પણ આપવા હોય પરંતુ એ મિલકત જમીનદોસ્ત થઇ જાય છે એ સ્થિતિમાં મૂળ પરિસ્થિતિમાં આવી શકતા નથી. મારા વિસ્તારમાં વિધર્મીઓને અશાંતધારાની મંજૂરી મળે તો આજુબાજુની મિલકતો તેઓ ખરીદી લે છે. એકાદ મિલકત પણ જો એને મળી જાય તો આજુબાજુની મિલકતો વધારે કિંમત આપીને ખરીદે છે. એમાં વકીલ અને ત્યાંના સ્થાનિક દલાલો દ્વારા કલેકટર વિભાગમાં આર્થિક વહેવાર કરીને, આજુબાજુ કે સામસામેના રહેવાસીઓની જાણ બહાર, એમની સંમતિ વગર તેમને અશાંતધારાની મિલકત મળી જાય છે અને મોટામોટા એપાર્ટમેન્ટ બનાવી દે છે. વર્ષોથી રહેતા સ્થાનિક હિન્દુ પરિવારોને આ વિધર્મીઓ ત્રાસ આપે છે. હિન્દુ તહેવારો હોય, નવરાત્રિ હોય, હોળી હોય કે અન્ય તહેવારોમાં ખોટા ઘર્ષણ ઊભા કરીને પોલીસ બોલાવીને ત્રાસ આપવામાં આવે છે. વર્ષોથી રહેતા હિન્દુ પરિવાર પોતાના ભરણપોષણ માટે કુટિર ઉદ્યોગ કે નાના મોટા કામ કરતા હોય એમાં આ નવા વિધર્મીઓ ઘોંઘાટનું બહાનું કાઢે છે અને પોલીસ ફરિયાદ કરે છે. કોર્પોરેશનમાં ફરિયાદ કરે છે. કેટલાક કિસ્સામાં કોર્ટ કેસો પણ થયા છે. આમ કરીને સ્થાનિક હિન્દુ રહેવાસીઓને માનસિક ત્રાસ આપવાના અવાર-નવાર કિસ્સાઓ બન્યા છે. આમ, થવાથી હિન્દુ રહેવાસીઓને સરકારી તંત્ર ઉપર વિશ્વાસ રહ્યો નથી. જ્યાં મસ્જિદ નથી ત્યાં મસ્જિદ બતાવીને એવું કારણ આપીને અશાંતધારાની મંજૂરી આપવામાં આવે છે. આજુબાજુના કે સામસામેના રહેવાસીઓની જાણ બહાર તેઓની સંમતિ વગર અશાંતધારાની મંજૂરી મળી જાય છે અને વિધર્મીઓ એપાર્ટમેન્ટ બનાવી વિધર્મીઓના પરિવાર સાથે રહેવા આવી જાય અને એવા સંજોગોમાં સ્થાનિક લોકોને જીવવાનું

દોહ્યલું બની જાય છે. સ્થાનિક જે રહેવાસીઓ છે, જે હિન્દુ પરિવારો, બાકી રહી ગયેલા પરિવારોને હિજરત કરવાની પ્રક્રિયા ચાલે છે. આ ખૂબ જ ગંભીર બાબત છે. એટલા માટે હું આ સભાગૃહનું ધ્યાન દોરું છું કે...(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય અરવિંદભાઇ, આ આખા ધારામાં એક સમુદાય અને બીજા સમુદાયની વાત છે. ક્યાંય કોઇ ધર્મની વાત નથી. આપની જાણકારી માટે.

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, આ કિસ્સામાં કલેકટર પાસે થોડી માહિતી માગી કે નવાપુરા વિસ્તારમાં આવેલા અલીનો ટેકરો, નવીશેરી, કન્ડીશેરી, ભાટની પીઠ અને મણીવૈદ્યનો ખાંચો, કરવા રોડ, નાગરદાસની શેરી જે વિસ્તાર છે એ સંપૂર્ણ હિન્દુ વિસ્તાર છે. એ વિસ્તારમાં વર્ષ ૨૦૧૭ પછી કેટલી મિલકતો વિધર્મીઓને ટ્રાન્સફર કરવાના ઓર્ડર થયા અને આ વિસ્તારમાં કેટલી જગ્યાએ મંદિર છે અને કેટલી જગ્યાએ મસ્જિદ છે? મને માહિતી મળી કે વર્ષ ૨૦૧૭ પછી આ માત્ર ૬ ગલીની વાત છે અને એમાં ૩૬ મિલકતમાં વિધર્મીઓને મંજૂરી આપવામાં આવી. એકપણ ગલીમાં કોઇ મસ્જિદ નથી, દરેક જગ્યાએ મંદિરો છે. ત્યાં ૭ જેટલા મંદિરો હોવાનો કલેકટરશ્રીએ લેખિતમાં જવાબ આપ્યો છે. કહેવાની વાત એ છે કે આજુબાજુના લોકોને ખબર પડતી નથી. સામસામેના રહેવાસીઓને ખબર પડતી નથી અને બહારથી ડાયરેક્ટ કલેકટર કચેરીમાંથી વહેવાર થાય છે એના આધારે વિધર્મી પરિવાર રહેવા આવી જાય છે અને સ્થાનિક લોકોને તકલીફ પડે છે. આ સંજોગોની અંદર મેં કલેકટરશ્રીને એવી રજૂઆત કરી અને આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પણ વિનંતી કરું છું કે આખા રાજ્યમાં આવી પરિસ્થિતિ હશે તો કલેકટરો આવી મિલકત ટ્રાન્સફર કરવાની પ્રક્રિયામાં કલેકટર કચેરીમાં બોર્ડ મૂકવામાં આવે. મેં રજૂઆત કરી હતી કે હિન્દુ વિસ્તારમાં વિધર્મી દ્વારા કોઇપણ મિલકતની અશાંતધારાની મંજૂરી માટેની રજૂઆત આવે ત્યારે લોકો વાંચી શકે તેવા શબ્દોમાં ખરીદનાર પાર્ટી દ્વારા નક્કી કરેલી સાઇઝ મુજબનું એક ગુજરાતી ભાષામાં બેનર કે બોર્ડ લગાવવામાં આવે. જેમાં મિલકતના મૂળ માલિકનું નામ, મિલકત ખરીદનાર વ્યક્તિનું નામ, અશાંતધારાની એ.ટી.એસ. નંબરની વિગત, અશાંતધારાની પરમિશન માટેની રજૂઆતની તારીખ અને આજુબાજુના સ્થાનિક લોકોએ જો વિરોધ કે વાંધો રજૂ કરવો હોય તો સક્ષમ અધિકારીનું નામ અને તેનું સરનામું તેમજ તેની મુદ્દત અને કઇ જગ્યાએ અરજી કરવી જોઇએ એનું જો એક બોર્ડ મૂકવામાં આવે તો સ્થાનિક કે આજુબાજુના રહેવાસીઓને એની માહિતી મળે અને એક પારદર્શક વહીવટ આપણે કરી શકીએ. અશાંતધારાનો કડક અમલ કરાવવો હોય તો આવું બેનર કે બોર્ડ લગાવવાની ગાઇડલાઇન રાજ્યભરમાં આપવાની માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. આ જે બિલ આવ્યું છે એને સર્વાનુમતે અનુમોદન મળે એવી સભાગૃહને વિનંતી કરું છું. એક શાયરીથી મારી વાત પૂરી કરું છું.

अंगारों के खेतों में फूलों का बाग़ीचा मेरा,कारीयों की छतों में बैठी चिडिया मेरी,कैसे सोता रहुं सुकुन और चैन की नींद,ज़लीमों की बस्ती में रहेती बिटीया मेरी।

થેન્ક યુ.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, સલામત અને શાંત ગુજરાતના દાવા કરતી આ સરકાર વિધાનસભા ગૃહમાં અશાંતધારા પર ચર્ચા કરી રહી છે. એના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અશાંતધારા પર મારા અગાઉના સભ્યશ્રીઓએ ખૂબ લંબાણપૂર્વક વાત કરી. આ કોઇ કોમ્યુનલ, કોઇ કોમના આધારે આ ધારો નથી. એ અશાંતધારો લાગુ કેમ થયો? એ લાગુ થયા પછી આજની પરિસ્થિતિ જોઇએ અને ધારાસભ્ય મિત્રોએ પોતાની લાગણી, પોતાની વ્યથા પોતાની પરિસ્થિતિ આ વિધાનસભાગૃહ સમક્ષ જ્યારે મૂકી છે ત્યારે મારી પાર્ટીમાંથી પહેલા ખાલી બે સભ્યશ્રી ઇમરાનભાઇ અને ડો.કિરીટભાઇને બોલવાની મંજૂરી આપી હતી. જે રીતે માનનીય મંત્રીશ્રી શરૂઆતમાં જ્યારે આ સુધારા વિધેયકને રજૂ કરી રહ્યા હતા ત્યારે આ વિધયેક, આ અશાંતધારો ખાલી અમદાવાદ શહેર માટેનો જ ના હોય. અમદાવાદ શહેરના અમુક વિસ્તારોની એમના પ્રવચનમાં એમણે વાત કરી. ખાસ કરીને મારી વિધાનસભા દાણીલીમડાની પણ વાત કરી. એમની વાત મૂકવાનો એમને અધિકાર છે અને વાત એમણે મૂકી. માનનીય મંત્રીશ્રી આપના ધ્યાનમાં વાત મૂકવા માગુ છું કે અશાંત ધારાની આ ચર્ચા આ ગજરાત વિધાનસભાનાગૃહની અંદર થઇ રહી છે એ સમગ્ર ગુજરાત રાજ્યની થઇ રહી છે. ફક્ત અમદાવાદ શહેરની થઇ રહી નથી. આપે આપની શરૂઆત જે કરી હતી એ શરૂઆતમાં ફક્ત અમદાવાદ શહેરના અમુક વિસ્તારોને ટાંક્યા હતા. આપના ધ્યાનમાં બીજી પણ એક વાત મૂકું છું કે દરેક બાબતમાં ગુજરાત અવલ નંબર વન કહેનારી ભારતીય જનતા પાર્ટીની આ સરકાર અને એ સરકારમાં બેઠેલા તમામ ધારાસભ્યશ્રીઓ સાંભળે કે શાંતિ અને સલામતીની વાત કરનારી ભારતીય જનતા પાર્ટીની આ સરકાર સમગ્ર રાજ્ય અને સમગ્ર દેશની અંદર ગુજરાત એક એવું રાજ્ય છે કે જેમાં અશાંતધારો લાગુ છે બાકી કોઇ પણ રાજ્યમાં અશાંતધારો લાગુ નથી. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : કોઇ વચ્ચે કોમેન્ટ ના કરે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ ભાજપના ૩૦ વર્ષના વહીવટનું આ સૌથી મોટામાં મોટું ઉદાહરણ છે. વર્ષ ૧૯૮૫-૮૬માં જ્યારે અનામત આંદોલનો થયા પછી એ આંદોલનો કોમ્યુનલમાં ફેરવાઇ ગયા પછી લોકોને ત્યાં ભય લાગ્યો અને ભયને આધીન લોકો મકાનો વેચવા માટે મજબૂર થયા. ધીમે ધીમે વર્ષ ૧૯૮૬માં તા.૨૯/૧૦/૧૯૮૬ના દિવસે એ અશાંતધારા વિસ્તાર તરીકે અમલમાં મૂકવામાં આવ્યો છે અને વર્ષ ૧૯૮૬નો અશાંતધારો વર્ષ ૧૯૯૧માં તા.૧/૧૨/૧૯૯

થી બહાર પાડવામાં આવ્યો અને ત્યાર પછી એમાં સુધારા આવતા ગયા અને એની પરિસ્થિતિ બદલાતી ગઇ. અશાંતધારામાં સ્વાભાવિક છે કે શહેરમાં રહેતા લોકો છે એમની વિધાનસભામાં સ્વાભાવિક છે કે બે કોમ્યુનિટી રહેતી હોય અને એ બે કોમ્યુનિટીના લીધે સ્વાભાવિક છે કે કોઇ દિવસ સંઘર્ષ કે ઘર્ષણ થયું હોય કે કોઇ પરિસ્થિતિ એવી પેદા થઇ હોય પણ સરકારને હું એટલું જ કહેવા માગું છું કે આટલા બધા ધારાસભ્યશ્રીઓએ પોત–પોતાની હૈયાધારણાની વાત કરી. જો રાજ્યમાં અશાંતધારો લાગુ છે તો, કલેક્ટરને જો પાવર આપેલા છે તો એવી કઇ ત્રૂટી કે ક્ષતિ રહી ગઇ કે તમારે ફરી પાછો આ અશાંતધારો લાવવો પડ્યો? એવી તો કઇ ક્ષતિ રહી ગઇ કે તમારે ફરી પાછો આ અશાંતધારો લાવવો પડ્યો? અશાંતધારો લાવ્યા ત્યારે હતું કે કોમ્યુનલ તોફાનો થાય છે. રાજ્યમાં વસતો નાગરિક એ સલામત નથી. પોતે ભયની ભીતિ અનુભવે છે. પોતે એક કોમથી બીજી કોમથી ડરી રહ્યો છે. અને ડરના કારણે પોતાના મકાનો વેચીને ભાગી રહ્યો છે. વારંવાર તોફાનો થાય છે, વારંવાર કર્ફ્યું નંખાય છે અને ગુજરાત એક ભયના વાતાવરણમાં જીવી રહ્યું છે આવો માહોલ તે વખતે હતો ત્યારે આ અશાંતધારો લાવ્યા હતા. અત્યારે આવી પરિસ્થિતિ નથી તે આપણે બધા જાણીએ છીએ. એ વસ્તુ જુદી છે કે આપણે દાવો કરીએ કે તોફાનો થયા નથી, કર્ફ્યું નંખાયો નથી પણ વર્ષ–૨૦૦૨માં થયેલા તોફાનોથી આપણે બધા પરિચિત જ છીએ. વર્ષ–૨૦૦૨માં જયારે કોમી તોફાનો થયાં હતાં તો સરકાર કોની તે આપણે સૌ જાણીએ છીએ. અક્ષરધામ ઉપર હુમલો થયો હતો ત્યારે સરકાર કોની હતી આપણે સૌ જાણીએ છીએ. હું કોઇ રાજકીય અવલોકન નથી કરતો પણ આ ધારો લાવવાનો મુખ્ય હેતુ એ હતો કે એક કોમથી બીજી કોમના રક્ષણ માટેનો આપણે આ ધારો લાવ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, આજે પરિસ્થિતિ તમે જુઓ તમે આજે કમિટી બનાવવા જઇ રહ્યા છો. કલેકટરના નેજા હેઠળ તમે કમિટી બનાવવા જઇ રહ્યા છો. કોઇ એક વ્યકિત જયારે બીજી વ્યકિતને મકાન વેચવા માગતો હશે ત્યારે તે કમિટી નક્કી કરશે. મંત્રીશ્રી હાજર હતા કે આપ સંસદીય બાબતોના મંત્રી છો એટલે આપને ટાંકીને કહું છું, માનનીય મહેસૂલ મંત્રીશ્રી તો સાંભળે જ છે. માનનીય અરવિંદભાઇ રાણા જયારે બોલી રહ્યા હતા અને તેમણે કહ્યું કે સુરતના કલેકટરની તેમણે વાત કરી. તેમની સ્પીચ આપ જોઇ લેજો હું ફરી વખત દોહરાવતો નથી કે સુરતના કલેકટર અને તેમની ટીમ દ્વારા પૈસા લઇને મિલકતો ટ્રાન્સફર કરવાની જે પ્રક્રિયા થઇ છે આ હું નથી કહેતો આપની જ પાર્ટીના ધારાસભ્ય સાચી હકીકત આ વિધાનસભાગૃહ સમક્ષ મૂકી છે. તેમ છતાં પણ સરકાર કલેકટરના નેજા હેઠળ સલાહકાર સમિતિ બનાવીને અસંતોષ જયારે ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યનો હોય તો એ અરજી કરનાર મતદાર કે અરજી કરનાર નાગરિકની શું દશા થતી હશે? આ રિયાલિટી ફેકટ સરકારે પણ સમજવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, અશાંતધારાને લીધે તકલીફો છે તોફાનો થયાં, લોકોએ મકાનો શિફટ કર્યા. હું મારું પોતાનું ઉદાહરણ આપીશ હું પોતે જમાલપુરની અંદર રહેતો હતો. વર્ષ– ૧૯૮૧ અને ૧૯૮૫ના અનામત આંદોલનો થયા ત્યારે પણ હું જમાલપુરમાં રહેતો હતો. વર્ષ–૧૯૯૦નું જયારે કોમી તોફાન થયું ત્યારે પણ હું ત્યાં રહેતો હતો અને વર્ષ–૧૯૯૨માં કોમી તોફાન થાં ત્યારે પણ હું રહેતો હતો. હવે પરિસ્થિતિ જોતાં મારા પિતાશ્રીને લાગ્યું અને તે વખતે મારા પિતાશ્રી પોતે રાજયના કેબિનેટ મંત્રી હતા. તેને પોતાને લાગ્યુ કે જે પરિસ્થિતિ બદલાય છે એ પરિસ્થિતિની અંદર હું કદાચ ઘરે ન હોઉં અને મારો પરિવાર અહીંયા રહે છે અને જો મારા પરિવાર પર હુમલો થાય તો મારા પરિવારનું શું? એ કેબિનેટ મિનિસ્ટર હોવા છતાં પણ પોતાના દીકરાની, પોતાના પરિવારની તેમણે ચિંતા કરી અને અમારા પરિવારને શિફટ કરી અને નવા વાડજ વિસ્તારની અંદર રહેવા આવ્યા. આ સત્ય હકીકત છે માનનીય અમીતભાઇ તેમની સ્પીચમાં બોલી રહ્યા હતા કે તે પોતે કાલુપુરની અંદર રહેતા હતા અને ત્યાર બાદ તે મકાન શિફટ કરી અને એલીસબ્રિજ વિસ્તારમાં રહેવા ગયા. શેના માટે ગયા? પોતાના પરિવાર માટે ગયા. તમામ ધારાસભ્યશ્રી બેઠેલા હોય, પૈસાદાર વ્યકિત હોય, સમાજનો મોભી હોય એ સ્વભાવિક છે કે પોતાના પરિવારની ચિંતા કરી અને સારા વિસ્તારમાં, સલામત વિસ્તારમાં રહેવા જતો રહે છે પણ જે લોકોનું એક જ મકાન છે, એક જ જગ્યાએ રહે છે તે હિન્દુ હોય કે મુસલમાન હોય અહીંયા આપણે એકબીજાની હસી મજાકમાં વાત કરીએ છીએ. તમે જાવ એ વિસ્તારમાં એ હિન્દુ હોય કે મુસલમાન હોય, તમે ધર્મની વાત કરો છો, વિધર્મીની વાત કરો છો અરે, જાવ એ વિસ્તારમાં અને લોકોની પરિસ્થિતિ જુઓ પોતાનું મકાન હોવા છતાંય તે વેચી નથી શકતો. પોતાનું ત્રણ ત્રણ માળનું મકાન, તેના બાપ દાદાએ બનાવેલું મકાન તે વેચી નથી શકતો પણ પોતાના પરિવારની સલામતી માટે તે બીજા વિસ્તારમાં ભાડાના મકાનમાં રહે છે આ તેની વાસ્તવિકતા છે સરકારે ચિંતા તેની કરવાની જરૂર છે. સો ટકા અશાંતધારો છે, કાયદો અમલમાં છે અને અમલમાં રહેવો જોઇએ તેની હું ના નથી પાડતો પણ તેનો મતલબ એવો નથી હા, કોઇ પણ ધર્મનો વ્યકિત કોઇ બીજા ધર્મના વ્યકિત પાસે દાદાગીરીથી, લુખ્ખાગીરીથી, બંદૂકની અણીએ તેનું મકાન લખાવી લેતો હોય તો તેને સજા થવી જોઇએ. માનનીય અર્જુનભાઇ અને હર્ષભાઇ સંઘવીએ વાત કરી કે તેને શિયાળામાં યાદ આવશે તો એવું તમારે કરવું જોઇએ અમે પણ તમારા ટેકામાં છીએ પણ ખાલી અશાંતધારાની ચર્ચા કરીને એક જ ધર્મના લોકો, મુસ્લિમો જ આ કરે છે, અરે, જઇને હિંદુઓને પૂછો તમે મારા વિસ્તારમાં તો હિંદુઓ પણ રહે છે અને મુસલમાનો પણ રહે છે. મેં મારી પોતાની વ્યથા કહી. શ્રી અમિતભાઇનું પોતાનું ઉદાહરણ એમણે આપ્યું, તમે જાવ અને જોવો. માનનીય મંત્રીશ્રી આપ ઉદાહરણ આપતા હતા મારા વિસ્તારની સોસાયટીઓનું, તમે તો સોસાયટીઓ જોઇ નહીં હોય, તમને કોઇએ લખીને આપ્યું હશે, કોણે લખી આપ્યું હશે એ નામ નથી આપવું પણ એ સોસાયટી કયારે ખાલી થઇ એ તમને ખબર છે કે કોમી તોફાનોમાં થઇ હતી કે અનામત આંદોલનોમાં થઇ હતી

એની તપાસ કરજો. સો ટકા એ સોસાયટી ખાલી થઇ ગઇ પણ એ કોમી તોફાનોમાં થઇ હતી કે અનામત આંદોલનોમાં થઇ હતી એની પણ તપાસ આપ કરજો. તપાસ કરજો કે ભલે એ કોમ રહેતી હતી જે ખાલી કરીને જતી રહી મુસ્લિમ ત્યાં રહેવા આવ્યા પણ એની બરોબર બાજુની સોસાયટીમાં દલિત સમાજની વસ્તી હતી અને આજે પણ એ ત્યાં જ છે. માટે કોઇ પણ માહિતી વિધાનસભાગૃહમાં આપ આપો ત્યારે આપની પાસે પણ સાચી માહિતી હોવી ખૂબ જરૂરી છે. હું એટલી જ વાત કરું છું કે મારા અગાઉના વકતાઓએ ખૂબ લંબાણપૂર્વક વાત કરી છે. બીજા મારા સાથી ધારાસભ્યો ભારતીય જનતા પાર્ટી મિત્રોએ પણ પોતાના વિસ્તારની લાગણી, એમની તકલીફો, એમણે કહેલી છે, તો કોઇ મકાન પરાણે નથી વેચતું. પોતાનું મકાન કોઇ વેચે છે તો પોતાના પરિવારને સલામત સ્થળે, સલામત જગ્યાએ લઇ જવા માટે પોતાનું મકાન વેચે છે અને પરિસ્થિતિ એવી હોય છે કે એ પરિસ્થિતિને આધીન એ વિસ્તારની અંદર એક ધર્મની જગ્યાએ બીજા ધર્મના લોકો રહેવા આવે છે. હા, કોઇ જગ્યાએ એવું બનતું હશે કે પૈસા વધારે આપી અને મકાન ખાલી કરાવે, હું ના નથી પાડતો પણ બધી જગ્યાએ એવું નથી બનતું. મારે કોઇ રાજકીય અવલોકન નથી કરવું પણ અશાંતધારાની અગાઉ પણ મેં ચર્ચા કરેલી છે, આ બીજી વખત કરું છું. અશાંતધારામાં એક ધર્મ બીજા ધર્મની વાત ના કરો, આપણે બધા હિન્દુ છીએ એટલે આપણે બધા ખુશ થઇ જઇએ, તમે સાચા હિન્દુ હોવ અને તમને લાગણી હોય તો જે વિસ્તારમાં હિન્દુ મકાન વેચવા જઇ રહ્યા છે એ વિસ્તારમાં તમારા પરિવાર સાથે જઇને તમે રહો પછી તમારો પરિવાર રાત્રે એનો જવાબ માંગશે. આપણે તો પોતે શાંત વિસ્તારમાં રહીએ, પ્રજાની આપણે ચિંતા કરીએ, કરવી જોઇએ પણ સાચી હકીકત પણ આપણા મનમાં હોવી જોઇએ. (અંતરાય) ભગત, આપણે બહુ સારા વિસ્તારમાં રહીએ છીએ એટલે ચિંતા ના કરો. આપણા વિસ્તારની જ વાત કરું છું, તમે જે વિસ્તારના ધારાસભ્યો છો ને એ જ વિસ્તારના ધારાસભ્ય તરીકે તમારા ધ્યાનમાં વાત મૂકું છું કે રબારી, ઠાકોર, દલિત અન્ય કોમના લોકોને સોસાયટીમાં મકાન નથી લેવા દેતા. (અંતરાય) ત્યાં બોર્ડ મારેલા છે. આ રીયાલિટી છે. (અંતરાય) મારી પોતાની સોસાયટીમાં જ છે. (અંતરાય) સત્ય સત્ય જ છે. (અંતરાય) (સતત અંતરાય) હું કોઇ રાજકીય વાત કરું છું?

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસો. માનનીય શૈલેષભાઇ, આપ બિલ ઉપર આવો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે આ બિલમાં માનનીય મંત્રીશ્રી જે સલાહકાર સમિતિની વાત લઇને આવ્યા છે. એ આધીન હું આપને કહેવા માગું છું કે એમાં આપ જે પણ કમિટી બનાવો પણ એમાં કલેક્ટર પર આક્ષેપ અને જ્યારે અસંતોષ થતો હોય અને અને આપણે ચેરમેન તરીકે મૂકવાની વાત કરીએ તો મારી દ્રષ્ટિએ એ યોગ્ય નથી. આ શાંત અને સલામત ગુજરાતનું અશાંત બિલ છે. મંત્રીશ્રીએ પણ ખૂબ સરસ વાત કરી કે બિલમાં નામ બદલવામાં આવ્યું છે. નામ બદલવાથી બિલ બદલાઇ જશે આપ એવું માનો છો મંત્રીશ્રી? નામ બદલવાથી બિલ નહિ બદલાય.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, અશાંતધારો તો વર્ષ ૧૯૮૬થી આવ્યો છે. નામના અર્થઘટનની પાછળ સારી ભાવના છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો ભાવ પણ સારો જ છે. કોઇ બીજી રીતે સમજે એ વસ્તુ ખોટી છે. માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એ બિલને જે રાજકીય રંગ આપવામાં આવ્યો છે અને હિન્દુ હોય કે મુસલમાન હોય એ પરિવારની પરિસ્થિતિ સાચી છે. જે પોતાના બાપ-દાદાના મકાન પણ ભાડે આપીને જતા રહ્યા છે એવી પરિસ્થિતિમાં આ રાજ્ય સરકાર જે સલાહકાર સમિતિ બનાવવા જઇ રહી છે એ સલાહકાર સમિતિને આધીન આવનારા દિવસોમાં આખું ગુજરાત અશાંતધારા હેઠળ આવી જશે એવી પરિસ્થિતિ પેદા થવા જઇ રહી છે અને અશાંતધારો જે જગ્યાએ લાગુ છે એ જગ્યાએ બેંકની લોન પણ એ લોકોને આપતા નથી. એક નાનો ભાગ હોય એના લીધે આખો વિસ્તાર અશાંતધારો થઇ ગયો છે અને એના નેજા હેઠળ એ અશાંતધારાની ફી પણ લેવામાં આવે છે. (અંતરાય) સાહેબ, કોર્પોરેશન એમની, સરકાર એમની, ત્રીસ વર્ષથી એમને ખબર છે કે, આટલા ચોરસ મીટર જગ્યામાં ફલાણા લોકો રહે છે તો તમે લોકો શું કરો છો? આ લાગણી સાથેનું બિલ છે. એમાં હિન્દુ ધર્મના લોકો પણ આવી જાય છે. હિન્દુ ધર્મના પરિવાર પણ આવી જાય છે, મુસ્લિમ ધર્મના પરિવારો પણ આવી જાય છે અને ખ્રિસ્તી ધર્મના પરિવારો પણ આવી જાય છે ત્યારે આ બિલ સાથે અમે કોઇ પણ પ્રકારે સંમત થતા નથી અને આ બિલનો અમે સખત શબ્દોમાં વિરોધ કરીએ છીએ.

શ્રી સંજયસિંહ વિ. મહિડા (રાજ્ય કક્ષાના મહેસૂલ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, અશાંત વિસ્તારના બદલે નિર્દિષ્ટ વિસ્તાર કેમ? ગુજરાતની ભાજપ સરકાર હંમેશા સકારાત્મક વિચારધારાને વરેલી છે. અશાંત વિસ્તાર એ વર્ષ ૧૯૯૧થી ચાલી આવેલ ટર્મિનોલોજીમાં બદલાવ કરી સતત શાંતિની અનુભૂતિ કરાવતી અમારી સરકારે વધુ આગળ વધી નકારાત્મક શબ્દને નકારાત્મક ઊર્જાને જડમૂળથી દૂર કરવાના ભાગરૂપે અમે 'નિર્દિષ્ટ વિસ્તાર' શબ્દનું પ્રયોજન કરેલ છે. જ્યારે દાણીલીમડાની વાત આવી ત્યારે સૌ સભ્યોએ પોત પોતાના વિસ્તારની વાત કરી, સમગ્ર ગુજરાતની વાત કરી. અમદાવાદ શહેરના દાણીલીમડા વિસ્તારની વાત ઉદાહરણરૂપે જ રજૂ કરી છે. બાકી અન્ય સભ્યોએ તેઓના પ્રવચનમાં પોતાના વિસ્તારની સોસાયટીનો પણ ઉલ્લેખ કર્યો છે. આમ, સમગ્ર રાજ્યમાં આ કાયદો અને તેની જોગવાઇ લાગુ પડે છે. ઈજા થાય ત્યાં દવા કર્યા કરતાં વિટામિનની ગોળીઓ લઇએ તો તંદુરસ્તી બગડે નહીં. અમારી સરકાર શ્રીમદ ભાગવત ગીતાના સંસારના પરિવર્તન નિયમને માન આપતી સરકાર છે. આમ જ્યારે પણ જરૂર પડે ત્યારે કાયદાની જોગવાઇ સુધારવી જ જોઇએ. આ બિલ તે માટે લાવ્યા છીએ. ભૂતકાળમાં બનેલી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે અનુશાસનના ભાગરૂપે કાયદા, નીતિ-

નિયમો બનાવતી હોય, આમ મજબૂત કાયદો વ્યવસ્થા જાહેર જનતાની સુખાકારી માટે પાયારૂપ બનેલ છે. ભાજપ સરકાર ક્યારેય પણ કોઇ વ્યક્તિ કે એક કુટુંબ નહીં પરંતુ તેની સાથે સમગ્ર સમાજની ચિંતા કરતી સરકાર છે. આથી સમાજના હિત માટે આ બિલ/જોગવાઇ લઇને આવ્યા છે. આ સભાગૃહમાં અતિ મહત્ત્વના વિધેયક પર જે ગહન અને અર્થસભર ચર્ચા થઇ છે તે માટે હું તમામ પક્ષના સભ્યશ્રીઓનો આભાર માનું છું. સભ્યશ્રીઓએ આપેલાં સૂચનો અને વ્યક્ત કરેલી ચિંતાઓ આપણી લોકશાહીની જીવંતતાને દર્શાવે છે. ચર્ચા દરમિયાન કેટલાંક સભ્યોએ એવી શંકા વ્યક્ત કરી કે, આ કાયદો કડક છે. હું સ્પષ્ટ કરવા માગું છું કે, આ કાયદો કોઇ સાચા અને કાયદેસરના વ્યવહાર કરનાર વ્યક્તિ માટે અવરોધરૂપ નથી. તે માત્ર એવા તત્ત્વો માટે છે જેઓ ગેરકાયદેસર રીતે મિલકત હડપવા માગે છે અથવા સામાજિક તાણાંવાણાંને તોડવા માગે છે. સુધારા મુજબ તબદીલી રદબાતલ થાય ત્યારે અપેજ પરત કરવા માટે છ મહિનાની સ્પષ્ટ મુદત નક્કી કરવામાં આવી છે. જેથી વિવાદો લાંબા ન ખેંચાય. કલેક્ટરે હવે તે ઔપચારિક તપાસ કરવાની રહેશે અને પક્ષકારોને સાંભળવાની પૂરતી તક આપવાની રહેશે. આ ન્યાય સિદ્ધાંતોનું સંપૂર્ણ પાલન કરે છે. સ્થળાંતર રોકીને અમે લોકોને તેમના મૂળ રહેઠાણથી વંચિત થતા અટકાવવા માગીએ છીએ. આ માનવીય અભિગમ સાથે કરાયેલ સુધારો છે. આ વિધેયક દ્વારા લાવવામાં આવેલી કાયદાકીય સ્પષ્ટતાથી નામદાર અદાલતમાં ચાલતા કેસોમાં પણ ઘટાડો થશે. જ્યારે પ્રક્રિયા સ્પષ્ટ હોય ત્યારે ભ્રષ્ટાચાર અને વહીવટી વિલંબને કોઇ સ્થાન રહેતું નથી. ગુજરાત હંમેશા દેશનું રોલ મોડલ રહ્યું છે. શાંતિ અને સલામતી વગર વિકાસ શક્ય નથી. આ સુધારા વિધેયક ગુજરાતની આ છબીને વધુ ઉજ્જવળ બનાવશે અને દરેક નાગરિકને પોતાની મિલકત સુરક્ષિત હોવાનો અહેસાસ કરાવશે. આ વિધેયક લોકહિતમાં, રાજ્યની સુરક્ષાના હિતમાં અને સામાજિક સમરસતા જાળવવાના ઉમદા હેતુથી તૈયાર કરવામાં આવ્યું છે. આ વિધેયકથી કોઇપણ વર્ગને કોઇ તકલીફ થવાની નથી પરંતુ દરેકના હકો સુરક્ષિત થશે.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, હું આ આપના માધ્યમથી આ ગૃહના તમામ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, રાજકીય મતભેદોથી ઉપર ઊઠીને ગુજરાતના ઉજ્જવળ ભવિષ્ય માટે આ વિધેયકને સર્વાનુમતે પસાર કરવામાં પોતાનો સહયોગ આપે.

અધ્યક્ષશ્રી : કોઇ માનનીય સભ્યશ્રીઓએ આ મુદ્દા ઉપર કોઇ વાતચીત કરવી છે? માનનીય મંત્રીશ્રીનું સંબોધન પતી જાય પછી કોઇ ચર્ચા કરી શકાતી નથી, પરંતુ બે મિનિટ માટે વાત કરો. બહુ લાંબી ચર્ચા ન કરતા.

શ્રી કૌશિકભાઇ સુ. જૈન : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને જણાવવા માગું છું કે, આ અશાંતધારા વિસ્તારમાં ટ્રસ્ટની મિલકતમાં એક સમાજના લોકોનું ટ્રસ્ટ હોય છે તેમાં બીજા સમાજના લોકો ઘૂસે છે. પાંચ હોય તેમાંથી બે ઘૂસે છે, પછી ત્રણ પાછળથી ઘૂસે છે એટલે મિલકત આપોઆપ બીજી કોમના નામે થઇ જાય છે. બીજું, ભાગીદારી પેઢીના નામે આ લોકો મિલકત ખરીદે છે તેમાં પહેલાં હિન્દુ ભાગીદાર હોય છે, પછી ભાગીદાર નીકળી જાય છે અને માત્ર મુસ્લિમ રહે છે એટલે આ મુદ્દો અશાંતધારામાં આવરી લેવો જોઇએ તેવું મારું સૂચન છે.

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તાર રાધનપુરમાં એ જૈનોની નગરી હમણાં મુંબઇથી લગભગ ૩૦૦-૪૦૦ જૈન આવ્યા અને તેમાં હું પણ સામેલ થયો. તો કહે કે આ ૨૫ દેરાસરો રાધનપુર નગરમાં છે ત્યારે મને પણ ખબર પડી. એટલે ખરેખર હકીકતમાં આ અશાંતધારો છે એ તો અતિ મહત્ત્વનો છે એટલે એને લાગુ કરવો જોઇએ. સાથે-સાથે થોડીક એમાં શરતો જે આપણા જે હિન્દુઓ અંદર રહેતા હતા એને કલેક્ટર મારફતે થોડીક એને સગવડ મળી રહે અને એને સપોર્ટ મળે એવી મારી ખાસ આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું.

અધ્યક્ષશ્રી : કેટલા મંદિરો ત્યાં હશે?

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, રાધનપુર નગરમાં ૨૫ જૈન મંદિરો છે. ૩૦૦ જૈનો મુંબઇથી આવ્યા ત્યારે મને ખબર પડી.

અધ્યક્ષશ્રી : કબીર સાહેબનું પણ ત્યાં મંદિર હશે?

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હા, કબીરસાહેબનું તો હશે. પણ આ તો મને વાત કરી એટલે આ તો ખૂબ સારી વાત છે અને ખૂબ જ શુભ કાર્ય છે. આ તો આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી અને શ્રી અમિતભાઇ શાહ સાહેબનો જેટલો આભાર માનીએ એટલો ઓછો કે આપણા ગુજરાતના પનોતા પુત્ર એટલે કબીર સાહેબે કીધું છે કે, ''કબીર કમાઇ આપકી નિષ્ફળ કભી ન જાય, પચાસ ગાઉ પાછી મૂકો તો સો ગાઉ આગળ જાય.'' માણસ પુરુષાર્થ કરે એ ક્યારેય એળે જતો નથી. મોદી સાહેબ અઢાર કલાક કામ કરે પણ એમના શરીરમાં થકાવટ જેવું નામ નથી. કેમ કે, બીજાનું ભલુ કરે, પારકાના ભલા કરે એને કોઇ દિવસ થાક ના લાગે ભલા માણસ! આવા વિશ્વ નેતાશ્રી નરેન્દ્રભાઇ મોદી જેવા નેતા આપણને મળ્યા છે ત્યારે મારે વિપક્ષોને વિનંતી કરવી છે કે, મહેરબાની કરીને બધા રાજી રહો અને આવા સારા કામોમાં સહકાર આપો. ભારત માતા કી જય.

ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૬-૨૭નું આ બજેટ સત્ર આપના માર્ગદર્શન નીચે ખૂબ સારી રીતે બધા જ ભારતીય જનતા પાર્ટીના અને કૉંગ્રેસના તમામ સભ્યોએ ખૂબ સારી રીતે સંભાળ્યા છે અને બધાને ખૂબ સારી રીતે તક પણ આપી છે. પોતે પોતાનો મૌલિક...

અધ્યક્ષશ્રી : ખરેખર સંભાળ્યા છે કે પછી...

ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાંભળ્યા પણ છે અને સંભાળ્યા પણ છે.

અધ્યક્ષશ્રી : મારા તરફથી મિચ્છામિ દુકડમ.

ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારી ભૂલ થાય તો વડીલ તરીકે આપે અમને ટકોર પણ કરી છે અને આ સમગ્ર ગૃહના બધા સભ્યો વતી હું આપનો આભાર પણ માનું છું કે, જે રીતે દરેકે દરેક સભ્ય માટે જે રીતે સ્નેહાળ વર્તનની સાથે ક્યાંક નાનો મોટો વિષય આવે તો ટકોર કરીને અમને પાછા પણ વાળ્યા છે. આપનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. ખૂબ સારી રીતે સમજ અમને મળે એ રીતે આપે ગૃહનું સંચાલન કર્યું છે. બધા સભ્યો વતી આપનો ફરીથી ખૂબ ખૂબ આભાર.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો આપનો ખૂબ આભાર માનીએ છીએ. આટલો સમય ક્યારે વીતી ગયો એની ખબર જ ના પડી. બધા આજે રાત્રે નીકળી જવાના છે. કાલથી બધા ફિલ્ડમાં કામ કરવાના છે. પણ આપના માર્ગદર્શન નીચે બહુ સારી રીતે આ વખતે ગૃહમાં રજૂઆતો પણ થઇ છે અને મેં એક વાતની આ વખતે નોંધ લીધી છે કે, તમે સત્તાધારી પક્ષને તો મોકો આપ્યો જ છે પણ એના કરતાં વિપક્ષને આ વખતે વધારે મોકો આપ્યો છે. આ લોકશાહીની એક તંદુરસ્ત પ્રણાલિકા રહી છે. એનું ઉત્તમ ઉદાહરણ આ સભાગૃહમાં આપ્યું હોય ત્યારે તમામ સભ્યો વતી આભાર માનીએ છીએ અને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

શ્રી કેશુભાઇ શિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે માનનીય ઋષિકેશભાઇએ વાત કરી, માનનીય ભગાભાઇએ વાત કરી. અધ્યક્ષની જગ્યા ન્યાયાધીશ તરીકે હોય છે અને જે રીતે ૧૬મી ફેબ્રુઆરીથી આજે ૨૫મી માર્ચ સુધી એ શાસક હોય કે વિપક્ષ હોય પણ આખર આ દેશ માટે , ગુજરાત માટે, લોકો માટેની ચર્ચા થાય અને તમે એક વ્યવસ્થિત તક આપી, સાચી વાત હોય તો એ મૂકવાની તક આપી, આ ખુરશીની જે ઈજ્જત બતાવી એ બદલ હું આપશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. આ જ રીતે પ્રક્રિયા ચાલવી જોઇએ. આ ગુજરાતના પોતાના વિસ્તારની સુખાકારી માટે બધા પ્રશ્નો લઇને આવ્યા છે એના ઉકેલો મળ્યા અને ખૂબ સારા નિર્ણયો થયા એ બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના નેજા અને માર્ગદર્શન હેઠળ સભાગૃહનું સંચાલન ખૂબ સરળતા અને સુંદરતાથી કર્યું છે, તે બદલ હું આપને અભિનંદન આપું છું. આ વિધાનસભાગૃહમાં હું જ્યારે એક ધારાસભ્યશ્રી તરીકે હતો ત્યારે આજુબાજુની પાટલીમાં જ આપ પણ ધારાસભ્ય તરીકે બિરાજતા હતા. તમે રાજ્યના મંત્રીશ્રી તરીકે બિરાજ્યા ત્યારે પણ મેં આ વિધાનસભાગૃહમાં એક ધારાસભ્ય તરીકે આપની સાથે કામ કર્યું. જ્યારે આપ વિધાનસભાના અધ્યક્ષ તરીકે છો ત્યારે અમે આપની કામગીરીની શૈલી જોઇ છે. મારો પોતાનો પાંચ ટર્મનો અનુભવ છે. અમે અનેક અધ્યક્ષશ્રીઓ સાથે કામ કરેલું છે, જ્યારે અધ્યક્ષશ્રીની ચૂંટણી થતી હોય ત્યારે અમે કાયમ કહીએ છીએ કે બે આંખો હોય છે એમાં એક આંખ શાસક પક્ષ ઉપર રાખજો અને બીજી આંખ બિલકુલ અમારી તરફ ખુલ્લી રાખજો. તમે આ વખતના સત્રમાં બીજી આંખ તો ખોલી હતી પણ ઉપરની ત્રીજી આંખ ખોલી હતી એના માટે તમને અભિનંદન આપું છું. અધ્યક્ષ તરીકે સ્વાભાવિક છે કે આપના આદેશનું સભાગૃહમાં બેઠેલા બીજા ૧૮૧ સભ્યશ્રીઓ પાલન કરતા હોય છે પણ આપે સાચી તેમજ સારી હકીકત સભાગૃહ સમક્ષ મૂકી છે. આપે મંત્રીશ્રીઓના વખાણ કર્યા અને સાથે ટકોર પણ કરી છે. ધારાસભ્યશ્રીઓના વખાણ કર્યા છે અને ટકોર કરી છે. તમે આ વખતે નવી પ્રણાલી લાવ્યા છો. મને બરાબર યાદ છે. એક સમયે એવું હતું કે જેમણે કાપ દરખાસ્ત રજૂ કરી હોય તે સભ્યશ્રીઓ જ માગણીઓ ઉપર પોતાની વાત કરતા હતા અને મંત્રીશ્રીને સવાલ કરતા હતા. આપે આ વખતે એક નવી પ્રણાલી પાડી અને તેને આધીન દરેક વિભાગની માગણી વખતે, વિધાનસભા ગૃહના તમામ સન્માનનીય ધારાસભ્યશ્રીઓને પોતાની વિધાનસભામાં કે પોતાના વિસ્તારમાં જે નાનીમોટી તકલીફો હતી, રિયલ વાત હતી કે જે કામ અટકેલાં હતાં એ તમામ બાબતો કહેવાની અહીંયા છૂટ મળી. એક મોકો મળ્યો. એનાથી પણ વધારે આપે દરેક વિભાગના સચિવશ્રીથી લઇને વિભાગના તમામ અધિકારીશ્રીઓને સૂચના આપી કે આ વિધાનસભાગૃહ મારફત જવાબ જશે. જેનાથી તંત્ર પણ વધારે જાગતું થયું અને એના મારફત ધારાસભ્યશ્રીઓને એમનો અધિકાર મળશે. આપે આવી એક નવી ઉચ્ચ પ્રણાલી કરી છે, એ માટે હું આપને અભિનંદન આપું છું. માનનીય ઋષિકેશભાઇ, માનનીય જીતુભાઇ, આ વખતે કામકાજ સલાહકાર સમિતિની મિટિંગમાં મેં કહ્યું હતું કે પહેલી વખતે એવું થશે કે ૧૧૬ની નોટિસ નહીં આવે, તમે એ તક પણ ચૂક્યા નથી અને આજે ૧૧૬ની નોટિસ લાવી દીધી. આ જ રીતે આપનું માર્ગદર્શન, આપનો સાથ–સહકાર, આપના આશીર્વાદ સમગ્ર સભાગૃહને મળી રહે એવી અપેક્ષા રાખું છું. આજનું ગૃહ અહીંયા પૂરું થાય છે ત્યારે વિધાનસભાના કોંગ્રેસ પક્ષના ઉપનેતા તરીકે અને મારી જવાબદારીનો પાર્ટ છે તે માટે અહીંયા દરેક સભ્યશ્રીઓ બેઠેલા છે એટલે કહું છું કે, અહીંયા હસી મજાક થઇ હશે પણ કદાચ કોઇને દુઃખ થયું હોય તો હું મિચ્છામી દુક્કડમ કહું છું. આ એક સભાગૃહ છે અને એમાં આપણે હસી મજાક કરીએ છીએ. સાહેબ, આપનો ફરી એક વખત દિલથી આભાર.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહ અને એમાં ખાસ કરીને આ બજેટ સેશન એ આપણા ગૃહ માટે નહીં પરંતુ સમગ્ર રાજ્ય માટે અતિ મહત્ત્વનું છે. આ બજેટ સેશન આપના માર્ગદર્શન, નેતૃત્વ અને સભાપતિ પદે આજે સમાપ્ત થવા જઇ રહ્યું છે ત્યારે માનનીય શૈલેષભાઇ અને સંસદીય મંત્રી માનનીય ઋષિકેશભાઇએ વાત કરી છે. નવો ચીલો ચાતરવો એ જુદી વાત છે પણ એમાં પરિણામ મળવું એ અગત્યનું છે અને પરિણામ આપવા માટે આપના સચિવાલયમાંથી તેમજ સ્વયં આપે પ્રયાસ કરવાનો છે. મને એવું લાગે છે કે આ મહત્ત્વનું છે. પ્રશ્નોતરીનો એક કલાક હોય. એ

પછીના પ્રશ્નો જ્યારે જ્યારે માગણીઓ આવી એના માટે ધારાસભ્યશ્રીઓ, કદાચ એવું પણ થાય કે આ પ્રશ્નો કેમ આવે છે. હું માનું છું કે માનનીય ધારાસભ્યશ્રીઓ એટલા બધા જાગૃત છે, ચાહે વિપક્ષ હોય, શાસક પક્ષ હોય, અપક્ષ હોય, એને નાની નાની બાબતની ખબર છે. આ મુશ્કેલી છે, આ પ્રશ્ન છે, આવું કરો તો લોકોને ફાયદો થશે. બહાર એવું લાગે કે ધારાસભ્યશ્રીઓને શું વાંધો, મંત્રીશ્રીઓને શું વાંધો? એને જલસા છે. પણ એક જાણકારી મેળવવા માટે એ માણસ કેટલું બધું મથતો હોય છે. આપે એમાં અધિકારીઓને પણ સૂચના આપી અને એમાંથી થઇ શકે એવું કરીને આપને પણ જવાબ આપે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇનો વિશેષ આ તકે આભાર એટલા માટે કે અમારી કેબિનેટમાં આ વાતને પોઝિટિવ લીધી. મંત્રીશ્રીઓને સૂચના આપી કે અધ્યક્ષશ્રીએ જે કહ્યું છે, ધારાસભ્યશ્રીઓના જે પ્રશ્નો રજૂ થયા છે એનું પરિણામ મળે છે કે નહીં એનું મંત્રી પણ મોનિટરીંગ કરે. આ રાજ્યની જનતા માટે થઇને આપે લીધેલ ઇનિશિએટીવ સકારાત્મક તરફ જઇ રહ્યું છે ત્યારે હું એમ કહીશ, કદાચ અતિશયોક્તિ લાગશે પણ આપનો મોં તરીકેનો વાત્સલ્ય ભાવ અને કરુણા ભાવ બંને આ દોઢ મહિનામાં દેખાયો છે. જ્યાં જરૂર પડી ત્યાં આપે કરુણા બતાવી છે, કોઇ સભ્ય હોય, મંત્રી હોય કે વિપક્ષનો કોઇ સભ્ય હોય. જ્યાં જરૂર પડી ત્યાં આપે લાગણી પણ એટલી પ્રગટ કરી છે. ઘણા બધા સભ્યશ્રીઓ, મંત્રીશ્રીઓ, અમે સિનિયર ગણાતા હોઇએ પણ આમાંથી શીખવાનું, જાણવાનું અને સમજવાનું હોય છે. હું તો એમ કહીશ કે આ સન્માનનીય સભાગૃહનું ઔચિત્ય, ગરિમા અને ગૌરવ જળવાય એના માટેના આપના પ્રયાસો આ બજેટ સેશનમાં કાયમ વિધાનસભામાં અંકિત રહેવાના છે એ પ્રકારનો આપનો પ્રયાસ રહ્યો છે. તમામ ધારાસભ્યોને હું ધારાસભ્ય છું, આ ગૃહની અંદર વાત કરી રહ્યો છું, ગૃહની અંદર પ્રશ્ન પૂછી રહ્યો છું, ગૃહમાં મંત્રી તરીકે જવાબ આપી રહ્યો છું. એ ભાવ કે આપે ક્યાંક સખત થયા, ક્યાંક આપે સમજ આપી, ક્યાંક પોલાઇટ રહ્યા પરોક્ષ રીતે અમારા બધાના મનમાં કે અમને શીખવા, જાણવા મળ્યું છે. આ બજેટ સેશનમાં આપના માર્ગદર્શનમાં રાજ્યની જનતા સુધી જે કાંઇ કામો છે, માનનીય સભ્યશ્રીઓને પણ વિનંતી છે કે આપણું કામ આવતા વર્ષ સુધી લોકોને કેવી રીતે લાભ મળે. આ સન્માનનીય સભાગૃહે બજેટ પાસ કર્યું છે ત્યારે એનો લાભ અપાવીને સામાન્ય જનજીવનમાં એને વધારે ઉપર લઇ જવા માટે માનનીય મોદી સાહેબના નેતૃત્વમાં, માનનીય શ્રી ભુપેન્દ્રભાઇના નેતૃત્વની અંદર આપના માર્ગદર્શનમાં અમે સૌ સભ્યો આગળ વધીએ. હું વિપક્ષનો પણ આ તકે આભાર માનું છું. ચર્ચાઓ થઇ હશે, ચડસા-ચડસી થઇ હશે. પક્ષાપક્ષીની વાત થઇ હશે. આ બધાની અંદર હાર્દ કે જનતાનું ભલું કેવી રીતે થાય. પોત પોતાના વિચારોથી વાત મૂકી હોય પણ મૂળ હાર્દ ધારાસભ્યશ્રી તરીકે જે જોવા મળ્યું. મને તો લાગે છે કે અતિ મહત્ત્વનો આપણો ઉછેર જે છે ગુજરાતના સમાજ જીવનનો એ આજે આ બજેટ સેશનમાં આપણને પ્રદર્શીત જોવા મળ્યો છે. મારે માનનીય ઉમેશભાઇનો પણ ઉલ્લેખ કરવો છે. શ્રી રામદાસ આઠવલે જે પ્રકારે લોકસભામાં એ પોતાની કુશળતા બતાવે છે એમ આપણી વિધાનસભાના આઠવલે શ્રી ઉમેશભાઇએ પણ સરસ એમની શૈલીમાં, શ્રી આઠવલે તો લોજિક સાથે વાત કરતાં, એનો એક તર્ક હતો. એમ એમની વાતમાં પણ તર્કો હતા. પણ હળવાશથી આનંદ આનંદ સાથે આપનું પ્રેઝન્સ ઓફ માઇન્ડ અને આપે પણ હળવું રાખવાનો પ્રયત્ન કર્યો છે. તમામ સભ્યશ્રીઓ આપનો ઋણ સ્વીકાર કરીએ છીએ. આભાર માનીએ છીએ. આપનું સદૈવ માર્ગદર્શન આ રીતે મળતું રહેશે એવી અપેક્ષા રાખીએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ, માનનીય મંત્રીશ્રીઓ અને તમામ વિધાનસભાના સૌ મિત્રોએ મને જે સહાયોગ આપ્યો તેના માટે તમારો બધાનો હું આભાર માનું છું. આપણી વિધાનસભાગૃહની બહુ ઉજળી પરંપરા છે. આપણા પૂરોગામી અધ્યક્ષો હોય, માનનીય સભ્યશ્રીઓ હોય, અગાઉના મંત્રીમંડળો હોય, બધાએ બહુ ઉજળી પરંપરાઓ અહીં વિધાનસભાની અંદર પાડી છે. તેને હજુ વધુ સારી બનાવવા માટેનો આપણો બધાનો પ્રયત્ન રહે અને એ આપણે કરી રહ્યા છીએ. એમાં મારી ભૂમિકા એક પરિવારમાં 'મોં' ની ભૂમિકા હોય એ ભાવ હોય. માતૃભાવથી જ કામ લીધું છે. ક્યાંક ખામી દેખાતી હોય તો થોડી કડકાઇ દાખવી હોય, પરંતુ મારા મનનો ભાવ કોઇને નીચે બતાવવા માટેનો ન હોય. મારા શબ્દોથી કોઇને નુકસાન થયું હોય, મારા મન અને કર્મથી તો કોઇ ભાવ ન હતો પણ વચનથી કોઇને લાગ્યું હોય તો હું પણ જરા આપ સૌને મિચ્છામી દુક્કડમ્ કહું છું. કેમ કે, આ લોકશાહી વધારે બળવત્તર બને અને આપણે બધા સંસદીય પ્રણાલીને વધારે તાકાતવાળી બનાવીએ. નવી પેઢીઓને આપણે કંઇક સારું ગુજરાત આપતા જઇએ એ ભાવને આપણે આગળ વધારીએ એવી જ અપેક્ષા હતી. મને આજે એકલું લાગશે. જ્યારે મારો આવડો મોટો પરિવાર હોય, તમે બધા આજે અહીથી જશો, બધા એકસાથે એકબીજાથી અલગ થશે તો આખી વિધાનસભા સૂનીસૂની લાગશે એટલે આપ સૌનો પણ આભાર. રાજ્યના બ્યુરોક્રેટ બધા અધિકારીશ્રીઓ છે, તેમણે પણ સમયસર આવીને બધાં કામોમાં જે સહયોગ કર્યો છે એમને પણ બધાને અભિનંદન આપું છું અને ખાસ મારે આભાર માનવો છે જર્નાલિઝમનું કામ કરતા પત્રકાર મિત્રોને. જેમણે રાત્રે ૧૦-૦૦ વાગ્યા સુધી, રાત્રે પણ એ આખી બેંચ છે એ બધા મોડા સુધી બેસીને એમણે આ વિધાનસભાની વાતો છેક લોકો સુધી પહોંચાડવા માટેની વાત કરી તેમને પણ હું ધન્યવાદ આપું છું અને આભાર માનું છું અને વિધાનસભાનો સ્ટાફ, આપણા કર્મચારીઓ કે જેમણે રાત-દિવસ મહેનત કરી તેમને પણ ધન્યવાદ આપું છું. સિક્યુરિટીનું કામ કરતા જે મિત્રો છે હું રાત્રે ૯-૦૦ કે ૧૦-૦૦ વાગ્યા સુધી રહ્યો હોય તો બધા સ્ટાફે રોકાઇને મોડે સુધી કામ કર્યું અને તે સિવાય પણ જે સહયોગી મિત્રો છે એ તમામને અભિનંદન. માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર મારે એટલા માટે માનવો પડે કે બધાં કામ જે સોપ્યાં એ બધાં કામને એમણે ગૃહના નેતા તરીકે પોઝિટિવ લીધાં તો તેમનો પણ આભાર અને પ્રતિપક્ષનો મારે વિશેષ આભાર માનવો છે. એમણે કોઇએ વાત કરી અને માનનીય ભગાભાઇએ

પ્રતિપક્ષ માટેની વાત કરી કે એમને મોકો વધારે આપતા હતા તો એક 'માં' પાસે એક નાનો દીકરો હોય તો એના પ્રત્યે વ્હાલ વધારે હોય તો એ જ વ્હાલ મારા માટે પ્રતિપક્ષ માટેનો હોય કે એમની સંખ્યાબળ જ્યારે ઓછું હતું તે વખતે મારે તેમનું ખાસ ધ્યાન રાખવું પડે અને એ જ ભાવથી આ કામ લીધું છે એ તમામનો પણ હૃદયથી ખૂબ ખૂબ આભાર.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : સાહેબ, નવા કવિનો જન્મ અમે આપનામા જોયો છે કે માનનીય શંકરભાઇ ચૌધરીના નામે નવા કવિ ગુજરાતને મળ્યાં.

અધ્યક્ષશ્રી : નહીં, કવિ કરતાય હું માનું છું કે, આ જે પરંપરા આપણે કરીએ છીએ ને, એ આપણે નવી કરીએ છીએ એવું નહીં. આ એક લોકશાહીની વ્યવસ્થા છે. ઋગ્વેદની અંદર એક ઋચા છે તેની અંદર બધા સાથે મળીને ચાલીએ. સૂર્ય, ચંદ્ર, આકાશ, દેવતાઓ બધા એક સાથે ચાલે છે અને બધાં બીજાનાં ભલા માટેનું કામ કરે છે તો એ જ પ્રમાણે આપણે બધાં પણ કામ કરીએ. ઋગ્વેદની ઋચા એ પ્રમાણેની છે કે; –

संगच्छध्वं संवदध्वं सं वो मनांसि जानताम्।
देवा भागं यथा पूर्वे सञ्जानाना उपासते।।

વેદની ઋચા આપણને અક્ષરસ: થાય છે. હું સતત તેમાંથી પ્રેરણા લઇને આ કામને આપણે બધા સાથે મળીને ચાલીએ. બધાનું એક લક્ષ છે. બધાનું કર્તવ્ય એક છે. બસ એ જ વાત હતી.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે–સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૨૬નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત(સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨થી ૯, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૨૬નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૬ના વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૨૬નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત(સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)

" શહેરી વસતિને વધુ સારી જીવનશૈલી પૂરી પાડવા " અંગે

શ્રી ચૈતન્ય દેસાઇ––– માનનીય સભ્યશ્રી ગેરહાજર

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)

સચિવશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૮૭(ક) અન્વયે કુલ-૩૫ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૮૭(ક) અન્વયે તા. ૨૫/૦૩/૨૦૨૬ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની યાદી.

ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ બાબત

અતારાંકિતઃ ૧૮૭૧ (૦૮-૦૮-૨૦૨૫) **શ્રી વિમલભાઇ ચુડાસમા** (સોમનાથ): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૫/૨૦૨૫ની સ્થિતિએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં શહેર અને તાલુકાવાર રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ કેટેગરીવાર લાભાર્થીઓની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ કુલ કેટલી અરજીઓ મળી,

(૩) ઉક્ત સ્થિતિએ શહેર અને તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે, અને

(૪) તેના કારણો શા છે ?

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી : (૧૬-૦૨-૨૦૨૬)

(૧) પત્રક - ૧ સામેલ છે.

(૨) તા.૩૧/૦૫/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો - ૨૦૧૩ હેઠળ મળેલ કુલ અરજીઓની સંખ્યા નીચે મુજબ છે.

જિલ્લાનું નામ	તા. ૦૧-૦૬-૨૦૨૨ થી તા. ૩૧-૦૫-૨૦૨૩	તા. ૦૧-૦૬-૨૦૨૩ થી તા. ૩૧-૦૫-૨૦૨૪	તા. ૦૧-૦૬-૨૦૨૪ થી તા. ૩૧-૦૫-૨૦૨૫
ગીર સોમનાથ	૧૧,૧૦૭	૮,૮૪૬	૮,૫૧૭
જૂનાગઢ	૧૨,૨૩૦	૮,૬૬૯	૮,૦૬૪

(૩) પત્રક - ૨ સામેલ છે.

(૪) તા.૩૧/૦૫/૨૦૨૫ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં પડતર અરજીઓની સંખ્યા શૂન્ય હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકામાં ગ્રામ પંચાયત ચૂંટણીના કારણે પડતર રહેલ અરજીઓનો જુલાઇ-૨૦૨૫માં કમિટીની બેઠક બોલાવી નિકાલ કરવામાં આવેલ છે તેમજ જૂનાગઢ જિલ્લાનાં જૂનાગઢ ઝોનલ -૧ અને ૨ તેમજ માંગરોળ તાલુકાની ખરાઈ અર્થે પડતર રહેલ અરજીઓ પરત્વે તલાટીશ્રીઓ દ્વારા ખરાઈની પ્રક્રિયા પૂર્ણ કરેલ છે. આમ, વર્તમાન સ્થિતિએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં પડતર અરજીઓની સંખ્યા શૂન્ય છે.

પત્રક -૧

Hb-40-250-04-26

જિલ્લાનું નામ	ક્રમ	શહેર અને તાલુકાનું નામ	અગ્રતા ઘરાવતાં (PHH) લાભાર્થી	અંત્યોદય (AAY) લાભાર્થી
ગીર-સોમનાથ	૧	વેરાવળ શહેર	૮૯૬૯૨	૩૦૪૦
	૨	વેરાવળ ગ્રામ્ય	૯૪૭૬૭	૩૯૩૫
	૩	સુત્રાપાડા	૧૧૨૭૯૫	૫૮૩૩
	૪	તાલાલા	૮૮૭૫૬	૮૭૬૭
	૫	કોડીનાર	૧૩૨૫૭૮	૧૨૮૬૧

	૬	ઉના	૧૮૬૧૦૪	૧૧૯૧૯
	૭	ગીર ગઢડા	૯૨૮૧૭	૧૦૩૩૫
જૂનાગઢ	૧	વિસાવદર	૬૫૮૨૪	૫૧૨૯
	૨	વંથલી	૫૪૦૧૬	૭૦૧૫
	૩	મેંદરડા	૪૭૬૧૯	૩૪૧૦
	૪	માળિયા હાટીના	૧૧૭૩૦૨	૭૯૪૫
	૫	માણાવદર	૭૫૨૯૧	૭૯૩૦
	૬	માંગરોળ	૧૬૦૮૨૪	૭૫૯૯
	૭	ભેસાણ	૪૬૭૦૯	૨૪૦૨
	૮	જૂનાગઢ ઝોનલ ૨	૭૦૮૫૫	૧૯૦૭
	૯	જૂનાગઢ ઝોનલ ૧	૭૯૪૯૫	૨૧૪૦
	૧૦	જૂનાગઢ	૮૦૦૩૨	૩૨૧૦
	૧૧	કેશોદ	૧૨૦૭૮૧	૭૬૧૦

પત્રક –૨

જિલ્લાનું નામ	**ક્રમ**	**શહેર અને તાલુકાનું નામ**	**તા. ૦૧-૦૬-૨૦૨૨ થી તા. ૩૧-૦૫-૨૦૨૩**	**તા. ૦૧-૦૬-૨૦૨૩ થી તા. ૩૧-૦૫-૨૦૨૪**	**તા. ૦૧-૦૬-૨૦૨૪ થી તા. ૩૧-૦૫-૨૦૨૫**
ગીર-સોમનાથ	૧	વેરાવળ શહેર	૦	૦	૦
	૨	વેરાવળ ગ્રામ્ય	૦	૦	૦
	૩	સુત્રાપાડા	૦	૦	૦
	૪	તાલાલા	૦	૦	૦
	૫	કોડીનાર	૦	૦	૦
	૬	ઉના	૦	૦	૦
	૭	ગીર ગઢડા	૦	૦	૦
જૂનાગઢ	૧	વિસાવદર	૦	૦	૦
	૨	વંથલી	૦	૦	૦
	૩	મેંદરડા	૦	૦	૦
	૪	માળિયા હાટીના	૦	૦	૦
	૫	માણાવદર	૦	૦	૦
	૬	માંગરોળ	૦	૦	૧૭૩
	૭	ભેસાણ	૦	૦	૦
	૮	જૂનાગઢ ઝોનલ ૨	૦	૦	૫૦
	૯	જૂનાગઢ ઝોનલ ૧	૦	૦	૭૩
	૧૦	જૂનાગઢ	૦	૦	૦

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)

જિલ્લાનું નામ	ક્રમ	શહેર અને તાલુકાનું નામ	તા. ૦૧-૦૬-૨૦૨૨ થી તા. ૩૧-૦૫-૨૦૨૩	તા. ૦૧-૦૬-૨૦૨૩ થી તા. ૩૧-૦૫-૨૦૨૪	તા. ૦૧-૦૬-૨૦૨૪ થી તા. ૩૧-૦૫-૨૦૨૫
	૧૧	કેશોદ	૦	૦	૧૮૦

આણંદ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ બાબત

અતારાંકિતઃ ૧૮૭૨ (૦૮-૦૮-૨૦૨૫) **શ્રી અમીત ચાવડા** (આંકલાવ): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૫/૨૦૨૫ની સ્થિતિએ આણંદ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શહેર અને તાલુકાવાર રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ કેટેગરીવાર લાભાર્થીઓની સંખ્યા કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ કુલ કેટલી અરજીઓ મળી,

(૩) ઉક્ત સ્થિતિએ શહેર અને તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે, અને

(૪) તેના કારણો શા છે ?

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી : (૧૬-૦૨-૨૦૨૬)

(૧) પત્રક-૧ સામેલ છે.

(૨) તા.૩૧/૦૫/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો - ૨૦૧૩ હેઠળ મળેલ કુલ અરજીઓની સંખ્યા નીચે મુજબ છે.

જિલ્લાનું નામ	તા. ૦૧-૦૬-૨૦૨૨ થી તા. ૩૧-૦૫-૨૦૨૩	તા. ૦૧-૦૬-૨૦૨૩ થી તા. ૩૧-૦૫-૨૦૨૪	તા. ૦૧-૦૬-૨૦૨૪ થી તા. ૩૧-૦૫-૨૦૨૫
આણંદ	૯,૦૮૦	૧૦,૨૨૩	૭,૯૦૦
પોરબંદર	૭,૪૧૯	૪,૫૮૨	૮,૨૩૭
દેવભૂમિ દ્વારકા	૫,૧૯૯	૪,૦૪૩	૩,૨૭૧

(૩) પત્રક-૨ સામેલ છે.

(૪) તા.૩૧/૦૫/૨૦૨૫ની સ્થિતિએ આણંદ જિલ્લાની આણંદ નગરપાલિકાનો મહાનગરપાલિકામાં સમાવેશ થતાં નવીન સમિતિની રચનામાં સમય લાગેલ હોવાથી તેમજ બોરસદ અને સોજીત્રા તાલુકાઓમાં તપાસની પ્રક્રિયા ચાલુ હોવાથી અરજીઓ પડતર રહેલ હતી. પોરબંદર જિલ્લામાં પોરબંદર ગ્રામ્ય, પોરબંદર શહેર, કુતિયાણા અને રાણાવાવ તાલુકાની અરજીઓ પરત્વે સ્થળ તપાસ બાકી હોવાથી અરજીઓ પડતર રહેલ હતી. જ્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયા તાલુકામાં ઈ-કેવાયસી, ભાણવડ તાલુકામાં નિયત સીલીંગ લિમિટ અને કલ્યાણપુર તાલુકામાં ખરાઈની પ્રક્રિયાને કારણે અરજીઓ પડતર રહેલ હતી. પરંતુ, તા.૩૧/૦૫/૨૦૨૫ની સ્થિતિએ પડતર રહેલ તમામ અરજીઓનો નિયમાનુસાર નિકાલ કરવામાં આવેલ હોવાથી, વર્તમાન સ્થિતિએ આણંદ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શહેર અને તાલુકાવાર પડતર રહેલ અરજીઓની સંખ્યા શૂન્ય છે.

પત્રક-૧

જિલ્લાનું નામ	ક્રમ	શહેર અને તાલુકાનું નામ	અગ્રતા ઘરાવતા (PHH) લાભાર્થી	અંત્યોદય (AAY) લાભાર્થી
આણંદ	૧	સોજીત્રા	૯૬૩૯૭૩	૫૭૬૦
	૨	બોરસદ	૨૭૧૬૬૮	૩૨૭૬૩
	૩	પેટલાદ	૨૧૨૫૬૬	૧૫૮૦૮
	૪	તારાપુર	૬૨૩૦૫	૫૫૦૭

	૫	ખંભાત	૧૮૬૮૧૩	૧૧૫૧૪
	૬	ઉમરેઠ	૧૧૯૪૪૮	૧૫૨૫૬
	૭	આણંદ શહેર	૫૮૭૨૪	૫૪૩૬
	૮	આણંદ ગ્રામ્ય	૨૫૨૬૯૭	૨૫૨૧૦
	૯	આંકલાવ	૧૨૫૫૦૫	૧૨૬૮૫
પોરબંદર	૧	પોરબંદર શહેર	૯૮૭૪૦	૮૧૫૧
	૨	પોરબંદર ગ્રામ્ય	૯૮૪૨૬	૭૧૯૩
	૩	કુતિયાણા	૫૭૫૫૪	૫૩૭૮
	૪	રાણાવાવ	૬૯૮૦૨	૭૫૦૧
દેવભૂમિ દ્વારકા	૧	ભાણવડ	૯૩૪૬૨	૫૦૬૦
	૨	ખંભાળીયા	૧૭૯૩૫૯	૫૨૧૨
	૩	કલ્યાણપુર	૧૦૭૭૮૫	૬૩૫૧
	૪	દ્વારકા	૧૦૨૫૩૮	૩૭૭૫

પત્રક–૨

જિલ્લાનું નામ	**ક્રમ**	**શહેર અને તાલુકાનું નામ**	**તા. ૦૧–૦૬–૨૦૨૨ થી તા. ૩૧–૦૫–૨૦૨૩**	**તા. ૦૧–૦૬–૨૦૨૩ થી તા. ૩૧–૦૫–૨૦૨૪**	**તા. ૦૧–૦૬–૨૦૨૪ થી તા. ૩૧–૦૫–૨૦૨૫**
આણંદ	૧	સોજીત્રા	૦	૦	૫૫
	૨	બોરસદ	૦	૦	૨૮
	૩	પેટલાદ	૦	૦	૦
	૪	તારાપુર	૦	૦	૦
	૫	ખંભાત	૦	૦	૦
	૬	ઉમરેઠ	૦	૦	૦
	૭	આણંદ શહેર	૦	૦	૬૦
	૮	આણંદ ગ્રામ્ય	૦	૦	૦
	૯	આંકલાવ	૦	૦	૦
પોરબંદર	૧	પોરબંદર શહેર	૦	૦	૩૯૯
	૨	પોરબંદર ગ્રામ્ય	૦	૦	૮૫
	૩	કુતિયાણા	૦	૦	૩
	૪	રાણાવાવ	૦	૦	૨૭૦
દેવભૂમિ દ્વારકા	૧	ભાણવડ	૦	૦	૬૪૬
	૨	ખંભાળીયા	૦	૦	૩૯

જિલ્લાનું નામ	ક્રમ	શહેર અને તાલુકાનું નામ	તા. ૦૧–૦૬–૨૦૨૨ થી તા. ૩૧–૦૫–૨૦૨૩	તા. ૦૧–૦૬–૨૦૨૩ થી તા. ૩૧–૦૫–૨૦૨૪	તા. ૦૧–૦૬–૨૦૨૪ થી તા. ૩૧–૦૫–૨૦૨૫
	૩	કલ્યાણપુર	૦	૦	૩૨
	૪	દ્વારકા	૦	૦	૦

રાજ્યમાં જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં મંજૂર જગ્યાઓ

અતારાંકિતઃ ૨૦૦૫ (૨૧–૦૧–૨૦૨૬) **શ્રી ગોપાલભાઇ ઈટાલીયા** (વિસાવદર): **માનનીય અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં જિલ્લાવાર પ્રમુખ અને સભ્યોની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત મંજૂર જગ્યાઓ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે, કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી : (૨૭–૦૨–૨૦૨૬)

(૧) પત્રક–૧ મુજબ.

(૨) પત્રક–૨ (ભાગ–૧ અને ૨) મુજબ.

(૩) હાલ જિલ્લા કમિશનો ખાતે પ્રમુખશ્રીની ૩૧ તથા સભ્યશ્રીઓની ૫૮ જગ્યાઓ ખાલી છે. નામ. સુપ્રિમ કોર્ટનાં સિવિલ અપીલ નં.૯૯૮૨/૨૦૨૪ કેસનાં તા.૨૧/૦૫/૨૦૨૫નાં જજમેન્ટ અનુસંધાને ભારત સરકાર દ્વારા પ્રમુખશ્રી–સભ્યશ્રીનાં ભરતી નિયમો બન્યા બાદ ભરતી પ્રક્રિયા હાથ ધરી શકાય તેમ છે.

પત્રક–૧

ક્રમ	જિલ્લા કમિશનનું નામ	મંજૂર થયેલ પ્રમુખશ્રીની જગ્યા	મંજૂર થયેલ સભ્યશ્રીની જગ્યા
૧	અમદાવાદ(મુખ્ય)	૧	૨
૨	અમદાવાદ(ગ્રામ્ય)	૧	૨
૩	અમદાવાદ(એડી)	૧	૨
૪	અમરેલી	૧	૨
૫	આણંદ	૧	૨
૬	બનાસકાંઠા	૧	૨
૭	ભરૂચ	૧	૨
૮	ભાવનગર	૧	૨
૯	ગાંધીનગર	૧	૨
૧૦	જામનગર	૧	૨
૧૧	જૂનાગઢ	૧	૨
૧૨	ખેડા	૧	૨
૧૩	કચ્છ	૧	૨
૧૪	મહેસાણા	૧	૨
૧૫	નવસારી	૧	૨

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)

ક્રમ	જિલ્લા કમિશનનું નામ	મંજૂર થયેલ પ્રમુખશ્રીની જગ્યા	મંજૂર થયેલ સભ્યશ્રીની જગ્યા
૧૬	પંચમહાલ	૧	૨
૧૭	પાટણ	૧	૨
૧૮	રાજકોટ(મુખ્ય)	૧	૨
૧૯	રાજકોટ(એડી)	૧	૨
૨૦	સાબરકાંઠા	૧	૨
૨૧	સુરત(મુખ્ય)	૧	૨
૨૨	સુરત(એડી)	૧	૨
૨૩	સુરેન્દ્રનગર	૧	૨
૨૪	વડોદરા(મુખ્ય)	૧	૨
૨૫	વડોદરા(એડી)	૧	૨
૨૬	વલસાડ	૧	૨
૨૭	તાપી	૧	૨
૨૮	પોરબંદર	૧	૨
૨૯	દાહોદ	૧	૨
૩૦	બોટાદ	૧	૨
૩૧	છોટાઉદેપુર	૧	૨
૩૨	મોરબી	૧	૨
૩૩	દેવભૂમિ દ્વારકા	૧	૨
૩૪	નર્મદા	૧	૨
૩૫	મહીસાગર	૧	૨
૩૬	અરવલ્લી	૧	૨
૩૭	ડાંગ	૧	૨
૩૮	ગીર સોમનાથ	૧	૨
૩૯	અમદાવાદ (અધિક)-૨	૧	૨
૪૦	અમદાવાદ (અધિક)-૩	૧	૨
૪૧	વડોદરા (અધિક)-૨	૧	૨
૪૨	સુરત (અધિક)-૨	૧	૨
૪૩	સુરત (અધિક)-૩	૧	૨

પત્રક-૨ (ભાગ-૧)

ક્રમ	જિલ્લા કમિશનનું નામ	મંજૂર થયેલ પ્રમુખશ્રીની જગ્યા	જગ્યા ભરાયેલ છે કે કેમ ? હા/ના	ખાલી હોય તો ક્યારથી ?	રિમાર્કસ
૧	અમદાવાદ(મુખ્ય)	૧	ના	૦૪-૦૧-૨૦૨૫	
૨	અમદાવાદ(ગ્રામ્ય)	૧	ના	૦૯-૦૫-૨૦૨૩	

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭–ક)

ક્રમ	જિલ્લા કમિશનનું નામ	મંજૂર થયેલ પ્રમુખશ્રીની જગ્યા	જગ્યા ભરાયેલ છે કે કેમ ? હા/ના	ખાલી હોય તો ક્યારથી ?	રિમાર્કસ
૩	અમદાવાદ(એડી)	૧	ના	૧૭–૦૬–૨૦૨૪	
૪	અમરેલી	૧	ના	૧૨–૧૨–૨૦૨૪	
૫	આણંદ	૧	ના	૨૮–૦૬–૨૦૨૪	
૬	બનાસકાંઠા	૧	હા	–	
૭	ભરૂચ	૧	હા	–	
૮	ભાવનગર	૧	ના	૧૦–૦૩–૨૦૨૪	
૯	ગાંધીનગર	૧	ના	૦૧–૧૦–૨૦૨૪	
૧૦	જામનગર	૧	ના	૧૧–૦૩–૨૦૨૪	
૧૧	જૂનાગઢ	૧	ના	૨૭–૦૬–૨૦૨૩	
૧૨	ખેડા	૧	હા	–	
૧૩	કચ્છ	૧	ના	૧૭–૧૨–૨૦૨૩	
૧૪	મહેસાણા	૧	ના	૦૧–૦૬–૨૦૨૪	
૧૫	નવસારી	૧	હા	–	
૧૬	પંચમહાલ	૧	ના	૦૩–૦૫–૨૦૨૫	
૧૭	પાટણ	૧	હા	–	
૧૮	રાજકોટ(મુખ્ય)	૧	હા	–	
૧૯	રાજકોટ(એડી)	૧	હા	–	
૨૦	સાબરકાંઠા	૧	ના	૨૮–૦૧–૨૦૨૪	
૨૧	સુરત(મુખ્ય)	૧	હા	–	
૨૨	સુરત(એડી)	૧	હા	–	
૨૩	સુરેન્દ્રનગર	૧	હા	–	
૨૪	વડોદરા(મુખ્ય)	૧	હા	–	
૨૫	વડોદરા(એડી)	૧	ના	૧૦–૧૧–૨૦૨૨	
૨૬	વલસાડ	૧	હા	–	
૨૭	તાપી	૧	ના	૦૧–૦૪–૨૦૨૪	વર્ષ ૨૦૨૪–૨૫ની નવી બાબતમાં મંજૂરી મળેલ છે.
૨૮	પોરબંદર	૧	ના	૦૧–૦૪–૨૦૨૪	
૨૯	દાહોદ	૧	ના	૦૧–૦૪–૨૦૨૪	
૩૦	બોટાદ	૧	ના	૦૧–૦૪–૨૦૨૪	
૩૧	છોટાઉદેપુર	૧	ના	૦૧–૦૪–૨૦૨૪	
૩૨	મોરબી	૧	ના	૦૧–૦૪–૨૦૨૪	
૩૩	દેવભૂમિ દ્વારકા	૧	ના	૦૧–૦૪–૨૦૨૪	
૩૪	નર્મદા	૧	ના	૦૧–૦૪–૨૦૨૫	વર્ષ ૨૦૨૫–૨૬ની બાબતમાં મંજૂરી મળેલ છે.
૩૫	મહીસાગર	૧	ના	૦૧–૦૪–૨૦૨૫	
૩૬	અરવલ્લી	૧	ના	૦૧–૦૪–૨૦૨૫	
૩૭	ડાંગ	૧	ના	૦૧–૦૪–૨૦૨૫	

ક્રમ	જિલ્લા કમિશનનું નામ	મંજૂર થયેલ પ્રમુખશ્રીની જગ્યા	જગ્યા ભરાયેલ છે કે કેમ ? હા/ના	ખાલી હોય તો ક્યારથી ?	રિમાર્કસ
૩૮	ગીર સોમનાથ	૧	ના	૦૧–૦૪–૨૦૨૫	
૩૯	અમદાવાદ (અધિક)–૨	૧	ના	૦૧–૦૪–૨૦૨૪	વર્ષ ૨૦૨૪–૨૫ની નવી બાબતમાં મંજૂરી મળેલ છે.
૪૦	અમદાવાદ (અધિક)–૩	૧	ના	૦૧–૦૪–૨૦૨૪	
૪૧	વડોદરા (અધિક)–૨	૧	ના	૦૧–૦૪–૨૦૨૪	
૪૨	સુરત (અધિક)–૨	૧	ના	૦૧–૦૪–૨૦૨૪	
૪૩	સુરત (અધિક)–૩	૧	ના	૦૧–૦૪–૨૦૨૪	

પત્રક–૨ (ભાગ–૨)

ક્રમ	જિલ્લા કમિશનનું નામ	મંજૂર થયેલ સભ્યશ્રીની જગ્યા	તે પૈકી ખાલી રહેલ જગ્યા	ખાલી હોય તો ક્યારથી ?	રિમાર્કસ
૧	અમદાવાદ(મુખ્ય)	૨	૧	૦૮–૦૬–૨૦૨૨	
૨	અમદાવાદ(ગ્રામ્ય)	૨	૨	૦૭–૦૬–૨૦૨૨	
				૦૮–૦૬–૨૦૨૨	
૩	અમદાવાદ(એડી)	૨	૧	૦૧–૦૪–૨૦૨૨	
૪	અમરેલી	૨	૨	૧૯–૧૧–૨૦૨૩	
				૦૨–૧૨–૨૦૨૫	
૫	આણંદ	૨	૨	૦૧–૦૯–૨૦૨૧	
				૧૦–૧૨–૨૦૨૩	
૬	બનાસકાંઠા	૨	૦	–	
૭	ભરૂચ	૨	૧	૦૭–૦૬–૨૦૨૨	
૮	ભાવનગર	૨	૧	૦૫–૧૧–૨૦૨૫	
૯	ગાંધીનગર	૨	૨	૦૧–૧૨–૨૦૨૩	
				૨૬–૧૨–૨૦૨૩	
૧૦	જામનગર	૨	૦	–	
૧૧	જૂનાગઢ	૨	૧	૨૪–૦૭–૨૦૨૨	
૧૨	ખેડા	૨	૧	૦૮–૦૬–૨૦૨૨	
૧૩	કચ્છ	૨	૨	૦૧–૦૪–૨૦૨૨	
				૧૬–૦૬–૨૦૨૩	
૧૪	મહેસાણા	૨	૦	–	
૧૫	નવસારી	૨	૧	૦૧–૦૪–૨૦૨૨	
૧૬	પંચમહાલ	૨	૧	૦૩–૧૨–૨૦૨૩	
૧૭	પાટણ	૨	૦	–	
૧૮	રાજકોટ(મુખ્ય)	૨	૧	૦૬–૧૧–૨૦૨૩	

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭–ક)

ક્રમ	જિલ્લા કમિશનનું નામ	મંજૂર થયેલ સભ્યશ્રીની જગ્યા	તે પૈકી ખાલી રહેલ જગ્યા	ખાલી હોય તો ક્યારથી ?	રિમાર્કસ
૧૯	રાજકોટ(એડી)	૨	૦	–	
૨૦	સાબરકાંઠા	૨	૧	૨૯–૦૩–૨૦૨૨	
૨૧	સુરત(મુખ્ય)	૨	૦	–	
૨૨	સુરત(એડી)	૨	૨	૦૧–૦૪–૨૦૨૨ ૨૩–૧૦–૨૦૨૨	
૨૩	સુરેન્દ્રનગર	૨	૦	–	
૨૪	વડોદરા(મુખ્ય)	૨	૧	૧૭–૧૧–૨૦૨૩	
૨૫	વડોદરા(એડી)	૨	૦	–	
૨૬	વલસાડ	૨	૧	૦૭–૦૯–૨૦૨૩	
૨૭	તાપી	૨	૨	૦૧–૦૪–૨૦૨૪	વર્ષ ૨૦૨૪–૨૫ની નવી બાબતમાં મંજૂરી મળેલ છે.
૨૮	પોરબંદર	૨	૨	૦૧–૦૪–૨૦૨૪	
૨૯	દાહોદ	૨	૨	૦૧–૦૪–૨૦૨૪	
૩૦	બોટાદ	૨	૨	૦૧–૦૪–૨૦૨૪	
૩૧	છોટા ઉદેપુર	૨	૨	૦૧–૦૪–૨૦૨૪	
૩૨	મોરબી	૨	૨	૦૧–૦૪–૨૦૨૪	
૩૩	દેવભૂમિ દ્વારકા	૨	૨	૦૧–૦૪–૨૦૨૪	
૩૪	નર્મદા	૨	૨	૦૧–૦૪–૨૦૨૫	વર્ષ ૨૦૨૫–૨૬ની નવી બાબતમાં મંજૂરી મળેલ છે.
૩૫	મહીસાગર	૨	૨	૦૧–૦૪–૨૦૨૫	
૩૬	અરવલ્લી	૨	૨	૦૧–૦૪–૨૦૨૫	
૩૭	ડાંગ	૨	૨	૦૧–૦૪–૨૦૨૫	
૩૮	ગીર સોમનાથ	૨	૨	૦૧–૦૪–૨૦૨૫	
૩૯	અમદાવાદ (અધિક)–૨	૨	૨	૦૧–૦૪–૨૦૨૪	વર્ષ ૨૦૨૪–૨૫ની નવી બાબતમાં મંજૂરી મળેલ છે.
૪૦	અમદાવાદ (અધિક)–૩	૨	૨	૦૧–૦૪–૨૦૨૪	
૪૧	વડોદરા (અધિક)–૨	૨	૨	૦૧–૦૪–૨૦૨૪	
૪૨	સુરત (અધિક)–૨	૨	૨	૦૧–૦૪–૨૦૨૪	
૪૩	સુરત (અધિક)–૩	૨	૨	૦૧–૦૪–૨૦૨૪	

બનાસકાંઠા, કચ્છ અને મોરબી જિલ્લામાં રોપાઓના ઉછેર અને જાળવણી

અતારાંકિતઃ ૧૮૪૦ (૦૧–૦૮–૨૦૨૫) **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૫–૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા, કચ્છ અને મોરબી જિલ્લામાં શહેર અને તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં કેટલા રોપાઓ જીવંત અવસ્થામાં છે અને કેટલા રોપાઓ નાશ પામ્યા છે, અને

(૩) ઉકત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રોપાઓના વાવેતર અને તેની જાળવણી માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

વન મંત્રીશ્રી : (૦૨–૦૩–૨૦૨૬)

(૧)

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	શહેરનું નામ	વાવેતર કરવામાં આવેલ રોપાની સંખ્યા (લાખમાં)		
			૨૦૨૩–૨૪	૨૦૨૪–૨૫	૨૦૨૫–૨૬ (૩૧/૦૫/૨૦૨૫ સુધી)
બનાસકાંઠા	અમીરગઢ	-	૪.૨૧	૩.૪૦	૦.૦૦
	અમીરગઢ	અમીરગઢ	૦.૦૦	૩.૩૬	૦.૦૦
	અમીરગઢ કુલ		૪.૨૧	૬.૭૬	૦.૦૦
	કાંકરેજ	-	૦.૦૦	૦.૦૦	૦.૦૦
	કાંકરેજ	કાંકરેજ	૦.૬૦	૧.૦૧	૦.૦૦
	કાંકરેજ કુલ		૦.૬૦	૧.૦૧	૦.૦૦
	ડીસા	-	૦.૬૭	૧.૦૦	૦.૦૨
	ડીસા	ડીસા	૦. ૦૧	૦.૦૨	૦.૦૨
	ડીસા કુલ		૦.૬૮	૧.૦૨	૦.૦૪
	થરાદ	-	૦.૦૦	૧.૭૫	૦.૦૦
	થરાદ	થરાદ	૦.૫૭	૦.૯૦	૦.૦૦
	થરાદ કુલ		૦.૫૭	૨.૬૫	૦.૦૦
	દાંતા	-	૭.૨૪	૯.૬૨	૦.૦૦
	દાંતા	દાંતા	૦.૦૦	૩.૦૩	૦.૦૦
	દાંતા કુલ		૭.૨૪	૧૨.૬૫	૦.૦૦
	દાંતીવાડા	-	૧.૫૪	૦.૪૨	૦.૦૦
	દાંતીવાડા	દાંતીવાડા	૦.૦૦	૧.૪૬	૦.૦૧
	દાંતીવાડા કુલ		૧.૫૪	૧.૮૮	૦.૦૧
	દિયોદર	-	૦.૦૦	૦.૦૦	૦.૦૦
	દિયોદર	દિયોદર	૦.૫૭	૦.૮૪	૦.૦૧
	દિયોદર કુલ		૦.૫૭	૦.૮૪	૦.૦૧
	ધાનેરા	-	૦.૦૦	૦.૬૬	૦.૦૦
	ધાનેરા	ધાનેરા	૦.૬૩	૦.૦૫	૦.૦૦
	ધાનેરા કુલ		૦.૬૩	૦.૭૧	૦.૦૦
	પાલનપુર	-	૧.૦૪	૪.૪૦	૦.૦૦
	પાલનપુર	પાલનપુર	૦.૦૦	૦.૦૪	૦.૦૦
	પાલનપુર કુલ		૧.૦૪	૪.૪૪	૦.૦૦
	ભાભર	-	૦.૬૧	૦.૮૭	૦.૦૦

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	શહેરનું નામ	વાવેતર કરવામાં આવેલ રોપાની સંખ્યા (લાખમાં)		
			૨૦૨૩–૨૪	૨૦૨૪–૨૫	૨૦૨૫–૨૬ (૩૧/૦૫/૨૦૨૫ સુધી)
	ભાભર	ભાભર	૦.૦૬	૦.૧૦	૦.૦૦
	ભાભર કુલ		૦.૬૭	૦.૯૭	૦.૦૦
	વડગામ	-	૦.૦૦	૦.૦૦	૦.૦૦
	વડગામ	વડગામ	૧.૦૨	૧.૬૩	૦.૦૨
	વડગામ કુલ		૧.૦૨	૧.૬૩	૦.૦૨
	વાવ	-	૦.૦૦	૦.૦૦	૦.૦૦
	વાવ	વાવ	૦.૬૮	૦.૬૨	૦.૦૦
	વાવ કુલ		૦.૬૮	૦.૬૨	૦.૦૦
બનાસકાંઠા કુલ			**૧૯.૪૫**	**૩૫.૧૮**	**૦.૦૮**
કચ્છ	અંજાર	-	૦.૫૮	૦.૮૬	૦.૦૦
	અંજાર	અંજાર	૦.૦૪	૦.૨૧	૦.૦૦
	અંજાર કુલ		૦.૬૨	૧.૦૭	૦.૦૦
	અબડાસા	-	૫૦.૫૭	૧૭૨.૧૭	૩.૮૨
	અબડાસા	અબડાસા	૦.૦૦	૦.૦૦	૦.૦૦
	અબડાસા કુલ		૫૦.૫૭	૧૭૨.૧૭	૩.૮૨
	ગાંધીધામ	-	૦.૦૦	૦.૦૦	૦.૦૦
	ગાંધીધામ	ગાંધીધામ	૦.૦૨	૦.૦૦	૦.૦૦
	ગાંધીધામ કુલ		૦.૦૨	૦.૦૦	૦.૦૦
	નખત્રાણા	-	૩.૪૬	૬.૩૯	૦.૦૦
	નખત્રાણા	નખત્રાણા	૦.૨૭	૦.૭૦	૦.૦૦
	નખત્રાણા કુલ		૩.૭૩	૭.૦૯	૦.૦૦
	ભચાઉ	-	૨.૭૮	૦.૭૫	૦.૦૦
	ભચાઉ	ભચાઉ	૦.૧૯	૦.૨૩	૦.૦૦
	ભચાઉ કુલ		૨.૯૭	૦.૯૮	૦.૦૦
	ભુજ	-	૫.૦૭	૪.૨૩	૦.૦૦
	ભુજ	ભુજ	૦.૧૫	૦.૩૯	૦.૦૦
	ભુજ કુલ		૫.૨૨	૪.૬૨	૦.૦૦
	માંડવી	-	૨.૯૨	૩.૬૪	૦.૦૦
	માંડવી	માંડવી	૦.૩૦	૦.૨૧	૦.૦૦
	માંડવી કુલ		૩.૨૨	૩.૮૫	૦.૦૦
	મુંદ્રા	-	૦.૨૨	૧૮.૯૩	૦.૦૦
	મુંદ્રા	મુંદ્રા	૦.૧૫	૦.૧૮	૦.૦૦
	મુંદ્રા કુલ		૦.૩૭	૧૯.૧૧	૦.૦૦

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	શહેરનું નામ	વાવેતર કરવામાં આવેલ રોપાની સંખ્યા (લાખમાં)		
			૨૦૨૩-૨૪	૨૦૨૪-૨૫	૨૦૨૫-૨૬ (૩૧/૦૫/૨૦૨૫ સુધી)
	રાપર	-	૨.૯૪	૧.૫	૦.૦૦
	રાપર	રાપર	૦.૪૪	૦.૬૮	૦.૦૦
	રાપર કુલ		૩.૩૮	૨.૧૮	૦.૦૦
	લખપત	-	૧૪૫.૬૭	૨૮૪.૭૩	૭૩.૩
	લખપત	લખપત	૦.૦૦	૦.૦૦	૦.૦૦
	લખપત કુલ		૧૪૫.૬૭	૨૮૪.૭૩	૭૩.૩૦
કચ્છ કુલ			**૨૧૫.૭૭**	**૪૯૫.૮૦**	**૭૭.૧૨**
મોરબી	ટંકારા	-	૦.૦૦	૦.૦૦	૦.૦૦
	ટંકારા	ટંકારા	૦.૩૯	૦.૬૨	૦.૦૦
	ટંકારા કુલ		૦.૩૯	૦.૬૨	૦.૦૦
	માળિયા(મિ.)	-	૧૧.૦૦	૦.૫૦	૦.૦૦
	માળિયા(મિ.)	માળિયા(મિ.)	૦.૦૦	૦.૦૦	૦.૦૦
	માળિયા(મિ.) કુલ		૧૧.૦૦	૦.૫૦	૦.૦૦
	મોરબી	-	૦.૬૨	૦.૦૦	૦.૦૦
	મોરબી	મોરબી	૦.૩૫	૦.૩૫	૦.૦૦
	મોરબી કુલ		૦.૯૭	૦.૩૫	૦.૦૦
	વાંકાનેર	–	૦.૧૮	૦.૦૦	૦.૦૦
	વાંકાનેર	વાંકાનેર	૦.૫૦	૦.૭૩	૦.૦૦
	વાંકાનેર કુલ		૦.૬૮	૦.૭૩	૦.૦૦
	હળવદ	–	૧.૩૯	૨.૭૮	૦.૦૦
	હળવદ	હળવદ	૦.૨૬	૦.૩૨	૦.૦૦
	હળવદ કુલ		૧.૬૫	૩.૧૦	૦.૦૦
મોરબી કુલ			**૧૪.૬૯**	**૫.૩૦**	**૦.૦૦**

(૨)

અ.નં.	જિલ્લાનું નામ	જીવંત રોપાની સંખ્યા (લાખમાં)	નાશ પામેલ રોપાની સંખ્યા (લાખમાં)
૧	બનાસકાંઠા	૩૯.૬૦	૧૫.૧૩
૨	કચ્છ	૫૭૪.૫૫	૨૧૪.૭૧
૩	મોરબી	૩૬.૪૨	૩.૭૨

(૩)

જિલ્લાનું નામ	વર્ષ ૨૦૨૩-૨૪	વર્ષ ૨૦૨૪-૨૫	વર્ષ ૨૦૨૫-૨૬

(તા. ૩૧-૦૫-૨૦૨૫ની

					સ્થિતિએ)	
	વાવેતર અંગેનો ખર્ચ (રૂ. લાખમાં)	જાળવણી અંગેનો ખર્ચ (રૂ. લાખમાં)	વાવેતર અંગેનો ખર્ચ (રૂ. લાખમાં)	જાળવણી અંગેનો ખર્ચ (રૂ. લાખમાં)	વાવેતર અંગેનો ખર્ચ (રૂ. લાખમાં)	જાળવણી અંગેનો ખર્ચ (રૂ. લાખમાં)
બનાસકાંઠા	૯૮૩.૭૫	૯૮૩.૪૨	૨૪૯૭.૫૭	૭૮૧.૯૩	૩૨૦.૪૭	૧૪૩.૫૪
કચ્છ	૨૬૧૭.૫૮	૨૨૨૮.૫૨	૫૫૬૬.૮૬	૧૮૩૮.૭૫	૧૪૮૨.૬૩	૮૫.૩૨
મોરબી	૩૨૬.૫૩	૨૮૩.૭૧	૪૨૨.૦૩	૨૨૮.૩૫	૫.૧૦	૭.૨૩

ખેડા, વડોદરા અને મહેસાણા જિલ્લામાં રોપાઓના ઉછેર અને જાળવણી

અતારાંકિતઃ ૧૮૪૪ (૦૧-૦૮-૨૦૨૫) **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૫-૨૦૨૫ની સ્થિતિએ ખેડા, વડોદરા અને મહેસાણા જિલ્લામાં શહેર અને તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં કેટલા રોપાઓ જીવંત અવસ્થામાં છે અને કેટલા રોપાઓ નાશ પામ્યા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રોપાઓના વાવેતર અને તેની જાળવણી માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

વન મંત્રીશ્રી : (૧૩-૦૨-૨૦૨૬)

(૧)

જિલ્લાનું નામ	તાલુકાનું નામ	શહેરનું નામ	વાવેતર કરવામાં આવેલ રોપાની સંખ્યા (રૂ. લાખમાં)		
			૨૦૨૩-૨૪	૨૦૨૪-૨૫	૨૦૨૫-૨૬ (તા.૩૧/૦૫/૨૦૨૫ સુધી)
ખેડા	નડિયાદ	-	૦.૪૧	૦.૬૫	૦.૦૦
		નડિયાદ	૦.૦૨	૦.૦૦	૦.૦૦
		કુલ	૦.૪૩	૦.૬૫	૦.૦૦
	વસો		૦.૧૪	૦.૨૨	૦.૦૦
		વસો	૦.૦૫	૦.૦૦	૦.૦૦
		કુલ	૦.૧૯	૦.૨૨	૦.૦૦
	માતર	-	૦.૫૪	૦.૫૫	૦.૦૦
		માતર	૦.૦૦	૦.૦૦	૦.૦૦
		કુલ	૦.૫૪	૦.૫૫	૦.૦૦
	ખેડા	-	૦.૨૬	૦.૬૫	૦.૦૦
		ખેડા	૦.૦૨	૦.૦૫	૦.૦૦
		કુલ	૦.૨૮	૦.૭૦	૦.૦૦
	મહેમદાવાદ	-	૦.૬૪	૦.૭૫	૦.૦૦
		મહેમદાવાદ	૦.૦૦	૦.૦૧	૦.૦૦

